(૩) અત્રેના પત્ર નં. ઉખસ, ફડચ / ૦૧ /ક/૧૬૦૨/૨૦૦૨ તા. ૮–૧૦–૨૦૦૨

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૮૧/૨૦૦૨.—શ્રી ભાટસર પિયત સહકારી મંડળી લી., મુ. ભાટસર, તાલુકો ચાણસ્મા, જી. પાટણ નોંધણી નં. ૩૬૯૪ તા. ૨–૩–૯૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

સબ ઓડીટર સ. મંડળીઓ, ચાણસ્માએ સદર મંડળીનું ઓડીટ તા. ૧–૪–૨૦૦૧ થી ૩૧–૩–૨૦૦૨ ના સમયનું હાથ ધરેલ. તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ આમુખ – ૧ ના પત્રથી અત્રે રજુ થયેલ છે. સદર અહેવાલ સંબંધે આમુખ – ૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીના નોંધણી સમયથી થયેલા તમામ ઓડીટ નોંધોની દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીનો છેલ્લા ૪ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે.

(૩) મંડળી ઘણા સમયથી સ્થગિત છે.

(૪) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ નથી.

(૫) એંકદર ખોટ રૂા. ૭૩૧/૯૨ છે.

(૬) છેલ્લા ઘણા સમયથી કમીટી યથાવત રાખેલ છે. અને ૩ વર્ષથી એક પણ બેઠક મળેલ નથી.

(૭) સહ. કા. ની કલમ–૭૬ મુજબ છેલ્લા ૩ વર્ષથી વા. સા. સભા યોજેલ નથી.

(૮) મંડળી કાર્યક્ષમ અને અર્થક્ષમ નથી.

(૯) મંડળીએ આજ દિન સુધી ડીવીડન્ડ વહેંચેલ નથી.

(૧૦) તપાસણી સમયમાં પ્રમુખની વરણીનો ઠરાવ, જવાબદારીનો ઠરાવ, સિલક મર્યાદાનો ઠરાવો થયેલા નથી.

(૧૧) મંડળીએ સભ્યોને શેર સર્ટી ઇસ્યુ કરેલ નથી.

(૧૨) મંડળીએ પિયત રજીસ્ટર, શેર રજીસ્ટર, સભાસદ રજીસ્ટર, વ્ય. ખાતાવહી નિભાવેલ નથી.

(૧૩) સભાસદ અનામત રૂા. ૫૮૧૦/– ની યાદી રજુ કરેલ નથી. ખાતાવહી નિભાવેલ નથી.

(૧૪) ખેડુત બાકી રૂા. ૧૭૯૮–૦૩ અને પિયત ધિરાણ રૂા, ૨૬૧૪૩–૯૦ વસુલ કરવાના બાકી છે. ખરાબ અને શકમંદ લેણાની જોગવાઈ કરેલ નથી.

(૧૫) ડેડસ્ટોક રૂા. ૪૨૬૯–૧૫ ની યાદી રજુ કરેલ નથી. ડેડસ્ટોક રજીસ્ટર પૂર્ણ વિગતે લખાયેલ નથી.

ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતા અગાઉ પત્ર નં. ઉખસ/ફડચ/૧૩૩૪/—/૨૦૦૨ તા. ૧૬–૩–૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવી તા. ૩–૧૦–૦૨ ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ હતું. પરંતુ મંડળી તરફથી આજદિન સુધી કોઇપણ જાતની રજુઆત થયેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી, જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે,

વચગાળાનો આદેશ

શ્રી ભાટસર પિયત સહકારી મંડળી લી., મુકામ ભાટસર, તા. ચાણસ્મા, જીલ્લો પાટણ નોંધણી નંબર–૩૬૯૪ તારીખ ૨–૩–૯૪ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ ના ગુજરાત સ. મં. અધિનિયમ કલમ–૧૦૭ (૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :–

ઉકત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત

કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૪) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તા. ૧૪-૧૧-૨૦૦૨.

વંચાણે લીધું :—

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૯.

(૨) સહકારી અધિકારી ફડચો લગત કચેરીનો જા. નં. ફડચ / ૦૬ / ૧૩૮ / / ૨૦૦૨, તા. ૪-૬-૦૨ નો અહેવાલ.

(૩) શ્રી હરીકુંજ કો. ઓપ. હા સો. લી., સિદ્ધપુરના સભાસદોની ખાસ સાધારણ સભા તા. ૪-૬-૦૨નો ઠરાવ.

(૪) અત્રેની જાહેર નોટીસ નં. ઉખસ / ફડચ /૦૧/ક/૧૩૨૩/૦૨ તા. ૧૨-૯-૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ૦૧ /ક/૧૩૪૪૬/૧૮૮૨/૨૦૦૨.—જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાના હુકમ નં. ઉખસ/ફડચ/૦૧/બ/૧૫૦૩/૯૯, તા. ૨૮-૪-૯૯ થી શ્રી હરીકુંજ કો. ઓપ. હા. સો. લી., સિદ્ધપુરને ફડચામાં લઇ જવામાં આવેલ જે આધારે ફડચા અધિકારીએ તા. ૧૧-૫-૯૯ના રોજ ચાર્જ સંભાળેલ છે.

આમુખ-૩ થી સદર મંડળીના સભાસદોએ મંડળીને પુનઃજીવીત કરવાના આશયથી તા. ૪-૬-૨૦૦૨ ના રોજ સિદ્ધપુર મુકામે ખાસ સાધારણ સભા ભરી મંડળીને પુનઃજીવિત કરવા માંગણી કરેલ જેમાં મંડળીના સભાસદો અનુસુચિત જાતિના નબળા વર્ગના છે અને સિદ્ધપુર શહેરમાં પોતાના રહેણાકનાં મકાન ઉભા કરવાના આશયથી મંડળીમાં જોડાયેલ છે. મંડળીને કલેકટરશ્રી, મહેસાણા તરફથી જમીન ઉપલબ્ધ થયેલ છે. પરંતુ નાણાકીય સાધન કાચા હોવાથી મકાનોનું બાંધકામ થઇ શકેલ ન હતું. પરંતુ હાલના સંજોગોમાં નાણાંકીય સાધન ઉપલબ્ધ થવાના સંજોગો છે. તેથી સભાસદો જમીનમાં માટી પુરાણ કરાવી પ્લાન એસ્ટીમેન્ટ બનાવી બાંધકામ કરવા કટીબધ્ધ થયા છે. તે સંજોગોમા અનુસુચિત જાતિના મકાન વીહોણા ઇસમોને મકાન ઉપલબ્ધ થાય તેવી માંગણીના આધારે આમુખ-૨ના પત્રથી ફડચા અધિકારીશ્રીએ ભલામણ કરતા આમુખ-૪ના પત્રથી વાંધા/સુચનો મંગાવવામાં આવેલ છે પરંતુ આજદિન સુધી કોઇએ વાંધા / સુચનો મોકલેલ નથી તેથી સદર મંડળીને પુનઃજીવીત કરતા નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અન્વયે મળેલ અધિકાર મુજબ હું શ્રી એ. બી. ગઢવી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ ધી હરીકુંજ કો. ઓપ. હા. સો. લી., સિદ્ધપુર તા. સિદ્ધપુર, જીલ્લો પાટણને પુનઃજીવીત કરવાનો હુકમ કરું છું સાથે સંસ્થાનો મૂળ નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવા આથી આદેશ કરવામાં આવે છે.

પાટણ, તા. ૧૪-૧૧-૨૦૦૨.

નંબર નધણ/સા. ૩૨૭૬/૧૯૭૭/ક-૨/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી લક્ષ્મીપુરા સહકારી રૂ વેચાણ મંડળી લી., મર્યાદિત સ્થળ લક્ષ્મીપુરા, તાલુકો રાધનપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૨૨-૧૧-૨૦૦૨

નંબર નધણ/સા-૩૨૭૪/ક-૨/૨૦૩૭/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી સરદારપુરા સહકારી રૂ વેચાણ મંડળી લી., મર્યાદિત સ્થળ સરદારપુરા, તાલુકો રાધનપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૨૯-૧૧-૨૦૦૨.

નંબર નધણ/સા-૩૨૭૦/ક-૨/સને ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી કમાલપુર સહકારી રૂ વેચાણ મંડળી લી., મર્યાદિત સ્થળ કમાલપુર, તાલુકો રાધનપુર, જીલ્લા પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

પાટણ, તા. ૨૯-૧૧-૨૦૦૨.

એ. બી. ગઢવી,
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
પાટણ.

INDEX

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તારીખ ૧૨–૮–૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૨૪૪./ /૨૦૦૨.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૩) ની જોગવાઇઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફે–૧૩૭૯૨/ધ–૨/૩૨૧.—ધી કૃષ્ણ કૃપા કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લિ. વડસાળા તા. જી. વડોદરા નોંધણી ક્રમાંક ૧૧૦૫૩, તારીખ ૧૩–૩–૮૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઇ, સદર હુકમ સામે વાંધા–સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ–૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાય. કોર્પો. વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન–૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા–લેણાની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૨૭–૧૧–૨૦૦૨.

નંબર નધણ/ગ.ર./સે. દુધ ૩૩૭૨૮/૭૫૭/૨૦૦૨.–આથી જાહેર કરે છે કે વાઘવા દુધ ઉત્પાદક સહકારી મં. લી., મર્યાદિત સ્થળ વાઘવા, તાલુકો સાવલી, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આ છે.

વડોદરા તા. ૪– ૨ ૨૦૦૨.

એન. એ. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

ક્રમાંક નધણ/૦૧/ખ.૧/૩૫૯/ઉ/૧૨૨૦૬/૨૦૦૨.–આથી જાહેર કરે છે કે ધી સત્યમ મજુર કામદાર સ. મં. લી., મર્યાદિત સ્થળ લીમપુરા, તાલુકો તિલકવાડા, જી. નર્મદા.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તા. ૧૫–૧૧–૨૦૦૨.

ક્રમાંક નધણ/૦૧/ખ/૧/૩૬૨/સે. દુ. ૩૧૭૬૪/૨૦૦૨. – ધી મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રાજપીપલા, તાલુકો નાંદોદ, જી. નર્મદા સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તા. ૨૨–૧૧–૨૦૦૨.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં.
નર્મદા.

વાંચ્યો :

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/ખ.૩/૧૦૭૫, તા. ૨૧–૧૦–૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) ની જોગવાઇઓ.

(૩) આર. પી. એડી. થી તા. ૨૧–૯–૦૨ ના રોજ મોકલેલ નોટીસ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ફડચ/૦૧/ખ. ૩/૧૧૦૩/૦૨.—ધી વાલૈયા (નવી વસાહત) દુધ ઉત્પાદક સ. મં. લી. નવી વસાહત વાલૈયા, તા. ઘોઘંબા જી. પંચમહાલ નોંધણી ક્રમાંક સે. દુ. ૨૫૪૧૮, તા. ૩૧–૩–૯૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ અન્વયે આમુખ–૧ માં જણાવેલ તા. ૨૧–૯–૦૨ થી (૨) નોટીસ આપ્યા બાદ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ–૧ થી જણાવવામાં આવેલ હતું છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ–૨ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને

બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નીમાયેલા ફડચા અધિકારીશ્રી c/o પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. પંચામૃત ડેરી, ગોધરા, જી. પંચમહાલએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તા. ૨–૧૨–૦૨.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં.
ગોધરા.

નં. નધણ/૦૧/ક/૮૪૮/સે. ૩૩૫૨૩/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી રામપુરી બચત અને ધિરાણ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ રામપુરી, તાલુકો ભિલોડા, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ના કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૮–૧૦–૨૦૦૨.

જે. જે શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. હિંમતનગર,

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જા- નં. પચત/સહકાર/વશા/૭૩૪૮/નોંધણી ક્રમાંક :–પી. ૩૫૭૭/૨૦૦૨.— જીલ્લા પંચાયત, ખેડા આથી જાહેર કરે છે કે, શ્રી જનસેવા નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી મું. વાંકળાળી, તા. મહેમદાવાદ, જી. ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ ના કાયદાની કલમ–૯/૧/અ. અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૬–૧૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સ. મં. જિ. પં. નડીયાદ.

ક્રમાંક ખે/૫૯૨૫/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી પસવા માઇ–૨ નર્મદા સિંચાઇ સ. મં. લી., મર્યાદિત સ્થળ મોટા મોતીપુરા, તા. સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક ખે/૫૯૨૬/૨૦૦૨.—વડોદરા જિ. પં. વડોદરા આથી જાહેર કરે છે કે મહાવીર નર્મદા સિંચાઇ સ. મં. લી., ઇંટોલા મર્યાદિત સ્થળ ઇંટોલા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક. ખે/૫૯૨૭/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે ધી ધનોરા માઇનોર સિંચાઇ સહકારી મંડળી લી., મુ. ધનોરા મર્યાદિત સ્થળ ધનોરા, ગાંગડીયા, અદલાવાડા. તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯(૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક ખે / ૫૯૨૮ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે છાણી માઇનોર સિંચાઇ સહ. મંડળી લી., મુ. દુમાડ, મર્યાદિત સ્થળ છાણી આસોજ સીસવા–દુમાડ તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક ખે/૬૫૨૮ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે રવાલ (આઇ) માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રવાલ, તાલુકો વાઘોડિયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

INDEX

ક્રમાંક એ / ૬૫૨૯/૨૦૦૨. – વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે રવાલ (જી) માઈનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રવાલ, તાલુકો વાઘોડિયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક એ / ૫૯૨૯/૨૦૦૨.– વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, વાયદપુરા (R) નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વાયદપુરા–અબ્દલાપુરા, તાલુકો ડભોઈ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક એ / ૫૯૩૦/૨૦૦૨.–વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે વાયદપુરા (એલ) માઇનોર નર્મદા સિંચાઈ સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ કડધરા વાયદપુરા અબ્દલપુરા, તાલુકો ડભોઇ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક એ / ૫૯૩૧.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી અત્રિ અનસુયા નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ડભોઈ, તાલુકો ડભોઈ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૩૦–૮–૦૨.

ક્રમાંક એ / ૫૯૩૨.— વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે ધી વાયદપુર માઇ. નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વાયદપુર, તાલુકો ડભોઇ. જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૩૦–૮–૦૨.

ક્રમાંક એ / ૫૯૩૩.— વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, નવા આજવા માઇનોર નર્મદા સિંચાઇ સહકારી, મં. લી. મર્યાદિત સ્થળ નવા રામપુરા, તાલુકો વાઘોડિયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧)–અ, અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક એ/૬૫૩૦/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, વ્યંકટપુરા માઈ–નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વ્યંકટપુરા, તાલુકો વાઘોડીયા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨

ક્રમાંક એ/૬૫૩૧/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, કોટંબી–૨ માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કોટંબી, તાલુકા વાઘોડીયા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૮–૨૦૦૨.

ક્રમાંક એ/૬૫૩૨/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, શ્રી રાયપુરા માઇનોર-૩ નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રાયપુરા મુ. પો. ભાયલી, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

ક્રમાંક ખે/૬૫૩૩/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી ધાયજ માઇનોર-૨, નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સેજાકુવા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા ૨૫-૯-૨૦૦૨.

ખે/૬૫૩૪/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, શ્રી કલ્યાણકુઇ માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કાંદ્ય, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નં. ખે / ૬૫૩૫ /૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી ભાયલી માઇ. નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સાંગમા, તાલુકો પાદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નં. ખે/૬૫૩૫/૨૦૦૨.— વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, શ્રી સાંગમા માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સાંગમા, તાલુકો પાદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૩૭/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, શ્રી કરાલી માઇનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મુ. પો. વરસાડા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૩૮/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, શ્રી પિંગલવાડા, માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મુ. ઇટોલા, મર્યાદિત સ્થળ ઇટોલા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૩૯/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, શ્રી વરણામા માઇનોર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વરણામા, તાલુકો વડોદરા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨,

નંબર ખે-૬૫૪૦ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી સાંકરીયા માઇ. નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સાંકરીયા, તાલુકો પાદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે-૬૫૪૧ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી રસુલાબાદ માઇ. નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રસુલાબાદ, તાલુકો વાઘોડીયા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.,

INDEX

નંબર ખે-૬૫૪૨ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી કુંઢેલા માઈ. નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કુંઢેલા, તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯(૧)-(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે-૬૫૪૩ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી કડધરાપુરા માઇ. નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ભામાપુરા, તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે-૬૫૪૪ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે ધી ઢોલાર ડાયરેકટ માઇ. નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ઢોલાર, તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૪૫/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી ગોજાલી માઇ. નર્મદા સિંચાઇ સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ કરાલી, તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૪૬/૨૦૦૨.-વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી સમીયાલા માઇ. નર્મદા સિંચાઇ સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ સમીયાલા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૦૨.

નંબર ખે/૬૫૪૭/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી રાયપુરા માઈ.-૧ નર્મદા સિંચાઈ સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ ભાયલી-રાયપુરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૪૮/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી રાયપુરા માઈ.-૨ નર્મદા સિંચાઈ સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ રાયપુરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)-અ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ખે/૬૫૪૯/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી રણોલી માઈ. નર્મદા સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ પદમલા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧)-અ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નં. ખે/૬૫૫૧/૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી મંજુસર-૨ માઈ. નર્મદા સિંચાઇ સ. મં. લી. મર્યાદિત સ્થળ મંજુસર, તાલુકો સાવલી, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

INDEX

નં. એ/૬૫૫૨/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શ્રી દશરથ માઇનોર નર્મદા સિંચાઇ સ. મં. લી., મર્યાદિત સ્થળ દશરથ, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

નં. એ/૬૫૫૩/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે તુલસીપુરા માઇનોર નર્મદા સિંચાઇ સ. મં. લી., મર્યાદિત સ્થળ ધનતેજ, તાલુકો સાવલી, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

ક્રમાંક એ/૬૫૫૪/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, સમલાયા માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી મર્યાદિત સ્થળ જુના સમલાયા, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

ક્રમાંક એ/૬૫૫૫/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે સાંઢાસાલ બ્રાન્ચ માઇનોર–૨ નર્મદા સિંચાઇ સહકારી મંડળી લિ., મર્યાદિત સ્થળ સાંઢાસાલ, તાલુકો સાવલી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

ક્રમાંક એ/૬૫૫૬/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, સ્વામીનારાયણ નર્મદા સિંચાઇ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ મોટા હબીબપુરા તાલુકો ડભોઇ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

નંબર એ/૬૫૫૭/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે સૂચિત શ્રી રણછોડરાય નર્મદા સિંચાઈ લિ., મર્યાદિત સ્થળ સુલતાનપુરા તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

નંબર એ / ૬૫૫૮ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે જયશ્રી સ્વામીનારાયણ નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કંડારી–૧, તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

નંબર એ / ૬૫૫૯ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે જયશ્રી રણછોડરાય નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કંડારી–૨, તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

નંબર એ / ૬૫૬૦ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે નાનાકરાળા નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નાનાકરાળા, તાલુકો શિનોર, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

નંબર એ–૬૫૬૧ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ટીંબરવા સાધલી નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ટીંબરવા, તાલુકો શિનોર, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫–૯–૨૦૦૨.

INDEX

ક્રમાંક એ/૬૫૬૨/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે ધી પારસ નર્મદા પિયત સહકારી મંડળી લિ., સીમળી માઇનોર-૧ મર્યાદિત સ્થળ, મેથી, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦.

નંબર એ-૬૫૬૩ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, કરમડી, નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કરમડી, તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર એ-૬૫૬૪ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, કરમડી માઇનોર-૨ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કરમડી, તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર એ-૬૫૬૫ / ૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત વડોદરા આથી જાહેર કરે છે કે, જય સોમનાથ વિરજઇ માઇનોર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વિરજઇ, તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની, કલમ-૯(૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર એ-૬૫૬૬ / ૨૦૦૨ —વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, ધી અન્નપૂર્ણા જુની જીથરડી કરજણ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જુની જીથરડી તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯(૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

ક્રમાંક/એ/૬૫૬૭/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે રેવા ખેતી નર્મદા સિંચાઇ સહકારી મંડળી. લી. મર્યાદિત સ્થળ વેમાર, તાલુકો કરજણ જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નો ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નં. એ/૬૫૬૮/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શક્તિકૃપા નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કંડારી-૩ તાલુકા કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નં. એ/૬૫૬૯/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે જય આશાપુરી નર્મદા સિંચાઇ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ પિંગલવાડા, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નં.:સે/૩૨૩૫૧/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે શીવકૃપા નર્મદા વસાહત ફળ અને શાકભાજી ઉત્પાદકોની સ. મં. મર્યાદિત સ્થળ તાંદળજા, તાલુકો સંખેડા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

INDEX

નંબર સે/ ૩૨૩૫૨/ ૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે સતનામ આદીવાસી ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ અજાબી, તાલુકે સંખેડા, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૫-૯-૨૦૦૨.

નંબર ભી/ ૧૧૧૫૦ /૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, ધનીયાવાલા મત્સોઉદ્યોગ સહકારી મંડળી લી., મુ. નસવાડી, મર્યાદિત સ્થળ નસવાડી, તાલુકો નસવાડી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧)-અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૬-૯-૨૦૦૨.

નંબર સે./૩૨૩૫૩/૨૦૦૨.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા, આથી જાહેર કરે છે કે, જયઅંબે હરિૐ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ શિરોલા, તાલુકો ડભોઇ, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાના કલમ-૯(૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦-૯-૨૦૦૨.

નંબર સે./૩૨૩૫૪/૨૦૦૨.—વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, જયશકિત ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મં. મર્યાદિત સ્થળ અંગુઠણ, તાલુકો ડભોઇ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦-૯-૨૦૦૨.

નં. ખે/૫૭૨૪/૨૦૦૧.—વડોદરા જિલ્લા પંચાયત, વડોદરા આથી જાહેર કરે છે કે, જલારામ ઉપેયત સહકારી નર્મદા સિંચાઇ મંડળી લી. મર્યાદિત સ્થળ તાલુકો શિનોર, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) અ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા ૨૦-૧૨-૨૦૦૧.

એમ. આર. પરમાર,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પંચાયત.
વડોદરા.

ક્રમાંક જમે/જિ. ઉ. કે/અમદા/મકમ/૧૬૭૦૩/૧/ઉ/૬૪૪૫/ ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે, કર્મયોગી મહિલા હસ્તકલા ઔ. ઉ. સહ. મંડળી લી., મર્યાદિત સ્થળ ઓઢવ ઠકકરબાપા નગર, તાલુકો જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૪-૧૨-૨૦૦૨.

(સહી) અવાચ્ય,
મેનેજર (ખાદીગ્રામ્ય અને કુટીર ઉદ્યોગ)
અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, (ઉદ્યોગ),
અમદાવાદ.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો વચગાળા આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/ ૦૧/ગ/૭૪૦, તા. ૧૬-૧૧-૯૮.

(૨) આ કચેરીની ફાઇલ ઉપરની તા. ૨૨-૧૧-૦૨ ની નોંધ.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૭/૧૦૫૧૫/૨૦૦૨.— આમુખ-૧ માં વંચાણે લીધેલા વચગાળાના હુકમથી આ જિલ્લાની ધી ભાપી ભાપડી ચર્મ ઉદ્યોગ સ. મં. લી. મુ. ભાપી, તા. થરાદ, જિ. બનાસકાંઠાને ફડચામાં લઇ જવા માટે મંડળીને જરૂરી કારણો દર્શાવેલ જે બાબતે મંડળીએ કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા તરફથી આજદિન સુધીમાં કોઇ રજુઆત કરવામાં આવેલ નથી.

અંતિમ આદેશ

આથી ધી ભાપી ભાપડી ચર્મ ઉદ્યોગ સ. મં. લી., મુ. ભાપી, તા. થરાદ, જિલ્લો બનાસકાંઠાની નોંધણી મદદનીશ

INDEX

જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી (જિ.પ.) બનાસકાંઠા, પાલનપુરના નોંધણી નંબર ઉ-૩૭૮૮, તા. ૨૩-૮-૭૬થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તો તેઓએ ફડચાની કામગીરી ત્રણ (૩) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તા. ૨૫-૧૧-૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) અત્રેની કચેરીના વચગાળા આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ ગ/૫૩૨, તા. ૩૧-૮-૯૮.

(૨) આ કચેરીની ફાઇલ ઉપરની તા. ૨૨-૧૧-૦૨ની નોંધ.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૬/૧૦૫૧૬/૨૦૦૨.—આમુખ-૧માં વંચાણે લીધેલા વચગાળાના હુકમથી આ જિલ્લાની ધી વણસોલ વણકર સ. મં. લી, મુ. વણસોલ તા. વડગામ જિ. બનાસકાંઠાને ફડચામાં લઇ જવા માટે મંડળીને જરૂરી કારણો દર્શાવેલ જે બાબતે મંડળીએ કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા તરફથી આજદિન સુધીમાં કોઈ રજુઆત કરવામાં આવેલ નથી

અંતિમ આદેશ

આથી ધી વણસોલ વણકર સ. મં. લી., મુ. વણસોલ તા. વડગામ, જિ. બનાસકાંઠાની નોંધણી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી (જિ. પં), બનાસકાંઠા, પાલનપુરના નોંધણી ક્રમાંક ઉ-૬૦૩૫ તા. ૬-૧૨-૮૬થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી શ્રી (ફડચો) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તો તેઓએ ફડચાની કામગીરી ત્રણ (૩) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તા. ૨૫-૧૧-૨૦૦૨.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો વચગાળા આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ ગ/૭૩૯, તા. ૧૧-૧૧-૯૮.

(૨) આ કચેરીની ફાઇલ ઉપરની તા. ૨૨-૧૧-૦૨ની નોંધ.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૮/૧૦૫૧૭/૨૦૦૨.—આમુખ-૧માં વંચાણે લીધેલા વચગાળાના હુકમથી આ જિલ્લાની ધી બનાસકાંઠા જિલ્લા મુદ્રણાલય ઔદ્યોગિક સ. મં. લી. મુ. તા. પાલનપુર, જિ. બનાસકાંઠાને ફડચામાં લઇ જવા માટે મંડળીને જરૂરી કારણો દર્શાવેલ જે બાબતે મંડળીએ કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા તરફથી આજદિન સુધીમાં કોઇ રજુઆત કરવામાં આવેલ નથી.

અંતિમ આદેશ

આથી ધી બનાસકાંઠા જિલ્લા મુદ્રણાલય ઔદ્યોગિક સ. મં. લી., મુ. તા. પાલનપુર જિ. બનાસકાંઠાની નોંધણી જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ. મં. (ઉદ્યોગ), બનાસકાંઠા, પાલનપુરની નોંધણી ક્રમાંક ઉ-૪૬૧૪, તા ૩-૬-૯૨થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો) જિલ્લ ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તો તેઓએ ફડચાની કામગીરી ત્રણ (૩) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તા. ૨૫-૧૧-૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો વચગાળાનો આદેશ ક્રમાંક :- ઉખસ/ ફડચ/૦૧/ગ/૫૨૫ તા. ૩૧-૮-૯૮.

(૨) આ કચેરીની ફાઇલ ઉપરની તા. ૨૨-૧૧-૨૦૦૨. ની નોંધ

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૯/૧૦૫૧૮/૨૦૦૨.—આમુખ-૧ માં વંચાણે લીધેલા વચગાળાના હુકમથી આ જિલ્લાની ધી નવજાગૃતિ હાથવણાટ સ. મં. લી., મુ. ગોળા, તા. પાલનપુર જિ. બનાસકાંઠા ને ફડચામાં લઇ જવા માટે મંડળીને જરૂરી કારણો દર્શાવેલ જે બાબતે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તે માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા તરફથી આજદિન સુધીમાં કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

અંતિમ હુકમ

આથી ધી નવજાગૃત હાથવણાટ સહકારી મં. લી., મુ, ગોળા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠાની નોંધણી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી (જિ.પં.) બનાસકાંઠા, પાલનપુરના નોંધણી ક્રમાંક ઉ-૯૮૪૦, તારીખ ૨૩-૧૧-૯૫ થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની

કલમ–૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તો તેઓએ ફડચાની કામગીરી ત્રણ (૩) વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તા. ૨૫–૧૧–૨૦૦૨.

વંચાણે લીધા :

(૧) સબ ઓડીટર સ મં. (ઉદ્યોગ), પાલનપુરનો ઓડીટ મેમો તા. ૧–૭–૯૯ થી ૩૧–૩–૦૧.

(૨) અત્રેની કચેરીના તા. ૧૧–૧૧–૯૮ની કારણદર્શક નોટીસ.

(૩) સંસ્થાના પ્રમુખશ્રી ના તા. નો ખુલાસો કરેલ પત્ર.

(૪) સબ ઓડીટરશ્રીએ મંડળીને ફડચામાં લઇ જવાની કરેલ ભલામણ પત્ર તા.

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૫/૧૦૫૧૯/૨૦૦૨.– ધી માલોસણા કાપડ વણાટ સ. મં. લી., મું માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠાને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ. મં. (જિ. પં.) પાલનપુર તરફથી નોંધણી ક્રમાંક ઉ-૨૪૭૮, તા. ૩–૧૧–૭૧ થી નોંધવામાં આવેલ હતી.

સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવામાં આવે છે.

(૧) મંડળી છેલ્લા ઘણા સમયથી સ્થગિત છે.

(૨) મંડળીનો છેલ્લો ઓડીટ વર્ગ –ડ– છે.

(૩) મંડળીની આર્થિક સ્થિતિ ખુબજ નબળી છે.

(૪) મંડળીના કામકાજમાં મંડળીના હોદ્દેદારો/સભાસદોને કોઇ રસ નથી.

ઉપર જણાવેલ કારણોસર આથી શ્રી એસ. કે. ગુપ્તા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર મને હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે જણાવેલ વચગાળાનો આદેશ કરું છું.

વચગાળાનો આદેશ

ધી માલોસણા કાપડ વણાટ સ. મં. લી., મુ. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠાને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ. મં. (જિ. પં.), પાલનપુર તરફથી નોંધણી ક્રમાંક ઉ-૨૪૭૮ તા. ૩–૧૧–૭૧ થી નોંધવામાં આવેલ હતી. તેને સને ૧૯૬૧, ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૦૭ (૧) ક (૩) અન્વયે ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની નીમણુંક કરવામાં આવે છે.

આ વચગાળાના હુકમ સામે કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તે તો હુકમની તારીખથી માસ (૨) બે ની અંદર અત્રેના કાર્યાલયે કરવા જણાવવામાં આવે છે. આ સમય દરમ્યાન નિર્દિષ્ટ મંડળી દ્વારા કોઇ રજુઆત કે ખુલાસો નહી કરવામાં આવે તો મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવશે.

પાલનપુર, તા. ૨૫–૧૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ), અને
મેનેજર (કે. વી. સી. આઇ.) જીલ્લા
ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર.

વંચાણે લીધો

(૧) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક જિઉકે /ભ/ફડચ/ ૦૧/૫૯૫૧ થી ૫૭, તા. ૩૧–૩–૨૦૦૧.

(૨) સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચનો તા. – નો પત્ર.

જા. નં. / જિ. ઉ. કે. / ભ / ફડચ / ૦૧ / ૧૧૬૧૪ થી ૨૧ / ૨૦૦૨.— ઉપર વંચાણે લીધેલ અત્રેની કચેરીના ક્રમાંક જિઉકે/ભ/ફડચ/૦૧/૫૯૫૧ થી ૫૭, તા. ૩૧–૩–૨૦૦૧ થી ધી નેત્રંગ વિભાગ હીરા ઉદ્યોગ અને તાલીમ સ. મં. લી., મુ. પો. હોળાકોતર, તા. વાલીયા, જી. ભરૂચને ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ હતો અને સદર સંસ્થાના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા) ની નિમણુંક કરી હતી.

સદર સહકારી અધિકારીશ્રી (ફડચા), ભરૂચ આ કચેરીને જણાવેલ છે કે સદર મંડળીની તમામ કામગીરી પુરી થયેલી છે. અને મંડળીનું સરવૈયુ માસુર શુન્ય છે.

ઉપરોકત જણાવેલ વિગતે હું નીચે સહી કરનાર શ્રી આઇ. એસ. વાળંદ, મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ), અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ) જિલ્લા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભરૂચ સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી કાયદાની કલમ–૧૧૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી નેત્રંગ વિભાગ હીરા ઉદ્યોગ અને તાલીમ સ. મં. લી., મુ. પો. હોળાકોતર, તા. વાલીયા, જી. ભરૂચની નોંધણી રદ કરવાનો હુકમ કરુ છું.

ભરૂચ, તા. ૨૭–૧૧–૨૦૦૨.

આઈ. એસ. વાળંદ,
મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ) અને જિલ્લા
રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ) જિલ્લા
ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, JANUARY 16, 2003 / PAUSA 26, 1924 [No. 3

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	63-69	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	25-49
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	3	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1035-1404

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક ઉ/ગપક/વિ. શા./એસ. બી./જાહેરનામું/૭૦/૨૦૦૨.–(૧) ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાન સભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે ભારતના બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/૯૬-એલ એન્ડ ઓ/પી એલએન-૧, તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૬ નાં પેરા નં. ૬ માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી હથિયારો સાથે હરવા ફરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

INDEX

(૨) અગાઉની વિધાનસભાની સામાન્ય ચુંટણી દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારના જુદા જુદા સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હતી. તે ધ્યાનમાં લેતા જણાય છે કે, આ વખતની વિધાન સભાની સામાન્ય ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શક્યતા રહે છે. મુક્ત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

(૩) હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શક્યતા રહે છે, જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સુરત શહેર પોલીસ કમિશ્નરેટ બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂર જણાય છે.

(૪) જેથી હું વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

૧. સુરત શહેર પોલીસ કમિશ્નરેટના ચોક, અઠવા, ઉમરા, રાંદેર પો. સ્ટે. વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહી.

૨. સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યક્તિઓએ સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ચોક, અઠવા , ઉમરા, રાંદેર વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહી.

અપવાદ : આ હુકમનો પેરા નં. ૪(૧) અને (૨) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓને.

રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્નમેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીક્યુરીટી ગાર્ડ તેમજ સુરત મહાનગર પાલિકા, સુરત શહેરમાં આવેલ હિરાની ફેક્ટરીઓ તથા સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતાં ગાર્ડને (વ્યક્તિઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છૂટ રહેશે.

વિધાન સભાની સામાન્ય ચુંટણી, ૨૦૦૨ની ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ હોય અને ચુંટણીનો સમય બધ્ધ કાર્યક્રમ અમલમાં આવેલ હોય ઉપરના પેરા નં. ૪ માં જણાવ્યા મુજબ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ (૨) હેઠળ હુકમ કરૂં છું.

આ હુકમ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે. આજરોજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) ડી. એ. અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/વિ. શા./એસ. બી./જાહેરનામું/૭૧/૨૦૦૨.– ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાન સભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવતા ૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગ મતદાનની તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩-૧૦-ઈ-એલ-૦૦૭-૯૪-જે. એચ. ૨-૫૨૧૬, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૪ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારી દ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકોના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામાં આવે છે. અને પ્રદર્શિત કરવામાં આવે છે એ જ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા, પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. અના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે. તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ., પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) ડી. એ. થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

૧. રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા વિધાન સભાની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા સબંધિત સરકારી કચેરી, નગર પાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમની લેખીતપૂર્વ મંજુરી લીધા વગર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીશ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

INDEX

૨. ઉપરના ખંડ ૧ માં જણાવ્યા પ્રમાણેની મંજુરી આપતા પહેલા સબંધિત સરકારી કચેરીના અધિકારી અથવા નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમો દ્વારા આવી અરજીઓની ચકાસણી કરીને એ બાબતની ખાત્રી કરવાની રહેશે. સુચિત રસ્તાઓ, માર્ગો, સ્થળ અથવા મકાનોને આવા કટ આઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, કમાનો, દરવાજા વિગેરે મુકવાથી સામાન્ય જનતાની સલામતી છે તથા સુરક્ષા જોખમાતી નથી અને તેનાથી વાહનોની કે અન્ય કોઈ પ્રકારની અવર જવરમાં કોઈ પ્રકારની અડચણ ઉભી થતી નથી અને આ માટે સદર સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો, સરકારી બોર્ડ, નિગમો દ્વારા દરેક વ્યક્તિગત કિસ્સામાં સબંધિત પો. સ્ટે. નો અભિપ્રાય મેળવ્યા પછી પૂર્વ મંજુરી આપવા બાબતે નિર્ણય લેવાનો રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તાત્કાલિક અસરથી અમલમાં મુકાશે અને તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે. આજરોજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩(૧) આર-૩ અન્વયે.

નંબર ઉ/ગપક/વિ. શા./એસ.બી. જાહેરનામું/૭૨/૨૦૦૨.– ભારતીય નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતાં ૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગ, મતદાનની તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૩, ૮, ૯૪/ જે.એસ.- II તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના પેટા-૩ (૩) અને ૩ (૫)માં આપેલ સુચનાઓ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરનો ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. આ લાઉડ સ્પીકરનો ઉપયોગ ફક્ત નિયત મંચ ઉપર જ નહીં. પરંતુ ટ્રક, ટેમ્પા, કાર, જીપ, ટેક્સીવાન, ત્રણ પૈડાવાળા વાહનો , સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઉંચા અવાજે પ્રચાર કરતાં લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોએ, મહોલ્લાએ, વસાહતોએ અને લત્તાઓમાં પણ જાય છે. આના કારણે ખૂબ ધ્વનિ પેદા થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉપર આવી ખુબજ પ્રતિકૂળ અસર પડે છે. કારણકે, વહેલી સવારથી લાઉડ સ્પીકરો વગાડવાના શરૂ થઈ જાય અને ખુબજ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશક્ત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ઘણીજ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબજ હરકત, અગવડ અને ત્રાસ જોખમ અને ભય થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહેશે.

જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) આર-૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવાર કલાક ૦૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ સુધી કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના કલાક ૬-૦૦ વાગે પહેલાં રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો ઉપર ફરતાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૨. કોઈ જાહેર સભા કે સરઘસના હેતુસર સવાર કલાક ૬-૦૦ થી વાગ્યા પહેલાં કે રાત્રે કલાક ૨૨-૦૦ વાગ્યા પછી નિયત સ્થળ પર રખાયેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેના માટે સબંધિત અધિકારી, સત્તા અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત અધિકારી, સત્તા અધિકારીએ જાતે ખાત્રી કરીને પરવાનગીનાં લીધે જાહેર શાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે. અને લાઉડ સ્પીકરના ઉપયોગની પરવાનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

૩. ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજિસ્ટ્રેશનનો નંબર લખવાનો રહેશે.

૪. સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ માટે જ પરવાનગી પત્ર (પરમીટ આપવામાં આવે તેવા વાહનોના પ્રકાર અને રજિસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે.) મેળવવાનો રહેશે.

૫. ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે. આજરોજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સીક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/વિ. શા./એસ. બી./જાહેરનામું/૭૩/૨૦૦૨.– ભારતના નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાન સભાની સામાન્ય ચુંટણી ૨૦૦૨નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવતા ૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગની તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગએ બંધારણની કલમ ૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૩૭/૯૬ પી. એલ. એન. (૩) ૨૨૮૯, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૬ પેરા-૪(૧) માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર સભા પછી ત્રણ થી વધુ વાહનોના કાફલામાં મોટરકાર વાહનોની અવર જવર કરવા દેવામાં આવશે નહીં.

વિધાન સભાની સામાન્ય ચુંટણી દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે રહે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે. અને ટ્રાફિકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતાં હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતાં સર્વે પ્રકારના વાહનો/ગાડીઓ તથા સવાર થઈને અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઉભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેથી હું વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) બી થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

૧. સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ત્રણથી વધુ વાહનોના કાફલામાં મોટરકાર/વાહનો ઉપર અવર જવર કરવા દેવામાં આવશે નહી.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહી.

૧. પોલીસના વાહનોને.

૨. સુરક્ષાની દ્રષ્ટિએ અમુક મહાનુભવોના કાફલા સાથે આવેલા વાહનોને.

૩. ચુંટણી કામે જતાં સરકારી વાહનોને તેમજ સક્ષમ અધિકારી ધ્વારા ચુંટણીના કામે સંપાદન કરેલ વાહનોને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. આજ રોજ તારીખ ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી સીકકા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક/ઉ/ગપક/વરાછા રોડ/ફલાય ઓવરબ્રીજ/૩૮૫૬/૨૦૦૨.- સુરત શહેરમાં વરાછારોડ ઉપર વૈશાલી સિનેમાથી કાપોદ્રા જી. ઈ. બી. ઓફિસ સુધીના રોડ ઉપર ફલાય ઓવરબ્રીજ બાંધવાનું કામ શરૂ છે અને હાલમાં બરોડા પ્રિસ્ટેજથી મીનીબજાર તરફ રોડની બન્ને બાજુએ પતરા બેસાડી બ્રીજ બાંધકામનો રોડ વચ્ચેનો ભાગ અલગ પાડી બાકીના રોડ પર ટ્રાફીક શરૂ રાખેલ છે અને બ્રીજ બાંધકામ ધીમે ધીમે આગળ વધતુ જાય છે. બ્રીજ બાંધકામના લીધે ટ્રાફીક માટે બાકી રહેતા રોડ પર વાહનો પાર્ક કરવામાં આવે તો ટ્રાફીક જામનાં પ્રસંગો સર્જાય તેમ છે. જેથી બ્રીજ બાંધકામ કામગીરીમાં ટ્રાફીક ભારણનાં કારણે કોઈ સમસ્યા ઉભી ન થાય અને વૈશાલી સિનેમાથી કાપોદ્રા જી. ઈ. બી. સુધીના વરાછા મુખ્ય માર્ગ પર કોઈ ટ્રાફીક અવરોધ ઉભા ન થાય તે સારુ વૈશાલી સિનેમા ત્રણ રસ્તાથી કાપોદ્રા જી. ઈ. બી. ઓફીસ ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) સુધીના રોડની બન્ને બાજુએ વાહન પાર્કીંગ કરવા ઉપર અગાઉ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૨, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૨ તથા તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૨ના જાહેરનામાથી અમલમાં મૂક્યા પ્રમાણેનો વાહન પાર્કીંગ પરનો પ્રતિબંધ ''નો પાર્કીંગ ઝોન'' ચાલુ રાખવો હિતાવહ જણાય છે.

જેથી હું વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રુએ વૈશાલી સિનેમા ત્રણ રસ્તાથી કાપોદ્રા જી. ઈ. બી. ઓફીસ, ડાયમંડ સ્કુલ (ફાયર સ્ટેશન) સુધીના રોડની બન્ને બાજુએ વાહન પાર્કીંગ ન થાય તે માટે આ વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩ સુધી આ વિસ્તારમાં વાહન પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ ''નો પાર્કીંગ'' ફરમાવું છું.

આ અંગે જરૂરી જાહેરનામા બોર્ડની વ્યવસ્થા એસ. એમ. સી. ના અધિકારીઓએ કરવાની રહેશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

આજરોજ તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા-કલમ (૧) હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામું/૧/૨૦૦૩.- સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતુ હોવાથી

INDEX

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ૩૭ (૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચેજણાવેલ વિસ્તારોમાં તારીખ૨જી જાન્યુઆરી, ૨૦૦૩ કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય તે વ્યક્તિઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા અધિકારીએ જેને અશક્તિનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૩ નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) બી મુજબનું.

ક્રમાંક ઉ/ગપક/વિ. શા./એસ. બી./મકરસંક્રાંતિ/જાહેરનામું/૨/૨૦૦૩.- તારીખ ૧૪/૧૫ જાન્યુઆરી ૨૦૦૩નાં રોજ મકરસંક્રાંતિનો તહેવાર આવત હોય, સુરત શહેરમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેરમાર્ગો, રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે. અને કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડાદોડી કરતાં હોય છે. જેનાં કારણે ટ્રાફિકને અડચણ થાય છે. અને કેટલીક વખતે ગંભીર અકસ્માતો થાય છે. તેમજ સુલેહશાતિનો ભંગ થવાની પણ શક્યતાઓ ઉભી થાય છે. જેથી જાહેર સલામતિ માટે આવી રીતે જાહેર રસ્તા ઉપર પતંગો ઉડાડવા, હાથમાં ઝંડા તથા વાંસ અથવા અન્ય વસ્તુઓ લઈ દોડાદોડી કરી પતંગો લુંટવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાતું હોઈ, વાસ્તે હું વી. કે. ગુપ્તા, (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧) 'બી' થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની હદમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર રસ્તામાં અથવા જગ્યા ઉપર પતંગો ઉડાડવા નહીં તથા હાથમાં લાંબા ઝંડા કે વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો અથવા દોરા મેળવવા જાહેર રસ્તા ઉપર અથવા જગ્યાઓમાં દોડાદોડી કરવી નહીં કે હરવું ફરવું નહીં તથા ટેલીફોન કે ઈલેક્ટ્રીકનાં તાર ઉપર લંગર 'દોરી' નાંખવાનું કૃત્ય કરવું નહીં કે કરાવવું નહીં.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હદમાં આવતો સમગ્ર વિસ્તાર.

ક્રમાંક : ફડચ / ઉખસ / ૧૭૭૫ / ખ/૨૦૦૨.—ધી કડોદ વિભાગ મત્સ્યોદ્યોગ સ. મં. લી., મુ.પો. કડોદ, તા. બારડોલી, જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક ૧૭૯૬, તા. ૧૯-૧૨-૮૩થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૧-૧૧-૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૩, સુરતની નિમણુંક કરાવામાં આવે છે.

સુરત, તા. ૨૦-૧૨-૨૦૦૨.

વાંચ્યો :—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/ ૧૩૩૧ / ૨૦૦૨, તા. ૨૧-૧૧-૨૦૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૭૬ / ખ / ૨૦૦૨.—ધી ઉમરવાવકુટ પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મુ. પો. ઉમરવાવકુટ, તા. વ્યારા, જી. સુરત. વિ. સુરતની નોંધણી ક્રમાંક સે-૨૬૭૪, તા. ૨૫-૧-૮૮ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૧-૧૧-૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૧, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૨૦-૧૨-૨૦૦૨.

આર. આર. વઘાસીયા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૬૯૮/ઉ-૧૨૧૯૯/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે નર્મદા ફળ શાકભાજી ઉત્પાદક અને રૂપાંતર કરનારી સ. મં. મર્યાદિત સ્થળ ઝઘડીયા, તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) ૧૯૬૧ ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૬-૧૨-૨૦૦૨.

ક્રમાંક નધણ / ૦૧/ક-૨/૭૦૪/સે-દુ-૩૩૮૪૮/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ભેરસમ, મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ભેરસમ, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

ભરૂચ, તા. ૨૬-૧૨-૨૦૦૨.

હુકમ

સેન/ઉખસ/ફડચ / ૦૧ / ખ-૩ / ૧ થી ૮ / ૨૦૦૩.—ધી અંકલેશ્વર ગ્રીન એન્વાયરમેન્ટ કો. ઓપ. સહકારી મંડળી લી., મુ. અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ કે જે તા. ૧૯-૭-૨૦૦૦ના નોંધણી નંબર સે-૨૫૬૫૯ થી નોંધવામાં આવી હતી. જે અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૫૫/૨૦૦૨, તા. ૨૨-૨-૨૦૦૧ થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪(૨) આધિન સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ અધિનિયમની કલમ ૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તા. ૧-૧-૨૦૦૩.

એચ. આર. પટેલ,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
ભરૂચ.

જા. નં. નધણ/સેદુ/૧૧૧૪/૦૧/ખ/૭૯૮/સે-દુ-૩૩૨૯૭/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ભગતના મુવાડા (ખાંટા) દુધ ઉ. સ. મં. લી. મર્યાદિત સ્થળ ભગતના મુવાડા, પો. ખાંટા, તાલુકો વિરપુર, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તા. ૩૦–૧૨–૨૦૦૨.

એચ. એન. દરજી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડીઆદ.

વંચાણમાં લીધા :—

(૧) હરખાપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. હરખાપુરા, તા. બોરસદને પુનઃજીવીત કરવા અંગેની મંડળીના સભાસદોની તા. ૨૦–૧૧–૨૦૦૨ ના રોજની રજુઆત.

(૨) મંડળીને ફડચામાં લઇ જવા અંગેનો અત્રેની કચેરીનો હુકમ નં. ઉખસ/ફડચા/ચ-૯, તા. ૯–૧–૨૦૦૨.

(૩) મંડળીને પુનઃજીવીત કરવા માટે મંડળીના ફડચા અધિકારી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નો તારીખ ૨૩–૧૨–૨૦૦૨ નો ભલામણ પત્ર.

જા. નં. ફડચ/૧૨૧/ચ-૫૩૧/૨૦૦૨.—હરખાપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. હરખાપુરા, તા. બોરસદને અત્રેના આમુખ નં. ૨માં જણાવેલ હુકમ નં. ઉખસ/કજ / ફડચ / ચ-૯, તા. ૯–૧–૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. અને ફડચા અધિકારી તરીકે ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીઆદની નિમણુંક કરવામાં આવેલ હતી. ફડચા અધિકારીએ તારીખ ૩૦–૪–૨૦૦૨ના રોજ મંડળીનો ચાર્જ સંભાળેલ હતો. ચાર્જ સંભાળ્યા બાદ ફડચા અધિકારીએ ફડચાની કાર્યવાહીમાં લેણું વસુલ કરી બેંકની લોન ભરપાઇ કરેલ છે.

મંડળી સતત ખોટમાં ચાલતી હોવાના કારણે તથા નાણાં ભીડના કારણે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. મંડળી ચાલુ કરવા માટે મંડળીના સભાસદો તરફથી રજુઆત થતાં તા. ૧૭–૧૨–૨૦૦૨ના રોજ મંડળીના સભાસદોની એક મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં મંડળીના ૭૨ સભાસદો ઉપરાંત ફડચા અધિકારી અને અમુલના અધિકારીએ હાજરી આપેલ હતી. તેમની રૂબરૂમા મંડળીને પુનઃજીવીત કરવા અંગે ચર્ચા વિચારણા કરી જરૂરી ઠરાવો તેમજ કારોબારીની નિમણુંક સર્વસંમતિથી કરવામાં આવેલ છે. સભાસદોને પોષણક્ષમ ભાવો તથા બીજી સગવડો મળી મળી રહે તે હેતુથી મંડળી ચાલુ કરવા ઠરાવેલ છે. તેમજ ખાનગી માપે દુધ નહી ભરવા અને તમામ મતભેદો ભૂલી જવાબદારી પૂર્વક ફરજ બજાવવા હોદ્દારો તેમજ સભાસદોને અનુરોધ કરવામાં આવેલ છે. મંડળીને પોતાનું મકાન તથા ફ. વિ કેન્દ્ર અને અન્ય સાધનો છે. મંડળી ચાલુ થાય તો દુધ ઉત્પાદકોને દુધના નાણાં દુધ બીલ સામેથી ચુકવી શકાય તેમ છે. આર્થિક રીતે મંડળી સદ્ધર નથી પરંતુ સભાસદોની માંગણી તથા મંડળીની પોતાની મિલ્કતો વગેરે ધ્યાને લેતાં મંડળીને પુનઃજીવીત કરવા અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. ડોરૈયા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૯ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ હરખાપુરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., હરખાપુરા, તા. પેટલાદ, જી. આણુંદને પુનઃજીવીત કરવાનો હુકમ નીચેની શરતોને આધીન કરૂં છું.

(૧) ભવિષ્યમાં મંડળી સામે લેણદારો કે દેવાદારો અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે મંડળી પોતાની રીતે તેનો નિકાલ કરશે.

(૨) મંડળી પુનઃજીવીત થયા પછીની પ્રથમ મીટીંગમાં આગામી કામગીરીનો પ્રોજેકટ રીપોર્ટ દિન–૭માં મોકલી આપવાનો રહેશે.

(૩) દુધ મંડળીની કામગીરી શરૂ થયા પછી ત્રણ માસની અંદર દુધનો જરૂરી પૂરવઠો એકત્ર કરવાનો રહેશે. દુધનો પૂરવઠો નહીં થવાના કારણે મંડળી બંધ થશે તો ફરીથી મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવશે.

આણુંદ, તારીખ ૩૧–૧૨–૨૦૦૨.

વંચાણમાં લીધા :

(૧) શ્રી નવજીવન સામુદાયીક ખેતી સહકારી મંડળી લી., દહેડા, તાલુકો ખંભાતના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૮–૫–૨૦૦૨નો પત્ર નંબર ફડચ / ૦૧ / ચ—૧૮૯.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦–૩–૯૧ ના જાહેરનામાં ક્રમાંક : જી. એચ. કે. એચ.–૨૪–૯૧ / ડી. ડી. સી. ૧૧૮૮ / ૩૨૦૪ / જે.

હુકમ

જા. નં. ઉખસ / કજ /ફડચા/૨૦/ચ–૫૩૪/૨૦૦૨.—શ્રી નવજીવન સામુદાયીક ખેતી સહકારી મંડળી લી., મુ. દહેડા, તાલુકા ખંભાત, જીલ્લા આણુંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફિસનો નોંધણી નંબર ખે–૨૫૭૫., તા. ૩૦–૯–૮૯ થી નોંધવામ

આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ / ક. જ. / ફડચા/ગ–૨/૫૭૨, તારીખ ૨૧–૪–૧૯૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ–૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૩૧–૧૨–૨૦૦૨.

વંચાણે લીધા:

(૧) શ્રી નવસર્જન સામુદાયીક ખેતી સહકારી મંડળી લી., મોરજ, તા. ખંભાતના ફડચા અધિકારીશ્રીનો તા. ૮–૫–૨૦૦૨નો પત્ર નં. ફડચ/૧૮/ચ-૧૯૨–૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ–૨૦ અને ૧૧૪(૨ .

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય. ગાંધીનગરના તા. ૩૦–૩–૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૨૨૦૪/જે.

હુકમ

જા. નં. ઉખસ / કજ / ફડચા/૧૬/ચ-૫૩૫/૨૦૦૨.—શ્રી નવસર્જન સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. મોરજ, તાલુકા ખંભાત, જીલ્લા આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર એ–૨૫૭૨, તા. ૨૭–૨–૧૯૮૯થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉખસ/કજ/ફડચા/ગ-૨/૫૩૫/૯૪, તારીખ ૮–૪–૧૯૯૪થી ફડચામાં લઈ જવામાં આવી જતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે, અને તેથી આ તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૧–૧૨–૨૦૦૨.

સી. બી. કોટેચા,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
જિલ્લો આણંદ.

જા. નં. નધણ/૦૧/૩/૯૦૯/સેદુ-૩૩૫૨૬/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી ગુલાબપુરા કંપા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ગુલાબપુરા કંપા, તાલુકો વિજયનગર, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૬–૧૨–૨૦૦૨.

નંબર : નધણ/ ૦૧/ક/૫૧૩/સે. દુ.—૩૩૫૨૭/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી દહેગામડા દુધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ દહેગામડા, તાલુકો બાયડ, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો,) ૧૯૬૧ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૧૯–૧૨–૨૦૦૨.

જે. જે. શાહ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, હિંમતનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક : નધણ/૪૮૦૧/ક-૨/૪૪૧/ધ-૨૦૨૨૮.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે, કે, શ્રી અમૃતધામ શોપ્સ એન્ડ ઓફીસીસ કો. ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને. ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૬–૧૨–૨૦૦૨.

વંચાણે લીધો :—

(૧) આ કચેરીના તા. ૨૯–૧૦–૯૯ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૪૫૩/ધ-૨/૯૫૮/૯૯નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીના તા. ૧૩–૧૨–૦૨ના ક્રમાંક ફડચ/ફ-૨/૧૭૨/સને ૨૦૦૨થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

હુકમ

જા. નં. ફડચ/ફ-૧૧૪૯૩/ધ-૨/૧૦૨૭ સને ૨૦૦૨.—ધી ઉદય મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ઉ-૭૧૫૬, તા. ૨૦-૧૨-૧૯૭૭ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૯-૧૦-૯૯ના જા. નં. ફડચ/ફ-૧૧૪૯૩/ધ-૨/૯૫૮/ સને ૧૯૯૯ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૮૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહું કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તા. ૩૦-૧૨-૨૦૦૨.

ક્રમાંક નધણ/ ૪૮૦૨/ક-૨/૧/ધ-૨૦૨૨૯/૨૦૦૩.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી આનંદ વ્યુ કો. ઓ. હા. સોસાયટી લી., મર્યાદિત સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૫-૭-૦૨ નો પત્ર ક્રમાંક : ગસભ/૦૧/ સી.૧/૩૭૭/૦૨ નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૬-૭-૦૨ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ ધ. ૨/૬૦૪/સને ૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) ધી સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લિ., અમદાવાદના તા. ૨૭-૭-૦૨ ના પત્રની રજુઆત.

(૪) આ કચેરીના તા. ૧૧-૧૦-૦૨ના જા. નં. ફડચ/ફ-૧૧૫૭૮/ધ. ૨/૯૨૮/સને ૨૦૦૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૫) સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદના તા. ૨૦-૧૨-૨૦૦૨ના પત્રની રજુઆત.

(૬) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ફ-૧૧૫૭૮ / ધ.-૨ / ૧ / ૨૦૦૩.—ધી સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. જેની નોંધણી ક્રમાંક ભ-૨૯૫૦, તારીખ ૫-૮-૧૯૮૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કાર્યરિતી વગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે તથા તપાસણી / મુલાકાત વખતો વખત સહકારી ખાતા મારફત કરાવવાનું થાય છે.

મજકુર મંડળીની તપાસણી માટે સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદ દ્વારા મુલાકાત લઈ સંપર્ક કરતા મંડળીમાં રેકર્ડ તૈયાર ન હોવાને / ઇન્સ્પેક્શન ન થઈ શકવાને કારણે સંદર્ભ-૧ થી સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ જે લક્ષમાં લઈ સંદર્ભ-૨ થી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ સુનાવણી નિયત કરવામાં આવેલ જે સંદર્ભે સોસાયટી દ્વારા સંદર્ભ-૩ ના પત્રથી રજુઆત કરવામાં આવેલા મજકુર રજુઆત સંદર્ભે જરૂરી આધાર પુરાવા તથા ઓડીટ રીપોર્ટની નકલ રજુ કરવા માટે પૂરતી અને વાજબી તક આપવા છતાં સોસાયટી તરફે કોઈ આધાર રજુ ન કરવાના તબક્કામાં સંદર્ભ-૪થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે રજુઆત કરવી હોય તો દિન-૩૦માં અત્રે રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી.

ઉકત બાબતે સંદર્ભ-૫થી સોસાયટી દ્વારા લેખીત રજુઆત તથા આધાર પુરાવા રજુ કરવામાં આવેલ છે. જે મુજબ મજકુર સોસાયટીનું તા. ૩૧-૩-૦૨ સુધીનું ઓડીટ તારીખ ૫-૪-૨૦૦૨ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. ઓડીટનો વર્ગ-'ખ' છે. ઓડીટ ફી સરકારશ્રીમાં જમા કરાવેલ છે. સોસાયટી દ્વારા જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સભાસદો/ બીન સભાસદોને વિતરણ કરવામાં આવે છે. સરકારશ્રીના પુરવઠા વિભાગ દ્વારા તપાસણીની કામગીરી થાય છે. મંડળીનો વહીવટ ચુંટાયેલી વ્યવસ્થાપક કમીટી દ્વારા થાય છે, જે તમામ સંજોગો ધ્યાને લઈ મજકુર મંડળીને ફડચામાં ન લઈ જવા વિનંતી કરેલ છે.

ઉપર મુજબની સોસાયટીની રજુઆત અને રજુ થયેલ આધાર-પુરાવા ધ્યાને લેતાં એ બાબત સ્પસ્ટ થાય છે કે મજકુર મંડળીનું તા. ૩૧-૩-૦૨ સુધીનું ઓડીટ થયેલ છે

INDEX

ઓડીટ વર્ગ–'બ' છે. સભાસદો/બીનસભાસદોને જીવનજરૂરીયાતની ચીજવસ્તુનું વિતરણ કરેલ છે. રેશનીંગની પ્રવૃત્તિ કરે છે. આમ, સોસાયટીનો વહીવટ ચુટાયેલી વ્યવસ્થાપક કમીટી દ્વારા ચાલતો હોઇ સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાનું જરૂરી જણાતું ન હોઇ અત્રેથી અપાતી સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાની સુચનાસહ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ, ધી સુવિધા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી નંબર ભ–૨૯૫૦, તા. ૫–૮–૧૯૮૧ ને આ કચેરીના તા. ૧૧–૧૧–૦૨ના ક્રમાંક ફડચ/ફ-૧૧૫૭૮/ ધ-૨/૯૨૮, સને ૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરૂ છું.

અમદાવાદ, તા. ૨–૧–૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(શહેર), અમદાવાદ.

જા. નં. નધણ/સેદુ/૧૧૧૫/૦૧/ખ/૮૦૦/સેદુ-૩૩૨૯૮/ ૨૦૦૨.—આથી જાહેર કરે છે કે વાડી સરાડીયા દૂધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ વાડી સરાડીયા, તાલુકો વિરપુર, જીલ્લો ખેડા, પોસ્ટ સરાડીયા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૦–૧૨–૨૦૦૨.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નડીઆદ.

નંબર નધણ/ગ–૨/સે. દૂધ-૩૩૭૩૩ / ૭૮૩ / ૦૨.—આથી જાહેર કરે છે કે ચીખોદ્રા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ચિખોદ્ર, તાલુકો સંખેડા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા,, તા. ૩૦–૧૨–૨૦૦૨.

નં. / નધણ / ગ–૨ / ભ. ૫૧૭૪ / ૭૮૪ / ૦૨.—આથી જાહેર કરે છે કે શ્રી સહજાનંદ સહકારી ગ્રાહક ભંડાર લી. મર્યાદિત સ્થળ કરજણ, તાલુકો કરજણ, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, (૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦–૧૨–૨૦૦૨.

વંચાણે લીધો :–

શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧/વડોદરા લગત કચેરીના જાવક નં. ફડચ / ૦૧ / ૪૫૬ / ૨૦૦૨ની તા. ૩૦–૧૧–૦૨ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૩૩૫/૨૦૦૨.—ધી જી.સી.ઇ.એલ. એમ્પ. ક્રેડીટ સહકારી મં. લી., મુ. વડોદરાની નોંધણી ક્રમાંક સે-૨૦૮૧૪, તા. ૨૯–૧–૮૪ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ. વડોદરાના હુકમ નંબર ફડચ / ફ-૧૩૦૮૭ / ધ-૨ / ૫૯, તા. ૨૨–૨–૨૦૦૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ–૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે

વડોદરા, તા. ૨૪–૧૨–૨૦૦૨.

વંચાણે લીધો :

શ્રી સહકારી અધિકારી ફડચા નં.–૩ / બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી., વડોદરાના જાવક–નં–ફડચ/૦૧/ફ–૩/ ૪૧૪/૦૨ ની તારીખ ૨૩–૧૨–૨૦૦૨ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/વ–૨ / ૩૩૮/૨૦૦૨.— ધી વરસડા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વરસડા, તા સાવલી, જીલ્લો વડોદરાની નોંધણી ક્રમાંક–૨૦૭૯૭, તારીખ ૧૯–૭–૮૪ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ–૧૩૭૮૫/ ૦૧/વ–૨/૨૮૩, તારીખ ૨૬–૯–૨૦૦૨ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪–(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ–૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તા. ૩૦–૧૨–૨૦૦૨.

નંબર નવણ/ ગ-૨ / સે. ૩૩૭૩૪ / ૧૧/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે પ્રતાપ ટાવર કો. ઓપ. હા, સર્વિસ સો લી., મર્યાદિત સ્થળ વડોદરા, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) નીં કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨–૧–૨૦૦૩.

એન. એ. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

વાંચ્યો :

(૧) શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજી. સ. મં. નવસારી અને ફડચા અધિકારી.
શ્રી કામધેનુ ખેતી પિયત સહકારી મં. લી., ફડચામાંને તા. ૩૦–૧૦–૨૦૦૨ નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીના તા. ૨૦–૭–૨૦૦૨ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ખે/૧૦૬૪/ ખ-૩/૫૩૨ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર સ મં. નો તા. ૧–૪–૨૦૦૧ થી તા. ૩૦–૯–૨૦૦૨ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ / ફડચ/ખે-૧૦૬૪/ખ-૩/૮૨૨/૨૦૦૨.— શ્રી કામધેનુ ખેતી પિયત સહકારી મંડળી લી. મુ. ઘોડમાળ, તા. વાંસદા, જી. નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક ખે-૧૦૬૪, તા. ૨૦–૩–૧૯૯૭ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચાનું કામ સંપૂર્ણ થઇ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોક્ત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે અને એજ કાયદાની કલમ–૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી, તા. ૨૭–૧૧–૨૦૦૨.

(સહી) અવાચ્ય.
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, નવસારી.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૧૭૯/ ખ–૧/૬૭૫/૨૦૦૨, તા. ૨૨–૧૧–૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭(૩)ની જોગવાઇ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. ન. ફડચ/૧૭૯ /ખ–૧ / ૭ / સને ૨૦૦૩.—ધી નાનીખજુરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ પો. નાનીખજુરી, તા. દેવગઢબારીયા, જી. દાહોદ, નોંધણી ક્રમાંક સે.દુ–૧૬૭૬૧, તા. ૧૮–૧૨–૭૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (ક) (૨) (૪) અન્વયે આમુખ–૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ–૧ થી જણાવવામાં આવેલ હતું. છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ–૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી

INDEX

અધિકારીશ્રી ગ્રેડ-૧ લગત સદર કચેરીએ ફેડયાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે

દાહોદ, તા. ૩-૧-૨૦૦૩.

જે. એસ. ડામોર,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, દાહોદ.

મેનેજર (ખાદી ગ્રામ અને કુટીર ઉદ્યોગ) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક જીકેંકે-ભ / નોધણ / ૧૨૮૨૩ / ૨૦૦૨.—મેનેજર (ખાદી ગ્રામ અને કુટીર ઉદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ આથી જાહેર કરે છે કે ધી પ્રગતિ મહિલા વિવિધ ઔદ્યોગિક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદીત સ્થળ રાજપીપળા, તાલુકો નાંદોદ, જીલ્લો નર્મદા,

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) નાં કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. નોંધણી નંબર-ઉ-૬૧૯૭/૦૨, તા. -૧૨-૦૨ છે.

ભરૂચ, તા. ૨૪-૧૨-૨૦૦૨.

ઇ. શ. વાળંદ,
મેનેજર (ખાદી ગ્રામ અને કુટીર ઉદ્યોગ)
અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
(ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, JANUARY 30, 2003 / MAGHA 10, 1924 [No. 5

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	93-108	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	73-87
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	5	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1639-1988

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો.

નંબર ઉ/ગપ્રક/વિ.શા./૭૪૩/૨૦૦૩.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી જાન્યુઆરી ૨૦૦૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાહ વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને. ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે, જાન્યુઆરી સને. ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૧/૨૦૦૩.-આગામી દિવસોમાં ઉત્તરાયણના તહેવારોને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી જાન્યુઆરી ૨૦૦૩ થી તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાબું અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :-અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :-આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૨/૨૦૦૩.– આગામી દિવસોમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭(૩) થી મને મળેલ

INDEX

અધિકારની રૂએ ફરમાવું છું કે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેંજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો:–આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :–આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારી પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૧/૨૦૦૩.–મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ–૩૭-(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૧૪મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મકર સંક્રાંતિ તહેવાર તથા કાયદો વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

અપવાદ : આ હુકમનો ખંડ(ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨મા કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક (૧) એક વર્ષની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો.

નંબર ૩/મકમ/પલસ/મજસ/ વશી-૫૯/૨૦૦૩.-સેનાપતિશ્રી રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧, વડોદરાએ તેઓની તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૩ના પત્રક્રમાંક : સીબી-૪/જાહેરનામું/ફા. બટ/૧૬૨/૫૧/૦૩ થી પાવાગઢ ફાયરીંગ રેન્જ ઉપર મીલીટ્રી, એન. સી. સી., એરફોર્સ, એસ. આર. પી. યુનિટસ તથા જિલ્લા પોલીસની ફાયરીંગ પ્રેક્ટીસ લેવામાં આવે છે. આ ફાયરીંગ બટનો ઉપયોગ વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, નડીયાદ, ભરૂચ, ગોધરા વિગેરે જિલ્લાના પોલીસ જવાનો, એસ. આર. પી. જવાનો પણ ફાયરીંગ પ્રેક્ટીસ કરે છે. જેથી આ પ્રેક્ટીસ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૩ (બન્ને દિવસો સહ) સુધીના આગામી સમગ્ર વર્ષ દરમ્યાન પણ ચાલુ રહે તેમ હોઈ, સદર સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું

જાહેરનામું મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭(૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

સબબ હું, બી. એન. ડામોર, જી. એ. એસ., અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવુ છુ કે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૩ (બન્ને દિવસો સહ) સેનાપતિ રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૧ વડોદરાના યુનિટો માટે તથા રાજ્યના અન્ય પોલીસ દળો તથા મીલીટ્રી, એન. સી. સી., એરફોર્સ, દળો માટે ફાયરીંગ પ્રેક્ટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉપરોક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવુ નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૩મી જાન્યુઆરી સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામુ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી.૩/૨૦૦૩.-સેનાપતિશ્રી, રા. અ. પો. દળ, જુથ-૧૧, વાવ, જિલ્લો સુરતના પોલીસ કર્મચારીઓનો ફાયરીંગ પ્રેક્ટીસ કાર્યક્રમ તા. ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તા. ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારની આજુબાજુ રહેતા તથા બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તા. ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી પ્રવેશ કરવો નહીં તથા તે વિસ્તારમાં હરવું ફરવુ નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જાહેરનામુ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર-૩ અન્વયે.

ક્રમાંક : એમએજી/ચુંટણી/જાહેરનામું/વશી./૪૧૨/૨૦૦૨.- ભારતીય નિર્વાચન આયોગ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ મતદાનની તા. ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ તથા મતગણતરીની તા. ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ નક્કી કરવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેનાં આદેશ ક્રમાંક : ૩/૮/૯૪/જે. એસ./ તા. ૧૩મી જાન્યુઆરી, ૯૪ માં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે. જેનું પાલન કરવું જરૂરી છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફક્ત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે.

વાસ્તે હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત પોલીસ કમિશ્નરશ્રીના અધિકાર ક્ષેત્ર સિવાયના સુરત જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ

(૧) ચૂંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

(૨) ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપર લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

(૩) સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦--૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની તારીખથી તા. ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ અને અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી/વશી/૪૧૫/૨૦૦૨.-આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તથા તેમના કાર્યકરો દ્વારા ચૂંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેના કારણે જાહેર સુલેહ શાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઈ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ ૩૭ (૧) હેઠળ પગલાં લેવાં ઈચ્છનીય છે.

વાસ્તે, હું જે. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, મને ઉક્ત અધિનિયમની કલમ-૩૭(૧) હેઠળ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાનાં પોલીસ કમિશનરશ્રી, સુરતના અધિકાર હેઠળના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય) વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ આ હુકમની તારીખથી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધીના સમયગાળા (બંને દિવસો સહિત) દરમ્યાન.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિં,

(૩) પથ્થરો, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાખવાનાં યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ.

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા, કે પ્લે-કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ.

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહિ, કે વાદ્ય વગાડવું નહિ.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યક્તિ કે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ ચૂંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ પોલીસ અધિકારી દ્વારા જેની શારિરીક, અશક્તતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

આ જાહેરનામાની કોઈ સુચનાનો ભંગ થતો જણાશે તો તેવી વ્યક્તિ/વ્યક્તિઓ મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) હેઠળ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ ૩૭ (૩) અન્વયે.

ક્રમાંક : એમએજી/વિધાનસભા/ચૂંટણી/સભા-સરઘસ/વશી/૪૧૬/૨૦૦૨.– આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તા. ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૨ ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂં સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે, હું જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, મને ઉક્ત અધિનિયમની કલમ-૩૭(૩) હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરનાં પોલીસ કમિશનરશ્રીના હકુમત હેઠળના વિસ્તાર સિવાયના સુરત જીલ્લામાં સમાવિષ્ટ સુરત (ગ્રામ્ય) વિસ્તાર માટે ફરમાવું છું કે, કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૨ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે, બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કીસ્સામાં લાગુ પડશે નહી.

(૧) લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે કે મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને.

(૨) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ સભા/સરઘસની પરવાનગીથી યોજાતી સભા કે સરઘસમાં જતી, ભાગ લેતી વ્યક્તિઓને.

આ હુકમનું ઉલ્લઘંન કરનાર વ્યક્તિ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો મારી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

અધિક કલેક્ટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/આચાર સંહીત/વિધાનસભા/વશી/૪૧૩/૦૨.- આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૦૨ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ થનાર છે. આ ચૂંટણીના સંદર્ભે હરીફ ઉમેદવારો રાજકીય પક્ષો પોતાના ચૂંટણી પ્રચાર માટે અધિકૃત વ્યકિત કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યકિત કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરે છે. રાજયના ચૂંટણી પંચ તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નિયત કરેલ આચાર સંહિતામાં રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરોને જાહેર કે ખાનગી મકાન, જમીન, કમ્પાઉન્ડ કે દિવાલનો જાહેર મિલ્કત ધરાવનાર અધિકૃત વ્યકિત અથવા માલિકની પરવાનગી વિના તેવી જમીન, મકાન, દિવાલ કે, કમ્પાઉન્ડ વોલનો ઉપયોગ ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટિસો ચોંટાડવા, સુત્રો લખવા વિગેરે કામે ઉપયોગમાં લઈ શકશે નહીં તે મુજબ સ્પષ્ટ જોગવાઈ કરેલ છે. જેથી આચાર સંહિતાની જોગવાઈનો અમલ કરવા અને લોકોની માલ મિલકતને તેમની ઈચ્છા વિરૂદ્ધ થતું નુકશાન, હાની, બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ હેઠળ આદેશ કરવો ઉચિત જણાતું હોઈ, હું, જે. બી. વોરા, (જી. એ. એસ.), અધિક કલેકટર અને અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતનો ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ -૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર સિવાયના સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે રાજકીય પક્ષો તથા ઉમેદવારોને કે તેઓના કાર્યકરોને ઉપરોકત વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી મકાન, મીલકત, જમીન, દિવાલ, કે કંપાઉન્ડનો તે મીલકત ધારણ કરનાર અધિકૃત વ્યકિત કે, માલિકની પરવાનગી સિવાય ચૂંટણીલક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટિસો ચોંટાડવા, સુત્રો/ નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાની, નુકશાન કે બગાડ કરવો નહિ કે, કરવા દેવો નહિં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ/ દિશા બતાવવા માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક, તથા તેના ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શીત કરેલ અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પુરતો મર્યાદિત રહેશે નહિ.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવાં કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૩૩ વગેરે તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી તા.૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર એમએજી/વિધાનસભા/વાહન/વશી/૪૧૪/૨૦૦૨.- આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અંતર્ગત મતદાન તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ થનાર છે. આ ચૂંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. આ સિવાય ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બીન અધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઈ જવા પરત લાવવા, વાહનોનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી વાહનોના આવા દુરૂપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્ષ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો થવાની અને તેના કારણે ચૂંટણીની નિષ્પક્ષતા, જોખમાવાનો પુરો સંભવ છે. રાજય ચૂંટણી પંચ તરફથી પણ ઉમેદવારો, રાજકીય પક્ષો માટે ચૂંટણી પ્રચાર માટે એક સાથે ત્રણથી વધુ વાહનો લઈ જવા ઉપર તથા મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારને ઉપર અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવાનો પ્રતિબંધ ભારતીય ચૂંટણી પંચ તરફથી ફરમાવેલ છે.

વાસ્તે, હું, જે. બી. વોરા (જી. એ. એસ.), અધિક કલેકટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કમલ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેર સિવાયના સુરત (ગ્રામ્ય) વિસ્તાર માટે

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા ચૂંટણી પ્રચાર માટે એક સાથે ત્રણ થી વધુ વાહનોનો ઉપયોગ કરવા સામે તથા

૨. મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકરના દ્વારા મતદારોને મતદાન મથકે લઈ જવા તથા પરત લાવવા વાહન પુરૂં પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ/ પ્રલોભન ઉભું કરવા સામે મનાઈ ફરમાવું છું. સદર પ્રતિબંધ ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટના પોતાના ઉપયોગ માટે મતદાનના દિવસે ઉપયોગમાં લેવાનાર વાહન માટે લાગુ પડશે નહિ.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિતથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે. તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/ દંડ અથવા બંન્ને સજા થઈ શકશે. ઉપરાંત આઈ. પી. સી. ચેપ્ટર-૯ (એ) મુજબ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય દંડ સંહિતાના પ્રકરણ -૯ (ક) (એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમનો અમલ હુકમની તારીખથી તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

જે. બી. વોરા,
અધિક કલેક્ટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તારીખ ૨૦-૯-૨૦૦૨ની કારણ દર્શક નોટીસ ક્રમાંક ફડચ / સેદુ / ૨૧૮૯૨ / ખ-૩ / ૬૯૪ / ૨૦૦૨.

શ્રી સીંગોદ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સીંગોદ, તા. નવસારી, જિલ્લે નવસારીને, નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ના ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૨ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત, વ્યાજબી તથા આધારભૂત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) ઉદ્દેશો અનુસારની કાર્યવાહી કરતી બંધ થયેલ છે.

(૨) મંડળી સ્થગિત અવસ્થામાં છે. બીન અર્થક્ષમ છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમિટિની મીટીંગો મળતી નથી.

આદેશ

ક્રમાંક / ઉખસ / ફડચ / ખ-૩ / ૮૩૧ / ૦૨.—શ્રી સીંગોદ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સીંગોદ, તા. નવસારી, જિલ્લે નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક / સેદુ-૨૧૮૯૨, તા. ૩૧-૩-૮૭ થી થયેલ છે. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનયમની કલમ-૧૦૭ (૧)ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી આર. ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાશો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તા. ૨૭-૧૨-૨૦૦૨.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૦-૯-૨૦૦૨ની કારણદર્શક નોટીસ ક્રમાંક

શ્રી સિસોદ્રા (આરક) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સિસોદ્રા (આરક), તા. નવસારી, જિલ્લો નવસારીને નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ના ખંડ (ક)(ગ)(૨)(૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઇ જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી, પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૨ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત, વ્યાજબી તથા આધારભૂત નથી. જેથી માન્ય રાખી શકાય નહિં.

(૧) ઉદ્દેશો અનુસારની કાર્યવાહી કરતી બંધ થયેલ છે.

(૨) સ્થગિત અવસ્થામાં છે બીન-અર્થક્ષમ છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમીટીની મીટીંગો મળતી નથી.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/ખ-૩/૮૩૫/૦૨.—તા. ૨૭-૧૨-૦૦૦૨. શ્રી સીસોદ્રા (આરક) દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સીસોદ્રા (આરક), તા. નવસારી, જિલ્લે નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સેદુ-૧૨૦૯૯, તા. ૧૨-૧૦-૧૯૭૩ થી થયેલ છે. સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ના પેટા-ખંડ (ક)(ગ)(૨)(૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી આર. ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તા. ૨૭-૧૨-૨૦૦૨.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૦-૯-૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

શ્રી દંડેશ્વર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., દંડેશ્વર, તા. નવસારી, જિલ્લો નવસારીને નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી પરંતુ મંડળી તરફથી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૨ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે

INDEX

સુસંગત, વ્યાજબી તથા આધારભૂત નથી જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી સ્થગિત અવસ્થામાં છે. બીન અર્થક્ષમ છે.

(૨) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમિટિની મીટીંગો મળતી નથી.

(૩) ઉદ્દેશો અનુસાર કાર્યવાહી કરતી બંધ થયેલ છે.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/સેદુ. ૨૨૮૦૪/ખ-૩/૮૪૭/૦૨.—શ્રી દંડેશ્વર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. દંડેશ્વર તા. નવસારી, જિલ્લો નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સેદુ-૨૨૮૦૪, તા. ૩૧-૩-૮૭ થી થયેલ છે. અને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા-ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી આર. ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) લગત જિ. રજી. સ. મંડળી, નવસારી ની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદત આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૨૭-૧૨-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૦-૯-૨૦૦૨ ની કારણ દર્શક નોટીસ ક્રમાંક ફડચ/ સે. દુ./૨૩૫૪૩/ખે-૩/૬૯૩/૨૦૦૨.

શ્રી વેસ્મા દુધ ઉત્પાદક સ. મં લી., વેસ્મા તા. નવસારી, જિલ્લા નવસારીને નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ના ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આરોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૨થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી, જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૨) મંડળીની વ્ય. કમિટીની વા. સા. સભા મળતી નથી.

(૩) ઉદ્દેશો મુજબની કામગીરી કરતી નથી.

(૪) મંડળી ચલાવવા હોદ્દેદારો રસ ધરાવતા નથી.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/સે. દુ. ૨૩૫૪૩/ખ-૩/૮૫૫/૨૦૦૨.—શ્રી વેસ્મા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., વેસ્મા તાલુકા નવસારી, જિલ્લો નવસારી. કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંકસે.દુ.-૨૩૫૪૩, તા. ૧૯૮૭ થી થયેલ છે. અને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા-ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી આર. ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજી. સ. મં. નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોયતો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તા. ૨૭-૧૨-૨૦૦૨.

વંચાણે લીધા:—

(૧) અત્રેની કચેરીના તા. ૨૦-૯-૨૦૦૨ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ ૨૪૬૯૩/ખે-૩ /૬૯૧/૨૦૦૨.

(૨) તા. ૩૦-૯-૦૨ની રજુઆત,

શ્રી નારણપોર વિ.વિ. કા. સેવા સહકારી મંડળી લી. નારણપોર તા. ચીખલી જિલ્લે નવસારી ને નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ના ખંડ (ક) (ખ) (ગ) (૨) (૪) હેઠળ આરોપી લેવા ફડચામાં લઇ જવા આમુખ-૧થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલી હતી. પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૨થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત, વ્યાજબી તથા આધારભૂત નથી. જેથી માન્ય રાખી શકાય નહીં.

(૧) મંડળીનો વહીવટ સ્થગિત છે. મંડળીના સંચાલકોને મંડળી ચલાવવા રસ નથી.

(૨) મંડળી તેના ઉદ્દેશો અનુસાર કામ કરતી બંધ થયેલ છે.

(૩) મંડળીએ તેના પેટા નિયમ તથા કાયદા કાનુનનું પાલન કરેલ નથી.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/૨૪૬૯૩/ખ-૩/૮૬૩/૨૦૦૨.—શ્રી નારણપોર વિ. વિ. કા. સેવા સહકારી મંડળી લી. નારણપોર તા. ચીખલી જિલ્લો નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ૨૪૬૯૩, તા.૧૯-૧૦-૯૨થી થયેલ છે.

અને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા ખંડ- (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વલસાડની નિમણુંક કરું છું, આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત તરીકે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી તા. ૨૭-૧૨-૨૦૦૨.

એસ. એચ. ધોબી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૮-૧૧-૨૦૦૨ નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૪/૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની વ્યવસ્થાપક કમીટીનો તા. ૩૦-૯-૨૦૦૨નો ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૧૦/ખ/૨૪૨૭/૨૦૦૨.—શ્રી આદર્શ ગ્રુપ મજૂર અને કામદાર સહકારી મંડળી લી., મુ. ઝુલાસણ, તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૮-૧૧-૦૨ ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૪/૨૦૦૨થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, શ્રી સી. પી. પટેલ, મદદ સહકારી અધિકારી લમત કચેરી મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૨૭-૧૨-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૮-૧૧-૨૦૦૨નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૩/૨૦૦૨થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૧૧/ખ/૨૪૨૮/૨૦૦૨.—શ્રી સરદાર વલ્લભનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧થી તારીખ ૮-૧૧-૨૦૦૨ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૩/૨૦૦૨થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭-૧૨-૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૮-૧૧-૨૦૦૨નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૫/૨૦૦૨થી વચગાળાનો આદેશ.

(૨) ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લિ., મહેસાણાનો તા. ૧૪-૧૧-૦૨ નો ફડચા અધિકારી તરીકે ન મુકવા અંગેનો પત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૧૩૪૧૨ / ખ/૨૪૨૯/૨૦૦૨.-શ્રી વૈશાલીનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. વિજાપુર, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧થી તા. ૮-૧૧-૦૨ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૭૫/૨૦૦૨થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩ હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશઆપવામાં આવે છે. અને આ

INDEX

અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭–૧૨–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી ઓડીટર ગ્રેડ–૨, સ. મં. (પ્રમા–૧), મહેસાણાના પત્ર ક્રમાંક : અપણ/૦૧/૧૮૪/૨૦૦૨, તા. ૩–૯–૦૨થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૧૧/૦૨, તા. ૧૩–૯–૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૯૯/૦૨, તા. ૨૫–૧૦–૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ – ૧૯૬૧ અન્વયેની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ/૦૧/ખ / ૨૪૬૯ / ૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી લક્ષ્મીકુંજ કો.-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મહેસાણા, તા. જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ–૩૩૬૧, સને ૧૯૬૯ છે.

ઉપરોક્ત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા ૧–૪–૯૪ થી તા. ૩૧–૩–૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (પ્રમા–૧), મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૧૧/૨૦૦૨, તારીખ ૧૩–૯–૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૭ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી, જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૯૯/૦૨, તા. ૨૫–૧૦–૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા બાબતની તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, કોઇ રજુઆત કરેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા ૧૦ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૨) તપાસણી મુદતમાં મંડળીની એક પણ વ્ય. કમીટીની બેઠક મળેલ નથી. જે જોતાં, મંડળીની વ્ય. કમીટીને મંડળી ચાલુ રાખવામાં રસ જણાતો નથી.

(૩) તપાસણી સમયમાં મંડળીની એક પણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. જે જોતાં, સભાસદોને પણ મંડળી ચાલુ રાખવામાં કોઇ રસ જણાતો નથી.

(૪) તા. ૩૧–૩–૦૨ના સરવૈયા મુજબ મંડળીની એકત્રિત ખોટ રૂ. ૧૨,૦૦૩.૨૨ છે. તથા દેવા લેણાંની ચકાસણી કરતાં, મંડળી અર્થક્ષમ ગણી શકાય તેમ નથી.

(૫) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી રીપોર્ટ તૈયારી આજદિન સુધી સંબંધિત ઓડીટરશ્રીને મોકલેલ નથી.

(૬) સને ૧૯૯૬ / ૯૭ના વર્ષમાં આવેલ નદીના પુરમાં મંડળીનું તમામ રેકર્ડ પલળી જતાં, નાશ પામેલ છે. જેને સાચવવાની કે બચાવવાની મંડળીના કાર્યવાહકોએ તસ્દી લીધી નથી. જેના પરીણામે ડુપ્લીકેટ રોજમેળ તથા સામાન્ય ખાતાવહી ઉપરથી સદર ઓડીટ કરવાની ઓડીટરને ફરજ પડેલ છે, આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

(૭) તા. ૧–૪–૨૦૦૨થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

: વચગાળાનો આદેશ :

ધી લક્ષ્મીકુંજ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. મહેસાણા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ–૩૩૬૧, સને ૧૯૬૯ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરી, મહેસાણાની નીમણુંક કરવામાં આવે છે.

INDEX

નોંધ :— ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીનો કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૩–૧૨–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) શ્રી ઓડીટર, ગ્રેડ–૨ સહકારી મંડળી, (ન. જ. ૧) મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ / ૦૧ / ૨૫૯ / ૦૨, તા. ૫–૧૦–૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૨૯ ૨૦૦૨, તા. ૯–૧૦–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૦૩/ ૨૦૦૨, તા. ૨૫–૧૦–૨૦૦૨થી સ્મૃતિપત્ર–૧.

(૪) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૮૫/૦૨, તા. ૩–૧૨–૦૨થી સ્મૃતિપત્ર–૨.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ અન્વયેની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૨૪૯૦ / ૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી કામ્બરી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું મહેસાણા, તા. જીલ્લા મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૮૬૮૨, તા. ૯-૧૨-૧૯૮૦ છે.

ઉપરોક્ત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૭–૯૯થી તા. ૩૧–૩–૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર, ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (ન. જ. ૧) મહેસાણાને સુપ્રત થતા, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૨૯/૨૦૦૨, તારીખ ૯–૧૦–૨૦૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક/ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૮૫/૦૨, તા. ૨૫–૧૦–૦૨ તથા સરખા પત્ર નં. ૨૩૮૫, તારીખ ૩–૧૨–૦૨થી સંસ્થાને સ્મૃતિપત્રો પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, કોઇ રજુઆત કરેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ ગત ઓડીટ મેમાની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ છે. પરંતુ, ઓડીટ મેમામાં જણાવેલ ખામીઓની વાસ્તવિક પૂર્તતા વ અમલ કરેલ નથી. જેથી, ઓડિટનો આશય જળવાયેલ નથી. જેના કારણે મંડળીની પ્રગતિ અવરોધાયેલ છે. આમ, મંડળીના કાર્યવાહકો મંડળીના પેટાકાયદામાં વિહિત થયેલ જોગવાઇઓ મુજબની ફરજો વ જવાબદારીઓ અદા કરવામાં સતત નિષ્ફળ ગયેલ છે. જેથી, મંડળીમાં વ્ય. કમીટી અસ્તિત્વમાં હોય તેમ જણાતું નથી. મંડળીની વ્ય. કમીટીનો એકપણ બેઠક સને ૧૯૯૮/૯૯ના વર્ષથી મળેલ નથી. જેથી, મંડળીના પેટાકાયદાની કલમ-૪૮(૪) નો ભંગ થયેલ છે.

(૨) મંડળીએ છેલ્લા બે વર્ષથી વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી કે તે અંગે ખાતાની પરવાનગી પણ લીધેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ–૭ નો ભંગ થયેલ છે. તેમજ, મંડળીના મંજુર થયેલ પેટાકાયદાની કલમ–૩૬ નો ભંગ થયેલ છે. જેથી મંડળીનો વહીવટ લગભગ સ્થગિત છે.

(૩) તપાસણી સમયમાં એટલે કે, છેલ્લા ત્રણ વર્ષથી મંડળીની વ્ય. કમીટીની બેઠક મળેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ–૭૪ તથા મંડળીના મંજૂર થયેલ પેટાકાયદાની કલમ–૪૮ (૪)નો ભંગ થયેલ છે. આમ, મંડળીના હોદ્દેદારોએ મંડળીનો વહીવટ કાયદા–કાનુન તેમજ પેટાનિયમ મુજબ કરેલ નથી.

(૪) મંડળીમાં શેર રજી., વ્યક્તિગત શેર ખાતાવહી, જમીન ફાળા રજી., પ્લોટ રજી., શેર ટ્રાન્સફર રજી., તથા ડેડ-સ્ટોક રજી., જેવા અગત્યના રજીસ્ટરો નિભાવેલ નથી. જેના કારણે સભાસદોના શ્રેષ્ઠ હિતોને નુકશાન થાય તેમ છે.

(૫) ઓડિટ સમય દરમ્યાન બે સભાસદોના મકાન તબદીલ કરવામાં આવેલ છે. નિયત દરે ટ્રાન્સર ફી જે તે સભાસદ પાસેથી વસુલ લેવામાં આવેલ નથી. તથા આ સભાસદોએ દસ્તાવેજ કરાવી લીધેલ છે કે કેમ? તેની ખાત્રી કરવા ઇન્ડેક્ષની નકલ પણ મંડળીના કાર્યવાહકો દ્વારા મેળવીને મંડળીના દફતરે રાખેલ નથી.

INDEX

(૬) તા. ૩૧-૩-૦૨ના સરવૈયામાં મિલ્કત તથા લેણાં બાજુએ ઘણા લાંબા સમયથી રસ્તા રીપેરીંગ ખર્ચ ખાતે રૂા. ૧૪,૦૭૦/- બોલે છે. જેને નફા-નુકશાન ખાતે લઇ જવા ઓડિટરશ્રીઓ દ્વારા વારંવાર સુચના આપવા છતાં, તેનો અમલ કરવામાં આવેલ નથી. જેથી મંડળીની સાચી આર્થિક પરિસ્થિતિ રજુ થતી નથી.

(૭) મંડળીએ વીજળી કનેકશન ખાતે રૂા. ૫૩૧૫/-, વોટર વર્કસ કનેકશન ખાતે રૂા. ૮૯૯૧.૩૧, ગાયત્રી વિકાસ વિસ્તાર રૂા. ૫૦૦/-, વીજળી જોડાણ ડિપોઝીટ ખાતે રૂા. ૬૩૦/- ના કરેલ રોકાણો અંગેના કોઈ આધાર જોવા મળેલ નથી.

(૮) મંડળીએ પેટા નિયમની કલમ-૧૯, ૪૬ (૧)નો ભંગ કરેલ છે.

(૯) તારીખ ૩૧-૩-૦૧ ના સરવૈયા મુજબ મંડળીમાં રૂા. ૩૩૬૫.૭૦ ની ખોટ બોધે છે.

(૧૦) તારીખ ૧-૪-૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી કાદમ્બરી કો. ઓપ. હા. સો. લી., મુ. તા. મહેસાણા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૮૬૮૨, તા. ૯-૧૨-૮૦ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી અને ફડચા અધિકારી, લગત કચેરી, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆતકે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૩-૧૨-૨૦૦૨

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૧, સહકારી મં. મહેસાણાના પત્ર ક્રમાંક અપણુ/ખા.અ./૦૧/૨૧૭/૨૦૦૨, તા. ૧-૧૦-૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૨૮/૦૨, તા. ૯-૧૦-૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૦૬/૦૨, તા. ૨૫-૧૦-૨૦૦૨, થી સ્મૃતિપત્ર-૧.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૮૪-૨૦૦૨, તા. ૩-૧૨-૦૨ થી સ્મૃતિપત્ર-૨.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૨/૨૦૦૨.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી જવાહરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. કુકરવાડા, તા. વિજાપુર, જી. મહેસાણા. નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે) સદર મંડળીની નોંધણી નં. ધ. ૧૩૬૪, તા. ૧૩-૨-૫૪ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાનો સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૨૮/૦૨, તા. ૯-૧૦-૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ યોગ્ય રજુઆત ન થતાં, અત્રેની તા. ૨૫-૧૦-૦૨ તેમજ તારીખ ૩-૧૨-૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્રો પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી અને પુરતી તક પુરી પાડવામાં આવેલ છે. છતાં, સમય મર્યાદામાં કોઇ જ રજુઆત કરેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના પેટાનિયમ મુજબ સભાસદોને મકાન બાંધી, રહેઠાણ પુરૂ પાડવાનો ઉદ્દેશ છે. તે તમામ મકાન બાંધકામ પૂર્ણ કરી દીધેલ છે. આથી મંડળીમાં હવે પછી કોઇ કામગીરી કરવામાં આવતી નથી.

INDEX

(૨) મંડળી ઘણા વર્ષોથી સ્થગિત છે. તેનો છેલ્લા સાત વર્ષથી ઓડીટ વર્ગ "ડ" છે, જેથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે, મંડળી ચલાવવામાં હેતુધારોને બિલકુલ રસ નથી.

(૩) સરકારશ્રીના તા. ૩૧–૧૨–૫૯ થી રૂા. ૯,૦૦૦/– લોન મંજુર થયેલ હતી. તેના હપ્તા ભરતાં તા. ૩૧–૩–૯૯ ના અંતે રૂા. ૫૫૪/– ભરવાની બાકી છે. જે મંડળીના સરવૈયામાં અગાઉથી ચાલી આવતી વિસંગતતાને લીધે સિલક ખાતે લેણું બાકી રૂા. ૪૪૬/– બોલે છે. જે વિસંગતતા દુર કરેલ નથી.

(૪) મંડળીના મોટા ભાગના સભાસદો મૈયત થયેલ છે. તેમ છતાં, તેમના વારસદારોના નામે શેર, મિલ્કત ટ્રાન્સફર કરેલ નથી.

(૫) અન્વેષણ સમયમાં મંડળીની વ્ય. કમિટીની એકપણ બેઠક મળેલ નથી. તથા વ્ય. કમીટીની નવીન રચના પણ કરેલ નથી. આમ, મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

(૬) મંડળીની સને ૨૦૦૦/૨૦૦૧ ની વા. સા. સભા મળેલ નથી કે, તે અંગે અત્રેથી કોઇ પરવાનગી મેળવેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ – ૭૭ નો તેમજ પેટા નિયમ– ૩૮નો ભંગ કરેલ છે,

(૭) મંડળીએ સાત વર્ષથી ઓડિટ મેમાની દુરસ્તી કરેલ નથી કે તેની ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ જે તે ઓડિટરશ્રીને મોકલી આપેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ–૮૫નો ભંગ કરેલ છે.

(૮) તારીખ ૩૧–૩–૨૦૦૧ ના સરવૈયા મુજબ મંડળીમાં રૂા. ૩૩૬૫.૭૦ ની ખોટ બોલે છે.

(૯) તા. ૧–૪–૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજપર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી જવાહરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ કુકરવાડા, તા. વિજાપુર, જીલ્લો મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૧૩૬૪, તા. ૧૩-૨-૫૪થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૩–૧૨–૨૦૦૨.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારી શ્રી એન. પી. બારોટના પત્રાંક ફડચ/૦૧/૭૬૩/૨૦૦૨, તા. ૧૬–૧૨–૦૨ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ /ખ/ ૨૫૯૫ / ૨૦૦૨.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી આસુંડા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ઘ-૧૮૩૮૦ તા. ૩૦-૧૧-૯૮થી નોંધવામાં આવેલ હતી. જેનુ કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૨૮૨૯/ખ/૧૩૪૦૫/૦૨, તારીખ ૨૭–૯–૨૦૦૨ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૭૬૩/૨૦૦૧, તા. ૧૬-૧૦-૨૦૦૨ની પૂર્તતાથી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ–૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી આસુંડા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨૩–૧–૨૦૦૨.

નલીન. ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, મહેસાણા.

વાંચ્યો:—અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૪૫ / ૦૨. તા. ૨૬–૧૧–૦૨ 'થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

INDEX

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૭૭/ખ/૨૦૦૩.—ધી રાયગઢ ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. પો. રાયગઢ તા. નિઝર જી. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ભ/૩૮૧૭, / તા. ૧૩/૧૨/૯૩થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬/૧૧/૦૧ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો, સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા—૧, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧—૧—2003.

વાંચ્યો :

અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૪૩/૦૨, તા. ૨૬—૧૧—૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૭૮/ખ/૨૦૦૨.—ધી જય અંબે રેતી ગ્રાવળ કાઢનારી સ. મં. લી., મુ. પો. બોધાન, તા. માંડવી, જી. સુરત. વિ. સુરતની નોંધણી ક્રમાંક સા. ૨૫૬૬, તારીખ ૨૧—૧૨—૯૩ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬—૧૧—૦૨ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહીં થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧—૧—૨૦૦૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૪૧/૦૨, તા. ૨૬—૧૧—૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ / ઉખસ / ૧૭૭૯ / ૯ / ખ / ૨૦૦૨.— ધી સર્વોદય સહકારી વિકાસ મંડળી લી. મુ. પો. બાજીપુરા તા વાલોડ, જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક સા. ૨૯૨૪, તા. ૯—૫—૯૫ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬—૧૧—૦૨ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧—૧—૨૦૦૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૪૪/૦૨, તા. ૨૬—૧૧—૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૮૦/ખ/૧૦/૨૦૦૩.— ધી વાંસકુઇ પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી માટેની સ. મં. લી., મુ. પો. વાંસકુઈ તા, વ્યારા, જી. સુરત, વિ. સુરતની નોંધણી ક્રમાંક એ—૨૩૩૩, તા. ૧૩—૬—૮૩ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬—૧૧—૦૨ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે, અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨. સુરતની નિમણૂંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧—૧—૨૦૦૩.

વાંચ્યો :—

અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૧૩૪૨/૦૨, તા. ૨૬—૧૧—૦૨ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

INDEX

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૭૮૧/ખ/૧૧/૨૦૦૩.— ધી નંદનવન પાઠકવાડી વિ. સહકારી ખેતી પિયત સ. મં. લી. ઠે. મુકામ પાઠકવાડી, તાલુકો વ્યારા, જીલ્લો સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક બે–૨૬૭૫, તા. ૧–૨–૮૮ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૨૬–૧૧–૨૦૦૨ના વચગાળાના અ.દેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઇ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી, આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ કાયમ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા–૨, સુરતની નિમણુંક કરવામાં આવે છે.

સુરત, તા. ૧–૧–૨૦૦૩.

આર. આર. વધાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
સુરત.

જા. નં. નધણુ/સે/૧૧૧૬/૦૧/ખ-૧૧/સે-૩૩૨૯૯/૨૦૦૩.— આથી જાહેર કરે છે કે ખેડા તાલુકા કો-ઓ. ફ્રૂટ અને વેજીટેબલ ગ્રોઅર્સ સોસાયટી લી., મર્યાદિત સ્થળ ખેડા, તાલુકો ખેડા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

નડીઆદ, તા. ૭–૧–૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
નડીઆદ.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૩૧-૧૨-૦૧નો પત્રક્રમાંક અષણ/૦૧/ગ–૪/૭૪૭૦/૨૦૦૧થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા.૨૬–૪–૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૩૭૭/૨૦૦૨ની કારણદર્શક નોટીસ,

(૩) આ કચેરીનો તા. ૩—૬—૨૦૦૨ના જા. નં. ફડચ–ફ,૧૧૫૬૭/ધ.૨/૪૫૪/સને ૨૦૦૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ, ૧૧૫૬૭/ધ. ૨/૮ સને ૨૦૦૩.—ધી હિરાપન્ના કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ, અમદાવાદને સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે, જેનો નોંધણી નંબર ધ–૫૩૩૮, તા. ૨૫–૧૧–૧૯૭૩ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીના ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટાનિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીઆત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકી થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનું શ્રી એમ. કે. ત્રિવેદી, સાતમા વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી, આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ –૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆત તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ, પણ સોસાયટીને વીજળી અને પુરતી તક આપવા છતાં સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નહિ કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી, જે સંજોગો અને ઓડીટરની ખાસ અહેવાલની વિગતો લક્ષમાં લઇ પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ–૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી દિન-૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે દરમ્યાન સોસાયટીના સભાસદો દ્વારા અત્રે રૂબરૂ મુલાકાત લઇ મંડળીનું ઓડીટ કરાવી લેવા ખાત્રી આપી વધુ સમય આપવા વિનંતી કરતાં મજકુર મંડળી હાઉસીંગ પ્રકારની બંધાયેલી અને સભાસદો વસવાટ ધરાવતાં હોઇ સભાસદોના વિશાળ હિતને લક્ષમાં લઇ ઓડીટ કરાવવા માટે વધુ સમય આપવામાં આવેલ જે દરમ્યાન સોસાયટીએ સંદર્ભ–૪ થી રજુ કરેલ વિગતો મુજબ સોસાયટીનું તા. ૩૧–૩–૦૨ સુધીનું ઓડીટ

INDEX

શ્રી એમ. કે. ત્રિવેદી, સાતમા વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (આહક) અમદાવાદ દ્વારા પુર્ણ કરી અપાયેલ ઓડીટ રીપોર્ટની નકલ રજુ કરેલ છે તથા હવે પછીથી મંડળીનું નિયમિત ઓડીટ કરાવવાની ખાત્રી આપી સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત વિગતો જોતાં મજકુર સોસાયટી દ્વારા છેવટ સુધીના એટલે કે, તા. ૩૧-૩-૦૨ સુધીના હિસાબોનું ઓડીટ પુર્ણ કરાવેલ છે. ઓડીટ વર્ગ 'બ' છે. હાઉસીંગ પ્રકારની બંધાયેલ સોસાયટી છે. સભાસદો વસવાટ ધરાવે છે, ત્યારે સોસાયટીને ફડચામાં લઈ જઇને આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી જરૂરી બનતી ન હોઇ સભાસદોના વિશાળ હિતને લક્ષમાં લઇ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ રદ કરવો જરૂરી જણાતું હોઇ, મજકુર સોસાયટીનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીઓના પેટા-નિયમો અનુસાર તથા કાયદાકીય જોગવાઇ અને ખાતાકીય સ્થાયી સુચનાનુસાર પ્રતિવર્ષ નિયમિત ઓડીટ કરાવવાની સુચનાસહ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી હિરાપન્ના કો.-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. અમદાવાદ નોંધણી નંબર વ-૫૩૩૮, તારીખ ૨૫-૧૧-૧૯૭૩ને, ફડચામાં લઇ જવાનો આ કચેરીનો તારીખ ૩-૬-૦૨ના ક્રમાંક ફડચ/ ક. ૧૧૫૬૭/ધ-૨/૪૫૪, સને ૨૦૦૨થી ફડચામાં લઇ જવાનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરૂં છું.

અમદાવાદ, તા. ૭-૧-૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

સેન્ટ્રલ ક્રમાંક નધણ/૪૮૦૩/ક-૨/૮/વ-૨૦૨૩૦/૨૦૦૩.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કેશવબાગ કો-ઓ. હા. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮-૧-૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., (શહેર),
અમદાવાદ.

વંચાણે લીધો:-

(૧) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક/જીઉકે/ભ/ફડચ/૦૧

(૨) સહકારી અધિકારી (ગ્રેડ-૧) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભરૂચનો તા. ૩૧-૧૨-૦૨નો પત્ર.

જા. નં જીઉકે/ભ/ફડચ/૦૧/૧૩૦૨૦/૦૨.— ઉપર વંચાણે લીધેલ અત્રેની કચેરીના ક્રમાંક જીઉકે/ ભ / ફડચ / ૦૧ ૧૫૭૦૮ તા. ૧૮-૧૦-૮૮થી ધી ગોવર્ધન ખાંડસરી ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુ. પો, જગડીયા તા. જગડીયા જી ભરૂચને ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ હતો અને સદર સંસ્થાના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા)ની નિમણુંક કરી હતી.

સદર સહકારી અધિકારીશ્રી (ફડચા) ભરૂચ આ કચેરીને જણાવેલ છે કે સદર મંડળીની તમામ કામગીરી પુરી થયેલી છે. અને મંડળીનું સરવૈયું મામુર શુન્ય છે.

ઉપરોકત જણાવેલ વિગતે હું નીચે સહી કરનાર શ્રી આઈ. એસ. વાળંદ, મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ) અને જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભરૂચ સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી કાયદાની કલમ ૧૧૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી ગોવર્ધન ખાંડસરી ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુ. પો. જગડીયા તા. જગડીયા જી. ભરૂચની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું.

ભરૂચ, તા. ૩૧-૧૨-૨૦૦૨.

આઇ એસ. વાળંદ,
મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ)
અને જિલ્લા રજિ. સ. મં. (ઉદ્યોગ)
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ.

ક્રમાંક નધણ / ૦૧ / ક-૯૨૫/સેદુ-૩૩૫૨૮/૨૦૦૨.— આથી જાહેર કરે છે કે ધી શેરાપુર કંપા. દુધ ઉત્પાદક સ. મં. લી., શેરાપુર કંપા, મર્યાદિત સ્થળ શેરાપુર કંપા, તાલુકો મોડાસા જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિમતનગર, તા. ૩૧-૧૨-૨૦૦૨.

જે. જે. શાહ,
જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં.
હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, FEBRUARY 6, 2003 / MAGHA 17, 1924 [No. 6

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	109-118	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	89-104
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	6	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1989-2214

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉગપક/૧૧૩/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ સને (૧૯૫૧ ના ૨૨ માં) કલમ ૩૭ (૧) (છ) ના આધારે મળેલ સત્તાની રૂએ હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર સુરૂચિ અથવા નિતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩ દરમ્યાન કોઈપણ વ્યક્તિ અગર ઈસમોએ જાહેર માર્ગ કે મકાનનાં ભયજનક ધાબા ઉપર કે જેના કારણે તેની અસર બીજી કોઈ વ્યક્તિની જીંદગી ભયમાં મુકાય અથવા મિલ્કતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવો નહી, પતંગ લુંટવો નહીં, કે પતંગ ઉપર કોઈ પણ જાતના ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહી, કે રાખવા નહીં, લાઉડસ્પીકર અવાજ કરે કે ઘોંઘાટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહી, કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૧૩-૩૭ (૧) (છ) ભંગ કરી ૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી/સિક્કા કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૩/૨૦૦૩.-આગામી દિવસોમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર. ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર-૪/૨૦૦૩.- આગામી દિવસોમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને અનુલક્ષી અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી

INDEX

ઉર્મિલા ડી. પટેલ , અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને-૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કાઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ પર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવી સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની-૧૯૫૧ની કલમ-૩૩ (૧) મુજબ.

નંબર ડી/એમએજી/૧/તા.પં./ જી.પં./ના.પા./ચૂંટણી/જાહેરનામું/વશી. ૨૬૫૫ થી ૨૭૫૫.-આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના માસમાં સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં તાલુકા/જીલ્લા પંચાયત તથા નગરપાલિકા થરાદ અને ધાનેરાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી વિશાળ કટ આઉટ, જાહેરાત, આઈટમો, બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનો આડંબર યુક્ત પ્રદર્શન ના કરે તે હેતુથી ભારતના ચૂંટણી પંચે નક્કી કરેલ આચાર સંહિતા મુજબ નિયમન કરવું જરૂરી હોઈ, હું એસ. એસ. વાઘેલા અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા-પાલનપુર તે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ, ૩૩(૧)(ડીએ)(ડીબી) થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં આગામી તા. જી. પંચાયત/ન.પા.ની સામાન્ય ચૂંટણી સંદર્ભ ચૂંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ કટ આઉટ મુકવા નીચે મુજબ નિયમો કરવા હુકમ કરૂં છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર/સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા કટ આઉટ, હોર્ડીંગ્સ બેનર્સ તોરણો, ધ્વજ પતાકા વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ તેમજ જાહેર રસ્તા ઉપર મુકી શકાશે નહી. એટલે કે, સરકાર, નગરપાલીકા, કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી.

(૨) જો કટ આઉટ, હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલિકીની જગ્યાએ મુકવામાં આવે તો નીચે દર્શાવેલ શરતોનું પાલન થવું જોઈશે અને તો જ ખાનગી માલિકીની જગ્યાએ આવા કટ આઉટ/ જાહેરાત/પાટીયા/બેનર્સ મુકી શકાશે.

  (૧) હોર્ડીંગ્સની સાઈજ ૧૫ ફુટ થી વધારે હોવી જોઈએ નહી.

  (૨) કટ આઉટની ઉંચાઈ ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

  (૩) કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુક્તા પહેલાં તે અંગેની જાણ સબંધીત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે. તથા તેમની મંજુરી મેળવી લેવાની રહેશે.

  (૪) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા બાદ જો તે રાજકીયપક્ષ/ઉમેદવાર અથવા કોઈ વ્યક્તિએ ખાનગી જગ્યામાં કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે મુક્યા હશે તે જગ્યાના માલીકની લેખીત મંજુરી લીધેલી હોવી જોઈએ. આ મંજુરી જીલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી જ્યારે માંગે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

  (૫) આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ, કટ આઉટ, વિગેરે મુકેલ હોય તદ્અનુસાર ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવવાનો રહેશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩થી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ આઉટ, જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહી ઠરશે.

આજ રોજ તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

INDEX

જાહેરનામુ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨ મા)ની કલમ-૩૩ (૧) મુજબ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલ.

નંબર ડી/એમએજી/૧/બીપીએ/૧/૨૦૦૩/વશી/૨૭૫૬ થી ૨૮૫૬.-આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના માસમાં સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત તથા નગરપાલિકા થરાદ અને ધાનેરાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર હોવાથી આ ચૂંટણી દરમ્યાન માન્ય રાજકીયપક્ષો તથા અન્ય ઉમેદવારો દ્વારા પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવનાર છે. લાઉડ સ્પીકરનો ઉપયોગ ચૂંટણી પંચે નક્કી કરેલ નિતિ નિયમો મુજબ થાય તે જરૂરી છે. જેથી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે નિયમન કરવું મને જરૂરી જણાયેલ હોઈ એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (૨૨મા)ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહીત) સવારના ૮-૦૦ કલાક થી સાંજના ૭-૦૦ કલાકના સમય દરમ્યાન ચૂંટણીના પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવીને કરી શકાશે. તે સિવાયના સમય દરમ્યાન લાઉડ સ્પીકર કોઈપણ સ્થળે તથા કોઈપણ રીતે વગાડવા કે ઉપયોગ કરવા પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂ છું.

આજ રોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી)મુજબ.

નંબર ડી./એમ.એ.જી./૧/તા.પં./જી.પ./ન.પા. ચુંટણી/જાહેરનામું/વશી-૨૮૫૭ થી ૨૯૫૭.–આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના માસમાં સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં તાલુકા/જીલ્લા પંચાયત તથા નગરપાલિકા થરાદ અને ધાનેરાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે ચૂંટણીઓના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણી પંચ નવી દિલ્હીના હુકમ નંબર ૪૩૭/૬/૯૬/પીએલએમ-૩-૨૪૦૩ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬થી કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ બનેલા રક્ષા કાફલા (CONVEY) રૂપે અવર-જવર નહી કરવા અંગે સુચનાઓ આપેલ છે.

બનાસકાંઠા જીલ્લામાં ઉપરોક્ત ચૂંટણીઓ દરમ્યાન ચુંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો, ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર કે મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો ટ્રાફીકને અડચણ ઉભી થાય તેમ છે. વધુમાં ચુંટણી પ્રક્રીયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વાહનો / ગાડીઓમાં સવાર થઈને જનારાને કારણે નાના વાહનો ઉપર જતા તથા ચાલતા જનાર ઈસમોને અગવડ ઉભી થવા સંભવ છે, જેથી આ અંગે નિયંત્રણ મુકવું જરૂરી છે. વાસ્તે, હું, એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા, મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ (૧) (બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) બનાસકાંઠા જીલ્લાના તમામ વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર ચૂંટણી લક્ષી સરઘસના કાર/વાહનોને ત્રણથી વધુ બનેલા કાફલા રૂપે અવર જવર કરવા દેવામાં આવશે નહી.

(૨) કેન્દ્ર કે રાજય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાતા હોય તો પણ તમામ મોટા કાફલાને વિભાજીત કરવાના રહેશે.

આ હુકમ નીચેના વાહન ધારકોને લાગુ પડશે નહી.

(૧) મેજીસ્ટ્રેટશ્રીઓ/પોલીસના વાહનોને.

(૨) ચુંટણી કામે જતા સ્ટાફના વાહનોને.

(૩) સક્ષમ અધિકારી દ્વારા ચુંટણી કામે સંપાદન કરવામાં આવેલા વાહનોને.

(૪) આ હુકમ, કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સુચનાઓને આધિન રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહું અધિનિયમની કલમ ૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

જાહેરનામું

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક) અન્વયે.

નંબર ડી./એમ.એ.જી./૨/વશી-૨૯૫૮ થી ૩૦૫૮.–આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના માસમાં સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં તાલુકા/જીલ્લા પંચાયત તથા નગરપાલિકા થરાદ અને ધાનેરાની સામાન્ય ચૂંટણીઓ યોજવાનું ચુંટણી પંચે નકકી કરેલ છે. જેથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૨૭-ક ની જોગવાઈઓ મુજબ નિયંત્રણો અમલમાં મુકવાનું જરૂરી જણાતુ હોઈ હું, એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામાં ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહી. અથવા છપાવી પ્રસિદ્ધ કરાવી શકશે નહી.

INDEX

(૨) કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે, છપાવવાની વ્યવસ્થા કરી શકાશે નહી સિવાય કે,

(ક) તેના સહીવાળા અને તેને અંગત ઓળખતા હોય એવા બે વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશનની ઓળખ અંગેનો એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય, અને

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે યોગ્ય સમયની અંદર લખાણની એક નકલ સાથે એકરાર પત્રની એક નકલ નીચેનાને મોકલી હોય,

(૧) રાજયના પાટનગરમાં છાપવામાં આવ્યું હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારીને, અને

(૨) બીજે પ્રસંગે તે જે જીલ્લામાં છાપવામાં આવ્યું હોય તે જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને.

(૩) આ કલમ પુરતુ :

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને "મુદ્રક" એ શબ્દનો તે પ્રક્રિયા પ્રમાણે અર્થ થશે અને

(ખ) ચૂંટણીને લગતુ ચોપાનીયુ અથવા ભીંતપત્ર એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથના ચૂંટણીની તકો વધારવા કે પ્રતિકૂળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલા કોઈ છાપેલું ચોપાનીયું હેન્ડબીલ અથવા સુત્ર પાટીયુ અથવા ચૂંટણીને લગતુ ભીંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ માત્ર ચૂંટણી સભાના તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચૂંટણી એજન્ટ કે કાર્યકરોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ સુત્ર પાટીયા અથવા ભીતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

(૪) પેટા કલમ (૧) અથવા પેટા કલમ (૨)ની કોઈપણ જોગવાઈઓનો ભંગ કરનાર વ્યક્તિ છ માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી માહે જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં.૧/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી પ્રજાસત્તાકદિન તહેવાર પૂર્વેની પરિસ્થિતિ ને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે.સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ - ૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં.૨/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી પ્રજાસત્તાકદિન તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઇ પણ સમય માટે નીચે જણાવેલ તા. ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તા. ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની.,

(ગ) કોઇપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

INDEX

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/રજી.નં.૪/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૨૨) ની કલમ-૩૩(૧) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી સ્થાનિક સ્વરાજયની સામાન્ય/પેટા-ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતા અને રાજય ચૂંટણી પંચની તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૩ની સૂચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકત અને ન્યાયી સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે, જાહેરહિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીનરાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી સ્થાનિક સ્વરાજયની સામાન્ય/પેટા-ચૂંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી રજી ફેબ્રુઆરી, ૨૦૦૩ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવાં બંને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનોના બનેલા કાફલા રૂપે જવા દેવાશે નહી કેન્દ્ર કે રાજય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યકિતને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા રક્ષા કાફલાને વિભાજીત કરવાના રહેશે. આમ છતાં આ બાબત આવા કોઈ વ્યકિત સંબંધમાં આપવામાં આવેલી કોઈ સુરક્ષા સૂચનાને આધીન રહેશે.

૨. ચૂંટણી પ્રચાર માટે ફરતાં વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગીપત્ર કે જે પરવાનગી નંબર તારીખ સહિતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૮ (૨) (ખ) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૫/૨૦૦૩.- મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના મુંબઈ અધિનિયમ, ૨૨) ની કલમ-૩૮(૨)(ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, આગામી સ્થાનિક સ્વરાજયની સામાન્ય/પેટા-ચૂંટણીઓ-૨૦૦૩ ની પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીની આચાર સંહિતાને ધ્યાનમાં રાખતાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર જાહેર હેતુસર ચૂંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે રાજયના ચૂંટણી પંચના હુકમ નં. એસ.ઈ.સી./ઈ.એલ.સી./ઓશી/૨૯૯૯ તારીખ ૧૨મી એપ્રિલ, ૧૯૯૯ ની સૂચના મુજબ ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે સ્થાયી કે વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ કલાક સુધી જ કરવો. વલસાડ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલાં અને સાંજના ૧૦-૦૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરોના ચૂંટણી પ્રચારના કોઈપણ ઉપયોગ કરવા તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી પ્રતિબંધ ફરમાવું છુ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, રાજય ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(બ) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીશ્રીઓ અથવા તેઓને મદદ કરતા એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ મુંબઈ અધિનિયમ, ૨૨ મો) ની કલમ-૧૩૬ મુજબ ત્રણ મહિના સુધીની કેદની સજા અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૩) (ઘ)(ખ).

નંબર ડીસીબી/એમએજી/રજી. નં. ૬/૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨ની) કલમ-૩૩ (૩) (ઘ) (ખ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું શ્રી જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/પેટા ચૂંટણી તથા ચૂંટણીની આચાર સંહિતા અને રાજ્ય ચૂંટણી પંચની તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ની સુચનાઓને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે, જાહેર સ્થળોની સુરક્ષા અને સલામતી માટે, મુકત અને ન્યાયી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે જાહેર હિતમાં વલસાડ જિલ્લામાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/પેટા ચૂંટણીના ભાવિ ઉમેદવારોને તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૩ કે જે ૧૫ દિવસ કરતાં વધુ નથી એવા બંને દિવસો સુધ્ધાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(એ) ચૂંટણી પ્રચાર અર્થે કટ આઉટ/કમાન/ગેઈટ કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર કોઈપણ જગ્યાએ મુકી શકશે નહી કે લગાવી શકશે નહી.

(બી) ખાનગી જગ્યામાં માલિકની સંમતિ હોય, તો પણ હોર્ડીંગ્સ લગાવી શકાશે નહી.

(સી) ચૂંટણી જાહેરાત થયા પછી હોર્ડીંગ્સ મુકવાની પરવાનગી સ્થાનિક સત્તાધિકારીએ અગાઉ આપી હશે તો પણ તે લંબાવી શકાશે નહી.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩ (૩) (ઘ) (ખ) જોગવાઈનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારની સામે આજ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજા અગર દંડ અથવા બંને પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સીક્કો કરી આપવામાં આવ્યો છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/સીઆરપીસી/૧૪૪/રજી. નં. ૭/૦૩.-સ્થાનીક સ્વરાજ્યની સામાન્ય/પેટા ચૂંટણીઓ તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ યોજાનાર છે. તે સમયે જિલ્લાના પ્રજાજનો પોતાની માંગણી કે રજુઆત પરત્વે વ્યકિતગત કે સમુહમાં ધરણાના કાર્યક્રમો, ઘેરાવોના કાર્યક્રમો અથવા ઉપવાસ ઉપર જવાના કાર્યક્રમો યોજતાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સલામતી ખોરવવાની શકયતા રહે છે. આથી જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા આવા કૃત્યો અટકાવવા ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી અને ઈષ્ટ જણાય છે. તેવો મારો અભિપ્રાય છે.

તેથી હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે વલસાડ જિલ્લામાં તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી કોઈ વ્યકિતગત અથવા સમુહમાં જાહેરમાં ધરણા ધરવા ઘેરાવો કરવા તેમજ ઉપવાસના કાર્યક્રમ રાખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/રજી. ૩/૨૦૦૨.- સીકયુરીટી કમિશનરશ્રી, રેલ્વે સુરક્ષાબલ પ્રશિક્ષણ સંસ્થાન, પ. રેલ્વે, વલસાડના પત્ર નં. ઈજી/ટીઆરજી/૯-બી તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૦૨ થી જણાવ્યાનુસાર ભીલાડ રેન્જના હેડ કોન્સ્ટેબલોના પ્રમોશન માટેની ફાયરીંગ પ્રેકટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યકિતને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, **સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ ૩૭ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૫મી જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૩-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોકત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું.**

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ પ્રજાસત્તાક દિનનાં રાષ્ટ્રીય તહેવાર તથા આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩નાં રોજ બીલીમોરા તથા વિજલપોર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૦૩નાં અનુસંધાનમાં કાયદો અને વ્યવસ્થા તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૩થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો શુધ્ધાં)ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઇપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની મનાઇ,

(ઘ) [illegible] 'વા પેટાવેલી મશાલ લઇ જવાની,

(ચ) [illegible] કતિઓ અથવા પૂતળા [illegible]

(છ) [illegible] વગાડવાની,

અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઇપણ હથિયાર લઇ જવાનુ હોય અથવા એવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોઇ તેવી વ્યકિતઓ,

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/ વશી-૧૩૭/૨૦૦૩.- નર્મદા જીલ્લાના પોલિસ અધિકારી / કર્મચારીઓનો વાર્ષિક ફાયરીંગ પ્રેકટીશ નર્મદા જિલ્લાના ફાયરીંગ બટ રાજપીપલા ખાતે તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી રાખવા નક્કી કરેલ છે. આ સમય દરમ્યાન ટેકરા ફળિયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલિસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં જૂનો ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઇપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઇ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે, મુંબઇ પોલિસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૭(૪)થી મને મળેલ સત્તાની રૂએ હું. એસ. એમ. સંગાડા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા, રાજપીપલા, ટેકરા ફળિયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલિસ અધિક્ષકશ્રી નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં આવેલ જૂનો ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીના (બન્ને દિવસો સહિત) સમય માટે કોઇપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ માટે મનાઇ ફરમાવું છું.

જે વિસ્તારમાં ફાયરીંગ કરવામાં આવનાર છે તે વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડની હદ નક્કી કરી જાહેર જનતાની જાણ માટે સહેલાઇથી દેખાઇ આવે તે રીતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશના મનાઇ માટેના બોર્ડ પોલિસ અધિક્ષકશ્રી, નર્મદાએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એસ. એમ. સંગાડા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા - રાજપીપલા.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)મુજબનો

નંબર ઉ/મકપ/મજસ/વશી/૨૬૨.-પંચમહાલ જિલ્લાના પાવાગઢ માંચી ખાતે આવેલ ઉષા બ્રેકો લી. સંચાલીત રોપ વે દુર્ઘટના તા.૧૯મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ થયેલ છે. આ રોપ વે માં વધુ નુકશાન ન થાય અને જાનમાલની હાની ન થાય તે માટે ઉષા બ્રેકો લી. તરફથી સુરક્ષા સંબંધિ કામો હાથ ધરવાના હોઇ, પાવાગઢ ખાતેના રોપ વેના માર્ગમાંથી પસાર થતાં લોકોની અવર-જવર જાહેર સલામતીના હેતુસર અટકાવવી જરૂરી જણાય છે. જેથી સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો પ્રતિબંધિત હુકમ બહાર પાડવો જરૂરી જણાયું છે.

સબબ હું બી. એન. ડામોર (G. A. S.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતેના રોપ વેનાં માર્ગમાં તા. ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તા. ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહ) લોકોએ અવર-જવર કરવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૨, ૯, ૧૬, ૨૩, ૩૦ અને ૬ માહે જાન્યુઆરી, ફેબ્રુઆરી સને ૨૦૦૩ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિદ્ધ થયેલા છે :-

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૩૧૮/૧૮-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨	૩૧૯/૧૯-૧૨-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૩	૩૨૦/૧૯-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બ. કાં. પાલનપુર.
૪	૩૨૧/૧૯-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૫	૩૨૨/૨૩-૧૨-૨૦૦૨	કલેકટર, વડોદરા.
૬	૩૨૩/૨૪-૧૨-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૭	૩૨૪/૨૬-૧૨-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૮	૩૨૫/૨૬-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીયાદ.
૯	૩૨૬/૨૬-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧૦	૩૨૭/૨૭-૧૨-૨૦૦૨	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૧	૩૨૮/૨૮-૧૨-૨૦૦૨	સંયુક્ત પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૨	૩૨૯/૩૦-૧૨-૨૦૦૨	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૩	૩૩૦/૩૦-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા.
૧૪	૩૩૧/૩૦-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૧૫	૩૩૨/૩૧-૧૨-૨૦૦૨	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીયાદ.
૧૬	૧/૬-૧-૨૦૦૩	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૭	૨/૭-૧-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૧૮	૩/૧૦-૧-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ.
૧૯	૪/૧૩-૧-૨૦૦૩	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૦	૫/૧૬-૧-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ.
૨૧	૬/૧૭-૧-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૨	૭/૧૭-૧-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૩	૮/૧૮-૧-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૪	૯/૧૮-૧-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા.
૨૫	૧૦/૨૧-૧-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૨૬	૧૧/૨૪-૧-૨૦૦૩	પોલીસ કમિશનર, વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, FEBRUARY 13, 2003 / MAGHA 24, 1924 [No. 7

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	119-145	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	105-123
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	7	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2215-2508

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/૧૧૩/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ સને (૧૯૫૧ ના ૨૨ માં) કલમ ૩૭ (૧) (છ) ના આધારે મળેલ સત્તાની રૂએ હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર સુરૂચિ અથવા નિતિનો ભંગ ન થાય તે સારૂ ફરમાવું છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩ દરમ્યાન કોઈપણ વ્યક્તિ અગર ઈસમોએ જાહેર માર્ગ કે મકાનનાં ભયજનક ધાબા ઉપર કે જેનાં કારણે તેની અસર બીજી કોઈ વ્યક્તિની જીંદગી ભયમાં મુકાય અથવા મિલ્કતને નુકશાન થવાનો સંભવ હોય તે રીતે પતંગ ઉડાડવો નહી, પતંગ લુંટવો નહીં, કે પતંગ ઉપર કોઈ પણ જાતના ઉશ્કેરણીજનક (પ્રતિક) લખાણ કે સુત્રો લખવા નહી, કે રાખવા નહીં, લાઉડસ્પીકર અવાજ કરે કે ઘોંઘાટથી ત્રાસ થાય તે રીતે વગાડવા નહીં, કે આવા અવાજો ઉપર ચેનચાળા કરવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૧૩-૩૭ (૧) (છ) ભંગ કરી ૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી/સિક્કા કરી આપ્યા.

જાહેરનામું

નંબર ઉ/ ગપક/વિ. શા./૭૪૪/૨૦૦૩.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં નગરપાલિકાઓ તથા તાલુકા પંચાયત/ગ્રામ પંચાયતો વિગેરેની ચૂંટણીઓ ફેબ્રુઆરી ૨૦૦૩માં યોજાનાર છે. ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ નંબર ઈએલસી/સીઓસી/પ્રિવેન્સન ઓફ ડીફેશમેન્ટ ઓફ પ્રોપર્ટીથી અપાયેલ સુચના અનુસાર ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો, કાર્યકરો, ઉમેદવારો ખાનગી કે જાહેર લોકોની દીવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે છે કે ચિતરીને લખે છે કે તેમના પ્રતિકનું ચિન્હ ચિતરીને દીવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલિકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલીકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલ્કતો કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા હાઈવે રસ્તા ઉપરના માઈલ્સ સ્ટોન અને બોર્ડ રેલ્વે લેવલ ક્રોસિંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપના બોર્ડ અને લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન અને ઈલેકટ્રિકના થાંભલાઓ, મહાનગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓનાં મકાનો રાજય કે કેન્દ્ર સરકારનાં કચેરીઓનાં મકાનો, દિવાલો જાહેર માર્ગો તથા ખાનગી માલીકીનાં મકાનો, દિવાલો, ખાનગી બોર્ડ ઉપર સંબધીત મિલ્કતના માલીકીની લેખિત પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીય પક્ષ અન્ય કોઈ સંસ્થા ચૂંટણીના ઉમેદવારો કે તેમનાં કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યક્તિ ચૂંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો ચોંટાડે કે ચિતરીને લખે, ચિન્હો ચિતરે, બેનરો પડદા લગાડે કે ચૂંટણીનો પ્રચાર કરતા લખાણો કે સુત્રો લખે તે ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

જેથી હું, કે. આર. કૌશિક પોલીસ કમિશનર અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

૧. રાજય ચુંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહીતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈ વ્યક્તિઓ એ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલ્કત ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટર ચોંટાડી કે ચિતરી ને બેનરો/પડદા લગાડી કે અન્ય ચૂંટણી પ્રચારના લખાણો લખી મિલ્કતને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૨. મિલ્કતના માલીકીની લેખિતમાં પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય મિલ્કતને બગાડીને નુકસાન પહોંચાડશે તેમની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. તેમજ બગડેલી કે નુકસાન પામેલી મિલ્કતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

૩. આ હુકમની તારીખ થી ચૂંટણીઓની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારને લાગુ પડશે.

આજરોજ તારીખ ૨૯મી માહે જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ ૧ હેઠળનું

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામું ૫/૨૦૦૩.-સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું વિનીતકુમાર ગુપ્તા, આઇ.પી.એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૩ ક. ૦૦.૦૦ થી તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩ કલાક ૨૪.૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજ વસ્તુઓ લઇ જવાની,

(ખ) કોઇપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઇ જવાની,

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠાં કરવાની,

(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની,

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય

પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાનો.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં..

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય તે વ્યક્તિઓને,

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીએ જેને અશક્તિનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને,

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT & SESSIONS JUDGE,

NOTIFICATION

Read : Hon'ble High Court letter No. C. 2103/91, dated 07-01-1991.

No. B-8/1/702/2003.–In exercise of powers vested under Paragraph 628 of Chapter XXXI of the Civil Manual, Volume-I of 1960, the District Judge, Banaskantha, Palanpur, is hereby pleased to sanction the closing of all the Civil Courts in the Judicial District of Banaskantha, for the Annual Summer Vacation for Six weeks commencing from Monday, 5th May, 2003 to Sunday 15th June, 2003 (Both days inclusive).

The offices of the Nazir and Record keeper in the District Court, Palanpur and the offices of the Nazir of all the subordinate Civil Courts in the District will remain open in vacation on all working days.

Palanpur, 31st January, 2003.

C. A. SEJPAL,
District & Sessions Judge,
Palanpur.

જિલ્લા અને સત્ર ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

વંચાણે લીધો : હાઈકોર્ટ પત્ર નં. સી – ૨૧૦૩/૯૧, તા. ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

નં. બી. ૮/૧/૭૦૨/૨૦૦૩.– સિવિલ મેન્યુઅલ, વોલ્યુમ– ૧, સને ૧૯૬૦ ના પ્રકરણ – ૩૧, ફકરા–૬૨૮ માં જણાવેલ અધિકારની રૂએ જિલ્લા ન્યાયાધીશ, બનાસકાંઠા, પાલનપુર, બનાસકાંઠા જિલ્લામાં આવેલ તમામ દિવાની કોર્ટોમાં વાર્ષિક ઉનાળુ વેકેશન, તારીખ ૫મી મે, ૨૦૦૩ સોમવારથી૧૫મી જુન, ૨૦૦૩ રવિવાર (બંને દિવસો સહિત) સુધી છ અઠવાડીયા માટે બંધ રાખવાનું મંજુર કરે છે.

જિલ્લા અદાલત, બનાસકાંઠાની નાઝીર અને રેકર્ડકીપરની કચેરી તથા તાલુકાઓની દિવાની અદાલતોના નાઝીરશ્રીઓની કચેરીઓ વેકેશનના ચાલુ કામકાજના દિવસો દરમ્યાન ખુલ્લી રહેશે.

પાલનપુર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩.

સી. એ. સેજપાલ,
જિલ્લા અને સત્ર ન્યાયાધીશ,
પાલનપુર.

BY DISTRICT JUDGE,

NOTIFICATION

Read : High Court letter No. C. 2103/91, dated 7th January, 1991.

No. B-8/ADM/05 of 2003.–In exercise of the powers vested under Paragraph 628 Chapter XXXI of the Civil Manual, Volume-I of 1960, and in view of instructions contained in the High Court latter dated 7th January, 1991, cited in the preamble, the District Judge, Mahesana sanctions the closing of all the Civil Courts in the Judicial District of Mahesana, for the **Annual Summer Vacation for Six weeks from Monday, 5th May, 2003 to Sunday 15th June, 2003 (Both days inclusive).**

The offices of the Nazir and Record keeper, District Court, Mahesana and of the Nazir of all the subordinate Civil Courts in the District will remain open during the vacation on working days.

Mahesana, 27th January, 2003.

C. D. PATEL,
District Judge,
Mahesana.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

વંચાણે લીધો : નામદાર ગુજરાત હાઈકોર્ટ પત્ર નં. સી. ૨૧૦૩/૯૧, તા. ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

નં. બી. ૮/વહીવટ/૦૫/૨૦૦૩.– સિવિલ મેન્યુઅલ, ભાગ– ૧, સને ૧૯૬૦ ના પ્રકરણ – ૩૧ના ફકરા નં. ૬૨૮, પાન ૨૬૫ મુજબ અને ઉપર જણાવેલ તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ના નામદાર

INDEX

ગુજરાત હાઈકોર્ટના પત્રની સુચનાઓ અનુસાર મહેસાણાના ડીસ્ટ્રીક્ટ જજે, સોમવાર તારીખ ૫મી માહે મે, સને ૨૦૦૩ થી રવિવાર તારીખ ૧૫મી માહે જુન, સને ૨૦૦૩ (બંને દિવસો સહિત) છ અઠવાડીયાના ઉનાળુ વેકેશન અન્વયે મહેસાણા જિલ્લાની તમામ દિવાની અદાલતો બંધ રાખવાની મંજુરી આપેલ છે.

જિલ્લા અદાલત, મહેસાણાની નાઝર અને દફતરદારની ઓફીસો તેમજ જિલ્લાની અદાલતોના નાઝરની ઓફીસો આ રજાઓમાં કામકાજના દિવસોએ ખુલ્લી રહેશે.

મહેસાણા, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩.

સી. ડી. પટેલ,
જિલ્લા ન્યાયાધીશ,
મહેસાણા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ની) કલમ ૩૭ (૧) (છ) મુજબની.

નંબર ડીસીબી/એમએજી/રજી. ૧/૨૦૦૩.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ ૩૭ (૧)(છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, વી. પી. પટેલ, જી. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી, આગામી ગ્રામ પંચાયત/પેટા ચૂંટણી તથા ચીખલી તાલુકા પંચાયતની રાનકુવા મતવિસ્તારની અને નવસારી ગ્રામ્યની ચોવીસી મત વિસ્તારની તેમજ વિજલપોર/બીલીમોરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયાઓ દરમ્યાન ચૂંટણી આચાર સંહિતાને ધ્યાનમાં રાખતા અને પ્રતિસ્પર્ધિ ઉમેદવારોના ચૂંટણી પ્રચારની પ્રક્રિયાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હીત અને આચાર સંહિતાની નિતિને ધ્યાનમાં રાખી નવસારી જિલ્લાનાં ઉકત વિસ્તાર માટે નીચે મુજબના કૃત્યો કરવા પર તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકીય પક્ષ/સંગઠન/સંસ્થા અથવા ઉમેદવાર કે તેના કાર્યકરો, સમર્થકો, સરકારી મિલ્કતો, જાહેર મિલકતો જેવી કે જાહેર માર્ગ પર અથવા માર્ગના ક્રોસીંગ પર માર્ગ દિશા બતાવતા સાઈનબોર્ડ, માઈલસ્ટોને, રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ, ટ્રેઈનો, એસ. ટી. બસો ઉપર કે ડેપો ઉપર તથા શૈક્ષણિક સંસ્થાના મકાનો તથા જાહેર મિલ્કતો વિગેરે ઉપર ચોંટાડીને કે સુત્રો લખીને કે પ્રતિક ચીતરીને તે દ્વારા જાહેર મકાનો/મિલ્કતો દિવાલો ઉપર કોઈ પણ પ્રકારની ચૂંટણી જાહેરાત થઈ શકશે નહિં.

આ હુકમ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીની મુદત સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના પોલીસ અધિનિયમ) ની કલમ ૧૩૫-(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વરસ સુધીની કેદની સજા થશે. અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવે છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૩ (૧) (થ) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/ગ્રા. પં./ન. પા./ચુંટણી/લાઉસ્પી/રજી.૧/૨૦૦૩.— રાજય ચૂંટણી પંચ, ગુજરાત દ્વારા નવસારી જિલ્લાની ચીખલી તાલુકા પંચાયતની અને ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૦૩નો તથા જિલ્લાની વિજલપોર/બીલીમોરા નગર પાલિકાની સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ નવસારી જિલ્લાના ચીખલી તાલુકા પંચાયતની મતદાનની તારીખ ૧૬મી ફેબુઆરી, ૨૦૦૩ના રોજ અને મતગણતરીની તારીખ ૧૯મી ફેબુઆરી, ૨૦૦૩ના રોજ નક્કી કરવામાં આવેલી છે. તેમજ ગ્રામ પંચાયતની મતદાનની તારીખ ૯મી ફેબુઆરી, ૨૦૦૩ તથા મત ગણતરીની તારીખ ૧૧મી ફેબુઆરી, ૨૦૦૩ અને નગરપાલિકાની મતદાનની તારીખ ૧૬મી ફેબુઆરી, ૨૦૦૩ના રોજ અને મત ગણતરીની તારીખ ૧૯મી ફેબુઆરી, ૨૦૦૩ના રોજ નક્કી કરવામાં આવેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ તથા સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર જ નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાંવાળા વાહનો, સ્કુટરો, સાયકલ, રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને ખૂબજ ઉંચા અવાજ રાખી તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં તેમજ જુદા જુદા ગામોએ, વસવાટોને મહોલ્લાએ, વસાહતોમાં પણ જાય છે, કારણે જાહેર જનતાને ત્રાસ, જોખમ ભય કે નુકશાન થવાની શકયતા નકારી શકાય નહીં. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જનતાને ત્રાસ, જોખમ, ભય કે નુકશાન થતું અટકાવવા લાઉડસ્પીકર ઉંચા અવાજે વગાડવા ઉપર તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ફેબુઆરી, ૨૦૦૩ સુધી પ્રતિબંધ મૂકવાનું જરૂરી રહે છે.

જેથી હું વી. પી. પટેલ, જિ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(થ) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો ઉપર લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૨-૦૦ વાગ્યા સુધી જ જનતાને ત્રાસ, જોખમ, ભય કે નુકશાન થાય તેવી રીતે કરવાનો રહેશે. કોઈપણ વિસ્તારમાં સવારના ૬-૦૦ વાગ્યા પહેલાં અને રાત્રીના ૨૨-૦૦ વાગ્યા પછી કોઈપણ પ્રકારના વાહનો પર ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

(૨) કોઈ જાહેરસભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યા પહેલાં કે રાત્રે ૨૨-૦૦ વાગ્યા પછી સ્થળ પર જ રખાયેલા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત

પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતાં વાહનોમાં ગોઠવેલ સ્પીકરના ઉપયોગ માટે કરવામાં આવતી અરજીઓમાં વાહનોનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન સંચાલકે પરવાનગીના હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મેળવેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો આ કચેરીઓના કે સંસ્થાઓની કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાનું રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી/પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ની) કલમ ૩૩ (૧) (ઘ) (ક) મુજબનો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/૧/૨૦૦૩.–મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ની) કલમ ૩૭ (૧) (ઘ) (ક) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, વી. પી. પટેલ, જી. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નવસારી, આગામી ગ્રામ પંચાયત સામાન્ય/પેટા ચૂંટણી ચીખલી તાલુકા પંચાયતના રાનકુવા તથા નવસારી ગ્રામ્યના ચોવીસી મત વિસ્તાર અને વિજલપોર/બીલીમોરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, ૨૦૦૩ તબક્કાવાર પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી આચાર સંહિતાને ધ્યાનમાં રાખતો કાયદો- વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેરહિત અને જાહેર સલામતિને કારણે નવસારી જિલ્લાના યોજાનાર ચૂંટણીવાળા મત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો) નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈપણ ઉમેદવાર કે વ્યક્તિએ પોતાના ચૂંટણી પ્રચાર અંગે જાહેર માર્ગો સાર્વજનિક માર્ગો, જાહેર કે સરકારી મકાનો, જગ્યાઓ, મિલ્કતો કે માર્ગોની બન્ને બાજુઓ વાહન વ્યવહાર માટે વપરાતા પ્રવર્ત રહેતા રસ્તા ક્રોસીંગ, ચાર રસ્તા એસ. ટી. સ્ટેન્ડ, શેરીઓના નાકા-મકાનો જાહેર મિલ્કતો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, પુંઠા કે કાગળ કે અન્ય માધ્યમોના પોસ્ટરો, ચિત્રો અને રાજકીય અગ્રણીઓના કટ આઉટ વગેરે ઉભા કરવાનો અને પ્રદર્શિત કરવાનો અને એ જ રીતે રેલ્વેની મિલકતો, સરકારી મકાનો, જાહેર મિલકતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલકતો સહીતની જગ્યાઓ વિશાળ મકાનો, જાહેર મિલકતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલકતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો દરવાજા, જાહેર પાટીયા, બેનરો, ધજા, પતાકા, ભીત ચિત્રો વિગેરે ચૂંટણીના પ્રચાર માટે મૂકવા કે ઉભા કરવા નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના પોલીસ અધિનિયમ-૨૨) ની કલમ ૧૩૧ (૪) મુજબ એક મહિના સુધીની કેદની સજા અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા બન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપવામાં આવે છે.

હુકમ

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નં. ડીસીબી/એમએજી/સીઆરપીસી/રજી. નં. ૨/૨૦૦૩.– નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી/પેટા ચૂંટણી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ યોજાનાર છે. તેમજ મતગણતરી તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ થનાર છે. તેમજ ચીખલી તાલુકાના રાનકુવા અને નવસારી ગ્રામ્યના ચોવીસી મતવિસ્તારની તથા વિજલપોર/બીલીમોરા નગરપાલિકા વિસ્તારની સામાન્ય ચૂંટણીઓ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ યોજાનાર છે. અને મતગણતરી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ થનાર છે. આમ આ ચૂંટણીના સંચાલન સરળતાથી થઈ શકે તે માટે આ વિસ્તારોમાં જયાં ચૂંટણી યોજાનાર છે તે વિસ્તારોમાં મતદાનના દિવસે મતદાન મથકોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ સાથે રાખવા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

તેથી હું, વી. પી. પટેલ, જી. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નવસારી જિલ્લાના આ વિસ્તારોમાં નિર્દિષ્ટ મતદાનના દિવસે મતદાન મથકની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારની તેમજ મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રના વિસ્તારમાં વાયરલેસ સેટ તેમજ કોઈપણ વ્યકિત દ્વારા સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

INDEX

(૨) આ હુકમ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બેનાફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૩) આ અર્થે સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ.

આજ રોજ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી છે.

વી. પી. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

નંબર ડીસી/એમ.એ.જી/એસ.આર./૫/૨૦૦૩.-નગરપાલિકાઓ તથા તાલુકા પંચાયત/ગ્રામપંચાયતો વિગેરેની ચુંટણીઓ ફેબ્રુઆરી ૨૦૦૩માં યોજાનાર છે. તેમાં રાજ્ય ચુંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૫ના આદેશ નંબર ઈએલસી/સીઓસી/પ્રિવેન્શન ઓફ ડીએસમેન્ટ ઓફ પ્રોર્પટથી થઈ આવેલ સૂચનાનુસાર કોઈપણ ખાનગી કે જાહેર મિલ્કતો જેવી કે અગત્યની સૂચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપર માઈલ સ્ટોન અને બોર્ડ, રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડો, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડો, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડો અને લોકોને ચેતવણી આપતા બોર્ડો, ટેલાફોન અને ઈલેક્ટ્રીકના થાંભલાઓ નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓના મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો તથા ખાનગી માલિકીના મકાનો અને ખાનગી બોર્ડ ઉપર કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા ચુટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર સમર્થક કે સહાનુભુતિ રાખનાર કે અન્ય કોઈપણ વ્યક્તિઓએ ચુંટણી જાહેરાત, પ્રસાર કરતાં પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદાઓ તેમજ ચુંટણીનો પ્રચાર કરતાં લખાણો ઉપર વર્ણન કરેલ મીલ્કતોને તેના માલિકીની લેખીત પુર્વમંજુરી મેળવ્યા સિવાય લગાડવામાં આવે છે તેના ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, જિલ્લો અમદાવાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

૧. રાજ્ય ચુંટણીપંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના પંચના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા અન્ય કોઈપણ વ્યક્તિઓએ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મીલ્કતો ઉપર ચુંટણી પ્રચાર અંગે પોસ્ટરો, બેનરો, પડદા કે પુતળા કે અન્ય ચુંટણી પ્રચારના લખાણો કરી મીલ્કતોને બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૨. મીલ્કતના મલિકીની લેખીતમાં પૂર્વમંજૂરી વગર મીલ્કતોને બગાડવા કે નુકશાન પહોંચાડશે તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે, તથા જાહેર કે ખાનગી મીલ્કતોબગાડવામાં આવશે તો બગાડ કરનારના ખર્ચે તે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

૩. આ હુકમ પ્રસિદ્ધિની તારીખથી નગરપાલિકાઓ/તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતોની ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ સમગ્ર આમદાવાદ જિલ્લા (ગ્રામ્ય)ના મહેસુલી વિસ્તરોને લાગુ પડશે.

આજરોજ તારીખ ૨૯મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

પ્રાથમિક જાહેનામું

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી-૨/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧ નાં મુંબઈના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ (૧)ના ક્લોઝ બી હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાંનો નીચેનો મુસદો સદરહું કાયદાની કલમ-૩૩ પેટા કલમ-૬થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને નોટીશ આપવામાં આવે છે કે સદરહુ મુસદો રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયા પછી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી કેઈપણ વાંધા અથવા સૂચનો વિચારણામાં લેશે નહિ. ઉપરોક્ત મુદત પૂરી થાય તે પહેલાં સદરહું મુસદાના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી જે કોઈ વાંધા અથવા સૂચનો અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારીને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદો :-

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી-૨/૨૦૦૩.તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧નાં મુંબઈ ના ૨૨માં) ક્લોઝ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ નવસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચે નિયમો કરે છે.

નવસારી જિલ્લાનાં નીચે જણાવેલ વિસ્તારને બોમ્બે પોલીસ એક્ટ હેઠળ "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે છે.

"પેરામાઉન્ટ હોટલથી કેજલ હોસ્પિટલના બોર્ડ સુધી"

નવસારી, તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૩.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયેનો.

વાંચ્યુ :- (૧) આ કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામું ક્રમાંક ડીસીબી/એમએજી/વશી/૫૨૪૦/૨૦૦૨, તારીખ ૧૯મી ઓક્ટોબર ૨૦૦૨.

(૨) ડોડસેલ પ્રા. લી. ચીફ ઓફિસરનો તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૩નો પત્ર.

હુકમ

નં. ડીસીબી/એમએજી/વશી-૬૧૮/૨૦૦૩.-ડોડસેલ પ્રા. લી. ના ચીફ ઓફિસરશ્રીએ તારીખ ૨૫મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ અત્રે હેવાલ મોકલી જાણ કરેલ છે કે, ગ્રીડ નેશનલ હાઈવે નં. ૮ ઉપર ફલાય ઓવર બ્રીજની કાર્યવાહી ચાલુ હોઈ સદર ફલાય ઓવર બ્રીજના કામકાજ દરમ્યાન વાંહનોને કે વાહન ચાલકોને કનડગત ઉપસ્થિત ન

INDEX

થાય તેમજ રસ્તામાંની તથા સાર્વજનિક જગ્યા ઉપરની સર્વ પ્રકારની રાહદારીનું તથા સવાર થઈને જનારાઓનું કે ગાડી-સાયકલ ઉપર જનારાઓનું તેમજ ઢોરોને દોરીને લઈ જનારા કે સાથે જનારાઓના સદરહુ ગ્રીડ નેશનલ હાઈવે નંબર-૮ વાળી જગાના કરવાના ઉપયોગનો હેતુ લોકોને થતી અવર-જવરના ટ્રાફિક નિયમનને અસર થવાની સંભાવનાને ધ્યાનમાં લેતાં જાહેર જનતાના હીતમાં સલામતીના પગલાં લેવા ઉચીત જણાયું છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને. ૧૯૫૧ ના ૨૨માંની)ની કલમ-૩૩ની પેટા કલમ (૧)ના ક્લોઝ (ખ)થી મને મળેલ સત્તાની રૂએ હું શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નીચેના નિયમો કરૂં છું.

તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૦૩ થી તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૩ બન્ને દિવસો સહિત (છમાસ)ના ૨૪ કલાક દરમ્યાન કોઈપણ રાહદારી કે સવાર થઈને જનાર વાહન ચાલક કે ગાડી સાયકલના ચાલક અથવા ઢોરોને દોરી લઈ જનાર કે સાથે જનારાઓએ ગ્રીડ નેશનલ હાઈવે નંબર-૮ના રસ્તામાંની જગાનો નીચે મુજબ ઉપયોગ કરી ટ્રાફિક નિયમનની જાળવણી કરવી.

''નેશનલ હાઈવે નં. ૮ ઉપર ગ્રીડ ચાર રસ્તા ઓવરબ્રીજના કામે ગ્રીડ ચાર રસ્તાનાં શાલીમાર હોટેલ (ગ્રીડ ચાર રસ્તા જંકશન) થી મુંબઈ તરફ જતો પૂર્વ તરફનો હાઈવે લક્ષ્મી ઓટોમોબાઈલ્સ સુધીનો બંધ કરી તેને ડાયવર્ઝન આપી શાલીમાર હોટલ (ગ્રીડ ચાર રસ્તા જંકશન) થી હાઈવે, લક્ષ્મી ઓટોમોબાઈલ્સ સુધીનો પશ્ચિમ તરફનો અપ અને ડાઉન રોડ તરીકે ઉપયોગ કરવાનો રહેતો હોય, તમામ વાહનો અમદાવાદ-મુંબઈ અને મુંબઈ થી અમદાવાદ તરફ જવા પશ્ચિમ તરફનાં માર્ગ ઉપરથી પસાર થઈ શકશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૨૨માંની કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો જાહેર.

નંબર ઉ/મકપ/મજસ/વશી/૨૯૦/૦૩.-પંચમહાલ જિલ્લાના પાવાગઢ માંચી ખાતે આવેલ ઉષા બ્રેકો લી. સંચાલીત રોપ વે દુર્ઘટના તારીખ ૧૯મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ થયેલ છે. આ રોપ વેમાં વધુ નુકશાન ન થાય અને જાનમાલની હાની ન થાય તે માટે ઉષા બ્રેકો લી. તરફથી સુરક્ષા સંબંધિ કામો હાથ ધરવાના હોઈ, પાવાગઢ ખાતેના રોપ વેના માર્ગમાંથી પસાર થતાં લોકોની અવર-જવર જાહેર સલામતીના હેતુસર અટકાવવી જરૂરી જણાતા અત્રેના તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૩ના જાહેરનામા ક્રમાંક ઉ/મકપ/મજસ/વશી/૨૬૨ થી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબનો તારીખ ૨૭મી જાન્યુઆરી ૨૦૦૩ અને ૨૮મી જાન્યુઆરી ના દિવસો પુરતો પ્રતિબંધિત હુકમ બહાર પાડવામાં આવેલ. સુરક્ષા સંબંધી કામ હજુ બાકી હોય વધુ સમય માટે પ્રતિબંધક હુકમ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ગોધરાએ તેઓના તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૩ના ક્રમાંક ગનહ/આરબી/૨૫/૨૦૦૩થી દરખાસ્ત કરેલ છે.

સબબ હું, બી. એન. ડામોર, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતેના રોપ વેનાં માર્ગમાં તારીખ ૨૯મી જાન્યુઆરી ૨૦૦૩ થી તારીખ ૩૦મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજના કલાક ૨૦-૦૦ સુધી (બંને દિવસો સહ) લોકોએ અવર જવર કરવી નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) મુજબ જાહેર.

નંબર મકમ/મજસ/વશી/૩૦૫.-પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તારીખ ૨૮મી જાન્યુઆરી ૨૦૦૩ના પત્રક ક્રમાંક વહટ/૪/વશી/૧૧૭૯/૨૦૦૩ થી અત્રેના જિલ્લાના બાકી અનાર્મ હે. કો./પો. કો. નાઓનુ વાર્ષિક ગોળીબાર પ્રેક્ટીસ-૨૦૦૨ના વર્ષનું તારીખ ૨૯મી જાન્યુઆરી ૨૦૦૩ થી તારીખ ૫મી ફેબ્રુઆરી ૨૦૦૩ સુધી સંતરામપુર બટ ઉપર લેવાની છે. જ્યારે પોલીસ અધિકારીશ્રીઓ તથા બાકી રહેલ એ. એસ.આઈ.નાઓના રીવોલ્વર પ્રેક્ટીસ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી એસ. આર.પી. ગ્રુપ-૫ ગોધરા ખાતેના બટ ઉપર લેવાની હોઈ આ બન્ને સ્થળ જાહેર જનતાની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા સંબધનું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, બી. એન. ડામોર, જી. એ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે મળેલ અધિકારની રૂએ, ગોધરા એસ. આર. પી. ગ્રુપ-૫ ગ્રાઉન્ડ બટ તથા સંતરામપુર ફાયર બટ તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૩ થી ૫મી ફેબ્રુઆરી ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ માટે રીઝર્વ રાખવું અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. નબણુ/૦૧/ક-૩/૨૫/બ/૫૪૬૫/૨૦૦૨.—આથી જાહેર કરે છે કે ધી ડેડીયાસણ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ ડેડીયાસણ, તાલુકો વિરમગામ, જીલ્લો અમદાવાદ.

અને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૬-૧-૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, (રૂરલ),
અમદાવાદ.

જા. નં. ૨૯૫/૦૩/નબણુ/ગ્રુ.ગ્રા.સે./૩૩૭૩૫/૮૪/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે પવનવીર કો. ઓપ. હા. સર્વીસ સો. લી., મર્યાદિત સ્થળ ફતેગંજ, તાલુકો વડોદરા, જીલ્લો વડોદરા.

અને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૯-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઇઓ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/૫-૧-૩૨૦ તા. ૧૨-૮-૨૦૦૨.

જા. નં. વહટ/૦૧/૫-૧/૩૦/૨૦૦૩.—ધી સુરકાલ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ સુરકાલ, તા. જેતપુરપાવી, જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૨૯,૩૪,૨૩૯/— મુદલ બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૪૩ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૯ વ્યવસ્થાપક કમિટી સભ્યો પૈકી ૬ કમિટિ સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમિટિમાં ચાલુ રહી શકે નહી તેમને કમિટિમાંથી દુર કર્યા નથી.

(૪) મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેના વેચાણ મંડળી મારફતે કરવા કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટિ / મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૬) મંડળીનો ઓડીટ વર્ગ "બ" છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ, આર્થિક નાણાકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૮) સભાસદો પાસે મુદલ રૂા. ૩૦,૪૨,૨૮૦/— બાકી છે.

(૯) મગફળીનો માલ સ્ટોક રૂા. ૮,૯૭,૦૦૦/—દર્શાવેલ છે. ગોડાઉનમાં જણાયેલ નથી. મગફળી બારોબાર વેચી નાણાં અંગત કામમાં વાપરેલ છે. પ્રમુખશ્રીનું અવસાન થયેલ છે. નવા પ્રમુખશ્રીની નિમણૂંક કરેલ નથી.

(૧૦) મંડળીની બેન્ક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતા મંડળી મજકુરની, નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાવતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉક્ત મુદ્દાઓ મુજબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી, મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઈ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું, એન. એ., ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી સુરકાલ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સુરકાલ, તા. જેતપુરપાવી, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કર મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) ંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે, તેમજ મંડળીના સભાસદોના હીતમા કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તા. ૧૭–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ ધ-૧/૩૪૬, તારીખ ૨૦–૬–૨૦૦૧.

જા. નં. વહટ /૦૧/ધ-૧/૩૦/૨૦૦૩.—ધી ચાચક ગ્રૃપ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. ચાચક તા. જેતપુર પાવી, જીલ્લો વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણે જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૧૨,૪૧,૩૦૫-૦૦ મુદ્દલ તથા વ્યાજ રૂા. ૧૩,૪૪,૯૯૯-૦૦ બાકી છે, જે પૈકી રૂા. ૬,૨૧,૩૦૦, લોન તથા વ્યાજની મોટી રકમ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૭૬ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી ૧ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી. તેમને કમીટમાંથી દૂર કર્યા નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવા નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

(૫) સભાસદ કક્ષાએથી પણ લોન રૂા. ૧૦,૦૪,૪૬૦/–તથા વ્યાજની મોટી રકમ વસુલ કરવાની બાકી છે.

(૬) મંડળીના વ્યવસ્થાપકો બેન્ક લોનની વસુલાતમાં એકદમ નિષ્ક્રિય છે. મંડળીએ ગત વર્ષે ૫૦ % કરતા ઓછી વસુલાત આવેલ છે. મંડળીના પેટા નિયમ અનુસાર કામગીરી થતી નથી.

આમ ઉપરોક્ત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી શક્યતા જણાતી નથી આમ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉક્ત મુદ્દાઓ સબબ કારણ દર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઈ મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઈ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

હું, શ્રી એન. એ. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ, ધી ચાચક ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. ચાચક તા. જેતપુર-પાવી, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો, ઓપ. બેન્ક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધીન રહી નિમણુંક કરૂં છું.

વડોદરા, તા. ૧૭-૧-૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ-૧/૩૬૯, તારીખ ૨૯-૬-૦૧.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૩૨/૨૦૦૩.—ધી પુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. પુરા તા. કરજણ જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂા. ૩૦,૮૪,૭૯૨/- મુદ્દલ તથા વ્યાજ રૂા. ૧૦,૩૨,૨૨૮/= બાકી છે જે પૈકી રૂા. ૧૬,૬૮,૧૯૨/-મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૬૦ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીની વ્યવસ્થાપક કમિટિ/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા-નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૪) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૫) મંડળીની સને ૧૯૯૮-૯૯ ના વર્ષમાં ફક્ત ૧૮% વસુલાત આવેલ છે.

આમ ઉપરોક્ત વિગતો જોતાં મંડળી મજકુરની નાણાંકિય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થાગત દશામાં બંધ છે.

મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાવતું નથી. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટીને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું. મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉક્ત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમા મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું એન. એ. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી પુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મુ. પુરા, તા. કરજણ, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો.-ઓ. બેંક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ શરતો મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાના રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે,

વડોદર, તા. ૧૭-૧-૨૦૦૩.

એન. એ. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વડોદરા.

INDEX

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તા. ૨-૧૨-૨૦૦૨, નો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૭૧/૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ//૧૩૪૧૩/ખ/૧૦૧/૨૦૦૩.— શ્રી વિનોદ-વિહાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી, મું. દેદીયાસણ, તા. જી. મહેસાણાને, અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૨-૧૨-૨૦૦૨ ના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૭૧/૨૦૦૨ થી ફડચામાં લઇ જવા વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી અને ફડચા અધિકારી લગત કચેરી, મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩(ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૮-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨-૧૨-૨૦૦૨નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૭૦/૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૧૪/ખ / ૧૦૨ /૨૦૦૩.—શ્રી મધુરમ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા,મહેસાણા, જીલ્લો મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧થી તા. ૨-૧૨-૨૦૦૨ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ /૦૧ / ખ/ ૨૩૭૦ / ૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.. મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે,

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમાં કરાવવાની રહેશે,

મહેસાણા, તા. ૮—૧—૨૦૦૩.

વંચાણે લીધા ;—

(૧) મંડળીના પ્રમુખશ્રી પી. કે. પટેલની તા. ૧૫-૧૦-૦૨ થી સંસ્થાને ફડચામાં લઇ જવાની રજુ થયેલ દરખાસ્ત

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૩/૨૦૦૩.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી શક્તિધારા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ દેદીયાસણ, તા. જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે) સદર મંડળીનો નોંધણી નં. ધ.-૧૧૫૮૫, તા. ૨-૧-૧૯૮૫ છે.

સદર સંસ્થાના આમુખ-૧ની વિગતો ધી શક્તિધારા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. દેદીયાસણના ૩૪ સભ્યો છે. જે તમામ પ્લોટ ધારક છે. મંડળીમાં સરકારશ્રીનું કોઇ લેણું નથી. તમામ સભ્યો સ્વતંત્ર પ્લોટ ધારક છે. તેમજ સ્વતંત્ર બાંધકામ ધરાવે છે. તા. ૨૪-૬-૨૦૦૧ ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવ નં. ૪ થી સ્વૈચ્છિક રીતે સંસ્થાને ફડચામાં લઇ જવા ઠરાવ કરેલ છે. સંસ્થામાં વહીવટી ખર્ચાઓ આરણ સમાન હોઇ, તેમજ તમામ સભ્યો સ્વતંત્ર હોવાથી સંસ્થાનું વિસર્જન કરવા ઠરાવેલ છે.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી શક્તિધારા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી, મુ. દેદીયાસણ, તા. મહેસાણા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૧૧૫૮૫, તા. ૨-૧-૮૫ થી નોંધાયેલ આવેલ છે. તેને સહકારી કાયદા સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ખ, ગ (૨) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) અધિકારી, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૮-૧-૨૦૦૩.

ધ્યાને લીધા :-

(૧) ઓડીટર ગ્રેડ-૨, સ. મં., (પ્રમા-૨), મહેસાણાના પત્ર ક્રમાંક અપગ્ર/૦૧/૨૪૮/૨૦૦૨, તા. ૧-૧૧-૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૮/ તારીખ ૨૯-૧૧-૨૦૦૨થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૮૯/ ૨૦૦૨, તારીખ ૨૩-૧૨-૨૦૦૨થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/ ૧૨૨ /૨૦૦૩.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ઉમા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. ઊંઝા, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે, (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૧૬૨૮, તા. ૧૯-૧૨-૧૯૯૬ છે.

ઉપરોકત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧-૭-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર-ગ્રેડ-૨, સ.મં., (પ્રમા-૨) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ. ... કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૮/૦૨, તારીખ ૨૯-૧૧-૦૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૧ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. પરંતુ તા. ૧૪-૧૨-૦૨ના પત્રથી આપ સાહેબની કચેરીએ પુરાવા સહ રજુઆત કરવા જણાવેલ. જે મુજબ કોઇ રજુઆત થયેલ નથી.

મંડળી તરફથી કોઇ યોગ્ય રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ /ફડચ / ૦૧ / ખ / ૨૪૮૯ / ૦૨, તારીખ ૨૩-૧૨-૦૨થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વાજબી અને પુરતી તક પુરી પાડવામાં આવેલ છે. છતાં સમય મર્યાદામાં કોઇજ રજુઆત કરેલ નથી.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ અગાઉના બે ઓડિટ મેમાની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ મોકલી આપેલ નથી. આમ કરીને મંડળીએ સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીમાં ઓડિટ સમય દરમ્યાન પેટા-નિયમની નકલ જોવા મળેલ નથી.

(૩) સભાસદ રજીસ્ટરમાં કેટલાક સભાસદોના વારસદારોની નિયુકિત બાકી છે તથા શેર રજીસ્ટર, શેર ખાતાવહી છેવટ સુધીની તૈયાર કરેલ નથી.

(૪) મંડળીના તમામ સભાસદોના શેર સર્ટી. આપવાના બાકી છે.

(૫) અન્વેષણ સમયમાં મંડળીની વ્ય. કમિટીની એકપણ બેઠક મળેલ નથી. જેથી, ફલિત થાય છે કે, મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

(૬) મંડળીએ વાર્ષિક સાધારણ સભા દર વર્ષે બોલાવી જોઈએ, જે સને ૨૦૦૦ થી ૨૦૦૨ સુધીના સમયમાં એકજ વખત મળેલ છે. જેથી ફલિત થાય છે કે, મંડળીના હોદ્દારોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી.

(૭) મંડળીમાં મકાન ટ્રાન્સફર કર્યા બાદ તેના દસ્તાવેજ થયેથી ઈન્ડેક્ષની નકલ મેળવી દફતરે રાખેલ છે

(૮) મંડળીના એકત્રિત નફાની પેટાનિયમ અનુસાર ફાળવણી કરવામાં આવેલ નથી.

(૯) મંડળીની પ્રગતિ થાય તેવા કોઇ પ્રયાસ સભાસદો દ્વારા થયેલ નથી તથા મંડળી અર્થક્ષમ યુનિટ બની શકે તેવા કોઈ સંજોગો જણાતા નથી.

(૧૦) મંડળીની રોકડ સંભાળતા કર્મચારી પાસેથી જામીનખત મેળવેલ નથી.

(૧૧) તા. ૧-૪-૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ઉમા કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. ઊંઝા, તા. ઊંઝા, જી. મહેસાણાને સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૧૬૨૮, તા. ૧૯-૧૨-૯૬ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખ થી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૭-૧-૨૦૦૩.

———

INDEX

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨, સ. મં., મહેનતાણાના પત્ર ક્રમાંક : અપણુ/૦૧/૨૦૭/૦૨, તા. ૨-૯-૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૧૨, તા. ૧૩-૯-૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૦૪/૦૨, તા. ૨૫-૧૦-૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) અત્રેની કચેરીના જા. નં. : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૨૮૧/૦૨, તા. ૮-૧૧-૦૨થી સ્મૃતિપત્ર.

(૫) અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૬૯/૦૨, તા. ૨-૧૨-૨૦૦૨.

(૬) સંસ્થાની વ્ય. કમીટી તા. ૧૬-૧૨-૦૨ ના ઠરાવ નં. ૨ થી ફડચામાં ન લઈ જવા રજુઆત તેમજ, તારીખ ૧૦-૧-૦૩ ના પત્રથી પૂર્તતા પત્ર.

(૭) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૧૨૩/૨૦૦૩.—ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી આદર્શ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. મહેસાણા, જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયા " મંડળી " તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૩૧૯૩, તા. ૪-૧૧-૧૯૬૮ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી તારીખ ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સહકારી મં. મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૧૨/૦૨, તારીખ ૧૩-૯-૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. જેથી, આમુખ-૩ અને ૪ થી સંસ્થાને સ્મૃતિપત્રો પાઠવેલ હતા. જેની સમય મર્યાદામાં ફડચાની કાર્યવાહી સામે રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્રાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૬૯/૦૨, તા. ૨-૧૨-૦૨ થી વચગાળાનો આદેશ કરી, એક માસની રજુઆત અર્થે સમય આપવામાં આવેલ. જેની સામે સંસ્થાઓએ તેના તા. ૧૦-૧-૦૩ ના પત્રની વિગતો તેમજ સંસ્થાને તા. ૧૬-૧૨-૦૨ની વ્ય. કમીટીના ઠરાવ નં. ૨ થી ફડચામાં જવા અંગે ખામીઓની પૂર્તતા કરવા ખાત્રી અને સભાસદોને સંસ્થાની કાર્યવાહી ચાલુ રાખવામાં રસ હોવાથી સાથે સાથે સંસ્થાએ નવીન અનુભવી કર્મચારી રાખવાની ખાત્રી આપેલ હોઇ, સંસ્થાને ફડચામાં ન લઇ જવા રજુઆત કરેલ છે.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી આદર્શ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુકામ તા. મહેસાણા, જી. મહેસાણાને સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૩૧૯૩, તા. ૪-૧૧-૬૮થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે ફડચામાં લઇ જવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૬૯/૨૦૦૨, તા. ૨-૧૨-૦૨ સંસ્થાની તા. ૧૦-૧-૨૦૦૩ની રજુઆત, ખાત્રી તેમજ વ્ય. કમીટીની તા. ૧૬-૧૨-૦૨ના ઠરાવ નં. ૨ થી નવીન કર્મચારી નિમણુંક કરી, ફડચા અંગેની ખામીઓ પૂર્ત કરવાની ખાત્રી આપેલ હોવાથી સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇ આધીન શ્રી આદર્શ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ મહેસાણા સામેનો ફડચાનો વચગાળાનો આદેશ ઉઠાવી લેવાનો હુકમ કરૂં છું.

મહેસાણા, તા. ૧૭-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મં., મહેસાણાના પત્ર ક્રમાંક અપણુ/૦૧/૨૭૨, તા. ૧૮-૧૧-૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૯/૦૨, તા. ૨૯-૧૧-૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૮૪/૦૨, તા. ૨૩-૧૨-૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૧૨૬/૨૦૦૩.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી પ્રભુનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. કડી, જીલ્લો મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયા "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે) સદર મંડળીનો નોંધણી

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૯/૦૨, તા. ૨૯–૧૧–૦૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૮૪/૨૦૦૨. તારીખ ૨૩–૧૨–૦૨ તથા સરખા પત્ર નં. ૨૩૮૫, તારીખ ૩–૧૨–૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્રો પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છે. છતાં, કોઇ રજુઆત કરેલ નથી.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના પેટાનિયમ મુજબ સભાસદોને રહેણાંક માટેના મકાનો પુરા પાડવાની કામગીરી અગાઉના વર્ષોમાં પૂર્ણ થઈ ગયેલ અને મંડળીએ કોઇ સંસ્થા કે સરકારશ્રી પાસેથી મધ્યસ્થ ધિરાણ મેળવેલ નથી. તેમજ, મંડળીનું કોઈ લેણું બાકી પડતું નથી.

(૨) મંડળીના તપાસણી સમય દરમ્યાન વ્ય. કમીટીની એક-પણ બેઠક મળેલ નથી. જેથી પેટાનિયમનો ભંગ થયેલ છે.

(૩) મંડળીની છેલ્લા ત્રણ વર્ષથી વાર્ષિક સાધારણ સભા પણ મળેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ–૭૪ તથા મંડળીના મંજુર થયેલ પેટાકાયદાની કલમ–૭૭ નો ભંગ થયેલ છે. આમ, મંડળીના હોદ્દેદારોએ મંડળીનો વહીવટ કાયદા–કાનુન તેમજ પેટા-નિયમ મુજબ કરેલ નથી.

(૪) મંડળીએ ગત ઓડિટ તા. ૧–૭–૯૮ થી તા. ૩૦–૬–૯૯ તેમજ અગાઉના થયેલ ઓડિટ ખામીઓની દુરસ્તી રીપોર્ટ જે તે ઓડિટરશ્રીને મોકલી આપેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ–૮૫ નો સ્પષ્ટ ભંગ થયેલ છે.

(૫) મંડળીએ તપાસણી સમય દરમ્યાન કાયદા–કાનુન અને પેટાનિયમ મુજબના ઉદ્દેશવાળી કોઇ કામગીરી કરેલ નથી.

(૬) મંડળી છેલ્લા ચાર / પાંચ વર્ષથી બિલકુલ સ્થગિત અવસ્થામાં છે.

(૭) મંડળીના સભાસદો તથા કાર્યવાહકો પણ મંડળી ચાલુ રાખવામાં રસ ધરાવતા હોય, તેવુ મંડળીના વહીવટ ઉપરથી જણાઇ આવેલ છે

(૮) તારીખ ૧–૪–૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી પ્રભુનગર કો. ઓપ. હા. સો. લી., મુ. તા. કડી, જીલ્લો મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નંબર ધ–૮૯૪૫, તા. ૫–૯–૮૧ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ–૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહ. અધિ. (ફડચો) મહેસાણાના પત્રાંક ફડચ/૦૧/૭૩૬/૦૨, તા ૭–૧૨–૦૨ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ/૦૧/ખ/૧૨૯/૨૦૦૩.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી ભુવનેશ્વરી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મહેસાણા, મુ. મહેસાણા, તા. મહેસાણા નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૦૯૪૧, તા. ૩૧–૩–૮૬થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૩૩૯૮/ખ/૫૯૧/૨૦૦૨, તા. ૩૦–૭–૨૦૦૨ થી હુકમ

INDEX

કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી, કડચો, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક-ફડચ / ૦૧/૭૩૬/૨૦૦૨, તા. ૭–૧૨–૨૦૦૨થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ–૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી ભુવનેશ્વરી કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા ૧૭–૧–૨૦૦૩

વંચાણે લીધા :

(૧) ઓડિટર ગ્રેડ–૨, સહકારી મંડળી, મહેસાણાના પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૭૩/2002, તા. ૧૮–૧૧–૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૫/૦૨, તા. ૨૯–૧૧–૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૮૩/૦૨, તા. ૨૩–૧૨–૦૨થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ–૧૦૭ નાં જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૧૩૧ / ૨૦૦૩.—ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી ઉમીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. કડી, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઘ–૯૩૩૪, તા. ૨૪–૧૦–૧૯૮૧ છે.

ઉપરોક્ત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧–૪–૦૨ થી તા. ૩૧–૩–૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૫/૦૨, તા. ૨૯–૧૧–૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ યોગ્ય રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧ ખ/૨૪૮૩/૦૨, તા. ૨૩–૧૨–૦૨થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાઠવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વાજબી જણાય છે.

(૧) મંડળીના પેટા-નિયમ મુજબ સભાસદોને રહેઠાણ માટેના મકાનો પુરા પાડવાની કામગીરી અગાઉના વર્ષોમાં પુર્ણ થઇ ગયેલ છે અને મંડળીએ કોઇ સંસ્થા કે સરકારશ્રી પાસેથી મધ્યસ્થ ધિરાણ મેળવેલ નથી તેમજ મંડળીનું કોઇ લેણું બાકી પડતું નથી.

(૨) મંડળીની તપાસણી સમય દરમ્યાન વ્ય. કમીટીની એકપણ બેઠક મળેલ નથી.

(૩) મંડળીની સને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષની વા. સા. સભા પણ મળેલ નથી. જેથી સહ કાયદાની કલમ–૭૭નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૪) મંડળીના ગત ઓડિટ ૧–૭–૯૦થી તારીખ ૩૧–૩–૦૧ તેમજ અગાઉના વર્ષ ૧૯૯૪ થી ૨૦૦૦ સુધીના થયેલ ઓડિટ પારાઓની દુરસ્તી રીપોર્ટ જે તેઓ ઓડિટરને મોકલી આપેલ નથી જેથી, સહકારી કાયદાની કલમ-૮૫નો વારંવાર ભંગ કરેલ છે.

(૫) મંડળીએ તપાસણી સમય દરયાન કાયદા–કાનૂન અને પેટા-નિયમ મુજબના ઉદ્દેશોવાળી કોઇ કામગીરી કરેલ નથી.

(૬) મંડળીનો કોઇ તાલીમબદ્ધ કર્મચારી ન હોઇ હિસાબો નિયમિત લખાતા નથી.

(૭) મંડળીના સભાસદો તથા કાર્યવાહકો પણ મંડળી ચાલુ રાખવામાં રસ ધરાવતા નથી.

(૮) તા. ૧–૪–૦૨ થી છેવટ સુધીના હિસાબો પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી ઉમીયા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. કડી, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ–૯૩૩૪, તા. ૨૪–૧૦–૮૧ થી નોંધવામાં આવેલ તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) ના ખંડ

INDEX

ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :– ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૭-૧-૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) ઓડીટર, ગ્રેડ-૨ સહકારી મંડળી, (પ્રમા—૨), મહેસાણાના પત્ર ક્રમાંક અષણ / ૦૧ / ૨૪૫ / ૨૦૦૨, તા. ૬-૧૧-૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૫૦, તા. ૨૯-૧૧-૨૦૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તા. ૧૩-૧૨-૨૦૦૨ની રજુઆત

(૪) તા. ૬-૧-૨૦૦૩ની મુદત આપવા છતાં. મુદતી સમયમાં ન થયેલ રજુઆત

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ /ખ / ૧૩૨ / ૨૦૦૩.— ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી મહેરવાડા શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મુ. ઊંઝા, તા. ઊંઝા. તા. ઊંઝા જીલ્લા મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૧૫૮૮૦, તા. ૨૬-૦૭-૧૯૭૮ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૧થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડીટર, ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમા—૧) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૫૦/૨૦૦૨, તારીખ ૨૯-૧૧-૨૦૦૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. પરંતુ, આમુખ-૩ની વિગતોના પત્રથી રજુઆત કરતાં અત્રેથી રજુઆત અંગે તા. ૬-૧-૦૩ ના રોજ મુદત આપવામાં આવેલ. જે મુદત સમયે સંસ્થા તરફથી કોઈ રજુઆત થવામાં નથી. જેથી સંસ્થા સામેની ફડચા કાર્યવાહીમાં સંસ્થા તરફથી કોઇ વાસ્તવિક રજુઆત / પુરાવા રજુ થવામાં નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીની તા. ૩૦-૬-૯૧ના રોજથી સભાસદ સંખ્યા ૮૫ની છે. જે વધારવા મંડળીના કાર્યવાહકોએ કોઇ રસ ધરાવેલ નથી. જેથી મંડળી ચલાવવામાં કાર્યવાહકોની શિથિલતા જણાઈ આવે છે.

(૨) પેટા-નિયમ ૨ના ઉદ્દેશ ૧ થી ૧૩ મુજબ મંડળીએ છેલ્લા ચાર વર્ષના નીચે મુજબના આંકડાકીય વ્યવહારો જોતાં, મંડળીની પ્રવૃત્તિ નહીંવત જણાઈ આવેલ છે.

વર્ષ	વેચાણની વિગત	વેચાણની રકમ રૂ.
૧૯૯૮/૧૯૯૯	બિયારણ વેચાણ	૧૨,૫૩૦.૦૦
૧૯૯૯/૨૦૦૦	રા. ખાતર વેચાણ	૮૪,૫૫૯.૬૦
૨૦૦૦/૨૦૦૧	બિયારણ વેચાણ	૩૪,૦૮૦.૦૦
૨૦૦૧/૨૦૦૨	બિયારણ વેચાણ	૫,૦૦૦.૦૦

ઉક્ત વિગતોથી ફલિત થાય છે કે, મંડળીએ તેના પેટા નિયમના ઉદ્દેશો મુજબ શાકભાજી, ફળફળાદી ખરીદ વેચાણ કરેલ નથી.

(૩) મંડળીના તા. ૩૧-૩-૦૨ સુધીના સરવૈયા મુજબ રૂ. ૧૬૮૫/–ની ચોખ્ખી ખોટ બોલે છે જે સરભર કરવા મંડળી તરફથી કોઇ કાર્યવાહી કરેલ છે.

(૪) મંડળીનો ચાલુ તપાસણી વર્ગ "ડ" છે. તથા છેલ્લા પાંચ વર્ષનો તપાસણી વર્ગ-'ક' છે.

(૫) મંડળીએ છેલ્લા બે ઓડિટ મેમાની દુરસ્તી રીપોર્ટ તૈયાર કરી, મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૬) મંડળીની તપાસણી સમયમાં વ્ય. કમીટીની ફક્ત-૨ બેઠકો મળેલ છે જે પેટાનિયમ મુજબ દર માસે મળવી જોઇએ તે મળેલ નથી. જેથી ફલિત થાય છે કે, મંડળી ચલાવવામાં વ્ય. કમીટીને રસ નથી.

(૭) તા. ૩૧-૩-૦૨ના સરવૈયા મુજબ મંડળીની આર્થિક સ્થિતિ સારી ગણી શકાય તેમ નથી.

(૮) તા. ૧-૪-૨૦૦૨થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર, ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

INDEX

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મહેરવાડા શાકભાજી અને ફળફળાદી ઉગાડનારાઓની ખરીદ–વેચાણ સહકારી મંડળી લી. મુ. મહેરવાડા, તા. ઊંઝા જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૧૫૮૦, તા. ૨૬-૭-૭૮થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ--૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :– ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીની "ગ" શાખાના પત્ર ક્રમાંક વરમ/૦૧/ગ/૬૮૩/૨00૨, તા. ૧૪–૧૧–૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૧૧/ 0૨ તા. ૧૦–૧૨–૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તા. ૬–૧–૦૩ ના રોજ ન થયેલ રજુઆત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ – ૧૯૬૧ અન્વયેની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ / ફડચ / ૦૧ / ખ / ૧૩૩ / ૨૦૦૩.—ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ અન્વયે ધી વીરમાયાનગર કો.-ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. કડી, તા. કડી જી. મહેસાણા., નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયાં " મંડળી " તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ–૬૩૬૨, તા. ૧૦–૧૧–૭૮ છે.

ઉપરોકત આમુખ–૧માં જણાવ્યા મુજબ સદર મંડળી સામે સહકારી કાયદાની કલમ-૧૦૭ ની કાર્યવાહી કરવા અત્રેનો અહેવાલ અત્રે સુપ્રત થતાં, ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૧૧/૨૦૦૨, તારીખ ૧૦–૧૨–૦૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી, મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. કે કોઇ રજુઆત થયેલ નથી.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનુની રીતે વ્યાજબી જણાય છે,

(૧) મંડળીની સને ૯૮/૯૯ તથા ૨૦૦૧/૨૦૦૨ની વાર્ષિક સાધારણ સભા બોલાવેલ નથી. તેમજ મોડી બોલાવવા અત્રેની પેટા-કાયદાની જોગવાઇ અન્વયે જે તે સમયે પૂર્વ મંજુરી મેળવેલ નથી.

(૨) મંડળીની વ્ય. કમીટી બેઠકો, પેટા-કાયદાની જોગવાઇ મુજબ દર માસે એક વખત બોલાવેલ નથી. પેટા-કાયદામાં થયેલ જોગવાઇ અનુસાર ઠરાવો કરી તેનો અમલ કરેલ નથી.

(૩) મંડળીના સભાસદોને દર વર્ષે નિયમિત વાર્ષિક સાધારણ સભા બોલાવવા અંગેના એજન્ડા કાઢી બજવણી કરે સ્થળપ્રત રાખવામાં આવેલ નથી.

(૪) અરજદારશ્રી સોલંકીએ નામ તબદીલ કરવા આપેલ ટ્રાન્સફર ફી રૂા. ૫૦૦૦/- અંગે મંડળીના દફતરે જમાં કરી, તેની મંડળીના નામની પાકી પહોંચ ઇસ્યુ કરેલ નથી.

(૫) અરજદારશ્રી સોલંકીએ રૂા. ૧૫,૦૦૦/- પ્લોટ ફાળા તથા વહીવટ ફાળા પેટે આપેલ છે. જ્યારે શ્રી સોલંકીને રૂા. ૧૩,૨૫૫/- ની પાકી પહોંચ આપવામાં આવેલ છે.

(૬) અરજદારશ્રી સોલંકીએ વહીવટી ફાળા પેટે રોકડમાં નીચે મુજબ રકમો સોસાયટીમાં જમાં કરાવેલ છે. પરંતુ, મંડળીએ શ્રી સોલંકીને મંડળીના નામની પાકી પહોંચ આપવામાં આવેલ નથી.

૧. ૨૫૦/- ૧૧૧/- ૬૩૦/- ૨૯૦/-	તા. ૧૨–૧૦–૦૦
૨. ૫૦૦/-	તા. ૨૧–૧૦–૦૦
૩. ૬૫૨-	તા. ૧૫–૧૨–૦૦
૪. ૨૧૦/-	તા. ૧૮–૧૨–૦૧
૫. ૬૨૨/-	તા. ૨૬–૦૪–૦૧
૬. ૨૭૦/-	તા. ૩૧–૦૮–૦૧
૭. ૨૦૦/-	તા. ૧૯–૦૯–૦૧
૮. ૧૫૦/-	તા. ૧૬–૧૦–૦૧

(૭) હેન્ડપપ રીપેરીંગ તથા ઇલેકટ્રીક ખર્ચ અંગે સોસાયટીમાં રકમો સ્વીકારી મંડળીના દફતરે કોઇ હિસાબ રાખવામાં આવેલ નથી. આવી રકમો સ્વીકારવા મંડળીની સાધારણ સભામાં અધિકાર આપવામાં આવેલ નથી.

(૮) સોસાયટીએ અત્રેથા કરવામાં આવેલ વહીવટ ખામીઓ અંગેની સુચનાઓનો અનાદર કરી આપખુદશાહી વહીવટ ચલાવેલ છે.

(૯) અરજદારશ્રી સોલંકીએ કરેલ લેખિત રજુઆત સંદર્ભે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ધરમ/૦૧/ગ/૪૨૩/૦૨, તા. ૮–૭–૦૨ થી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ–૮૨ના ભંગ બદલ અપાયેલ કારણદર્શક નોટીસનો અનાદર કરી, મુદતે હાજર રહી રજુઆત કરેલ નથી.

(૧૦) તા. ૧–૪–૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

: વચગાળાનો આદેશ :

ધી વીરમાયાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. કડી, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ–૬૩૯૨, તા. ૧૦-૧૧-૭૮થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ–૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. મહેસાણાની નીમણુંક કરવામાં આવે છે.

નોંધ :— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૭–૧–૨૦૦૩.

નલીન ઉપાધ્યાય,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધો :—

(૧) ધી મર્કન્ટાઇલ કો. ઓપ. ક્રેડીટ સો. લિ. બોરસદના મેનેજરશ્રીનો સંસ્થાના તમામ વ્ય. કમીટી સભ્યોએ આપેલ રાજીનામા અંગેની જાણ કરતો તા. ૩૦-૧૨-૦૨ નો પત્ર,

જા. નં. સકક/૦૧/જ/૩/૨૦૦૩.—ધી મર્કન્ટાઇલ કો. ઓપ. ક્રેડીટ સો. લિ. મુ. બોરસદ તા. બોરસદ જી. આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી ક્રેડીટ મંડળી છે, જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પ્રવર્તમાન પેટા–નિયમ, સહકારી કાયદા કાનુન અને નિયમોથી લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે જેનાથી મંડળીના કર્મચારીઓ તથા કાર્યવાહકો વાકેફ હોય છે જ.

સંદર્ભ (૧) માં જણાવેલ મંડળીના મેનેજરશ્રીના તા. ૩૦–૧૨–૦૨ના પત્રમાં જણાવ્યા અનુસાર મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યો રાજીનામા આપી છુટા થયેલ છે. આમ તમામ વ્ય. કમીટી સભ્યોએ રાજીનામાં આપતાં મંડળીના વહીવટમાં શૂન્યાવકાશ સર્જાતાં સહકારી કાયદાની કલમ ૭૪(ઘ) હેઠળ હાલની વ્ય. કમીટીની જગ્યાએ કસ્ટોડીયનની નિમણુંક કરવાની કાર્યવાહી કરવી ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. કોટેચા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ–૭૪(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ ધી મર્કન્ટાઇલ કો. ઓપ. ક્રેડીટ સો. લી. મુ. બોરસદ તા. બોરસદ જી. આણંદની હાલની વ્ય. કમીટીએ સંદર્ભ-(૧)ની વિગતોથી આપેલ રાજીનામાંથી મંડળીમાં શૂન્યાવકાશ સર્જાતા મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી ધિરેન્દ્રસિંહ ભગવાનસિંહ સિસોદીઆ મુ. તા. જી. આણંદની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરૂં છું. સદરહુ નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્ય. કમીટી ચૂંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે. કસ્ટોડીયનનું મહેનતાણું હવે પછી નકકી કરવામાં આવશે.

આણંદ, તા. ૪–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) ધી એમ્પ્લોઇઝ કો-ઓપ. ક્રેડીટ એન્ડ કન્જુમર્સ સો. લિ. બોરસદના મેનેજરશ્રીનો સંસ્થાના તમામ વ્ય. કમીટી સભ્યોએ આપેલ રાજીનામાં અંગેની જાણ કરતો તા. ૩૦–૧૨–૦૨નો પત્ર.

જા. નં. સકક/૦૧/જ/૪/૨૦૦૩.— ધી એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ એન્ડ કન્જુમર્સ સો. લિ. બોરસદ તા. બોરસદ જી. આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી ક્રેડીટ મંડળી છે,

INDEX

જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પ્રવર્તમાન પેટા-નિયમ, સહકારી કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે જેનાથી મંડળીના કર્મચારીઓ તથા કાર્યવાહકો વાકેફ હોય છે જ.

સંદર્ભ (૧) માં જણાવેલ મંડળીના મેનેજરશ્રીના તા. ૩૦–૧૨–૦૨ ના પત્રમાં જણાવ્યા અનુસાર મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોએ રાજીનામા આપેલ છે. આમ મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોએ રાજીનામા આપતાં મંડળીના વહીવટમાં શૂન્યાવકાશ સર્જાતાં સહકારી કાયદાની કલમ ૭૪ (ધ) હેઠળ હાલની વ્ય. કમીટીની જગ્યાએ કસ્ટોડીયનની નિમણુંક કરવાની કાર્યવાહી કરવી ઉપરાંત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ–૭૪(ધ)હેઠળ મળેલ સત્તાની રૂએ ધી એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝુમર્સ સો. લિ., મુ. બોરસદ, તા. બોરસદ જી. આણંદની હાલની વ્ય. કમીટીએ સંદર્ભ (૧) માં જણાવેલ વિગતોથી આપેલ રાજીનામાંથી મંડળીમાં શૂન્યાવકાશ સર્જાતાં મંડળીનો વહીવટ ચલાવવા સારૂ, શ્રી ડી. બી. સિસોદીયા મુ. તા. જી. આણંદની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરૂં છું. સદરહુ નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્ય. કમીટી ચૂંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે. કસ્ટોડીયનનું માસિક મહેનતાણું રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) મંજુર કરૂં છું. સદરહુ મહેનતાણાનો ખર્ચ મંડળીએ ભોગવવાનો રહેશે.

આણંદ, તા. ૪–૧–૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
આણંદ.

ક્રમાંક નધણ/૦૧/ક-૨ / ૧૦/સે–૧૫૯૮ / ૨૦૦૩.–આથી જાહેર કરે છે કે યોગેશ્વર નગર કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સોસાયટી લી., મર્યાદિત સ્થળ ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો) ૧૯૬૧ ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧–૧–૨૦૦૩.

ક્રમાંક નધણ/૦૧/ક–૨/૨૮/સા–૧૫૯૯–/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે ઐશ્વર્ય કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સોસાયટી લી., મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૩–૧–૨૦૦૩.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
ભરૂચ.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૪–૧૧–૨૦૦૨ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૩૨૪/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૧૧/૦૧ /ગ / ૩૬ / ૨૦૦૩.— ધી દોલપુર જુથ ગોપાલક સેવા સહકારી મંડળી લિ., મુ. દોલપુર, તા. ધનસુરા, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે–૨૪૪૯૭, તા. ૧૮–૩–૬૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું ઇન્સપેક્શન ધી સા. જી. મધ્યસ્થ સહકારી બેંક લિમીટેડ, હિંમતનગરની ધનસુરા શાખા દ્વારા કરવામા આવેલ હતું. ઇન્સપેક્શન દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તારીખ ૧૭-૮-૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૮૦૧/૨૦૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેનાં કારણો દર્શાવવા મંડળીના હોદ્દારોને કારણદર્શક નોટીસ આપી. તા. ૨૯–૮–૨૦૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂ તારીખ ૨૪–૧૦–૨૦૦૨ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આમુખ–૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૪–૧૧–૨૦૦૨ના આદેશથી મંડળને ફડચામાં લઇ જવાના વચગાળાના

INDEX

આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને રૂબરૂ રજુઆત માટે તારીખ ૯–૧૨–૨૦૦૨ના રોજની મુદત આપેલ હતી. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જીલ્લો સાબરકાંઠાને, પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી દોલપુર જુથ ગોપાલક સેવા સહકારી મંડળી લી., મુકામ દોલપુર, તાલુકો ધનસુરા, જીલ્લો સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ–૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લિ. હિંમતનગરની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખ ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બેન્કોમાં જમા કરાવવાની રહેશે.

સાબરકાંઠા હિંમતનગર, તા. ૯–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચ/કે/એચ/૨૪–૯૧ /ડીડીજી /૧૧૮૮ / ૫૨૦૪/જ, તારીખ ૩૦–૩–૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧નો કલમ–૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ

(૩) આ કચેરીના તા. ૧૪–૧૧–૨૦૦૨ના અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૩૨૯/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૧૨/૦૧/ગ/૩૭/૦૩.—ધી બાવસર ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી.,મુ. બાવસર તા. હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે.નં.–૨૩૬૬૭, તારીખ ૨૭–૯–૮૯થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૪-૦૧ થી ૩૧–૩–૦૨ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટર ગ્રેડ–૨, સ. મં. (ગ્રાહક) હિંમતનગર દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળીના ઉદ્દેશો મુજબની કામગીરી કરતા ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૯–૮–૨૦૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૨૮૧૨/૨૦૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી. તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી. તા. ૫–૯–૨૦૦૨ના રોજ રજુઆત કરવા સારૂં આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૨૪–૧૦–૨૦૦૨ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજૂઆત થયેલ નથી આમુખ–૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૪–૧૧–૦૨ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને રૂબરૂ રજુઆત માટે તા. ૯–૧૨–૨૦૦૨ના રોજની મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હુ, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિમતનગર, જી. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારીની રૂએ ધી બાવસર ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બાવસર, તા. હિંમતનગર, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ–૩માં દર્શાવેલ વચગાળાનો આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છુ. અને સદર કાયદાની કલમ–૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છુ. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

સાબરકાંઠા–હિંમતનગર, તા. ૯–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪–૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/ જ, તા. ૩૦–૩–૯૧.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૧૪-૧૧-૨૦૦૨ ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૩૩૨૮/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૧૩/૦૧/ગ/૩૮/૨૦૦૩.—શ્રી નાના ચેખલા ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ., મુ. નાના ચેખલા, તા. તલોદ, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. નં. ૧૦૨૭૫, તારીખ ૭-૩-૯૨ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તારીખ ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમય ગાળાનું વૈધાનિક ઓડીટ, સબ-ઓડીટર, સ. મં. પ્રાંતિજ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૧૭-૮-૨૦૦૨ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૮૦૨/૨૦૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે અંગેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૨૯-૮-૨૦૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતા ફરીથી ઉક્ત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૨૪-૧૦-૨૦૦૨ના રોજની મુદત આપેલ હતી. પરંતુ હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત થયેલ નથી. આમુખ-૩ માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૪-૧૧-૨૦૦૨ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ. અને રૂબરૂ રજુઆત માટે તા. ૯-૧૨-૨૦૦૨ના રોજની મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ શ્રી નાના ચેખલા ગૃપ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લિ., મુ. નાના ચેખલા, તા. તલોદ, જિ. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીશ્રીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

સાબરકાંઠા, હિંમતનગર, તા. ૯-૧-૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
જી. સાબરકાંઠા-હિંમતનગર.

વંચાણે લીધા :

(૧) મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (જી. પં.) પાટણનો તા. ૬-૮-૨૦૦૨ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૧૩૨૧/૨૦૦૨ તા. ૧૨-૯-૦૨ની ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૧૩૯૩/૨૦૦૨ તા. ૨૫-૯-૦૨,

(૪) અત્રેના પત્ર નં. ઉખસ / ફડચ / ૦૧ /ક/૨૧૫૭/૨૦૦૨ તા. ૧૬-૧૨-૨૦૦૨

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૪૯/૨૦૦૩.— શ્રી લક્ષ્મીપુરા (વદાણી) સેવા સહકારી મંડળી લી., મુ. લક્ષ્મીપુરા. તા. જી. પાટણ નોંધણી નં. ૧૦૦૫૪ તા. ૧૪-૬-૬૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (જી. પં.) પાટણએ સદર મંડળીની તપાસણી તા. ૨-૮-૦૨ના રોજ લઇ દફતર તપાસણી કરી તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઇ જવાનો અહેવાલ આમુખ-૧ના પત્રથી રજુ થયેલ છે. સદર અહેવાલ સંબંધે આમુખ-૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. તેના અનુસંધાને મંડળીના પ્રમુખશ્રી તથા મંત્રીએ અત્રે તા. ૨૩-૯-૦૨ના રોજ હાજર રહી રજુઆત કરી કે તા. ૩૦-૧૧-૦૨ સુધીમાં ધીરાણ કરીશુ શાખાપત્રક ઓકટોબર માસમાં મોકલવા એ કે જણાવેલ ચાલુ ખાતામાં રહેલ રકમ ટુંકી મુદત માટે બેંકમા બાંધી મુદતની થાપણ તરીકે મુકવામાં આવશે. સદર રજુઆત સંદર્ભે અત્રેના આમુખ-૩ ના પત્રથી રજુઆત મુજબની કાર્યવાહી તા. ૩૦-૧૧-૦૨ સુધીમાં પુર્ણ કરી અત્રે આધારો રજુ કરવા જણાવેલ હતુ. પરંતુ આ આધારો મંડળીએ રજુ ન કરતાં આમુખ-૪ ના પત્રથી સ્મુતિપત્ર પાઠવા દિન-૧૦ માં રજુઆત

INDEX

મુજબના આધારો રજુ કરવા જણાવેલ હતું. પરંતુ મંડળીના હોદ્દેદારોએ આજદિન સુધી કરવા જણાવેલ હતુ. પરંતુ મંડળીના હોદ્દેદારો આજદિન સુધી જણાવેલ આધારો અત્રે રજુ કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઈ રસ જણાતો નથી, જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

ફડચાનો વચગાળાનો આદેશ

શ્રી લક્ષ્મીપુરા (વઢાણી) સેવા સહકારી મંડળી લી., મુકામ તા. લક્ષ્મીપુરા, તા. જી. પાટણ નોંધણી નં–૧૦૦૫૪, તારીખ ૧૪–૬–૬૭થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સ. મં. અધિનિયમ કલમ–૧૦૭ (૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ–૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તા. ૭–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જીલ રજીસ્ટ્રાર સ. મં. (જી. પં.) પાટણ નો તા. ૨૪–૧૦–૦૨ નો અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૧૮૭૩/૨૦૦૨, તા. ૧૪–૧૧–૦૨ ની ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૦૮૮/૨૦૦૨, તા. ૭–૧૨–૦૨.

(૪) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-નં. ૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૫૦/૦૩.—શ્રી સરદારપુરા (આંબાપુરા) સેવા સ. મં. લી. મુ. સરદારપુરા, તા.જી. પાટણ નોંધણી નંબર ૩૦૦૧૪, તારીખ ૩–૫–૧૯૬૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મંડળીઓ, (જી.પં.) પાટણએ સદર મંડળીની તપાસણી તારીખ ૨૨–૧૦–૨૦૦૨ના રોજ હાથ ધરેલ. તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ આમુખ–૧ના પત્રથી અત્રે રજુ થયેલ છે, સદર અહેવાલ સંબંધે આમુખ–૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો. :–

(૧) મંડળીએ છેલ્લા ૪ વર્ષથી સ્થગીત છે.

(૨) મંડળીનો છેલ્લા ૪ વર્ષના ઓડીટ નોંધોની દુરસ્તી કરેલ નથી.

(૩) બાંધી મુદત થાપણ રૂા. ૯૨,૫૪૭ નો આધાર રજુ કરેલ નથી.

(૪) મંડળીના અગત્યના રજીસ્ટરો નિભાવેલ નથી.

(૫) વા. સા. સભામાં ફકત ૧૨ સભ્યો હાજર રહેલ છે. આમ સભ્યોને મંડળી ચલાવવામાં રસ નથી.

(૬) મંડળીની કારોબારી નિયમિત દર માસે મળતી નથી.

(૭) સંસ્થાનું દફતર મંડળીના સ્થળે રાખવામાં આવતુ નથી.

(૮) મંડળીએ મુદતવીતી બાકીદારો પાસેથી વસુલાત કરવા કોઇ પ્રયત્નો કરેલ નથી.

(૯) નફાની ફાળવણી કરવામાં આવેલ નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઇ જતાં અગાઉ પત્ર નં. ઉખસ/ફડચ/૧૮૭૩/૨૦૦૨, તા. ૧૪–૧૧–૦૨ થી કારણ-દર્શક નોટીસ પાઠવી, તા. ૨–૧૨–૦૨ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ હતું. પરંતુ મંડળી તરફથી કોઇપણ જાતની રજુઆત ન થતાં આમુખ–૩ના પત્રથી સ્મૃતિ પત્ર પાઠવેલ. પરંતુ મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત થયેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સરદારપુરા (આંબાપુરા) સેવા સહકારી મંડળી લી., મું. સરદારપુરા, તા. જી. પાટણ નોંધણી નંબર : ૩૦૦૧૪ તા. ૩–૫–૧૯૬૦ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭(૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક

INDEX

માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

પાટણ, તા. ૭-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કારણદર્શક નોટીસ નં. ઉખસ/ફડચ/૧૯૦૨/૦૧, તા. ૧૨-૧૧-૦૧.

(૨) મંડળીનો તા. ૧૩-૧૨-૦૧નો રજુઆત પત્ર

(૩) અત્રેનો પત્ર નં. ઉખસ / ફડચ / ૦૧ /ક/૪૬૯/૨૦૦૨, ૨-૪-૨૦૦૨.

(૪) અત્રેનો પત્ર નં. ઉખસ /ફડચ/૦૧/ક/૧૬૦૩/૨૦૦૨, તા. ૮-૧૦-૨૦૦૨.

(૫) સંસ્થાનો તા. ૧૮-૧૦-૨૦૦૨નો પત્ર.

(૬) અત્રેનો પત્ર નં- ફડચ / ૦૧/ક / ૧૬૩૧/ ૨૦૦૨, તા. ૨૮-૧૦-૨૦૦૨.

(૭) અત્રેનો પત્ર નં. ઉખસ / ફડચ/ ૦૧ /ક /૨૧૬૭/૨૦૦૨, તા. ૧૭-૧૨-૨૦૦૨

(૮) ગુજરાત સ. મં. અધિનિયમ. ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૭૪/૨૦૦૩.—નાયબ સચિવશ્રી, (અપીલ) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના હુકમ નંબર જી. સી. એસ. /૩૪/૨૦૦૧/૧૨૧/૭, તા. ૫-૧૧-૦૧થી અત્રેનો ધી સરેલ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સરેલ, તા. હારીજ, જી. પાટણને ફડચામાં લઇ જવાનો તા. ૧૪-૮-૦૧ નો હુકમ રદ કરી મંડળીને રજુઆતની તક આપીને જે તે નિર્ણય લેવા અત્રે કેસ રીમાન્ડ કરતાં આમુખ-૧ના પત્રની મંડળીને કારણદર્શક નોટીસ પાઠવી, તા. ૨૯-૧૧-૦૧ ના રોજ રૂબરૂ રજુઆત / સ્પષ્ટતા કરવા જણાવતાં મંડળીએ તા. ૨૯-૧૧-૦૧ના પત્રથી મંડળીનું દફતર વકીલ પાસે હોઇ અન્ય મુદત આપવા વિનંતી કરતાં અત્રેથી રૂબરૂમાં તા. ૧૩-૧૨-૦૧ની મુદત આપતાં મંડળીએ તા. ૧૩-૧૨-૦૧ના આમુખ-૨ના પત્રથી જણાવેલ કે મંડળીને ચાલુ કરવા પ્રયત્નો હાથ ધરવા કબુલ છે. સદર રજુઆત સંદર્ભે આમુખ-૩ના પત્રથી મંડળીએ ૭ માસની અંદર કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓની વાસ્તવિક દુરસ્તી ૭ માસની અંદર કરી તેના આધાર રજુ કરવા જણાવેલ તા. ૮-૧૦-૦૨ સુધી મંડળીએ આધાર રજુ ન કરતાં આમુખ નં. ૪ના પત્રથી સ્મૃતિપત્ર પાઠવતાં મંડળીએ તા. ૧૮-૧૦-૨૦૦૨ ના પત્રથી જણાવેલ કે અત્રેનો પત્ર નં. ફડચ/૦૧/ક/૪૬૯/૦૨, તા. ૨-૪-૦૨ મળેલ નથી જેની નકલ આપશો જેથી અત્રેના તા. ૨૮-૧૦-૦૨ના આમુખ-૬ના પત્રથી માંગેલ પત્રની નકલ મોકલી જણાવેલ કે સદર પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી પૂર્ણ કરી દિન-૭માં અત્રે આધાર રજુ કરવા જણાવેલ તેમજ તા. ૧૭-૧૨-૦૨ના પત્રથી સ્મૃતિપત્ર પાઠવેલ, પરંતુ મંડળીએ આજદિન સુધી કોઇપણ જાતની રજુઆત કરેલ નથી આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે

ફડચાનો વચગાળાનો આદેશ

શ્રી સરેલ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ,સરેલ તા. હારીજ, જીલ્લો પાટણ નોંધણી નંબર ૨૪૩૨૩, તા. ૨૫-૯-૯૦થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સ. મં. અધિનિયમની કલમ-૧૦૭ (૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો તેઓ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચુક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તા. ૧૦-૧-૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૪-૧૧-૨૦૦૨નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૭૯/૨૦૦૨ થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઇઓ,

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ક/૧૩૫૪૬ / ૭૫/2003.— ધી ગુજરવાડા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મું. ગુજરવાડા તા. સમી, જી. પાટણને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૧૪-૧૧-૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી (ફડચો)

પાટણને ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૪–૧૧–૨૦૦૨ નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૮૦/૨૦૦૨ થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ / ક /૧૩૫૪૭/૭૬/૨૦૦૩.— ધી ભાટસર તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ભાટસર તા. ચાણસ્મા જી. પાટણને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૧૪–૧૧–૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) પાટણે ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તારીખ ૧૪–૧૧–૦૨નો હુકમ નંબર ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૮૧/ ૨૦૦૨ થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ક / ૧૩૫૪૮ /૭૭ / ૨૦૦૩.— ધી ભાટસર પિયત સ. મં. લી. મુ. ભાટસર, તા. ચાણસ્મા, જી. પાટણને અત્રેની કચેરીના આમુખ–૧ ના તા. ૧૪–૧૧–૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ – ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) પાટણ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ, તા. ૧૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેનો હુકમ ક્રમાંક સકક/૦૧/ખ/૧૩૮૯/૨૦૦૧, તા. ૧૧–૯–૦૧.

(૨) વહીવટદારશ્રી, ગુરૂકુળ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ચાણસ્માનો તા, ૨૪–૧૦–૦૨નો પત્ર

(૩) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ નંબર ૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ખ-૩-૪૦/૨૦૦૩.–ઉપરોક્ત આમુખ-૧ થી વંચાણે લીધેલ, અત્રેના હુકમ ક્રમાંક સકક/૦૧/ખ/૧૩૮૯-૨૦૦૧, તા. ૧૧–૯–૦૧થી શ્રી ગુરૂકુળ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ચાણસ્મામાં વહીવટદાર તરીકે શ્રી બી એ. બાવા મું. ગાંભુ, તા. બેચરાજીની નિમણુંક કરવામાં આવેલ હતી.

શ્રી બાવાના વહીવટદાર તરીકેના સમય ગાળામાં મંડળીના વહીવટમાં સુધારો નોંધાતાં તેઓએ તા, ૩૦–૯–૦૨ના રોજ ખાસ સાધારણ સભા બોલાવી કમીટીની રચના કરી સાધારણ સભાના ઠરાવ અન્વયે તા. ૨૨–૧૦–૦૨ના રોજ ચાર્જ સુપ્રત કરેલ છે.

મંડળીની પરિસ્થિતિ/વહીવટમાં થયેલ સુધારાને ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ, ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ અંતર્ગત મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે અત્રેના હુકમ સકક/૦૧/ખ/૧૩૮૯/૨૦૦૧, તા. ૧૧–૯–૦૧થી શ્રી ગુરૂકુળ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ચાણસ્મા, જી. પાટણમાં નીમેલ વહીવટદારની વ્યવસ્થા સમાપ્ત કરવામાં આવે છે.

પાટણ, તા. ૧૬–૧–૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર, સ મં.,
પાટણ.

INDEX

વાંચ્યો :

(૧) શ્રી આર ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) અને ફડચાધિકારી શ્રી કુકડા – ધરમપુરી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ફડચામાં ને તા. ૨૩–૧૧–૦૨નો અહેવાલ.

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સ. મં.વલસાડના તા. ૨૫-૬-૭૯નાં હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/સે. દુ. ૧૬૬૦૨/ક–૭/૮૭૫ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબ ઓડીટર સ. મં. નો તા. – ૧૯૭ થી તારીખ ૨૩–૧૨–૨૦૦૨ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/સે:દુ. ૧૬૬૦૨/ખ–૩/૯૦૬/૨૦૦૨.—શ્રી કુકડા–ધરમપુરી દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. કુકડા તા. વાંસદા, જીલ્લો નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે. દુ. ૧૬૬૦૨ તા. ૨૦–૩–૧૯૭૯ થી નોંધવામાં આવી હતી તેને ઉપરોકત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઇ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલ જાહેર કરવામાં આવે છે. અને એ જ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી, તા. ૨૭–૧૨–૨૦૦૨.

વાંચ્યો :-

(૧) શ્રી આર. ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) અને ફડચા અધિકારી શ્રી દેલવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ફડચામાંને તા. ૪–૧૨–૨૦૦૨નો અહેવાલ.

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીના તા. ૩૧–૫–૨૦૦૨નાં હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/સે-દુ-૨૨૮૦૩/ખ-૩/૪૩૬/૦૨થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી સબઓડીટર સ મં. નો તા. ૧–૪–૨૦૦૧ થી તા. ૨૫–૧૦–૨૦૦૨ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ–ફડચ–સે. દુ. ૨૨૮૦૩/ખ-૩/૮૯૮/૨૦૦૨.–શ્રી દેલવાડા દુધ ઉત્પાદક સ. મં. લિ. મું. દેલવાડા તાલુકા જલાલપોર જી. નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે. દુ. ૨૨૮૦૩ તા. ૩૧–૩–૧૯૮૭ થી નોંધવામાં આવી હતી તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઇ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોકત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૪૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલ જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી, તા. ૨૭–૧૨–૨૦૦૨.

સુનિલકુમાર,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નવસારી.

નંબર ઉખસ/સે. દુ./૩૪૮૦૧.—આથી જાહેર કરે છે કે મ. સં. પારસી ફળિયા ડુમલાવ દુધ ઉત્પાદક સ. મં. લિ., સ્થળ ડુમલાવ, તા પારડી, જિ. વલસાડને.

સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૭–૧–૨૦૦૩.

નંબર ઉખસ/સે.દુ.–૩૪૮૦૨.–આથી જાહેર કરે છે કે મ.સ. પીપરડી ફળિયા કરવડ દુધ ઉત્પાદક સ.મ. સ્થળ કરવડ તાલુકો પારડી જિ. વલસાડને.

સને ૧૯૬૧નાં (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની, કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૭–૧–૨૦૦૩.

નંબર ઉખસ-સે.દુ.–૩૪૮૦૩.–આથી જાહેર કરે છે કે મ.સ. ખરેડી દુધ ઉત્પાદક સહકારી મંડળી સ્થળ ખરેડી તાલુકો કપરાડા જિ. વલસાડને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૧૭–૧–૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર સ. મં.
વલસાડ.

INDEX

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ડીપી / સહકાર / ક / વશી – ૨૧૬૭–બે / ૪૬૮૫.— ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે ધી કારંટા ભાગ–૨ બાવળીયા ફળિયા પિયત સ.મ. લી બાવળીયા ફળિયુ પો. કારંટા તા. ખાનપુર જિ. પંચમહાલ

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી / સહકાર / ક /વશી–ભ–૪૮૦૪.–ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે ધી જલારામ સહકારી ગ્રાહક ભંડાર લી. નવાગામ તા. ગોધરા (હડફ) જિ. પંચમહાલને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી./સહકાર/ક/ વશી/૨૧૦૫/ઉ/૬૩૫૬/૨૦૦૨.– ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે, ગાયત્રી રેડીમેઇડ ગારમેન્ટ ઔદ્યોગિક ઉત્પાદક અને વેચાણ કરનારી સ. મ. લી. મુ. સુરેલી તા. કાલોલ જિલ્લો પંચમહાલને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી /સહકાર/ક/વશી/૨૧૧૨/ઉ/૬૩૫૭/૨૦૦૨.– ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે ધી ડૉ. ભીમરાવ આંબેડકર હાથશાળ કાપડ ઉત્પાદક ઔદ્યોગિક સ. મ. લી. મુ. :વાવ તા. ઘોઘંબા જિલ્લા પંચમહાલને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી/સહકાર/ક/વશી/ઉ/૬૩૫૮/૨૦૦૨.– ધી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી હરિ ૐ વિવિધલક્ષી મહીલા લઘુ ઔદ્યોગિક ઉત્પાદક સ. મ. લી. સીમલીયા તા. ઘોઘંબા જીલ્લો પંચમહાલને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, ૩૧–૧૨–૦૨.

ક્રમાંક/ડીપી/સહકાર/ક/વશી-૨૧૨૮ /ઉ /૬૩૫૯ /૦૨.— ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી વહાણવટી હાથશાળ કાપડ ઉત્પાદન અને વેચાણ કરનારી ઔદ્યોગિક સ. મ. લી. વેગનપુર, તા. ગોધરા, જી. પંચમહાલ.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી/સહકાર/ક/વશી/૨૧૩૬/ઉ/૬૩૬૦/૨૦૦૨.—ધી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી મુકતજીવન મહીલા લઘુ ઔદ્યોગિક ઉત્પાદક સ. મં. લી.. કુંભારપાલ્લી તા. ઘોઘંબા જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

નંબર ડીપી/સહકાર/ક/વશી/૨૧૪૪/ઉ/૬૩૬૧.—ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે, અનુ–સુચિત જાતિ વિવિધલક્ષી ઉત્પાદન અને વેચાણ કરનારી સ. મં. લી. ભાદરોલી બુઝર્ગ તા. કાલોલ જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

INDEX

ક્રમાંક ડીપી/સહકારી/ક/વશી/૨૧૫૨/ઉ/૬૩૬૨.—ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરા. આથી જાહેર કરે છે કે ધી જયજલારામ ગૃહ ઉદ્યોગ ઔદ્યોગિક ઉત્પાદન કરનાર અને વેચાણ કરનારી સ. મં. લી સુરેલી તાલુકો કાલોલ જિ. પંચમહાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિયિમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામા આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી / સહકાર /ક / વશી / ૨૧૬૦/ઉ/૬૩૬૩,—ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત,.પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે ધી રિદ્ધિ સિદ્ધિ મહાલા હસ્તકલા ઓદ્યોગિક સ. મં. લી., ધારાપુર, તા. શહેરા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨.

ક્રમાંક ડીપી સહકાર/ક/વશી/૬૫/ઉ/૬૩૬૪.—ધી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, પંચમહાલ આથી જાહેર કરે છે કે, ધી કુળદેવી ઈંટ ઉદ્યોગ ઔદ્યોગિક સહકારી મંડળી લી. ખોડીયાર મુવાડાં પો. અણીયાદ તાલુકો શહેરા. જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૯–૧–૨૦૦૩.

સી. એમ. ભાભોર,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં. જિ.
પંચાયત પંચ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, FEBRUARY 20, 2003 / PHALGUNA 1, 1924 [No. 8

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	147-162
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	8
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	125-132
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2509-3014

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૪૫/૨૦૦૩.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી, માહે જાન્યુઆરી, સને ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૪૬/૨૦૦૩.-પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી અંગે તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં. મતદાન મથકથી ૨૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહીં, કે ચિન્હો રાખવા નહીં.

વિસ્તાર :- પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી ગ્રામ પંચાયતોની પેટા-ચૂંટણી થનાર વિસ્તાર.

ખુલાસો :- આ વિસ્તારના રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તથા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી, માહે ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ. શા./૭૪૭/૨૦૦૩.- પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર ગ્રામ પંચાયતોની પેટા-ચૂંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે, તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૬(ગ) (ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ-

૧. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

૨. મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાનાં નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

૩. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળ વિસ્તાર પૈકી ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી થનાર વિસ્તાર.

આજ તારીખ ૫મી, માહે ફેબ્રુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે.

નંબર ઉ/ગપક/ વિ. શા./૭૪૮/૨૦૦૩.- તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ બકરી ઈદનો તહેવાર આવે છે. આ પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલના કારણે સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી છે.

જેથી હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ (બન્ને દિવસો સહિત) પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ પશુની જાહેર જગ્યામાં કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહીં. તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહીં.

INDEX

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના અધિનિયમ ૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી, માહે ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY DISTRICT JUDGE

Read:- 1 Hon'ble High Court letter No. C. 2103/91, dated 07.01.1991.

Notification

No. B. 8/ADM/02/2003.—In exercise of the powers vested under paragraph 628 Chapter XXXI of the Civil Manual, Volume-I, 1960, and in view of instructions contained in the High Court letter dated 07.01.1991, cited in the preamble, the District Judge, Patan, sanctions the closing of all Civil Courts in the Judicial District of Patan, for the ANNUAL SUMMER VACATION FOR SIX WEEKS FROM MONDAY, O5 th MAY, 2003 to SUNDAY, 15th JUNE, 2003 [BOTH DAYS INCLUSIVE].

The Offices of the Nazir and Record Keeper, District Court, Patan and of the Nazir of the Subordinate Civil Courts in the District will remain open during the vacation of working days.

Patan, 31st January, 2003.

M. G. GULABANI,
District Judge,
Patan.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ના (મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૩) હેઠળ.

નંબર ડીએમએજી/બીપીએ./૧/વશી/૨૫૫૪ થી ૨૬૫૪.- આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના માસમાં સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત તથા નગરપાલિકા થરાદ અને ધાનેરાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર હોવાથી ઉમેદવારો દ્વારા પ્રચાર ઝુંબેશ, સભા, સરઘસ વિગેરે નીકળવાની શકયતા હોવાથી સમગ્ર બનાસકાંઠા જિલ્લાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે. સબબ તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ હું એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, આથી બનાસકાંઠા જિલ્લાના તમામ વિસ્તારોના વિસ્તારમાં તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીની (બન્ને દિવસો સહિત) મુદત માટે ચાર કે ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું. વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારની નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમ ૩ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માની) કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦મી જાન્યુઆરી, સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ ૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડી.બી.પી.એ./૨/વશી./૩૭૩૫ થી ૩૭૯૫.– માહે ૨/ ૨૦૦૩ના માસમાં તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મુસ્લીમભાઈઓનો "બકરી ઈદ" નો તહેવાર તથા તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ તાલુકા/જીલ્લા પંચાયતની ચુંટણીઓ યોજાનાર હોઈ જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહીત) નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ, અથવા તો વસ્તુઓ ફેંકવાનાં ધકેલવાના યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા નહીં. એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો, અથવા શબો, અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી, તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લા વિસ્તારમાં સદરહું કૃત્યો કરવાની મનાઈ કરૂં છું.

આ હુકમ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તેને ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

INDEX

(૨) જિલ્લા મજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજ રોજ તારીખ ૩૧મી માહે જાન્યુઆરી સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જીલ્લા મજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી-વશી./ ૫૨૭.- આગામી બકરી ઈદના તહેવારની ઉજવણી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ થશે અને તહેવારના દિવસોમાં કતલખાનામાં બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલને કારણે તેમજ જાહેર શેરીઓમાં કે સ્થળ પર દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ છે. અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ છે. અને સુલેહશાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનીય છે તેવા મારો અભિપ્રાય છે.

સબબ હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે ભરૂચ જિલ્લાની હદની અંદર કોઈપણ વ્યકિતએ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસ સહિત) કતલખાનાની મકાનની બહાર કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલ કરવી નહિ, તેમજ ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ જાહેર એરીયા કે જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈપણ પશુની કતલ કરવી નહિ.

ધી બોમ્બે એનીમલ પ્રિઝર્વેશન એકટ ૧૯૫૪થી જે પશુઓની કતલ પર પ્રતિબંધ મુકેલ છે તે પશુઓની કતલ ખાનગી કે જાહેર સ્થળોએ થઈ શકશે નહિ.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.૩/૨૦૦૩.- મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ ગ્રામ પંચાયતોની ચૂંટણી, તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ બકરી ઈદનો તહેવાર અને આગામી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ બીલીમોરા તથા વિજલપોર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૦૩ તથા ચીખલી તાલુકા પંચાયતની પેટા ચૂંટણીના અનુસંધાનમાં કાયદો અને વ્યવસ્થા તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુદ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજી શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજોના ભાગ રૂપે સોપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જીલ્લા મજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણમાં લીધા :—

(૧) આ કચેરીના તા. ૩-૯-૦૨ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૬૪/ ધ-૨/૭૪૮/સને ૨૦૦૨નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તા. ૩૧-૧૨-૦૨ના ક્રમાંક ફડચ/ફ-૨/૧૭૫/સને ૨૦૦૨થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૪/ધ. ૨ / ૪૯ સને ૨૦૦૩.— ધી પી. એન્ડ ટી. ઓડીટ ઓફીસ એમ્પ્લોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી ક્રમાંક ૨૧૧૧૬, તા. ૧૭-૩-૧૯૮૬ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૩-૯-૦૨ના ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૬૪ / ધ, ૨/૭૪૮ / સને ૨૦૦૨ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ હતા. સંદર્ભ – ૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે

અમદાવાદ, તા. ૨૦-૧-2003.

વંચાણે લીધા :—

(૧) આ કચેરીના તા. ૮-૫-૯૮ના જા. નં. ફડચ/ ફ. ૧૧૩૩૪/ ધ. ૨ / ૪૭૬ / ૧૯૯૮નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદના તા. ૧૮-૯-૦૨ના જા. નં. ૫૨૬૫ ના પત્રથી રજુ થયેલ હરિવદન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદને પુનઃ જીવીત કરવા અંગેની દરખાસ્ત તથા તા. ૪-૧૦-૦૨ના જા. નં. આરઇસી/ફડચ/દ૯/૫૭૦૪, અને તા. ૨૬-૧૨-૨૦૦૨ના જા, નં. ૭૬૪૬ના પત્રથી રજુ થયેલ પુર્તતા અહેવાલ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ / ફ. ૧૧૩૩૪/ ધ. ૨ /૫૩ સને ૨૦૦૩.— ધી હરિવદન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધાયેલ રજીસ્ટર્ડ નં. ધ-૪૯૩૮, તા. ૩૧-૫ ૧૯૭૩ વાળી સહકારી ગૃહમંડળી છે.

સદરહુ મંડળીનો વહીવટ વહીવટદાર હસ્તક હતો અને સહકારી કાયદાની જે તે કલમ હેઠળ વહીવટદારની નિયુકિત અંગેની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ વહીવટદાર પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઇચ્છતા ન હોવાથી તેમજ વહીવટદાર દ્વારા પણ મંડળીનો વહીવટ અસરકારક રીતે સંચાલિત થઇ શકે તેમ ન હોવાથી પુખ્ત વિચારણાને અંતે આમુખ-૧થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે ફડચા અધિકારી દ્વારા સદર મંડળીનો વહીવટ સંભાળી લેવામાં આવેલ હતો.

આમુખ-૨ના પત્રોથી કરવામાં આવેલ રજુઆતની વિગતો મુજબ સદર સોસાયટીમાં ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ હા. ફાયનાન્સ કોર્પો.લિ., અમદાવાદનું જે ફડચા લેણું હતું તે પુરેપુરું સંસ્થામાં ભરપાઇ કરવામાં આવેલ છે, તેમજ સોસાયટીના સભાસદો મંડળીનો વહીવટ સંભાળી લેવા તૈયાર હોવાની રજુઆત કરેલ છે તથા મંડળીની નોંધણી રદ ન કરવા અને મંડળી પુનઃજીવીત કરવા આગળની કાર્યવાહી કરવા ફડચા અધિકારીને મંડળીની સાધારણ સભા બોલાવી વ્યવસ્થાપક કમીટીની રચના કરી ચાર્જ સુપ્રત કરવા જરૂરી કાર્યવાહી કરવા મંજુરી આપવા જણાવેલ છે. જે ધ્યાને લેતા મજકુર સોસાયટીના ફડચા અધિકારીએ સહકારી કાયદાની કલમ-૧૯-બ અન્વયે મંડળી પુનઃજીવીત કરવા અને સુચિત મંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના કરી વહીવટ પરત સુપ્રત કરવા અંગે પરવાનગી માંગેલી છે.

ઉકત તમામ વિગતો જોતાં સોસાયટી વર્ષો જુની નોંધાયેલો છે. સોસાયટીની તમામ બાકી રકમ સંસ્થાને ભરપાઇ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં સોસાયટીના સભ્યોસોસાયટીનો વહીવટ પરત મેળવવાં અગ્રેસર હોવાનું જણાતું હોઈ ફડચા અધિકારીનો અહેવાલ ધ્યાને લેતા સભાસદોના વિશાળ હિતમાં મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવામાં હરકત સરખું જણાતું ન હોઇ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯-બ, અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી હરિવદન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ નોંધણી

INDEX

નંબર વ-૪૯૩૮, તા. ૩૧-૫-૧૯૭૩ ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃ જીવીત કરવાનો હુકમ કરૂં છું.

(૧) સોસાયટીનું બાકી ઓડીટ તાત્કાલીક કરાવી લેવાનુ રહેશે અને ત્યારબાદનું ઓડીટ દર વર્ષે નિયમીત નિયમોનુસાર ખાતા મારફત સ્થાયી સુચનાનુસાર કરાવી લેવાનુ રહેશે.

(૨) સહકારી કાયદા-કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટા નિયમો, લેન્ડ સીલીંગ એક્ટ જમીન સપાદનને લગતા કાયદા અને અન્ય લાગુ પડતા સબધીત તમામ કાયદાઓનું સોસાસયટીને ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. સદરહુ શરતોનાં ચુસ્ત પણે અમલ કરવાની શરતે મજકુર સોસાયટીને પુનઃ જીવીતકરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૨૧-૧-૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
(શહેર, વિભાગ) અમદાવાદ.

નંબર નવણુ/૦૧/ક-૨/૪૭ સે/દુ-૩૩૮૫૦.— આથી જાહેર કર છે કે જારીયાવગા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કહાનવા, તાલુકો જંબુસર, જિલ્લો ભરૂચ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૭-૧-૨003.

નંબર નવણ /0૧/ક-૨/૫૩/સે-દુ-૩૩૮૪૯.— આથી જાહેર કરે છે કે શ્રી ગગા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કડોદરા, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૭-૧-૨003.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ભરૂચ.

નંબર ઉખસ/સે. દુ.-૩૪૮0૪.— આથી જાહેર કરે છે કે મં. સ. ભૈરવી ફળિયા (ભેંસધરા) દુધ ઉત્પાદક સ. મં. લી. સ્થળ ભેંસધરા, તાલુકો ધરમપુર, જિ. વલસાડને. સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૧-૨૦૦૩.

નંબર ઉખસ સે,દુ. ૩૪૮0૫.— આથી જાહેર કરે છે કે મ. સં. પટેલ ફળિયા ચીવલ દૂધ ઉત્પાદક સ. મં. લી. સ્થળ ચીવલ, તાલુકો પારડી, જિ. વલસાડને સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તા. ૩૦-૧-૨૦૦૩.

નંબર ઉખસ/સેદુ-૩૪૮૦૬.—આથી જાહેર કરે છે કે મં. સ. મોટી કચવાલ દુધ ઉત્પાદક સ. મં. લી., સ્થળ મોટી કચવાલ, તાલુકો પારડી, જિ. વલસાડને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તારીખ ૩૦-૧-૦૩.

અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
વલસાડ.

વંચાણમાં લીધા :

ખંભાત તાલુકા અનુ જાત સામુદાયિક ખેતી સ. મં. લી., મુ. મીતલી, તા. ખંભાતને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ / 0૧ / ચ / ૪૪0 / ૨00૨, તા. ૩૦-૧૦-૨૦૦૨.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ-૧૩૫૯૩/ચ/૧0૧/૨00૩.—ખંભાત તાલુકા અનુસુચિત જાતિ સામુદાયીક ખેતી સ. મં. લી., મુકામ મીતલી, તાલુકો ખંભાત, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જીલ્લા, રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જીલ્લા પં., આણંદની ઓફીસના નોંધ નંબર ખે-૩૪૯, તા. ૮-૧-૧૯૮૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર,

આણંદ સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૨૧–૧–૨૦૦૩.

વંચાણમાં લીધા :—

સેંધણી ફાર્મર્સ સર્વીસ ગ્રાહક સ. મં. લી., મુ. પેટલાદ, તા. પેટલાદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ. ક્રમાંક : ફડચ/૦૧/ચ/૪૩૭/૨૦૦૨/૨૩–૧૦–૨૦૦૨.

હુકમ

જા. નં. ઉખસ/ફજ/ફ-૧૩૫૯૪/ચ/૧૨૯/૪૨૫/૨૦૦૩.— સેંધણી ફાર્મર્સ સર્વીસ ગ્રાહક સહકારી ભંડાર લી., મુકામ પેટલાદ, તાલુકો પેટલાદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત,નડીઆદની ઓફીસના નોંધ નંબર ભ-૪૬૭૯, તા. ૭–૮–૧૯૯૫થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનુ કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ તા ૩૦–૧–૨૦૦૩.

વંચાણમાં લીધા :—

અભ્યુદય કો. ઓપ. ક્રેડિટ સોસા. લી. મુ. આણંદ તા. આણંદને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ / ૦૧/ચ/૪૩૫/૨૦૦૨, તારીખ ૨૨–૧૦–૨૦૦૨.

હુકમ

જા. નં. ઉખસ/ફજ/ફ-૧૩૫૯૫/ચ-૧૩૦/૪૨૬/૨૦૦૩.— ધી અભ્યુદય કો. ઓપ. ક્રેડિટ સોસા. લી, મુ. આણંદ તા. આણંદ જિલ્લો આણંદને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદની ઓફીસના નોંધ નંબર ૨૭૮૫૦, તા. ૬–૭–૧૯૯૬થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી, આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૩૦–૧–૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
આણંદ.

નં. ઉખસ / નધણ/સે-૩૩૨૩૩/ખ/૨૨૬/સને ૨૦૦૩.— આથી જાહેર કરે છે કે શ્રી મહેસાણા જીલ્લા મહેસુલી કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મહેસાણા. મર્યાદિત સ્થળ મહેસાણા, તાલુકો મહેસાણા, જીલ્લો મહેસાણા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૧–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાના તા. ૭–૧૨–૦૨ના પત્રાંક ફડચ/૦૧/૨૦૦૨ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૦ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૭૮/૨૦૦૩.— ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ હેઠળ ધી પુનાસણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુ. પુનાસણ, તા. મહેસાણા, નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને તે. ૨૦૦૪૮, તારીખ ૨૫–૫–૧૯૮૩થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાના જા. નં. ઉખસ/ફડચ/૧૩૩૮૪/ખ/૧૨૨૦/૦૨, તા. ૨૭–૬–૦૨ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો),

INDEX

મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૨૦૦૨, તા. ૭-૧૨-૨૦૦૨થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોકત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી પુનાસણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પુનાસણ, તા. જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨૭-૧-૨003.

વંચાણે લીધા :

(૧) ઓડીટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમા-૨), મહેસાણાના પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૪૭/૨૦૦૨, તા. ૧-૧૧-૨૦૦૨ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૭, તા. ૨૯-૧૧-૦૨થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ ફડચ /૦૧/ખ/૨૪૮૫/૦૨, તા. ૨૩-૧૨-૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૮૦/૨૦૦૩.—ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી વિવેકાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ઊંઝા, તા. ઊંઝા, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૩૩૭૩, તા. ૧૪-૧૧-૭૦ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૧ થી તા. ૨૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમા-૨), મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલને આધિન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૭/૦૨, તા. ૨૯-૧૧-૦૨ થી કારણ દર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૩ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૮૫/૦૨, તા. ૨૩-૧૨-૦૨ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તક પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જતી કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ ગત ઓડિટ મેમાની દુરસ્તી કરી, દુરસ્તી રિપોર્ટ મોકલી આપેલ નથી. આમ કરી મંડળીએ સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીમાં કરવામાં આવતા ખર્ચના વાઉચરોમાં પ્રમુખશ્રીની સહીઓ મેળવવામાં આવતી નથી.

(૩) મંડળીની વાર્ષિક સાધારણ સભામાં વાર્ષિક હિસાબો ઉચ્ચક મંજુર કરવામાં આવે છે. જે વિગતવાર મંજુર કરેલ નથી.

(૪) તા. ૨૪-૬-૦૧ ની વા. સા. સભાના ઠરાવ નં. ૮થી અ. નં. ૭ ઉપરના શ્રી પટેલ અશ્વિનકુમાર બાબુલાલ વા. સા. સભામાં ગેરહાજર હોવા છતાં વ્ય. કમીટીમાં નિમણુંક કરેલ છે. શ્રી પટેલ વ્ય. કમીટીની એકપણ બેઠકમાં હાજર નથી.

(૫) ઓડીટ સમયમાં ફકત ત્રણ વ્ય. કમીટીની બેઠક મળેલ છે. જેમાંથી બે નોંધ કોરમ છે. અને નોન કોરમ મીટીંગોમાં ઠરાવ કરવામાં આવેલ છે.

(૬) પ્લોટ ટ્રાન્સફર ફી પેટા-નિયમ અનુસાર લેવામાં આવતી નથી.

(૭) સભાસદ રજીસ્ટર અધુરી વિગતે જોવા મળેલ છે. તેમ કેટલાક સભાસદોના વારસદારોની નિયુકિત બાકી છે.

(૮) શેર સર્ટી. માં શેર ટ્રાન્સફરની નોંધ કરવામાં આવતી નથી તથા તમામ સભાસદોના શેર સર્ટી. આપેલ નથી.

(૯) મંડળીની સીલક સંભાળતા કર્મચારી પાસેથી જામીનખત મેળવેલ નથી. તથા જમા પાવતીબુકનું વપરાશ રજીસ્ટર રાખેલ નથી.

(૧૦) એકત્રિત નફાની ફાળવણી પેટા-નિયમ-૫૯ અનુસાર કરેલ નથી.

(૧૧) મંડળીમાં રો.ક્ર રજીસ્ટર નિભાવેલ નથી.

(૧૨) મંડળીની પ્રગતિ થાય તેવા કોઇ પ્રયાસો જણાતા નથી. તથા મંડળી અર્થક્ષમ યુનિટ બની શકે તેવા કોઇ સંજોગો જણાતા નથી. તેથી મંડળીને ચાલુ રાખવી હિતાવહ જણાતી નથી.

(૧૩) તા. ૧-૪-૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, રજુ કરેલ નથી.

INDEX

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી વિવેકાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. ઊંઝા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૩૩૭૩, તા. ૧૪-૧૧-૧૯૭૦ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ ૧૦૭(૧)ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આપની ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો). મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૭-૧-૦૩.

વંચાણમાં લીધા :—

(૧) ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાના તા. ૧૬-૧૧-૦૨ના પત્રાંક ફડચ/૦૧/૭૬૫/૦૨ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયેની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૮૧/૨૦૦૩.—ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ અન્વયે ધી મહેસાણા શહેર માલ વાહન વ્યવહાર સહકારી મંડળી લી., મહેસાણા તા. જીલ્લો મહેસાણા નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર નધણ-સે-૨૯૧૭૮, તા. ૨૫-૨-૯૧ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૦૧/ખ/૧૫૯૪/૨૦૦૨, તા. ૩૦-૭-૦૨થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, ફડચો, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૭૬૫/૨૦૦૨, તા. ૧૬-૧૧-૦૨ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨ માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી મહેસાણા શહેર માલ વાહન વ્યવહાર સહકારી મંડળી લી. મુ. તા. મહેસાણા, જી. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તા. ૨૭-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) મંડળીના માનદ મંત્રીશ્રી એચ. એમ. પટેલની તા. ૧૬-૧-૨૦૦૩ થી સંસ્થાને ફડચામાં લઇ જવાની રજુ થયેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખલ/ફડચ/૦૧/ખ/૨૮૨/૨૦૦૩.—ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી મહેસાણા જિલ્લા સહકારી (મહેસુલી) કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લી., મહેસાણા, તા. જી. મહેસાણા નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ૧૯૬૮૯, તા. ૨૩-૨-૧૯૮૩ છે.

સદર મંડળીના માનદ મંત્રીશ્રી દ્વારા થયેલ તા. ૧૧-૧-૦૩ના વ્યવસ્થાપક કમીટીના ઠરાવ અન્વયે મહેસાણા મુકામે મહેસાણા જિલ્લા મહેસુલી કર્મચારીઓનાં નવિન જીલ્લાને ધ્યાનમાં લેતાં, નવિન સંસ્થા ઉદ્‌ભવ થતી હોવાથી તેમજ, ચાલુ સંસ્થાના કર્મચારીઓ જિલ્લા વિભાજનથી બદલાઇ ગયા હોવાથી તેમજ અમુક સભ્યો વર્ગ-૨, વર્ગ-૧માં નિમણુંક પામેલા હોવ થી અને સભ્યોની છુટા થવાની માંગણીઓ વધુ આવવાથી, કામગીરી વિસંગતતાઓ રહેતી હોવાથી સ્વૈચ્છિક રીતે ફડચામાં લઇ જવા ઠરાવ કરેલ છે.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી મહેસાણા જિલ્લા સરકારી કર્મચારી (મહેસુલ) ઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લી., મુ. મહેસાણા, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ૧૯૬૮૯, તા. ૨૩-૨-૧૯૮૩થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) ના ખંડ ક, ગ (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ

INDEX

કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ.— ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૭–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો તા. ૨૩–૧૨–૨૦૦૨ નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૦/૨૦૦૨,થી વચગાળાનો આદેશ

(૨) મંડળીની સમય મર્યાદામાં ન થયેલ રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૧૩૪૧૭ / ખ /૨૮૩/૨૦૦૩.— શ્રી કાદમ્બરી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી, મુ. મહેસાણા તા. જી. મહેસાણાને અત્રેની, કચેરીના આમુખ-૧થી તા. ૨૩-૧૨-૦૨ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૦/૨૦૦૨થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનાં ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત મજકુર કચેરી મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમાં કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૭–૧–૨૦૦૩.

વંચાણે લીધો :

(૧) અત્રેની કચેરીનો તા. ૨૩–૧૨–૨૦૦૨નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૨/૨૦૦૨થી વચગાળાનો આદેશ.

(૨) મંડળાની સમય મર્યાદામાં ન થયેલ રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ના જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ / ૧૩૪૧૬ / ખ/૨૮૪/ ૨૦૦૩.–શ્રી જવાહરનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. કુકરવાડા, તા. વિજાપુર, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧થી તા. ૨૩-૧૨-૦૨ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૨/૨૦૦૨થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારથીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૨૭–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીનો તા. ૨૩–૧૨–૨૦૦૨નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૬૯/૨૦૦૨થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની સમય મર્યાદામાં ન થયેલ રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ / ફડચ/૧૩૪૧૫/ખ/૨૮૫/૨૦૦૩.—શ્રી લક્ષ્મીકુંજ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મહેસાણા, તા. જી. મહેસાણા, સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૩૩૬૧, સને ૧૯૬૯થી નોંધાયેલ છે. જેને અત્રેની કચેરીના આમુખ-૧થી તારીખ ૨૩–૧૨–૨૦૦૨ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૬૯/૨૦૦૨થી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી અ. એન. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત, મજકુર કચેરી મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમા જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૨૭–૧–૨૦૦૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૮-૧-૨૦૦૩નો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૩/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની ફડચામાં લઇ જવાની સ્વૈચ્છિક રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૧૮/ખ/૨૮૬/૨૦૦૩.— શ્રી શક્તિધારા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. દેદીયાસણ, તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તારીખ ૮-૧૧-૦૩ ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૩/૨૦૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૨૭-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) શ્રી વી. એ. પટેલ, પ્રમાણિત ઓડિટર, પેનલ નંબર ૬, સ. મં., મહેસાણાના તા. ૧૦-૧૦-૨૦૦૨ ના પત્રથી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૦૫/૦૨, તા. ૨૭-૧૨-૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળીની તા. ૧૬-૧-૦૨ ના પત્રથી ફડચામાં લઇ જવા થયેલ રજુઆત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૮૮/૨૦૦૩.— ધી ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ – ૧૯૬૧ અન્વયે ધી ઉમિયા નગર કો. ઓપ. હાઉસીંગ સો લી., મુ. ઉનાવા, તા. ઊંઝા, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ધ-૮૦૦૮, તા. ૯ ૧૦-૮૦ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧-૭-૯૪ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ પ્રમાણિત ઓડીટર પેનલ નં. ૬, સહકારી મંડળી, મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૦૫/૦૨, તા. ૨૭-૧૨-૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૫ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેમજ હાજર રહી સંસ્થાને ફડચામાં લઇ જવા રજુઆત કરેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવો કાનુની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાનો નોંધણી નં. ધ-૮૦૦૮, તા. ૯-૧૦-૮૦ છે. અંદાજીત ૨૨ વર્ષ થવા છતાં કોઇ પ્રવૃત્તિ હાથ ધરાયેલ નથી.

(૨) જમીન ઉપર બાંધકામ કરવામાં આવેલ નથી, જેથી, જમીન લેવા સંબંધી મૂળ હેતુઓ સિદ્ધ થયેલ નથી.

(૩) સંસ્થામાં તા, ૩૧-૩-૦૨ના રોજ નુકશાન રૂ. ૫૫.૫૭ છે.

(૪) સંસ્થાની નોંધણી બાદ સહકારી પ્રવૃત્તિ તેમજ સભાસદોના હેતુઓ સિધ્ધ થયેલ નથી.

(૫) તા. ૧-૪-૨૦૦૨થી છેવટ સુધીના હિસાબી પત્રકો શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ઉમિયાનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ઉનાવા, તા. ઊંઝા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ધ-૮૦૦૮, તા. ૯-૧૦-૮૦ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદા સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે

INDEX

ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :—

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૭–૧–૨૦૦૩.

નલીન ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
મહેસાણા.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૮૧ હેઠળની જોગવાઇ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧ ધ–૧/૩૭૦, તારીખ ૨૯–૬–૨૦૦૧.

જા. નં. વહટ/૦૧/ધ–૧/૩૩/૨૦૦૩.—ધી આંતી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. આંતી, તા. પાદરા જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો આ કામે હવે પછી " મંડળી " તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.
સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) મંડળી પાસે બેન્ક લોન રૂ. ૩,૬૩,૦૦૦–૦૦ મુદ્દલ તથા વ્યાજ રૂ. ૬,૬૧,૬૨૧ બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૫૪ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ–૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના ૮ વ્યવસ્થાપક કમીટી સભ્યો પૈકી ૩ કમીટી સભ્યો મુદતવીતા બાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી. તેમને કમીટીમાંથી દુર કર્યા નથી. તેમની પાસે રૂ. ૩૮,૦૩૯–૦૦ વસુલ કરવાના બાકી છે.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટી / મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૬) સભાસદ કક્ષાએથી પણ મંડળીના છેલ્લા સરવૈયા મુજબ રૂ. ૪,૦૦,૨૧૬–૦૦ મુદ્દલ તથા ચઢતું વ્યાજ વસુલ કરેલ નથી.

(૭) મંડળીની બેન્ક તપાસણી ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી. ૧૩ વર્ષથી મંડળી ધિરાણ સવલત મેળવતી નથી. મંડળીના હોદ્દેદારોને ફક્ત સસ્તા અનાજની દુકાન ચલાવવામાં રસ છે. સરવૈયાની માહિતી મુજબ બેન્કનું વ્યાજ બાકી રાખી ખોટો નફો દર્શાવેલ છે.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઇ રસ હોવાનુ જણાતું નથી, તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી તેની જગ્યાએ બેન્કને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમીટીએ ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી, સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે. પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહય રાખવા પાત્ર ન હોઇ મંડળી વહીવટ અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનુ ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એન. એ. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી આંતી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. આંતી, તા. પાદરા જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છુ.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

INDEX

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાને- રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

શ્રી સહકારી અધિકારી ફડચા નં-૪ / બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી. વડોદરાના જાવક નં.-ફડચ/૦૧/ફ-૪/૩૫/૦૩, ની તા. ૨૩-૧-૦૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૪૮/૨૦૦૩.—ધી સરદાર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. કણુજર, તા. પાદરા, જીલ્લો વડોદરાની નોંધણી ક્રમાંક ૧૨૦૦૪, તારીખ ૩૦-૧૨-૭૨ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સ. મંડળીઓ, વડોદરાના હુકમ નં. ફડચ/ફ-૧૧૮૨૦/૦૧/ધ-૨/૨૬૧, તા. ૨૭-૭-૨૦૦૦ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપુર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ – (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તા. ૩૧-૧-૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
વડોદરા.

નંબર ઉ / ૧૨૨૦૭ / નધણ / ૦૧ /ખ/૧/૦૪/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે ધી કરજણ નર્મદા અસરગ્રસ્ત ડેડીયાપાડા વિભાગ મજુર કામદાર સ. મં. લી., મર્યાદિત સ્થળ ડેડીયાપાડા, તાલુકો ડેડીયાપાડા, જીલ્લો નર્મદા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, રાજપીપળા, તા. ૬-૧-૨૦૦૩.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં.,
નર્મદા, રાજપીપળા.

સે. ક્રમાંક ઉખસ / નધણ / વરમ / ખ-૨ /૫૬/ધ-૯૪૯૮/૨૦૦૩.—જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી સતકેવલનગર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સહકારી મંડળી લી., ગોધરા મર્યાદિત સ્થળ ગોધરા, તાલુકો ગોધરા, જીલ્લો પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૭-૧-૨૦૦૩.

સે. ક્રમાંક ઉખસ/નધણ/દઅમ/ખ-૨/૫૯/સે. ૩૩૫૯૯/૨૦૦૩.—જીલ્લા રજીસ્ટારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી જુના કાકચીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. જુના કાકચીયા મર્યાદિત સ્થળ જુના કાકચીયા તાલુકો લુણાવાડા જી. પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૨૯-૧-૨૦૦૩.

જી. એસ. ત્રિવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં.
ગોધરા.

નંબર નધણ/૦૧/ક/૨૧/સે.દુ. ૩૩૫૨૯/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે ધી છાપરી કુશ્કી દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ છાપરી (કુશ્કી) તાલુકો ભિલોડા જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૨-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ / ૨૪-૯૧/ડીડીજી / ૧૧૯૮ / ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તારીખ ૪-૧૨-૨૦૦૨ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચ/૦૧/ગ/૩૪૨૧/૨૦૦૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૧૪ / ૦૧ / ગ/૧૪૯/૨૦૦૩.—શ્રી શમ્મે હિદાયત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. મોડાસા, તા. મોડાસા, જિ. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ઘ - ૭૭૫૮, તા. ૩૦-૬-૮૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું ઇન્સપેકશન ધી સા. જી. મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની મોડાસા શાખા દ્વારા કરવામાં આવેલ હતું. અને મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. તેમજ મંડળીમાં નીચે મુજબની ક્ષતિઓ હતી.

(૧) મંડળીમાં ૮૦ સભ્યો દાખલ થયેલ છે, મંડળીમાં કોઇ જ ધિરાણ લેનાર સભ્ય નથી.

(૨) મંડળીએ આગાઉ ૧૯૮૫માં એકોમોડેટીવ લોન બેંકમાંથી મેળવેલ હતી પરંતુ મંડળી સદર લોન ભરી શકેલ નથી. છેલ્લી માહિતી અનુસાર એકોમોડેટીવ લોન રૂા. ૧,૬૧,૩૮૮/૭૩ બાકી પડે છે. અને તે લાંબા સમયથી મુદતવીતી બાકી છે

(૩) મંડળીની છેલ્લી આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળીમાં પાછલી તથા ચાલુ ખોટ રૂા. ૧,૮૩,૮૯૫/- થયેલ છે. તેની સામે મંડળીના ભંડોળ રૂા ૨૦,૯૫૫/-છે. આમ તમામ ભંડોળો ખોટમાં ગરકાવ થઇ ગયેલ છે.

(૪) સરવૈયાની લ્હેણી બાજુ જોતાં બેંક ચાલુ રૂા. ૨૫૧/- અને બેંક શેર ખાતે રૂા. ૭૫૦/- છે. તે સિવાય મંડળી પાસે બીજી કોઇ મિલ્કત નથી કે જેથી બેંકની લોન વસુલ આવી શકે.

ઉપર મુજબની ક્ષતિઓ હોઇ, સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૩૦/૯/૨૦૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૯૬૨/૨૦૦૨ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે અંગેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૦/૧૦/૨૦૦૨ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત/મૌખિક રજુઆત ન થતાં ફરીથી ઉકત બાબતે રજુઆત કરવા સારૂં તા. ૨૮-૧૦-૨૦૦૨ના રોજની મુદત આપેલ હતી. સદર મુદતે મંડળીના કાર્યવાહકોએ હાજર રહી મંડળીને ફડચામાં લઇ જવાની લેખિત સંમતિ આપેલ હતી. આમ આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તારીખ ૪/૧૨/૦૨ ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તારીખ ૨૩/૧૨/૨૦૦૨ ના રોજની મુદત આપેલ પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી શમ્મે હિદાયત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., મુ. મોડાસા, તા. મોડાસા જિ. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩ માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતા ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ - ૧૦૮ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. હિંમતનગરની નિમણુંક કરૂં છું. હુકમ થવાની તારીખથી ફડચા અધિકારીશ્રીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી, બેંકમાં જમા કરાવવાની રહેશે.

સાબરકાંઠા, હિંમતનગર, તા. ૨૩-૧-૨૦૦૩.

જે. જે. શાહ,
જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં.
જિલ્લો સાબરકાંઠા,
હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર બે/૬૨૧૧ જી. પં./ સહકાર /૪૬૧ /૨૦૦૩—મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ. મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી અડવાળ-વાડીયા માઇનોર ન. સિં. સ. મં. લી. મર્યાદિત સ્થળ અડવાળા, તા. આમોદ, જી. ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૨૩-૧-૨૦૦૩.

નંબર બે/૬૨૧૨/ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા જી. પં. / સહકાર / ૪૬૨ /૨૦૦૩.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મંડળીઓ, જિ. પં., ભરૂચ આથી જાહેર કરે છે કે ધી આમોદ માઇનોર ૧ ન. સિં. સ. મં. લી. મર્યાદિત સ્થળ મુ. આમોદ, તા., આમોદ. જી. ભરૂચ.

INDEX

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૩-૧-૨૦૦૩.

નંબર એ/૬૨૧૩/ જી. પં. / સહકાર /૪૬૩/૨૦૦૩.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે સલાદરા ૧,૨,૩, માઇનોર ન. સિં. સ. મં. લી. મર્યાદિત સ્થળ મુ. સલાદરા, તા. વાગરા, જી. ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૩-૧-૨૦૦૩.

નંબર એ/૬૨૧૪ / જી. પં. ૪૬૪/સહકાર/૨૦૦૩.—મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. જિ. પં. ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી આછોદ મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ આછોદ, તાલુકો આમોદ, જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૩-૧-૨૦૦૩.

નંબર એ. - ૬૨૧૫/જી. પં./ સહકાર/ ૪૬૫/૦૩.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ. આથી જાહેર કરે છે કે, ઇખર મા-૩ નર્મદા સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ ઇખર, તાલુકો આમોદ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૩-૧-૨૦૦૩.

નંબર એ./૬૨૧૬/જી. પં/સહકાર/૪૬૬/૨૦૦૩.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ, આથી જાહેર કરે છે કે, ધી પાદરીયા મા. ન. સિં. સ. મં. લી., મર્યાદિત સ્થળ પાદરીયા, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૩-૧-૨૦૦૩.

એસ. આર. રાઠવા,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં.,
ભરૂચ.

ક્રમાંક ડીપી / સહકાર /ક/ વશી ૬ સે. / ૩૨૯૪૪/૦૩.—ધી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ખાંડીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., ખાંડીયા તા. શહેરા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯—અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧-૧-૨૦૦૩.

ક્રમાંક ડીપી/ સહકાર /ક/ વશી/ ૧૨ /સે. / ૩૨૯૪૫/૦૩.—ધી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, પંચમહાલ - ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ઉમરપુર અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., ઉમરપુર, તા. શહેરા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧-૧-૨૦૦૩.

ક્રમાંક ડીપી/સહકાર/ક/વશી-૧૯/સે./૩૨૯૪૬/૦૩.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં. પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી બાહી અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., બાહી તા. શહેરા, જિ પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧-૧-૨૦૦૩.

ક્રમાંક ડી. પી./સહકાર/ક/વશી/૨૬/સે.-૩૨૯૪૭/૨૦૦૩.—ધી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સ. મંડળીઓ, જિ. પં., પંચમહાલ ગોધરા, આથી જાહેર કરે છે કે ધી ડેમલી અર્થક્ષમ સેવા સહકારી મં. લી., ડેમલી, તા. શહેરા, જી. પંચમહાલને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૧–૨૦૦૩.

વાંચ્યો :—

(૧) ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ડીડીસી/ ૧૧૬૩/૪૩૯૦૫/કી/તા. ૩૦–૭–૬૫.

(૨) (અ) ધી બાહી આંબાજરી અર્થક્ષમ સેવા સહકારી મં. લી., તા. શહેરાની તા. ૧૪–૧૨–૦૧ની વાર્ષિક સાધારણ સભાનો ઠરાવ નં. ૮.

(બ) મંડળીના વિભાજન અંગેની અરજી તા.......

(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રી, શહેરી પત્ર નંબર/તા. પં./ સહકાર/વશી/તા. ૩૧–૧–૦૨.

(૪) મેનેજરશ્રી, ધી પંચમહાલ ડી. કો. ઓ. બેંક લી., ગોધરાના પત્ર નં. એસ. એસ. ડી/વિભાજન/૪૮ ૩૭૫/તા ૬–૮–૦૨.

હુકમ

નં. જી. પં./સહકાર/નોંધણી/૨૩૭૧–૭૮/વશી/૨૦૦૨.— ધી બાહી આંબાજરી અર્થક્ષમ સેવા સહકારી મંડળી, લી. શહેરાની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ (કે જેમાં હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ–૧૭ તથા સહકારી મંડળીઓના નિયમ–૧૯૬૫ (કે જેનો હવે પછી સહકારી નિયમો તરીકે ઉલ્લેખ કરેલ છે.) ના નિયમ–૯ હેઠળ વિભાજન અંગે આમુખ–૨ (અ) માં જણાવેલ વાર્ષિક સાધારણ સભાના ઠરાવથી વિભાજન કરવા ઠરાવેલ છે. મુસદ્દા અન્વયે આમુખ–(બ) માં જણાવેલ હુકમથી મંડળીનું વિભાજન કરવા અંગે મંજુરી માંગેલ છે. તે અન્વયે સહકારી કાયદાની કલમ–૧૭ (૨) હેઠળ આમુખ–બ થી મંડળીના વિભાજન બાબતે તેમજ ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી, ગોધરાની સંમતિ ધ્યાને લઈ ધી બાહી આંબાજરી અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. ને નીચે જણાવેલ શરતોને આધારે વિભાજન કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) ધી બાહી અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી.

(૨) ધી ડેમલી ,, ,, ,,

આમુખ–(૧) થી મળેલ અધિકાર રૂએ વિભાજન કરવા અને મંડળીનું વિભાજન થતાં ધી બાહી અંબાજરી અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. ની નોંધણી નંબર ૨૫૫૧૮, તા. ૩૦–૬–૫૮ થયેલ નોંધણી સહકારી કાયદાની કલમ–૧૮ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૦૨ અમલમાં આવે તે રીતે રદ કરવા અને નવી અસ્તિત્વમાં આવેલ ઉકત મંડળીઓ અલગ અલગ નંબરથી નોંધણી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :—

(૧) ધી બાહી આંબાજરી અર્થક્ષમ સેવા સ. મં. લી. નું વિભાજન થતાં તેની મિલ્કત અને લ્હેણાંની ધી પંચમહાલ જિલ્લા સહકારી બેંક લી. શહેરા શાખા સાથે પરામર્શ કરી અગર નકકી કરેલ ધોરણે વહેંચણી કરી બંને મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં અનુમતી મેળવવાની રહેશે.

(૨) નવી નોંધવામાં આવેલ મંડળીઓના મંજુર થયેલ પેટા-નિયમોની પ્રથમ સધારણ સભામાં બહાલી મેળવી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે.

(૩) ધી બાહી આંબાજરી અર્થક્ષમ સેવા સ. મં. લી., ના વિભાજન થતાં કર્મચારીઓનો સમાવેશ નવીન રચના થનાર બે મંડળીમાં કરવાનો રહેશે. નવીન મંડળીઓની ખોટ ભરપાઈ થાય નહિ. ત્યાં સુધી બેંકના પુર્વ મંજુરી વિના અન્ય કોઇ કર્મચારીની નીમણુંક કરવાની રહેશે નહિ.

(૪) ગ્રેજ્યુએટી કાયદો લાગુ પડતો ન હોઈ ગ્રેજ્યુએટીના નિયમો પરિશિષ્ટ 'ઈ' મંજુર કરવાના રહેતા નથી.

(૫) નવી મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા માટે વિ. અધિ., સહકાર, તા. પં, શહેરાને અધિકૃત કરવામાં આવે છે. તેઓની અનુમતિ મેળવી પ્રથમ સાધારણ સભા બોલાવી તેની કાર્યવાહીની નોંધ અત્રેને મોકલવાની રહેશે.

આ હુકમનો અમલ ઉપરોકત શરતો આધીન રહી બેંકોનું નાણાંકીય હીત જોખમાય નહીં તે શરતે તા. ૧–૧–૦૩ થી કરવાનો રહેશે.

પંચમહાલ, તા. ૩૧–૧૨–૨૦૦૨.

સી. એમ. ભાભોર,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, જિ. પં. પંચમહાલ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, FEBRUARY 27, 2003 / PHALGUNA 8, 1924 [No. 9

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	163-171	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	133-136
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	9	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3015-3360

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭(૪) અન્વયેનો.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૨૦૮/૨૦૦૩.-અમદાવાદ શહેર પોલીસ મુ. મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે, પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદર જગ્યા પર તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩ સુધીના સમય દરમિયાન પોલીસ અધિકારીઓ રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારૂં સને-૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ કલમ ૩૭(૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટ્ટની આજુ બાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દીશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩ સુધી સવારના

કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટ્ટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈ પણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમિયાન આ જમીનની હદમા જવું નહી અને ઢોર ઢાંખરને પ્રવેશ આપવો નહીં.

રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

મેં આજરોજ તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ સહી સિક્કા માર્યા છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૪૯/૨૦૦૩.-તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી વખતે જુદા જુદા ઉમેદવારોના લોકો આ મતગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એક-બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતિ જોખમાય તેવી સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે, હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના કલાક ૭-૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં. કોઈ સુત્રોચ્ચાર કરવા નહી. માઈક વગાડવું નહી. તેમજ લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી અને મતગણતરી સ્થાને બિનઅધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેરમાં આવેલ-

૧.	સીટી મામલતદાર કચેરી કલેકટર કચેરી કંમ્પાઉન્ડ, ઘી કાંટા.	કંપાઉન્ડ તથા આજુ-બાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.
૨.	મહેસુલ ભવન સુભાષ-બ્રીજના છેડે, અમદાવાદ.	

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭, માહે ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૬(ગ)(ઘ) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ. શા./૭૫૦/૨૦૦૩.– પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર નગરપાલિકા/મહાનગર પાલિકાની સામાન્ય/પેટાચૂંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે, તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૬(ગ)(ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ,

૧. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

૨. મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાનાં નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

૩. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળ વિસ્તાર પૈકી નગરપાલિકા/મહાનગર પાલિકાની સામાન્ય/પેટા ચૂંટણી થનાર વિસ્તાર.

આજ તારીખ ૩, માહે ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનો

નંબર ઉ/ગપક/વિ. શા/૭૫૧/૨૦૦૩.-અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૬(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી ફેબ્રુઆરી ૨૦૦૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર રસ્તા કરતા વધારે

INDEX

માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડમાં જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩)મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૫૨/૨૦૦૩.-પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર નગરપાલિકા/મહાનગર પાલિકાની સામાન્ય/પેટા ચૂંટણી અંગે તા. ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૭(૩)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૩ના કલાક ૧૭-૦૦ થી તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૩ ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી નગરપાલીકા/મહાનગર પાલીકાની સામાન્ય/પેટા ચૂંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં. મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહીં. કે ચિન્હો રાખવા નહીં. તેમજ મતદાન સમયે જુદાજુદા રાજકીય પક્ષો તેમજ ઉમેદવારો દ્વારા રાખવામાં આવતા બુથ મતદાન મથકથી ૨૦૦ મીટર વિસ્તારની અંદર રાખવા નહીં.

વિસ્તાર :- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી નગરપાલિકા-મહાનગર પાલિકાની સામાન્ય-પેટા ચૂંટણી થનાર વિસ્તાર.

ખુલાસો:- આ વિસ્તારની રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ:- આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તથા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભરતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૭ (૪) અન્વયે.

ક્રમાંક : ઉ/ગપક/વિ.શા/એસ. બી.- જાહેરનામું-૬-૨૦૦૩.-સુરત મહાનગર પાલિકાની પેટા ચૂંટણીઓ તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ યોજવાનું નક્કી થયેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મતદાનના દિવસે મતદાન મથકોના કંપાઉન્ડની દિવાલથી તથા તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ થનાર મતગણતરીનાં દિવસે કોલેજનાં કંપાઉન્ડની દિવાલથી મત ગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી કોઈ પણ વ્યકિત કે રાજકીય પક્ષના કે અપક્ષના કાર્યકરોને ૨૦૦ મીટરની અંદર મોબાઇલ તથા સેલ્યુલર ફોન લઇને હરવા ફરવાની કે પ્રવેશ કરવાની કે તેનો ઉપયોગ કરવાની હું વી. કે. ગુપ્તા પોલીસ કમિશનર, સુરત શહેર આથી મનાઇ ફરમાવું છું.

અપવાદ :- આ હુકમ મતદાન મથક ઉપર તથા મતગણતરીના સ્થળોએ ચૂંટણીને લગતી કામગીરી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તેમજ સુરક્ષા હેતુ સર ફરજ પર હોય તેવા કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સામે ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી સીકકા કરી આપેલ છે.

આદેશ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭(૧)૩ અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/વિ. શા /એસ. બી./જાહેરનામું / ૭ / ૨૦૦૩.-- આગમી સુરત મહાનગરપાલિકાની પેટા ચુંટણી-૨૦૦૩ અન્વયે સુરત વોર્ડ નં. ૨ તથા ૧૪, એમ કુલ બે વોર્ડ વિસ્તારની તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ ચુંટણી યોજાનાર છે. આ અંગે મત ગણતરી તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૦૩નાં રોજ સવારે કલાક ૦૯-૦૦ વાગ્યાથી થનાર છે. ઉપરોકત મત ગણતરીના સ્થળો નીચે મુજબના છે. ઉપરોક્ત મત ગણતરી સમયે સુલેહ શાંતિ જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર મત ગણતરી સ્થળોની આજુબાજુમાં ૧૦૦ મીટર ઘેરાવામાં ચાર કે ચારથી વધુ વ્યકિતઓને ભેગા થવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, વી. કે. ગુપ્તા, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૭(૧)૩ થી મને મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં

INDEX

તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૦૩નાં રોજ કલાક ૦૦-૦૦ થી મત ગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવામાં ચાર કરતાં વધારે વ્યકિતને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર :--

(૧) ડો. એસ. એન્ડ એસ. ગાંધી એન્જી. કોલેજ, મજુરા ગેટ, સુરત.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) મત ગણતરી કાર્યમાં રોકાયેલ વ્યકિતોને.

(૨) ફરજ ઉપર હોય તેવી સરકારી નોકરી કે રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડા / કોઈ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ અન્વયે

ક્રમાંક એસ. બી/જાહેરનામું /૮/૨૦૦૩.–સુરત શહેરના પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સને ૨૦૦૨ના વર્ષ દરમ્યાન ધાડના કુલ ૩૬ ગુનાઓ નોંધાયેલ છે. તે પૈકી ૨૭ શોધાયેલ છે. અને ૯ ગુના વણશોધાયેલ છે, લુંટનાં ગુના ૬૦ નોંધાયેલ છે તેમાંથી ૩૮ ગુના શોધાયેલ છે, ઘરફોડ ચોરીના ૩૩૭ ગુનાઓ નોંધાયેલ તેમાંથી ૧૬૦ ગુનાઓ શોધાયેલ છે. અને વાહન ચોરીઓ ૧૦૪૩ નોંધાયેલ અને ૩૨૦ શોધાયેલ છે. તેમજ અન્ય ચોરી ૧૪૯૩ નોંધાયેલ તેમાંથી ૫૦૨ શોધાયેલ છે.

ચાલુ વર્ષમાં તારીખ ૧લી જાન્યુઆરી ૨૦૦૩થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૩ સુધી ધાડના ૩ ગુના, લુંટ ૨, ઘરફોડચોરી ૧૯, ચોરી ૬૬ ગુના નોંધાયેલ છે.

આ રીતે સુરત શહેરમાં મિલકત સંબધી ગુનાઓ ચિંતાજનક રીતે વધી રહેલ છે.

સુરત શહેરની સને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ જનસંખ્યા ૨૮,૧૧,૪૬૪ નોંધાયેલ છે. સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ગામડાઓનો પણ સમાવેશ થતો હોઈ, સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારની વસ્તી સદરહુ જનસંખ્યા કરતાં વધુ છે.

સુરત શહેર ઔદ્યોગિક રીતે વિકાસ પામતું શહેર છે. જેમાં સુરતના સ્થાનિકવાસીઓ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી અન્ય જીલ્લાઓ જેવા કે પંચમહાલ, ગોધરા, અમરેલી, ભાવનગર વિગેરે જલ્લાઓમાંથી મજુર વર્ગના લોકોએ આવી વસાહતો કરેલ છે. આ ઉપરાંત ગુજરાત બહારના મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ખાસ કરીને ઓરિસ્સા વિગેરે રાજ્યોમાંથી પણ મજુરવર્ગના લોકોએ આવી વસાહતો કરેલ છે. તેમજ સીઝન પ્રમાણે ગુજરાત રાજ્યમાંથી તેમજ રાજ્ય બહારના રાજ્યોમાંથી સુરત શહેરના સ્થિત તેમજ બહારના મજુર ઈજારદારો, મુકદમો (લેબર કોન્ટ્રાકટરો) મજુરોને સુરત શહેરમાં લાવી ઔદ્યોગિક કેન્દ્રોમાં તેમજ ખેત ઉત્પાદનો અંગેની મજુરીકામમાં તેમજ રોડ વિકાસના કામોમાં તેમજ મકાન બાંધકામોમાં અને અન્ય પ્રકારના મજુરીના કામોમાં મજુરોને રોકે છે. અને આ મજુરોના પુરા નામ સરનામા હોતા નથી.

એવું જોવામાં આવેલ છે કે મિલકત સંબંધી ગુનાઓમાં સુરતમાં બહારથી અન્ય જીલ્લાઓ, રાજયોમાંથી આવેલ મજુરો પૈકી કેટલાંક ગુન્હાહીત માનસ ધરાવતા મજુરો મિલકત સંબંધી ધાડ, લુંટ, ચોરી અને અન્ય ગુન્હાઓની પ્રવૃત્તિઓ કરી નાસી જાય છે. અને મિલકત સંબંધી ગુન્હા બનતા રોકી શકતા નથી. તેમજ બન્યા હોય તો તેમને શોધવામાં ખૂબજ મુશ્કેલીઓ પડે છે. કારણ કે આ મજુરોના નામ, સરનામાં અને તેમની ઓળખાણ પ્રસ્થાપિત કરતા પુરતા પુરાવા મળતા નથી.

ઉપરોકત મિલ્કત સંબંધી ગુનાઓના ઉપદ્રવથી આર્થિક રીતે દરેક વર્ગના અને ખાસ કરીને મધ્યમવર્ગની વ્યકિતઓની મિલ્કતને થતાં નુકશાનથી તેમના રોજીંદા કામો અને આજીવિકાનાં કાર્યોને માઠી અસર પડે છે. અને ભાવાનાત્મક રીતે તેઓના આજીવિકાના અને સુખના સપનાઓ ચોરાય જાય છે. અને સમાજ પ્રત્યેની ઘૃણા અને અણગમાની લાગણીનો વ્યાપ્ત થતાં રોજીંદા જનજીવન ઉપર વિપરીત અસર પડી સુલેહશાંતિનો ભંગ થવા પાકી વકી છે.

જેથી સુરત શહેરમાં બહારથી આવતા ઉપરોકત વર્ગના મજુરોની ઓળખાણ તેઓ સુરત શહેરમાં આવે તે અંગે થવી જરૂરી છે. અને તે અંગેનું રેકર્ડ સંબંધીત પોલીસ સ્ટેશનમાં નિભાવવું જરૂરી છે. કારણ કે આ રીતે ગુન્હાહીત માનસ ધરાવતા ઈસમોની ઓળખાણ અંગે રેકર્ડની નિભાવણી થતાં તેઓ ગુનો કરવાની ઓળખાય જશે તેવી માનસિક અસર તેઓમાં રહેશે. અને ગુનો કરતાં અચકાશે. ઉપરાંત તેઓ ગુનાઓ કરશે ત્યારે આ ગુનાઓ શોધી તેઓને પકડી પાડવા પુરાવાઓ મળી રહેશે. અને જાહેરહીતમાં આ રીતે મિલ્કત સંબંધી ગુના બનતા અટકાવી શકાશે. તેમજ શોધી શકાશે.

જેથી હું વીનીતકુમાર ગુપ્તા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર સી. આર. પી. સી. કોડની કલમ ૧૪૪ની મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

મજુર ઈજારદારો / મુકદમો જ્યારે પણ કોઈપણ કામ અંગે સુરત શહેરમાં મજુરો બોલાવે અથવા સ્થાયી મજુરો કે અન્ય કામદારો કામ માટે રોકે ત્યારે તેઓએ આવા મજુરોના પુરા નામ, તેઓના કાયમી વતનના સરનામાં, તેઓના સુરત શહેરના સરનામા તેમજ તેઓના ફોટોગ્રાફ આ મજુરો જ્યાં સુરત શહેરમાં વસાહત કરતા હોય ત્યાં અથવા જ્યાં હંગામી કે કાયમી રહેઠાણ ધરાવતા હોય તે પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ ઈન્સ્પેકટરશ્રીને પુરા પાડશે. ઉપરોકત હુકમનો અમલ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૩થી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઈ. પી. કો.ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વિ. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

INDEX

BY INCHARGE JOINT DISTRICT JUDGE

NOTIFICATION

Read :– (1) District Municipal Election Officer and collector, Kheda at Nadiad, order No. CTN/ N.P./Nadiad/Dakor/Vashi dated 10th February 2003.

(2) A Notification No. GS-2002-3-JSR-102003-262-G, dated 13th February 2003 of General Administrative Department, Government of Gujarat, Sachivalaya, Gandhinagar.

No. ADM 12/270 of 2003.– The District Judge, Kheda at Nadiad, is hereby pleased to declare a local Holiday under section 25 of the Negotiable Instruments Act, 1881,(XXVI of 1881) on FRIDAY, THE 14TH OF FEBRUARY, 2003 on account of BYE-ELECTION of Nadiad Nagarpalika and General Election of Dakor Nagar Panchayat to be held on friday the 14th February, 2003. Therefore, the District and Sessions Court, Kheda at Nadiad and its all subordinate Courts only of Nadiad Head-quarter and also the Courts of Civil Judges (Junior Division) at Dakor, with their offices shall remain closed on Friday the 14th February, 2003.

Kheda atNadiad dated 13th February, 2003.

J. A. DHOLAKIA,
Joint District Judge,
Kheda at Nadiad,
Incharge of the District.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબ.

નં. /ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૫/૨૦૦૩.- આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબું અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ શઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની, તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજયની સલામતી જોખમાતો હોય તેવા પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની પેટા કલમ-૧હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના

INDEX

ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબ.

નં. /ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૬/૨૦૦૩.- આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રુરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની પેટા કલમ-૩ હેઠળ ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ ૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની - કલમ-૩૭(૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.-૮/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ- કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી બકરી ઈદના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા , અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની - કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.-૯/૨૦૦૨.- મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ- કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી બકરી ઈદના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને આ જીલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તા. ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ શઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

INDEX

(છ) જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ ;

૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ ;

૩. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) મુજબ ઓછામા ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૯૧/૨૦૦૩.—અત્રેના જિલ્લામાં કાલોલ, હાલોલ, લુણાવાડા, સંતરામપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર હોઈ તથા ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર હોઈ તેમજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૩૭ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો, લઈ જવા, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં, મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં;

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા પત્રકો, પ્લેકાર્ડો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં;

અપવાદ : આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિઃ-

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય આવું હથિયાર લઈ જવાની ફરજ હોય, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતને.

આજ રોજ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૩૯૨/૨૦૦૩.—અત્રેના જિલ્લામાં કાલોલ, હાલોલ, લુણાવાડા, સંતરામપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ યોજાનાર હોઈ તથા ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પણ તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ યોજાનાર હોઈ, તેમજ તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર હોઈ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાય રહે તથા શાંતિપૂર્ણ અને મુકત વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ ૩૭ (૩) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) ચાર કરતા વધુ માણસોએ ભેગા થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં. અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

સભા / સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ, અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

ક્રમાંક પલસ/હથર/વશી/૭૯.–લુણાવાડા નગરપાલિકા (બરો) ચૂંટણી તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ યોજાનાર છે. આ ચૂંટણી પ્રક્રિયાના સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, જાહેર સુલેહ શાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવાઇ રહે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મુક્ત રીતે ચૂંટણી થાય તે હેતુથી શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ ૧૭ (૩)(બી)ની જોગવાઇ અનુસાર લુણાવાડા નગરપાલિકા વિસ્તારના આ સાથેના પરિશિષ્ટ–અમાં જણાવેલ સ્વરક્ષણના પરવાના તાત્કાલીક અસરથી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધી મોકુફ (સસ્પેન્ડ) કરવામાં આવે છે. જેથી આ સાથેના પરિશિષ્ટ–અ માં જણાવેલ પરવાનેદારોના હથીયારો તથા દારૂગોળો સબંધીત પોલીસ સ્ટેશનમાં તાત્કાલીક જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રીએ સાથેના પરિશિષ્ટ–અ માં જણાવેલ પરવાનેદારો પાસેના હથીયારો અને દારૂગોળો તાત્કાલીક મેળવી પોલીસ સ્ટેશને જમા લઇ રીપોર્ટ કરવો.

પરિશિષ્ટ–અ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરાના હુકમ ક્રમાંક/પલસ/હથર/વશી-૭૯ તા. ૧૦/૨/૨૦૦૩થી લુણાવાડા ટાઉન વિસ્તારના જમા લેવાના હથિયારનું પરિશિષ્ટ–અ.

અ.નં.	નામ	હથિયાર રીમાર્કસ
૧	ઇન્દ્રસિંહ ગંભીરસિંહ પવાર રહે. લુણાવાડા વાંસીયા દરવાજા	SBBL
૨	નાનાભાઇ પરસોત્તમ ભોઇ રહે. ભોઇવાડા	DBBL
૩	પ્રેમકુવરબા દશરથસિંહ પુવાર ડુંગરાભીત	DBBL
૪	અબ્બાસ અલી સુરતાન અલી દારૂવાલા (આર્મ ડીલર)	DBBL
૫	કિરીટભાઇ નાનાભાઇ ભોઇ ભોઇવાડા	SBBL
૬	રાજપાલસિંહ હિંમતસિંહ પુસ્તકાલય સામે	DBBL
૭	વિનોદભાઇ રમણભાઇ પટેલ રહે. એસ.ટી. વર્કશોપ સામે	SBBL
૮	નજમુદિન ફિદાહુસેન વોરા અસ્તાના બજાર	SBBL
૯	ઇન્દ્રજીતસિંહ કિતેનસિંહ સોલંકી રહે. લુણાવાડા	DBBL
૧૦	પ્રણાયકુમાર હિંમતસિંહ સોલંકી ફોરેસ્ટ લુણાવાડા	DBBL
૧૧	પુષ્પવર્ધન ગણપતરાય ભટ્ટ પરા વિસ્તાર	DBBL
૧૨	અંબાલાલ મગનભાઇ મેરા કિશનસાગર	DBBL
૧૩	લક્ષ્મીબેન મસુરભાઇ વાઘડીયા ફત્તેબાગ	SBBL
૧૪	અજગરભાઇ નોમનભાઇ આંકલીયાવાળા લુણાવાડા	SBBL
૧૫	સુરપાલસિંહ એચ. સોલંકી લુણાવાડા (ધારા સભ્ય)	SBBL

આ હુકમનો તાકીદે અમલ કરવો.

સ્થળ : ગોધરા તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

હુકમ

નં. એમએજી.ગ્રા.પં.ચું.ક. ૧૪૪/૨/૨૦૦૩.-રાજ્ય ચુંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચુંટણીઓ-૨૦૦૩ અન્વયે ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લામાં તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મતદાનની મતગણતરીની કાર્યવાહી તા. ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ જે તે તાલુકા મથકોએ હાથ ધરવામાં આવનાર છે. ગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિ સેલફોન લઇ જવા અંગે પ્રતિબંધ મુકવો જરૂરી છે.

સબબ મતગણતરી દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો-વ્યવસ્થા જાળવવા અત્રેના જિલ્લાના મતગણતરી અંગે તાલુકા કક્ષાએના મથકો મામલતદાર કચેરી, હિંમતનગર, ઇડર, ખેડબ્રહ્મા, ભીલોડા, વડાલી, માલપુર, મેઘરજ, ધનસુરા, પ્રાંતિજ, તલોદ અને મોડાસા મુકામે તાલુકા પંચાયત કચેરી, મોડાસા (સભાખંડ) તથા બાયડ મુકામે એન.એસ.શાહ હાઇસ્કુલ, બાયડ મતગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિને સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ / વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે, હું જી. એમ. ડામોર, અધિક જિલ્લા મજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે–

સાંબરકાંઠા જિલ્લાના ઉપર જણાવેલ મતગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિ અને મતગણતરીના દિવસોએ સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ / વોકીટોકી સેટ સાથે લઇ જઇ શકશે નહીં. અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

સદર આદેશ કાયદો-વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ/ સુરક્ષા કર્મચારીઓ, મત ગણતરી કર્મચારી/અધિકારીઓને લાગુ પડશે નહી.

સદર આદેશનો ભંગ કરી જો કોઇ વ્યક્તિ પાસે સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી-૨૦૦૩ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

હુકમ

નં. એમએજી.મ્યુ. બરો.ચુંટણી-ક. ૧૪૪/૨/૨૦૦૩.-રાજ્ય ચુંટણી પંચ દ્વારા મ્યુ. બરોની સામાન્ય ચુંટણીઓ-૨૦૦૩નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ અત્રેના જિલ્લાના ખેડબ્રહ્મા, ઇડર, તલોદ, પ્રાંતિજ મ્યુ. બરોની ચુંટણી અંગે તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મતદાન યોજાનાર છે. તેમજ મતગણતરી તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ થનાર છે. જેથી આ મ્યુ. બરોના મતદાન કેન્દ્રો તથા મત ગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિ સેલફોન લઇ જવા અંગે પ્રતિબંધ મુકવો જરૂરી છે.

સબબ મ્યુ. બરોની ચુંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો-વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મતગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિને સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ / વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે, હું જી. એમ. ડામોર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે–

સાંબરકાંઠા જિલ્લાના (૧) ખેડબ્રહ્મા (૨) ઇડર (૩) તલોદ (૪) પ્રાંતિજ મ્યુ. બરોના સમાવિષ્ટ મતદાન મથકોએ તેમજ આ મ્યુ. બરોના ગણતરી મથક (૧) કે. ટી. હાઇસ્કુલ, ખેડબ્રહ્મા સંચાલીત મકનાભાઇ જીવાભાઇ પટેલ હોલ (૨) ઇડર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઇડર (૩) તલોદ દિગંબર સમાજવાડી પ્રથમ માળ કૃષ્ણમંદિર, (૪) પ્રાંતીજ એમ. સી. દેસાઇ આર્ટસ કોલેજ, પ્રાંતિજના મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિ મતદાન અને મતગણતરીના દિવસોએ સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ / વોકીટોકી સેટ સાથે લઇ જઇ શકશે નહીં. અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

સદર આદેશ કાયદો-વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ/ સુરક્ષા કર્મચારીઓ, મતદાન અધિકારીઓ અને મત ગણતરી અધિકારીઓને લાગુ પડશે નહી.

સદર આદેશનો ભંગ કરી જો કોઇ વ્યક્તિ પાસે સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેશ ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી ફેબ્રુઆરી-૨૦૦૩ના રોજ મારી સહી કરી અને સિક્કો કરી આપ્યો.

જી. એમ. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

સરકારી ગ્રંથાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, MARCH 6, 2003 / PHALGUNA 15, 1924 [No. 10

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published inPart I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	173-192
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	10
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	137-155
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3361-3877

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭(૩) મુજબનું .

નંબર. ઉ/ગપક/વિ.શા./૭૫૩/૨૦૦૩.- તારીખ ૧૮મી અને ૧૯મી ફેબ્રુઆરી ૨૦૦૩ના રોજ પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં નગરપાલીકા અને મહાનગર પાલીકાની સામાન્ય/પેટા ચુંટણીની મતગણતરી વખતે જુદાજુદા રાજકીય પક્ષો તથા ઉમેદવારોના લોકો આ મતગણતરીની જગ્યાએ એકઠા થાય તે વખતે એક-બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાથી અને લોકોની સૂલેહ શાંતી જોખમાય તેવી સંભાવના છે. નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના કલાક ૭-૦૦ થી તથા ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ કલાક ૭-૦૦ થી મતગણતરી પ્રક્રીયા પુરી ન થાય ત્યાં સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અગર કોઈ

સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં. કોઇ માણસોએ ભેગા થવું નહી. અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઇ સરઘસ કાઢવું નહી. કોઇ સુત્રોચ્ચાર કરવા નહી. માઇક વગાડવું નહી. તેમજ લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી. અને મતગણતરી સ્થાને બીનઅધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર: અમદાવાદ શહેરમાં આવેલ (૧) એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ (૨) મહેસુલ ભુવન સુભાષબ્રીજના છેડે અદાવાદ, (૩) ગુજરાત કોલેજ, (૪) ઔદ્યોગિક તાલીમ સંસ્થા રેલ્વે ક્રોસીંગ પાસે, કુબેરનગર ના કંપાઉન્ડ તથા આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

નોંધ : તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ માત્ર મેમનગર નગર પંચાયતની ચુંટણીની મતગણતરી ગુજરાત કોલેજ લેડીઝ રૂમ ખાતે થશે. બાકીની મતગણતરી તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ શરૂ થશે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ નંબર ૪૫ માં અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૧ (૧૯૭૪ નો ૨ જો) હેઠળનું.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૭૭૬.– સરકારશ્રીના ગૃહવિભાગના જાહેરનામાં ક્રમાંક જીજી/૧૧૫/સીઆરસી/૩૨૯૯/૪૯૪૪/મ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ થી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૪નો ૨જો ની કલમ-૨૧ હેઠળ આપેલ સત્તાની રૂઇએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે નિયુક્ત થયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ-રિઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓને જે વિસ્તાર અને નિશ્રિત સમયગાળા માટે નિમવામાં આવેલ હોય તેઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ તળે કાર્યપાલક મેજિસ્ટ્રેટ ભરૂચમાં તથા કલમ-૧૪૪ નાં અધિકારો આપવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને સત્તા સુપ્રત થયેલ છે.

વાસ્તે હું, અંજુ શર્મા, આઇ.એ.એસ. કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ, આ સાથે નીચેની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ અધિકારીઓની, સૂચિમાં દર્શાવેલ વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના વિસ્તાર માટે કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકે નિમણૂંક કરૂ છું. અને તેઓને આ અધિનિયમની કલમ-૨૧ મુજબ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થતા સુધીના સમય માટે જ આ અધિકાર આપવા ઠરાવું છું.

અનુસુચિ

અનુ. નંબર (૧)	સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની વિગત તથા (૨)	વિસ્તાર (૩)	અધિકારીશ્રીનું નામ તથા હોદો (૪)	ચૂંટણી પ્રક્રિયા માટે નિયુક્ત કરેલ પદની વિગત (૫)
૧.	૧૨-મછાસરા તાલુકા પંચાયતની બેઠકની પેટા ચૂંટણી. તાલુકા-આમોદ.	૧૨-મછસરા તાલુકા પંચાયત બેઠકનો વિસ્તાર	શ્રી કે. એન. વલવી તાલુકા વિકાસ અધિકારીશ્રી, આમોદ.	ઝોનલ અધિકારીશ્રી
૨.	ભરૂચ નગરપાલિકાના વોર્ડ નં.-૧ની પેટા ચૂંટણી	વોર્ડ નં. ૧ની બેઠકનો વિસ્તાર	૧. શ્રી એસ. જે. પટેલ, જિલ્લા પૂરવઠા મામલતદારશ્રી, ભરૂચ.	,,
			૨. શ્રી એચ. ડી. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ (બ) ગુજરાત. મેરી ટાઈમ બોર્ડ, ભરૂચ.	,,
			૩. શ્રી પી. જે. વાઘેલા, એડી. ડી.આઈ.એલ.આર. (નર્મદા) યુનીટ-૧, ભરૂચ.	,,

આજરોજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ આ હુકમ પર મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

અંજુ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (૧૯૫૧ના ૨૨ મા) ની કલમ ૩૩ (૧)(બી)(સી)મુજબ.

નંબર. એમએજી/વશી/૬૨૧ થી ૬૩૦/૨૦૦૩.-પાટણ શહેરમાં ભુગર્ભ ગટર યોજનાનું કામ હાલમાં રેલ્વે સ્ટેશનથી પંપીંગ સ્ટેશન, રેલ્વે ગરનાળા સુધી ચાલુમાં છે. તેમાં મેઇન રોડ ઉપર વધુ ઊંડાઇ વાળી ગટર લાઇનનું ખોદાણ કામ હાથ ધરેલ હોઇ જાહેર સલામતી તેમજ ટ્રાફીકની અવરજવરમાં મુશ્કેલી પડે નહી, અને સરળતાથી કામગીરી થઇ શકે તે માટે ખોદકામ હાથ ધરવામાં આવનાર રસ્તાઓ ઉપર જાહેર જનતા તેમજ વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવાનું તેમજ ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ ના ખંડ-બી થી મને મળેલ સત્તાની રૂએ પાટણ શહેરમાં ટ્રાફીક નિયમન માટે નીચે મુજબ હુકમ કરૂં છું.

(૧) રેલ્વે સ્ટેશન પાટણથી પંપીંગ સ્ટેશન, રેલ્વે ગરનાળા સુધીના મુખ્ય માર્ગ ઉપર ભુગર્ભ પાઇપ લાઈન નાખવાની હોવાથી આ રસ્તા ઉપરની જાહેર જનતા તેમજ તમામ પ્રકારના વાહન વ્યવહારની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) ઉપરોક્ત માર્ગ અવરજવર માટે પ્રતિબંધિત થવાથી તેના વૈકલ્પિક માર્ગ તરીકે રેલ્વે ફાટક થઇ આદર્શ હાઇસ્કુલ થી એસ. ટી. સ્ટેન્ડ તરફ જતો માર્ગ, સંતોકબા હોલથી ગુરૂકુલ થઇ કોહીનૂર તરફ જતો માર્ગ, ખાડીયા શોપીંગ સેન્ટરથી ગુર્જરી હોટલ થઈ બગવાડા તરફ જતો માર્ગ અને વી. કે. ભુલા હાઇસ્કુલથી બજાર તરફ જતો રસ્તો જાહેર જનતા તેમજ તમામ પ્રકામના વાહન વ્યવહારના અવરજવર માટે ઉપયોગ કરવાનો રહેશે.

(૩) સદરહુ જાહેરનામું જાહેરનામાની તારીખ થી ૩ માસ માટે અમલમાં રહેશે.

સદરહુ હુકમનો ભંગ કરનાર ઇસમ સામે યોગ્ય તે કાયદાકીય પગલાં ભરવામાં આવશે. આજ તારીખ ૧૫મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭(૩)(૪) મુજબ.

નંબર. ઉ/મકપ/મજસ/વશી/૫૧૫.- જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ ગોધરાએ તેઓના તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક જી./હો.ગા./ફા./તા./૨૭૧ તથા તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક જી. ક. /હોગા/ ૨૯૨/૦૩થી અત્રેના જિલ્લા હોમગાર્ડઝના માણસોની ફાયર પ્રેકટીસ કામે સંતરામપુર ફાયરબટ વિસ્તાર તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૭મી માર્ચ, ૨૦૦૩ના સુધી પ્રતિબંધક વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી ગોધરાએ પણ તેઓના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રથી અભિપ્રાય દરખાસ્ત કરેલ છે.

આથી હું બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૪) અન્વયે મળેલ અધિકારની રૂએ સંતરામપુર ફાયર બટ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૭ મી માર્ચ, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) ઉક્ત ફાયર પ્રેકટીસ કામે અનામત રાખવું અને સદરહુ જમીનમાં ઉક્ત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ઇ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/રજી. ૧૦/૨૦૦૩.- કમાન્ડીગ ઓફીસરશ્રી કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, નાનીદમણ, દમણના તારીખ ૪થી ફેબ્રુઆરી ૨૦૦૩ના પત્ર ક્વોટીંગ નંબર ૩૧૧/૦૨થી જણાવ્યા મુજબ તેમના એર સ્ટેશનના સ્ટાફનું ક્વાટરલી સ્મોલ આર્મ્સ ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઇપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨મો) કલમ ૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ ની જોગવાઇ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા-ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૨૦/૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૩ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારનાં કોઇ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉં છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૩ ના રોજ મારી સહી કરી અને મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ - ૧૪૪ મુજબનો.

નં. પી.ઓ.એલ. વશી.(૧)/૯૫૫/૨૦૦૩.- આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૩ ના રોજ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદ નરેન્દ્રપ્રસાદ પાન્ડેના જયેષ્ઠ પુત્ર નૃગેન્દ્રપ્રસાદ લગ્નનો ''સત્કાર સમારંભ'' અને ''પ્રિતી ભોજન''ના સમારંભના ઓઠા તળે વડતાલ ગામમાં હજારોના જન સમુદાયમાં શ્રી અજેન્દ્રપ્રસાદના અનુયાયીઓ ભેગા થઈ ખુલ્લે આમ ઘર્ષણ સર્જી સ્વામીનારાયણ મંદિર તથા આસપાસ અશાંતિ સર્જી જાહેર સુલેહનો ભંગ કરતા વડતાલ ગ્રામ પંચાયત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કાબુ બહાર જવાના અને હિંસા થવાની તમામ શક્યતાઓ રહેલ છે. આ પરિસ્થિતીનું નિવારણ કરવા અને તેને તાત્કાલિક અટકાવવા ઝડપી ઉપાયો યોજવાનું જાહેર સુલેહ શાંતિના હિતમાં છે.

વાસ્તે હું પી. એચ. શાહ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ આથી ફરમાવું છું કે, નીચે દર્શાવેલ અનુસૂચિમાં નિર્દેશ કરેલ વિસ્તારના રહેવાસીઓએ અને તેમાં અવર-જવર કરનારોઓએ અને પ્રસંગોપાત આવનારાઓએ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર પુરતું અનુસૂચિમાં દર્શાવેલ કલાકો દરમ્યાન ઉપર્યુક્ત વિસ્તારની અંદર આવેલા કોઈપણ માર્ગ જાહેર રાહદારી રસ્તામાં, રાજમાર્ગ, શેરી, પેટા ગલીમાં સવારી કરવી નહી, વાહન હંકારવું નહી, ચાલવું નહી, ઉભુ રહેવું નહી, રખડવું નહી અથવા હરવું ફરવું નહી અથવા તેનો બીજો કોઈ રીતે ઉપયોગ કરવો નહી.

અનુસુચિ

વિસ્તારનું વર્ણન	સમય
સમગ્ર વડતાલ ગ્રામ પંચાયત વિસ્તાર જેમાં રઘુવીર વાડી વિસ્તારનો પણ સમાવેશ થાય છે.	કલાક ૧૭.૧૫થી અચોક્કસમુદત સુધી વખતો વખત છુટછાટ આપવામાં આવે તે સમય સિવાયનો સમય.

આ હુકમ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નડીયાદ તથા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી નડીયાદ ગ્રામ્ય અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલા અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યક્તિઓને તથા ફરજ પરના પોલિસ કર્મચારીઓ અને ફાયરબ્રીગેડના કર્મચારીઓ તેમજ આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. એચ. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા - નડીયાદ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ધ-૨૦૨૩૨/નધણ / ૪૮૦૫ / ક–૨ / ૨૯ / ૬૦૭/ ૨૦૦૩.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આર્ય (વેજલપુર) કો. ઓ. હા. સો. લી., સ્થળ, અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને અને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ–૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૧–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૭–૬–૦૨નો પત્રક્રમાંક અષણ/૦૧/ ગ–૪/૬૭૬૪/૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૩–૭–૦૨ના પત્રક્રમાંક ફડચ/૦૧/ધ-૨/ ૫૫૩/૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૬-૧૧-૦૨ના જા. નં. ફડચ/ફ.૧૧૫૭૪/ ધ–૨/૯૨૨/સને ૨૦૦૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૭૪ / ધ–૨ / ૮૭ / ૨૦૦૩.—ધી ચાંદલોડીયા મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નંબર ઉ. ૬૯૪૦, તા. ૨૦–૭–૧૯૮૮ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોને સોસાયટીના નોંધાયેલા પેટાનિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરવાનું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તારીખ ૧–૪–૯૯ થી તા. ૩૧–૩–૦૧ સુધીનું શ્રી બી. પી. પટેલ, ઓડીટર ગ્રેડ–૧ (ટેસ્ટ) લગત જીલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળી (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ અને તે દરમ્યાન નીચેની ખામીઓ જોવા મળેલ છે.

(૧) મંડળી દ્વારા અગાઉના ઓડીટ રીપોર્ટની દુરસ્તી કરવામાં આવેલ નથી અને તે દ્વારા સહકારી કાયદાની કલમ–૮૫નો ભંગ કરેલ છે.

(૨) ઓડીટ સમય દરમ્યાન મંડળીના હોદ્દેદારો નિષ્ક્રીય રહેલા છે એને પેટા નિયમો મુજબની કોઇ કામગીરી કરેલ નથી.

(૩) તા. ૨૪-૪-૦૨ના ઠરાવથી સોસાયટીના તમામ હોદ્દેદારોએ રાજીનામા આપેલા છે અને મંડળીને ફડચામાં લઇ જવા ભલામણ કરેલ છે તથા કોઇ હોદ્દેદારો પોતાની ફરજો બજાવતાં નથી.

(૪) મંડળી દ્વારા કરવામાં આવેલ ચૂકવણામાંથી કપાત કરાયેલ પેન્શન ફંડ, પ્રોવીડન્ટ ફંડને લગતા નાણાં મંડળીના વહીવટમાં વાપરેલ છે.

(૫) મંડળી દ્વારા તા. ૩૧–૩–૦૧ અંતિમ ટેન્ડર ડીપોઝીટની રકમ પેટે રૂા. ૫,૪૭,૧૮૦/–ની મોટી રકમ પરત મેળવવા કોઇ કાર્યવાહી કરેલ નથી.

ઉપરોકત વિગતો જોતાં મંડળી બીલકુલ સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ સંદર્ભ–૧ થી રજુ કરેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તથા સોસાયટીને રજુઆત માટે વાજબી અને પુરતી તક ત્યારબાદ આપવામાં આવેલ હોવા છતાં પણ સોસાયટી તરફે કોઈ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી જે સંજોગોમાં પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ–૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે હુકમ સામે કાંઇ રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦મા અમારી સમક્ષ રજુઆત કરવા તક આપવામાં આવેલ પણ અત્રેથી સોસાયટીને રજુઆત રવાના કરવામાં આવેલ મજકુર હુકમનું કવર પોસ્ટ ખાતા દ્વારા 'રિફ્યુસ્ડ'ના શેરા સાથે અત્રે પરત આવેલ છે.

ઉકત સંજોગો અને ઓડીટર દ્વારા રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે, કે મજકુર સોસાયટી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. તેનો વહીવટ સહકારી કાયદા–કાનુન અને મંડળીના પેટા નિયમો મુજબનો ઉદ્દેશો પરિપુર્ણ કરવા તરફ ચાલતો નથી. સોસાયટીના હોદ્દેદારો / સભ્યોને મંડળી સહકારી કાયદા પ્રમાણે ચલાવવામાં રસ ન હોવાનું જણાતું હોઇ મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી જરૂરી બનતું હોઇ સંદર્ભ–૩ થી આ સોસાયટીને ફડચામાં લઈ જવા અંગે પસાર કરવામાં આવેલ વચગાળાના હુકમને કાયમ કરવો જરૂરી બનતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એસ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ધી ચાંદલોડીયા મજુર કામદાર સહકારી ભંડાર લી, અમદાવાદ, નોંધણી નંબર ઉ. ૧૯૪૦, તારીખ ૨૦–૭–૧૯૮૮ ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૩૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા .–

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૫–૭–૦૨નો પત્ર ક્રમાંક ગસસ/૦૧/સી-૧/૩૭૬/૦૨નો ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૬–૭–૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૬૦૫ સને ૨૦૦૨નાં કારણદર્શક નોટીસ.

(૩) સદ્ વિચાર મહીલા કો. ઓપરેટીવ કન્ઝયુ. સ્ટોર્સ લી., અમદાવાદના તા. ૨૭–૭–૦૨ ના પત્રની લેખીત રજુઆત

(૪) આ કચેરીનો તા. ૧–૧૧–૨૦૦૨નાં જા. નં. ફડચ/ફ ૧૧૫૭૭/ધ. ૨/૯૨૮ સને ૨૦૦૨ નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૫) ધી સદ વિચાર મહીલા કો. ઓપ. કન્ઝયુ. સ્ટોર્સ લી., અમદાવાદના તા. ૨૦–૧–૦૩ના પત્રથી થયેલ રજુઆત.

(૬) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૭૭/ધ-૨/૮૮ સન ૨૦૦૩.—ધી સદ્ વિચાર મહિલા કો. ઓપરેટીવ કન્ઝયુમર્સ સોસાયટી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક ભંડાર છે. જેનો નોંધણી નંબર ભ. ૩૪૦૨, તારીખ ૨૬–૨–૧૯૮૫ છે. મંડળીનો વહીવટ સોસાયટીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટાનિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે. તથા તપાસણી મુલાકાત વખતોવખત સહકારી ખાતા મારફત કરાવવાનું થાય છે.

મજકુર મંડળીની તપાસણી માટે સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત મદદનીશ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદ એ મુલાકાત લઇ સંપર્ક કરતાં મંડળીમાં રેકર્ડ તૈયાર ન હોવાને તથા ઇન્સ્પેકશન ન થઇ શકવાને કારણે સંદર્ભ–૧થી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ સાથે ખાસ અહેવાલ અત્રે લખી મોકલવામાં આવેલ જેની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨થી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ તા. ૨૯–૭–૨૦૦૨નાં મુદતની સુનાવણી નિયત કરવામાં આવેલ. જે સંદર્ભે સોસાયટી તરફે તા. ૨૭–૭–૦૨ના પત્રથી લેખીત રજુઆત કરવામાં આવેલ જે સંદર્ભે રજુઆતમાં ઉલ્લેખાયેલ બાબતે જરૂરી આધાર-પુરાવા તથા ઓડીટ રીપોર્ટની નકલસાહ હાજર રહેવા/રજુ કરવા સુચના આપી તા. ૮–૮–૦૨ની મુદત નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ પણ ઓડીટ રીપોર્ટની નકલ રજુ કરવા માટે વાજબી અને પુરતી તક સોસાયટીને આપવા છતાં સોસાયટી તરફથી કોઇ રજુઆત લખી મોકલવામાં આવેલ નહીં કે ઓડીટ રીપોર્ટની નકલ રજુ કરવામાં આવેલ ન હતી. જે ધ્યાને લઇ સંદર્ભ–૪થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરવામાં આવેલ અને તે સામે કોઇ રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી.

સંદર્ભ–૫થી સોસાયટી દ્વારા અત્રે લેખીત રજુઆત તથા આધાર-પુરાવા રજુ કરવામાં આવેલ છે જે મુજબ મજકુર સોસાયટીનું તા. ૩૧–૩–૦૨ સુધીનુ ઓડીટ પુર્ણ કરાવવામાં આવેલ છે. ઓડીટવર્ગ 'બ' છે. સોસાયટી દ્વારા જીવન જરૂરીઆતની ચીજવસ્તુઓનું સભાસદો / બીન સભાસદોને વિતરણ કરવામાં આવે છે. સરકારશ્રીના પુરવઠા વિભાગ દ્વારા તપાસણીની કામગીરી થાય છે. મંડળીનો વહીવટ ચુંટાયેલી વ્યવસ્થાપક કમીટી દ્વારા થાય છે. સભાસદો મંડળીને ફડચામાં લઇ જવા ઇચ્છતા નથી. મંડળીનો વહીવટ ચુંટાયેલ કમીટી દ્વારા થાય તેવી ઇચ્છા ધરાવે છે. મંડળીને ફડચામા ન લઇ જવા વિનંતિ કરેલ છે.

INDEX

ઉપર મુજબની રજુઆતો અને રજુ થયેલ ઓડીટ રીપોર્ટ/આધાર-પુરાવા ધ્યાને લેતાં એ બાબત સ્પસ્ટ થાય છે કે સોસાયટીના હિસાબોનું નિયમિત ઓડીટ થાય છે. ઓડીટ વર્ગ 'બ' છે. રેશનીંગની પ્રવૃત્તિ કરે છે. વહીવટ ચુંટાયેલ કમીટી દ્વારા થાય કે સભાસદો / બીન સભાસદોને જીવનજરૂરીયાતની ચીજવસ્તુનું વિતરણ કરે છે તે સંજોગોમાં મંડળીને ફડચામાં લઇ જઇ આટોપી લેવા માટે કોઇ વાજબી કારણો જણાતા ન હોઇ અત્રેથી તથા ખાતા દ્વારા અપાતી સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાની પ્રથા જાળવવાની સુચનાસહ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ રદ કરવા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ – ૧૯૬૧ની કલમ – ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ, ધી સદ વિચાર મહિલા કો. ઓપરેટીવ કન્ઝયુમર્સ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નં. ભ. ૩૪૦૨ તારીખ ૨૬–૨–૧૯૮૫ ને ફડચામાં લઇ જવાનો આ કચેરીનો તા. ૧–૧૧–૨૦૦૨ ના ક્રમાંક ફડચ/ફ. ૧૫૭૭/ધ-૨/૯૨૪/સને ૨૦૦૨ થી ફડચામાં લઇ જવાનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરૂ છુ

અમદાવાદ તા. ૩૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) અત્રેની કચેરીના તા. ૨૩-૭–૨૦૦૨ના જા. ન. ૫૨૫/ખ–૪/૧૪૭૮/૨૦૦૨નો પત્ર તથા તે સાથે બીડાણ થઇ આવેલ મદદનીશ સહકારી અધિકારી (હાઉસીંગ) લગત આ કચેરીનો સ્થળ તપાસ અહેવાલ.

(૨) આ કચેરીની તા. ૨૫–૭–૨૦૦૨ ના જા. નં. સક્ષ/૦૧/ક્ષ–૨/૬૨૧/૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૧–૧૧–૨૦૦૨નો જા. નં. ફડચ/ફ-૧૫૮૦/ધ–૨/૯૨૩/સને ૨૦૦૨ નો ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. ન.. ફડચ/ફ-૧૫૮૦/ધ–૨/૮૯/સને ૨૦૦૩.—ધી ન્યુ હરિસિદ્ધનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી, અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ રજીસ્ટ્રેશન ન. ધ–૬૫૭૨ થી સને ૧૯૮૭માં નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટાનિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવાનું ફરજીયાત છે.

મદદનીશ સહકારી અધિકારી લગત આ કચેરીએ મજકુર સોસાયટીની રૂબરૂ મુલાકાત લઇ સંદર્ભ–૧થી અત્રે રજુ કરેલ અહેવાલની વિગત મુજબ આ મંડળીની નોંધણી થયા બાદ વ્યાજબી અને પુરતો સમય પસાર થવા છતાં આજ સુધી મંડળીના નોંધાયેલ પેટા નિયમોના ઉદ્દેશો મુજબની કામગીરી પરિપુર્ણ કરેલ નથી. સભાસદોને રહેઠાણ માટે આવાસો બાંધી પુરા પાડેલ નથી. સને ૧૯૯૨ બાદ ઓડીટ કરાવેલ નથી. જમીન ધરાવતી નથી. વહીવટ સ્થગિત છે. કાયદેસરની કમીટી કાર્યરત નથી. જનરલ સભાઓ મળતી નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ, સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨થી મજકુર સોસાયટીના ઉપલબ્ધ સરનામે આ સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ સોસાયટીને રજુઆતની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી વધુ મુદતો રાખી અમારી સમક્ષ સુનાવણી રાખવામાં આવેલ પણ સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો/સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ ન હતી જે લક્ષમાં લઇ પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ–૩થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે કોઇ રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦માં અમારા સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવેલ પણ અત્રેથી મોકલવામાં આવેલ મજકુર હુકમનું કવર પોસ્ટ ખાતા દ્વારા 'રીફયુઝડ' ના શેરા સાથે અત્રે પરત કરે છે.

ઉકત સંજોગો અને સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણ રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તેનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને પેટા નિયમો મુજબ ચાલતો નથી. સોસાયટીના હોદ્દેદારોના નામ/સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવાનું મુનાસીબ જણાતુ હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા સંદર્ભ- ૩થી કરવામાં આવેલ વચગાળાનો

INDEX

હુકમને કાયમ કરવા જરૂરી બનતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ન્યુ હરિસિધ્ધીનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ઘ. ૩૫૭૨, તા. ૨૭–૧૦–૭૭ને ફડચામા લઇ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અને ત્વરીત જાણ કરવાની રહેશે. અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી/ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો/સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૩૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) જીલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનો તા. ૮–૪–૦૨ના જા નં. અષણ/૦૧/ગ–૪/ ૭૯૬ ના પત્રથી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીનો તા. ૩–૯–૦૨ના જા. નં. ફડચ/ ફ. ૧૧૫૬૩/ ઘ-૨ / ૭૫૦ / સને ૨૦૦ નો હુકમ તથા તા. ૩૦–૧૧–૦૨ ના જા. નં. ફડચ/ફ. ૧૧૫૬૩/ઘ–૨/ ૯૭૨/૨૦૦૨ નો સુધારા હુકમ,

(૩) માનવનગર ગવર્મેન્ટ સર્વન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદના તા. ૧૭–૧–૨૦૦૩ના પત્રની રજુઆત

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૧૧૫૬૩/ઘ–૨/૯૦/સને ૨૦૦૩–. પ્રસ્તુત કેસની વિગત એવા પ્રકારની છે કે ધી માનવનગર ગવર્મેન્ટ સર્વન્ટસ કો–ઓપરેટીવ સોસાયટી લી., અમદાવાદ તે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૯ હેઠળ રજીસ્ટર્ડ થયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ઘ–૪૨૬૫, તા. ૬–૫–૧૯૭૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરિતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવા શ્રી જી. એલ. વ્યાસ, ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ નિમણુંક થતાં તેઓ દ્વારા પુરતા પ્રયત્નો કરવા છતાં મજકુર મંડળીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકેલ નથી. જે સંજોગોમાં સંદર્ભ–૧ થી મજકૂર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. જે ઉપર અત્રે જરૂરી પ્રક્રિયા અનુસર્યા બાદ સંદર્ભ-૨ ના હુકમથી ફડચામાં લઇ જવાનો હુકમ પસાર કરી ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફ. ૨) લગત આ કેચેરીની નિમણુંક કરવામાં આવેલ હતી. મજકુર કેસમાં સંદર્ભ–૧ થી રજુ થયેલ ખાસ અહેવાલમાં સોસાયટીનું નામ "માનસરોવર ગવર્નમેન્ટસ સર્વન્ટસ કો. ઓપ. હા.સો.લી., અમદાવાદ " દર્શાવેલ હોઇ સંદર્ભ–૨માં દર્શાવેલ તા. ૩–૯–૦૨ના હુકમમાં સોસાયટીનુ નામ તે પ્રમાણે દર્શાવવામાં આવેલ પણ કચેરીના રેકર્ડ ઉપરથી મજકુર સોસાયટીનું નામ / માનવનગર ગવર્મેન્ટ સર્વન્ટસ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ હોવાનુ ધ્યાન ઉપર આવતાં સંદર્ભ ૨ માં દર્શાવેલ તા. ૩૦–૧૧–૦૨ ના હુકમથી મજકુર હુકમ માં તે મુજબ સોસાયટીનું નામ વંચાણે લેવા જરૂરી સુધારા હુકમ પસાર કરવામાં આવેલ.

સંદર્ભ–૩ થી રજુ થયેલ સોસાયટીની રજુઆત મુજબ મજકુર સોસાયટી સરકારી કર્મચારી/સભાસદોને રહેઠાણ પુરા પાડવા સને ૧૯૭૧માં નોંધાયેલ છે અને તે મુજબ આવાસોનું બાંધકામ સને ૧૯૯૦માં પુર્ણ કરેલ છે. હાલ સભાસદો વસવાટ ધરાવે છે. સોસાયટીમાં નિયમિત હિસાબો લખાય છે દફતર નિભાવવામાં આવે છે. સોસાયટીના ઓડીટ માટે ઓડીટર દ્વારા કોઇ સંપર્ક થયેલ ન હોઇ સોસાયટી દ્વારા હિસાબો અન્વેષણ કરાવી શકાયેલ નથી. ગમે તે ક્ષણે ઓડીટ કરાવવા તૈયાર છે. મંડળીને ફડચામા લઇ જવા અંગેની કોઇ નોટીસ સોસાયટીને મળેલ ન હોઇ સોસાયટી તરફથી કોઇ રજુઆત થઇ શકેલ નથી. વહીવટી ચુંટાયેલ કમીટી દ્વારા થાય છે. મંડળીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની પ્રકિયા હાથ ધરાયેલ હોવાનું, ફડચા અધિકારીએ સોસાયટીના દફતર માટે સંપર્ક કરતા સોસાયટીને જાણવા મળેલ છે. સભ્યો સોસાયટીનો વહીવટ તેઓ દ્વારા છુટાયેલ કમીટી દ્વારા જ થાય તેમ ઇચ્છા ધરાવે છે, ઓડીટરની નિમણુંક સત્વરે કરવા વિનંતી

INDEX

કરેલ છે, તા. ૩૧–૩–૦૨ અંતિત હિસાબી પત્રકોની નકલ રજુ કરેલ છે. તા. ૧૨–૧–0૩ની કારોબારી સમિતીની બેઠકમાં મંડળીને ફડચામાં ન લઇ જવા અંગે રજુઆત કરવા જરૂરી ઠરાવ પસાર કરેલ છે જેની નકલ રજુ કરેલ છે તમામ દફતર સોસાયટી હસ્તક છે, વિગેરે રજુઆત કરી સભાસદોના હિતમાં મંડળીને ફડચામાં લઇ જવા અંગે અત્રેથી કરવામાં આવેલ ફડચાનો હુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

ઉકત વિગતો જોતાં સંદર્ભ–૧ થી રજ થયેલ અહેવાલમાં સોસાયટીનુ નામ દર્શાવવામાં શરતચુક થયેલ હોવાનું જણાય છે મજકુર મંડળી બધાયેલ હાઉસીંગ પ્રકારનાં છે સભાસદો તેમાં વસવાટ ધરાવે છે એક યા બીજા કારણસર ઓડીટર દ્વારા સોસાયટીનાં હિસાબોનુ ઓડીટ હાથ ધરી પુર્ણ થઇ શકેલ નથી. મંડળીમાં નિયમિત હિસાબો લખાય છે. ઓડીટ કરાવવા તેયાર છે. મજકુર સોસાયટીના સભાસદો મંડળીને ફડચામાં ન લઇ જવા અને મંડળીનો વહીવટ તેઓ દ્વારા ચુંટાયેલ કમીટી દ્વારા થાય તેવી અપેક્ષા રાખે છે. દફતર સોસાયટી હસ્તક છે, આમ, ઉપરોકત તમામ સંજોગોમાં મજકુર મંડળીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કે નોંધણી રદ કરવાનું કોઇ વાજબી કારણ રહેતું ન હોઇ સંદર્ભ–૨ નો અત્રેથી પસાર કરવામાં આવેલ હુકમ સભાસદોના વિશાળ હિતને લક્ષમાં લેતાં રદ કરી મજકુર મંડળીને પુન : જીવીત કરવાનું વાજબી જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૧૯–બ, અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ઉપરોકત દર્શાવેલ સંજોગો ધ્યાને લઇ, ધી માધવનગર ગવર્મેન્ટ સર્વન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર ધ–૪૨૬૫, તા. ૬–૫–૧૯૭૧ને, નીચે દર્શાવેલ શરતોને આધીન પુન : જીવીત કરવાનો હુકમ કરૂં છું.

(૧) સોસાયટીનું બાકી ઓડીટ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે અને ત્યારબાદનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમો નુસાર ખાતા મારફત રથાયી સુચનાનુસાર કરાવી લેવાનું રહેશે.

૨) સહકારી કાયદા – કાનુન અને મંડળીના મંજુર થયેલા પેટા–નિયમો, લેન્ડ સિલીંગ એકટ, જમીન સંપાદનને લગતા કાયદા અને અન્ય લાગુ પડતાં સંબંધીત તમામ કાયદાઓનું સોસાયટીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સદરહુ શરતોનો ચુસ્તપણે અમલ કરવાની શરતે મજકુર સોસાયટીને પુન : જીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૩૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૩–૬–૦૨નો પત્ર ક્રમાંક અપણ/૦૧/ ગ–૪/૧૭૩૭ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૩–૭–૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/ ૫૪૯/સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૧૧–૧૧–૦૨ના જા. નં, ફડચ/ફ- ૧૧૫૭૫/ધ-૨/૯૬૧/સને ૨૦૦૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ–૧૧૫૭૫/ધ–૨/૯૧/સને ૨૦૦૩.— ધી જમાલપુર કેરોસીન હોકર્સ સહકારી મંડળી લી. અમદાવાદ સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. ૩૧૪૯, તા. ૨૫–૯–૧૯૮૧ છે. મજકુર મંડળી નો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તા. ૧–૭–૧૯૯૨ થી તા. ૩૧–૩–૨૦૦૧ સુધીનું શ્રી કે. એમ. શાહ, પાંચમાં વધારાના સબ–ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક કરેલ પણ જુદા જુદા કારણો દર્શાવી ઓડીટ કરાવવામાં વિલંબ કરેલ અને તે સંજોગોમાં આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ તથા સોસાયટીને રજુઆત માટે વાજબી અને પુરતી તક આપવા છતાં પણ સોસાયટી તરફે હોદ્દેદારો/ સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી. કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નહીં તે સંજોગોમાં પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ–૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો

INDEX

વચગાળાનો હુકમ પસાર કરી દિન-૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવા માટે જણાવવામાં આવેલ જેને વાજબી અને પુરતો સમય પસાર થવા છતાં સોસાયટી તરફથી કોઈ રજુઆત હજુ સુધી અત્રે મળવામાં નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો ન હોવાનું માનવાને પુરતા કારણો રહે છે. આથી સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા સંદર્ભ–૩ થી પસાર કરવામાં આવેલ તા. ૧૧–૧૧–૦૨ના વચગાળાના હુકમને કાયમ કરવો જરૂરી બનતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂઈએ ધી જમાલપુર કેરોસીન હોકર્સ સ. મં. લી., અમદાવાદ, નોંધણી નંબર –૩૧૪૯, તારીખ ૨૫–૯–૮૧ ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ સહકારી અધિકારી (ફડચો–૨), લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામા પુરી કરવાની રહેશે

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી/ચાર્જમાં મળેલ હિસાબો પત્રકો / સરવૈયાસહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૩૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૩૦–૫–૦૨નો પત્ર ક્રમાંક ગસભ/૦૧/ સી-૧/૨૮૪/૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૪–૬–૦૨ ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૪૯૩/સને ૨૦૦૨ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૧–૧૧–૨૦૦૨ના જા. નં. ફડચ-ફ-૧૧૫૭૩/ધ.૨/૯૨૧/સને ૨૦૦૨નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૭૩/ધ.૨/૯૨/૨૦૦૩.—ધી રાષ્ટ્રિય ભારતી ગ્રાહક સહકારી ભંડાર લી. અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નંબર ભ. ૪૯૨૫, તા. ૨૧–૩–૧૯૯૮ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમિટિના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવાનું ફરજીયાત છે.

મજકુર મંડળીની મુલાકાત/તપાસણીની કામગીરી સહકારી અધિકારી ગ્રેડ-૧ લગત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદને સુપ્રત થતાં તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહી તથા સોસાયટીને નોટીસ પાઠવવા છતાં સોસાયટીના હોદ્દેદારોએ રેકર્ડ તૈયાર કરી તપાસણી માટે કાર્યવાહી કરેલ નથી. જેથી સોસાયટીના દફતરની તપાસની થઇ શકેલ નથી. મજકુર સોસાયટી તારીખ ૨૧–૩–૯૮થી નોંધાયેલ હોવા છતાં સોસાયટીમાં દફતર તૈયાર ન હોવાના કારણે એકપણ તપાસણી થઇ શકેલ નથી. આમ નોંધણી થયા બાદ મંડળીએ ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ નથી. આમ, મજકુર મંડળી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ–૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા તા. ૨૪–૬–૦૨ ના રોજ અમારી સમક્ષ સુનાવણી નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ પણ સોસાયટીને રજુઆત માટે વાજબી અને પુરતી તક આપવા છતાં સોસાયટી તરફે હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી. જે બાબત ધ્યાને લઇ સંદર્ભ–૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી અમારી સમક્ષ દિન–૩૦માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ પણ મજકુર હુકમનું કવર પોસ્ટ ખાતા દ્વારા "રિફ્યુસ્ડ" ના શેરા સાથે અત્રે પરત કરેલ છે.

INDEX

આ સંજોગો અને સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના હોદ્દેદારોને મંડળીને સહકારી કાયદા હેઠળ ટકાવી રાખવામાં રસ ન હોવાનું માનવાને પુરતા કારણો જણાતાં હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવા સંદર્ભ–૩ થી કરવામાં આવેલ વચગાળાનો હુકમને કાયમ કરવા જરૂરી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી રાષ્ટ્રભારતી ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી નંબર ભ.–૪૯૨૫, તા. ૨૧-૩-૧૯૯૮ ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) હસ્તક આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમયમર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાના રહેશે.

અમદાવાદ, તા. ૩૦–૧–૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદનાં તા. ૨૫–૯–૦૨નાં પત્ર ક્રમાંક, અષણ/૦૧/ગ–૪/૩૩૪૪, સને ૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૯–૧૦–૦૨ ના પત્રક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૮૮૮/સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૮૩/ધ–૨/૧૦૪/સને ૨૦૦૩.—ધી લકંઠ મજુર કામદાર સહકારી મંડળી લી:, અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નં. ઉ–૮૧૭૫, તા. ૧૧–૭–૧૯૮૩ છે. મજકુર મંડળીનો વહીવટ, હિસાબ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવુ ફરજીયાત છે.

મજકુર મંડળીનું તા. ૧–૪–૦૧ થી ૩૧–૩–૦૨ સુધીનું ઓડીટ શ્રી એમ. એ. શેખ, ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. મજકુર ઓડીટ દરમ્યાન નીચેની વિગતે ક્ષતિઓ ધ્યાને આવેલ હોવાનું સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલમાં જણાવેલ છે.

(૧) મજકુર મંડળી સહકારી કાયદા–કાનુન અને મંજુર થયેલ પેટા કાયદા મુજબના ઉદ્દેશો પરિપુર્ણ થાય તે રીતે કાર્ય કરતી નથી.

(૨) સરકારશ્રીના લેણાંની વસુલાત નિયમિત સરકારશ્રીમાં જમા કરાવવામાં આવતી નથી. અર્થાત સરકારશ્રીના લેણાંની વસુલાત મેળવવાની બાકીમાં છે.

(૩) સામાન્ય સભા, વાર્ષિક સાધારણ સભા નિયમિત મળતી નથી.

(૪) વ્યવસ્થાપક કમીટીની મીટીંગો નિયમિત મળતી નથી.

(૫) સભાસદોને ઉદ્દેશો મુજબ રોજગારી મેળવી આપવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાનું જણાયેલ છે.

(૬) મંડળી સ્થગિત અવસ્થામાં છે.

ઉપરોક્ત વિગતો જોતાં મંડળીના કાર્યવાહકો/સંચાલકો/કમીટી સભ્યો-સોસાયટીના વહીવટમાં રસ ધરાવતાં નથી. અને મંડળી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા અમારી સમક્ષ તારીખ ૧૭–૧૦–૦૨ના રોજની સુનાવણી નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ સોસાયટીને રજુઆત માટે વાજબી તક આપવા છતાં સોસાયટી તરફે હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખીત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ–૨ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો

INDEX

પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, શ્રી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી નિલકંઠ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ નોંધણી નંબર ઉ–૮૧૭૫, તા. ૧૧–૭–૧૯૮૩ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન–૩૦ માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. કે જો સમય મર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧–૨–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તા. ૩૦–૫–૦૨નો પત્ર ક્રમાંક ગસભ/૦૧/સી-૧/૨૮૫/૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૧૪–૬–૦૨નો પત્ર ક્રમાંક ફડચ/૦૧-ધ. ૨/૪૯૪ સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તા. ૧૧–૧૧–૦૨ના જા. નં ફડચ/ફ. ૧૧૫૮૧/ધ. ૨/૯૩૦ સને ૨૦૦૨ના ફડચાનો વચગાળાનો હુકમ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ. ૧૧૫૮૧/ધ. ૨/૧૦૫ સને ૨૦૦૩.— ધી ટીના ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ભ. ૫૦૫૪, તા. ૫–૨–૨૦૦૦ છે, મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટાનિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીયાત છે.

મજકુર મંડળીની મુલાકાત તપાસણી અર્થે સહકારી અધિકારી ગ્રેડ–૨ લગત મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદ દ્વારા સોસાયટીની રૂબરૂ મુલાકાત લઈ પ્રયત્નો કરવામાં આવેલ સોસાયટીની રૂબરૂ મુલાકાત લેતા સોસાયટીના હોદ્દેદારો દ્વારા દફતર/રેકર્ડ તૈયાર કરાયેલ ન હોવાનું જણાયેલ હતું. ત્યાર બાદ તા. ૨૮–૧૦ ૦૨ ના પત્રથી તપાસણી કરાવવા અંગે સોસાયટીને પાઠવેલ નોટીસનું કવર સોસાયટી દ્વારા ન સ્વીકારાતા પોસ્ટ ખાતા દ્વારા ' રીફ્યુઝડ ' ના શેરા સાથે પરત કરેલ હતું આમ ઉક્ત સોસાયટીના રજિસ્ટ્રેશન બાદ સોસાયટી દ્વારા દફતર તૈયાર ન કરાયેલ હોવાને કારણે તેનું ઇન્સ્પેક્શન થઈ શકતું નથી. સોસાયટી બીલકુલ સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો મુજબની કામગીરી શરૂ કરેલ નથી. જેથી સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો મુજબ મજકુર મંડળી સામે સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ, સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ–૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા તા. ૨૪–૬–૦૨ના રોજની સુનાવણી નિયત કરવામાં આવેલ અને ત્યારબાદ સોસાયટીને રજુઆતની વાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી અમારી સમક્ષ સુનાવણી માટે વધુ તક આપવા છતાં સોસાયટી તરફે કોઈ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નહીં કે લેખિત/મૌખિક રજુઆત લખી મોકલેલ ન હતી જે બાબત ધ્યાને લઈ સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતે પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ–૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી તે સામે કોઈ રજુઆત કરવાની થતી હોય તો દિન–૩૦ માં અમારી સમક્ષ જરૂરી આધાર–પુરાવાસહ રજુઆત કરવાની તક આપવામાં આવેલ જેને વાજબી સમય-પસાર થવા છતાં સોસાયટી તરફથી હજુ સુધી કોઈ રજુઆત મળેલ નથી.

આ સંજોગો અને સંદર્ભ–૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા-નિયમો મુજબ ચાલતો નથી જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવા સંદર્ભ-૩થી કરવામાં આવેલ વચગાળાના ફડચાના હુકમને કાયમ કરવો જરૂરી બનતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ આશાપુરાની કૃષિ ધી ટીના ગ્રાહક સહકારી મંડળી લી., અમદાવાદ નોંધણી નંબર ભ/૪૫૦૫૪, તા. ૫–૨–૨૦૦૦ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી/ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગતો નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તા. ૧–૨–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનાં તા. ૧૧-૯-૨૦૦૨ના પત્ર ક્રમાંક અપણ/૦૨/ ૧૬૮/૨૦૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૯–૧૦–૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ–૨/૮૮૭/૨૦૦૨ની કારણદર્શક નોટીસ,

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ, ૧૧૫૮૨/ધ. ૨/૧૦૬/ સને ૨૦૦૩.– ધી સિલવર જયુબીલી કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ધીરાણ મંડળી છે, જેનો નોંધણી નંબર ૧૭૫૪૧, તા. ૩૧–૧૨–૧૯૮૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીના ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા નિયમો અને સહકારી કાયદા–કાનુન મુજબ કરવાની રહે છે, તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજીઆત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકી થી તા. ૩૧–૩–૨૦૦૨ સુધીનું શ્રી એમ. એ. શેખ, ઓડીટર ગ્રેડ–૨, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી, આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ–૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ સંદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ–૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ –૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ, અને ત્યારબાદ રજુઆતની વ્યાજબી તક આપવા છતાં સોસાયટી તરફે કોઇ હોદ્દેદારો / સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી,

આ સંજોગો અને ઓડીટર દ્વારા સદર્ભ–૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબતે માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુરે મંડળી સહકારી કાયદા અનુ-સાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિ-પૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. જેથી મજકુર સોસાયટીને ફડચામાં લઇ થઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો નીચેની વિગતે હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઇએ ધી સિલવર જયુબેલી કો.-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. અમદાવાદ નોંધણી નંબર ૧૭૫૪૧, તારીખ ૩૧–૧૨–૧૯૮૧ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કરૂં છું. અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ–૧૦૮ અન્વયે શ્રી. એ. આર. પરીખ સહકારી અધિકારી (ફડચો–૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. આ હુકમ બાબતે દિન ૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવે છે. જો સમયમર્યાદામાં અમારી સમક્ષ યોગ્ય રજુઆત કરવામાં આવશે નહીં તો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવશે.

અમદાવાદ, તા. ૧–૨–૨૦૦૩

INDEX

વંચાણે લીધા :—

(૧) આ કચેરીનો તા. ૫–૨–૧૯૯૮ ના જા. નં. ફડચ/૦૧/ધ. ૨/૧૯૧ અને ૧૯૬૧નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફ–૧) લગત આ કચેરી અને ફડચા અધિકારી લગત જય કૃષ્ણ કો. ઓપ. હા. સો. લી., અમદાવાદના તા. ૨૭–૧–૨૦૦૩ના પત્રથી રજુ થયેલ મજકુર મંડળીને સહકારી કાયદાની કલમ–૧૯–અ અન્વયે પુનઃજીવીત કરવાની દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ. ૨/૧૦૮/૨૦૦૩.—ધી જયકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. અમદાવાદ તે ધી મુંબઇ સહકારી મંડળીઓના કાયદા–૧૯૨૫ હેઠળ નોંધણી નંબર બી. ૨૮૧૪, તા. ૧૯–૧૦–૫૯ થી રજીસ્ટર્ડ થયેલ સહકારી ગૃહમંડળી છે અને તેને ત્યારબાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ હેઠળ રજીસ્ટર્ડ થયેલ ગણવામાં આવેલ છે.

મજકુર મંડળીનો વહીવટ કસ્ટોડીયન હેઠળ હતો અને સહકારી કાયદાની જે તે કલમ હેઠળની મહત્તમ અવધી વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા મંડળીના સભાસદો ઇચ્છતા ન હોવાથી તેમજ કસ્ટોડીયન દ્વારા પણ સોસાયટી અસરકારક રીતે સંચાલીત થઇ શકે તેમ ન હોવાથી પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ-૧થી મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફ-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવેલ જે અન્વયે ફડચા અધિકારીએ સદર સોસાયટીનો વહીવટ સંભાળી લીધેલ હતો.

સંદર્ભ–૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો મુજબ મજકુર સોસાયટીના સભાસદોની ખાસ સાધારણ સભા ફડચા અધિકારીએ તા. ૧૫–૧–૨૦૦૩ ના રોજ બોલાવેલ જેમાં હાજર સભાસદોએ મજકુર સોસાયટીનું તા. ૩૧-૩–૨૦૦૩ સુધીનું ઓડીટ ફડચા અધિકારીશ્રી પુર્ણ કરાવે ત્યાર પછીથી વહીવટ સંભાળી લેવા અંગે મુદ્દા નંબર ૨ તથા મુદ્દા નં. ૩થી વ્યવસ્થાપક કમીટીની રચના કરવાનું અને મુદ્દા નંબર ૪થી સોસાયટીના બેંક ખાતા ઓપરેટ કરવા અંગેના ઠરાવો પસાર કરવામાં આવેલ હોવાનું જણાવી પસાર કરાવેલ ઠરાવોની નકલ રજુ કરેલ છે. સોસાયટીના શ્રી ત્રિકમલાલ ભુજલાલ ચેપાએ તા. ૨૩–૧–૨૦૦૩ના પત્રથી સોસાયટીનો વહીવટ પરત કરવા અંગે ફડચા અધિકારીને લખાણ કરી મજકુર ઠરાવો રજુ કરેલ છે. જે ઉપર ફડચા અધિકારીએ જણાવેલ છે કે મંડળીમાં સભાસદોને આવાસો ફાળવાયેલ છે. સભ્યો વસાવટ ધરાવે છે. મંડળીના સભાસદોને સરકારશ્રી દ્વાર ફાળવવામાં આવેલ લોનની સંપુર્ણ વસુલાત થઇ શકેલ નથી. બાકી રકમો સભ્યો પાસેથી મેળવી સરકારશ્રીમાં જમાં કરાવવામાં આવશે. સોસાયટીની ફડચાની અવધિ તા. ૪-૨-૨૦૦૩ ના રોજ પુર્ણ થતી હોઈ અને સભ્યો વહીવટ પરત સંભાળી લેવાં સહમત થયેલ હોઇ તા. ૩૧-૩-૦૩ સુધીનું ઓડીટ પુર્ણ કરાવી તે મુજબ સહકારી કાયદાની કલમ–૧૯–ખ અન્વયે પુનઃજીવીત કરવા ભલામણ કરવામાં આવે છે. તેમાં જણાવેલ છે.

ઉકત તમામ વિગતો જોતાં મજકુર સોસાયટી વર્ષો પહેલા બંધાયેલ છે. સભ્યો તેમાં વસાવટ ધરાવે છે. સભ્યો વહીવટ સંભાળવા તૈયાર હોવાના સંજોગોમાં મંડળીનો વહીવટ સભ્યો દ્વારા ચૂંટાયેલ કમીટીને સુપ્રત કરવામાં હરકત સરખું નથી, સદર સોસાયટીનો તા ૪–૨–૦૩ના રોજ ૭ વર્ષની મહત્તમ અવધિ પુર્ણ થવામાં હોઇ ત્યારબાદ વહીવટ ફડચા અધિકારી હસ્તક રાખવો અનુચિત બનતું હોઇ ફડચા અધિકારીએ વેળાસર સોસાયટીને વહીવટ પરત સુપ્રત કરીને તેઓના સમયના હિસાબોના ઓડીટ માટે સોસાયટીને સહકાર આપવાનો રહે છે. વળી સોસાયટી પાસેથી સરકારશ્રીના લેણાં ભરપાઇ મેળવવાની બાકી હોઇ તે લેણાં જે તે સભાસદ પાસેથી વસુલ મેળવી સરકારશ્રીમાં ભરપાઇ કરવા અંગે સોસાયટીને સૂચન કરીને મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવામાં હરકત સરખુ જણાતું ન હોઇ નીચે મુજબનો શરતી હુકમ કરવો મુનાસીબ જણાય છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૯–ખ, અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂએ ધી જયકૃષ્ણ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર બી-૨૮૧૪ તા. ૧૯-૧૦-૧૯૫૯ને નીચે દર્શાવેલ શરતોને આધીન પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે,

(૧) સોસાયટીનું ઓડીટ દર વર્ષે નિયમિત નિયમોનુસાર ખાતા મારફત કરાવવાનું રહેશે તથા બાકી ઓડીટ તાત્કાલીક પૂર્ણ કરાવવાનું રહેશે.

(૨) મજકુર સોસાયટીને સરકારશ્રી દ્વારા ફાળવાયેલ લોનની વસુલાત મેળવવાની બાકીમાં હોઇ ફડચા અધિકારી દ્વારા જે સભાસદો પાસેથી લોન મેળવવાની બાકી હોવા બાબતેનું જણાવી જવાબદારી નિયત થયેલ હોય તે સભાસદો પાસેથી તાકીદે સરકારશ્રીના લેણાંની વસુલાત મેળવીને વેળાસર સરકારશ્રીમાં જમા કરાવવાનાં રહેશે.

(૩) સહકારી કાયદા-કાનુન અને મંડળીના પેટા નિયમો લેન્ડ સિલીંગ એક્ટ જમીન સંપાદનને લગતા કાયદા તથા અન્ય લાગુ પડતા તમામ સંબંધીત કાયદાઓનું સોસાયટીને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

મજકુર શરતોના સુસંગ્યે અમલ કરવાની શરતે મજકુર સોસાયટીને પુનઃજીવીત કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૩-૨-૦૩.

એસ. ડી. ચૌહાણ,
જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., (શહેર),
અમદાવાદ.

નંબર સે-દુ/૩૩૮૫૧/નધણુ/૦૧/ક-૨/૬૮/૨૦૦૩.— આથી જાહેર કરે છે કે જણીયાદરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ જણીયાદરા, તા. ભરૂચ, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાતના કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, ૩૧-૧-૨૦૦૩.

નંબર સે-દુ/૩૩૮૫૨/નધણુ/૦૧/ક-૨/૮૬/૨૦૦૩. - આથી જાહેર કરે છે કે સીતપોણુ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સીતપોણ, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૧-૧-૨૦૦૩.

નંબર સે/દુ-૩૩૮૫૩/નધણુ/૦૧/ક-૨/૮૦/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, કેસરોલ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કેસરોલ, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો, ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૧-૧-૨૦૦૩.

નંબર સે/દુ-૩૫૧૪૪/નધણુ/૦૨/ક-૨/૭૪/૨૦૦૩.—આ થી જાહેર કરે છે કે, હરિ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નાના અમનપુર, તાલુકો જંબુસર, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૧-૧-૨૦૦૩.

એચ. આર. પટેલ,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ભરૂચ.

વંચાણે લીધા :—

(૧) શ્રી ભુવેલ ખેતમજુર સહકારી મંડળી લી., ભુવેલ તા. ખંભાત આણંદ ના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૩-૧-૨૦૦૩નો પત્ર નં. ફડચ/૧૨/ચ/૧૦૮/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ.-૨૪-૯૧/ડી. ડી. સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ઉખસ /ક.જ. /ફડચ / ૧૨ /ચ-૧૩૧/૨૦૦૩.— શ્રી ભૂવેલ ખેતમજુર સહકારી મંડળી લી., ભૂવેલ મુ. ભૂવેલ તાલુકો ખંભાત જીલ્લો આણંદને મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદનાં ઓફીસનો નોંધણી નંબર સે-૧૪૩૩૯, તા. ૨૩-૧૧ - ૧૯૭૭ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. / ક. જ. / ફડચા/ગ-૨ / ૪૭૫૧, તારીખ ૩-૧૨-૧૯૯૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૩૧-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) શ્રી સરદાર પટેલ પિયત સહકારી મંડળી, કણીયા તા. પેટલાદના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૮-૧-૨૦૦૩નો પત્ર નં. ફડચ/૧૧/ચ-૧૧૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ-વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ઉખસ/ક.જ./ફડચ/૧૭/ચ-૧૩૩/૨૦૦૩.—શ્રી સરદાર પટેલ પિયત સહકારી મંડળી લી., કણીયા મુ. કણીયા, તા. પેટલાદ, જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર એ-૨૨૬૯, તા. ૧૫-૧-૧૯૭૯ થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જા./ફડચા/ગ-૨/૫૩૧/૯૪, તારીખ ૮-૪-૧૯૯૪ થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૩૧-૧-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) શ્રી ખંભાત નગરપાલિકા કર્મચારી ગ્રાહક અને ધિરાણ સ. મં. લી. ખંભાતના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૩-૧-૨૦૦૩ નો પત્ર નં. ફડચ/૮/ચ-૧૦૭/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ ના જાહેરનામા ક્રમાંક : જી. એચ. કે. એચ. -૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચ/૧૦/ચ-૧૩૬/૨૦૦૩.—શ્રી ખંભાત નગરપાલિકા કર્મચારી ગ્રાહક અને ધિરાણ સ. મં. લી., મુ. ખંભાત તા. ખંભાત, જીલ્લા આણંદને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નં., ભં. ૬૬૬, તા. ૯-૮-૧૯૭૮ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ફડચા/ગ-૨/૭૬/૯૪, તારીખ ૧૨-૧-૧૯૯૪થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તા. ૩૧-૧-૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
આણંદ.

વંચાણમાં લીધા :—

(૧) અત્રેના હુકમ ક્રમાંક : ચકસ-૦૧-ખ-૭૨-૨૦૦૨, તા. ૩૦-૧-૨૦૦૨.

(૨) અત્રેનો હુકમ ક્રમાંક : ચકસ-૦૧-ખ-૨૪૨-૦૨, તા. ૨૯-૪-૨૦૦૨.

(૩) વહીવટદારશ્રી, ધી આદર્શ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. હારીજનો તા. ૧૫-૧-૦૩ નો પત્ર.

(૪) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ચકસ-૦૧-ખ-૩-૫૯-૧૯૭-૨૦૦૩.—અત્રેના હુકમ ક્રમાંક ચકસ-૦૧-ખ-૭૨-૨૦૦૨, તા. ૩૦-૧-૨૦૦૨ તથા અંશત : સુધારા હુકમ ક્રમાંક : ચકસ-૦૧-ખ-૨૪૨-૦૨, તા. ૨૯-૪-૦૨ | [મુખ ૧ અને ૨] થી ધી આદર્શ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. હારીજએ અત્રેથી નિયુક્ત વહીવટદારના વહીવટ હેઠળ છે.

વહીવટદારશ્રીએ તારીખ ૧૫-૧-૨૦૦૩ના પત્રથી એવી રજુઆત કરી છે કે તેઓએ વહીવટદારની નિમણુંક પૂરી થાય તે પૂર્વે i. e. તારીખ ૩૦-૧-૨૦૦૩ અગાઉ મંડળીના

પેટા-નિયમ મુજબ ચૂંટણી પ્રોગ્રામ બહાર પાડી ૧૫ વ્ય. ક. સભ્યો બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. ચૂંટાયેલા સભ્યોને વહીવટ સુપરત કરવા માટે ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૮૧ મુજબ મંડળીમાંથી વહીવટદારની વ્યવસ્થા સમાપ્ત કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે

હુકમ

આથી હું, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાટણ, ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૮૧થી મને પ્રાપ્ત અધિકાર અન્વયે ધી આદર્શ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી. હારીજમાંથી વહીવટદારની વ્યવસ્થા સમાપ્ત કરતો હુકમ કરું છું.

પાટણ, તા. ૩૦-૧-૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મંડળીઓ,
પાટણ,

વાંચ્યો :

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૧૮૦/૧૭૩૩/ ૨૦૦૩, તા. ૧૭-૨-૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) ની જોગવાઇઓ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ફડચ/૧૮૦/ખ. ૧/૯૭/સને ૨૦૦૩.—ધી સાગાવાડા ગ્રાહક સહકારી મંડળી લી., જી. સાગાવાડા પો. સાગાવાડા, જી. દાહોદ જી દાહોદ નોંધણી ક્રમાંક ૮૫૩૮૩૫, તા. ૧૬-૪-૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭(ક) (૨) (૪) અન્વયે આમુખ-૧ માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એકમાસ ની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧ થી જણાવવામાં આવેલ હતુ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતા મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારીશ્રી ગ્રાહક લગત સદર કચેરીએ ફડચાની કામગીરી આ આદેશ તારીખથી ત્રણ માસની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨-૨-૨૦૦૩.

વાંચ્યો :—

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૧૮૧/ખ-૨/ ૧૭૩૪/૨૦૦૨, તા. ૧૭-૧૨-૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) ની જોગવાઇ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ફડચ/૧૮૧/ખ-૧/૯૬/સને ૨૦૦૩.—થી પંચવટી પોલ્ટ્રી ફાર્મર્સ સહકારી મંડળી લી., મુ. પો. ચુંદડી, તા. લીમખેડા, જિ. દાહોદ નોંધણી ક્રમાંક સે-૨૬૫૮૩, તા. ૨૨-૩-૯૩ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (ક) (૨) (૪) અન્વયે આમુખ-૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧થી જણાવવામાં આવેલ હતું. છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારીશ્રી ગ્રાહક લગત સદર કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

દાહોદ, તા. ૨-૨-૨૦૦૩.

જે. એસ. ડામોર,
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, દાહોદ.

ક્રમાંક ઉખસ/નધણ/૬૨૧/સે-૩૨૭૪૮/ઝ/૭૦/સને ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, આમોનિયા દુધ ઉત્પાદક સહ. મહિલા મંડળી લી., મર્યાદિત સ્થળ અમોનિયા, તાલુકો વ્યારા, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) નો કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૭-૧-૨૦૦૩

ક્રમાંક ઉખસ/નધણ/૬૫૯/સા-૩૮૦૪ / ઝ / ૧૪૩૯ / સને ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે. નક્ષત્ર ડાયમંડ કોમ્પલેક્ષ કોમર્શીયલ કો. ઓપ. સોસાયટી લી., સુરત મહીધરપુરા, મર્યાદિત સ્થળ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૮–૧–૨૦૦૩.

ક્રમાંક ઉખસ / નધણુ / ધ–૨૦૪૫૪ / ઝ–૧૪૪૧ / ૬૬૦ / ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, ગોવિંદપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., નાનાવરાછા. મર્યાદિત સ્થળ નાનાવરાછા, તાલુકો સુરતસીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાતનો કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૮–૧–૨૦૦૩.

ક્રમાંક ઉખસ / નધણુ / ધ-૨૦૪૯૩ / ઝ-૧૪૪૩ / ૬૫૩/ ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, યોગીરાજ રો.–હાઉસ કો. ઓપ હાઉસીંગ સોસાયટી લી., પુણા. મર્યાદિત સ્થળ પુણા, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૮–૧–૨૦૦૩.

ક્રમાંક ઉખસ / નધણુ / સા–૩૮૦૫ / ઝ–૮૧ /૨૦૦૩.–આથી જાહેર કરે છે કે, રાજદીપ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી.. નાનપુરા સુરત. મર્યાદિત સ્થળ નાનપુરા સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૯–૧–૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણુ/સા–૩૮૦૬/ઝ–૮૩/૬૯૬/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે, શારનગર કો. ઓપ. હાઉસીંગ સર્વીસ સોસાયટી લી., સુરત (વેસુ). મર્યાદિત સ્થળ વેસુ, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૯–૧–૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
સુરત.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નંબર જી. પં. સહકાર / ૨૧૨૪ / ખે/ ૬૨૧૭.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ, આથી જાહેર કરે છે કે ધી કાવા મા. ન. જિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ કાવા તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ–૯ (૧) (અ)અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

નંબર જી. પં. સહકાર/૨૧૨૨/ખે/૬૨૧૮.–મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી વાવલી મા. ન. જિલ્લા સ. મં. લી., મર્યાદિત સ્થળ વાવલી, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦)ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

નંબર જી. પં. સહકાર / ૨૧૨૧ / ખે/૬૨૧૯.–મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી લીમજ મા. ન. જિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ કરમાડ, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ–૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

INDEX

નંબર જી. પં. સહકાર/૨૧૨૩/ખે/૬૨૨૦.—મદદનીશ જિ રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિ. પં., ભરૂચ. આથી જાહેર કરે છે કે ધી ડભાલ-૨ મા. ન. જિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ વાવલી, તાલુકો જંબુસર, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ—૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

નંબર જી. પં. સહકાર/૨૧૨૨/ખે/૬૨૨૧ / ૨૦૦૩.—મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. ભરૂચ, આથી જાહેર કરે છે કે, ધી રોઝા ટંકારીઆ મા.–૭ ન. સિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ રોઝા ટંકારીઆ, તાલુકો આમોદ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ—૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

નંબર જિ. પં. સહકાર/૨૧૨૦/ખે / ૬૨૨૨ / ૨૦૦૩.—મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. ભરૂચ, આથી જાહેર કરે છે કે, ધી વલીપુર મા–૧ ન. સિ. સ. મં. લી., મર્યાદિત સ્થળ કેનવા, તાલુકો આમોદ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ—૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

નંબર જી. પં. / સહકાર/ ૨૧૨૧ / ખે/૬૨૨૩/૨૦૦૩.—મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જી. પંચાયત, ભરૂચ આથી જાહેર કરે છે કે ધી રોઝા ટંકારીઆ મા–૧ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ રોઝા-ટંકારીઆ, તાલુકો આમોદ, જીલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ—૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે

ભરૂચ, તા. ૩૦–૧–૨૦૦૩.

એસ. આર. રાઠવા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં.
ભરૂચ.

વાંચ્યો :—

(૧) ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ડીડીસી/ ૧૧૬૩/૪૩૯૦૫/બી/ તા. ૩૦–૭–૬૫.

(૨) (અ) ધી ખાંડીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., તા. શહેરાની તા. ૬–૧–૦૨ ની ખાસ સાધારણ સભાનો ઠરાવ નં. ૨.

(બ) મંડળીના વિભાજન અંગેની અરજી તા. ૬-૧-૦૨.

(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રી, શહેરાનાં પત્ર નંબર / તા. પં./૩/વશી/૧૫; તા. ૧૮–૨–૦૨.

(૪) મેનેજરશ્રી, ધી પંચમહાલ ડી. કો. ઓ. બેંક લીમીટેડ ગોધરાના પત્ર નં. એસ. એસ. ડી / વિભાજન/૪૮૪૦૭/ તા. ૧૬–૮–૦૨.

હુકમ

નંબર જી. પં./સહકાર/નોંધણી/૨૩૭૯-૮૬/વશી.—ધી ખાંડીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લીમીટેડ શહેરાની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ—૧૯૬૧ (કે જેમાં હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ—૧૭ તથા સહકારી મંડળીઓના નિયમ—૧૯૬૫ (કે જેનો હવે પછી સહકારી નિયમો તરીકે ઉલ્લેખ કરેલ છે.) ના નિયમ-૯ હેઠળ વિભાજન અંગે આમુખ—૨ (અ) માં જણાવેલ વાર્ષિક સાધારણ સભાના ઠરાવથી વિભાજન કરવા ઠરાવેલ છે. મુસદ્દા અન્વયે આમુખ—(બ) માં જણાવેલ હુકમથી મંડળીનું વિભાજન કરવા અંગે મંજુરી માંગેલ છે. તે અન્વયે સહકારી કાયદાની કલમ—૧૭(૨) હેઠળ આમુખ—૧ થી મંડળીના વિભાજન બાબતે તેમજ પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી., ગોધરાની સંમતિ ધ્યાને લઇ ધી ખાડીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. ને નીચે જણાવેલ શરતોને આધારે વિભાજન કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) ધી ખાંડીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી.
(૨) ધી ઉમરપુર અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી.

આમુખ—(૧) થી મળેલ અધિકારની રૂએ વિભાજન કરવા અને મંડળીનું વિભાજન થતાં ધી ખાંડીયા અર્થક્ષમ સેવા

INDEX

સહકારી મંડળી લીમીટેડની નોંધણી નંબર ૨૫૪, તારીખ ૩૦–૬–૮૨ થી થયેલ નોંધણી સહકારી કાયદાની કલમ–૧૮ હેઠળ તારીખ ૩૧–૧૨–૨૦૦૨થી અમલમાં આવે તે રીતે ૨૬ કરવા અને નવી અસ્તિત્વમાં આવેલ ઉક્ત મંડળીઓ અલગ અલગ નંબરથી નોંધણી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :—

(૧) ધી ખાંડીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. નું વિભાજન થતાં તેની મિલ્કત અને લ્હેણાંની ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. શહેરા શાખા સાથે પરામર્શ કરી અગર નકકી કરેલ ધોરણે વહેંચણી કરી બંને મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં અનુમતી મેળવવાની રહેશે.

(૨) નવી નોંધવામાં આવેલ મંડળીઓના મંજુર થયેલ પેટા-નિયમોની પ્રથમ સાધારણ સભામાં બહાલી મેળવી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે.

(૩) નવી મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા માટે વિસ્તરણ અધિકારી સહકારી, તા. પં. શહેરાને અધિકૃત કરવામાં આવે છે. તેઓની અનુમતિ મેળવી પ્રથમ સાધારણ સભા બોલાવી તેની કાર્યવાહીની નોંધ અત્રેને મોકલવાની રહેશે.

(૪) ધી ખાંડીયા સેવા સ.મં.લી. નાં કર્મચારીઓનો સમાવેશ નવીન રચના થનાર મંડળીમાં કરવાનો રહેશે. નવીન મંડળીઓની ખોટ ભરપાઇ થાય નહી. ત્યાં સુધી બેંકની પુર્વ મંજુરી વિના અન્ય કોઇ કર્મચારીની નીમણુંક કરવાની રહેશે નહી.

(૫) ગ્રેજ્યુએટી કાયદો લાગુ પડતો ન હોઇ ગ્રેજ્યુઈએટીના નિયમો પરિશિષ્ટ 'ઈ' મજુંર કરવાના રહેતા નથી.

આ હુકમનો અમલ ઉપરોક્ત શરતોને આધિન રહી બેંકનું નાંણાંકીય હીત જોખમાય નહીં તે શરતે તારીખ ૧–૧–૨૦૦૩ થી કરવાનો રહેશે.

ગોધરા, તા. ૩૧–૧૨–૨૦૦૨

સી. એમ. ભાભોર,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (જી. પં.) પંચમહાલ
ગોધરા.

વંચાણે લીધા :—

(૧) સદર કચેરીએ કરેલ વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૦૧/૨૩૩, તા. ૨૬–૨–૯૭.

હુકમ

જા. નં. જીઉકે/સાકા/ફડચ/૧૭૪/૦૩.–ધી માટી કામ લઘુ ઉદ્યોગ ઉત્પાદક સ. મં. લી., લીંલછા, તા. ભિલોડા, જિલ્લો સાબરકાંઠાની નોંધણી નંબર ઉ/૬૯૨૧, તારીખ ૨૫–૧૦–૮૮ થી નોંધાયેલ છે. ઉક્ત મંડળીને ઉપરોક્ત વંચાણમાં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર હુકમ સામે મંડળી કે તેના સભ્યો તરફથી આજ-દિન સુધીમાં કોઇ મૌખિક કે લેખિત રજુઆત આ કચેરીને થયેલ નથી. પરિણામે ઉપર નોંધાયેલ વચગાળાના હુકમમાં જણાવેલ કારણોસર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮ (૧) હેઠળ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

હિંમતનગર, તા. ૧–૨–૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) સદર કચેરીએ કરેલ વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/૨૩૩, તા. ૨૬–૨–૯૭.

હુકમ

જા. નં. જીઉકે/સા.કાં./ફડચ/૯૬૭/૧૭૫/૦૩.—ધી સંત સવગુણ ધામડી ગ્રુપ વ. સ. મં. લી., મુ. ધામડી તા. વડાલી જિ. સાબરકાંઠાની નોંધણી નં. ઉ-૬૦૭૨, તા. ૨૩–૧૧–૮૭ થી નોંધાયેલ છે. ઉક્ત મંડળીને ઉપરોકત વંચાણમાં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર હુકમ સામે મંડળી કે તેના સભ્યો તરફથી આજ-દિન સુધીમાં કોઇ મૌખિક કે લેખિત રજુઆત આ કચેરીને થયેલ નથી. પરિણામે ઉપર નોંધાયેલ વચગાળાના હુકમમાં જણાવેલ કારણોસર મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૮(૧) હેઠળ સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચો લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુરની નીમણુંક કરવામાં આવે છે.

હિંમતનગર, તા. ૧–૨–૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મેનેજર (કેરીસીઆઈ) અને
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં.
(ઉદ્યોગ), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, MARCH 13, 2003 / PHALGUNA 22, 1924 [No. 11

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	193-217	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	157-182
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	11	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, IV-B and IV-C under (Central) Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	3879-4142

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ. શા./૭૫૪/૨૦૦૩.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ

વિસ્તારમાં તા. ૧લી માર્ચ, ૨૦૦૩ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૫મી માર્ચ, ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો.

ક્રમાંક ઉ/ગપક/વિ. શા./૭૫૫/૨૦૦૩.- અમદાવાદ શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર, તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારો થી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂરી જણાય છે.

વાસ્તે, હું કે. આર કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧લી માર્ચ, ૨૦૦૩ થી ૩૦મી એપ્રિલ, ૨૦૦૩ સુધી નીચે ના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળુ કોઈપણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડે થી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(ખ) કોઈ પણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળ દેખાડવાની,

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ ની પેટા કલમ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નં. ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારા સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ, શહેર.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ અધિનિયમ)ના કલમ-૩૩ (૧) (એમ) મુજબનો.

નંબર ડી.સી./એમએજી/એસઆર-૭/૦૩.—હું શ્રીમતી ઉર્મિલાબેન ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લા તે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (બોમ્બે એકટ-૨૨ સને ૧૯૫૧) ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (એમ) અન્વયે પીવાના પાણીનો બગાડ ન થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂં છું.

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના તમામ તળાવ તથા કેનાલોમાંથી મશીન/મોટર/ડીઝલ પંપ મુકી અનઅધિકૃત રીતે પાણી ખેંચવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડી.સી./પીઓએલ/એમએજી/એસઆર-૮/૨૦૦૩.—આગામી દિવસોમાં મહાશિવરાત્રીના તહેવારને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાઈ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારિરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ/સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા તેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે કરવાની અને તેના ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ. વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ની અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ-૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો

નંબર ડી.સી./પીઓએલ/એજી/એસઆર-૯/૨૦૦૩.—આગામી દિવસોમાં મહાશિવરાત્રીના તહેવારને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ ૪૫) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી નં. ૧૧/૨૦૦૩- મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨ મા) અધિનિયમની કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, જિલ્લામાં આગામી મહાશિવરાત્રીના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૧૦મી માર્ચ, ૨૦૦૩ સુધી અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી નં. ૧૨/૨૦૦૩ -મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨ મા) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી મહાશિવરાત્રીના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩થી ૧૦મી માર્ચ, ૨૦૦૩ સુધીના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની. આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ,

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી નં. ૪/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨ મા) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી. તારીખ ૧લી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મહાશિવરાત્રીના તહેવાર તથા કાયદો અને વ્યવસ્થા તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી ૩ જી માર્ચ, ૨૦૦૩ સુધી (બંને દિવસો શુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શૅર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તા. ૫-૨-૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ ક્રમાંક ફડચ/ફ-૨૯૧૯/ધ-૨/૨૩૪ તા. ૧૩-૮-૦૧.

(૨) શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ લગત કચેરીના તા. ૨-૧-૦૩ના જા. નં. ફડચ/૦૧/ફ ૩-૮-૦૩થી મંડળીને પુનઃજીવીત કરવા અંગેની ભલામણ સાહતની આવેલ દરખાસ્ત.

(૩) ગુજરાત સહકરી મંડળી અધિનયમ ૧૯૬૧ની કલમ-૧૯ તેમજ નિયમ ૧૦.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૩૨/૦૨.—ધી અમરદીપ એપાર્ટમેન્ટ કો. ઓપ, હાઉસીંગ સોસાયટી લી., વડોદરાને ફડચામાં લઇ જવા અંગે આમુખ (૧)ના તા. ૧૩-૮-૦૧ના હુકમથી ફડચામાં લઇ જવા હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી, ફડચા નં. ૩ની નિમણુંક કરવામાં આવેલ હતી

મંડળીના સભાસદો તરફથી સાધારણ સભામાં મંડળીને પુનઃજીવીત કરવા રજુઆત થતાં અને સહકારી અધિકારી ફડચા નં. ૩ લગત કચેરીના આમુખ (૨)ના પત્રથી મંડળીને જે તે સ્થિતીમાં પુનઃજીવીત કરવા ભલામણ સહ દરખાસ્ત અત્રે મળતાં મંડળીને પુનઃજીવીત કરવા નિર્ણય કરેલ છે તે અન્વયે ધી અમરદીપ એપાર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૯ તેમજ નિયમ ૧૦ હેઠળ પ્રાપ્ત થતી સત્તાની રૂએ સદરહુ મંડળીને જે તે સ્થિતીમાં પુનઃજીવીત કરવા હુકમ કરવામાં આવે છે.

વડોદરા, તા. ૫-૨-૦૩.

દીપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

સે. ક્રમાંક નત્રણુ/૧૯૦/બ-૧/સે-૩૨૧૮૯/૧૨૪/૦૩.—જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ દાહોદ, આથી જાહેર કરે છે કે ધી બાતીહીથોડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બાતીહાથોડ, તાલુકો ફતેપુરા, જીલ્લો દાહોદ સને ૧૯૬૨ના ગુજરાત કાયદો(ગુજરાત સહકારી મંડળીઓનો (કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

દાહોદ, તા. ૧૩-૨-૨૦૦૩.

જે. એસ. ડામોર,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, દાહોદ.

નં. નધણુ/૦૧/ક-૩૫/સેદુ.-૩૩૫૩૦/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, ધી ટીમ્બાકંપા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ટીમ્બાકંપા, તાલુકો તલોદ, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકાર મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૩૦-૧-૨૦૦૩.

નં. સેદુ. ૩૩૫૩૧/નધણુ/૦૧/ક/૩૭/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે ધી તાંદોલ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ તાંદોલ, તાલુકો હિંમતનગર, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૭-૨-૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચીવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક ૨૪૯૧/ડી.ડી.જી./૧૧૮૯/જ/તા. ૩૦-૨-૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી હિંમતપુર (બા) ગૃપ તેલીબીયા ઉ. સ. મં. મુ. હિંમતપુર (બા) તાલુકો હિંમતનગરના તા. ૩૧-૧૨-૨૦૦૨નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૧૮૬૦/૦૧/ગ/૨૬૪/૨૦૦૩.—ધી હિંમતપુર (બા) ગૃપ સેવા સહકારી મંડળી સહકારી મંડળી લી. મુ. હિંમતપુરા (બા) તા. હિંમતનગર જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર સે. તે. ૧૦૨૫૮, તા. ૨૬-૧૦-૯૦થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ

કચેરીના તા. ૧૯–૪–૨૦૦૦ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ. જેને સંદર્ભ–૨માં જણાવ્યા પ્રમાણે ના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

સદરહું મંડળીના [illegible] અને અંતીમ ઓડીટ થઈ જતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરૂ છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન–૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તા. ૧૧–૨–૨૦૦૩.

જે. જે શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. હિંમતનગર,

વાંચ્યો :—

સહકારી અધિકારી ફડચા-૧, સુરતના તા ૧૦–૧–૦૩ના જા. નં. ફડચ / ૦૯ / ૩ / ૨૦૦૩ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નંબર ફડચ/ઉખસ/૧૭૧૮/ખ/૧૫૮/૨૦૦૩.— ધી મુબારકપુર જુથ પિયત સહકારી મંડળી લી., મુ. મુબારકપુર તા. નિઝર, જિ. સુરતના નોંધણી ક્રમાંક નંબર સે.–૨૬૭૦, તારીખ ૨૩–૧૨–૮૭થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૧૮/ખ/૨૪૮, તા. ૧૯–૨–૦૨ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા ૨૯–૧–૨૦૦૩.

વાંચ્યો :– સહકારી અધિકારી ફડચા-૨, સુરતનાં તા. ૧૦–૧–૨૦૦૩નાં જા. નં. ફડચ/૦૨/૭/૦૩ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૭૩૬/ખ/૧૫૪/૨૦૦૩.—ધી કીકવાડ પિયત વિસ્તાર પાણીની વહેંચણી માટેની સ. મં. લી. મુ. પો. કીકવાડ, તા. બારડોલી, જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. એ-૪૭૭૩, તારીખ ૧૦–૮–૧૯૯૮થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૩૬ /ખ/ ૪૮૫, તારીખ ૨૧–૩–૨૦૦૨ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઈપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૯–૧–૨૦૦૩.

વાંચ્યો :—

સહકારી અધિકારી ફડચા–૨, સુરતનાં તા. ૧૦-૧-૨૦૦૩ના જા. નં. ફડચ/૯/૦૩ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૭૪૬ / ખ / ૧૫૭/૨૦૦૩.—ધી વરેલી જલારામ રેતી ગ્રાવલ કાઢનારી સહકારી મંડળી લી., મુ. પો, વરેલી, તા. માંડવી જીલ્લો સુરતના નોંધણી ક્રમાંક નં. સે–૨૫૬૫, તારીખ ૨૧–૧૨–૯૩ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ / ઉખસ / ૧૭૪૬ / ખ / ૩૮૦, તારીખ ૧૩–૬–૨૦૦૨ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૯–૧–૨૦૦૩.

INDEX

વાંચ્યો :

સહકારી અધિકારી ફડચા-૨, સુરતના તા. ૧૦–૧–૦૩ના જા. નં. ફડચ/૦૨/૬ થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ / ઉખસ / ૧૭૫૧ / ખ / ૧૫૫/૨૦૦૩.—ધી ગામતળાવ ખુર્દ જંગલના પુનઃનિર્માણ અને ગ્રામવિકાસ સ. મં. લી., ગામતળાવ ખુર્દ તા. માંડવી, જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. સે.-૨૭૪૧, તારીખ ૨૧–૧૨–૯૫થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૫૦/ખ/૬૯૩, તારીખ ૬–૮–૨૦૦૨ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૯–૧–૨૦૦૩.

વાંચ્યો :— સહકારી અધિકારી ફડચા–૨, સુરતનાં તારીખ ૧૦–૧–૨૦૦૩ નાં જા. નં. ફડચ / ૦૨ / ૮થી મંડળીની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૭૫૧/ખ / ૧૫૬ / ૨૦૦૩.— ધી હરીપુરા કામાધાર વન વસાહત પિયત સહકારી મં. લી. મુકામ કામાધાર, પો. દઢવાડા, તા. માંડવી જિલ્લો સુરતના નોંધણી ક્રમાંક : સે. ૩૨૫૧, તારીખ ૭–૧૨–૧૯૯૩ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૫૧/ખ/૬૯૪, તારીખ ૬–૮–૨૦૦૨ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ કોઇપણ જાતની જવાબદારી અદા કરવાની બાકી રહેતી ન હોવાથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૨૯–૧–૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વાંચ્યો :

(૧) ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ડીડીસી/૧૧૬૩/૪૩૯૦૫/બા, તા. ૩૦–૭–૬૫.

(૨) (અ) ધી ધનોલ સેવા સહકારી મંડળીની વિભાજન અંગેનો તા. ૨૩–૧૨–૦૨નો પત્ર.

(બ) ધી ધનોલ સેવા સહકારી મંડળીની ખાસ સાધારણ સભા તા. ૬-૧૨-૦૨ના ઠરાવ નં. ૩ થી વિભાજન અંગેનો ઠરાવ.

(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર સહકાર / વશી–૧૫, તા. ૨–૩–૦૩.

(૪) અત્રેની કચેરીના પત્ર નં. જીપં/સહકાર/નોંધણી/વશી/૩૮, તા. ૯–૧–૦૩.

(૫) મેનેજરશ્રી, ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી. પત્ર નં. એસએસડી/વિભાજન/૪૮/૭૭૧, તા. ૧૮–૧–૦૩ આપેલ સંમતિ.

હુકમ

નંબર જીપં/સહકાર/નોંધણી/૧૧૩-૨૦/વશી.—ધી ધનોલ સેવા સહકારી મંડળી લી. તા. ગોધરા, જી. પંચમહાલની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૭ તથા સહકારી મંડળીઓના નિયમો, ૧૯૬૫ (કે જેઓ હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરેલ છે.) ના નિયમ–૯ હેઠળ વિભાજન અંગે આમુખ–૨ (અ) માં જણાવેલ ખાસ સાધારણ સભાના ઠરાવ-૩ થી મંજુર કરેલ મુસદ્દા અન્વયે આમુખ-(૪) માં જણાવેલ હુકમથી મંડળીનું વિભાજન કરવા અંગે મંજુરી આપેલ હતી. તે અન્વયે સહકારી કાયદાની કલમ ૧૭ (૨) હેઠળ આમુખ–૧ થી મંડળીના વિભાજન બાબતે તેમજ ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી., ગોધરાની સંમતિ ધ્યાને લઇ ધી ધનોલ અર્થક્ષમ સેવા સ. મં. લી. ને નીચે જણાવેલ શરતોને આધારે વિભાજન કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) ધી ધનોલ સેવા સહકારી મંડળી લી.

(૨) ધી ગવાસી ,, ,, ,, ,,

(૩) ધી ગોલી ,, ,, ,

INDEX

આમુખ–(૧) થી મળેલ અધિકાર રૂએ વિભાજન કરવા અને મંડળીનું વિભાજન થતાં ધી ધનોલ સેવા સહકારી મંડળી લી., ની નોંધણી નંબર સે.–૨૫૯૦૧, તારીખ ૧૮–૪–૫૮ થી થયેલ નોંધણી સહકારી કાયદાની કલમ–૧૮ હેઠળ તારીખ ૩૧–૧–૨૦૦૩ થી અમલમાં આવે તે રીતે રદ કરવા અને નવી અસ્તિત્વમાં આવેલ ઉક્ત મંડળીઓ અલગ અલગ નંબરથી નોંધણી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો

(૧) ધી ધનોલ સેવા સહકારી સ. મ. લી., વિભાજન થતાં તેની મિલકત અને લ્હેણુંની ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. ટીંબાગામ શાખા સાથે પરામર્શ કરી અગર નક્કી કરેલ ધોરણે વહેંચણું કરી ત્રણ મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં અનુમતી મેળવવાની રહેશે

(૨) નવીન નોંધવામાં આવેલ મંડળીઓના મંજુર થયેલ પેટા નિયમોની પ્રથમ સાધારણ સભામાં બહાલી મેળવી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે

(૩) નવીન મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં ઉપસ્થિતિ રહેવા માટે વિસ્તરણ અધિકારી સહકારી તા. પં. ગોધરાને અધિકૃત કરવામાં આવે છે. તેઓની અનુમતી મેળવી પ્રથમ સાધારણ સભા બોલાવી તેની કાર્યવાહીની નોંધ અત્રેને મોકલવાની રહેશે.

(૪) ધી ધનોલ સેવા સ. મં. લી ના કર્મચારીઓનો સમાવેશ નવીન રચના થનાર ત્રણ મંડળીમાં કરવાનો રહેશે. બેંકની પુર્વ મંજુરી વિના અન્ય કોઇ કર્મચારીની નીમણુંક કરવાની રહેશે નહી.

(૫) ગ્રેજ્યુએટીનો કાયદો લાગુ પડતો ન હોઈ ગ્રેજ્યુએટીના નિયમો પરિશિષ્ટ 'ઇ' મંજુર કરવાના રહેતા નથી.

આ હુકમનો અમલ ઉપરોક્ત શરતોને આધીન રહી બેંકનું નાણાંકીય હીત જોખમાય નહીં તે શરતો તા. ૧–૨–૦૩ થી કરવાનો રહેશે

ગોધરા. તા ૩૧–૧–૨૦૦૩

વાંચ્યું :—

(૧) ખેતીવાડી અને સહકાર વિભાગના હુકમ નંબર ડીડીઆ/૧૧૬૩/૪૩૯૦૫/ઓ/તા. ૩૦–૭–૬૫.

(૨) (અ) ધી નાથપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., ની વિભાજન અંગેની તા. ૧૯–૯–૦૨નો પત્ર.

(બ) ધી નાથપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સ. મં. લી. નાં તા. ૧૭–૯–૦૨ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩ થી વિભાજન અંગેનો ઠરાવ.

(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર સહકાર/વશી/૪૩, તા. ૨૦–૯–૦૨.

(૪) અત્રેની કચેરીના પત્ર નં. જી. પં./સહકાર/નોંધણી/વશી/૫૨, તા. ૯–૧–૦૩.

(૫) મેનેજરશ્રી, ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી., પત્ર નં. એસએસડી/વિભાજન/૪૮/૭૭૨ તા. ૧૮–૧–૦૩.

હુકમ

નંબર જી પં./સહકાર/નોંધણી/૧૨૧–૨૮/વશી/૨૦૦૩.–ધી નાથપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., તા. ઘોઘંબા, જી. પંચની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૭ તથા સહકારી મંડળીઓના નિયમો ૧૯૬૫ (કે જેમાં હવે પછી સહકારી કાયદા તરીકે ઉલ્લેખ કરેલ છે.) ના નિયમ–૯ હેઠળ વિભાજન અંગે આમુખ–૨ (અ)માં જણાવેલ ખાસ સાધારણ સભાના ઠરાવ–૩ થી મંજુર કરેલ મુસદ્દા અન્વયે આમુખ–(૪)માં જણાવેલ હુકમથી મંડળીનું વિભાજન કરવા અંગે મંજુરી આપેલ હતી. તે અન્વયે સહકારી કાયદાની કલમ-૧૭ (૨) હેઠળ આમુખ–૧થી મંડળીના વિભાજન બાબતે તેમજ ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી., ગોધરાની સંમતિ ધ્યાને લઈ ધી નાથપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સ. મં. લી., ને નીચે જણાવેલ શરતોને આધારે વિભાજન કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) ધી વાવ–ઝાબ અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી.,
(૨) ધી સરસવા ,, ,, ,,
(૩) ધી બાકરોલ ,, ,, ,,

આમુખ—(૧) થી મળેલ અધિકાર રૂએ વિભાજન કરવા અને મંડળીનું વિભાજન થતાં ધી નાથપુરા મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., ની નોંધણી નંબર સે.–૨૪૦૫૭, તારીખ ૧૭–૫–૬૧ થી થયેલ નોંધણી સહકારી કાયદાની કલમ–૧૮ હેઠળ તા. ૩૧–૧–૨૦૦૩ થી અમલમાં આવે તે રીતે રદ કરવા અને નવી અસ્તિત્વમાં આવેલ ઉક્ત મંડળીઓ અલગ અલગ નંબરથી નોંધણી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :—

(૧) ધી બાકરોલ નાથપુરા મોટા કદની ખેતી વિ. વિ. કા. સ. મં. લી., નું વિભાજન થતાં તેની મિલકત અને લ્હેણુંની ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી. ઘોઘંબા શાખા સાથે પરામર્શ કરી અગર નક્કી કરેલ ધોરણે વહેંચણું કરી ત્રણ મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં અનુમતી મેળવવાની રહેશે.

(૨) નવીન નોંધવામાં આવેલ મંડળીઓના મંજુર થયેલ પેટા નિયમોની પ્રથમ સાધારણ સભામાં બહાલી મેળવી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે

INDEX

(૩) નવીન મંડળીઓની પ્રથમ સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા માટે વિસ્તરણ અધિકારી સહકારી તા. પં. ઘોઘંબા ને અધિકૃત કરવામાં આવે છે. તેઓની અનુમતી મેળવી પ્રથમ સાધારણ સભા બોલાવી તેની કાર્યવાહી નોંધ અત્રેને મોકલવાની રહેશે.

(૪) ધી બાકરોલ નાથપુરા મોટા કહની બે. વિ. વિ. કા. સ. મં. લી.,ના કર્મચારીઓનો સમાવેશ નવીન રચના થનાર ત્રણ મંડળીમાં કરવાનો રહેશે. નવીન મંડળીઓની ખોટ ભરપાઈ થાય નહી ત્યા સુધી બેંકની પુર્વ મંજુરી વિના અન્ય કોઈ કર્મચારીની નીમણુંક કરવાની રહેશે નહી.

(૫) ગ્રેજ્યુએટી કાયદો લાગુ પડતો ન હોઇ ગ્રેજ્યુઇએટીના નિયમો પરિશિષ્ટ "ઇ" મંજુર કરવાના રહેતા નથી.

આ હુકમનો અમલ ઉપરોક્ત શરતોને આધીન રહી બેંકનું નાણાંકીય હીત જોખમાય નહી તે શરતો તા. ૧–૨–૨૦૦૩થી કરવાનો રહેશે.

ગોધરા, તા. ૩૧–૧–૨૦૦૩.

ક્રમાંક સે/૩૨૫૪૮/ડીપી/સહકાર/ક/વશી/૧૭૮/૨૦૦૩.—ધી મહદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે, ધી ધનોલ સેવા સહકારી મંડળી લી., ધનોલ, તા. ગોધરા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૨–૨૦૦૩.

ક્રમાંક સે/૩૪૨૮૦/ડી.પી./સહકાર/ક/વશી/૧૮૫/૨૦૦૩.—ધી મહદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત ગોધરા આથી જાહેર કરે છે કે ધી ગવાસી સેવા સહકારી મંડળી લી. ગવાસી તા. ગોધરા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૨–૨૦૦૩.

ક્રમાંક સે/૩૪૨૮૧/ડીપી / સહકાર/ક/વશી/૧૫૨/૦૩.—ધી મહદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા, આથી જાહેર કરે છે કે, ધી ગોલી સેવા સહકારી મંડળી લી. ગોલી પો. ધનોલ તા. ગોધરા, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૨–૨૦૦૩,

ક્રમાંક સે/૩૪૨૮૨ / ડીપી/સહકાર/ક/વશી/૧૯૯/૨૦૦૩.—ધી મહદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા આથી જાહેર કરે છે કે ધી વાવ ઝાબ અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. વાવ–ઝાબ, તા. ઘોઘંબા જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૨–૨૦૦૩.

ક્રમાંક સે./૩૪૨૮૩/ડીપી/સહકાર/ક/વશી/૨૦૬/૨૦૦૩.—ધી મહદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી સરસવ, અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. તા. ઘોઘંબા જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૨–૨૦૦૩.

ક્રમાંક સે/૩૪૨૮૪/ડીપી/સહકાર/ક/વશી/૨૧૩/૨૦૦૩.—ધી મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે ધી બાકરોલ, અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી., બાકરોલ તા. ઘોઘંબા જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તા. ૧–૨–૨૦૦૩.

બી. એમ. આહીર,
મહદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સ. મં. જિ. પં. પંચ. ગોધરા.

જા. નં. જી. ઉ. કે./અમદ/૧૧૫૫/ઉ/૬૪૪૭ / ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે સહજાનંદ ખડીયા કસ્તકલા ઔ. ઉ. પ્ર. મં. લી., મર્યાદિત સ્થળ વેજલપુર, તાલુકો , જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૧–૧–૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મેનેજર (ડી.વી.સી.આઈ.) અને
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
(ઉદ્યોગ), અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, MARCH 20, 2003 / PHALGUNA 29, 1924 [No. 12

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	219-224
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	12
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	183-194
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A, Disputes Act, and Gujarat Industrial Relations Act.	4143-4997

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/વ.શી./એસબી/જાહેરનામું/૯/૨૦૦૩.- સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, વી. કે. ગુપ્તા (આઈપીએસ), પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૫મી માર્ચ, ૨૦૦૩ ક. ૦૦-૦૦ થી તા. ૪થી એપ્રિલ, કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(ખ) કોઈ પણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની,

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની,

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની,

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વગેરે કરવાથી ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય તે વ્યક્તિઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશક્તિનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષ ની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read :- 1. High Court letter No. C. 2105/74, dated 18-12-1984.

2. High Court letter No. C. 2103/2003, dated 3-3-2003.

Notification

No. ADM/12/405 of 2003.—In exercise of the powers conferred upon him, under Honourable High Court letters dated 18th December, 1984 and 3rd march, 2003 cited in the preamble, the District and Sessions Judge, Kheda at Nadiad is pleased to declare a Public Holiday, in the Subordinate Courts of civil Judges (JD) and JMFC, at Dakor and Lick Court of Civil Judge (JD) and JMFC at Thasra, with their Offices. Therefore, the above Court with their offices will remain closed on TUESDAY 18th MARCH, 2003, on account of FALGUN, SUD PURNIMA (HOLI), and in lieu thereof 22nd MARCH, 2003 (FORTH NON-WORKING SATURDAY) shall be WORKING DAY for the above mentioned courts and its offices shall remain open.

Kheda at Nadiad, 7th March, 2003.

C. K. RANE,
District Judge,
Kheda at Nadiad.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

જિલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા દ્વારા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

નંબર ડીબીપીએ/૩/વશી-૭૭૧૭ થી ૭૭૭૭-૨૦૦૩.–માહે માર્ચ-૨૦૦૩ના માસમાં તા. ૧લી માર્ચ, ૨૦૦૩ના રોજ ''મહાશિવરાત્રી'' તેમજ તા. ૧૪મી માર્ચ, ૨૦૦૩ના રોજ ''મહોરમ'' તથા તા. ૧૯મી માર્ચ, ૨૦૦૩ના રોજ ''ધુળેટી'' ના તહેવારો ઉજવનાર હોઇ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં તા. ૧લી માર્ચ, ૨૦૦૩ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહિત) નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઇ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઇ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પૂતળા દેખાડવા નહીં.

INDEX

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨ માં) ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂ છું.

આ હુકમ તા. ૧લી માર્ચ, ૨૦૦૩ થી ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઇ વ્યક્તિ કે જે તે ઉપરી અધિકારીએ એવુ કંઈપણ હથિયાર લઈ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઇપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી હોય તેવી વ્યક્તિઓ.

આજ રોજ તારીખ ૨૪ માહે ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

જાહેરનામું

મુબંઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનું.

નંબર ડી/એમએજી/૧/૩/વશી.-૮૨૩૫ થી ૮૨૪૬.–બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેર વિસ્તારમાં આવેલ રેલ્વે બ્રીજને પહોળો કરવાનું કામ ચાલુ છે. જેથી કામ કરવામાં સરળતા રહે અને અગવડતા ઉભી ન થાય તેમજ અકસ્માત જેવા બનાવો બનતા અટકે તે હેતુસર હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, મુબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઇના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ના ખંડ(બી) થી મને મળેલ સત્તાની રૂએ વાહન નિયંત્રણ માટે નીચેની વિગતે અમલ કરવા હુકમ કરૂં છું.

(૧) ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, ટ્રેકટર, મેટાડોર, એસ.ટી. બસો, મીની ટ્રક તેમજ ધીમી ગતિના વાહન જેવા કે બળદગાડા, ઉંટગાડી, માલ ભરેલી લારીઓ વિગેરે પાલનપુર શહેરમાં પ્રવેશ કરવા માટે જ રેલ્વે બ્રીજનો ઉપયોગ કરી શકશે. સદરહુ વાહનોએ પાલનપુર શહેરમાંથી બહાર નીકળવા માટે સદરહુ રેલ્વે બ્રીજનો ઉપયોગ કરી શકાશે નહી, વિકલ્પે માન સરોવર રોડથી હાઇવેને મળતા રોડનો માર્ગ અથવા તો ગોબરી રોડ થઈને મુક-બધીર હોસ્ટેલની બાજુમાંથી લક્ષ્મીપુરા તરફ જતા હાઇવેને મળતા રોડ માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) જીપ, કાર ટુ વ્હીલર તથા સાઇકલ જેવા નાના વાહનો જે રેલ્વે બ્રીજ ઉપરથી પસાર થતા રસ્તોનો આવવા-જવા માટે ઉપયોગ કરી શકશે.

(૩) અત્રેના હુકમ નંબર ડી/એમએજી/૧/ટ્રાફીક/વશી., તા ૧૦મી ઓકટોબર, ૧૯૯૮ થી રેલ્વે બ્રીજ ઉપરથી પસાર થવા માટે ધીમી ગતિના વાહનો અંગે જે જાહેરનામું અમલમાં મુકેલ છે તે યથાવત રહેશે.

સદરહુ જાહેરનામાનો અમલ તા. ૪થી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહિત) ના સમય માટે અમલમાં રહેશે.

આજ તા. ૩જી માહે માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી તેમજ કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩-(૧) (ખ) અન્વયેનો.

વાંચ્યુ :- પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર જા. નં. વહટ/સીબી/ટ્રાફીક/જાહેરનામું/૯૬૬/૦૨, તારીખ ૨૧-૧-૨૦૦૩નો પત્ર

નંબર રજી. નં.૪/૨૦૦૩/ડીસીબી/એમએજી/વશી-૩૯૯/૨૦૦૩.– પોલીસ અધિક્ષકશ્રીએ તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩નો રોજ અત્રે હેવાલ મોકલી જાણ કરેલ છે કે, સુરત તરફથી આવતા વાહનો ઝવેરી સડક, ભેંસતખાડા, ડૉ. મધુરીકાની હોસ્પીટલના વળાંક થઇ જુના થાણાં તરફ અને જુના થાણા તરફથી સુરત તરફ મધુરીકા હોસ્પીટલ, ભેંસતખાડા નાકા ઝવેરી સડક થઇ પસાર થાય છે. મધુરીકા હોસ્પીટલ સામે ત્રણ રસ્તા છે. જે ''યુ'' આકારનો હોવાથી ત્રણ રસ્તા ઉપર સામ-સામા વાહનો પસાર થતા હોવાથી ટ્રાફીક સમસ્યા સર્જાય છે. જેથી જુના થાણાથી સરુત તરફ જતા વાહનો મધુરીકા હોસ્પીટલ થઇ પૂર્ણા માતાના મંદિર થઇ ઝવેરી સડક તરફ જાય.

જે અંગે હાલમાં ટાવરથી ઘેલાભાઈ ગોપાળજી એન્ડ સન્સ પેટ્રોલ પંપ તરફ અને ચાંદની ચોકથી ગોલવાડ તરફ વાહનો પસાર થાય છે જેના બદલે ઘેલાભાઈ પેટ્રોલ પંપ તરફથી ટાવર તરફ વાહનો પસાર થાય અને ગોલવાડથી ચાંદની ચોક તરફ વાહનો પસાર થાય.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ના કલોઝ(ખ)થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નીચેના નિયમો કરૂ છું.

INDEX

પહેલા નિશ્ચિત કરેલ વન-વે રૂટ :-	હાલમાં નિશ્ચિત કરેલ વન-વે રૂટ :-
ટાવરથી ઘેલાભાઈ ગોપાળજી એન્ડ સન્સ પંપ ચાંદની ચોકથી ગોલવડ.	ઘેલાભાઈ ગોપાળજી એન્ડ સન્સ પેટ્રોલ પંપથી ટાવર ગોલવડથી ચાંદની ચોક.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની ૨૨ માંની કલમ-૧૩૧માં ઠરાવાયા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પેટલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૪) અન્વયે કાઢેલો.

ક્રમાંક/એમએજી/જાહેરનામું/વશી/૬૦૯/૨૦૦૩.-નર્મદા જિલ્લામાં આવેલ એન.સી.સી. ક્રેડેટની 'સી' સર્ટીફીકેટની પરીક્ષા હોવાથી નર્મદા જિલ્લાના ફાયરીંગ બટ રાજપીપલા ખાતે ફાયરીંગની પરીક્ષા તારીખ ૭મી માર્ચ, ૨૦૦૩ ના રોજ સવારના ૭-૦૦ થી સાંજના ૧૬-૦૦ કલાક સુધી રાખવા નક્કી કરેલ છે. આ સમય દરમ્યાન ટેકરા ફળીયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલિસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં જૂનો ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઈપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ હું, બી. ડી. નીનામા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ટેકરા ફળીયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલિસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં આવેલ જૂનો ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તારીખ ૭મી માર્ચ, ૨૦૦૩ના રોજ ૦૦=૦૦ કલાકથી ૨૪=૦૦ કલાક સુધીના સમય માટે કોઈપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઈ ફરમાવું છું.

જે વિસ્તારમાં ફાયરીંગ કરવામાં આવનાર છે તે વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડની હદ નક્કી કરી જાહેર જનતાની જાણ માટે સહેલાઈથી દેખાઈ આવે તે રીતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશના મનાઈ માટેના બોર્ડ કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૩ ગુજરાત (ઈન્ડિયા) કંપની એન.સી.સી., રાજપીપલાએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૫મી માર્ચ-૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. ડી. નીનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું.

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી/૮૩૬/૦૩.-જિલ્લા હોમગાર્ડસ કમાન્ડન્ટ, સુરતના કર્મચારીઓનો ફાયરીંગ પ્રેક્ટીસ કાર્યક્રમ તારીખ ૭મી માર્ચ, ૧૯૦૩ થી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૩ ના રોજ શેરુલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઈ શેરુલા ફાયરીંગ બટ ઉપર તારીખ ૭મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૩ સુધી ગોળીબાર પ્રેક્ટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહું વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઈપણ અન અધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતાં ઢોર, ઢાંખર વિગેરેએ સદરહું ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તારીખ ૭મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૩ ના રોજ પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

હુકમ

સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ

નંબર : પલસ/માર્ચ-પરીક્ષા/વશી/૮૬૮/૨૦૦૩.-સુરત જિલ્લા (રૂરલ) વિસ્તારમાં આવેલી હાઈસ્કૂલ, શાળાઓમાં તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩થી એસ. એસ. સી. તથા એચ. એચ. સી. (હાયર સેકન્ડરી) પરીક્ષાઓ લેવાનાર છે. પરીક્ષાઓના કારણે પરિશિષ્ટમાં જણાવેલી હાઈસ્કુલો, શાળાઓની આજુબાજુના વિસ્તારોમાં અશાંતિ, ઘર્ષણ કે વાતારવરણ ઉગ્ર બનવા સંભવ છે. વાસ્તે જાહેર શાંતિ જાળવી રાખવા તથા જાહેર વ્યવસ્થાનો ભંગ થતો અટકાવવા અને તેને લગતાં તાત્કાલિક ઉપચારો લેવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનો હુકમ કરવા માટે પુરતા કારણો છે.

INDEX

સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ હું જે. બી. વોરા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષાના ઝોન સ્થળ, હાઈસ્કુલો, શાળાઓની આજુબાજુ ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારોમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર, સભા કરવા પર, સરઘસ કાઢવા પર, મંડળી કે સરઘસને સદરહું ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં પ્રવેસવા પર તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩થી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ સુધી સવારનાં ૧૦-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી પ્રતિબંધ ફરમાવું છું.

ખુલાસો :- પરિશિષ્ટમાં દર્શાવેલ ઝોન સ્થળ, શાળા કે હાઈસ્કુલના ૨૦૦ મીટરના ઘેરાવામાં રસ્તાની ફુટપાથોનો પણ સમાવેશ થયેલો ગણાસે.

અપવાદ :- આ હુકમ પરીક્ષાના સંચાલન માટે ફરજ ઉપર હોય તેવા કર્મચારીઓ, પોલીસ કે હોમગાર્ડઝના જવાનો કે, સરકારી અધિકારીઓને તથા મૃત્યુના કારણે અથવા લગ્નાના પ્રસંગના કારણે એકત્રિક વ્યક્તિઓના શાંત સમૂહને તથા પરીક્ષા આપવા આવનાર પરીક્ષાર્થીઓને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૬૦ના ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

અધિક કલેક્ટશ્રી, સુરતના હુકમ નંબર : પલસ/માર્ચ/ પરીક્ષા/વશી/૮૬૮/૨૦૦૩ તારીખ ૪-૩-૨૦૦૩નું

પરિશિષ્ટ

૧. વી. ડી. ગલિયાર હાઈસ્કુલ કઠોર, તા. કામરેજ.
૨. ડૉ. એ. એમ. મુલ્લા હાઈસ્કુલ, કઠોર, તા. કામરેજ.
૩. વી. એસ. પટેલ હાઈસ્કુલ કોસંબા, તા. માંગરોલ.
૪. અશોક જી. પીરામલ પ્રા, શાળા, કોસંબા તા. માંગરોળ જી. સુરત.
૫. ડી. આર. જી. હાઈસ્કુલ, સાયણ, તા. સાયણ તા. ઓલપાડ.
૬. પી. કે.. દેસાઈ વિદ્યાલય, કીમ, તા. ઓલપાડ.
૭. મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડ, તા. ઓલપાડ.
૮. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ, તા. ઓલપાડ.
૯. ઝેડ. એમ. પટેલ, હાઈસ્કુલ, લવાછા તા. ઓલપાડ.
૧૦. બી. એ. બી. એસ. હાઈસ્કુલ, બારડોલી-૧, તા. બારડોલી.
૧૧. બી. એ. બી. એસ. હાઈસ્કુલ, બારડોલી-૨, તા. બારડોલી.
૧૨. મદ્રેસા હાઈસ્કુલ, બારડોલી, તા. બારડોલી.
૧૩. જે. એમ. પટેલ, હાઈસ્કુલ, બારડોલી, તા. બારડોલી.
૧૪. એમ. બી. વામદોત, હાઈસ્કુલ, બારડોલી, તા. બારડોલી.
૧૫. કન્યા વિદ્યાલય, અસ્તાન, તા. બારડોલી.
૧૬. માંડવી હાઈસ્કુલ, માંડવી-૧, તા. માંડવી.
૧૭. માંડવી હાઈસ્કુલ, માંડવી-૨, તા. માંડવી.
૧૮. માંડવી હાઈસ્કુલ, માંડવી-૩, તા. માંડવી.
૧૯. બી. વી. પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, ગોડસંબા, તા. માંડવી.
૨૦. જી. એચ. ભક્ત હાઈસ્કુલ, મહુવા-૧, તા. મહુવા.
૨૧. જી. એચ. ભક્ત હાઈસ્કુલ, મહુવા-૨, તા. મહુવા.
૨૨. સાર્વજનિક હાઈસ્કુલ, સોનગઢ-૧, તા. સોનગઢ.
૨૩. સાર્વજનિક હાઈસ્કુલ, સોનગઢ-૨, તા. સોનગઢ.
૨૪. નુતન વિદ્યામંદિર, સોનગઢ, તા. સોનગઢ.
૨૫. સ. ગો. હાઈસ્કુલ, વાલોડ-૧, તા. વાલોડ.
૨૬. સ. ગો. હાઈસ્કુલ, વાલોડ-૨, તા. વાલોડ.
૨૭. કે. એલ. પટેલ, પ્રથમિકશાળા, વાલોડ, તા. વાલોડ.
૨૮. કે. કે. કદમ, કન્યા વિદ્યાલય, વ્યારા-૧, તા. વ્યારા.
૨૯. કે. કે. કદમ, કન્યા વિ લય, વ્યારા-૨, તા. વ્યારા.
૩૦. જે. બી. એન્ડ એસ. હાઈસ્કુલ, વ્યારા-૧, તા. વ્યારા.
૩૧. જે. બી. એન્ડ એસ. હાઈસ્કુલ, વ્યારા-૨, તા. વ્યારા.
૩૨. દક્ષિણાપથ વિવિધલ હાઈસ્કુલ, વ્યારા, તા. વ્યારા.
૩૩. આર. જી. પટેલ હાઈ લ, નિઝર, તા. નિઝર.
૩૪. સરદાર પટેલ હાઈસ્કુલ, નિઝર, તા. નિઝર.
૩૫. ગંગાધરા હાઈસ્કુલ, ગંગાધરા, તા. પલસાણા.
૩૬. એમ. કે. પટેલ, હાઈસ્કુલ, મઢી-૧, તા. બારડોલી.
૩૭. એમ. કે. પટેલ, હાઈસ્કુલ, મઢી-૨, તા. બારડોલી.
૩૮. ઉ. બુ. વિદ્યાવિહાર, બેડીફળિયા, મઢી, તા. બારડોલી.
૩૯. પ્ર. અને ભા. વિદ્યાલય, કપુરા, તા. વ્યારા.
૪૦. આદર્શ શાળા કપુરા, તા. વ્યારા.
૪૧. એન. ડી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કુલ, વાંકલ, તા. માંગરોલ.
૪૨. કે. એલ. પટેલ, હાઈસ્કુલ, અનાવલ, તા. મહુવા.
૪૩. જીવનસાધના વિદ્યાલય, ઉકાઈ-૧, તા. સોનગઢ.
૪૪. જીવનસાધના વિદ્યાલય, ઉકાઈ-૨, તા. સોનગઢ.
૪૫. બી. ટી. એન્ડ કે. એલ. ઝવેરી હાઈસ્કુલ, બુહારી તા. વાલોડ.
૪૬. કે. વી. મહેતા હાઈસ્કુલ, ચલથાણ, તા. પલસાણા.
૪૭. જિલ્લા પંચાયત પ્રથમિક શાળા ચલથાણ.
૪૮. ડી. બી. હાઈસ્કુલ પલસાણ, તા. પલસાણ.

૪૯. બારડોલી ઝોન, એમ. બી. વી. કોન્વેન્ટ હાઈસ્કુલ, જલારામ મંદિર રોડ, બારડોલી.

આજ તારીખ ૪થી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક/ મકડ/પીઓએલ/વશી/૪૩૭-૪૬/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ આગામી મહાશિવરાત્રીના તહેવારને અનુલક્ષીને જીલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ ના સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામા ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક/ મકડ/પીઓએલ/વશી/૪૪૭-૫૬/૨૦૦૩.-જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તેમજ મહાશિવરાત્રીના તહેવારને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતા વધુ વ્યક્તિઓ એકત્ર/ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં,

(૧) ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓ.

(૩) કોઇ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઇપણ વ્યકિત સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, MARCH 27, 2003 / CAITRA 6, 1925 [No. 13

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	225-264	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	195-206
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	13	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	4999-~~5943~~ 5919

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

દારૂખાનુ ઉત્પાદન કરવા ઉપર છુટછાટ આપવા બાબતનું.

ક્રમાંક જ/ઉપક/૧૧૪/૨૦૦૩.- હું, કે. આર કૌશીક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર બોમ્બે પોલીસ એકટની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (યુ), તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ જાહેર જનતાનાં જાન તથા માલ મિલ્કત વિગેરેની સલામતી માટે દારુખાનું ઉત્પાદન તથા વેચાણ કરવાનો પ્રતિબંધ તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૨ નાં જાહેરનામા નં. જ/૬૫૬/૨૪૯૬/૨૦૦૨ ના રોજથી કરવામાં આવેલ હતો. હાલની પરિસ્થિતિને ધ્યનમાં લેતા ફટાકડા ઉત્પાદન તથા વેચાણ

INDEX

કરવાનો પ્રતિબંધ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૩ ના રોજથી ઉઠાવી લેવાનો હુકમ કરૂં છું.

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૩ થી અમલમાં આવશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. આર. કૌશીક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) "(બી)" હેઠળ.

ક્રમાંક/એસ.બી./ઉ/ગપક/વશી/જાહેરનામું/મહોર્રમ/૧૦/૨૦૦૩.- આગામી તારીખ ૧૩, ૧૪મી માર્ચ, ૨૦૦૩ ની શહાદતની રાત તેમજ તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ ના રોજ મહોર્રમનું તાજીયા વિસર્જન સરઘસ નીકળશે. મહોર્રમ તાજીયા તહેવારમાં જાહેર વ્યવસ્થા જળવાય રહે તે હેતું સર હું, વી. કે. ગુપ્તા, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩ (૧)(બી), મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૩, ૧૪મી માર્ચ, ૨૦૦૩ ની શહાદતની રાત તથા તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ ના રોજ તાજીયા વિસર્જન સરઘસ હોય નીચે જણાવ્યા મુજબની તારીખ, સમય તથા જગ્યાઓ (રસ્તાઓ) વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે.

(અ) તારીખ :– ૧૩મી માર્ચ, ૨૦૦૩ નાં કલાક ૨૧-૦૦ થી ૨૪-૦૦ સુધી.

૧. એર ઈન્ડીયા થી કોટ સોફીલ રોડ, કરવા રોડ, બેગમપુરા ચોકી થઈ મુંબઈ વડથી સહરા દરવાજા સુધીનો માર્ગ.

૨. સળીયાવાળી માર્કેટથી ટાવર સુધીનો માર્ગ.

(બ) તારીખ :– ૧૪મી માર્ચ, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી તથા તારીખ ૧૫મી માર્ચ ૨૦૦૩ના કલાક ૦૦-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી.

૧. એર ઈન્ડીયાથી કરવા રોડ થઈ બેગમપુરા ચોકી સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૦-૦૦ સુધી.

૨. દિલ્હી ગેટ થી ભાગળ થઈ ચોક બજાર સુધીનો મુખ્ય માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૪-૦૦ સુધી.

૩. ઝાંપા બજાર સળીયા માર્કેટથી ટાવર સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૪-૦૦ સુધી.

૪. પીર છડી રોડ શંકર વિજય હોટલથી ભાગળ સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૪-૦૦ સુધી.

૫. ચોક બજાર ચાર રસ્તાથી ચકલા બજાર થઈ હોડી બંગલા સુધીનો માર્ગ કલાક ૧૨-૦૦ થી ૨૪-૦૦ સુધી.

તેમજ તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ તાજીયા વિસર્જન સરઘસનાં દિવસે દિલ્હી ગેટથી ચોક બજાર ચાર રસ્તા માર્ગ ઉપર તથા ચોક ચાર રસ્તાથી હોડી બંગલા સુધી રોડ ઉપર રોડને લાગીને કોઈ વ્યક્તિઓ એ તેમના વાહનો પાર્ક કરવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ : સરકારી વાહનો, પોસ્ટલ વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોક્ત જાહેરનામા માંથી મુક્તિ આપવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧) "બી" હેઠળ.

ક્રમાંક/એસ.બી./ઉ/ગપક/વશી/જાહેરનામું/૧૧/૨૦૦૩.-તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ હોળી તથા ૧૯મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ ધૂળટીનો તહેવાર છે. આ તહેવારના દિવસોએ લોકો એકબીજા ઉપર પાણી, રંગ, ગુલાલ વિગેરે ઉડાડી, જાહેર જગ્યામાં એક સ્થળેથી બીજા સ્થળે દોડાદોડી કરતા હોય છે. જેના કારણે રસ્તાઓ ઉપર અડચણો, અવરોધો ઉભા થઈ વાહન વ્યવહારને અડચણરૂપ તેમજ ભયજનક પરિસ્થિતી ઉદભવવાની પુરતી સંભાવના રહેતી હોય અને તેનાથી કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતિ સલામતી જોખમાય છે.

આથી હું, વિનીતકુમાર ગુપ્તા (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી, મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૩ કલાલ ૦૦-૦૦ થી તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી પોલીસ કમિશનર, સુરત શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર જગ્યા, જાહેર રસ્તાઓ ઉપર એકબીજા ઉપર પાણી, રંગ, ગુલાલ, તથા અન્ય પદાર્થો છાંટવા કે ઉડાડવા કે પીચકારી કરવી નહી. તથા અન્ય કોઈપણ રીતે એકબીજા કોઈ, પદાર્થ નાખવો નહી તેમજ પ્લાસ્ટીકની કોથળીઓમાં પાણી ભરીને પાણીના ફુગ્ગા મકાનો તથા એપાર્ટમેન્ટોમાંથી જાહેર રસ્તાઓ ઉપર જતાં રાહદારીઓ તથા વાહન ચાલકો ઉપર ફેંકવા નહી, તેમજ સ્કુટરો તથા મોટર સાયકલો ઉપર બાલદી કે અન્ય સાધનોમાં કલરવાળું પાણી ભરીને લઈ જઈ રાહદારીઓ તથા વાહનચાલકો ઉપર ફેંકવું નહી, તે માટે પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

ઉપરોક્ત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદર અધિનિયમની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ રોજ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હંગામી જાહેરનામું

ક્રમાંક ટફક/જાહેરનામું/૮૦૪/૨૦૦૩.—સુરત શહેરમાં વરીયાવ રોડ ઉપર સંતશ્રી આશારામજીનો આશ્રમ આવેલ છે. જે આશ્રમમાં સંતશ્રી આશારામબાપુના સાંનિધ્યમાં તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૩થી તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૩ દિન ૪ હોલિકા ઉત્સવ તથા ધ્યાન યોગ શિબિરનું આયોજન કરેલ હોય જેમાં મોટી સંખ્યામાં સાધક ભક્તો વાહનો સાથે ભેગા થાય છે. જેના લીધે ટ્રાફિકની અવર જવરમાં ઘણી જ અગવડતા ઉભી થાય છે. તેથી આ પ્રસંગે જાહેર વ્યવસ્થા જળવાય રહે અને સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી અકબંધ રહે તે હેતુસર હું, વી. કે. ગુપ્તા (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૩ સુધી જાહેર જનતાના હિતાર્થે નીચે મુજબની ટ્રાફિક વ્યવસ્થા કરૂં છું.

(૧) તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૩થી તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૩ સુધી જહાંગીરપુરા આશ્રમમાં જતા તમામ પ્રકારના વાહનો જહાંગીરપુરા ત્રણ રસ્તાથી સારોલી જકાતનાકા થઈ જહાંગીરપુરા સંતશ્રી આશારામજીના આશ્રમમાં આવી શકશે પરત તે રસ્તે જઈ શકશે નહીં.

(૨) આશ્રમમાંથી સુરત તરફ આવતા વાહનો તેમજ ઓલપાડ તથા આજુબાજુના વાહનો જહાંગીરપુરા ત્રણ રસ્તા થઈ સુરત તરફ તથા ઓલપાડ તથા આજુબાજુના ગામડાઓ તરફ જઈ શકશે.

(૩) આ સમય દરમ્યાન વરીયાવ છાપરાભાઠા તરફથી આશ્રમમાં આવનાર વાહનો વરીયાવ જકાતનાકાથી સુરત તરફ આવવા માંગતા હોય તેઓએ વરીયાવ જકાતનાકા થઈ સારોલી ઓવરબ્રીજ નીચેથી સારોલી જકાતનાકા થઈ જહાંગીરપુરા ત્રણ રસ્તાથી જઈ શકશે.

અપવાદ :-

(૧) જહાંગીરપુરા ઈસ્કોન મંદિર, લાલબાપાની રાસમઢી તથા કુરૂક્ષેત્ર મંદિરમાં આવતા જતા વાહનોને મુક્તિ આપવામાં આવે છે. તેમજ સરકારી આવશ્યક સેવાના વાહનો, ફાયરબ્રીગેડ,એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોક્ત જાહેરનામાંથી મુક્તિ આપવામાં આવે છે.

સદર જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

વી. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સુધારા જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનુ

નં. ડી/એમએજી/૧/૩/૨૦૦૩/વશી. ૮૮૧૧ થી ૨૨.-આ કચેરીના હુકમ નં. : ડી/એમએજી/૧/૩/૨૦૦૩/વશી. ૮૮૩૫ થી ૮૨૪૬ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩ થી રેલ્વે બ્રીઝ ઉપર ભારે વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેક્ટર, મેટાડોર, એસ. ટી. બસો, મીની ટ્રક તેમજ ધીમી ગતિના વાહનો જેવા કે, બળદગાડા, ઉંટગાડી, માલ ભરેલી લારીઓ વિગેરેને પાલનપુર શહેરમાં ફક્ત પ્રવેશ કરવા માટે જે રેલ્વે બ્રીઝનો ઉપયોગ કરવા માટે છુટછાટ આપેલ છે, જ્યારે પાલનપુર શહેરની બહાર નીકળવા માટે રેલ્વે બ્રીઝનો ઉપયોગ કરવા માટે મનાઈ ફરમાવેલ છે. સદરહુ હુકમમાં અંશતઃ ફેરફાર કરી હું એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા-પાલનપુર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (મુંબઇના ૨૨ મા)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) ના ખંડ (બી) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ સુધારા હુકમ કરુ છુ.

(૧) ભારે વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પો, ટ્રેક્ટર, મેટાડોર, એસ. ટી. બસો, મીની ટ્રક તેમજ ધીમી ગતિના વાહનો જેવા કે, બળદગાડા, ઉંટગાડી, માલ ભરેલી લારીઓ વિગેરેને પાલનપુર શહેરમાં પ્રવેશ કરવા માટે રેલ્વે બ્રીઝનો ઉપયોગ કરી શકશે નહી. પરંતુ ફક્ત પાલનપુર શહેરની બહાર નીકળવા માટે જ રેલ્વે બ્રીઝનો ઉપયોગ કરવાનો રહેશે.

આ સિવાય અત્રેના તા. ૩જી માર્ચ, ૨૦૦૩ના જાહેરનામાની વિગતોનો અમલ કરવાનુ યથાવત રહેશે.

આ હુકમનો અમલ તા. ૭મી માર્ચ, ૨૦૦૩ થી તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૩ સુધીના સમય માટે અમલમાં રહેશે.

આજ તા. ૬ઠ્ઠી માહે માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી તેમજ કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. ડી/એમએજી/૧/પરીક્ષા/જાહેરનામું/વશી. ૮૮૫૩ થી૮૮૬૭.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા કચેરી દ્વારા રાજ્યભરના તમામ પરીક્ષા કેન્દ્રો પર ધોરણ–૧૦ના અંતે લેવાતી એસ. એસ. સી. પરીક્ષા તથા ધોરણ–૧૨ના અંતે લેવાતી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા જે આગામી તા. ૨૫મી માર્ચ, ૨૦૦૩ના રોજ સવારે ૧૦-૩૦ થી બપોરના ૧૩-૩૦ તથા બપોરે ૩-૦૦ થી ૬-૦૦ દરમ્યાન આરંભ થનાર છે. જે તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ સુધી ચાલશે.

સબબ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં પરીક્ષા યોજાય તેમજ પરીક્ષા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય અને પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષામાં કોઇ ગેરરિતિ થાય નહી અને આ જાહેર પરીક્ષાની શુધ્ધતા જળવાય, પરીક્ષાઓની વિશ્વસનિયતા વધે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને મુશ્કેલીના પડે તે માટે પરીક્ષા સ્થળોની

અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિને સેલ્યુલર ફોન, પેજર કોર્ડલેસફોન અથવા વાયરલેસ સેટ/વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે હું એસ. એસ. વાઘેલા અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છુ કે, બનાસકાંઠા જીલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ઉપરના પરીક્ષા સ્થળોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા દરમ્યાન અને પરીક્ષાના દિવસોએ સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ, ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ સાથે લઈ જઈ શકશે નહી અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી.

સદરહુ આદેશ કાયદો વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ/સુરક્ષા કર્મચારીઓ, શિક્ષણ વિભાગે નીમેલા નિરીક્ષકો, સ્કોર્ડ અધિકારીઓ અને પરીક્ષા સંચાલનના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી. આ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

નંબર ડી/એમએજી/૧/પરીક્ષા/જાહેરનામું/વશી. ૮૮૬૮ થી ૮૨.– તારીખ ૨૫મી માર્ચ ૨૦૦૩ થી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં યોજાય તેમજ વિશ્વનીયતાનું વાતાવરણ સર્જાય, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર બનાસકાંઠા જિલ્લાના નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની હદ મર્યાદાથી બહાર ના ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાઓ તથા સંચાલકશ્રીઓ સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ મુકવાનું જાહેર સલામતી માટે ઈષ્ટ જણાયેલ છે.

૧. એસ. એસ. સી. / એચ. એસ. સી. પરીક્ષા માર્ચ-૨૦૦૩.

અ. નં. ૧	તાલુકાનું નામ ૨	કેન્દ્રનું નામ ૩	પરિક્ષાના સ્થળનું નામ (શાળાનું નામ) ૪
(૧)	પાલનપુર	પાલનપુર	(૧) વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર
			(૨) સી. બી. ગાંધી નુતન હાઈસ્કુલ, પાલનપુર
			(૩) સરકારી કન્યા વિદ્યાલય, પાલનપુર
			(૪) વી. આર. વિદ્યાલય, પાલનપુર
			(૫) હેતીબા પ્રાથમિક શાળા (વી. આર.) પાલનપુર
			(૬) એમ. બી. કર્ણાવત હાઈસ્કુલ, પાલનપુર
			(૭) માતૃશ્રી કુંવરબાઈ કન્યા વિદ્યાલય, પાલનપુર
			(૮) આર. કે પટેલ, કન્યા વિદ્યાલય, લક્ષ્મીપુરા, પાલનપુર
			(૯) શ્રી કે. કે. ગોઠી હાઈસ્કુલ , જામપુરા-પાલનપુર
			(૧૦) સરસ્વતી હાઈસ્કુલ, ઢુંઢીયાવાડી, પાલનપુર
			(૧૧) સંસ્કાર વિદ્યાલય, લક્ષ્મીપુરા-પાલનપુર
			(૧૨) બી. કે ભણસાલી પ્રાથમિક શાળા, પાલનપુર
			(૧૩) સીટી હાઈસ્કુલ, પાલનપુર
			(૧૪) એમ. એમ. મહેતા અં. મી. પાલનપુર
			(૧૫) સી. બી. ગાંધી નૂતન હાઈસ્કુલ (પ્રા. વિ.)

૧	૨	૩	૪
		ગઢ	(૧) શેઠ ન. લ. ઝવેરી સાર્વજનિક હાઈસ્કુલ, ઘઢ
		ચંડીસર	(૧) એમ. ડી. સોમાણી હાઈસ્કુલ, ચંડીસર
		કાણોદરા	(૧) એ. કે. એમ. હાઈસ્કુલ, કાણોદરા
(૨)	ડીસા	ડીસા	(૧) એસ. સી. ડબલ્યુ હાઈસ્કુલ, ડીસા
			(૨) ડી. એન. પી. ગર્લ્સ હાઈસ્કુલ, ડીસા
			(૩) સરદાર પટેલ હાઈસ્કુલ, ડીસા
			(૪) ડી. એન. જે . આદર્શ હાઈસ્કુલ, ડીસા
			(૫) ડી. એન. જે. આદર્શ પ્રથમિક શાળા, ડીસા
			(૬) સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ડીસા
			(૭) સર્વોદય વિદ્યાલય, ડીસા
			(૮) વિવેકાનંદ વિદ્યાલય, ડીસા
(૩)	વડગામ	વડગામ	(૧) વી. જે. પટેલ હાઈસ્કુલ, વડગામ
			(૨) સરસ્વતી કન્યા વિદ્યાલય, વડગામ
		મેમદપુર	(૧) કે. જે. મહેતા હાઈસ્કુલ, મેમદપુર
		છાપી	(૧) એસ. યુ. એન. મહેતા હાઈસ્કુલ, છાપી (યુનિટ-૧)
			(૨) એસ. યુ. એન. મહેતા હાઈસ્કુલ, છાપી (યુનિટ-૨)
			(૩) છાપી પ્રાથમિક શાળા, છાપી C/o. એસ. યુ. એન. મહેતા હાઈસ્કુલ, છાપી, યુ. એન. મંહેતા પ્રાથમિક શાળા, છાપી
(૪)	દાંતા	દાંતા	(૧) સરભવાનસિંહ વિદ્યાલય, દાંતા
		અંબાજી	(૧) અંબાજી ગ્રામ પંચાયત હાઈસ્કુલ, અંબાજી
			(૨) આરાસુરી કન્યા હાઈસ્કુલ, અંબાજી
(૫)	અમીરગઢ	અંમીરગઢ	(૧) શ્રી આર. આર. વિદ્યાલય, અમીરગઢ
(૬)	ધાનેરા	ધાનેરા	(૧) વિવેકાનંદ વિદ્યાલય, ધાનેરા
			(૨) ડી. બી. પારેખ હાઈસ્કુલ, ધાનેરા
(૭)	કાંકરેજ	થરા	(૧) વિનય મંદિર, થરા
			(૨) ઓગડ વિદ્યાલય, થરાદ (નવું મકાન)
		શિહોરી	(૧) શેઠ એમ. વી. વાલાણી હાઈસ્કુલ, શિહોરી
			(૨) શિહોરી પ્રાથમિક શાળા, શિહોરી
(૮)	ભાભર	ભાભર	(૧) સર્વોદય વિદ્યાલય, ભાભર
			(૨) આદર્શ વિદ્યાલય, ભાંભર

૧	૨	૩	૪
(૯)	દિયોદર	દિયોદર	(૧) વિ. કે. વાઘેલા હાઈસ્કુલ, દિયોદર
			(૨) આદર્શ હાઈસ્કુલ, દિયોદર
(૧૦)	થરાદ	થરાદ	(૧) જનતા હાઈસ્કુલ, થરાદ યુનિટ-૧
			(૨) જનતા હાઈસ્કુલ, થરાદ યુનિટ-૨
			(૩) ગાયત્રી વિદ્યાલય, થરાદ યુનિટ-૧
			(૪) ગાયત્રી વિદ્યાલય, થરાદ યુનિટ-૨
(૧૧)	વાવ	વાવ	(૧) મહેતા એન. એસ. વિનયમંદિર, વાવ.

વાસ્તે હું શ્રી એસ. એસ. વાઘેલા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા - પાલનપુર ઉપરોક્ત જણાવેલ પરીક્ષાના કેન્દ્રો ઉપર તારીખ ૨૫મી માર્ચ ૨૦૦૩થી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી જે તે સમયે જે પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા ચાલુ હોય તે દિવસ દરમ્યાન જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળની હદ મર્યાદાથી બહાર ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ / સંચાલકો સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રુએ પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી)હેઠળનું

ક્રમાંક એમ એજી-પીઓએલ-વશી-૧૧૪૭.–ભરૂચ શહેરમાં તાજીયાનો પર્વ રાબેતા મુજબ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ તથા તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ ના સમય દરમ્યાન ઉજવવામાં આવનાર છે. તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩નાં રોજ કતલની રાત તથા ૧૪મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ મહોરમના તાજીયા નિમિત્તે જુલુસ નિકળનાર છે. તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી બાબતે તથા તાજીયાનું જુલુસ સરળતાથી પસાર થાય તે માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર નિયંત્રણ મુકવાની આવશ્યકતા છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરના વેજલપુર થઈ પીરકાંઠી મોટા ચાર રસ્તા, છીપવાડ, ફાટાતળાવ થઈ કતોપોર દરવાજા થઈ વડાપડા જુમ્મા મસ્જીદ થઈ ભઠીયારવાડ બિસ્મીલ્લા હોટલ થઈ મોટા ચાર રસ્તા ફુરજા રોડ નદી કિનારા સુધીનો રસ્તો તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ નાં રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર માટે બંધ કરવા ફરમાવું છું. આ સમય દરમ્યાન આ રૂટ પર લગ્નના વરઘોડા પણ પસાર થઈ શકશે નહિ.

આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જેઓ પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે કે રોકાયેલા હશે તેને લાગુ પડશે નહિ.

આજરોજ આ હુકમ તારીખ ૭મી માર્ચ, ૨૦૦૩ નાં દિને સહી સિક્કા કરી આપ્યા છે.

હુકમ

સને ૧૯૫૧ નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી)અન્વયે

જા. નં.ફડચ/૦૧/ગ/૨૦૦/ફ-૧૩૭૧૩/૨૦૦૩.- ધી રામનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ટાકરવાડા, તા. પાલનપુર જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૬૦૪૮ તા. ૩-૧૨-૧૯૭૯થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા દશ વર્ષથી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી. મંડળીના લ્હેણાંની વસુલાત થતી નથી કાર્યવાહકો-સભાસદોને હવે મંડળી ચલાવવા રસ નથી. જે બાબતોને ધ્યાને લઈ આમુખ-૨થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટથી આપેલ હતી. નોટીસમાં જણાવેલ મુદ્દાઓ સામે રજુઆત કરવા નિયત સમય આપવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી આમ મંડળી સ્થગિત છે તે સ્પષ્ટ થવાથી આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરવામાં આવશે, તેમ છતાં પણ મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી આમ મંડળી કાર્યરત નથી તથા કાર્યવાહકો-સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી તેવું સ્પષ્ટ થવા છતાં, કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને લઈ મંડળીના કાર્યવાહકોને અત્રેથી તારીખ ૧૨-૬-૨૦૦૨થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેની અંતિમ નોટીસ આપી જાણ કરેલ હતી, અને રજુઆત માટે જણાવવામાં આવેલ હતું તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

ઉક્ત વિગતો જોતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાંતા અત્રેના તારીખ ૨૯-૪-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી રામનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ટાકરવાડા તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, નોંધણી નંબર/૬૦૪૮ તા. ૩જી ડીસેમ્બર, ૧૯૯૩થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ

કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો ફડચાનો ખાસ અહેવાલ તથા તા. ૮-૭-૨૦૦૨નો પત્ર.

(૨) સરકારશ્રીના ખેતીવાડી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૧૯૯૧ના જાહેરનામાં ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જેથી મળેલ સત્તાઓ.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૦૧/ફ-૧૩૭૧૪/૨૦૦૩.-ધી વૈભવ (ફ્લેટ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., પાલનપુર, જિલ્લો બનાસકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ/૯૬૨૦, તા. ૧૭-૧૨-૧૯૮૩થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી સ્થગિત બનેલ છે. મંડળીનું ૩૦-૬-૧૯૯૦ સુધીનું ઓડીટ થયેલ છે ત્યાર બાદ મંડળીનું રેકર્ડ ન મળવાના કારણે થતું નથી. મંડળીના સ્થળે કાર્યવાહકો મળતા નથી મોટાભાગના સભાસદો મકાનો ટ્રાન્સફર કરી દીધેલ છે. જેઓ મંડળીના સભાસદ તરીકે દાખલ થયેલ નથી. અગાઉના ઓડીટ મેમા ઉપરથી ચેરમેન/મંત્રીશ્રીને દફતર રજુ કરવા રજીસ્ટર પોસ્ટથી ટપાલ લખવા છતાં, જે સ્વીકાર્યા વિના પરત આવેલ છે. મંડળીના સ્થળે રૂબરૂ તપાસ કરતાં મંડળીના વ્યવસ્થાપક કમિટિ સભ્યો પૈકી એક પણ કમિટિ સભ્ય મંડળીમાં રહેતા નથી. જેના કારણે મંડળીનું તા. ૩૦-૬-૧૯૯૦ પછીના સમયનું ઓડીટ બાકી રહેવા પામેલ છે. આમ મંડળીના કાર્યવાહકો સભાસદો અન્યત્ર જવાથી, દફતર રજૂ કરવા આઈ.પી.સી.ની કલમ-૧૭૫ અન્વયે કાર્યવાહી થાય તેમ ન હોઈ, મંડળીને ફડચામાં લઈ જવા ત્રિમાસિક ઓડીટર સ્ટાફની તા. ૭-૫-૨૦૦૨ની મીટીંગમાં તથા માનનીયશ્રી રજીસ્ટ્રાર સાહેબની તા. ૪-૫-૨૦૦૨ની સદર જિલ્લાની મુલાકત વખતે પણ ચર્ચા થયા મુજબ મંડળીના કાર્યવાહકો મળતા ન હોવાથી મંડળીને ફડચામાં લઈ જવા નિર્ણય લેવામાં આવેલ હતો.

ઉક્ત કારણો-વિગતોને ધ્યાને લેતાં ફડચાની કાર્યવાહી કરવા, મંડળીના કાર્યવાહકો મંડળી સ્થળે રહેતા ન હોય, અને તેમના નામે અગાઉ રજીસ્ટર પોસ્ટથી મોકલવામાં આવતી ટપાલ પરત આવ્યાના પ્રસંગો બનેલ હોઈ જે ધ્યાંને લેતાં ફડચાની નોટીસ, વચગાળાનો હુકમ, વિગેરે પણ મોકલવાનો કોઈ અર્થ સરે તેમ ના હોઈ મંડળીને ફડચામાં લઈ જવાનો નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી વૈભવ (ફ્લેટ) કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. પાલનપુર, તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠાં, નોંધણી નંબર ઘ/ ૯૬૨૦ તા. ૧૭મી ડીસેમ્બર, ૧૯૮૩થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૧-૬-૨૦૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૨-૬-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૮-૧૦-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૦૨/ફ-૧૩૭૧૫/૨૦૦૩.- ધી અછવાડીયા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. અછવાડીયા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૯૮૧૬, તા. ૬-૧૨-૧૯૯૭થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. ગત ઓડીટ નોંધની દુરસ્તી કરી નથી. પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી. મંડળીએ ઉદ્દેશ્યો મુજબની કામગીરી કરી નથી મંડળીના કાર્યવાહકો-સભાસદો મંડળી ચલાવવા અંગે રસ ધરાવતા નથી આ બાબતોને લઈ મંડળીને ફડચામાં લઈ જવા અંગેની કારણદર્શક નોટીસ આમુખ-૨થી આપેલ હતી. નોટીસમાં જણાવેલ

INDEX

કારણો સામે રજુઆત કરવા જણાવેલ હતું તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી આ બાબતથી સ્પષ્ટ થાય છે કે મંડળીના કાર્યવાહકો મંડળી ચલાવવા માંગતા નથી. આથી આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશકરેલ હતો સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજૂઆત કરવા જણાવવામાં આવેલ હતું વચગાળાનો આદેશ મળવા છતાં તેમજ નિયત સમય કરતાં વધુ સમય મળવા છતાં મંડળીના કાર્યવાહકોએ કોઈ રજૂઆત કરી નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ અત્રેના તા. ૨૮-૧૦-૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ (હુકમ) કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી અછવાડીયા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. અછવાડીયા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર/૨૯૮૧૬, તા. ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૯૭થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો)નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૨૪-૧૨-૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૬-૨-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૯-૪-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં.ફડચ/૦૧/ગ/૨૦૩/ફ-૧૩૭૧૬/૨૦૦૩.- ધી કોતરવાડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કોતરવાડા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર તા. ૨૮-૧૦-૧૯૯૭થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા પછી ઉદ્દેશ્યો મુજબની કામગીરી શરૂ કરેલ નથી. મંડળીનો પેટા નિયમ પ્રમાણે વહીવટ કરેલ નથી. મંડળીની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી છે. મંડળી કાર્યરત થાય તેવા કોઈ સંજોગો નથી. મંડળી સંપૂર્ણ સ્થગિત છે. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ આમુખ-૨થી આપેલ હતી. નોટીસમાં જણાવેલ કારણો સામે રજુઆત કરવા જણાવેલ હતું નોટીસ મળવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી. આમ મંડળી સ્થગિત હોવાનું સ્પષ્ટ થતાં આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ હતો સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજૂઆત કરવા મંડળીના કાર્યવાહકોને જણાવવામાં આવેલ હતું. વચગાળાનો આદેશ મળવા છતાં મંડળીના કાર્યવાહકોએ કોઈ રજૂઆત કરી નથી જે ધ્યાને લઈ હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૨૯-૪-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી કોતરવાડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કોતરવાડા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર/ તા. ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૭થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નવીજગ્યા, પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૧-૬-૨૦૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૨-૬-૨૦૦૨.

INDEX

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૮-૧૦-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૦૪/ફ-૧૩૭૧૭/૨૦૦૩.-ધી ધનકવાડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ધનકવાડા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૯૦૪૬, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૬ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ મંડળીએ ઉદેશ્યો પ્રમાણેની કામગીરી શરૂ કરી નથી. અગાઉના ઓડીટ નોંધની દુરસ્તી કરી નથી સભાસદોના હિતાર્થે મંડળી દ્વારા કોઈ કામગીરી થતી નથી મંડળીના કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી આ બાબતોને લઇ મંડળીને ફડચામાં લઇ જવા કારણ દર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. નોટીસ મળવા છતાં જણાવેલ કારણો સામે કોઈ રજૂઆત થઈ નથી, આથી સ્પષ્ટ થાય છે કે મંડળીને ચલાવવા કાર્યવાહકોને રસ નથી આથી આમુખ-૩થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરેલ સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજૂઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઇ જતો અંતિમ આદેશ કરવામાં આવશે તેમ છતાં પણ મંડળી તરફથી કોઈ રજૂઆત થઈ નથી. મંડળીની નોંધણી થયા ત્યારથી મંડળી સ્થગિત હોવાથી મંડળી કોઈ બીજા જ ઉદેશ્યથી નોંધાયાનું સ્પષ્ટ થાય છે જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઇ અત્રેના તારીખ ૨૮મી ઓકટોબર, ૨૦૦૨ ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી ધનકવાડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ધનકવાડા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ૨૯૦૪૬, તા. ૨જી નવેમ્બર, ૧૯૯૬ થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧) ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૧-૧-૨૦૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૬-૧-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૯-૪-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૦૫/ફ-૧૩૭૧૮/૨૦૦૩.-ધી કપરૂપુર ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કપરૂપુર, તા. ભાભર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૩૦૦૦૪, તા. ૭-૩-૧૯૯૮થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ ઉદેશ્યો પ્રમાણે મંડળીએ કામગીરી શરૂ કરી નથી. પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થયેલ નથી. નામદાર સરકારશ્રીની ઓડીટ ફી ભરી નથી મંડળીની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી હોઈ મંડળી કાર્યરત થાય તેવા કોઈ સંજોગો નથી. જે બાબતોને ધ્યાને લઈ આમુખ-૨થી મંડળીના કાર્યવાહકોને મંડળીને ફડચામાં લઈ જવાની કારણદર્શક નોટીસ રજિસ્ટર પોસ્ટથી આપેલ હતી. નોટીસમાં જણાવેલ મુદ્દાઓ અન્વયે નિયત સમયમાં રજૂઆત કરવા જણાવવામાં આવેલ હતું નોટીસ મળવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી આમ મંડળી કાર્યરત નથી તેવું સ્પષ્ટ થવાથી આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. સાથે સાથે મંડળીના કાર્યવાહકોને જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરવામાં આવશે. આમ છતાં મંડળીના કાર્યવાહકોએ કોઈ રજુઆત કરી નથી હવે મંડળીને ફડચામાં લઈ જવા અંતિમ હુકમ કરવાનો થતો હતો. તેમ છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને લઈ મંડળીના કાર્યવાહકોને અત્રેથી તા. ૧૨-૬-૨૦૦૨થી આખરી નોટીસ આપેલ હતી તેમ છતાં કોઈ રજૂઆત થઈ નથી.

ઉક્ત વિગતો જોતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાંતા અત્રેના તારીખ ૨૯-૪-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો, અંતિમ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી હું શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી કપરૂપુર ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કપરૂપુર, તા. ભાભર, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર ૩૦૦૦૪ તા. ૭મી માર્ચ, ૧૯૯૮થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૫-૧૦-૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૪-૧૨-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૩-૪-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૦૭/ફ-૧૩૭૧૯/૨૦૦૩.-ધી સોની ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોની, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૯૦૪૮, તા. ૨-૧૧-૧૯૯૬થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી પાંચ વર્ષથી સ્થગિત છે અને પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી, મંડળીના કાર્યવાહકો સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી, મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી જે બાબતોને ધ્યાંને લઈ મંડળીના કાર્યવાહકોને મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ આમુખ-૨થી આપવામાં આવેલી. નોટીસમાં જણાવેલ કારણો સામે રજૂઆત કરવાની થતી હતી પરંતુ મંડળીના કાર્યવાહકોએ કોઈ રજૂઆત કરી નથી, આમ મંડળી બંધ હોવાનું સ્પષ્ટ થતાં આમુખ-૩થી મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવા જણાવેલ હતું. આમ છતાં મંડળી તરફથી કોઈ રજૂઆત થઈ નથી મંડળી સંપૂર્ણ સ્થગિત હોવાથી તથા મંડળીની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી મંડળી કાર્યરત થાય તેમ નથી તેવું મંડળીના સરવૈયા ઉપરથી પણ જણાય છે, તેમ છતાં પણ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાને લઈ મંડળીના કાર્યવાહકોને અત્રેથી એક આખરી નોટીસ તા. ૧૨-૬-૨૦૦૨થી આપવામાં આવેલ હતી, છતાં પણ મંડળીના કાર્યવાહકોએ કોઈ રજૂઆત કરી નથી. આમ મંડળીને ફડચામાં લઈ જતા પહેલા મંડળીના કાર્યવાહકોને રજૂઆત કરવા પૂરતી તકો આપવામાં આવી હોવા છતાં મંડળી તરફથી કોઈ રજૂઆત થઈ નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતા અત્રેના તારીખ ૧૩-૪-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી સોની ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સોની, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર/૨૯૦૪૮ તા. ૨જી નવેમ્બર, ૧૯૯૬થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૨૪-૧૨-૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૬-૧-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૯-૪-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

INDEX

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૦૮/ફ-૧૩૭૨૦/૨૦૦૩.-ધી ખરડોસણ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખરડોસણ તા. ડીસા જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૭૯૫૭ તા. ૨૬-૧૨-૧૯૯૫થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા ત્યારથી મંડળીઓ કામગીરી શરૂ કરી નથી. જે બાબતને ધ્યાને લઈ આમુખ-૨ થી મંડળીને ફડચામાં લઈ જવા મંડળીના કાર્યવાહકોને કારણ દર્શક નોટીસ રજીસ્ટર પોસ્ટથી આપેલ હતી. નોટીસ મળવા છતાં નિયત સમય કરતાં વધૂ સમય આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ રજૂઆત કરી નથી. આમ મંડળી બંધ હોવાનું અને કોઈ કામકાજ શરૂ કર્યુ નથી તે સ્પષ્ટ થતાં, આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સાથે સાથે મંડળીના કાર્યવાહકોને જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજૂઆત કરવી, અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરવામાં આવશે પરંતુ વચગાળાના આદેશનું કવર પોસ્ટ દ્વારા છ દિવસ સુધી બજવણી કરવા છતાં મંડળીના કોઈ કાર્યવાહક દ્વારા સ્વીકાર નહિ કરતા, કવર અત્રે પરત આવેલ આમ મંડળીની નોંધણી કોઈ અન્ય ઉદેશ્ય થી થયાનું સ્પષ્ટ થાય છે. કારણ કે ગામમાં આ પ્રકારની નોંધણી થયેલ હોય ત્યારે કોઈપણ સભાસદ ને જાણકારી હોય અને તેના કાર્યવાહકો પૈકી ગમે તે કાર્યવાહક ટપાલ સ્વીકારે આમ છતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને લઈ એક આખરી નોટીસ તા. ૧૨-૬-૨૦૦૨ થી મોકલી આપી મંડળીને ફડચામાં લઈ જતાં પહેલાં રજૂઆત કરે. પરંતુ મંડળીના કાર્યવાહકોએ ત્યાર પછી પણ કોઈ રજૂઆત કરી નથી. આમ અત્રેથી ફડચાની કાર્યવાહી સામે રજૂઆત કરવા માટે અત્રેથી પૂરેપૂરી તકો આપવા છતાં રજૂઆત નહિ થવાથી, હવે મંડળીને ફડચામાં લઈ જવાના ખાસ અહેવાલમાં જણાવેલ કારણોને આધિન મંડળીને ફડચામાં લેવાનું જણાય છે.

(૧) નોંધણી થયા ત્યારથી મંડળી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી, સરકારશ્રીની ઓડીટ ફી ભરી નથી મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. મંડળી કાર્યરત થાય તેવા કોઈ સંજોગો જણાતા નથી

ઉકત કારણોસર મંડળીને ફડચામાં લઈ જવી આવશયક જણાંતા, અત્રેના તા. ૨૯-૪-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી ખરડોસણ ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખરડોસણ તા. ડીસા, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર ૨૭૯૫૭ તા. ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૫થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) ફડચા અધિકારીશ્રી ધી સંતોષીમાતા પિયત સહકારી મંડળી લી. તા. વાવ, જી. બનાસકાંઠાના તા.૨૦-૧-૨૦૦૩ ના પત્ર ક્રમાંક ફડચ/૧૫/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જા.નં. ફડચ/ગ/૨૧૮/સને૨૦૦૩.-ફડચા હુકમ નંબર : ફ-૧૩૬૬૮ તા.૩૦-૩-૨૦૦૨. ધી સંતોષીમાતા પિયત સહકારી મંડળી લી. મુ. નવાપુરા, તાલુકો વાવ, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં.(પંચાયત), પાલનપુરના તા. ૭-૭-૯૭ ના નોંધણી ક્રમાંક : એ/૪૫૩૩ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં. પાલનપુરના તા. ૩૦-૩-૨૦૦૨ ના હુકમ નંબર : ફડચ/૦૧/ગ/૫૯૮/ફ-૧૩૬૬૮ સને ૨૦૦૨ થી કાયદાની કલમ : ૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ : ૧ ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ. ગુજરાત સ.મં. ઓના અધિનિયમની કલમ : ૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો સાથ આજ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) ફડચાની અધિકારીશ્રી ધી કુંવાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. તા. દિયોદર, જી. બનાસકાંઠાના તા. ૨૦-૧-૨૦૦૩ ના પત્ર ક્રમાંક સરપ/ફડચ/૧૬/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧) ની જોગવાઈઓ.

હુકમ

જા.નં. ફડચ/ગ/૨૧૯/સને૨૦૦૩.-ફડચા હુકમ નંબર : ફ-૧૩૬૭૭ તા.૧૦-૬-૨૦૦૨. ધી કુંવાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કુંવાણા, તાલુકો દિયોદર, જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સ.મં.(પંચાયત), પાલનપુરના તા. ૬-૫-૯૭ ના નોંધણી ક્રમાંક ૨૯૧૩૦ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર, સ. મં., પાલનપુરના તા. ૧૦-૬-૨૦૦૨ ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૧૦૧૨/ફ-૧૩૬૭૭ સને ૨૦૦૨થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ : ૧ ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ. ગુજરાત સ.મં. ઓના અધિનિયમની કલમ : ૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો સાથ આજ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૧૫-૧-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૯-૧-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૨-૩-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૨૦/ફ-૧૩૭૨૧/૨૦૦૩.-ધી નવાપુરા ગૃપ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નવાપુરા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૧૩૬૩ તા. ૩૦-૧૦-૯૬થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી. અગાઉના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. અને મંડળીના કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી. આ બાબતોને લઇ મંડળીને ફડચામાં લઇ જવાની કારણ દર્શક નોટીસ આમુખ-૨ થી આપવામાં આવેલ હતી. નોટીસ મળવા છતાં જણાવેલ કારણો સામે રજૂઆત કરી નથી આમ મંડળી સ્થગિત થયેલ છે તે સ્પષ્ટ થવાથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઇ જતી વચગાળાનો આદેશ કરેલ સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજૂઆત કરવા જણાવવામાં આવેલ હતું. વચગાળાનો આદેશ મળવા છતાં તેમજ નિયત સમય ઉપરાંતનો સમય મળવા છતાં મંડળીએ ફડચામાં લઇ જવી આવશ્યક હોઇ અત્રેના તારીખ ૨૨-૩-૨૦૦૨ ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી નવાપુરા ગૃપ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નવાપુરા, તા. દિયોદર, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર એ/૧૧૩૬૩ તા. ૩૦મી ઓકટોબર, ૧૯૯૬થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૨૩-૧૧-૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણ દર્શક નોટીસ તા. ૧૨-૧૨-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૨-૩-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૨૧/ફ-૧૩૭૨૨/૨૦૦૩.-ધી ટાકરવાડા ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ટાકરવાડા, તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧

INDEX

અન્વયે નોંધણી નંબર ૩૪૮ તા. ૩-૨-૯૨થી નોંધવામાં આવેલી સહકારી સંસ્થા છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી. અગાઉના ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી. મંડળીમાં ખોટ રૂા. ૯૦૨૧/- ની થવા પામેલ છે. કાર્યવાહકો સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી આ બાબતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવા કારણ દર્શક નોટીસ આમુખ-૨ થી આપવામાં આપેલ હતી. નોટીસ મળવા છતાં મંડળી તરફથી કોઇ રજૂઆત થયેલ નથી. આમ મંડળી સ્થગિત હોવાનું સ્પષ્ટ થવાથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઇ જવા વચગાળાનો આદેશ કરેલ હતો. સાથે સાથે એક માસ સુધીમાં યોગ્ય રજૂઆત કરવા માટે મંડળીના કાર્યવાહકોને જણાવવામાં આવેલ હતું. વચગાળાનો આદેશ મળવા છતાં તેમજ નિયત સમય કરતાં વધૂ સમય આપવા છતાં મંડળીના કાર્યવાહકોએ કોઇ રજૂઆત કરી નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક જણાતાં અત્રેના તારીખ ૨૨મી માર્ચ, ૨૦૦૨ ના વચગાળાના આદેશ ને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરું છું.

ધી ટાકરવાડા ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ટાકરવાડા, તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠાં નોંધણી નંબર ૩૪૮ તા. ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૨થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧)ની જોગવાઇઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પાલનપુર

હુકમ

નંબર સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/૫૦ થી ૫૭/૨૦૦૩.–ધી રવિકા **આદર્શ પછાતવર્ગની ઘર બાંધનારી સહકારી મંડળી લીમીટેડ, મુકામ રવિકા, તાલુકા અંકલેશ્વર, જિલ્લો ભરૂચ, કે જે તારીખ ૨૦મી જુલાઈ ૧૯૭૩ના નોંધણી નંબર ઘ-૯૯૦ થી નોંધવામાં આવી હતી. જે અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : સેન/ઉખસ/ફડચ/ખ-૩/૫૦૯ /૨૦૦૧/ તારીખ ૨૯મી ઓકટોબર ૨૦૦૧થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી** મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) આધિન સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ અધિનિયમની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

નંબર સે/દુ-૩૫૧૫૦-નઘણ-૦૧-ક-૨-૧૫૩-૨૦૦૩.-આથી જાહેર કરે છે કે રંગકૂપા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ દાંદા, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

નંબર સે/દુ-૩૫૧૫૧-નઘણ-૦૧-ક-૨-૧૪૭-૨૦૦૩.-આથી જાહેર કરે છે કે કલાદરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ કલાદરા, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

નંબર સે/દુ-૩૫૧૫૧-નઘણ-૦૧-ક-૨-૧૫૯-૨૦૦૩.-આથી જાહેર કરે છે કે ગોલાદરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ ગોલાદરા, તાલુકો વાગરા, જિલ્લો ભરૂચ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નંબર ઉખઉ/ઉ-૧૨૫૮૬-૨૦૦૩.–આથી જાહેર કરે છે કે સિધ્ધિ મજુર અને કામદારોની સહકારી મંડળી લી. સ્થળ ધનોરી, તાલુકો વલસાડ, જિલ્લો વલસાડને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

(અવાચ્ચય),
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, વલસાડ.

INDEX

વંચાણે લીધા :- (૧) શ્રી રાણીયા જુથ નં. ૨, ખેડૂત પિયત સહકારી મંડળી લીમીટેડ, રાણીયાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩૦-૧૦-૦૨નો પત્ર નં. ફડચા/૦૧/૪-૪૮૭/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. નધણ-ફડચ-ખ-૮૦-૨૦૦૩.—શ્રી રાણીયા જુથ નં. ૨, ખેડૂત પિયત સહકારી મંડળી લીમીટેડ, મું. રાણીયા, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર પિ-૩૫૪૨-૯૩, તા. ૬-૯-૧૯૯૩થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૫૧૮/૯૭, તારીખ ૧૧-૧૨-૯૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા : (૧) શ્રી ખડોલ (બોરડીના મુવાડા) સેવા સહકારી મંડળી લીમીટેડ, ખડોલના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૩-૧૧-૨૦૦૧નો પત્ર નં. ફડચા/૫૪/૧૦૩૨૬.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. નધણ-ફડચ-ખ-૮૪-૨૦૦૩.—શ્રી ખડોલ (બોરડીના મુવાડા) સેવા સહકારી મંડળી લીમીટેડ, મું. ખડોલ, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર સે-૧૭૨૪૩, તા. ૧-૬-૮૧થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૩૩૦/૯૭, તારીખ ૧૫-૭-૯૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી તવક્કલ ગ્રાહક સહકારી ભંડાર લી., નડીયાદનાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૪-૯-૦૨નો પત્ર નં. ફડચા/૦૧/જ/૪૬૨/૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. નધણ-ફડચ-ખ-૮૫-૨૦૦૩.—શ્રી તવક્કલ ગ્રાહક સહકારી ભંડાર લીમીટેડ, મું. નડીયાદ, તાલુકો નડીયાદ, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર ભં-૩૦૧૦, તા. ૨૭-૬-૮૮થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૧૩૪/૯૭, તારીખ ૧૧-૩-૯૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે. એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી ડાકોર નાગરીક સહકારી ગ્રાહક ભંડાર લીમીટેડ, ડાકોરના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩-૮-૨૦૦૨નો પત્ર નં. ફડચા/૫૫/૪૪૪૪.

INDEX

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. નઘણ-ફડચ-ખ-૮૬ ૨૦૦૩.—શ્રી ડાકોર નાગરીક સહકારી ગ્રાહક ભંડાર લીમીટેડ, મું. ડાકોર, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર ભં-૩૭૩૧, તા. ૬-૯-૯૦થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૧૦૯/૯૭, તારીખ ૨૫-૨-૯૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી ભૂતીયા સેવા સહકારી મંડળી લીમીટેડ, ભૂતીયાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૧-૧૨-૨૦૦૧નો પત્ર નં. ફડચા/૫૪/૧૦૭૪૯.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. નઘણ-ફડચ-ખ-૮૭-૨૦૦૩.—શ્રી ભૂતીયા સેવા સહકારી મંડળી લીમીટેડ, મું. ભૂતીયા, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર ૧૨૦૭૭, તા. ૧૬-૫-૭૩થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૫૦/૯૭, તારીખ ૨૯-૧-૯૭થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે, અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી રસુલપુર (પડાલ) સેવા સહકારી મંડળી લીમીટેડ, રસુલપુર (પડાલ)ના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩-૮-૨૦૦૨નો પત્ર નં. ફડચા/૫૫/૪૪૪૭.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નઘણ-ફડચ-ખ-૮૮-૨૦૦૩.—શ્રી રસુલપુર (પડાલ) સેવા સહકારી મંડળી લીમીટેડ, મું. રસુલપુર (પડાલ), તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર ૫૯૫૨, તા. ૨૪-૭-૧૯૨૭થી નોંધવામાં આવી હતી. જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૨૮૯/૯૬, તારીખ ૨૮-૫-૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ખેડા જિલ્લો.
નડીયાદ.

વંચાણે લીધા :- (૧) સાયમા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લિ., સાયમા, તા. ખંભાતના સભાસદોની મંડળીના ગેર વહીવટ બાબતની તારીખ ૨૯-૧૧-૨૦૦૧ની અરજી.

(૨) અત્રેની કચેરીના તારીખ ૧-૧-૨૦૦૩ ના પત્ર ક્રમાંક નધણ/૦૧/ગ/૨/૨૦૦૨ થી મંડળીના ચેરમેન / સેક્રેટરીને રજીસ્ટર્ડ પોસ્ટથી આપેલ નોટીસ.

જા. નં. સહક/૦૧/૪/૭૨/૨૦૦૩.--ધી સાયમા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લિ. સાયમા, તા. ખંભાત, જિ. આણંદને (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી તમાકુ ઉત્પાદક મંડળી છે, જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પ્રવર્તમાન પેટા-નિયમો, સહકારી કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે, તે અંગે મંડળીના કાર્યવાહકો વાકેફ હોય છે જ. હાલ મંડળીના વહીવટ બાબતે નીચે મુજબની સ્થિતિ સર્જાયેલ છે.

ઉપર સંદર્ભ (૧) માં જણાવેલ મંડળીના સભાસદોની તારીખ ૨૯-૧૧-૨૦૦૨ ની મંડળીના ગેર વહીવટ બાબતની અરજીમાં જણાવેલ વિગતે મંડળીની છેલ્લાં ત્રણ ચાર વર્ષથી સાધારણ સભા બોલાવેલ નથી તથા મંડળી સ્થગિત અવસ્થામાં છે. મંડળીની વ્યવસ્થાપક કમીટી કોઈ ફરજ બજાવતી નથી તથા મંડળીની વ્યવસ્થાપક કમીટીની મુદત પૂરી થઈ ગયેલ છે. મંડળીને આ બાબતે સંદર્ભ (૨) માં જણાવેલ અત્રેની કચેરીના તારીખ ૧-૧-૨૦૦૨ થી રજીસ્ટર્ડ પોસ્ટ પત્ર પાઠવીને તારીખ ૧૬-૧-૨૦૦૩ ના રોજ રૂબરૂ રજૂઆત કરવા બોલાવેલ પરંતુ મંડળીના કોઈ હોદ્દેદારો રજૂઆત કરવા માટે હાજર રહેલ નથી કે લેખિતમાં રજૂઆત પણ કરેલ નથી.

ઉપર જણાવેલ વિગતે મંડળીની વ્ય. કમીટીની મુદત પૂરી થઈ ગયેલ હોઈ તથા નવી વ્ય. કમીટીની ચૂંટણી થયેલ ન હોઈ મંડળીના વહીવટમાં શૂન્યાવકાશ સર્જાતા મંડળીમાં સહકારી કાયદાની કલમ ૭૪ (ઘ) હેઠળ હાલની વ્ય. કમીટીની જગ્યાએ કસ્ટોડીયનની નિમણુંક કરવાની કાર્યવાહી કરવી ઉચિત જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૭૪(ઘ) હેઠળ મળેલ અધિકારની રૂએ ધી સાયમા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લિ. સાયમા, તા. ખંભાત, જિ. આણંદની હાલની વ્ય. કમીટી સભ્યોની મુદત પૂરી થયા પછીના છ માસની મુદતની અંદર નવી વ્ય. કમીટી કાર્ય કરતી ન હોવાથી સંસ્થાનાવહીવટમાં શૂન્યાવકાશ સર્જાતા મંડળીનો વહીવટ ચલાવવા માટે શ્રી જસવંતભાઈ મગનભાઈ પટેલ, મુ. નાર, તા. પેટલાદ, જિ. આણંદની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરુ છું. સદરહુ નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્ય. કમીટી ચૂંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે. કસ્ટોડીયનનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) વધાસી સેવા સ. મં. લી., મુ. વધાસી, તા. આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૩૩/૨૦૦૨, તારીખ ૨૨-૧૦-૨૦૦૨.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૩૩/ચ/૧૭૦/૫૯૯/૨૦૦૩.--વધાસી સેવા સહકારી મંડળી લીમીટેડ, મુકામ વધાસી, તાલુકો આણંદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., આણંદની ઓફીસના નોંધ નંબર એ.-૪૨૫૨, તા. ૩૧-૮-૧૯૬૧થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડિયાદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) મહી કાંઠા વાહન વાહક સ. મં. લી., મુ. બોરસદ, તા. બોરસદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૩૧/૨૦૦૨, તારીખ ૨૨-૧૦-૨૦૦૨.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૩૪/ચ/૧૬૯/૨૦૦૩.--મહી કાંઠા વાહન વાહક સહકારી મંડળી લીમીટેડ, મુકામ બોરસદ, તાલુકો બોરસદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., આણંદની ઓફીસના નોંધ નંબર એ.-૨૭૭૯૧, તા. ૨૦-૨-૧૯૯૫થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

INDEX

વંચાણમાં લીધા :- (૧) અહીમા તમાકુ ઉત્પાદક સ. મં. લી., મુ. અહીમા, તા. ઉમરેઠને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/ /૨૦૦૨, તારીખ ૮-૧૦-૨૦૦૨.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૩૫/ચ/૧૬૮/૨૦૦૩.–અહીમા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુકામ અહીમા, તાલુકો ઉમરેઠ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., આણંદની ઓફીસના નોંધ નંબર એ.-૨૦૬૧૭, તા. ૩૦-૧-૧૯૮૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં “ ૦૪૨૫ સહકાર ” સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) થામણા તેલીબીયાં ઉત્પાદક સ. મં. લી., મુ. થામણા, તા. ઉમરેઠને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૩૦/૨૦૦૨, તારીખ ૨૨-૧૦-૨૦૦૨.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૩૬/ચ/૧૬૭/૨૦૦૩.–થામણા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુકામ થામણા, તાલુકો ઉમરેઠ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., આણંદની ઓફીસના નોંધ નંબર સે-૧૮૩૫૯, તા. ૨૮-૫-૧૯૮૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં “ ૦૪૨૫ સહકાર ” સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) ગામડી વૃક્ષ ઉછેર સ. મં. લી., મુ. ગામડી, તા. આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૩૪/૨૦૦૨, તારીખ ૨૨-૧૦-૨૦૦૨.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૩૭/ચ/૧૬૬/૨૦૦૩.–ગામડી વૃક્ષ ઉછેર સહકારી મંડળી લીમીટેડ, મુકામ ગામડી, તાલુકો આણંદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., આણંદની ઓફીસના નોંધ નંબર સે.-૨૬૮૨૬, તા. ૨૯-૪-૧૯૮૩ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં “ ૦૪૨૫ સહકાર ” સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- (૧) ગંભીરા તમાકુ ઉત્પાદક સ. મં. લી., મુ. ગંભીરા, તા. બોરસદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૧૬/૨૦૦૨, તારીખ ૮-૧૦-૨૦૦૨.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૩૮/ચ/૧૬૫/૨૦૦૩.–ગંભીરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુકામ ગંભીરા, તાલુકો બોરસદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જિ. પં., આણંદની ઓફીસના નોંધ નંબર ૨૧૨૩૬, તા. ૩૦-૯-૧૯૮૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં., આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તિજોરીમાં “ ૦૪૨૫ સહકાર ” સદરે જમા કરાવવી. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

INDEX

વંચાણે લીધા :- (૧) ફડચા અધિકારીશ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી ફડચો, મહેસાણાના પત્રાંક ફડચ/૦૧/૧૫૫/૨૦૦૩ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૩૬૨/૨૦૦૩.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી કહોડા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. કહોડા, તા. ઊંઝા નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૨૬૮૨૨, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૩૦૨૦/ખ/૧૨૩/૨૦૦૨, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૨ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી ફડચો, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૫૫/૨૦૦૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી કહોડા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. કહોડા, તા. ઊંઝાની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) ફડચા અધિકારીશ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી ફડચો, મહેસાણાના પત્રાંક ફડચ/૦૧/૧૫૪/૨૦૦૩ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૩૬૩/૨૦૦૩.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી વિશોળ ફળ અને શાકભાજી ઉગાડનારાની ખરીદ-વેચાણ સહકારી મંડળી લી., મુ. વિશોળ, તા. ઊંઝા નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૫૮૧૦, તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૮ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૦૨/ખ/૧૫૯૫/૨૦૦૨, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૨ થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી ફડચો, મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૫૪/૨૦૦૩, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારી અન્વયે સદર મંડળી નામે ધી વિશોળ ફળ અને શાકભાજી ઉગાડનારાની ખરીદ-વેચાણ સહકારી મંડળી લી., મુ. વિશોળની નોંધણી રદ કરતો હુકમ કરું છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

વંચાણે લીધું :- (૧) ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પત્રક-૨) મહેસાણાના પત્રાંક અલણ/૦૧/૨૪૭/૨૦૦૨ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૨ થી રજુ થયેલ ખાતાકીય અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૪૭/૨૦૦૨ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ થી ફડચા કાર્યવાહીની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૮૫/૨૦૦૨ તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૦૨ થી સ્મૃતિપત્ર.

(૪) અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૮૦/૨૦૦૩ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩ થી ફડચા કાર્યવાહીનો વચગાળાનો આદેશ.

(૫) મંડળીની તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ની કમીટી ઠરાવથી તેમજ સંસ્થાના ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર, દુરસ્ત વિગત રજુ કરી સંસ્થાને ફડચામાં ન લઈ જવા રજુઆત.

(૬) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૩/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે શ્રી વિવેકાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ઊંઝા, તા. ઊંઝા, જિ. મહેસાણા, રજિસ્ટર નંબર ઘ-૩૩૭૩ તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૭૦ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.

ઉપરોક્ત આમુખ (૧)માં જણાવેલ વિગતે સંસ્થાના વર્ષ ૨૦૦૧/૨૦૦૨ સમયના ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ ખામીઓ આધિન અત્રે સહકારી કાયદાની કલમ-૧૦૭ની જોગવાઈ મુજબ ખાસ અહેવાલ રજુ થતાં આમુખ (૨)ની વિગતે સંસ્થાને ફડચા કાર્યવાહી સંબંધી સ્પષ્ટતાઓ અંગે કારણદર્શક નોટીસ પાઠવેલ. જેનો પ્રત્યુત્તર નિયત

સમયમાં ન મળતાં આમુખ (૩)ની વિગતે સ્મૃતિપત્ર પાઠવેલ. સ્મૃતિપત્ર પાઠવવા છતાં સંસ્થા તરફથી કોઈ રજુઆત ન થતાં તેમજ યોગ્ય સમય મર્યાદા પૂર્ણ થવાથી આમુખ (૪)ની વિગતે ફડચાનો વચગાળાનો આદેશ કરી આદેશની વિગતે એક માસમાં ફડચા કાર્યવાહી સામે રજુઆત પુરાવા રજુ કરવા. સમય મર્યાદા આપવામાં આવેલ. જે અંગે અત્રે આમુખ (૫) આધીન સંસ્થાના તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના પત્રથી સ્પષ્ટતાઓ, દુરસ્તીની વિગતો, તારીખ ૯મી ફેબ્રુઆરી ૨૦૦૩ની વ્યવસ્થાપક કમીટી ઠરાવ મુજબ તમામ ખામીઓ પુરી કરવાની ખાત્રી સાથે સંસ્થાને ફડચામાં ન લઈ વિનંતીથી અત્રે રજુઆત કરેલ છે. વધુમાં અગાઉ સભ્યોના સામાજીક કારણો તેમજ આંતરિક પ્રશ્નોને કારણે ફડચા કારણદર્શક નોટીસ, સ્મૃતિપત્રનો ઉત્તર આપી શકેલ નથી. જે બાબતની સ્પષ્ટતા કરેલ છે. વધુમાં સંસ્થાના વહીવટી, ગટર, રોડ વિગેરેની કામગીરીઓ ચાલુ હોવાથી તેમજ સભાસદોના હિતમાં સહકારી ભાવનાઓ જીવંત રાખવા. સંસ્થાને ફડચામાં ન લઈ જવા નમ્ર વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત આમુખ પ્રસ્તાવનાને ધ્યાને લઈ આમુખ (૬) ની જોગવાઈ આધીન નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી વિવેકાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. ઊંઝા, તા. ઊંઝા, જિ. મહેસાણા સહકારી કાયદા આધીન નોંધણી નંબર ઘ-૩૩૭૩ તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૭૦ થી નોંધાયેલ છે. તેને સહ. કા. ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ-ક, ગ (૨) (૪) આધીન ફડચામાં લઈ જવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૮૦/૨૦૦૩ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩ નં. સંસ્થાની તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૩ની વ્યવસ્થાપક કમીટી ઠરાવથી ખામીપૂર્ણ કરવાની ખાત્રી, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના પત્રથી ખામીવાર સ્પષ્ટતા, છેલ્લા બે વર્ષની ઓડીટ નોંધ ખામીઓ અંગે સ્પષ્ટતા રજુ કરતાં, વાસ્તવિકતા આગામી ઓડીટ સુધીમાં સંસ્થાએ રજુ કરવાની વિગતે સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈ આધીન ફડચા કાર્યવાહીનો વચગાળાનો આદેશ ઉઠાવી લેવાનો હુકમ કરું છું.

મહેસાણા, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

નલીન ઉપાધ્યાય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નંબર નઘણ/સ/૩૪૮૧/ક-૨-૨૧૨/સને ૨૦૦૩.- આથી જાહેર કરે છે કે શ્રી ચાણસ્મા તાલુકા ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ ચાણસ્મા, તાલુકો ચાણસ્મા, જિલ્લો પાટણ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

નંબર નઘણ/ઉ/૧૨૧૨૦/ક-૨-૨૧૧/સને ૨૦૦૩-આથી જાહેર કરે છે કે શ્રી વહાણવટી મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ દેથલી, તાલુકો સિદ્ધપુર, જિલ્લો પાટણ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

નંબર નઘણ/ઉ/૧૨૧૨૧/ક-૨/૨૧૦/સને ૨૦૦૩ આથી જાહેર કરે છે કે, શ્રી મહાકાળી મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જલાલાબાદ, તાલુકો સમી, જિલ્લો પાટણ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :– (૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ. ૨/૩૦૬, તા. ૮-૧૧-૨૦૦૨.

(૨) મંડળીની તા. ૨૬-૧૧-૨૦૦૨ અને તા. ૨૭-૧૧-૨૦૦૨ ની રજુઆત.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈ.

અંતીમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૦૧/૦૧/ઘ. ૨/૩૯/૨૦૦૩.–શ્રી રતનપુર-આદિવાસી ખેડૂત ગ્રાહક સહકારી મંડળી લી., મુ. રતનપુર, તા. પાવી-જેતપુર, જિ. વડોદરા, નોંધણી નં. ભ-૩૯૬૭, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ અને તે સામે રજુઆત કરવી હોય તો માસ એકથી મુદત આપેલ હતી, તે અન્વયે મંડળી તરફથી તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૨ અને તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૨ ના પત્રથી રજુઆત મળેલ, પરંતુ મંડળીને શરુઆતથી ઓડીટ વર્ગ "ક" અને "ડ" મળેલ હોય, મંડળીના કાર્યવાહકોની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોય, આમુખ (૩) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ ની નિમણુંક કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

INDEX

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫ માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લહેણું, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) આ કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ. ૨/૨૨૪, તા. ૨૯-૭-૨૦૦૨.

(૨) મંડળીની તા. ૫-૮-૨૦૦૨ અને તા. ૧૮-૧૦-૨૦૦૨ ની રજુઆત.

(૩) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈ.

અંતીમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૦૦/૦૧/ઘ. ૨/૪૦/૨૦૦૩.--શ્રી મહાત્મા ગાંધી ક્રેડીટ સહકારી મંડળી લી., વડોદરા, નોંધણી નંબર ૨૭૯૧, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૭૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ અને તે સામે રજુઆત કરવી હોય, તો માસ એકથી મુદત આપેલ હતી, તે અન્વયે મંડળી તરફથી તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૨ અને તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૨ના પત્રથી રજુઆત મળેલ, પરંતુ મંડળીએ રજુ કરેલ માહિતી જોતા મંડળી સ્થગીત જણાય છે અને મંડળીની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોય, આમુખ (૩)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ની નિમણુંક કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચારી કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫ માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લહેણું, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૩.

વંચાણે લીધા :- (૧) શ્રી સહકારી અધિકારી ફડચા નં-૧/બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી, વડોદરાના જાવક નં-ફડચ/૦૧/ફ-૧/૧૦૬/૦૩ ની તા. ૩-૨-૦૩ ની નોંધણી રદ ની દરખાસ્ત.

હુકમ

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામું/૧૫/૨૦૦૩.- સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, વી. કે. ગુપ્તા, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૫મી મે, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક

ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની;

(ગ) પથ્થર અથવા બીજી શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોએ બૂમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની;

વિસ્તાર :- સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવુ કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૧૭/૨૦૦૩.– આગામી દિવસોમાં રામનવમી, આંબેડકર જયંતી, મહાવીર જયંતી તથા ગુડ ફ્રાઈડેના તહેવારોને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તૈયાર કરવાની;

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની;

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

INDEX

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવાં કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૧૮/૨૦૦૩.-આગામી દિવસોમાં રામનવમી, આંબેડકર જયંતી, મહાવીર જયંતી તથા ગુડ ફ્રાઈડેના તહેવારોને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી, તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં.૨૧/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી રામનવમી, ડો. આંબેડકર જયંતી, મહાવીર જયંતી તથા ગુડ ફ્રાયડેના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે.સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ થી ૨૧મી એપ્રિલ, ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ - ૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં.૨૨/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી રામનવમી, ડૉ. આંબેડકર જયંતી, મહાવીર જયંતી તથા ગુડ ફ્રાઈડેના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ;

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની;

(ગ) કોઇપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાની ફરજ હોઇ.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોઇ તે વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૯૨૫.–તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર જયંતિ, તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મહાવીર જયંતિ, તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ ગુડ ફ્રાઈડેની ઉજવણી થનાર હોઈ, પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૦૩ (બન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહીં, કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહીં. અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

સભા / સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજરોજ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧)(૨) અન્વયેનું.

નંબર એમએજી/વશી/૧૯૪૧/૨૦૦૩.–આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ "રામનવમી", તારીખ ૧૪મી એપ્રિલ,

૨૦૦૩ ના રોજ " બાબા સાહેબ આંબેડકર જયંતિ ", તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ " મહાવીર જયંતી " અને તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ " ગુડ ફ્રાઈડે " તહેવારોની ઉજવણી દરમ્યાન સુરત જિલ્લા (રૂરલ) વિસ્તારમાં શાંતિ અને કોમી એખલાસભર્યુ વાતાવરણ જળવાય રહે તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. વાસ્તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, આથી ફરમાવું છું કે, સુરત (રૂરલ) જિલ્લા વિસ્તારમાં તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩ થી ૨૦મી એપ્રિલ, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સુદ્ધાં) કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહીં તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં;

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં;

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં;

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં. ગીતો ગાવા નહીં કે વાદ્ય વગાડવું નહીં;

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ / વ્યકિતઓને લાગુ પડશે નહીં;

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ પણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત જિલ્લા પોલીસ વડાશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારિરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત / વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબનું.

નંબર એમએજી/વશી/૨૦૧૧/૨૦૦૩.—આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ " રામનવમી ", તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ " બાબા સાહેબ આંબેડકર જયંતિ ", તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ " મહાવીર જયંતી " અને તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ " ગુડ ફ્રાઈડે " તહેવારોની ઉજવણી થનાર હોઈ, સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. જેથી જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭(૩) ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું ફરમાવું છું કે, સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩ના રોજથી તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૦૩ (બન્ને દિવસો સુદ્ધાં) સુધી ચાર કરતાં વધુ માણસોની સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં તેમજ ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા, એસ.ટી. બસમાં કે રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા લોકો તથા મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧)નાં ખંડ (૫) મુજબ.

ક્રમાંક ઉ/મકડ/એમ.એ.જી./વશી/૫૪૦-૪૯/૨૦૦૩.–ડાંગ દરબાર મેળા દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓની આજુ બાજુની જમીનમાં મેળાના પ્રસંગે હંગામી ધોરણે ઉભી કરેલ વિવિધ પ્રકારની દુકાનો હોવાથી સદરહુ રસ્તાઓ ઉપરથી પગે ચાલીને જનારાઓની અવર જવર વિશેષ પ્રમાણમાં રહેવાની છે. એટલે મેળાના સમય દરમ્યાન આવા લોકોમે ભય,હરકત, અગવડ કે, અકસ્માતના થાય તે માટે સદરહુ રસ્તાઓના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

તેથી તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ના ૭-૦૦ કલાક થી તારીખ ૨૦મી માર્ચ, ૨૦૦૩ના ૨૪-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ ઉપર,

(ક) મોટર તેમજ અન્ય વાહન.

(ખ) ઢોરો સાથે અથવા ઢોર દ્વારા ચાલતા વાહન દ્વારા જઈ શકશે નહીં. તેવો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧)નાં ખંડ (૫) અન્વયે આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ :

(ક) આહવા ખાતેની જાહેર બાંધકામ વિભાગ (સ્ટેટ) ની કચેરીનું મકાન અને ગ્રામપંચાયત આહવાનું મકાન આ બે મકાનો વચ્ચે રાજ્ય ધોરીમાર્ગ જોડે જે ભાગ પડે તે ભાગ.

(ખ) આહવા સબ પોષ્ટ ઓફિસનું મકાન અને રંગઉપવન આ બે વચ્ચે આવેલા શ્રી મોરારજી દેસાઈ માર્ગ એ રસ્તાના જે ભાગ પડે તે ભાગ.

અપવાદ :

આ જાહેરનામું નીચેનાને લાગુ પડશે નહીં.

(ક) પીવાના પાણીની સેવા, ગંદા પાણીની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની સેવાઓ પૂરી પાડવા મોટર વાહનમાં જનારાઓ.

(ખ) જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલ હોય તેવા વાહનમાં જનારાઓ.

(ગ) ઉપર જણાવેલ સમય દરમ્યાન વાહન વ્યવહાર માટે આશ્રમ રોડ થઈ સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોનીથી હાઈસ્કુલ રોડ તરફથી સરદાર વલ્લભભાઈ માર્ગથી એસ.ટી. ડેપો જતાં માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

(ઘ) આ જાહેરનામાનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૫૨૦-૨૯/૨૦૦૩.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, હાલમાં ડાંગ દરબાર, મહોરમ તથા હોળીનો તહેવાર તેમજ એસ.એસ.સી. અને એચ. એસ.સી.ની પરિક્ષાને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩ના સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની;

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યુ હોય તે વ્યક્તિઓ.

INDEX

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામામાંનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૫૩૦-૩૯/૨૦૦૩.–જિલ્લામાં હાલમાં ડાંગ દરબાર, મહોરમ તથા હોળીનો તહેવાર તેમજ એસ.એસ.સી. અને એચ. એસ.સી.ની પરિક્ષાને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં, તેમજ ચાર કરતાં વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

હુકમ

નમૂનો નંબર - ૨૪

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક મકડ/પી.એ.એલ./વશી/૬૨૪-૩૦/૨૦૦૩.–મને જાણવામાં / બતાવવામાં આવેલ છે કે, ડાંગ જિલ્લાનાં આહવા ગામે તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ દરમ્યાન એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરિક્ષા શરૂ થનાર હોઈ પરિક્ષા કેન્દ્ર સરકારી માધ્યમિક શાળા, આહવા અને સરકારી વિનીયન અને વાણિજ્ય કોલેજ, આહવાના કંપાઉન્ડના ચારે તરફના ૧૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પરિક્ષાર્થી નિર્ભય પણે પરિક્ષા આપી શકે તે જરૂરી છે. અને તેવું ઈષ્ટ જણાય છે. અને તેથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ છે. એવો અભિપ્રાય છે.

આથી હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, જિલ્લો ડાંગ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબની મળેલ સત્તાની રૂએ આથી તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩ થી તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૩ (બંને દિવસો સહિત) ડાંગ જિલ્લાનાં આહવા ગામે સરકારી માધ્યમિક શાળા, આહવા અને સરકારી વિનીયન અને વાણિજ્ય કોલેજ, આહવાના કંપાઉન્ડના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂં છું.

(૧) ચાર કે તેથી વધુ શખ્સોએ ભેગા થવું નહીં, સભાઓ ભરવી કે બોલાવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં.

(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા નહીં.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહીં.

વધુમાં આદેશ કરૂં છું કે, ઉપર જણાવેલ પ્રતિબંધો જે માણસો સરકારી નોકરીની કામગીરીમાં રોકાયેલ હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં પસાર જતાં ઈસમોને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ - આહવા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, MAY 8, 2003 / VAISAKHA 18, 1925 [No. 19

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	359-376	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	275-290
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	19	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	7643-7900

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

ક્રમાંક ઉ/ગપક/વિશા/૭૬૦/૨૦૦૩.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં

INDEX

વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગું પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૬૧/૨૦૦૩.—પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમતના વિસ્તારમાં મહાનગરપાલીકાની વોર્ડ નંબર ૨૬ ઠક્કરબાપાનગર બેઠકની પેટા ચૂંટણી તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ યોજનાર છે. ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ નંબર ઈએલસી/સીઓસી/પ્રિવેન્સન ઓફ ડીફેશમેન્ટ ઓફ પ્રોપર્ટી થી અપાયેલ સુચના અનુસાર ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો, કાર્યકરો, ઉમેદવારો ખાનગી કે જાહેર લોકોની દીવાલ ઉપર તેમના પોસ્ટરો ચોંટાડે છે કે ચિતરીને લખે છે કે તેમના પ્રતિકનું ચિન્હ ચિતરીને દીવાલ બગાડતા હોય છે. આ માટે મકાન માલીકની કોઈ પરવાનગી લેવામાં આવતી નથી. આ પ્રકારનો ઉપયોગ મકાન માલીકને અડચણરૂપ હોવાથી કોઈપણ ખાનગી કે જાહેર મિલકતો કે અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા હાઈવે રસ્તા ઉપરના માઈલ્સસ્ટોન અને બોર્ડ રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ અને લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન અને ઈલેકટ્રીકનાં થાભલાંઓ, મહાનગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓનાં મકાનો, રાજ્ય કે કેન્દ્ર સરકારનાં કચેરીઓનાં મકાનો, દિવાલો, જાહેર માર્ગો તથા ખાનગી માલીકીનાં મકાનો, દીવાલો, ખાનગી બોર્ડ ઉપર સંબંધીત મિલ્કતના માલીકની લેખિત પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય કોઈપણ રાજકીય પક્ષ અન્ય કોઈ સંસ્થા ચૂંટણીના ઉમેદવારો કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઇ વ્યકિત ચૂંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો ચોંટાડે કે ચિતરીને લખે, ચિન્હો ચિતરે, બેનરો પડદા લગાડે કે ચૂંટણીનો પ્રચાર કરતા લખાણો કે સુત્રો લખે તે ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

જેથી હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

૧. રાજ્ય ચૂંટણીપંચના આદેશ મુજબ નકકી થયેલ આચારસંહીતા અન્વયે કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો કે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈ વ્યકિતઓ એ ઉપર જણાવેલ જાહેર કે ખાનગી મિલકત ઉપર ચૂંટણી પ્રચાર અંગે પોસ્ટર ચોંટાડી કે ચિતરી ને બેનરો/પડદા લગાડી કે અન્ય ચૂંટણી પ્રચારના લખાણો લખી મિલકત બગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

૨. મિલ્કતના માલીકની લેખિતમાં પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય મિલ્કતને બગાડીને નુકશાન પહોંચાડશે તેમની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે. તેમજ બગડેલી કે નુકશાન પામેલી મિલ્કતને સુધારવામાં આવશે અને તે માટે જે ખર્ચ થશે તે તમામ ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે.

૩. આ હુકમની તારીખ થી ચૂંટણીઓની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ હુકમ અમલમાં રહેશે.

૪. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

૫. આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર ની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર ઠક્કરબાપાનગરની પેટા ચૂંટણીના મતદાન વિસ્તારને લાગુ પડશે.

આજ રોજ તારીખ ૨૧ માહે એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨ મા અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૬૨/૨૦૦૩.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર મહાનગર પાલીકાની વોર્ડ નં. ૨૬, ઠક્કરબાપાનગર બેઠકની પેટા ચૂંટણી અંગે તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મતદાન થનાર છે. અને આ ચૂંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના ક. ૧૭.૦૦ થી તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૩ના ક. ૨૦.૦૦ વાગ્યા સુધી મહાનગરપાલીકાની પેટા ચૂંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી. મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચૂંટણી અંગે પ્રચાર કરવો નહી કે ચિન્હો રાખવા નહી. તેમજ મતદાન સમયે જુદા જુદા રાજકીય પક્ષો તેમજ ઉમેદવારો દ્વારા રાખવામાં આવતા બુથ મતદાન મથકથી ૨૦૦ મીટર વિસ્તારની અંદર રાખવા નહી.

INDEX

વિસ્તાર:- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી પાલીકાની વોર્ડ નં. ૨૬ ઠક્કરબાપાનગર બેઠકની મહાનગરપાલીકાની પેટા ચૂંટણી થનાર વિસ્તાર.

ખુલાસો:- આ વિસ્તારની રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ:- આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તથા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા-કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૧ માહે એપ્રિલ, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૬(ગ) (ઘ) મુજબનો.

નંબર/ઉ/ગપક/વિ.શા./૭૬૩/૨૦૦૩.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર મહાનગર પાલીકાની વોર્ડ નં.૨૬ ઠક્કરબાપાનગર બેઠકની પેટા ચુંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૦૩ ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે જે સ્થળોએ મતદાન થનાર છે. તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ અડચણ થતી અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે હું કે. આર. કૌશિક પોલીસ કમિશનર અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ ૩૬ (ગ) (ઘ) થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, સદરહુ ચૂંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ.

૧. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઊભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઊભી રહેશે.

૨. મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાનાં નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

૩. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનાં વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૩ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળ વિસ્તાર પૈકી મહાનગર પાલીકાની વોર્ડ નંબર ૨૬ ઠક્કરબાપાગર બેઠકની પેટા ચુંટણી થનાર વિસ્તાર.

આથી હું આદેશ આપું છું કે, આ હુકમ ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને અને લાઉડસ્પીકર દ્વારા શહેરના વિસ્તારોમાં કરવી અને સ્થાનિક વર્તમાનપત્રો તથા આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે કરાવવી.

આજરોજ તારીખ ૨૧ માહે. એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા છે.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક ઉ/ગપક/વ.શી./એસબી/ડીસીબી/જાહેરનામા/૧૬/ ૨૦૦૩.-(૧) સુરત શહેરમાં હાલના વર્ષમાં માફીયા ગેંગ સાથે સંકળાયેલ માણસો ગંભીર ગુનો કરવા માટે પ્રી-પેઈડ સીમકાર્ડથી મોબાઈલ વડે સંદેશા વ્યવહારનું નેટવર્ક ચલાવતા હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. આવા કેટલાક કેસોની તપાસ દરમ્યાન જાણવા મળેલ છે કે મોબાઈલ કંપનીઓ જે પ્રી-પેઈડ સીમકાર્ડ વેચી રહેલ છે તે વેચનારા ડીસ્ટ્રીબ્યુટરો ડીલરો કે પ્રો. ડીલરો કાર્ડ લેનારની ઓળખ અંગે કોઈપણ ખાત્રી કર્યા વગર અથવા તે અંગેના પુરાવા મેળવ્યા સિવાય સીમકાર્ડનું વેચાણ કરી રહેલ છે. જેને કારણે ગુનેગારો પોતાની ઓળખ છુપાવી શકે છે. મોબાઈલ કંપનીએ અને તેમના પ્રી-પેઈડ સીમકાર્ડ વેચનારાઓ કાર્ડ લેનારનું નામ સરનામું તથા તેની ખરાઈ માટેના દસ્તાવેજી રેકર્ડથી નહી મેળવવાના કારણે ગુન્હાહિત માનસ ધરાવતાં ગુનેગારોને તેઓ આડકતરી રીતે મદદરૂપ બની પ્રોત્સાહક બની રહેલા છે. જેના કારણે ખુન, ધાડ, લુંટ, ઘરફોડ ચોરીના ગુન્હામાં ગુનેગારોએ વાપરેલ પ્રી-પેઈડ સીમકાર્ડનો ઉપયોગ કરીને ગંભીર ગુનાઓ આચર્યા છે. અને જેઓની ભાળ ક્યારેય મળી શકતી નથી. આમ આ હકિકત જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનું મારૂં માનવું છે.

(૨) આવા પ્રી-પેઈડ સીમકાર્ડ વેચાણ બાબતે અમુક ચોક્કસ પ્રતિબંધ રાખવો અનિવાર્ય અને તાત્કાલીક જરૂરીયાત બનેલ છે. સરકારશ્રી અને મોબાઈલ કંપનીના લાયસન્સ એગ્રીમેન્ટમાં જોગવાઈ છે કે પ્રી-પેઈડ સીમકાર્ડ ખરીદનારનું નામ સરનામું અને ઓળખના

INDEX

પુરાવા વેચનાર લેશે. છતાં ઉપરોક્ત તપાસની હકિકત પ્રમાણે આ જોગવાઈનું છડેચોક ભંગ થયેલ છે. જેથી કાયદાકીય જોગવાઈ કરવાથી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહાય મળે તેમ છે.

(૩) વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, સુરત ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં સુરત શહેર પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રી)ને એકજ્યુકેટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓની ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૦૩ના કલાક ૦૦-૦૦થી તારીખ ૨૨મી જુન, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

(૪) કોઈપણ મોબાઈલ ફોન કંપની કે તેના કોઈપણ ડીસ્ટ્રીબ્યુટર, ડીલર કે અન્ય કોઈપણ મોબાઈલ ફોન માટેના પ્રી-પેઈડ સીમકાર્ડનું વેચાણ પ્રી-પેઈડ કાર્ડ લેનારની પુરેપુરી ઓળખ, નામ, સરનામું તથા ઓળખનું પ્રુફ જેમાં ડ્રાઈવીંગ લાયસન્સ, રેશનકાર્ડ ટેલીફોન બીલ, ક્રેડીટ કાર્ડ, મતદાર ઓળખ કાર્ડ વિગેરે કોઈપણ એકની નકલ મેળવીને તેમજ પ્રી-પેઈડ કાર્ડ વેચાણ માટેનું એક અલગ રજિસ્ટર રાખીને જેમાં કાર્ડ લેનારની ઉપરોક્ત વિગતો લખી તેની સહી લીધા વગર કાર્ડનું વેચાણ કરશે નહી.

(૫) પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ, ચોકી સબ ઈન્સ્પેકટર અથવા તેના પ્રતિનિધિ દર માસે તેમના કાર્યક્ષેત્રમાં આવેલ વેચાણ કેન્દ્રનું નિરિક્ષણ કરશે. અને ઈન્સ્પેકશન નોટ ડી.સી.બી.ને મોકલશે જરૂર પડે સરપ્રાઈઝ ચેકીંગ કરશે. તે માટે મોબાઈલ કંપની તેમના ડીસ્ટ્રીબ્યુટર ડીલર પોલીસ ઓફીસરને પુરતો સહકાર આપવા આદેશ કરવામાં આવે છે.

(૬) **વિસ્તાર :-** સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

(૭) આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વી. કે ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર સુરત.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

પુનઃ પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સબંધી નિયમો-૧૯૯૯ ના નિયમ-૩ (બ) અન્વયેનું

નંબર/ડી/એમએજી/૨/વ.શી/૯૭૯થી ૧૦૦૮-.ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ધ્યાન ઉપર આવેલ છે કે, ખાદ્ય સામગ્રીની વહન માટે પુનઃપ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદીત થયેલી થેલી કે ભરવાના સાધનો કન્ટેઈનરનો ઉપયોગ કરવામાં આવે છે. સદરહુ નવા તાજા પ્લાસ્ટીકમાંથી બનાવેલ કોથળીની ન્યુનતમ જાડાઈ ૨૦ માઈક્રોનથી ઓછી હોવાનું જણાય છે. તેમજ સદર કોથળી તથા કન્ટેઈનરનો બરાબર ઉપયોગ, એકત્રીકરણ અલગ કરવાની પ્રક્રિયા બરાબર થતી નથી, જેથી આવા પ્રકારની થેલીઓ અને કન્ટેઈનરનો ઉપયોગ બંધ કરવાનું જાહેર હિતાર્થે યોગ્ય જણાય છે.

સબબ હું કમલ દયાની, આઈ.એ.એસ. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા- પાલનપુર, પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમની કલમ-(૩) (૨) (૮) તથા ૨૫ હેઠળ પુનઃ પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સબંધી નિયમો ૧૯૯૯ના નિયમ (૩) (બ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વિસ્તારમાં ખાદ્ય સામગ્રીમાં પુનઃ પ્રક્રિયામાંથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદીત થયેલ થેલી કે ભરવાના સાધનો કન્ટેઈનરનો ઉપયોગ કરવો નહિ.

(૨) નવા પ્લાસ્ટીકમાંથી ૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની બનાવેલ પ્લાસ્ટીકની કોથળીનો વપરાશ કરવો નહી.

આજ તારીખ ૯મી માહે એપ્રિલ, સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કમલ દયાની,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

જાહેરનામું

પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ નીચેનો આદેશ.

નંબર/પીએએલ (૧)/વ.શી./૧૯૩૫.-પર્યાવરણની સુરક્ષા સને સુધારણા સબંધિત પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૩ (૨) અને ૨૫ નીચે " પુન પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સબંધી નિયમો-૧૯૯૯" બનાવેલ છે. સદરહુ નિયમોના નિયમ-૪ મુજબ પર્યાવરણના જનતાના હેતુસર ખાદ્ય સામગ્રી સંઘરવા, વહન કરવા, ભરવા, વિતરણમાં મુકવા કોઈ વિક્રેતા પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદીત થયેલ થેલી કે ભરવાના સાધનો (Container) નો ઉપયોગ કરી શકે નહી. તે સિવાય કોઈ વ્યક્તિ

INDEX

પ્લાસ્ટીકની થેલીઓ (Carry Bag) અથવા કન્ટેઈનર ઉત્પાદિત કરવા માંગતી હોય તો ફક્ત કુદરતી રંગ આભા કે સફેદ રંગના પુનઃ પ્રક્રિયા થયા સિવાયના અસલ અને અણીશુધ્ધ પ્લાસ્ટીકમાંથી જ કોથળીઓ કે થેલીઓ બનાવી શકે, અન્યથા નહી.

ઉપરોક્ત નિયમોનો પાલન તથા પ્રકૃતિ અને પર્યાવરણના જતનના હેતુના ભાગરૂપે આથી અસલ અને અણિશુધ્ધ પ્લાસ્ટીકના ઉપયોગ તેમજ પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકની થેલીઓ અને કોથળીઓ સંદર્ભમાં પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ને આધિન ખેડા જિલ્લા માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧. પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સબંધી ૧૯૯૯ના નિયમોના નિયમ-૪ ને આધિન ખાદ્ય સામગ્રીના ઉત્પાદક, જથ્થાબંધ વિક્રેતા, છૂટક વિક્રેતા, ફેરીયા, વેચાણના દલાલ, એજન્ટ એ ખાદ્ય સામગ્રીને પેક કરવા, વિતરણમાં મૂકવા વહન કરી જવા કે સંઘરવા માટે પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીક (Recycled Plastic) માંથી બનાવેલ થેલી, કોથળી કે કન્ટેઈનરનો ઉપયોગ કદાપી કરવો નહી.

૨. જે વ્યક્તિ ખાદ્ય સામગ્રીના પેકેજિંગ મટીરીયલના હેતુ સિવાય અન્ય હેતુસર પ્લાસ્ટીકની થેલી, કોથળી કે કન્ટેઈનર ઉત્પાદિત કરવા માગતી હશે તે નિયમ ૫ (એ) ના અંર્તગત કુદરતી રંગ આભા અથવા સફેદ રંગ વાળા પુનઃ પ્રક્રિયા થયા સિવાયના અણિશુધ્ધ પ્લાસ્ટીકમાંથી જ તેવી કોથળીઓ, થેલીઓ કે કન્ટેઈનર બનાવી શકશે, અન્યથા નહી. તદુપરાંત આ રીતના અણિશુધ્ધ અને પુનઃ પ્રક્રિયા સિવાયના પ્લાસ્ટીકમાંથી બનાવેલ કોથળી, થેલી કે કન્ટેઈનરની જાડાઈ ૨૦ માઈક્રોનથી ઓછી હોવી જોઈશે નહી. ૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી અસલ પ્લાસ્ટીકની કોથળી, થેલી કે કન્ટેઈનર વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

હુકમના ઉલ્લંઘન માટે શિક્ષા :–

આ હુકમનો સીધો કે આડકતરો ભંગ કરવા અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર કસુરવાર સામે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૧૫ નીચે ૫ વર્ષ સુધીની કેદ અથવા તો ૧ (એક) લાખ રૂપિયા સુધીના દંડ અથવા શિક્ષા બંને શિક્ષાને પાત્ર થશે તેમજ ઉલ્લંઘન કરવાનું ચાલુ રહેશે તો પ્રતિદિન રૂપિયા ૫ હજાર લેખે દંડને પાત્ર થશે. તદુપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ નીચે પણ શિક્ષાને પાત્ર થશે.

હુકમના અમલીકરણ માટે સહાયક અધિકારીઓ :–

આ હુકમના અમલીકરણ માટે ખેડા જિલ્લામાં નીચે મુજબના અધિકારીઓ રહેશે.

૧. સબંધિત તાલુકા વિસ્તાર માટે જે તે તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ.

૨. સમગ્ર ખેડા જિલ્લા માટે મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર નડિયાદ.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :–(૧) મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ભરૂચના પત્ર જા. નં./૫વડી/૬૨૪. તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ તથા પત્ર જા. નં./૫વડી/૬૫૮. તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૩

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચના તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૩ થી નોંધ પર મળેલ આદેશ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) હેઠળ બહાર પાડેલ.

જાહેરનામું

ક્રમાંક/એમએજી/પીઓએલ/વશી/૧૭૧૧.–મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ભરૂચે ઉક્ત આમુખ (૧) નાં પત્રોથી દરખાસ્ત કરી જણાવેલ છે કે, ભરૂચ નગરપાલિકા વિસ્તાર પૈકીનાં (૧) સ્ટેજ-૧માં હાજીખાનાબજાર મનહર લાકડાવાળાની દુકાનથી નવાડેરા થઈ લલ્લુભાઈ ચકલા સુધીનો રસ્તો તથા (૨) સ્ટેજ-૨માં લલ્લુભાઈ ચકલાથી જુના બજાર સુધીનો રસ્તો સી.સી. રોડ બનાવવાનો હોય તે અંગેનું કામ હાથ ધરવાનું હોય, એક સ્ટેજ દિઠ દિન-૧૫ લેખે બન્ને સ્ટેજ માટે ૧૫-૧૫ દિવસ માટે સદર રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરવો જરૂરી હોય તે માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરી છે.

સબબ, ભરૂચ નગરપાલિકા હદમાં આવેલ સ્ટેજ-૧ મુજબના હાજીખાના બજાર મનહર લાકડાવાળાની દુકાનથી નવાડેરા થઈ લલ્લુભાઈ ચકલા સુધીનો રસ્તો સી.સી. રોડ બનાવવા માટે તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૩ થી દિન-૧૫ માટે તથા સ્ટેજ-૨ મુજબનો લલ્લુભાઈ ચકલાથી જુના બજાર સુધીનો રસ્તો સી.સી. રોડ બનાવવા માટે તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૦૩ થી દિન-૧૫ માટે બંધ રાખવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું શ્રી એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરૂં છું કે, ભરૂચ નગરપાલિકા હદમાં આવેલ નીચે મુજબના માર્ગ જણાવેલ સમય માટે બંધ રહેશે.

અનુ. નં.	સ્ટેજ	રસ્તાની વિગત	બંધ રહે તે સમયગાળો
૧	સ્ટેજ-૧	હાજીખાના બજાર, મનહર લાકડાવાળાની દુકાનથી નવાડેરા થઈ લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.	તા.૨૧/૪/૨૦૦૩ થી તા.૫/૫/૨૦૦૩ સુધી
૨	સ્ટેજ-૨	લલ્લુભાઈ ચકલા થઈ જુના બજાર સુધીનો રસ્તો.	તા. ૬/૫/૨૦૦૩ થી તા. ૨૦/૫/૨૦૦૩ સુધી.

સદર માર્ગ બંધ થતા સ્ટેજ-૧ મુજબના રસ્તાનો વાહનવ્યવહાર હાજીખાના બજાર મસ્જીદથી સાધના સ્કૂલ થઈ પુષ્પાબાગ, ગાયત્રીમંદિર થઈ ચકલાના રસ્તે તથા સ્ટેજ-૨ મુજબના રસ્તા પરનો વાહનવ્યવહાર ચકલાથી ગાયત્રીમંદિરનાં રસ્તે જુના બજારના રસ્તે આવી જઈ શકશે.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજરોજ તારીખ ૨૧મી એપ્રિલ, સને ૨૦૦૩નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

એમ. એસ. ઠકકર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર /ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૩/૨૦૦૩.- મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી પરશુરામ જયંતિના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૭મી મે, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની ;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેબોર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની;

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય;

૨ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં.૨૪/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં આગામી પરશુરામ જયંતિના તહેવાર પૂર્વેની પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે.સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩ થી ૭મી મે, ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.નં.૮/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૪થી મે, ૨૦૦૩ નાંરોજ ભગવાનશ્રી પરશુરામ જયંતિ તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઇપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૫મી મે, ૨૦૦૩ સુધી (બંને દિવસો શુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઇ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની;

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઇરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તેનો ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

૧. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગરૂપે સોંપ્યા બદલ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે અથવા લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

૩. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાના કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

વંચાણે લીધા :–

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા. નં. સેન ઉખસ/ ફડચ/૦૧/ખ-૩/૫૭૮/૫૮૪, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ થી મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ અપાયેલ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/નં. ફ. ૧૩૯૭૬ / ૧૭૫ થી ૧૮૨/૨૦૦૩.– ધી આમોદ તાલુકા વૃક્ષ ઉત્પાદક સ. મં. લી. મુકામે આમોદ, તાલુકો આમોદ, જિલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ. ચ. જા. નં. સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/૫૭૮ થી ૫૮૪/૦૨, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ આપવામાં આવેલ હતો. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩૦) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઈ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે. અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧-૨) ભરૂચ, લગત કચેરી શ્રીમતી બી. પી. જાદવ, ની નિમણુંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા. નં. સેન ઉખસ/ ફડચ/૦૧/ ખ-૩/૫૭૧ થી ૫૭૭ /૨૦૦૨, તારીખ ૨૮મી નવેમ્બર,૨૦૦૨ થી મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ અપાયેલ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/નં. ફ. ૧૩૯૭૭ / ૧૮૩ થી ૧૯૧/૨૦૦૩.– ધી નવાડેશ ગણેશ કન્ઝુમર્સ કો-ઓ. ક્રેડીટ સો. લી., મુકામે ભરૂચ, તાલુકો ભરૂચ, જિલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ. ચ. જા. નં. સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૩/૫૭૧ થી ૫૭૭/૦૨, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૨ થી સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો આદેશ આપવામાં આવેલ હતો. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩૦) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઈ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે. અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧-૨) ભરૂચ, લગત કચેરી શ્રીમતી બી. પી. જાદવ, ની નિમણુંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નંબર ઉખસ/સે-દુ/૩૪૮૧૨/૨૦૦૩.– આથી જાહેર કરે છે કે મ. સં. નિશાળ ફળિયા, ભેંસધરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ ભેંસધરા, તાલુકો ધરમપુર, જિલ્લો વલસાડને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૩.

નંબર ઉખસ/સે-દુ/૩૪૮૧૩/૨૦૦૩ – આથી જાહેર કરે છે કે મ. સં. પંડોર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ પંડોર, તાલુકો પારડી, જિલ્લો વલસાડને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૩.

અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

નંબર ઉખસ/સે.દુ.-૩૩૩૦૦/નધણ/સે.દુ./૧૧૧૭/૦૧/ખ/૧૧૭/ ૨૦૦૩.– આથી જાહેર કરે છે કે, કુપાજીના મુવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., સ્થળ કુપાજીના મુવાડા, પોસ્ટ : ભૂતિયા, તાલુકો કપડવંજ, જિલ્લો ખેડાને સને ૧૯૬૧નો કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદોની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીઆદ.

વંચાણે લીધા :–

(૧) શ્રી ગોરેલ સેવા સહકારી મંડળી લી. સ. મં. લી., ગોરેલ, તાલુકા બોરસદના ફડચા અદિકારીશ્રીનો તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૩નો પત્ર નં. ૫૫/૩૬૧.

(૨) ગુજરાત સહકારી મંડલીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ- ૨૦ અને ૧૧૪(૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ના જાહેનામાં ક્રમાંક જી.એચ. કે.એચ.-૨૪-૯૧ / ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જાવક નંબર ઉખસ/કજ/ફડચ/૨૩૬/૬૨/ચ.–શ્રી ગોરેલ સેવા સહકારી મંડળી લી. ગોરેલ, મું. ગોરેલ, તાલુકા બોરસદ, જિલ્લો આણંદ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ / જિ. પં.

INDEX

નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૨૬૯૧૧, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૫૯ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૧૭/૧૯૯૭, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં.૧૦ સને ૧૯૬૨)ની કલમ-૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) ઉદેલ તેલીબીયા ઉત્પા. સ. મં. લી., મુકામ ઉદેલ, તાલુકા ખંભાતને ફડચામા લઈ જવાનો વચગાળાનો હુકમ. ક્રમાંક ફડચ / ૦૧ /ચ / ૧૩૭ / ૨૦૦૩, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૩

હુકમ

જાવક નંબર ઉખસ/કજ/ફ-૧૪૯૪૨/૨૪૩/૨૦૦૩.– ઉદેલ તેલીબીયા ઉત્પા. સ. મં. લી., મુકામ ઉદેલ, તાલુકો ખંભાત, જિલ્લાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, જિલ્લા સહકારી મંડળીઓ, પંચાયત, આણંદની ઓફીસના નોંધ નંબર ૨૦૫ તારીખ ૧૯મી મે ૧૯૫૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે એ સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જી. રજી. સહ. મંડળીની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) ધી ચાંગા પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સો. લી., ચાંગા, તાલુકો પેટલાદ, જિલ્લો આણંદ બોર્ડ ઓફ ડીરેકટર્સના ૬ સભ્યોએ આપેલા રાજીનામા અંગેનો તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૩નો પત્ર.

જાવક નંબર સકક/૦૧/જ/૧૨૩/૨૦૦૩.– ધી ચાંગા પીપલ્સ કો. ઓપ. સો. લી., ચાંગા તાલુકા પેટલાદ, જિલ્લો આણંદ કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ (કે જેના કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામા આવેલ છે) હેઠળ નોંધાયેલી ક્રેડીટ સહકારી મંડળી છે. જેનો રોજ બરોજનો વહીવટ તેના માન્ય થયેલ પ્રવર્તમાન પેટા નિયમ, સહકારી કાયદા કાનુન અને નિયમોથી લાદવામાં આવેલ ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે, જેનાથી મંડળીના કર્મચારીઓ તથા કાર્યવાહકો વાકેફ હોય છે જ.

વંચાણે લીધેલ સંદર્ભ(૧) ઉપરના મંડળીના બોર્ડ ઓફ ડીરેકટર્સના ૬ સભ્યોની સહીવાળા તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૩ના પત્રમાં જણાવેલ વિગતે મંડળીના બોર્ડ ઓફ ડીરેકટર્સના સભ્યો મંડળીની જવાબદારીઓ મંડળીની નાજુક આર્થિક સ્થિતિના કારણે નિભાવી શકે તેમ ન હોઈ તથા મંડળીનો વહીવટ સંભાળી શકે તેમ ન હોઈ વધુમતિ સભ્યોએ સ્વેચ્છાએ રાજીનામાં આપેલ હોઈ મંડળીના વહીવટમાં શૂન્યાવકાશ સર્જાતા મંડળીનો વહીવટ ચલાવવા સારુ સહકારી કાયદાની કલમ-૭૪(ઘ) ની, જોગવાઈ હેઠળ કસ્ટોડીયનની નિમણૂંક કરવી જરૂરી જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ-આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૭૪(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂઈએ ધી ચાંગા પીપલ્સ કો. ઓપ. ક્રેડીટ સો. લી.,ચાંગા, તાલુકા પેટલાદ, જિલ્લો આણંદના બાર્ડ ઓફ ડીરેકટર્સ ના વધુમતિ સભ્યોએ રાજીનામાં આપતા મંડળીના વહીવટમાં શૂન્યાવકાસ સંર્જાતા મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી રમણભાઈ કનુભાઈ દરજી મુ. તા. નડીઆદ, જિલ્લો ખેડા, ની કસ્ટોડિયન તરીકે નિમણુંક કરૂ છું સદરહું નિમણુંકનો સમય કસ્ટોડિયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્યવસ્થાપક કમિટી ચૂંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે. કસ્ટોડીયનનુ મહેનતાણુ હવે પછી નક્કી કરવામા આવશે.

આણંદ, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :–

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૩ થી તારીખ ૧૩મી મે, ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહીં, કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકાશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૩ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઘ-૨૦૨૪૫/નધણ/૪૮૨૧/ક-૨/૧૦૮/૨૬૯૧/૨૦૦૩.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સીલ્વર ટાઉનશીપ II કોમર્શીયલ એન્ડ હા. કોઓપ. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨જી એપ્રિલ ૨૦૦૩.

ક્રમાંક ઘ-૨૦૨૪૬/નધણ/૪૮૨૨/ક-૨/૧૦૬/૨૬૯૦/૨૦૦૩.—આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સીલ્વર ટાઉનશીપ III કોમર્શીયલ એન્ડ હાઉસીંગ સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ - ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨જી એપ્રિલ ૨૦૦૩.

ક્રમાંક ઘ-૨૦૨૪૭/નધણ/૪૮૨૧/ક-૨/૧૨૨/૩૮૦૩/૨૦૦૩.— આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, કુસુમ કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ - ૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૪મી એપ્રિલ ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર),
અમદાવાદ.

નં. ભ-૫૪૭૦/નધણ/૩૫૯૯/ક-૩/૨૪૬/૯૦૭/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, માતંગી ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ સાથળ, તાલુકો, ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૩.

નં. સે-૩૪૭૦૫/નધણ/૩૫૯૪/૨૬૬/૧૨૨૫/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, રીડપુરા દુધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ રીડપુરા, તાલુકો ધોળકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૬મી માર્ચ, ૨૦૦૩.

નં. સે-૩૪૭૦૬/નધણ/૩૬૦૩/ક-૩/૨૭૫/૧૩૧૪/૨૦૦૩.— આથી જાહેર કરે છે કે, ન્યુ રોજકા દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ રોજકા, તાલુકો ધંધુકા, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩.

નં. ઘ-૨૦૩૨૬/નધણ/૩૬૦૬/ક-૩/૨૮૩/૧૩૧૭/૨૦૦૩.— આથી જાહેર કરે છે કે, શિલ્પ કો. ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ જગતપુર, તાલુકો દસ્ક્રોઈ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧લી એપ્રિલ, ૨૦૦૩.

નં. ભ-૫૪૭૧/નધણ/૩૬૦૪/ક-૩/૨૮૫/૧૪૨૨/૨૦૦૩.— આથી જાહેર કરે છે કે, શ્રી સિધ્ધી વિનાયક ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૪થી એપ્રિલ, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (રૂરલ),
અમદાવાદ.

નં. સા-૧૬૦૪/નધણ/૦૧/ક-૨/૨૭૬/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, મુક્તિધામ કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સોસાયટી મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જીલ્લો ભરૂચ. સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૨૪મી એપ્રિલ, ૨૦૦૩.

એચ. આર. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર સ. મં.
ભરૂચ.

INDEX

વાંચ્યો :-

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા-૧ અને ફડચાધિકારી શ્રી અંભેહી વિ. પોલ્ટ્રી ફાર્મ, સ. મં. લી. સહકારી મંડળી લિ. ફડચામાંને તા. ૩૦-૯-૨૦૦૨નો અહેવાલ.

(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૧-૫-૧૯૯૭નાં હુકમ ક્રમાંક ફડચ/સે/૨૪૬૮૨/ક-૭/૫૭૨/૧૯૯૭ ની કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી ઓડીટર સં. મં. નો તા. ૧-૭-૧૯૯૪ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક/ઉખસ-ફડચ-૦૧-ક-૪/૦૩. /જા. નં. નધણ/૦૧/ક-૪/૧૩૨/૨૦૦૩.—શ્રી અંભેહી વિ. અધિકારી પોલ્ટ્રી ફાર્મ સ. મંડળી લિ. મુ. અંભેહી તા. કપરાડા જિ. વલસાડ કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક સે-૨૪૬૮૨ તા. ૬-૨-૯૨થી નોંધવામાં આવી હતી તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયુ હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોક્ત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલ જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવામાં આવે છે. મંડળી આ આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

વલસાડ, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩.

અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

નંબર ઉખસ/સા-૩૩૮૮૮.—આથી જાહેર કરે છે કે, શ્રી નંદિની કોમ્પ્લેક્ષ કો. ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૨૪થી માર્ચ, ૨૦૦૩.

નંબર ઉખસ/સે. દુ-૩૩૮૮૯.—આથી જાહેર કરે છે કે, શ્રી મહિલાઓ સંચાલિત નિશાળ ફળિયા (ડેવારપાડા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ મર્યાદિત સ્થળ ડેવારપાડા, તાલુકો ચીખલી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૨૪થી માર્ચ, ૨૦૦૩.

નંબર ઉખસ-ઘ-૨૦૫૨૯.-આથી જાહેર કરે છે કે લોટસ કો. ઓપરેટીવ હાર્સીંગ સોસાયટી લીમીટેડ મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૩.

સુનિલકુમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણમાં લીધાઃ-

રાહતલાવ તમાકુ ઉત્પા. સ. મં. લી. મુ. રાહતલાવ તા. ઉમરેઠને ફડચામાં લઇ જવાનો વચગાળોનો હુકમ.

ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૦૦/૨૦૦૩.-તા. ૨૧-૧-૨૦૦૩.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફ-૧૪૯૪૩/૨૧/૨૯૮/૨૦૦૩.-રાહતલાવ તમાકુ ઉત્પા. સહ. મં. લી. મુકામ રાહતલાવ તાલુકો ઉમરેઠ જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. આણંદની ઓફીસના નોંધ નંબર સે-૨૦૭૫૬ તા. ૫-૩-૧૯૮૪થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજી. સં. મં. આણંદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધાઃ-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૯ (ખ)ની જોગવાઈ.

(૨) લક્ષ્મી કો. ઓ. હા. સો. લિ. બોદાલ તા. બોરસદના સભાસદોનો તા. ૨૭-૬-૨૦૦૨ નો પત્ર.

(૩) અત્રેના કાર્યાલયેથી તા. ૧૨-૬-૨૦૦૨ના રોજ મંડળીને આપેલ નોટીસ.

(૪) ઓડીટર (સી. ટી.) લગત જિલ્લા સ્પે. ઓડીટર, સં. મં. નડીયાદનો તા. ૩૦-૬-૯૮નો અહેવાલ.

જા. નં. ફડચ/૦૧/ચ/૩૧૮/૨૦૦૩.-લક્ષ્મી કો-ઓ- હાઉસીંગ સો. લી., બોદાલ, તા. બોરસદની નોંધણી નં. ખી-૭૫૦, તા. ૬-૭-૧૯૪૯થી ડેપ્યુટી રજીસ્ટ્રાર કો. ઓ. સોસાયટી, ગુજરાત રેંજ સુરત દ્વારા કરવામાં આવેલ હતી. સદર મંડળીનું તા. ૧-૭-૭૯થી ૩૦-૬-૯૭ સુધીના સમયનું ઓડીટ ઓડીટર (લીવ રીઝર્વ) લગત જીલ્લા સ્પેશ્યલ ઓડીટર, સં. મં., નડીયાદને સુપ્રત થતાં તેઓએ આમુખ નં. ૪ માં જણાવેલ તારીખના અહેવાલથી જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓને લક્ષ્મી કો. ઓપરેટીવ હા. સો. લિ., બોદાલની નોંધણી રદ કરવા અહેવાલ મોકલેલ હતો, જેમાં મંડળીના કોઇ હાદેદારો નહીં મળવાના, મંડળીને ટપાલ બજતી નહીં હોવાના તેમજ મંડળીના બેંક સાથે કોઇ વ્યવહારો નહીં હોવાના કારણે દર્શાવેલ હતા, સમગ્ર પત્ર વ્યવહાર બોરસદના સરનામે થતો હોવાથી મંડળીના અસ્તિત્વ અંગે કોઇ માહિતી મળતી ન હતી, પરંતુ મંડળીના પેટા નિયમના આધારે મંડળી બોદાલ તા. બોરસદ મુકામે નોંધાયેલી હોવાનું જણાંતા આમુખ નં. ૨માં જણાવેલ તારીખે બોદાલ મુકામે રૂબરૂમાં મંડળીના હોદ્દેદારોને નોટીસ બજાવી કેટલીક માહિતી માંગતાં મંડળીના સભાસદોએ આમુખ નં. ૨ માં જણાવેલ પત્રથી રજુઆત કર્યા પ્રમાણે તેઓ પાસે મંડળી વિશે કોઇ માહીતી નથી. મંડળીના જુના સભાસદો તમામ ગુજરી ગયેલા છે, તેમના વારસદારો હાલ મંડળીમાં વસવાટ કરે છે, પંચાયત રેકર્ડમાં પણ મંડળીના નામે જમીન છે, મંડળીનું દફતર સભાસદોએ અગાઉ જીલ્લા રજીસ્ટ્રાર, સં. મં. નડીયાદની કચેરીએ આપેલાનું અને દફતર માટે તેઓ અવાર નવાર નડીયાદ જતા હોવાનું તેમની જાણમાં છે, પરંતુ દફતર વિશે કોઇ માહિતી તેમની પાસે નથી, મંડળીએ કોઇ જગ્યાએથી લોન મેળવી નથી કે કોઇ જગ્યાએથી લોન બાકી અંગે ઉઘરાણી થતી નથી, મંડળીમાં છેલ્લે ક્યાં સુધી વ્યવહારો થયા છે, તેની તેઓને જાણ નથી, જે વિગતો ધ્યાને લઇ મંડળીની નોંધણી રદ કરવા વિનંતી કરેલ છે; આમ ઓડીટરશ્રીનો ખાસ અહેવાલ તથા હોદ્દેદારોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, આણંદને મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ હેઠળ મળેલ અધિકારની રૂએ લક્ષ્મી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. બોદાલ, તા. બોરસદની નોંધણી રદ કરૂં છું, અને આ હુકમની તારીખથી મંડળી બંધ કરવામાં આવી છે, તેમ જાહેર કરૂં છું.

આણંદ, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેના કાર્યાલય આદેશ ક્રમાંક : ધરમ/૦૧/ગ/૩૧/૦૩, તારીખ ૧૭-૧-૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૧/૨૦૦૩, તારીખ ૧૭-૨-૦૩ થી અપાયેલ કારણદર્શક નોટીસ.

(૩) મંડળીના તા. ૧૬-૧-૦૩ ના પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા રજુ કરેલ સંમતિપત્ર.

(૪) મંડળીના પ્રમુખશ્રીની તા. ૩-૩-૦૩ થી ફડચામાં લઇ જવા થયેલ રજુઆત.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૨/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી મેવડ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું મેવડ, તા. જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. તે. - ૨૬૭૧૭, તા. ૧૭-૩-૯૩ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૦ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સ. મં., મહેસાણાને સુપ્રત થતાં, તેઓના ઓડિટ મેમાની ચકાસણી કરતાં, કચેરીની ધરમ શાખા તરફથી ખાસ અહેવાલ અત્રે રજુ થતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૧/૨૦૦૩, તા. ૧૭-૨-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેના મુદ્દા નં. ૧ થી ૧૬ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેઓએ સંસ્થા સ્થગીત હોવાથી ફડચામાં લઇ જવા લેખિત રજુઆત કરેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા બે વર્ષનો ઓડિટ વર્ગ ''ડ' છે.

(૨) મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૩) મંડળીના પેટાનિયમ-૨ અન્વયે વેપાર પ્રવૃત્તિ હાથ ધરાયેલ નથી.

(૪) છેલ્લા પાંચ વર્ષની ઓડિટ નોંધમાં જણાવેલ ખામીઓ અંગે વાસ્તવિક દુરસ્તી અહેવાલ સંબંધિત ઓડિટરશ્રીને મોકલી આપેલ ન હોઇ, સહકારી કાયદાની કલમ-૮૫ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૫) છેલ્લા ૩ વર્ષથી મંડળીની વાર્ષિક સાધારણ સભા બોલાવવામાં આવતી નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૬) પેટા નિયમની જોગવાઇ મુજબ દર માસે એક વ્ય. કમીટી મીટીંગ બોલાવવી જોઇએ, જે સને ૨૦૦૦/૨૦૦૨ ના વર્ષ સુધીમાં ફકત બે બેઠકો મળેલ છે.

(૭) પેટા નિયમ-૨ ઉદ્દેશ મુજબ વ્યાપારી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવતી ન હોઇ સભાસદોને સંસ્થા તરફથી વેપાર અંગે કોઇ સંવિધા મળેલ નથી.

(૮) બેંક ઓફ બરોડામાં ચાલતા ખાતામાં બીન જરૂરી રકમ જમા રહેલ હોઇ, મંડળીના સેવિંગ્ઝ ખાતામાં ટ્રાન્સફર કરાવેલ નથી કે તેનો વેપાર પ્રવૃત્તિ માટે ઉપયોગ થયેલ નથી.

INDEX

(૯) મહેસાણા તેલીબીયાં ઉત્પાદક સહ. સંઘ., જગુદણ સાથે કોઇ વ્યાપારી પ્રવૃત્તિ મંડળી કરતી ન હોવા સંઘમાં જમા કરેલ રૂા. ૧૫૦૦/- ના શેરની વસુલાત મેળવવા કોઇ કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

(૧૦) તા. ૩૧-૩-૦૨ અંતે મંડળીમાં કુલ રૂા. ૧૧,૧૧૦/૬૫નું ચોખ્ખુ નુકશાન બોલે છે. જે સરભર કરવા વ્ય. કમીટીમાં કોઇ કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

(૧૧) મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાના સેવિંગ્ઝ ખાતામાં છેલ્લા ૩ વર્ષના નાણાંકીય વ્યવહારો અંગે પાસબુક ભરાવેલ નથી કે, દફતરે તેની નોંધ કરેલ નથી.

(૧૨) મહેસાણા તેલીબીયાં ઉત્પાદક સહ. સંઘનું મંડળીના ખાતાનું મેળવણું કરેલ નથી. સંઘ ખાતે આવતો તફાવત શોધી મેળવી જરૂરી હવાલા લઇ દૂર કરવામાં આવેલ નથી.

(૧૩) તા. ૩૧-૩-૦૨ ના સરવૈયે શેર ડીવીડન્ડ રૂા. ૧૧૮૩.૫૬ શેના લેણાં બોલે છે, જે વસુલાત મેળવવા કાર્યવાહી કરાયેલ નથી. જિલ્લા સંઘના રૂા. ૧૫૮/- બાકી લેણાં તથા શિક્ષણ ફંડ ખાતે રૂા. ૩૫૫.૫૧ શેના લેણાં બોલે છે, તેની ખાત્રી કરી વસુલાત મેળવવામાં આવેલ નથી.

(૧૪) મંડળીના સરવૈયા મુજબ ડેડસ્ટોક ઉપર પેટાનિયમ મુજબ કાચા નફામાંથી ઘસારા ફંડ કાઢેલ નથી.

(૧૫) સાધારણ સભામાં બહાલી મેળવ્યા સિવાય મંડળીના બોલતા માલસ્ટોકનું નફા-નુકશાન ખાતે માંડવાળ કરી, તેનો નિકાલ કરેલ છે. તેનો વકરો જમા લીધેલ નથી.

(૧૬) તા. ૧-૪-૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબો પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મેવડ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. મેવડ, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે. તે. ૨૬૭૧૭, તા. ૧૭-૩-૯૩ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીમાં મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨જી અપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેના કાર્યાલય આદેશ ક્રમાંક : વખર/૦૧/ગ/૭૨૬/૦૨, તારીખ ૧૬-૧૨-૦૨ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૭૧/૨૦૦૨, તારીખ ૨૩-૧૨-૦૨ થી અપાયેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૦/૨૦૦૩, તારીખ ૨૧-૧-૦૩ થી અપાયેલ સ્મૃતિપત્ર.

(૪) મંડળીની તા. ૨૮-૧-૦૩ થી રજુઆત.

(૫) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૬૦/૨૦૦૩, તારીખ ૧૧-૨-૦૩ થી પુરાવા રજુ કરવા વિષેશ તક સ્વરૂપ પત્ર.

(૬) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૩/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી જગુદણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું જગુદણ, તા. જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેના હવે પછી અહીયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. તે. - ૨૦૦૪૧, તા. ૧૯-૫-૮૩ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૦ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સ.મં., (ન. જ. ૧), મહેસાણાને સુપ્રત થતાં, તેઓના ઓડિટ અહેવાલની કચેરી તરફથી ચકાસણી થતાં, સંસ્થાને પૂર્તતા કરવા જણાવવા છતાં, પૂર્તતા ન થવાથી ફડચા કાર્યવાહી કરવા નિર્ણય લેવાતાં, સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૭૧/૦૨, તા. ૨૩-૧૨-૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેના મદ્દા નં. ૧ થી ૧૬ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૦/૨૦૦૩, તા. ૨૧-૧-૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. જેની સામે આમુખ-૪ ની વિગતે સંસ્થાએ રજુઆત કરેલ. પરંતુ કોઆ પુરાવા રજુ ન કરવાથી આમુખ-૫ ની વિગતે સંસ્થાને વાસ્તવિક પુરવા રજુ થયેલ નથી. પરંતુ યોગ્ય સમય મર્યાદામાં કોઈ પુરાવા રજુ થયેલ નથી.

આમ, ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા ચાર વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે.

(૨) મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૩) મંડળીના છેલ્લા ૪ વર્ષના ઓડિટ નોંધમાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી અહેવાલ સંબંધિત ઓડિટરશ્રીને મોકલી ન હોઇ, સહકારી કાયદાની કલમ-૮૫ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

INDEX

(૪) પેટાનિયમ ઉદ્દેશમાં જણાવેલ જોગવાઇ મુજબ મંડળીએ વેપાર પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૫) મંડળીના તા. ૩૧-૩-૦૨ ના સરવૈયા મુજબ મંડળીના સેવિંગ્ઝ ખાતામાં રૂા. ૯૧,૬૯૫.૧૬ જમાં હોવા છતાં, તે નાણાંમાંથી વેપાર પ્રવૃત્તિ હાથ ધરાયેલ નથી કે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૭૧ અન્વયે ફાજલ નાણાંનું રોકાણ કરેલ નથી.

(૬) પેટાનિયમ-૨ ઉદ્દેશોમાં જણાવ્યાનુસાર રાયડા એકત્રિકરણ કામગીરી મંડળીનો મૂળભુત ઉદ્દેશ હોવા છતાં, આ અંગે કોઇ કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

(૭) મંડળી વેપાર હાથ ધરેલ ન હોવા છતાં, ક્યા કારણોસર સરવૈયે અનામત રૂા. ૩૦૦૦/- બોલે છે, અને કયા કારણોસર ચૂકવાયેલ નથી ?

(૮) વા. સાં. સભા તા. ૩૦-૯-૯૯ના ઠરાવ નં. ૭ મુજબ રૂા. ૧૩૭૮.૧૦ નો ડેડસ્ટોક માંડવાળ કરેલ છે. જે અંગે તે સમયે મંડળીએ તેના રોજમેળ હવાલા લીધેલ નથી.

(૯) મંડળીનું ભરપાઇ થયેલ શેર ભંડોળ રૂા. ૧,૧૪,૮૫૦/- નું છે. પેટાનિયમ-૩ માં જણાવ્યા પ્રમાણે રૂા. ૧ લાખ મર્યાદા વધી ગયેલ હોય તો, જે તે સમયે ભરપાઇ થયેલ શેર ભંડોળ મર્યાદા અંગે પેટાનિયમ સુધારા મંજૂર કરાવેલ નથી.

(૧૦) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૭૪ (બી) ની જોગવાઇ અનુસાર એક નાના સિમાન્ત ખેડૂત તથા અનુ. જાતિના સભાસદનો વ્ય. કમીટીમાં સમાવેશ કરેલ નથી.

(૧૧) મંડળીના હિસાબોની માલસ્ટોક, સિલક તપાસણી અંગે મંડળીના હોદ્દેદારોએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૧૨) નફાની પેટાનિયમ મુજબ ફાળવણી કરવા તથા મંડળીના સભાસદોએ રોકેલ નાણાં અંગે કોઇ વળતર ચૂકવવા (ડિવિડન્ડ) ની કોઈ કાર્યવાહી કરાયેલ નથી.

(૧૩) હોગા કરેલ રોકાણ રૂા. ૫૧૧/- તથા મંડળી હાલ વેપાર પ્રવૃત્તિ બંધ હોવા છતાં, નેશનલ સેવિંગ્ઝ સર્ટી.માં કરેલ રોકાણ રૂા. ૮૦૦/-ની વસુલાત મેળવવા કોઇ કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

(૧૪) મહેસાણા તેલી. ઉત્પાદક સહકારી સંઘ લી., જગુદણમાં મંડળીએ કરેલ શેર રોકાણ રૂા. ૫૦૦૦/- ની વસુલાત માટે કોઇ કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૧૫) મંડળીએ સિલક તથા વીમા પેકેજ પોલીસી મેળવેલ નથી.

(૧૬) તા. ૧-૪-૨૦૦૧ થી છેવટ સુધીના હિસાબો પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં સમય મર્યાદામાં રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી જગુદણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. જગુદણ, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે. તે. ૨૦૦૪૧, તા. ૧૯-૫-૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીમાં મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨જી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેના કાર્યાલય આદેશ ક્રમાંક : વખર/૦૧/ગ/૬૮૨/૦૨, તારીખ ૧૪-૧૧-૦૨ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૧૨/૨૦૦૨, તારીખ ૧૦-૧૨-૦૨ થી અપાયેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૯૭/૨૦૦૩, તારીખ ૮-૧-૦૩ તેમજ પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ગ/૩૦૧/૨૦૦૩, ૩૦-૧-૦૩ થી અપાયેલ સ્મૃતિપત્રો.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૪/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી નદાસા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું નદાસા, તા. જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેના હવે પછી અહીયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. તે. - ૨૧૭૨૮, તા. ૨૨-૧-૮૬ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૦૦ થી તા. ૩૧-૩-૦૧ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સ.મં., (ન. જ. ૧), મહેસાણાને સુપ્રત થતાં, તેઓના ઓડિટ મેમાની ચકાસણી કરતાં, ચકાસણી કાર્યવાહીમાં સંસ્થા તરફથી પૂર્તતા રજુ ન થવાથી તમામ કાગળો ફડચા કાર્યવાહી માટે અત્રે રજુ થતાં, ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૧૨/૦૨, તા. ૧૦-૧૨-૦૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહી તા. ૬-૧-૨૦૦૩ ના પત્રથી મુદત માંગણી કરતાં, અત્રેના આમુખ-૩ ના પત્રથી મુદત મંજુર કરવામાં આવેલ હતી. છતાં, સમય મર્યાદામાં કોઇ વાસ્તવિક રજુઆત થયેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૦૧/૨૦૦૩, તા. ૩૦-૧-૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, કોઇ વાસ્તવિક આધાર સહ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા ચાર વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે.

(૨) મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૩) મંડળીના છેલ્લા ૩ વર્ષના ઓડિટ નોંધમાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી અહેવાલ સંબંધિત ઓડિટરશ્રીને મોકલી આપેલ ન હોઇ, સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૪) પેટાનિયમની જોગવાઇ અનુસાર એકપણ વ્ય. કમીટી બેઠક બોલાવેલ નથી.

(૫) પે. નિ. ૩ ઉદેશો મુજબ રાયડા પુલીંગ એકત્રિકરણ તથા સભાસદોને કૃષિ વિષયક વેપાર પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ નથી.

(૬) મંડળીના પેટાનિયમ અનુસાર વા. સા. સભા નિયત સમય મર્યાદામાં બોલાવેલ ન હોઇ, સહકારી કાયદાની કલમ-૭૭ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૭) મંડળીના દર વર્ષે ખોટનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે. વેપાર પ્રવૃત્તિ હાથ ધરાતી ન હોઇ, ખોટ વધતી જાય છે.

(૮) મંડળીના હોદ્દેદારોએ મંડળીનો વહીવટ ચલાવવામાં અંગત રસ દાખવેલ નથી.

(૯) તા. ૧-૪-૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી નદાસા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નદાસા, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે. તે. ૨૧૭૨૮, તા. ૨૨-૧-૬૮ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો) મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીમાં મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ રજી અપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધું :-

(૧) ઓડીટર ગ્રેડ. ૨ સ. મં. મહેસાણાના પત્રાંક ચલણ /૦૧/૧૪/ ૨૦૦૩, તા. ૨-૧-૨૦૦૩ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના કચેરીના પત્રાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૯૯/૨૦૦૩, તારીખ ૮-૧-૨૦૦૩ થી અપાયેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની પત્રક ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૯૬/૨૦૦૩, તારીખ ૨૯-૧-૦૩થી સ્મૃતિપત્ર.

(૪) મંડળીની તા. ૨૪-૧-૨૦૦૩ના પત્રથી પુરાવા વગરની કરેલ રજુઆત.

(૫) અત્રેની કચેરીના પત્રાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૩/૨૦૦૩, તારીખ ૧૯-૨-૦૩થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૬) મંડળીની તારીખ ૨૫-૨-૦૩ અને ૨-૩-૦૩ના પત્ર વિગતથી તારીખ ૪-૩-૨૦૦૩ની રૂબરૂ રજુઆત વિગતથી તેમજ તારીખ ૨૫-૩-૨૦૦૩ના પત્ર, દુરસ્તી, સાધારણ અલગ સ્પષ્ટતાના, કમીટી ઠરાવો, ૧૫-૧-૦૩, ૨-૩-૨૦૦૩ ના ખાસ સાધારણ સભાથી ફડચામાં ન લઈ જવા રજુઆત.

(૭) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૬/૨૦૦૩.--ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ભાગ્યોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. કડી, જી. મહેસાણા, રજીસ્ટર્ડ નંબર ઘ-૯૩૨૬ તા. ૩૦-૯-૮૧ થી નોંધાયેલ સંસ્થા છે.

ઉપરોક્ત આમુખ-(૧) માં જણાવેલ વિગતે સંસ્થાના તા. ૧-૭-૯૯થી ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયના ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ ખામીઓ આધીન અત્રે સહકારી કાયદાની કલમ-૧૦૭ની જોગવાઈ મુજબ ખાસ અહેવાલ રજુ થતાં આમુખ (૨)ની વિગતે સંસ્થાને ફડચા કાર્યવાહી સંબંધી સ્પષ્ટતાઓ અંગે કારણદર્શક નોટીસ પાઠવેલ જેની સામે કોઈ રજુઆત ન થતાં આમુખ (૩)ની ની વિગતે સંસ્થાએ સ્મૃતિપત્ર પાઠવેલ જે સ્મૃતિપત્ર બાદ આમુખ (૪)ની વિગતે સંસ્થાએ અત્રે કોઈ વાસ્તવિક પુરાવાઓ વગર સંસ્થાને ફડચામાં ન લઈ જવા રજુઆત કરેલ સંસ્થા સામે સમય મર્યાદા આપવા છતાં વાસ્તવિક પૂર્તતા રજુ ન થવાથી આમુખ (૫)ની વિગતે ફડચાનો વચગાળાનો આદેશ કરી એક માસમાં ફડચા કાર્યવાહી સંબંધી પુરાવાઓ રજુ કરવા સમય આપવામાં આવેલ ત્યારબાદ સંસ્થા તરફથી આમુખ (૬)ની વિગતે તા. ૨૫-૨-૦૩ અને તા. ૨-૩-૦૩ ના પત્ર વિગતથી અંશતઃ પુરાવાઓ રજુ કરી સંસ્થાને ફડચામાં ન લઈ જવા રજુઆત કરેલ તેમજ તા. ૪-૩-૦૩ ના રોજ મંડળી વતી રજુઆત કરવામાં આવેલ અને દફતર વિગેરેની સ્પષ્ટતા કરવા જણાવેલ ત્યારબાદ સંસ્થાએ તેના ૨૫-૩-૨૦૦૩ના સ્પષ્ટતા પત્ર, દુરસ્તીની નકલો, સાધારણ સભા કામગીરી, તથા કમીટી ઠરાવની નકલો તા. ૧૫-૧-૨૦૦૩ ની ખાસ સાધારણ સભામાં તેમજ તા. ૨-૩-૨૦૦૩ ની ખાસ સાધારણ સભામાં ફડચામાં જણાવેલ ક્ષતિઓની સ્પષ્ટતા વિગત રજુ કરી સહકારી ભાવનાઓથી તેમજ

સંસ્થામાં કોઈ લોન કે દેવું નવી દુરસ્તી, સાધારણ સભાઓની કામગીરી, વ્ય. કમીટી કામગીરીની સ્પષ્ટતા અને બાકી મકાનોની કામગીરી પૂર્ણ કરવાની ખાત્રી, વહીવટી ફાળો ઉઘરાવી ખોટ સરભર કરવાની ખાત્રી અને સભાસદોને સહકારની ભાવનાથી સંસ્થાની કામગીરીમાં રસની વિગતો રજુ કરી સંસ્થાને ફડચામાં ન લઈ જવા વિનંતી કરેલ છે.

આમ ઉપરોક્ત આમુખ, પ્રસ્તાવનાને ધ્યાનમાં લઈ સહકારી કાયદો ૧૯૬૧ની આમુખ (૭)ની વિગતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી ભાગ્યોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. તા. કડી, જી. મહેસાણા, જે સહકારી કાયદો ૧૯૬૧ની જોગવાઈ આધીન રજીસ્ટર્ડ નંબર ઘ- ૯૩૨૬ તા. ૩૦-૯-૮૧ થી નોંધાયેલ છે. તેને સહકારી કાયદાની કલમ ૧૦૭(૧) ના ખંડ ક, ગ (૨) (૪) આધીન ફડચામાં લઈ જવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૩/૨૦૦૩ તા. ૧૯-૨-૨૦૦૩ ની સામે સંસ્થાની તા. ૨૫-૨-૦૩, ૨-૩-૨૦૦૩ ની લેખીત રજુઆત સ્પષ્ટતા તા. ૪-૩-૨૦૦૩ની રૂબરૂ રજુઆત અને ૨૫-૩-૨૦૦૩ ના પત્રથી સ્પષ્ટતા તેમજ રજુ કરેલ ઓડીટ દુરસ્તીઓ સાધારણ વ્ય. કમીટી અલગ કામગીરી સને ૧૫-૧-૨૦૦૩ તેમજ ૨-૩-૨૦૦૩ની ખાસ સાધારણ સભા થી ફડચા કાર્યવાહી ક્ષતિઓની સ્પષ્ટતાના વિગતોની પૂર્તતા રજુ કરતા સહકારી કાયદાની કલમ ૧૦૭(૩)ની જોગવાઈ આધીન ફડચા કાર્યવાહીનો વચગાળાનો આદેશ ઉઠાવી લેવાનો હુકમ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨જી એપ્રિલ ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) મદદ જી. રજી. સ. મ. (જી. પં.)નો તા. ૨૯-૧૦-૦૨નો અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૧૮૬/૨૦૦૩, તારીખ ૬-૨-૨૦૦૩ ની ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેનો તા. ૨૭-૨-૦૩નો પત્ર.

(૪) સંસ્થાનો તા. ૨૪-૨-૦૩ નો રજુઆત પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૬૦૧/૨૦૦૩.--શ્રી ખીમીયાણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખીમીયાણા, તા. જી. પાટણ નોંધણી નં. ૧૧૫૬૪ તા. ૧૬-૭-૯૮થી નોંધાયેલ સહકારી મંડળી છે.

મદદ. જી. રજી. સહકારી મંડળી (જી. પં.) પાટણે સદર મંડળીની તા. ૨૮-૧૦-૦૨ના રોજ તપાસણી કરતા તેઓશ્રીના તરફથી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો અહેવાલ આમુખ - ૧ ના પત્રથી અત્રે મળતાં અત્રેના આમુખ-૨ ના પત્રથી મંડળીને કારણદર્શક નોટીસ પાઠવી તા. ૨૪-૨-૦૩ના રોજ રજુઆત કરવા જણાવેલ પરંતું મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત ન થતાં આમુખ-૩ ના પત્રથી સ્મૃતિપત્ર પાઠવતાં આમુખ-૪ થી મંડળીઓ નીચે મુજબની રજુઆત કરેલ છે.

અમારી મંડળી હાલમાં ચાલુ છે તેમજ અમોએ ચાલુ સાલે વેપાર કરી ખરીદી તથા વેચાણ કરેલ છે.

અમો મંડળીની દુરસ્તીનું સંભાળ રાખી છું

મંડળીમાં જે સભ્યો રસ દાખવતા હશે તેમને સમાવેશ કરી મંડળી પગભર કરીશું

મંડળીની કારોબારીમાં ફેરફાર કરી સારી સેવા આપી શકે તેવું કરીશું.

મંત્રીની નીમણુંક કરેલ છે પરંતું મંત્રીશ્રી સામાજીક કારણોસર જવાબદારી નિભાવી શકતા ન હતા.

ઉપરોક્ત રજુઆત તથા રજુઆત પત્ર સાથે રજુ થયેલ સાધનિકો જોતાં અત્રેની આમુખ-૨ ની કારણદર્શક નોટીસમાં જણાવેલ એકપણ મુદ્દાની વાસ્તવિક પૂર્તતા થયેલ ન હોઈ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો ફડચાનો આદેશ

શ્રી ખીમીયાણા ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લી. મુ. ખીમીયાણા, તા. જી. પાટણ નોંધણી નં. ૧૧૫૬૪ તા. ૧૬-૭-૯૮થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની ૧૦૭(૧), સી(૨) અને (૪)અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે.જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ઓડીટર સહકારી મંડળી ગ્રેડ-૧ મહેસાણાનો તા. ૧૦-૧-૦૩નો અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૧૬૧/૨૦૦૩, તારીખ ૪-૨-૨૦૦૩ ની ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેનો પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૯૨/૨૦૦૩, તા. ૨૭-૨-૦૩.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૬૪૩/૨૦૦૩.--ધી સરદાર બીજ ઉત્પાદક ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મુ. પંચાસર તા. સમી, જી. પાટણ નોંધણી નં. ૨૭૧૨૮ તા. ૯-૧-૯૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળી મહેસાણાએ સદર મંડળીનું ઓડીટ તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું હાથ ધરેલ તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ આમુખ-૧ ના પત્રથી રજુ થયેલ છે સદર અહેવાલ સંબંધ આમુખ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી જેમાં નીચે જણાવેલ મુદાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીની નોંધણી તારીખથી સ્થગિત છે.

(૨) મંડળીનો છેલ્લા છ વર્ષનો ઓડિટ વર્ગ "ક" અને 'ડ' છે.

(૩) મંડળીએ એકપણ ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.

(૪) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષની વાર્ષિક સાધારણ સભાઓ યોજી નથી.

(૫) સને ૯૮-૯૯ના વર્ષથી કારોબારી સભાની નિમણુંક કરેલ નથી.

(૬) મંડળી અર્થક્ષમ / કાર્યક્ષમ નથી.

(૭) મંડળી ચલાવવા હોદેદારોને રસ નથી.

(૮) તારીખ ૩૧-૩-૦૨ના રોજની ખોટ રૂા. ૨૧૭૫/૫૩ સરભર કરવા કોઈ પગલાં લીધાં નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતાં અગાઉ પત્ર નં. ઉખસ /ફડચ/૧૬૧/૨૦૦૩ તા. ૪-૨-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવી તા. ૧૭-૨-૦૩ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ હતું પરંતુ મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત ન થતાં આમુખ-૩ ના પત્રથી સ્મૃતિપત્ર પાઠવેલ પરંતું મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત થયેલ નથી આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઈ રસ જણાતો નથી જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

ફડચાનો વચગાળાનો આદેશ

ધી સરદાર બીજ ઉત્પાદક અને ખરીદ વેચાણ સહકારી મંડળી લી. મું. પંચાસર તા. સમી, જિ. પાટણ નોંધણી નં. ૨૭૧૨૮ તા. ૯-૧-૯૬થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૦૭ (૧), (૨) અને (૪)અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૧૯મી એપ્રિલ ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, પાટણ.

નંબર નધણ/ગ. રા. /સે./૩૩૭૪૦/૧૪૭/૨૭૫૪/૦૩.--આથી જાહેર કરે છે કે સ્પોંગ વેલી કો. ઓપ. હા. સર્વિસ સાસાયટી લી. મર્યાદિત સ્થળ. વડોદરા તાલુકો, વડોદરા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૩.

નંબર નધણ/ગ. રા. /ઉ./૧૨૧૭૩/૧૫૨/૨૭૫૫/૦૩.--આથી જાહેર કરે છે કે, શ્રી અક્ષય મજુર અને બાંધકામ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાઘોડીયા, તાલુકો વાઘોડીયા જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :- શ્રી સહકારી અધિકારી ફડચા નં-૪/બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી., વડોદરાના જાવક -નં.-ફડચ/ ૦૧/ફ-૩/૯૮/૦૩ ની તા. ૨/૪/૦૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૮૭/૩૪૪૧/૦૩.--ધી સંખેડા તાલુકા કારીગર કોન્ટ્રાકટર સહકારી મંડળી લી., મું. સંખેડા, તા. વડોદરા, જી. વડોદરાની નોંધણી ક્રમાંક ૨૪૯૧ તા. ૧૭/૧૨/૫૫ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ ફ-૧૧૦૧૩/ધ-૨/૧૩૬૨, તા. ૨૪/૧૨/૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા

INDEX

અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪- (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :- શ્રી સહકારી અધિકારી ફડચા નં-૧/ બરોડા સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેન્ક લી., વડોદરાના જાવક નં. ફડચ/ ૦૧/ફ-૧/૨૨૮/૦૩ ની તા. ૩૧/૩/૦૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૮૮/૩૪૪૦/૦૩.–ધી દંતેશ્વર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મું. દંતેશ્વર, તા. વડોદરા, જી. વડોદરાની નોંધણી ક્રમાંક ૧૭૪૪૭ તા. ૮/૫/૫૨થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાના હુકમ નંબર ફડચ/ફ-૧૧૭૮૧/ ઘ-૨/૧૮૭૭ થી ૮૪, તા. ૧૭/૧૨/૯૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪- (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખ થી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૩૧-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૮/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૮૯/૩૪૪૨/૦૩.–ધી કુરાલી જયકિસાન ગ્રૂપ કો. ઓ. કોટન સેલ સહકારી મંડળી લી., મુ. કુરાલી તા. કરજણ, જીલ્લો વડોદરા નોંધણી નં. ૧૦૯૮૮, તારીખ ૧૯/૨/૮૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭. (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી. સહકારી અધિકારી ફડચા નં. ૧ ની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૫-૨-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/ ૩૩/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/૧૩૮૦૪/ઘ-૨/૯૦/૩૪૪૩/૦૩.–ધી ડભોઈ ક્ષેત્રીય આરોગ્ય કર્મચારી ક્રેડીટ સહકારી મંડળી લી., મુ. ડભોઈ, તા. ડભોઈ, જીલ્લો વડોદરા, નોંધણી નં. ૧૦૯૯૧, તારીખ ૪/૩/૮૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી. સહકારી અધિકારી ફડચા નં. ૨ ની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૨૮-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૭/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ફ-૧૩૮૦૫/ઘ-૨/૯૧/૩૪૪૪/૦૩.–ધી મૃદંગ હાઉસીંગ સહકારી મંડળી લી., મુ. વડોદરા, તા. વડોદરા, જીલ્લો વડોદરા, નોંધણી નં. ૧૨૮૬૦, તારીખ ૧૮/૧/૮૯ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭. (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી. સહકારી અધિકારી ફડચા નં. ૪ ની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારી એ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૩૧-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૯/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ફ-૧૩૮૦૬/ઘ-૨/૯૨/૩૪૪૫/૦૩.–ધી નર્મદા ખેતી પિયત સહકારી મંડળી લી., મુ. કોઠીયા, તા. કરજણ, જીલ્લો વડોદરા, નોંધણી નં. ૩૦૪૮, તારીખ ૨૫/૨/૯૧થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭. (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી. સહકારી અધિકારી, ફડચા નં. ૧ ની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારી એ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૨૮-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૫/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ફ-૧૩૮૦૭/ઘ-૨/૯૩/૩૪૪૬/૦૩.–ધી શ્રમીક વિકાસ સંસ્થાના કર્મચારીઓની શરાફી અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. વડોદરા, તા. વડોદરા, જીલ્લો વડોદરા, નોંધણી નં. ૨૭૩૫૭, તારીખ ૧/૭/૯૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭. (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં. ૨ ની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારી એ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

દિપક દલાલ,
જીલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૮-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૩/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૩૮૦૮/૯૪/૩૪૪૭/૦૩.-ધી એસ. જી. ફાર્માસ્યુટીકલ એમ્પલોઈઝ ક્રેડીટ સહકારી મંડળી લિ. મું વડોદરા. જિલ્લો

INDEX

વડોદરા. નોંધણી નં. સે. ૨૧૫૭૩. તારીખ ૧૬-૯-૮૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૮-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૨/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૦૯/ઘ-૨/૯૬/૩૪૪૮/૦૩.-થી કનાપડા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. કનાપડા. તા. ડભોઈ જિલ્લો વડોદરા. નોંધણી ક્રમાંક ૧૭૧૮૧, તારીખ ૩૦-૪-૧૭ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ની જગ્યાએ બરોડા સેન્ટ્રલ કામધેનુ, વડોદરાની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૩૧-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૨૧/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૩૮૧૦/૯૭/૩૪૪૯/૦૩.-થી ઈંટવાડ નાના અને સીમાંત ખેડૂતોની ખેતીપિયત સહકારી મંડળી લિ. મું સાવલી. તા. સાવલી. જિલ્લો વડોદરા. નોંધણી નં. સે. ખે-૩૭૨૧. તારીખ ૨૪-૩-૯૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસ ની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૨૮-૧-૨૦૦૩ના હુકમ નં. ફડચ/૦૧/ઘ-૨/૧૩/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ-૧૩૮૧૧/૯૮/૩૪૫૦/૦૩.-થી એસ. જી. ફાર્માસ્યુટીકલ એમ્પલોઈઝ ક્રેડીટ સહકારી મંડળી લિ. મું વડોદરા. જિલ્લો વડોદરા. નોંધણી નં. સે. ૨૧૫૭૩. તારીખ ૧૬-૯-૮૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સૂચના છે.

વડોદરા, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :–

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/૧૫/૨૦૦૩, તા. ૨૮-૧-૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/૦૧/ધ/૨૪થી૩૦/૨૦૦૩.-ધી સોંઢાલીયા દુધ ઉત્પાદક સ.મં.લી. સોંઢાલીયા, તા. નાંદોદ, જી. નર્મદાનો નોંધણી નંબર સે. ૧૪૪૯૪, તા. ૨૬-૯-૧૯૭૮ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-(૧) (ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ : ૧માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જવા સદર હુકમ સામે વાંધા - સુચનોની રજુઆત કરવા માટે અત્રેથી એક માસની તક આપવામાં આવવાં છતાં તેમજ આ અગાઉ પ્રથમ રૂબરૂ રજુઆત કરવાથી તક આપવામાં આવવા છતાં મંડળી તરફથી તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય આમુખ-૨માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ક-શાખા)ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

૧. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી આ હુકમથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

૨. ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી, સરકારી લોન-વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવાની રહેશે.

રાજપીપલા, તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/૧૬/૨૦૦ તા. ૨૮-૧-૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭(૩)ની જોગવાઈ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/૦૧/ધ/૩૧થી૩૭/૨૦૦૩.-ધી અકુવાડા દુધ ઉત્પાદ સ.મં.લી. અકુવાડા તા. નાંદોદ, જી. નર્મદા, નો નોંધણી નંબર સે. ૩૬૬૮ તા. ૨૧-૫-૧૯૮૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે. જે ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭-(૧ (ક)(ગ)(૨)(૪) અન્વયે આમુખ : ૧માં જણાવેલ પ્રાથમિક હુકમથ ફડચામાં લઈ જવા સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવ માટે અત્રેથી એક માસની તક આપવામાં આવવાં છતાં તેમજ અ અગાઉ પ્રથમ રૂબરૂ રજુઆત કરવાથી તક આપવામાં આવવા છત મંડળી તરફથી તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય આમુખ-૨માં જણાવેલ કલમ-૧૦૭(૩) અન્વયે સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ક-શાખા)ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

૧. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી આ હુકમથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

૨. ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી, સરકારી લોન-વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવાની રહેશે.

રાજપીપલા, તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) આ કાર્યાલયને તા. ૬-૧-૨૦૦૩નો ક્રમાંક ફડચાનો વચગાળાનો ફડચાનો હુકમ. ફડચ/૦૧/ચ/૧/૨૦૦૩.

(૨) મંડળીની ફડચામાં લઈ જવાની રજુઆત/દરખાસ્ત.

અંતિમ હુકમ

ફડચા નં. ૧૩૯૮૪/ફડચ/૦૧/ચ/૧૨/૨૦૦૩.-ધી રાજુવાડીયા વિભાગ મજુર કામદાર સહકારી મંડળી લી. મુ. રાજુવાડીયા, તા. નાંદોદ, જે તારીખ ૧૫-૧૦-૧૯૮૨ના નોંધણી ક્રમાંક ઉ. ૮૪૧૩થી નોંધવામાં આવી હતી તે મંડળીને વચગાળાનો આદેશ અત્રેથી કચેરીના ઉપરોક્ત ક્રમાંક તથા તારીખથી કરેલ છે. ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ સદરહું વચગાળાના આદેશ સામે આદેશની તારીખથી એક માસમાં મંડળીને વાંધા તથા સુચનો રજુઆત કરવાની તક આપવામાં આવી હતી. મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવી નથી. સબબ સદરહું અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે વચગાળાનો સદર આદેશ કાયમ કરવામાં આવે છે.

અને મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી એમ. એસ. વસાવા સ. અ.ની નિમણુંક કાયમ રાખવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પુરી કરવી.

રાજપીપલા, તારીખ ૨૮મી માર્ચ ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) ફડચા અંગેનો અંતિમ આદેશ નં. ફડચ/૦૧/ઘ/૯૪/૦૨, તા. ૨૨-૫-૨૦૦૨.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૩)ની જોગવાઈ.

(૩) ધી ભરૂચ ડી. એ. કો. ઓ. બેંક લી. ભરૂચનો પત્ર નં. લોન / ૨૧૬૦૧, તા. ૨૪-૩-૨૦૦૩નો પત્ર.

સુધારા હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ઘ/૩૮થી૪૪/૨૦૦૩.-ધી ગરૂડેશ્વર વિભાગ કૃષિ ઉદ્યોગ સેવા સ. મં. લી. ઝરિયા તા. નાંદોદ, જિ. નર્મદાને આમુખ (૧)માં વંચાણે લીધેલ અંતિમ આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેના ફડચા અધિકારી તરીકે શ્રી એમ. એસ. વસાવા, સહકારી અધિકારી લગત કાર્યાલયની નિમણુંક કરેલ. આમુખ (૩)થી વંચાણે લીધેલ પત્રમાં જણાવ્યાનુસાર ધી ભરૂચ ડી. એ. કો. ઓ. બેંક લી. ભરૂચે ફડચા અધિકારી તરીકે વસુલાતની કામગીરીમાં સરળતા રહે તે હેતુથી સદર બેંકની નિમણુંક કરવા જણાવેલ છે જેથી આમુખ (૧)માં જણવેલ અંતિમ આદેશમાં અંશતઃ ફેરફાર કરીને મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ભરૂચ ડી. એ. કો. ઓ. બેંક લી. ભરૂચની નિમણુંક કરવામાં આવે છે.

રાજપીપલા, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩.

નં. નધણ/૦૧/ખ-૧/૧૨૬/સે./દુ./૩૧૭૬૯/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, ધી ગુરૂકૃપા મહિલા દુધ ઉત્પાદન સ. મં. લી. મર્યાદિત સ્થળ : અકુવાડા, તાલુકો : નાંદોદ, જિ. નર્મદા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩.

નં. નધણ/૦૧/ખ-૧/૧૨૮/સે./દુ./૩૧૭૭૦/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, ધી સોંઢલીયા મહિલા દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ : સોંઢલીયા, તાલુકો : નાંદોદ, જિ. નર્મદા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
નર્મદા.

નં. નધણ/૦૧/ક/૧૦૭૯/સે./દુ./૩૩૫૩૫/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, ધી પીપલીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ: પીપલીયા, તાલુકો : તલોદ, જિલ્લો : સાબરકાંઠા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૨મી માર્ચ ૨૦૦૩.

નં. નધણ/૦૧/ક/૧૦૯૩/સે./દુ./૩૩૫૩૬/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, ધી નિકોડા કંપા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ: નિકોડાકપા, તાલુકો : હિંમતનગર, જિલ્લો : સાબરકાંઠા, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૧૯૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના તા. ૧૬-૧-૧૯૯૩ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૮૩/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૬૧૬/૦૧/ગ/૭૯૨/૨૦૦૩.-ધી રેવાસ ગ્રૃપ તેલબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. રેવાસ, તા. ઈડર, જિ. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક સે. નં. ૨૩૬૫૭, તા. ૮-૩-૧૯૮૦થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. મંડળીએ પેટા કાયદાના ઉદેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. સદર બાબતે અત્રેની કચેરીએથી તારીખ ૪-૧-૨૦૦૨ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૫૧/૨૦૦૨થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૫-૧-૨૦૦૨ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદેદારો હાજર ન રહેતા ફરીથી મંડળીના કાર્યવાહકોને અનુક્રમે તા. ૧૮-૨-૨૦૦૨ તથા તા. ૩૦-૩-૨૦૦૨ના રોજ રૂબરૂ હાજર રહી રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. પરંતુ મંડળીના હોદેદારો હાજર રહેલા નથી. ન્યાયના હિતમાં મંડળીના કાર્યવાહકોનો તારીખ ૨-૯-૨૦૦૨ના રોજ રૂબરૂ હાજર રહી રજુઆત કરવા તક આપેલ હતી. સદર મુદતે મંડળીના ઈન્ચાર્જ સેક્રેટરીશ્રીએ હાજર રહી જણાવેલ કે, મંડળી છેલ્લા અઢી વર્ષથી સ્થગિત અવસ્થામાં છે. કોઈ જાતની કામગીરી કરતી નથી. છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ ફી બાકી છે. મંડળી પાસે કોઈ ભંડોળ નથી. મંડળીમાં છેલ્લાં વર્ષોમાં ખોટ પણ મોટા પ્રમાણમાં થયેલ છે. આમ આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તા. ૧૬-૧-૨૦૦૩ના આદેશથી મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશ કરેલ. તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક

રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત કરવા તા. ૧૭-૨-૨૦૦૩ના રોજની મુદત આપેલ. પરંતુ આપેલ મુદતે મંડળીના હોદ્દેદારો તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ નીચેના કારણોસર-

(૧) મંડળી છેલ્લા બે વર્ષથી પેટા નિયમોની જોગવાઈ અનુસાર દીવેલ, તેલીબીયાંની ખરીદી કે વેચાણની પ્રવૃત્તિ કરેલાનું જણાતું નથી.

(૨) સહકારી કાયદાની કલમ-૧૦૭(૧) (ગ) અન્વયે જે મંડળી કાર્યરત ન હોય તેને ફડચામાં લઈ જવાની જોવાઈ છે. મંડળી હાલમાં કાર્યરત નથી અને સ્થગિત અવસ્થામાં છે.

જેથી મંડળીને ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હુ, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત સત્તા અને અધિકારની રૂએ ધી રેવાસ ગૃપ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ., મુ. રેવાસ, તા. ઈડર, જિલ્લો : સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરી/બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જે, તા. ૩૦-૩-૧૯૯૧.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૩) મંડળીને ફડચામાં લઇ જવા અંગેના તા. ૨૭-૧-૨૦૦૩નો સંમતિપત્ર.

પ્રસ્તાવના

નં. ફડચ/ફ/૧૩૬૧૭/૦૧/ગ/૭૯૩/૨૦૦૩.-ધી પાણપુર રેતી, કંકણ કામદાર સેવા સહકારી મંડળી લિ., પાણપુર, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : ઉ. ૩૭૧૧, તા. ૫-૧૦-૭૨થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર સંસ્થાની આર્થિક તેમજ વહીવટી પરિસ્થિતિ કથળી જતાં ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (પ્રમાણીત) હિંમતનગર દ્વારા મંડળીને ફડચામાં લઇ જવા અહેવાલ કરેલ છે. સદર બાબતે અત્રેની કચેરીએથી તારીખ ૭-૧૨-૨૦૦૨ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૩૪૨૬/૨૦૦૨થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદેદારોને કારણ દર્શક નોટીસ આપી તા. ૬-૧-૨૦૦૩ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. સદર મુદતે મંડળીના જવાબદાર કાર્યવાહકો હાજર રહેલ નથી તેમજ કોઇ લેખિત/મૌખિક રજુઆત પણ કરવામાં આવેલ નથી. જેથી અત્રેથી કુદરતી ન્યાયના હિતમાં ફેર રજુઆત કરવા સારૂ તારીખ ૯-૧-૨૦૦૩ના પત્રથી તા. ૨૭-૧-૦૩ના રોજની સુનાવણી આપવામાં આવેલ. જે મુદતે મંડળીના મંત્રીશ્રી હાજર રહી લેખિતમાં નિવેદન આપેલ છે કે, સદર મંડળી હાલ કોઇ કામગીરી કરતી નથી તેમજ માન. કલેકટરશ્રી, સાબરકાંઠાએ પણ મંડળીની લીઝ રદ કરેલ છે. તેથી મંડળી પાસે હાલ કોઇ કામગીરી રહેતી નથી. જેથી મંડળીને ફડચામાં લઇ જવા વિનંતી કરેલ. અને આમુખ-૩થી વંચાણે લીધેલ પત્રથી મંડળીને ફડચામાં લઇ જવા સંમતિ આપેલ છે. જેથી મંડળીને ફડચામાં લઇ જવા અંગેના નીચેના મુજબ અંતિમ આદેશ કરૂં છું.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સાબરકાંઠા, હિંમતનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી પાણપુર પથ્થર રેતી, કંકણ કામદાર સેવા સહકારી મંડળી લિ., પાણપુર તા. હિંમતનગર, જિલ્લો : સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧)થી મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) લગત કચેરીની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ ચાર્જ સંભાળ્યા તારીખથી ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૪થી એપ્રિલ ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧).

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૧૯૯૧.

(૩) મેનેજીંગ ડિરેકટરશ્રી, ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., હિંમતનગરના તા. ૨૯-૮-૦૨નો પત્ર.

આલોચના

જા. નં. ૧૪૮/૦૧/ગ/૮૦૮/૨૦૦૩.-ધી ખેડબ્રહ્મા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ. સોસાયટી લિ., મુ. ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા સને ૧૯૬૧ના સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો નોંધણી નંબર ૨૦૯૭૩, તા. ૩૦-૧૧-૮૭ છે. સદર સંસ્થાનું ધી સાબરકાંઠા બેંકના ખેડબ્રહ્મા શાખાના સુપરવાઇઝરશ્રી દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે. સંસ્થામાં વહીવટી ગેરરીતી જણાઇ આવતાં સંસ્થામાંથી વ્ય. કમીટીને દુર કરી વહીવટદારની નિમણૂંક કરવા અંગે દરખાસ્ત કરેલ હતી. દરમ્યાનમાં સદર સંસ્થાનું સને ૨૦૦૧-૦૨ના વર્ષનું ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨, સ.મં. ખેડબ્રહ્મા દ્વારા કરવામાં આવેલ

INDEX

હતું. સંસ્થાની આર્થિક તથા વસુલાતની સ્થિતિ નબળી પડતી હોઇ ઓડીટરશ્રીએ મંડળીમાંથી વ્ય. કમીટી દુર કરી વહીવટદારની નિમણૂંક કરવા દરખાસ્ત કરેલ હતી.

આ સંસ્થા દ્વારા છેલ્લા કેટલાક સમયથી સહકારી પ્રવૃત્તિના મૂળભુત ઉદેશો જોખમાય તેવી પ્રવૃત્તિ હાથ ધરાઇ હોવાનું જણાતાં અને વ્ય. કમીટી અધિનિયમો/નિયમો અને પેટા કાયદાથી નિશ્ચિત થયેલ ફરજો બજાવવામાં વારંવાર કસૂરવાર રહી છે., બેદરકાર રહી છે. અથવા મંડળીના સભ્યોના હીતને બાધ આવે તેવું કાર્ય કરી રહી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતાં મંડળીના હોદ્દેદારોને વ્ય. કમીટી સભ્યોને નીચેના મુદ્દાઓ પરત્વે કારણદર્શક નોટીસ આપી સુનાવણી તા. ૬-૩-૦૩ના રોજ રાખવામાં આવેલ હતી.

(૧) મંડળીમાં કર્જ લેતા તમામ ૭૪ સભ્યો મુદતવીતી બાકદાર છે. આ સભ્યોને કરેલ ધિરાણ વસુલ લેવા વ્ય. કમીટીએ કોઇ કાર્યવાહી કરેલ નથી. નિયમોની નિયમ-૩૪ થી વ્ય. કમીટીની ફરજો નકકી કરવામાં આવેલ છે જે મુજબ લોનની વસુલાતની દેખરેખ રાખવાની અને લોન અને ધીરાણની પુનઃચકાસણીમાં ચઢત રકમો અને કસુરોના તમામ કેસમાં ચકાસણી કરીને તાત્કાલીક પગલાં લેવાની ફરજ વ્ય. કમીટીની છે. પરંતુ વ્ય. કમીટી પોતાની ફરજ બજાવવામાં બેદરકાર રહેલ છે અને આ નિયમોની પેટા કલમો - (X) અને (XI) નો ભંગ કરેલ છે.

(૨) મંડળીના મંજુર થયેલ પેટા નિયમ-૨૫(૧૦) મુજબ મુદતવીતી બાકીદાર સભાસદ વ્ય. કમીટી સભ્ય તરીકે રહેવાપાત્ર નથી. પરંતુ મંડળીમાં વ્ય. કમીટીના ૧૧ સભ્યો પૈકી ૯ વ્ય. કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. આમ વ્ય. કમીટીએ પેટા નિયમ-૨૫ (૧૦)નો ભંગ કરેલ છે.

(૩) મંડળીના મંજુર થયેલ પેટા નિયમ-૨૬(૧૦)મુજબ મંડળીના હીસાબો નિયમિત લખાય છે કે કેમ તથા નિયમોના નિયમ-૩૪ (II) મુજબ મળેલ નાણાં તથા ખર્ચેલ નાણાંની હિસાબો રાખવાની અને અસ્કયામતો અને જમા ઉધારના હીસાબો રાખવાની ફરજ વ્ય. કમીટીની છે. પરંતુ મંડળીના હીસાબો નિયમિત લખવામાં આવતા નથી. આમ વ્ય.કમીટીએ પેટા નિયમ-૨૬(૧૦) તથા નિયમોના નિયમ-૩૪ (II)નો ભંગ કરેલ છે

(૪) મંડળીના મંજુર થયેલ પેટા નિયમ-૨૬(૪) મુજબ દર ત્રણ માસે કાચા માલ અને તૈયાર માલની ગણતરી કરવાની ફરજ વ્ય. કમીટીની છે. પરંતુ મંડળીના દુકાન વિભાગમાં સ્ટોકમાં ઘણી અનિયમિતતા છે.અને હાજર માલ સ્ટોક ગણત્રી કરી શકાય તે સ્થિતિમાં નથી. આમ પેટા નિયમ-૨૬(૪)નું પાલન કરેલ જણાતું નથી.

(૫) મંડળીના વેપારીઓ પાસે લ્હેણી રકમો પૈકી રૂા. ૪,૫૫,૦૦૦/ જેટલું લ્હેણું બીન સલામત છે. છતાં મંડળીએ આ રકમ વસુલ કરવા કોઇ કાર્યવાહી કરેલ નથી. મંડળીના તા. ૨૯-૬-૨૦૦૧ની સાધારણ સભા દ્વારા સભાસદને ધીરેલ ધીરાણ તથા માલરૂપનાં નાણાં વસુલ કરવાની સત્તા વ્ય. કમીટીને સુપ્રત કરવામાં આવેલ. છતાં વ્ય. કમીટીએ કોઇ કાર્યવાહી કરી નથી. આમ વ્ય. કમીટી સભ્યોએ સામાન્ય સભા દ્વારા સોંપવામાં આવેલ ફરજો બજાવવામાં કસુર કરેલ છે. અને તે રીતે નિયમોના નિયમ-૩૪ (X)(XI)(XII) મુજબ પાલન કરેલ નથી.

(૬). મંડળીને બેંક પાસેથી સાદી રોકડ તથા બીનખેતી વિષયક રોકડ ધીરાણ લીધેલ છે. જે તમામ મુદતવીતી બાકી થયેલ છે. તથા મંડળીની એકત્રીત ખોટ રૂા. ૬.૪૬ લાખ છે જે વધતી જાય છે. છતાં આ ખોટ ઘટાડવા વ્ય. કમીટી સભ્યોએ કોઇ પ્રયત્ન કરેલ નથી.

સુનાવણી આપેલ તા. ૬-૩-૦૩ મુદતે સંસ્થાના વ્ય. કમીટી સભ્યો પૈકી ૫ સભ્યોએ હાજર રહી સંસ્થામાં વહીવટદારની નિમણૂંક કરવાની લેખિતમાં સંમતિ આપેલ છે. અને બાકીના સભ્યો હાજર રહેલ નથી. કે મુદતની માગણી કરેલ નથી. આમ સંસ્થાનો વહીવટ કાયદા, કાનૂન અને પેટા નિયમોનુસાર ચાલે તથા સહકારી પ્રવૃત્તિના અને સભાસદોના બહોળા હીતને લક્ષમાં રાખી સંસ્થાની વ્ય.કમીટીને દુર કરી અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧(૧) ની જોગવાઇઓને ધ્યાનમાં લઇ વહીવટદારની નિમણૂંક અંગે નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા મને મળેલ સત્તાની રૂએ ધી ખેડબ્રહ્મા રોડ ટ્રાન્સપોર્ટ કો. ઓ. સોસાયટી લિ., મું. ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠાની વ્યવસ્થાપક કમીટીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) હેઠળ દૂર કરી વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., હિંમતનગરની નીચેની શરતોને આધીન રહીને આથી નિમણૂંક કરૂં છું.

(૧) વહીવટદારની મુદત હુકમની તારીખથી બે વર્ષ માટે રહેશે.

(૨) વહીવટદારએ અત્રેના નિયંત્રણમાં રહી પૂર્વ મંજુરી મેળવી નાણાકીય ખર્ચ કરવાનો રહેશે.

(૩) દર માસ કામગીરીનો પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

(૪) અત્રેની મંજુરી સિવાય કર્મચારીની નિમણૂંક, પગાર વધારો તથા અન્ય લાભ આપી શકાશે નહીં.

(૫) વહીવટદારને સદર મંડળીના કામકાજના મહેનતાણા પેટે રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પુરા મંડળીમાં ખર્ચ પાડી ચુકવવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૭મી એપ્રિલ ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. સહકાર/નધણ/એસ.આર. નં. ૩/નર્મદા/પિયત/૩૫૨૩/૦૩.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, ગાંધીનગર આથી જાહેર કરે છે કે મોરાલી નર્મદા સિંચાઇ સહકારી મંડળી લીમીટેડ સ્થળ મોરાલી, તાલુકો દહેગામ, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૩.

INDEX

નં. સહકાર/નધણ/એસ.આર. નં. ૭/નર્મદા/પિયત/૩૫૨૪/૦૩.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, ગાંધીનગર આથી જાહેર કરે છે કે કરોલી નર્મદા સિંચાઈ સહકારી મંડળી લીમીટેડ સ્થળ કરોલી, તાલુકો દહેગામ, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૩.

નં. સહકાર/નધણ/એસ.આર. નં. ૪/ઔદ્યોગિક/૧૦૬૫૮/૦૩.- મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત, ગાંધીનગર આથી જાહેર કરે છે કે ધી રત્નેશ્વર મહિલા ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ સ્થળ રતનપુર, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૩.

નં. સહકાર/નધણ/એસ.આર. નં. ૫/ઔદ્યોગિક/૧૦૬૫૯/૦૩.- આથી જાહેર કરે છે કે સંતોષ ઉની ગાલીચા વણાટ સહકારી મંડળી લીમીટેડ સ્થળ જલુંદ, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૩.

નં. સહકાર/નધણ/એસ.આર. નં. ૬/સેવા/૨૯૩૭૦/૦૩.-આથી જાહેર કરે છે કે લીંબડીયા-કરાઈ ગ્રુપ સેવા સહકારી મંડળી લીમીટેડ સ્થળ લીંબડીયા, તાલુકો ગાંધીનગર, જીલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૨૮મી માર્ચ, ૨૦૦૩.

જી. આર. રાઠોડ,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, ગાંધીનગર.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/ખે/૫૫૨૪/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી ખેડબ્રહ્મા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ખેડબ્રહ્મા, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ-૨૪૧ થી ૨૫૪/ખે/૫૫૨૫/૨૦૦૩.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી તોરણ ફળ અને શાકભાજી સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ કઠવાડા, તાલુકો તલોદ, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ-૨૬૭ થી ૨૮૦/ખે/૫૫૨૬/૨૦૦૩.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી સહભાગી વન વ્યવસ્થા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ પીપળીયા, તાલુકો ખેડબ્રહ્મા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વશી-૪૩૮ થી ૪૪૮/ખે/૫૫૨૭/૨૦૦૩.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી ઈન્દ્રાસી મહિલા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મ.ઉ. છાપરાં, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વશી-૪૬૮ થી ૪૭૮/ખે/૫૫૨૯/૨૦૦૩.– સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી હિંમતપુર માઈનોર ગ્રુપ સહભાગી પિયત સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ચાંપલાનાર, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/ઉ/૬૪૦૩/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી સર્વોદય ગાલીચા અને સુતરવણાટ ઔદ્યોગિક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મેરાવાડા, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

INDEX

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/ઉ/૬૪૦૪/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી એકલવ્ય ઉની ગાલીચા અને સુતરવણાટ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ખરોલ, તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ/ઉ/૬૪૦૫/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી ઉની ગાલીચા વણાટ ઉત્પાદન સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મોટા કોટડા, તાલુકો ઈડર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ-૧૫૫ થી ૧૬૮/ઉ/૬૪૦૭/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી મહાકાલી આદિ. મરઘાં ઉછેર વિવિધ સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ રીંટોડા, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વશી-૧૪૧ થી ૧૫૪/સે/૩૪૯૪૫/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી ઉમિયાનગર ગામની સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ વડાલી, તાલુકો વડાલી, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ-૧૯૭ થી ૨૧૦/સે/૩૪૯૪૬/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી વિરેશ્વર ગ્રુપ સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ વિરેશ્વર, તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ-૩૩૨ થી ૩૪૫/સે/૩૫૧૮૦/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી શામળાજી ગ્રુપ સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ શામળાજી, તાલુકો ભીલોડા, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ-૩૧૯ થી ૩૩૨/સે/૩૫૧૮૧/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી અમરદીપ વિદ્યાલય ચિતરીયા કર્મચારી હિરસણ અને ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ચિતરીયા, તાલુકો વિજયનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/૨૮૦ થી ૨૯૩/સે/૩૫૧૮૨/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી વરતોલ કંપા ગ્રુપ સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ વરતોલ કંપા, તાલુકો વડાલી, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સે/૩૫૧૮૩/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી મોટી ડેમાઈ ગામની સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ મોટી ડેમાઈ, તાલુકો હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક સે/૩૫૧૮૪/૨૦૦૩.–સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી ડચકા ગ્રુપ સેવા સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ડચકા, તાલુકો મેઘરજ, જિલ્લો સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સા.કાં.જિ.પં., હિંમતનગર.

INDEX

મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

ક્રમાંક જીઉકે/નડદ/ખ-૧/૪૯૮૯/૨૦૦૩.–નોંધણી ક્રમાંક ઉ/૫૭૩૪, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩ મેનેજર (ખાદી) અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીઆદ આથી નીચે મુજબ જાહેર કરૂં છું કે, સુચિતશ્રી હરસિદ્ધી હસ્તકલા ઔદ્યોગિક ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી લી. નડીઆદ, તા. નડીઆદ, જી. ખેડા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ (નવ) ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩.

એ. જે. જોષી,
મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ
(ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
નડીઆદ.

જાહેરનામું

ક્રમાંક જિ. ઉ. કે. સુ./નધણ/૨૬/ઉ-૫૭૭૮/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે, શિવ ઈન્ડસ્ટ્રીયલ કો. ઓપ. સર્વિસ સો. લી., મર્યાદિત સ્થળ પાંડેસરા, તાલુકો ચોર્યાસી, જિ. સુરત સને ૧૯૬૧નોગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૩.

એચ. એચ. વાઢેર,
મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ
(ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY MAY 22, 2003 / JYAISTHA 1, 1925 [No. 21

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	401-420	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	305-312
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	21	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	8087-8207

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૭ ની પેટા કલમ-૧ હેઠળનું.

ક્રમાંક : ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામુ/૧૮/૨૦૦૩.-સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરુરી જણાતુ હોવાથી વાસ્તે હું, વિનીતકુમાર ગુપ્તા, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ માંની પેટા કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૪થી જુન, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારિરીક ઈજા

પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજ વસ્તુઓ લઇ જવાની.

(બ) કોઇપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઇ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠાં કરવાની.

(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેનાં શબો અથવા અથવા આકૃતીઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાની, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :- સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીના અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીએ જેને અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને.

આ જાહેરનામાંનો કોઇપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૫મી મે, ૨૦૦૩નાં રોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/ફા.પ્રે/વશી/૧૨૩૫૫/૨૦૦૩.-સને-૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૪) મુજબ જાહેરનામાં સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૨જી મે, ૨૦૦૩ થી તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩ સુધી દિન-૯૨ સુધી ઉમરા બટ ખાતે ૬ (છ) ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી. સુરત નાઓ ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને-૧૯૫૧ ની મુંબઇ અધિનિયમની કલમ-૩૭ (૪) પ્રતિબંધી હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી છે.

આથી હું, અધિક પોલીસ કમિશનરશ્રી, (વહીવટ) સુરત શહેર હુકમ નં. એમ.સી.બી.-૧ ૧૯૮૮/૨૯૦૬૫ તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૮૮ મુજબ સને-૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૪) મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, સુરત જીલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર ૨જી મે, ૨૦૦૩ થી તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩ દિન-૯૨ સુધી ૬ (છ) ગર્લ્સ બટાલીયન એન.સી.સી. સુરત નાઓએ ૨૨ રાયફલ્સનું ફાયરીંગ રાખેલ હોવાથી આજુબાજુનાં રહીશો તથા બહારના કોઇપણ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોકત તારીખો દરમ્યાન સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના કલાક ૧૬-૦૦ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહી તેમજ તે હદમાં આવેલ તાપી નદીનાં વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહી.

આ હુકમનો ભંગ કરનાર ઇસમો ઇ.પી. કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૩ ના મારા સહી સિકકા કરી આપેલ છે.

મીરા રામનિવાસ
અધિક પોલીસ કમિશનર,
(વહીવટ) સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read :- 1. High Court of Gujarat, Ahmedabad, Letter No. 2105/74, dated 18-12-1984.

2. Government of Gujarat, G.A.D. Circular No. JSR/102003/1174/GH, dated 17-03-2003.

NOTIFICATION

No. Adm/2/183/2003.-As per the oral instruction of the Hon'ble High Court, the Distrcit and Sessions Judge,

INDEX

Navsari, is pleased to declare Tuesday, March, 18, 2003, as a public holiday, for the district and Sessions Court, Navsari, and all the Courts subordinate to it in the Judicial District of Navsari, and their offices, and in lieu thereof 4th Saturday, March 22, 2003, will be a working Saturday for the District & Sessions Court, Navsari, and all the Courts subordinate to it in the Judical District of Navsari,

Navsari, dated 18th March, 2003.

R.P. Dholaria
District Judge,
Navsari.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :-૧. ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ નો પત્ર નં. સી.૨૧૦૫/૭૪, તારીખ ૧૮-૧૨-૧૯૮૪.

૨. ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર નંબર જસર-૧૦૨૦૦૩-૧૧૭૪-ઘ, તા. ૧૭-૦૩-૨૦૦૩.

જાહેરનામું

નંબર વહીવટી/૨/૧૮૩/૨૦૦૩.- નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદની મૌખિક સુચનાનુસાર ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ, નવસારીના જાહેર કરે છે કે, નવસારી જિલ્લાની ન્યાયિક હકુમત ની ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજની અદાલત તથા તેના તાબા હેઠળની તમામ અદાલતો તથા તેમની કચેરીઓમાં તારીખ ૧૮મી માર્ચ સને ૨૦૦૩ ને મંગળવારના રોજ જાહેર રજા રહેશે. અને તેને બદલે નવસારી જિલ્લાની ન્યાયિક હકુમત ની ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજની અદાલત તથા તેના તાબા હેઠળની તમામ અદાલતો તથા તેમની કચેરીઓ, ચોથો શનિવાર તારીખ ૨૨મી માર્ચ, ૨૦૦૩ ના રોજ કામકાજ કરશે.

નવસારી, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૩.

આર. પી. ઢોલરિયા
ડિસ્ટ્રીકટ જજ,
નવસારી.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનું.

ક્રમાંક : એમએજી-પીઓએલ-વશી-૨૦૨૭.- ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી તથા ઝઘડીયા નોટીફાઇડ એરીયામાં જીઆઇડીસી આવેલ છે. આ જીઆઇડીસીમાં આવેલ કેટલીક કંપનીઓ ધ્વારા રાત્રીના સમયે ટેન્કરો ધ્વારા રાસાયણીક કચરો વિવિધ સ્થળે ગેરકાયદેસર રીતે ખાલી કરવામાં આવે છે તે મતલબની વ્યાપક રૂપમાં લોકો દ્વારા તથા ઇન્ડસ્ટ્રીયલ એસોશીએશન મારફતે પણ ફરિયાદો મળેલ છે. આ ગેરકાયદેસરની રાત્રીના સમયે રસાયણીક કચરાના ટેન્કરોની હેરાફેરીથી લોકોની જાન તથા સ્વાસ્થ્યની સામે ભય ઉભો થયેલ છે. અને કયારેક મોટી હોનારત થવા પણ દહેશત રહેલ છે. જેથી રાત્રીના સમયે અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા જીઆઇડીસીના વિવિધ કંપનીઓમાંથી રસાયણીક કચરો ટેન્કર, ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો, ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઇ જતાં વાહનો ધ્વારા વહન કરવા અને ખાલી કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તુ હું, અંજુ શર્મા, આઇ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રુએ ફરમાવું છું કે, હુકમની તારીખ થી બે માસ માટે રાત્રીના ૭-૦૦ કલાકથી બીજા દિવસે સવારના ૮-૦૦ કલાક સુધી અંકલેશ્વર, પાનોલી તથા ઝઘડીયા ઔદ્યોગિક સંકુલમાંથી રસાયણીક ભરેલ ખાલી કે અન્ય વસ્તુ ભરેલ ટેન્કરો, ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઇ જતાં કોઇપણ પ્રકારના વાહનોને હરવા ફરવા પર લાવવા લઇ જવા ઉપર તથા અન્ય કોઇપણ ખાનગી અગર જાહેર સ્થળે ઠાલવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ આદેશ ફકત કોમન એન્ફલ્યુમેન્ટ પ્લાન્ટ (ઓનવીરો, ટેકનોલોજી લી.ના ટેન્કરોને તથા બરબના ટ્રેકટરને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

અંજુ શર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૨૪/ક-૨/૧૫/૩૯૦૯/ઘ-૨૦૨૪૮ સને, ૨૦૦૩.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કેશવબાગ (નરોડા) કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જીલ્લો, અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૮મી એપ્રિલ ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૨૪/ક-૨/૧૨૮/૩૧૮૦/ઘ-૨૦૨૪૯ સને, ૨૦૦૩.--આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રાધેકૃષ્ણ બ્લોક કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જીલ્લો, અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨જી મે ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૨૫/ક-૨/૧૩૦/૩૧૭૯/ઘ-૨૦૨૫૦ સને, ૨૦૦૩.--આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નીલકંઠ કો. ઓ. હાસીંગ સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જીલ્લો, અમદાવાદ.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨જી મે ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૨૬/ક-૨/૧૩૩/૩૧૮૧/ઉ-૧૨૦૪૬ સને, ૨૦૦૩.--આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નાકોરા મજૂર અને કામદાર સહકારી મંડળી લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જીલ્લો, અમદાવાદ

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૩જી મે ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (શહેર),
અમદાવાદ.

નંબર ઉખસ/ઘ-૨૦૫૩૦.-- આથી જાહેર કરે છે કે નિર્મલ કો. ઓ. હા. સો. લીમીટેડ મર્યાદિત સ્થળ નવસારી, તાલુકો નવસારી, જિલ્લો નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તા. ૨૫મી એપ્રિલ ૨૦૦૩.

સુનિલકુમાર,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
નવસારી.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી ભરથરી સેવા સહકારી મંડળી લિમિટેડ ભરથરી ના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૦-૧-૨૦૦૩નો પત્ર નં. ફ/૫૫/૧૦૪૪૮

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૩/૨૦૦૩.–શ્રી ભરથરી સેવા સહકારી મંડળી લિમિટેડ મુ. ભરથરી, તાલુકા ઠાસરા જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૨૨૨૩૫ તા. ૪-૪-૫૬ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ - ૨/૧૭૬૪ / ૯૫ તારીખ ૧૬-૯-૧૯૯૫થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે

INDEX

આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી સનાદરા સેવા સહકારી મંડળી લિમિટેડ સનાદરાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩૧-૧-૨૦૦૩નો પત્ર નં. ફ/૫૫/૧૦૮૫૦

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૪/૨૦૦૩.—શ્રી સનાદરા સેવા સહકારી મંડળી લી. મુ. સનાદરા, તાલુકા ઠાસરા જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૨૬૪૮ તા. ૨૮-૩-૫૯ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ - ૨/૨૭૪/૯૬ તારીખ ૨૭-૫-૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી ઓઝરાળા સેવા સહકારી મંડળી લિમિટેડ ઓઝરાળાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૦-૨-૨૦૦૩નો પત્ર નં. ફ/૫૫/૧૧૮૯૮

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૫/૨૦૦૩.—શ્રી ઓઝરાળા સેવા સહકારી મંડળી લી. મુ. ઓઝરાળા, તાલુકા ઠાસરા જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૨૨૨૬૦ તા. ૨૧-૫-૫૭ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ - ૨/૩૨૯/૧૯૯૬ તારીખ ૧૫-૬-૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી જરગાલ સેવા સહકારી મંડળી લિમિટેડ જરગાલના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩૧-૧-૨૦૦૩નો પત્ર નં. ફ/૫૫/૧૦૮૫૩

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૬/૨૦૦૩.—શ્રી જરગાલ સેવા સહકારી મંડળી લી. મુ. જરગાલ, તાલુકા ઠાસરા જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૫૯૩૧ તા. ૩૦-૬-૨૭ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ - ૨/૨૯૧/૯૬ તારીખ ૨૮-૫-૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી લક્ષ્મીકૃપા કો. ઓપ. હાઉ. સોસા. લી. નડીઆદના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૪-૯-૨૦૦૨નો પત્ર નં. ફડચ/૦૧/જ-૪૬૩/ ૦૨

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૭/૨૦૦૩.–શ્રી લક્ષ્મીકૃપા કો. ઓપ. હાઉ. સોસા. લી. મુ. નડીઆદ, તાલુકા નડીઆદ જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ઘ-૧૦૦૨૭ તા. ૭-૮-૮૨ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ-૨/૧૩૫૬૨/૧૨૭/૦૨ તારીખ ૧૯-૩-૨૦૦૨થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી ફતેપુરા સેવા સહકારી મંડળી લી. ફતેપુરાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૯-૧-૨૦૦૩નો પત્ર નં. ફડચ/૦૧/જ-૨૩/ ૦૩

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૮/૨૦૦૩.–શ્રી ફતેપુરા સેવા સહકારી મંડળી લી. મુ. ફતેપુરા, તાલુકા નડીઆદ જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૧૨૬૪૮, તા. ૩-૭-૭૪ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ-૨/૬/૯૪, તારીખ ૩-૧-૯૪થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી તૈયબપુરા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તૈયબપુરાના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૯-૧-૨૦૦૩નો પત્ર નં. ફડચ/૦૧/જ-૨૪/ ૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૫૯/૨૦૦૩.–શ્રી તૈયબપુરા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી.. મુ. તૈયબપુરા , તાલુકા કપડવંજ જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૨૨૬૩૩, તા. ૨૭-૨-૮૯ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ-૨/૧૪/૨૦૦૧ તારીખ ૧૮-૧-૨૦૦૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી કપડવંજ મ્યુનિ. સ્ટાફ ધિ. અને ગ્રાહક સહકારી મંડળી લી. કપડવંજના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૨૯-૧-૨૦૦૩નો પત્ર નં. ફડચ/૦૧/જ-૨૨/ ૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૧૬૦/૨૦૦૩.–શ્રી કપડવંજ મ્યુનિ. સ્ટાફ ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મુ. કપડવંજ, તાલુકા કપડવંજ જીલ્લા ખેડા, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૭૬૬૪, તા. ૩-૩-૩૬ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ. /ક. જ. / ફડચા / ગ-૨/૨૦૩૫/૯૪, તારીખ ૧૨-૯-૯૪થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
ખેડા જીલ્લો નડીઆદ.

વંચાણે લીધા :-

(૧) શ્રી જય અંબે કો. ઓપ. હા. સો. લી. મં. લિ. ધર્મજના ૧-૦૪-૨૦૦૩ના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૩-૪-૨૦૦૩નો પત્ર નં. ૨/૫૬/૧૫૮.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી.-૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૫૫/ચ/૩૩૦/૦૩.–શ્રી જય અંબે કો. ઓપ. હા. સોસા. લી. મુ. ધર્મજ તાલુકા પેટલાદ જીલ્લા આણંદ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ઘ-૪૩૮૦ તા. ૨૧-૧-૭૫થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ. ખ. સ./ ક.જ./ ફડચા/ગ-૨ /૨૬૫/૯૧ તા. ૨૭-૫-૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સનં ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી દાગજીપુરા સેવા સહકારી સ. મં. લિ. દાગજીપુરા તા. ૩૦-૦૪-૨૦૦૩ ના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૮-૨-૨૦૦૩નો પત્ર નં. ક/૫૫/૧૧૬૯૯.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ. -૨૪-૯૧ / ડી.ડી.સી. ૧૧૮૮ / ૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૭૧/ચ/૩૩૧/૦૩.–શ્રી દાગજીપુરા સેવા સહકારી મંડળી લી. મુ. દાગજીપુરા તાલુકા ઉમરેઠ જીલ્લા આણંદ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૧૪૪ તા. ૫-૧૦-૧૯૬૪થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ. ખ. સ./ ક.જ./ ફડચા/ગ-૨ /૨૬૫/૯૬ તા. ૩૦-૪-૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સનં ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી વડગામ વૃક્ષ ઉછેર સ. મં. લિ. વડગામ તા. ૩૦-૪-૨૦૦૩ના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૧૭-૪-૨૦૦૩નો પત્ર નં. ફડચ/૭૮/ચ-૨૯૬૨૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

INDEX

(૩) સરકારશ્રીના કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી. એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/ ૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૧૧૦/ચ/૩૩૨/૦૩.--શ્રી વડગામ વૃક્ષ ઉછેર સહ. મંડળી લી. મુ. વડગામ તાલુકા ખંભાત જીલ્લા આણંદ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૨૪૪૯૨ તા. ૭-૫-૯૧થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ. ખ. સ./ ક.જ./ ફડચા/ચ /૨૦૮/૦૧ તા. ૯-૭-૨૦૦૧ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ નડીઆદનો તા. ૨૭-૧-૨૦૦૩ કલમ ૮૧ હેઠળનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૫-૩-૨૦૦૩ના ક્રમાંક સહક/૦૧/ ઘ/૧૨૧ થી ૧૩૦/૨૦૦૩થી કલમ ૮૧ હેઠળની મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોને આપેલ કારણદર્શક નોટિસ.

(૩) કારણદર્શક નોટિસના સંદર્ભે તા. ૨૦-૩-૨૦૦૩ના રોજ રૂબરૂ હાજર રહી ત્રણ વ્ય. કમીટી સભ્યોએ આપેલ લેખિત નિવેદન.

જા. નં. સહક/૦૧/જ/૧૫૦/૨૦૦૩.-સાયમા સેવા સહકારી મંડળી લિ. સાયમા તા. ખંભાત જી. આણંદે (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલ સેવા સહકારી મંડળી છે, જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા નિયમો અનુસાર તથા કાયદા કાનૂન અને નિયમે અનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટા નિયમો, કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ (૧) ઉપરના ઓડીટરશ્રીના ખાસ વહીવટી અહેવાલમાં જણાવેલ વિગતે મંડળીની વ્ય. કમીટી પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. ખાસ વહીવટી અહેવાલમાં જણાવ્યા અનુસાર સને ૧૯૯૧થી ૩૦-૬-૯૯ સુધીના સમય દરમ્યાન કરવામાં આવેલ કર્જ ધીરાણની વસુલાત કરવા કોઈ નક્કર પગલાં, શિક્ષાત્મક કાર્યવાહી, લવાદી દાવા કરવામાં આવેલ નથી જેના કારણે મોટી રકમનું મુદતવીતી ધીરાણ બાકી પડે છે, ધીરાણ બાકી રકમો અંગે જેતે સભાસદો પાસેથી કબૂલાતો મેળવેલ નથી, ધીરાણ બાકીની વસુલાત નહિ કરવાથી બેંકલોન તથા તેનું વ્યાજ ભરપાઈ કરવાનું બાકી પડે છે પરિણામે ધીરાણ બાકીની રકમ કરતાં બેંકલોન તથા વ્યાજની રકમો વધી જવા પામેલ છે. અને મંડળીમાં ઉત્તરોત્તર ખોટનું પ્રમાણ વધવાથી મંડળીની આર્થિક સ્થિતિ અત્યંત કથળી ગયેલ છે. ઓડીટ સમય દરમ્યાન ૩૮ સભ્યોએ ધીરાણની રજુઆત સમયે કુલ રૂા. ૪,૩૫,૩૦૦/- મળવાની કે મંડળીના સેક્રેટરીએ ન ચૂકવ્યાની રજૂઆત થયેલ છે. અને ધીરાણ તારીખથી તા. ૩૧-૧૨-૦૨ સુધીનું ચડત વ્યાજ રૂા. ૫,૦૭,૯૯૦/- વસુલ કરવાનું બાકી છે. ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમીટીની ૮ બેઠક તથા ૩ વાર્ષિક સાધારણ સભા મળેલ છે તેમાં વખતો વખત મુદતવીતી બાકીદારો સામે લવાદી દાવા કરવા ઠરાવેલ છે તેમ છતાં સેક્રેટરી પાસે દાવાઓ તૈયાર કરાવી શકેલ નથી અને વહીવટ કરવામાં નિષ્ફળ ગયેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (૨) ઉપરની સહકારી કાયદાની કલમ ૮૧ હેઠળ કારણદર્શક નોટિસ મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોને આપતાં વંચાણે લીધેલ સંદર્ભ (૩) પર જણાવેલ વિગતે તા. ૨૦-૩-૨૦૦૩ ના રોજ મંડળીની વ્ય. કમીટીના સભ્યો પૈકી ત્રણ સભ્યોએ અત્રેની કચેરીએ રૂબરૂમાં હાજર રહી કારણ દર્શક નોટિસમાં જણાવેલ તમામ મુદ્દાઓ સાથે સહમત હોવાનું તથા મંડળીમાં વહીવટદાર નિમાય તો કોઈ વાંધો નથી તેવું લેખિત નિવેદન આપેલ છે.

ઉપર જણાવેલ તમામ બાબતોને અનુલક્ષીને અધિનિયમની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવી મંડળીના તથા મંડળીના સભાસદોના હિતમાં જણાતાં મંડળીની હાલની વ્ય. કમીટીની જગ્યાએ વહીવટદારની નિમણૂંક કરવી ઉચિત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. કોટેચા, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ સાયમા સેવા સહકારી મંડળી લિ. સાયમા તા. ખંભાત જી. આણંદની હાલની વ્ય. કમીટીને વહીવટથી દુર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારુ ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. નડીઆદ તા. નડીઆદ જી. ખેડાની વહીવટદાર તરીકે નિમણૂંક કરુ છું. સદરહુ નિમણૂંકનો સમય ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષ માટેનો રહેશે.

આણંદ તારીખ ૧લી મે ૨૦૦૩.

સી. બી. કોટેચા
જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. આણંદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૨/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

INDEX

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૩/ખ/૫૭૨/૨૦૦૩.- શ્રી ખટાસણા પિયત સહકારી મંડળી લી., મું. ખટાસણા, તા. ઊંઝા, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૨/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૨/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૪/ખ/૫૭૩/૨૦૦૩.- શ્રી વણસોલ સેવા સહકારી મંડળી લી., મું. વણસોલ, તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૨/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૨/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૫/ખ/૫૭૪/૨૦૦૩.-શ્રી વર્ધમાનનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નાગલપુર, તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૨/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, ધી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૭-૧-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૨૬/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) મંડળીની તા. ૧૫-૨-૨૦૦૩ની રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૬/ખ/૫૭૫/૨૦૦૩.- શ્રી પ્રભુનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. કડી, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૭-૧-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ સામે આપની તા. ૧૫-૨-૦૩ થી કરેલ રજુઆતો ધ્યાને લેતાં ફડચા કાર્યવાહી સહહ સંસ્થાએ ઉદ્દેશો મુજબની મકાન કાર્યવાહી પૂર્ણ કરેલ છે. અન્ય કામગીરી નહીં હોલાથી વ્ય. કમીટી બેઠકો મળેલ નથી. તેમજ મળવા સબંધી પુરાવા રજુ કરેલ નથી. સા. સભા પણ અન્ય કામગીરી ન હોવાથી ન મળવાનું સ્વીકારેલ છે. ખાસ સાધારણ સભા અંગે કોઈ પુરાવા રજુ કરેલ નથી. તા. ૧-૭-૯૮ પહેલાંના ઓડીટ મેમાની દુરસ્ત કરેલ આધાર રજુ કરેલ નથી અન્ય કામગીરી કરવા અંગે કોઇ પ્રોજેક્ટ રજુ કરેલ નથી. બાંધકામ કામગીરી પૂર્ણ કરેલ હોવાથી હવે કોઈ કાર્યવાહી બાકી ગણાતી નથી. વિકાસના કામોને મંડળીના ઉદેશો અને હેતુઓ સાથા સુસંગતતા નથી. જે તમામ વિગતો નિગાહે લેતાં ફડચામાં ન લઈ જવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. જેથી આમુખ-૩ની વિગતે ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

INDEX

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૧/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૭/ખ/૫૭૬/૨૦૦૩.-શ્રી કૈલાસનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. મહેસાણા, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૧/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૧/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૭/ખ/૫૭૬/૨૦૦૩.-શ્રી કૈલાસનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. મહેસાણા, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૧/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૯/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૮/ખ/૫૭૭/૨૦૦૩.-શ્રી કાજીઅલીયાસણા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. કાજીઅલીયાસણા, તા. વિસનગર, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૯/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેની ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણાસ, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૬/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૨૯/ખ/૫૭૮/૨૦૦૩.-શ્રી સરતાનપુર જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. સરતાનપુરા, તા. સતલાસણા, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૬/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

INDEX

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીનો તા. ૧૯-૨-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૦/૨૦૦૩થી વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૩૪૩૦/ખ/૫૭૯/૨૦૦૩.-શ્રીનવાગામ (સુલ)સેવા સહકારી મંડળી લી., મું. નવાગામ (સુલ), તા. વડનગર, જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ થી તા. ૧૯-૨-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૮૦/૦૩ થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેનો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી, એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/મહાકાળી મજૂર/૬૫/૦૩, તા. ૨૨-૧-૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૪૪/૦૩, તા. ૫-૨-૦૩ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૧૫/૦૩, તા. ૨૮-૨-૦૩ થી અપાયેલ સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૫૮૧/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી મહાકાળી મજૂર કામદાર સહકારી મંડળી લી., મું. રાણીપુરા, તા. મહેસાણા, જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેના હવે પછી અહીયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં.- ઉ-૧૦૪૪૩, તા. ૧૮-૫-૧૯૯૯ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૩૩૪/૨૦૦૩, તા. ૫-૨-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળીને તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી. મંડળી તરફથી કોઈ રજૂઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૪૧૫/૨૦૦૩, તા. ૨૮-૨-૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેની રજુઆત કરવા વ્યાજબી તકો પૂરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સહકારી કાયદાની કલમ-૨૦ માં જણાવેલ નોંધણીની શરતો મુજબ મંડળી નોંધાયા પછી તેની કામગીરી ફરજીયાત શરૂ કરવી જોઈએ. જે આજદિન સુધી કરેલ નથી. તથી નોંધણી શરતોનો ભંગ થવા પામેલ છે.

(૨) મંડળીઓ ઓડિટ વર્ગ ''ડ'' છે.

(૩) મંડળી શરૂઆતથી સ્થગિત હોઈ, પેટાનિયમ મુજબના એકપણ ઉદેશ હાથ ધરેલ નથી, જેથી ફલિત થાય છે કે, મંડળીના હોદ્દેદારોને વહીવટ કરવામાં બિલકુલ રસ નથી.

(૪) મંડળીની શરૂઆતથી તા. ૩૧-૩-૦૨ સુધીના ઓડિટ મેમાના દુરસ્તી રીપોર્ટ નહી મોકલીને સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૫) તા. ૧૮-૬-૦૦ પછી વા. સા. સભા મળેલ નથી. જે નહી બોલાવવા કે મોડી બોલાવવા અંગે ખાતાની મંજૂરી નહી મેળવીને સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે. વા. સા. સભામાં હાજર સભ્યોની સહીઓ નથી. જેથી વા. સા. સભા ગેરકાયદેસર હોઈ, વ્યવસ્થાપક કમીટી સભ્યોની નિમણૂક પણ ગેરકાયદેસર છે. વા. સા. સભામાં પેટાનિયમ મુજબના ઠરાવો થતા નથી.

(૬) મંડળીની બે વર્ષમાં વ્ય. કમીટીની એકપણ મીટીંગ મળેલ ન હોઈ, સહકારી કાયદાની કલમ-૭૪ નો ભંગ થયેલ છે. જેથી મંડળી ચલાવવા હોદ્દેદારોને કોઈ જાતનો રસ નથી.

(૭) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનૂન અને પેટા કાયદા પ્રમાણે ચાલતો નથી.

(૮) મંડળી અર્થક્ષમ/કાર્યક્ષમ નથી.

(૯) મંડળમાં પગારદાર કર્મચારી નથી.

(૧૦) મંડળી શરૂઆતથી સતત ખોટમાં છે, તા. ૩૧-૩-૦૨ ના અંતે એકત્રિત ખોટ રૂા. ૩૭૨/- થવા પામેલ છે. જે ભરપાઈ કરવા કોઈ પ્રયત્નો થયેલ નથી.

INDEX

(૧૧) તા. ૧-૪-૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મહાકાળી મજૂર કામદાર સહકારી મંડળી લી. મું. રાણીપુરા, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઉ-૧૦૪૪૩, તા. ૧૮-૫-૯૯ થી નોંધાવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૮-૪-૨૦૦૩.

વંચાણે લીધા :-

આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની અન્વયે, જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૨૯૭૭/ખ/૧૪૮/૦૧, તા. ૧૬-૬-૨૦૦૧થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૮૩૫/૦૨, તા. ૭-૧૨-૨૦૦૩ તેમજ તા. ૧-૫-૨૦૦૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી દગાવાડીયા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. દગાવાડીયા, તા. વિજાપુર, જિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૯મી મે, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) ફડચા અધિકારી શ્રી એન. પી. બારોટના પત્રાંક : ફડચ/૦૧/૭૬૨/૨૦૦૨, તારીખ ૧૩-૫-૦૨ તેમજ તા. ૧-૫-૦૩ના સ્પષ્ટતા પત્રથી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૬૭૫/૨૦૦૩.-ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી પેરેડાઈઝ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નાગલપુર, તા. મહેસાણા, નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને નોંધણી નં. ઘ-૯૧૨૯, તારીખ ૧-૧૨-૧૯૮૧થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની અન્વયે, જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણાની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૧૩૩૯૧/ખ/૧૫૮૪/૦૨, તા. ૩૦-૭-૨૦૦૨થી હુકમ કરવામાં આવેલ. ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણા તરફથી તેઓના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૭૬૨/૦૨, તા. ૧૬-૧૨-૨૦૦૨ તેમજ તા. ૧-૫-૨૦૦૩ થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં, સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી પેરેડાઈઝ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. નાગલપુર, તા. જિ. મહેસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

મહેસાણા, તારીખ ૯મી મે, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
મહેસાણા.

નં. નધણ/સ/ઉ૪૮૨/સને ૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, ધી હારીજ તાલુકા ખેત ઉત્પન્ન ખરીદ વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ હારીજ તાલુકો હારીજ જિલ્લો પાટણ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૮મી મે, ૨૦૦૩.

નં. નધણ/સ/ઉ-૧૨૧૨૨/ક-૨/૮૨૬.- સને ૨૦૦૩ આથી જાહેર કરે છે કે, શ્રી જમ્બેશ્વર મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સિદ્ધપુર તાલુકો સિદ્ધપુર જિલ્લો પાટણ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૮મી મે, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૫૩/૨૦૦૩ તારીખ ૧-૨-૨૦૦૩થી મંડળીને સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે આપવામાં આવેલ કારણ દર્શક નોટીસ તથા તે અંતર્ગત થયેલ સુનાવણીની વિગતો.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. વહટ/૦૧/ધ-૧/૧૧૭/૨૦૦૩.- ધી સાઠોદ ગૃપ વિવિધ સહકારી મંડળી લી. મુ. સાઠોજ, તાલુકા ડભોઈ, જીલ્લો વડોદરા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ પ્રાથમિક ખેતી વિષયક શરાફી મંડળી સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧) સદર મંડળી પાસે બેન્ક લોન રૂા. ૩૬,૯૭,૨૪૪/- મુદલ તથા વ્યાજ રૂા. ૧૦,૬૬,૨૮૦/- બાકી છે.

(૨) મંડળીના સભાસદો પાસે મુદલ રૂા. ૪૧,૭૦,૧૨૨/- તથા વ્યાજ બાકી છે.

(૩) મંડળીના ૧૪૨ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૪) મંડળીના ૭ વ્યવસ્થાપક કમિટી સભ્યો પૈકી ૩ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેમની પાસેથી રૂા. ૨,૫૩,૬૨૩/- વસુલ કરવાના બાકી છે. તેઓ કમિટીમાં ચાલુ રહી શકે નહી તેમને કમિટીમાંથી દૂર કર્યા નથી.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

INDEX

(૬) મંડળીનું કામકાજ બીલકુલ સ્થગિત દશામાં છે, ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાને કારણે ધિરાણ પ્રવૃત્તિમાં અવરોધ આવેલ છે.

(૭) મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળીના ભંડોળ/ ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે. મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે તથા કરજ કરવાની મર્યાદા રહેતી નથી.

(૮) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ આર્થિક પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે, જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

આમ ઉપરોક્ત વિગતો મુજબના કારણો જોતાં મંડળીના સંચાલકોને મંડળીના ધિરાણ વસુલાતની કાર્યવાહી કરવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી. ધીરાણની વસુલાત અભાવે મંડળીની આર્થિક સ્થિતિ કથળી ગયેલ અને નબળી પડી ગયેલ હોવાનું ફલિત થાય છે અને તેના કારણે મંડળીનું કામકાજ સ્થગિત થયેલ હોય, મંડળી ચાલી શકે તેવી શકયતા જણાતી ન હોય, મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. , વડોદરાને વહીવટદાર તરીકે નિમવાનું જણાતા મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉક્ત મુદ્દાઓ સબબ આમુખ (૧)માં જણાવ્યા મુજબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી થયેલ રજુઆત દરમ્યાન મંડળીના હાજર રહેલ સંચાલકોએ આપેલ બાંહેધરી તથા કામકાજ કરવા અંગેની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ મંડળીના સંચાલકો મંડળીનો વહીવટ આર્થિક અને વહીવટી રીતે પેટા-નિયમોનુસાર ચલાવવામાં નિષ્ફળ ગયેલ હોય, મંડળીના આર્થિક હિતોને ધ્યાને લઈ, મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે મને પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી સાઠોદ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ.પો. સાઠોદ તા. ડભોઈ જિ. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખતે જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતી અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૫૭/૨૦૦૩ તારીખ ૧-૨-૨૦૦૩થી મંડળીને સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે આપવામાં આવેલ કારણ દર્શક નોટીસ તથા તે અંતર્ગત થયેલ સુનાવણીની વિગતો.

(૨) ધી ગુજરાત ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં. વહટ/૦૧/ધ-૧/૧૧૮/૨૦૦૩.- ધી રાજલી ગૃપ વિવિધ સહકારી મંડળી લી. મુ. રાજલી, તાલુકા ડભોઈ, જિ. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ પ્રાથમિક ખેતી વિષયક શરાફી મંડળી સહકારી મંડળી છે. જેનો આ કામે હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧) સદર મંડળી પાસે બેન્ક લોન રૂા. ૨૦,૯૨,૮૧૩/- મુદલ તથા વ્યાજ રૂા. ૮,૯૪,૬૦૪/- બાકી છે. જે પૈકી મુદલ રૂા. ૧૯,૫૯,૮૧૩/- તથા વ્યાજ રૂા. ૮,૯૪,૬૦૯/- મુદત વીતી બાકી છે.

(૨) મંડળીના સભાસદો પાસે મુદલ રૂા. ૨૧,૩૩,૪૮૭/- મુદત વીતી બાકી છે.

(૩) મંડળીના ૮૧ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમિટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીમાં તારીખ ૨૨-૫-૨૦૦૩ના આખરે ખોટ રૂા. ૧,૧૫,૫૨૨/ છે.

(૬) મંડળીનું કામકાજ બીલકુલ સ્થગિત દશામાં છે, ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાને કારણે ધિરાણ પ્રવૃત્તિમાં અવરોધ આવેલ છે.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે, જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

આમ ઉપરોક્ત વિગતો મુજબના કારણો જોતાં મંડળીના સંચાલકોને મંડળીના ધિરાણ વસુલાતની કાર્યવાહી કરવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી. ધીરાણની વસુલાતના અભાવે મંડળીની આર્થિક સ્થિતિ કથળી ગયેલ અને નબળી પડી ગયેલ હોવાનું ફલિત થાય છે અને તેના કારણે મંડળીનું કામકાજ સ્થગિત થયેલ હોય, મંડળી ચાલી શકે તેવી શકયતા જણાતી ન હોય, મંડળીની વ્યવસ્થાપક કમીટીને દૂર કરી તેની જગ્યાએ ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. , વડોદરાને

વહીવટદાર તરીકે નિમવાનું જણાતા મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉક્ત મુદ્દાઓ સબબ આમુખ (૧)માં જણાવ્યા મુજબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી થયેલ રજુઆત દરમ્યાન મંડળીના હાજર રહેલ સંચાલકોએ આપેલ બાંહેધરી તથા કામકાજ કરવા અંગેની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ મંડળીના સંચાલકો મંડળીનો વહીવટ આર્થિક અને વહીવટી રીતે પેટા-નિયમોનુસાર ચલાવવામાં નિષ્ફળ ગયેલ હોય, મંડળીના આર્થિક હિતોને ધ્યાને લઈ, મંડળીમાં વહીવટદારની નિમણુંક કરવાનું ઉચિત જણાતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે મને પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી સાઠોદ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ.પો. સાઠોદ તા. ડભોઈ જિ. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરું છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતી અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :–

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ-૧/૩૮૩ તારીખ ૩૦-૯-૦૨.

જા. નં. વહટ/૦૧/ધ-૧/૧૨૧/૨૦૦૩.–ધી સેગવા વિવિધ કાર્યકારી મંડળી લી. મુ. સેગવા તા. શિનોર જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે જેનો આ કામે હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

૧. મંડળી પાસે બેન્ક લોન રૂા. ૨૮,૦૬,૦૦૦/- મુદ્દલ વ્યાજ બાકી છે. જે તમામ મુદતવીતી બાકી છે.

૨. મંડળીમાં ૫૦ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવાની કાર્યવાહી બાકી છે.

૩. મંડળીના બાકીદાર સભાસદોના પાકો એકત્ર કરી તેનાં વેચાણ મંડળી મારફતી કરવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઇ તેમને અટકાવ્યા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં કોઇ રસ નથી.

૪. મંડળીની વ્યવસ્થાપક કમિટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

૫. મંડળીનો ઓડીટ વર્ગ ''બ'' છે. મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતા મંડળીના ભંડોળો ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે. તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

૬. મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઇ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેન્ક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

૭. સભાસદો પાસે મુદ્દલ રૂા. ૩૦,૦૦,૮૦૦-૦૦ બાકી છે જે મુદતવીતી બાકી છે.

આમ ઉપરોક્ત વિગતો જોતા મંડળી મજકુરની નાણાંકિય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃતિ ચલાવવામાં કોઇ રસ હોવાનું જણાવતું નથી, તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ બેન્ક ને વહીવટીદાર તરીકે નિમવાનું, મંડળીના વ્યવસ્થાપક કમિટિને ઉક્ત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરા સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલી સત્તાની રૂએ ધી સેગવા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. મું સેગવા તા. શિનોર જી. વડોદરા ની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી. વડોદરા ને મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વરસની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુક કરું છું.

૧. મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

૨. વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

INDEX

૩. મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળી કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૦૩.

ડી. જી. દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

યાદી

વંચાણમાં લીધા :–

(૧) ધી ભરૂચ ડી. સે. કો. ઓ. બેંક લી. ભરૂચના પત્ર નં. લોન/૧૪૬૫૧ તા. ૨૭-૧૧-૦૨ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગેની ભલામણ.

(૨) આ કચેરીનો તા. ૨૮-૧-૨૦૦૩ નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/૦૧/૧૪/૨૦૦૩.

(૩) મંડળીના પ્રમુખશ્રી તરફથી અત્રે મંડળીને ફડચામાં નહી લઈ જવા અંગેની રજુઆત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

ક્રમાંક ફડચ/૦૧/ધ/૪૮/૨૦૦૩.–આમુખ (૧) માં જણાવેલ પત્રથી ધી પુર્વવિભાગ ખેડૂત સેવા સ. મં. લી. કોસંબાના આગળના જિ. નર્મદાને ફડચામાં લઈ જવા અંગેની ભલામણ અત્રે મળેલ હતી. આમુખ (૨) માં વંચાણે લીધેલ ફડચાના વચગાળાના આદેશથી મંડળીને ફડચામાં લઈ જવા આદેશ કરેલ મંડળીના ચેરમેનશ્રીએ તા. ૭-૪-૦૩ પત્ર થી લેખીત માં જણાવેલ છે કે, મંડળીના સેક્રેટરીને છુટા કરેલ છે. ટુંક સમયમાં નવા સેક્રેટરીની નિમણુંક કરી મંડળીને દફતરી કામગીરી, હિસાબો લખવાની કાર્યવાહી પૂર્ણ કરવાની ખાત્રી આપેલ છે. તથા બેંક તરફથી વસુલાત માટે આવતા અધિકારીઓને સહકાર આપવા જણાવેલ છે. તેમજ મુ. વી. બાકીદારો સામે સહકારી કાયદાની કલમ-૧૦૬ અન્વયે કાર્યવાહી હાથ ધરવાની ખાત્રી આપેલ છે. આમ મંડળી મોટાકદની હોય, સભાસદોને ધીરાણની સવલત મળી રહે તથા હિત જળવાઈ રહે તે જોતા અત્રેથી કરવામાં આવેલ વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/૧૪/૨૦૦૩ તા. ૨૮-૧-૦૩ હાલ પૂરતો રદ કરવામાં આવે છે.

રાજપીપલા, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૩.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નર્મદા, રાજપીપલા.

વાંચ્યો :- શ્રી સહકારી અધિકારી ફડચા.-૧ સુરતની તા. ૨૮-૪-૨૦૦૩ ની પત્રક્રમાંક ફડચા/૦૧/૬૯/૨૦૦૩ ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૨૮૦૨/૧૬૩૦ /ખ/૫૦૧/૨૦૦૩.–ધી હિંગણી પોલ્ટ્રી ફાર્મ સ. મં. લી. મુ. પો. હિંગણી તા. નિઝર જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. સે-૨૦૭૨૯ તારીખ ૨૨-૮-૮૬ થી નોંધવામાં આવી હતી, જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૬૩૦/ખ/૧૮૧૭/૨૦૦૦ તારીખ ૧૯-૧૨-૨૦૦૦ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમજ મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૯મી મે, ૨૦૦૩.

વાંચ્યો :- શ્રી સહકારી અધિકારી ફડચા.-૧ સુરતની તા. ૧૭-૪-૨૦૦૩ ની પત્રક્રમાંક ફડચા/૦૧/૫૩/૨૦૦૩ ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૨૭૯૪/૧૭૯૦ /ખ/૪૯૮/૨૦૦૩.–ધી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સબ ઓર્ડીનેટ સ્ટાફ કો. ઓ. સ. સો. લી. ઉધના હરીનગર તા. ચોર્યાસી જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. ધ-૫૮૫૪ તારીખ ૧૬-૧૨-૧૯૭૪ થી નોંધવામાં આવી હતી, જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૯૦/ખ/૩૦૦/૦૩ તારીખ ૭-૩-૨૦૦૩ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૯મી મે, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, JUNE 5, 2003 / JYAISTHA 15, 1925 [No. 23

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	431-446	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	333-364
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	23	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	8361-8466

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/૧૧૯/૨૦૦૩.- હું કે. આર. કૌશીક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ (બોમ્બે એકટ-૨૨ અ.નં. ૧૯૫૧)ની કલમ (૩૩)ની પેટા કલમ (૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરું છું.

તારીખ ૨૧મી મે, ૨૦૦૩ના રોજ આતંકવાદ વિરોધી દિનની ઉજવણી તથા બાળકોના સ્કેટીંગના કાર્યક્રમની ઉજવણી ઈન્કમટેક્ષ ચાર રસ્તાથી ગાંધી આશ્રમ સુધી રાખવામાં આવેલ છે. આ વિસ્તારના જાહેર માર્ગ ઉપર વાહનની અંવરજવરના સરળ નિયમન માટે નીચે મુજબના વિસ્તાર પર પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

(૧) ઈન્કમટેક્ષ ચાર રસ્તાથી સુભાષબ્રીજ સર્કલ સુધીના જાહેર માર્ગ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર સવાર ક. ૭.૦૦ થી સવાર ક. ૯.૦૦ સુધી પ્રવેશ કરી શકશે નહી.

જાહેર જનતાના વાહન ચાલકોના હિતને ધ્યાનમાં લઇ આ સમય દરમ્યાન નીચે મુજબ જાહેર માર્ગનો ઉપયોગ કરી શકાશે.

૧. ચીમનભાઇ પટેલ બ્રીજ અને સુભાષબ્રીજ તરફથી આવતા વાહન ચાલકો નારણપુરા તથા નવરંગપુરા તરફ જવા માટે ૧૩૨ ફૂટના રીંગ રોડનો ઉપયોગ કરી શકશે.

૨. ચીમનભાઇ પટેલ બ્રીજ અને સુભાષબ્રીજથી આવતા વાહન ચાલકો ઈન્કમટેક્ષ તરફ જવા માટે સુભાષબ્રીજથી પોલીસ કમિશનર કચેરી થઇ દિલ્હી દરવાજા થઇ ગાંધીબ્રીજથી પાલડી તરફ જઇ શકશે.

૩. પાલડી તરફથી આવતા વાહન ચાલકો ઈન્કમટેક્ષ સર્કલ થઇ ગાંધીબ્રીજ, દિલ્હી દરવાજા થઇ પોલીસ કમિશનરશ્રીની કચેરીના માર્ગે થઇ સુભાષબ્રીજ તરફ જઇ શકશે.

૪. ઈન્કમટેક્ષ સર્કલથી સુભાષબ્રીજ તરફ જવા માટે વાહન ચાલકો ગુજરાત વિદ્યાપીઠના પાછળના રસ્તે રેલ્વે લાઇનના સમાંતર રસ્તે અખબારનગર સર્કલ થઇ ૧૩૨ ફુટ રીંગ રોડનો ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૧મી મે,૦૩ના કલાક સવારે ૭.૦૦ થી ૯.૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦ માહે મે, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨)ની કલમ ૩૭ (૩) અન્વયે

ક્રમાંક :ઉ/ગપક/વિ.શા./એસ.બી./જાહેરનામું/૧૯/૨૦૦૩. ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ એસોશીયેશન સુરત દ્વારા સેનવેટનો વિરોધ કરવા સારૂ તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩થી તમામ વિવર્સોએ પોતાના કાપડ વણાટ ઉદ્યોગના કારખાનાઓ બંધ કરી અમુદત સુધીની હડતાલ પર રહેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા સેનવેટ બાબતે આજદિન સુધી કોઇ સુખદ ઉકેલ નહિ આવતાં ફોગવાની હડતાલ સબંધે સુરત શહેરની સુલેહ શાંતિ તેમજ સલામતી અંગે ભય ઉપસ્થિત થવાનો સંભવ છે. જે અટકાવવા અંગે સાવચેતીનાં પગલારૂપે

વાસ્તે હું વી. કે. ગુપ્તા આઇ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ની ૨૨) માંની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૪મી મે, ૨૦૦૩ કલાક ૦૦.૦૦ થી તા. ૨૩મી મે, ૨૦૦૩ કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતા વધારે માણસો એકઠા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર આથી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વિસ્તાર : સમગ્ર પોલીસ કમિશનરેટનો હકુમત હેઠળનો વિસ્તાર.

સ્પષ્ટીકરણ : રસ્તામાં ફુટપાથનો સમાવેશ થાય છે.

હું એવો પણ આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી હોમગાર્ડ દળની વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને/કોઇ સ્મશાન યાત્રાને.

(૪) પરવાનગી મેળવી ભરાતી સભા કે સરઘસને.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૩મી મે, ૨૦૦૩નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

આમુખ

ક્રમાંક એલ.બી./ચેનલ પ્રસારણ/૧૪૭૮/૦૩.-કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં સેનવેટ લાગુ પાડતાં તેના વિરોધમાં ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ એશોસીયેશન(ફોગવા) સુરત દ્વારા સેનવેટનો વિરોધ કરવા સારૂં તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩ થી તમામ વિવર્સોએ પોતાના કાપડ વણાટ ઉદ્યોગના કારખાનાઓ બંધ કરી હડતાળનું એલાન આપેલ છે. સેનવેટ બાબતે કોઇ સુખદ અને અપેક્ષિત ઉકેલ ફોગવાની અપેક્ષા મુજબ આવેલ ન હોય હજી પણ વિવર્સ દ્વારા ઔદ્યોગિક અસંતોષ અભિવ્યક્ત કરવાનું ચાલું છે. વિવર્સોના મોટા ભાગના કારખાના માલિકો તેઓના તેમજ ગરીબ મજુરોના હિતમાં કારખાનાઓ ચાલુ કરવાની ઇચ્છા ધરાવે છે, પરંતુ અમુક ઇસમો તેનો વિરોધ કરી રહ્યા છે. અને જેથી જે નાગરિક ભારતીય બંધારણે બક્ષેલા સ્વતંત્ર વેપારના મૂળભૂત અધિકારનો ઉપયોગ કરવા ઇચ્છે તે રીતે કારખાના ચાલુ કરી શકે છે. પરંતુ કારખાનાઓ ચાલુ કરવા ઇચ્છતા વિવર્સ સમુદાય વિરોધીઓ તરફથી કોઇ અડચણો ઉભી ન થાય અને એખલાસનું વાતાવરણ સર્જાય તેવું ઇચ્છે છે. અત્રે એવું ધ્યાન ઉપર આવેલ છે કે સુરત શહેરમાં કાર્યરત કેબલ ઓપરેટરો જુદી જુદી ચેનલો દ્વારા સેનવેટનો વિરોધ કરનાર વર્ગના અમુક ઇસમોની ઇન્ટરવ્યુ એટલે કે રૂબરૂની મુલાકાતોનું પ્રસારણ કરે છે જેમાં રૂબરૂ મુલાકાતો આપનાર ઇસમો કારખાનાઓ ચાલુ કરવા ઇચ્છતા વિવર્સને ગર્ભિત ધમકીઓ વાળા નિવેદનો કરે છે. અને જેથી શાંતિપ્રિય વેપાર કરતાં વિવર્સ સમુદાયમાં ભયની લાગણી પેદા થવાની પુરી શક્યતા જણાય આવે છે. સુરત શહેરમાં ટેક્ષટાઇલ ઉદ્યોગ ઘણાં ઉદ્યોગો પૈકીનો એક પાયાનો અને વિસ્તૃત એકમો ધરાવતો અને લાખો મજુરો તેમજ કારખાનેદારોનો સમાવેશ કરતો ઉદ્યોગ છે જેમાં

મજુર વર્ગના લાખો કામદારો રોજીરોટી કમાય છે અને તેમના કુટુંબીજનોનું નિભાવ કરે છે. આજ રીતે ટેક્ષટાઈલ ઉદ્યોગમાં લાખો પ્રજાના જીવન નિર્વાહનો પ્રશ્ન સમાયેલો છે. જો ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે ચેનલો દ્વારા વીડીયો નેટવર્કના સંચાલકો વિવર્સને લગતાં ધંધારોજગારો બંધ રહે તે અપેક્ષાએ મુલાકાતો આપે અને તેઓ ગર્ભિત ધમકીઓ આપવાનું મુલાકાતોમાં ચાલુ રાખે તો મજુરવર્ગ અને કારખાનેદાર વર્ગમાં અસંતોષ, ભય, ઉશ્કેરાટ અને અશાંતિ ફેલાતાં જાહેર વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ છે અને સંભવ છે કે, બે વિચારધારાઓ ધરાવતા વિવર્સમાં જુથબંધી વિકરે અથવા વર્ગવિગ્રહ થાય તેવો સંભવ જણાય છે. વિશેષમાં આશરે ૨૦૫૨૩ કારખાનેદારોને વિપરીત અસર થતાં સુરત શહેરના અગત્યના અને આગળ પડતાં ટેક્ષટાઈલ ઉદ્યોગને નુકશાન થતાં પરોક્ષ રીતે દેશની આર્થિક સ્થિતિને પણ વિપરીત અસર પહોંચે તેમ છે.

જેથી સુરત શહેરમાં જાહેર વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર વ્યવસ્થા અને કાયદો વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે તેમજ જાહેરહીતમાં નીચે મુજબનો આદેશ જારી કરવામાં આવે છે.

આદેશ

કેબલ ટેલિવિઝન નેટવર્ક રેગ્યુલેશન અધિનિયમ ૧૯૯૫ની કલમ ૧૯ થી મળેલ સત્તાની રૂએ તેમજ ગુજરાત સરકારના માહીતી અને પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના સત્તાસોંપણીના જાહેરનામાને ધ્યાને લેતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

સુરત શહેરમાં આમુખમાં વર્ણવેલ સેનવેટ અંગેના ફોગવા તરફથી જાહેર થતાં હડતાળના પોગ્રામોના પ્રત્યાઘાતો અને અભિપ્રાયો મેળવવા કે અન્ય કાર્યક્રમોનો જાહેરાત કરવા સારૂં વિવર્સને લગતાં ઈસમોની મુલાકાતોમાં ગર્ભિત ધમકીઓભરી મુલાકાતોનું પ્રસારણ ન થાય તેનાથી મજુરવર્ગ અને કારખાનેદાર વર્ગમાં અસંતોષ, ભય ઉશ્કેરાટ અને અશાંતિ ફેલાય તેવા કે જુથબંધી વિકરે અથવા વર્ગવિગ્રહ થાય તેવા પ્રસારણો કે આ પ્રસારણોના સંવાદો વ્યક્તિગત અનુમાનો કે કોઈપણ વિવેચના સુરત શહેરમાં કેબલ ટેલિવિઝન નેટવર્ક ઉપર કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે. આ આદેશ તા. ૧૭મી મે, ૨૦૦૩ થી તા. ૩૧મી મે, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર ઈસમ ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૬ મુજબ ગુન્હાહીત કૃત્યો માટે જવાબદાર રહેશે અને અધિકૃત અધિકારી જવાબદાર કેબલ ટેલિવિઝન નેટવર્કના નોંધણીના પ્રમાણપત્રો મોકુફ કે રદ કરે તે અંગેના પણ પગલાં ભરવામાં આવશે. તેની સંબંધિતોએ નોંધ લેવી.

સુરત, તારીખ ૧૭મી મે, ૨૦૦૩.

વિ. કે. ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

નંબર ડીસીબી/એમએજી/સીપીસી/રજી નં. ૨૮/૨૦૦૩.—વલસાડ જિલ્લો અરબી સમુદ્રનો વિશાળ દરિયા કિનારો ધરાવે છે અને વલસાડથી ઉમરગામ સુધી ૭૦ કિ.મી. લાંબો દરિયા કિનારો આવેલ છે. આ દરિયાકિનારાને લાગુ આવેલા કાંઠા વિસ્તારના માછીમારો મચ્છીમારી માટે સમુદ્રમાં જતા હોય છે. અને માહે જુન થી ઓગષ્ટ માસ દરમ્યાન પાણીનો જોશ વધુ પ્રબળ હોય છે તેમજ આ સમય દરમ્યાન ચક્રવાત, વાવાઝોડુ તથા વરસાદ આવતો હોય છે. અને તે માટે હવામાન ખાતા તરફથી અવાર-નવાર આગાહીઓ કે ચેતવણી પણ મળતી હોય છે. આ સમય દરમ્યાન દરિયો તોફાની રહે છે. પરિણામે વાવાઝોડું, વરસાદ કે ભારે પવનના કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલી ગયેલા માછીમારોને સંદેશાની આપ - લે થઈ શકતી નથી અને તેઓ માટે જાનનું જોખમ અને મોટાપ્રમાણમાં આર્થિક નુકશાન થવાના બનાવો બને છે. ભૂતકાળમાં આ પ્રકારના બનાવો બનેલ છે. મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા ૧૦મી જુન થી ૧૫મી ઓગષ્ટ સુધીના સમય દરમ્યાન સમુદ્રમાં મચ્છીમારી માટે જવા પરવાનગી આપવામાં આવતી નથી. તેમ છતાં અનધિકૃત રીતે માછીમારો મચ્છીમારી માટે સમુદ્રમાં જતા હોય, તેઓને અટકાવવા જાહેર હિતમાં અનિવાર્યપણે જરૂરી બની રહે છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું, વત્સલા વાસુદેવા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો વલસાડ આથી ફરમાઉ છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કોઈપણ માછીમારોએ તારીખ ૧૦મી જુન, ૨૦૦૩ થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધીના સમય દરમ્યાન મચ્છીમારી માટે સમુદ્રમાં જવું નહિ. વધુમાં આ સમય મત્સ્ય સંવર્ધનનો અને સંવનનો છે. દરિયાકાંઠા વિસ્તારમાં કોઈપણ ટ્રોલર, નાની કે મોટી બોટ માછીમારીના ઉપયોગ માટે નહિં લેવા તથા જકાત મુક્ત ડીઝલનું વેચાણ સદંતર બંધ રાખવા ફરમાવેલ છે. આ પ્રતિબંધમાંથી નોન મોટરાઈઝ ક્રાફ્ટ (લાકડાની એક લકડી હોડી અને સઢવાળી હોડી વિગેરે) બાકાત રાખવામાં આવે છે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં (૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થઈ શકશે.

આજ તારીખ ૧૯મી મે, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

વત્સલા વાસુદેવા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

આખરી જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી.૮/૨૦૦૩.--મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૩ ની પેટા કલમ (૧)ના ક્લોઝ (બી) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાંનો મુસદ્દો સદરહુ કાયદાની કલમ-૩૩ની પેટા કલમ-૯ થી ઠરાવ્યા પ્રમાણે રાજ્ય પત્રમાં તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૨નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં સદરહુ મુસદા સંબંધી વાંધા સૂચનો મેળવવામાં આવેલ છે. અને મળેલ વાંધા સુચનો સંબંધી જરૂરી વિચારણા કરવામાં આવેલ છે. અને તે મુજબ તપાસ કરાવી સદરહું જાહેરનામાંના મુસદાને આખરી કરવા માટે નિર્ણય લેવામાં આવેલ છે. અને તેથી નીચે મુજબના મુસદાનું પ્રાથમિક જાહેરનામું આથી આખરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

મુસદો

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈ ૨૨માં) ક્લોઝ (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ મેજીસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

નવસારી જિલ્લાનાં નીચે જણાવેલ એસ. ટી. બસ સ્ટેશન વિસ્તારને બોમ્બે પોલીસ એકટ હેઠળ " નો પાર્કીંગ ઝોન " તરી જાહેર કરવા પરંતુ એસ. ટી. સ્ટેન્ડનાં વિસ્તારમાં આવેલ નિયત કરે રીક્ષા સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી રીક્ષાઓને " નો પાર્કીંગ ઝોન " માં મુક્તિ આપવા આથી ઠરાવવામાં આવે છે.

અ. નં.	તાલુકો	પોલીસ સ્ટેશનનું નામ	એસ. ટી. સ્ટેન્ડ ડેપોનું નામ નામ
૧	૨	૩	૪
૧	નવસારી	નવસારી ટાઉન	નવસારી એસ. ટી. ડેપો નંબર-૧ તથા નવસારી એસ. ટી. ડેપો નં. ૨ ના આજુબાજુનો ૧/૨ કિ. મી. વિસ્તાર
૨	ગણદેવી	ગણદેવી પો. સ્ટે.	ગણદેવી બસ સ્ટેન્ડ આજુબાજુનો વિસ્તાર તથા અમલસાડ બસ સ્ટેન્ડ આજુબાજુનો વિસ્તાર
૩	ગણદેવી	બાલીમોરા પો. સ્ટે.	બીલીમોરા એસ. ટી. ડેપોની આજુબાજુનો ૧/૨ કિ. મી. વિસ્તાર
૪	ચીખલી	ચીખલી પો. સ્ટે.	ચીખલી બસ સ્ટેન્ડના આજુબાજુ ૧/૨ કિ. મી. વિસ્તાર.
૫	વાંસદા	વાંસદા પો. સ્ટે.	વાંસદા બસ સ્ટેન્ડના આજુબાજુનો ૧/૨ કિ. મી. વિસ્તાર.

નવસારી, તારીખ ૧૪મી મે ૨૦૦૫.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ

નંબર ડીસીબી/એમ. એજી. / બીપીએ/રજી. ૯ /૨૦૦૩.--મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં)અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું વી. પી. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી તારીખ ૧૪મી મે, ૨૦૦૩ નાં રોજ ઈદે-મિલાદ- ઉન્નબી (મહમદ પયગંબર સાહેબનો જન્મદિન)તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતઓએ જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૯મી મે, ૨૦૦૩ થી તારીખ ૨૧મી મે, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુદ્ધા)ના સમય માટે નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદૂક,ચપ્પુ,છરા, લાકડી અથવા શારિરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

INDEX

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીઓએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશકિતને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજરોજ તારીખ ૯મી મે ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

પ્રાથમિક જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૯/૨૦૦૩.--મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૩ ની પેટા કલમ (૧)ના કલોઝ (બી) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાંનો નાચેનો મુસદો સદરહુ કાયદાની કલમ-૩૩ની પેટા કલમ-૬ થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને નોટીસ આપવામાં આવે છે કે સદરહુ મુસદા રાજય પત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી કોઈપણ વાંધા અથવા સુચનો વિચારણામાં લેશે નહિ. ઉપરોકત મુદત પુરી થાય તે પહેલા સદરહું મુસદાનાં સંબંધમાં કોઈ વ્યકિત પાસેથી જે કોઈ વાંધા અથવા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારીને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદો

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઈના ૨૨માં) કલોઝ (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચેના નિંયમો કરે છે.

નવસારી જિલ્લાનાં નીચે જણાવેલ એસ. ટી. બસ સ્ટેશનનાં વિસ્તારને બોમ્બે પોલીસ એકટ હેઠળ " નો પાર્કીંગ ઝોન " તરીકે જાહેર કરવા પરંતુ એસ. ટી. સ્ટેન્ડનાં વિસ્તારમાં આવેલ નિયત કરેલ રીક્ષા સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી રીક્ષાઓને " નો પાર્કીંગ ઝોન " માંથી મુક્તિ આપવા આથી ઠરાવવામાં આવે છે.

અ. નં.	તાલુકો	પોલીસ સ્ટેશનનું નામ	એસ. ટી. સ્ટેન્ડ ડેપોનું નામ
૧	૨	૩	૪
૧	જલાલપોર	જલાલપોર પોલીસ સ્ટેશન	મરોલી બસ સ્ટેન્ડના આજુબાજુનો ૧/૨ કિ. મી. વિસ્તાર.

નવસારી, તારીખ ૧૪મી મે, ૨૦૦૩.

વી. પી. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭ (૧) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૨૧/૨૦૦૩.– આગામી દિવસોમાં ઈદે મીલાદુન્નબીના તહેવારોને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી મે, ૨૦૦૩થી તારીખ ૨૫મી મે, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંધુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની, તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની,

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કેઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ–૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય. તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિ કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક (૧) એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી મે, ૨૦૦૩નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭ (૩) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર. ૨૨/૨૦૦૩.– આગામી દિવસોમાં ઈદે મીલાદુન્નબીના તહેવારોને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૧મી મે, ૨૦૦૩થી તારીખ ૨૫મી મે, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કેઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, ફુટપાથો, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૯મી મે, ૨૦૦૩નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

શ્રીમતિ ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/ફાયર/સ્પર્ધા/રજિ. ૦૧/૨૦૦૩.-પ્રમુખશ્રી, બીલીમોરા રાઈફલ કલબ, બીલીમોરા, તા. ગણદેવી દ્વારા તારીખ ૯મી મે, ૨૦૦૩ના પત્રથી જણાવેલ છે કે તારીખ ૧૬મી મે, ૨૦૦૩ થી તારીખ ૧૮મી મે, ૨૦૦૩ દરમ્યાન ૨૯મી ગુજરાત રાજય ટ્રેપ શુટીંગ હરીફાઈનું આયોજન કાવેરી નદીના કાંઠે વાઘરેચ રેંજ (દેસરા-વાઘરેચ) ઉપર કરેલ છે જે હરીફાઈમાં દક્ષિણ ગુજરાતના ભાઈ-બહેનો હરીફો તથા ગુજરાતભરના હરીફો દ્વારા મોટી સંખ્યામાં ભાગ લેનારા છે અને શાળાના વિદ્યાર્થીઓ, (એન.સી.સી.), કોલેજના વિદ્યાર્થીઓ, હોમગાર્ડઝ તથા પોલીસ દળના ભાઈ-બહેનો પણ ભાગ લેનાર છે, જેથી આ હરીફાઈ યોજવા માટે પરવાનગી માંગી છે જે પરવાનગી અન્વયે ફાયરીંગ રેંન્જ અન્વયેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, નવસારી દ્વારા તેમના તારીખ ૧૩મી મે, ૨૦૦૩ના પત્ર નં. વહટ/સીબી-૪/વશી/૫૦૭૧/૯૪/૦૩ થી હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે જેથી કાવેરી નદીના કાંઠે વાઘરેચ રેંજ (દેસરા-વાઘરેચ) તા. ગણદેવી ઉપરના સ્થળે કોઈપણ વ્યકિતએ ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મા) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ-૪ ની જોગવાઈ મુજબ ઈમ્પ્રુવાઈઝડ રેન્જ કાવેરી નદીના કાંઠે વાઘરેચ રેન્જ (દેસરા-વાઘરેચ), તા. ગણદેવી, જિ. નવસારી ખાતે તારીખ ૧૬મી મે, ૨૦૦૩ થી તારીખ ૧૮મી મે, ૨૦૦૩ સવારના ૭-૦૦ થી સાંજના ૭-૦૦ દરમ્યાન ગોળીબાર ટ્રેપ શુટીંગ હરીફાઈ થનાર છે જે ધ્યાને લઈને આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનધિકૃત વ્યકિતએ ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન આ ફાયરીંગ રેન્જની જમીનની હદ વિસ્તારમાં કે તેની ફરતે ૧ કિ. મી. વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખર સાથે જવા અને ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર સ્પર્ધા દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમને ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી મે, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૨૧૦/૨૦૦૩.-પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, બી. એન. ડામોર (જી. એ, એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૪મી મે, ૨૦૦૩થી તારીખ ૨૮મી મે, ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં, કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. કે બોલાવવી નહીં અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧૪મી મે, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઘ-૨૦૨૫૧/નધણ/૪૮૨૭/ક-૨/૧૪૫/૩૪૯૭/૨૦૦૩.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી શિવપાર્ક કો-ઓ. હાઉ. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો, અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૧૭મી મે, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઘ-૨૦૨૫૨/નધણ/૪૮૨૮/ક-૨/૧૪૮/૩૬૨૪/૨૦૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી નંદનવન કો. ઓ. હા. સો. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો અમદાવાદને સને૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા. ૨૧મી મે, ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર)
અમદાવાદ.

વાંચ્યો :-

(૧) શ્રી આર. ડી. પટેલ, સહકારી અધિકારી (ફડચા) અને ફડચા અધિકારી શ્રી લીમઝર વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લિ. ફડચામાંને તા. - - ૧૯૯ નો અહેવાલ.

(૨) શ્રી જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડના તા. ૨૦મી મે, ૧૯૯૬ નાં હુકમ ક્રમાંક ફડચ/પી-૩૧૭૮/ક-૪૦૧ થી કરેલ મંડળીનો ફડચાનો કાયમી આદેશ.

(૩) શ્રી કચેરીનાં સ. મં. નો તા. ૧લી ઓક્ટોબર, ૧૯૯૬ થી તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ સુધીનો છેવટનો અન્વેષણ અહેવાલ.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-પી. ૩૧૭૮/ખ-૩/૨૪૬/૨૦૦૩.- શ્રી લીમઝર વિભાગ જંગલ કામદાર સહકારી મંડળી લિ. મુ. લીમઝર તા. વાંસદા, જી. નવસારી કે જેને સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધણી ક્રમાંક પી-૩૧૭૮ તા. ૯મી એપ્રિલ, ૧૯૫૭ થી નોંધવામાં આવી હતી. તેને ઉપરોક્ત આદેશથી ફડચામાં લઈ જવામાં આવી હતી ફડચાનું કામ સંપૂર્ણ થઈ ગયું હોવાનું ફડચા અધિકારીશ્રીએ ઉપરોક્ત પત્રથી જણાવેલ છે. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થએલ જાહેર કરવામાં આવે છે. અને એજ કાયદાની કલમ ૨૦ અન્વયે નોંધણી રદ્દ કરવામાં આવે છે. મંડળીના આદેશની તારીખથી બંધ થયેલી ગણાશે.

નવસારી, તા. ૧૨મી મે, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણમાં લીધા :-

આણંદ સીટી કો.-ઓ.- કે- સોસા.ની સ. મં. લી. મુ. આણંદ તા. આણંદ ને ફડચામાં લઈ જવાના વચગાળાનો.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફ-૧૪૯૪૪/ચ/૩૬૨/૨૦૦૩- આણંદ સીટી કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. મુકામ આણંદ, તાલુકો આણંદ, જિલ્લો ને શ્રી મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. આણંદની ઓફીસના નોંધ નંબર સી-૩૦૯૯૨ તા. ૧૬મી જુન, ૨૦૦૦ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સરકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજી. સ. મ. આણંદની સંદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તા. ૧૬મી મે, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/નવજીવન હાઉ./૬૬/૦૩, તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૪૪/૦૩, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી કારણદર્શક નોટીસ.

(૩) સંસ્થાના પ્રમુખશ્રીની તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ની રજુઆત.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૧/ખ/૪૧૨/૦૩, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩થી તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધીમાં પુરાવા રજુ કરવા અપાયેલ મુદતી સમય.

INDEX

(૫) મંડળીના તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩ થી રજુ કરેલ પુરાવા વગરની રજુઆત.

(૬) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૫/૦૩, તા. ૨જી એપ્રિલ, ૦૩ થી મુદ્દા નં. ૧ થી ૯ અંગે સ્પષ્ટતા, પુરાવા રજુ કરવા અપાયેલ ખાસ તક.

(૭) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૭૦૩/૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી નવજીવન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. બેચરાજી, જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઘ-૫૧૮૦, તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૭૩ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૦૧ થી તા. ૩૧મી માર્ચ, ૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેના ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૪૪/૦૩, તા. ૫મી ફેબ્રુઆરી, ૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેઓએ તેમજ, સંસ્થાની ફડચા કાર્યવાહીમાં જણાવેલ ખામીઓની તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધીમાં પૂર્તતા રજુ કરી અહેવાલ રજુ કરવા ખાત્રી આપવામાં આવેલ. જેને ધ્યાનમાં લઈ આમુખ-૪ ની વિગતે યોગ્ય વાસ્તવિક ખામીઓની પૂર્તતા તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધીમાં રજુ કરવા અત્રેના તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૩ ના પત્રથી સંસ્થાને જણાવવામાં આવેલ. જેને ધ્યાનમાં લેણાં આમુખ-૫ ના પત્રથી અત્રે સંસ્થાએ વિગતે રજુ કરેલ. પરંતુ ફડચામાં જવાના કારણો અંગેની પૂર્તતામાં વાસ્તવિક પુરાવાઓ સંપૂર્ણ રજુ કરેલ ન હતા. જેને ધ્યાનમાં લેતાં ખાસ તક સ્વરૂપે આમુખ-૬ ની વિગતે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૫/૦૩ તા. ૨જી એપ્રિલ, ૨૦૦૩ ના આર. પી.. એ. ડી. થી મુદ્દા નં. ૧થી ૯ ની સ્પષ્ટ વિગતો જણાવી વાસ્તવિક પુરાવાઓ સહ ફડચા કાર્યવાહીનો દુરસ્તી અહેવાલ અત્રેની કચેરીને રજુ કરવા સમય મર્યાદાથી જણાવવામાં આવેલ. જેનો યોગ્ય સમય મર્યાદા પૂર્ણ થવા છતાં, સંસ્થા તરફથી કોઈ અહેવાલ રજુ થયેલ નથી જેથી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, વાસ્તવિક પુરાવાઓ સહ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા સાત વર્ષનો ઓડિટ વર્ગ ''ડ'' છે.

(૨) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષના ઓડિટ મેમાના દુરસ્તી રીપોર્ટ નહી મોકલીને સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૩) મંડળીમાં વર્ષ દરમ્યાન વ્ય. કમીટીની એક જ મીટીંગ મળેલ છે. જેથી પેટાનિયમ મુજબ તથા સહકારી કાયદાની કલમ-૭૪ મુજબ કમીટી તેની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. પેટાનિયમ મુજબ ઠરાવો થયેલ નથી.

(૪) વાર્ષિક સાધારણ સભામાં માત્ર ૯ સભ્યો હાજર રહેલ છે. મંડળીની સભાસદ સંખ્યા-૬૭ ની સામે નોન કોરમ મીટીંગ હોઈ, કાર્યવાહી રદ થવાને પાત્ર છે. વા. સા. સભામાં પેટાનિયમ મુજબના ઠરાવો થયેલ નથી.

(૫) મંડળીનો વહીવટ સહકારી કાયદા, કાનૂન અને પેટાનિયમ મુજબ ચાલતો નથી. છેલ્લા દસ વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૬) મંડળી અર્થક્ષમ/કાર્યક્ષમ નથી.

(૭) મંડળીમાં પગારદાર કર્મચારીઓ નથી.

(૮) પેટાનિયમ-૨ માં જણાવેલ ઉદ્દેશો મુજબ સભાસદોને સહેણાંકના મકાનો પૂરાં પાડવામાં હોદેદારો નિષ્ફળ ગયેલ છે.

(૯) સને ૨૦૦૧/૨૦૦૨ ના વર્ષમાં રૂા. ૪૮૨૯/- ની ચોખ્ખીખોટ આવેલ છે. તે નુકશાન સભ્યો પાસેથી જમીન મહેસુલના રૂા. ૫૦૦૦/- તથા અગાઉના લેણાં રૂા. ૪૧૨૨/- મળી કુલ રૂા. ૯૧૨૨/- વસુલ લીધેલ નથી. વહીવટી ફાળો લેવામાં આવતો નથી.

(૧૦) તા. ૧લી એપ્રિલ, ૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજ પર્યંત રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી નવજીવન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. તા. બેચરાજી, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૫૧૮૦, તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૭૪ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

વંચાણે લીધા :-

(૧) ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, (ન. જ. ૧), મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૩૮/૦૩, તા. ૧લી ફેબ્રુઆરી, ૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૯૯/૦૩, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૦૩ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/-૧/ખ/૫૧૯/૦૩, તા. ૮મી એપ્રિલ, ૦૩થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૭૦૪/૦૩- ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી પુષ્પાંજલી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. પાંચોટ, તા. જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઘ-૧૦૬૦૧, તા. ૧૯મી માર્ચ, ૧૯૮૩ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧લી એપ્રિલ, ૦૧થી તા. ૩૧મી માર્ચ, ૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (ન. જ. ૧) મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજૂ કરતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/-૧/ખ/૩૯૯/૨૦૦૩, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૯/૦૩, તા. ૮મી એપ્રિલ, ૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, વાસ્તવિક પુરાવાઓ સહ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડિટ મેમાની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ જે તે ઓડિટરશ્રીને મોકલી આપેલ નથી. ઓડિટ મેમામાં જણાવેલ ખામીઓની વાસ્તવિક પૂર્તતા વ અમલ કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ થયેલ છે.

(૨) મંડલીના કાર્યવાહકોએ પેટાકાયદામાં વિહીત કરેલ જોગવાઈઓ મુજબની ફરજો વ જવાબદારીઓ અદા કરવામાં સતત બેદરકારી સેવેલ છે.

(૩) મંડળીની છેલ્લા ત્રણ વર્ષથી વ્ય. કમીટીની એક પણ બેઠક મળેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ-૭૪ તેમજ મંડળીના મંજૂર થયેલ પેટાકાયદાની કલમ-૪૮ (૪) નો ભંગ થયેલ છે.

(૪) સને ૨૦૦૦/૨૦૦૧ તેમજ સને ૨૦૦૧/૨૦૦૨ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા બોલાવવામાં આવેલ નથી કે, તે અંગે ખાતાની મંજૂરી પણ મેળવાયેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોએ સહકારી કાયદાની કલમ-૭૭ તેમજ મંડળીના મંજૂર થયેલ પેટાકાયદાની કલમ-૩૬ નો ભંગ થયેલ છે.

(૫) મંડળીએ શેર રજી., વ્યક્તિગત શેર ખાતાવહી જમીન ફાળા રજી., પ્લોટ રજી., શેર ટ્રાન્સફર રજી. વ્યક્તિગત લોન ખાતાવહી જેવાં અગત્યનાં રજીસ્ટરો નિભાવેલ નથી. જેના કારણો સભાસદોના શ્રેષ્ઠ હિતોને નુકશાન થાય તેમ છે.

(૬) મંડળીએ ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. માં રોકેલ રૂા. ૫૦૦/ તેમજ મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકમાં કરેલ રૂા. ૩૭૫૦/- ના રોકાણ અંગેના આધાર ઓડિટ સમયે જોવા મળેલ નથી.

(૭) મંડળીએ ધી મહેસાણા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણામાંથી મેળવેલ વચગાળાની લોન પરત ચુકતે કરેલ નથી. જે ચુકતે ન થવાને કારણે તમામ લોન તથા વ્યાજ મળી કુલ રૂા. ૬૧,૩૯,૪૬૮.૫૦ મુદત વીતી બાકી પડે છે. જેની વસુલાત માટે કાર્યવાહકોએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૮) મંડળીના મંત્રીશ્રીએ મંડળીના પેટાનિયમ-૫૪ માં વિહીત કરેલ જોગવાઈ મુજબ ફરજો બજાવેલ નથી.

(૯) તા. ૧લી એપ્રિલ, ૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં આજપર્યંત રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી પુષ્પાંજલી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. પાંચોટ, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૧૦૬૦૮, તા. ૧૯મી માર્ચ-૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૭મી મે, ૨૦૦૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) સબ-ઓડિટર, સહકારી મંડળીઓ, ખેરાલુના પત્ર ક્રમાંક :અષણ/૦૧/૫૪૯/૦૩, તા. ૩-૨-૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૦/૦૩, તા. ૧૭-૨-૦૩ થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૮/૦૩, તા. ૮-૪-૦૩ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૭૦૫/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ખેરાલુ તાલુકા માલ વાહકોની સેવા સહકારી મંડળી લી., મુ. તા. ખેરાલુ, જી. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં મંડળી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે-૨૮૭૨૦, તા. ૮-૭-૧૯૯૬ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સ.મં., ખેરાલુને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૭૦/૨૦૦૩, તા. ૧૭-૨-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૭ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૮/૦૩, તા. ૮-૪-૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, વાસ્તવિક પુરાવાઓ સહ રજુઆત થયેલ નથી.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાનો છેલ્લા પાંચ વર્ષનો ઓડિટ વર્ગ ડ છે.

(૨) સંસ્થાએ છેલ્લા પાંચ વર્ષથી ઓડિટ ખામીઓની દુરસ્તી કરી, દુરસ્તી અહેવાલ જે તે ઓડિટરશ્રીને મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૩) સંસ્થાની નોંધણી થયેથી આજ સુધી તેના ઉદ્દેશો મુજબની કોઇજ કામગીરી કરેલ નથી.

(૪) સંસ્થા ચલાવવામાં સંસ્થાના કાર્યવાહકોને બિલકુલ રસ નથી.

(૫) સંસ્થાએ આજ સુધી એકપણ વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક કમીટીની બેઠક બોલાવેલ નથી.

(૬) સંસ્થા શરૂથી આજ સુધી બિલકુલ સ્થગિત છે.

(૧૦) તા. ૧-૪-૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં આજપર્યંત રજૂ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ખેરાલુ તાલુકા માલ વાહકોની સેવા સહકારી મંડલી લી., મુ. તા. ખેરાલુ, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે-૨૮૭૨૦, તા. ૮-૭-૧૯૯૬ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૧૭મી મે, ૨૦૦૩.

કે. પી. ત્રિવેદી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૩૦મી જુન ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ પાલનપુરનો તા. ૧૧-૩-૨૦૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૨-૪-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૪-૬-૨૦૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક-સીએચકેએસ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જેથી મળેલ સત્તાઓ.

INDEX

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૯૪૯/ફ-૧૩૭૩૨/૨૦૦૩.-ધી ગ્રીન પાર્ક કો. ઓપરેટીવ હાઊસીંગ સોસાયટી લી., મુ. ડીસા, તા. ડીસા, જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર-૧૦૬૫૫, તા. ૧૧-૧-૮૮ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત છે, પેટા-નિયમ પ્રમાણે વહીવટ થતો નથી, ઉદ્દેશો પ્રમાણે કામગીરી પૂર્ણ કરેલ છે. મંડળી ખોટમાં રહેવા પામેલ છે. કાર્યવાહકો સભાસદોને હવે મંડળી ચલાવવા રસ નથી. જે બાબતોને ધ્યાને લઈ આમુખ-૨થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ રજીસ્ટાર પોસ્ટથી આપેલ હતી. પરંતુ નોટીસ કાર્યવાહકોએ છોડાવેલ નથી. કે મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી, આમ મંડળી સ્થગિત છે તે સ્પષ્ટ થવાથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરવામાં આવશે. તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થઈ નથી. આમ મંડળી કાર્યરત નથી. તથા કાર્યવાહકો, સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી. તેવું સ્પષ્ટ થવા છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને લઈ મંડળીના કાર્યવાહકોને અંતિમ તક આપેલ હતી, તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

ઉક્ત વિગતો જોતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૨૪-૬-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરૂં છું. ધી ગ્રીન પાર્ક કો. ઓપરેટીવ હાઊસીંગ સોસાયટી લી. ડીસા તા. ડીસા, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર-૧૦૬૫૫, તા. ૧૧-૧-૮૮ થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૩૦મી જૂન ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૮-૭-૨૦૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૭-૮-૨૦૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૩-૩-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક-સીએચકેએચ/૨૪/૯૧/ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૯૪૮/ફ-૧૩૭૩૩/૨૦૦૩.-ધી વડા સેવા સહકારી મંડળી લી., મુ. વડા તા. કાંકરેજ, જિલ્લો બનાસકાંઠાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર-સે-૨૪૬૨૯, તા. ૨૮-૨-૫૬ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગિત છે, પેટા-નિયમ પ્રમાણે વહીવટ થતો નથી, મંડળી ખોટમાં રહેવા પામેલ છે. મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. મંડળીમાં તમામ પ્રકારની બેંક લોન મુદતવીતી થયેલ છે. જે બાબતોને ધ્યાને લઈ આમુખ-૨થી મંડળીના કાર્યવાહકોને ફડચાની કારણદર્શક નોટીસ રજીસ્ટાર પોસ્ટથી આપેલ હતી. નોટીસ મળ્યા પછી મંડળીના કાર્યવાહકોએ લેખીત રજુઆત કરેલ પરંતુ હિસાબી પત્રકો રજુ કરેલ નથી. આમ મંડળી સ્થગિત છે તે સ્પષ્ટ થવાથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ હુકમ કરવામાં આવશે. મંડળીને વચગાળાનો આદેશ મળ્યા પછી મંત્રીશ્રીએ તા. ૩૧--૩-૦૩ના પત્રથી લેખિત રજુઆત કરેલ તેની સાથે તા. ૩૧-૧૨-૦૨ના અંતનું સરવૈયું રજુ કરેલ તે જોતાં મંડળીમાં મોટી ખોટ રહેવા પામેલ છે અને કોઈ પ્રગતિ થયેલ જણાતી નથી. ત્યારબાદ મંડળીના તા. ૧૦-૫-૨૦૦૩ના પત્રથી રૂબરૂ સાંભળવાની તક માંગેલ જેના આધારે અત્રેથી રૂબરૂ સાંકળવાની તક આપેલ હતી. આમ મંડળી કાર્યરત નથી. તેવું સ્પષ્ટ થવા છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતને ધ્યાને લઈ મંડળીના કાર્યવાહકોને અંતિમ તક આપેલ હતી, તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

ઉક્ત વિગતો જોતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં અત્રેના તા. ૧૩-૩-૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર હોદ્દાની રૂએ મળેલ અધિકાર પરત્વે નીચે મુજબનો અંતિમ આદેશ કરૂં છું. ધી વડા સેવા સહકારી મંડળી લી., મુ. વડા તા. કાંકરેજ, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર-૨૪૬૨૯, તા. ૨૮-૨-૫૬ થી નોંધવામાં આવેલી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુરની નિમણુંક કરવામાં આવે છે.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી, ધી આદ્યશક્તિ પિયત સહકારી મંડળી લી., મુ. દુધવા, તા. વાવ, જિ. બનાસકાંઠા તા. ૧૫-૩-૨૦૦૩ના પત્ર ક્રમાંક ૪૪/ફડચો/૧૨૯૫.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અને કલમ ૨૦ (૧)ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૯૫૦/સને ૨૦૦૩.- ફડચા હુકમ નંબર ફ-૧૦૧૩૫, તા. ૧૦-૧-૯૭.- ધી આદ્યશક્તિ પિયત સહકારી મંડળી લી., મુ. દુધવા, તા. વાવ, જિ. બનાસકાંઠા કે જે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (પંચાયત), પાલનપુરના તા. ૩૦-૧૨-૮૫ના નોંધણી ક્રમાંક ૨૮૧૮થી નોંધાયેલ હતી અને જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. પાલનપુરના તા. ૧૦-૧-૧૯૯૭ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૮૫/૧૦૧૬૫-૯૭થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ-૧ ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઈ, ગુજરાત સ. મં.ઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો સાથ આજ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પાલનપુર.

જા.ન. નધણ/સેદૂ/૧૧૨૦/૦૧/ખ/૨૮૨/સે.દૂ./૩૩૩૦૩/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, હીરાના મુવાડા દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ હીરાના મુવાડા, પો. પડાલ, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩.

જા.ન. નધણ/સા/૧૧૨૧/૦૧/ખ/૨૮૪/સા/૩૦૩૭/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, શ્રી નીલકંઠ મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ ડુંગરીટીંબાલાટ, તાબે હરિયાળા, તાલુકો ખેડા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩.

નં. નધણ/સેદૂ/૧૧૨૨/૦૧/ખ/૨૯૫/સે.દૂ./૩૩૩૦૪/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, મોતીપુરા કંપા (મહિલા) દૂધ ઉ. સ. મં. લી. મર્યાદિત સ્થળ મોતીપુરા કંપા, પો. કાવઠ તાલુકો કપડવંજ, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૪થી જુલાઈ, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મડળીઓ,
નડીયાદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના સીનીયર કલાર્ક સહકારી મંડળીઓ, આણંદના સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળનો વહીવટી ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૧-૫-૨૦૦૩ના જા. નં. નધણ/ગ/૨૦૫ થી ૨૧૪/૨૦૦૩ની વ્ય. કમીટી સભ્યોને આપેલ કારણદર્શક નોટીસ.

જા.નં.સકક/૦૧/જ/૨૨૦/૨૦૦૩.-જોષીકુવા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. જોષીકુવા, તા. આંકલાવ, જી. આણંદ એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી છે, જેનો રોજબરોજનો વહીવટ સંસ્થાના માન્ય થયેલા પ્રવર્તમાન પેટા નિયમ સહકારી કાયદા-કાનૂન અને નિયમો અનુસાર ચલાવવાનો હોય છે, જેનાથી સંસ્થાના કાર્યવાહકો વાકેફ હોય છે.

સંદર્ભ (૧) માં જણાવેલ વિગતોની સંસ્થાના અત્રેની કચેરીના સિનીયર કલાર્કની મુલાકાત દરમ્યાન જણાઈ આવેલ અનિયમિતતા અંગેનો ખાસ અહેવાલ ઉપરથી નીચે મુજબની ખામીઓ જણાયેલ છે.

(૧) ૧-૪-૨૦૦૦ થી ૩૧-૩-૦૧ સુધીના ઓડીટ દરમ્યાન કોઈપણ જાતના વેપાર વિભાગ રૂા. ૪,૮૦૦/- ભાડુ, રૂા. ૩,૬૦૦/- ચુકવવાપાત્ર ભાડુ, રૂા. ૧૮,૦૦૦/- પગાર ખર્ચ, રૂા. ૧૩,૫૦૦/ ચુકવવાપાત્ર પગાર ખર્ચ જેવા ખર્ચ કરી રૂા. ૨૩,૦૫૮/- ખોટ કરેલ છે.

(૨) રૂા. ૧૨,૧૨૪-૫૦ રાસાયણિક ખાતર સ્ટોક વેચાણ કરેલ નથી.

(૩) રૂા. ૬૩,૭૭૫-૭૩ ઘણા સમયથી બેંકમાં ચાલુ જમા રાખી વ્યાજનું મંડળીને નુકશાન કરેલ છે.

(૪) મંડળીની ઓડીટ નોંધની વાસ્તવીક દુરસ્તી કરેલ નથી.

(૫) રૂા. ૮,૬૫૦/- લ્યુના ડેડસ્ટોકમાં બોલે છે, જે ઉપયોગ થયેલ હોય તેમ જણાતું નથી. જેનો ખોટો ખર્ચ કરેલ છે.

(૬) તા. ૧-૪-૦૨ થી મંડળીની વ્ય. કમીટીની મીટીંગ ભરેલ નથી.

(૭) તા. ૧-૪-૦૨ થી મંડળીએ રોજમેળ લખેલ નથી કે વેપારી પ્રવૃત્તિ કરેલ નથી, મંડળીની વ્ય. કમીટી આ બાબતે નિષ્ક્રીય રહેલ છે.

ઉપર જણાવેલ ખામીઓ અંગે તા. ૮-૫-૦૩ના રોજ હાજર રહી રજુઆત કરવા તક આપતાં માત્ર વ્યવસ્થાપક કમીટીની જવાબ સેક્રેટરીએ તથા રાવજીભાઈ હી. પટેલે રૂબરૂ આવી રજુ કરેલ ત્યારબાદ તેઓને ફરીથી મુદત આપતાં તા. ૧૫-૫-૦૩ના રોજ વ્યવસ્થાપક

કમીટી સભ્યશ્રીઓ પૈકી કોઈ સભ્ય હાજર થઈને રજુઆત કરેલ નથી, જેથી મંડળીનો વહીવટ ચલાવવામાં વ્યવસ્થાપક કમીટીને રસ નથી, તેવું ફલીત થાય છે, માત્ર સેક્રેટરી દફ્તર સાચવીને બેસી રહ્યાનું જણાઈ આવેલ છે.

આમ ઉપર જણાવેલ વિગતોએ મંડળીની વ્યવસ્થાપક કમીટી મંડળીનો વહીવટ ચલાવવા નિષ્ફળ ગયેલ હોય મંડળીનો વહીવટ ચલાવવા સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવાનું ઉચીત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ, મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ અધિકારની રૂએ જોષીકુવા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. જોષીકુવા , તા. આંકલાવ, જિ. આણંદની હાલની વ્ય. કમીટીને દુર કરી સંસ્થાનો વહીવટ ચલાવવા સારૂ વહીવટદાર તરીકે શ્રી જે. એમ. પટેલની નિમણુંક કરું છું, સદર નિમણુંકનો સમય વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષનો રહેશે. વહીવટદારનું મહેનતાણું હવે પછી નક્કી કરવામાં આવશે.

આણંદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) શ્રી કનીષા સ્ટીલના કર્મ. ધિરાણ અને ગ્રાહક સ. મં. લિ. વ.વિદ્યાનગરના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૦-૬-૦૩નો પત્ર નં. ફડચ/૦૧/ચ-૪૨૮/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪(૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૪૬/૦૩.-શ્રી કનીષા સ્ટીલના કર્મ. ની ધિરાણ અને ગ્રાહક સ. મં. લિ. વ.વિદ્યાનગર, તા. આણંદ, જિ. આણંદ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જિ. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર એમ.૩૧૦૧ તા. ૧૭-૨-૧૯૭૮ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./૧૪૯૩૯/ચ/૨૧૮ તારીખ. ૨૨-૩-૦૩ થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ જીલ્લો,
આણંદ.

વંચાણે લીધા :-

(૧) શ્રી એસ. વી. પટેલ, સબ-ઓડિટર, સહકારી મંડળીઓ, કડીન પત્ર ક્રમાંક : અષણ/૦૧/૯૭/૦૨, તા. ૩૧-૫-૦૨થી રજૂ થયે ફડચાનો અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૮૯૯/૦૨, ત ૧૩-૬-૨૦૦૨થી કારણદર્શક નોટીસ.

(૩) તા. ૨૪-૬-૦૨ ના પત્રથી રજુઆત અંગે સંસ્થાની મુદ માંગણી.

(૪) તા. ૫-૭-૦૨ ની પત્ર વિગતથી સંસ્થાની રજૂઆત.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૧૩૭૧/૦૨ તા. ૧૭-૨-૦૨થી રજુઆત અંગે સ્મૃતિપત્ર.

(૬) તા. ૨-૮-૦૨ ના પત્રથી સંસ્થાનો પ્રત્યુત્તર.

(૭) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૨૦૭૪/૦૨ તા. ૨૭-૯-૦૨થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૮) તા. ૧૮-૧૦-૦૨ના પત્ર, ઠરાવ, સા. સભા, ઠરાવથી સંસ્થાન પુરાવા/સ્પષ્ટતાથી કરેલ રજુઆત.

(૯) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૨૧૮૬/૦૨ તા. ૨૧-૧૦-૦૨થી ફડચાનો વચગાળાનો આદેશ ઉઠાવી લઈ ફડચા કાર્યવાહી બંધ કરવા કરેલ આદેશ.

(૧૦) અત્રેના તા. ૩૧-૫-૦૩ના પત્રથી મંડળીને પુનઃજીવીતન હુકમનો અમલ નહીં કરવા બાબતે તા. ૩-૬-૦૩ના રો રજુઆત કરવા જાણ કરાયેલ પત્ર.

(૧૧) તા. ૩-૬-૦૩ના પત્રથી મંડળીના હોદ્દેદારોએ કરેલ લેખિ રજુઆત.

(૧૨) મંડળીએ આ બાબતે કોઈ કોર્ટ મેટર થયેલ હોય તો, તેના હુકમન નકલ રજુ કરવા આપેલ સમય મર્યાદા.

(૧૩) મંડળીના તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૦૨ સુધીના ઓડિ નોંધમાં જણાવેલ ખામી નં. ૧૫ થી થયેલ ઓડિટરશ્રીની સુચન

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૭૨-૨૦૦૩.–ધી ગુજરા સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી કડી તાલુકા રાઈ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લી., મું મેડા આદરજ, તા. કડી, જિ મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ર ૧૫૨૬, તા. ૨૦-૭-૬૪ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧ ૪-૦૦ થી તા. ૩૧-૩-૦૧ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટ સ. મં., કડીને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જ નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓના ખા

INDEX

અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના આમુખ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી આમુખ-૩માં જણાવેલ વિગતે મુદત માંગતાં, મુદત આપતાં, આમુખ-૪માં જણાવેલ વિગતે સંસ્થાએ રજુઆત કરેલ હતી. આમુખ-૫માં જણાવેલ વિગતે સંસ્થાએ કરેલ રજુઆત અંગે સ્મૃતિપત્ર પાઠવતાં, આમુખ-૬માં જણાવેલ વિગતે સંસ્થાએ પ્રત્યુત્તર પાઠવેલ હતો. જે સંતોષકારક તથા કાયદાકીય જોગવાઈ સાથે સુસંગત ન જણાતાં, આમુખ-૭માં જણાવેલ વિગતે ઉક્ત મંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ની જોગવાઈ આધીન વચગાળાનો ફડચાનો આદેશ કરી, કલમ-૧૦૮ -(૧) અન્વયે ફડચા અધિકારી, તરીકે શ્રી એ. એન. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ.

ઉક્ત વચગાળાના ફડચાના કરેલ આદેશ સામે મંડળીએ આમુખ-૮માં જણાવેલ વિગતે જરૂરી આધાર, ઠરાવ, પૂર્તતા કરતાં તથા મંડળીના હોદ્દેદારોએ વિનંતી કરતાં, મંડળીના હિતને ધ્યાનમાં રાખી સંસ્થા ૧ વર્ષમાં હેતુ/ઉદ્દેશોની કામગીરી વાસ્તવિક કરે, તે શરતે વચગાળાનો આદેશ આમુખ-૯માં જણાવેલ વિગતે ઉઠાવી લઈ, ફડચા કાર્યવાહી બંધ કરવા હુકમ કરાયેલ હતો.

તેમ છતાં, છ માસની સમય મર્યાદામાં થવા છતાં, મંડળી તરફે ઉદ્દેશો મુજબની કામગીરી વાસ્તવિક કરી, તેનો પ્રગતિ કે અહેવાલ અત્રે રજુ ન કરતાં, અત્રેની કચેરીના તા. ૩૧-૫-૦૩ના પત્રથી આમુખ-૧૦માં જણાવેલ વિગતે મંડળીના હોદ્દેદારોને જાણ કરતાં, આમુખ-૧૧માં જણાવેલ વિગતે મંડળીએ તા. ૩-૬-૦૩ થી દિન-૧૫ ની મુદ્દત માંગેલ અને તા. ૩-૬-૦૩ના રોજ હાજર રહેલ. જે સંદર્ભે આમુખ-૧૨માં જણાવેલ વિગતે મંડળીને છ માસના સમય વિતવા છતાં, મંડળી તરફે તેના ઉદ્દેશો મુજબની કામગીરી અંગે પ્રોગ્રેસ અહેવાલ રજુ ન કરતાં, સદરહુ સંસ્થાએ આ અંગે કોઈ દાવો દાખલ કરાયેલ હોય તો, કોર્ટ/દાવા મેટરમાં થયેલ હુકમની નકલ રજુ કરવા સાંજ સુધીની સમય મર્યાદા આપેલ. તેમ છતાં, મંડળીના હોદ્દેદારોએ આપેલ સમય મર્યાદામાં આ અંગે કોઈ વિગત કે હુકમ / આદેશ / દાવા મેટરની વિગતો રજુ કરેલ નથી.

ત્યારબાદ, તા. ૧૩-૬-૦૩ના રોજ મંડળીના પ્રમુખશ્રીએ હાજર રહી મુદત માગતાં તા. ૧૮-૬-૦૩ની મુદ્દત માગેલ હતી.

તા. ૧૮-૬-૦૩ના રોજ મંડળીના પ્રમુખશ્રીએ હાજર રહી કેટલાક પત્રો રજુ કર્યા છે. તેમાં મેડાઆદરજ, શિયાપુરા વિગેરે ગ્રામ પંચાયતના ડાંગર ઉગાડવા અંગેના દાખલા રજુ કર્યા છે. તથા ૧ વર્ષમાં રાઈસ મીલ ચાલુ થાય તે માટે તેમણે કરેલ પ્રયત્નો વિશે જણાવેલ છે. જેમાં, મેનેજરશ્રીનો પગાર રૂા. ૭૦૦/- માંથી ઘટાડીને રૂા. ૫૦૦/- કરેલ છે.મીલના માટે રખેવાળ પણ રાખેલ નથી. ઈલેક્ટ્રીક બીલ ન આવે તે માટે પાવર વાપરવાનું બંધ કરેલ છે. ગોપી ટ્રેડીંગ કાં., ના લેણાં માટે કડી મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાવો કરેલ છે. તથા હવે પછી સિંચાઈની સગવડ વધશે ત્યારે, ડાંગરનું મોટું ઉત્પાદન થશે તેમ જણાવેલ છે.

ઉપરોક્ત રજુઆત નીચેના કારણો સહ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૧) મંડળીનો ઓડિટ વર્ગ-''ડ'' છે. ઓડિટ વર્ગ મંડળીના પેટાનિયમ પ્રમાણેની વહીવટી કામગીરી તથા ઉદ્દેશો પ્રમાણે સભાસદો/ગ્રાહકો માટે કરેલ પ્રવૃત્તિને લક્ષમાં લઈને આપવામાં આવે છે. ઓડિટ વર્ગ-'ડ' આપની મંડળીની નાજુક આર્થિક પરિસ્થિતિ / કામકાજનો ચિતાર રજુ કરે છે. મંડળી સ્થગિત છે, પ્રવૃત્તિશીલ કરેલ નથી.

(૨) મંડળીના આજુબાજુના વિસ્તારમાં ખેડૂતો પોતાના ખાનગી બોર ધરાવે છે. વિસ્તારમાં ખાનગી બોરવેલ હોઈ, સિંચાઈની પૂરતી સગવડો છે. મહેલાણા જિલ્લાની છેલ્લાં વર્ષની આઠ આની આનાવરી મહેસુલી વિભાગ તરફથી થયેલ છે. જેથી, વર્ષ સારૂ ગણી શકાય.

(૩) મેનેજરશ્રીનો પગાર ઘટાડવાથી સંસ્થાના નફાનો વધારો થવાનો કે ખોટ ઘટાડવાની શક્યતા નથી.

(૪) ડાંગરની ઓફ સીઝન હોઈ, તા. ૧-૧-૦૩ થી તા. ૩૦-૯-૦૩ સુધી પાવર વાપરવાનું બંધ કરેલ છે, તેવી મંડળીની રજુઆતમાં તથ્ય જણાતું નથી. કારણકે, પાવર ચાલુ હોય કે બંધ હોય તેમ છતાં, જી.ઈ.બી. ના નિયમ પ્રમાણે મીનીમમ ચાર્જ તો ભરવો જ પડે છે. જેથી, વાજળી ખર્ચમાં નહીવત જ કરકસર થઈ શકે.

(૫) ડાંગર ખરીદ-વેચાણ, પીલાણ, પ્રોસેસીંગ પ્રવૃત્તિ કરેલ ન હોઈ, ખોટનું પ્રમાણે ઘટવું અશક્ય છે.

(૬) કાર્ય વિસ્તારના મેડા આદરજ, શિયાપુરા ગામના ડાંગર ઉગાડવા-પકવવા અંગેના જે દાખલા રજુ કરેલ છે, તે ચોક્કસ આંકડાઓ સાથે નથી. હવે પછી આટલું બધું ઉત્પાદન દર્શાવવામાં આવે છે તો, અગાઉના વર્ષોમાં પણ તે પ્રમાણે ઉત્પાદન થયેલ હશે, તેમ છતાં, મંડળીએ કયા કારણસર પ્રવૃત્તિ હાથ ધરેલ ન હતી.

(૭) મંડળીનું કાર્યક્ષેત્ર સમગ્ર તાલુકો છે. જ્યારે, બે ગામના જ પાક પકવવાના દાખલા રજુ થયેલ છે અને અન્ય ગામના રજુ થયેલ નથી.

(૮) મડળીનું બાકી પડતું વસુલ કરવાનું લેણું મંડળી ફડચામાં જવાથી તેના ફડચા અધિકારી પણ વસુલ કરી શકે છે.

(૯) મેડા આદરજ ગામમાં, કે જ્યાં સંસ્થાની રાઈસ મીલ આવેલી છે, ત્યાં ૮ થી ૯ પ્રાઈવેટ રાઈસ મીલો હાલ કાર્યરત હોવાથી સંસ્થાને તેની સાથે હરીફાઈમાં ઉતરવું પડે તેમ હોઈ, બંધ સંસ્થા ભવિષ્યમાં પણ કાર્યરત થાય તેવી કોઈ શક્યતા જણાતી નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ :

શ્રી કડી તાલુકા રાઈસ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લી., મું. મેડાઆદરજ, તા. કડી, જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે-૧૫૨૬, તા. ૨૦-૭-૬૪ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ એ, સી (૨) (૪) અન્વયે આથી મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

INDEX

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદ્દતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુન, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નંબર નધણ/ઉ--૧૨૧૨૪/૧૨૪૫/૧૩૧૩/સને ૨૦૦૩.-આથી જાહેર કરે છે કે શ્રી ધીણોજ મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ધીણોજ, તાલુકો ચાણસ્મા, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-નો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ. ૧લી જુલાઈ, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધાઃ-

(૧) આ કચેરીના તારીખ ૨૬/૩/૨૦૦૨ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૭૦/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા.નં.ફડચ/ફ-૧૩૮૧૨/ધ-૨/૧૫૩/૫૯૫૯/૦૩.-ધી વડોદરા જિલ્લા વિદ્યુત કામદાર સહકારી મંડળી લિ., વડોદરા નોંધણી ક્રમાંક સે-૪૫૯, તારીખ ૧૧/૧૨/૭૯થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી - અધિકારી ફડચા નં. ૨ લગત કચેરીની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડતા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) આ કચેરીના તારીખ ૨૭/૩/૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૭૧/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કલમની-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા.નં.ફડચ/ફ-૧૩૮૧૩/ધ-૨/૧૫૪/૫૯૬૦/૦૩.-ધી જલારામ ગ્રાહક સહકારી મંડળી લિ., મું પાદરા તા. પાદરા જિ. વડોદરા નોંધણી ક્રમાંક ૩૪૬૩, તારીખ ૬/૨/૮૮થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી - અધિકારી ફડચા નં. ૩ લગત કચેરીની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડતા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચન છે.

વડોદરા, તારીખ ૨૬મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) આ કચેરીના તારીખ ૨૪/૪/૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૧૦૮/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા.નં.ફડચ/ફ-૧૩૮૧૪/ધ-૨/૧૫૫/૫૯૬૧/૦૩.-ધી તુલસીપુરા વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. તુલસીપુરા, તા. સાવલી, જિ. વડોદરા નોંધણી ક્રમાંક સા-૨૭૧૯ તારીખ ૧૯/૩/૯૩થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવાં છતાં તે

INDEX

પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી - અધિકારી ફડચા નં. ૩ લગત કચેરીની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચન છે.

વડોદરા, તારીખ ૨૬મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) આ કચેરીના તારીખ ૧૦/૪/૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ઘ-૨/૮૬/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ આદેશ

જા.નં.ફડચ/ફ-૧૩૮૧૫/ઘ-૨/૧૫૬/૫૯૬૨/૦૩.-ધી કરચીયા મત્સ્યોદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી લિ., તા. સાવલી, જિ. વડોદરા નોંધણી ક્રમાંક ૨૫-૫૨૨૮ તારીખ ૧૬/૭/૯૦થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી - અધિકારી ફડચા નં. ૨ ની નિમણૂંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડતા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચન છે.

વડોદરા, તારીખ ૨૬મી જુન, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વાંચ્યોઃ- શ્રી સહકારી અધિકારી ફડચા-૩ સુરતની તા. ૨૭/૫/ ૨૦૦૩ની પત્ર ક્રમાંક ફડચા/૦૩/૫/૨૦૦૩ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૭૪૪/ખ/૬૧૮/૩૮૦૮/૨૦૦૩.-ધી જયશીવકૃપા કો. ઓપ. હા. સો. લી. મુ. ઉમરા જકાતનાકા ડુમસ રોડ, સુરત તા. ચોર્યાસી જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. ઘ-૧૦૮૯૧ તારીખ ૧૯૮૪થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૪૪ જા/૩૭૮, તારીખ ૧૩/૬/૨૦૦૨ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળીના આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૩મી જુન, ૨૦૦૩.

વાંચ્યોઃ- શ્રી સહકારી અધિકારી ફડચા-૨ સુરતની તા. ૧૬/૬/ ૨૦૦૩ની પત્ર ક્રમાંક ફડચા/૦૨/૯૮/૨૦૦૩ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૭૭૯/૩૮૨૯/ખ/૬૧૭/૨૦૦૩.-ધી સર્વોદય વિકાસ સહકારી મંડળી પ્રા. લી. મુ. પો. બાજીપુરા તા. વાલોડ જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. સા-૨૯૨૪ તારીખ ૯/૫/૯૫ નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૭૯/૫/૯ તારીખ ૧/૧/૨૦૦૩ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળીના આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૨૩મી જુન, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/સા-૩૮૨૯/ઝ/૩૮૦૪/૩૩૧/૩૩૨/ સને૨૦૦૩.-આથી જાહેર કરે છે કે સિદ્ધક્ષેત્ર કોમ્પ્લેક્ષ 'એ' ટાવર કો. ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. ઉમરા, સુરત મર્યાદિત સ્થળ ઉમરા, સુરત તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૫મી જુન, ૨૦૦૩.

INDEX

ક્રમાંક ઉખસ/નધણ/ઉ-૧૨૨૧૩/ઝ/૩૯૦૦/૩૩૭/૩૩૮/ સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે મહુવા તાલુકા કડીયા અને કામદાર મજુર સહકારી મંડળી લી. ઝેરવાવરા મર્યાદિત સ્થળ ઝેરવાવરા, તાલુકો મહુવા, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૫મી જુન, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઘ-૨૦૫૦૩/ઝ/૩૯૯૨/૩૪૧/૩૪૨/ સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે રાધે-પાર્ક (જહાંગીરાબાદ) કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. જહાંગીરાબાદ, સુરત મર્યાદિત સ્થળ જહાંગીરાબાદ તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઘ-૨૦૫૦૪/ઝ/૩૯૯૩/૩૪૩/૩૪૪/ સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે શિવ (રાંદેર) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. રાંદેર, સુરત મર્યાદિત સ્થળ રાંદેર, સુરત તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઘ-૨૦૫૦૫/ઝ/૩૯૮૪/૩૪૫/૩૪૬/ સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે સુર્યોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અડાજણ, સુરત મર્યાદિત સ્થળ અડાજણ, સુરત તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઉ-૧૨૫૭૬/ઝ/૩૯૯૬/૩૪૭/૩૪૮/ સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે હજીરા વિભાગ મહિલા મજુર અને કામદારોની સહકારી મંડળી લી. મોરા મર્યાદિત સ્થળ મોરા તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/સા-૩૮૩૦/ઝ/૩૯૮૭/સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે બ્લુ ડાયમંડ કોર્મશીયલ કોમ્પ્લેક્ષ કો. ઓપ. સોસાયટી લી. હરીપુરા, સુરત વોર્ડ નં. ૫ મર્યાદિત સ્થળ હરીપુરા સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણી ક્રમાંક નં. ક/પચત/સહકાર/વશી/૨૪૮૪/૫૦/ સે.૩૦૧૫૯.—જીલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે વીરપુર તાલુકાની દૂધ મંડળીના કર્મચારીઓની શ્રી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મું. વીરપુર, તા. વીરપુર, જી. ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧/અ અન્વયે નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૨૭મી જુન, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ખેડા જીલ્લા પંચાયત, નડીયાદ.

મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. અધગ/નધણ/ઉ-૫૫૪૦/ક/૧૯૬/૧૧૪૪૦/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે નવસારી ડીસ્ટ્રીકટ યાર્ન કો. સો. લી. સ્થળ નવસારી તાલુકો નવસારી, જીલ્લો નવસારી.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૨૭મી જૂન, ૨૦૦૩.

ડી. કે. સુથાર,
મેનેજર (કે. વી. સી.આઈ.) અને
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
(ઉદ્યોગ) વલસાડ.

વંચાણમાં લીધોઃ-

શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદ. ની નોંધ તા. ૧૮/૦૬/૨૦૦૩.

હુકમ

નં. જી.ઉ.કે./નડદ/ફા.૧/૫૮૫/૭૦૧૫/સને૨૦૦૩.—પ્રગતિ ઈંટ ઉત્પાદક સ. મં. લી. બરોડા તા. માતર ની નોંધણી ક્રમાંક ઉ/૧૦૩૪૨ તારીખ ૨૦/૦૮/૯૧ થી કરવામાં આવી હતી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી

INDEX

મંડળી ઉદ્યોગ નડીયાદના હુકમ નંબર જી. ઉ. ક./નડદ/૧૧/૧૪૦૦૩ તારીખ ૨૦/૦૭/૯૬ થી ફડચામાં લઈ જવામાં આવી હતી સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધોઃ-

શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદ. ની નોંધ તા. ૧૮/૦૬/૨૦૦૩.

હુકમ

નં. જી.ઉ.કે./નડદ/ખ.૧/૫૮૬/૭૦૧૪/સને૨૦૦૩.—ધી ચરોતર ઈંટ ઉત્પાદક સ. મં. લી., વિદ્યાનગર ની નોંધણી ક્રમાંક ઉ/૪૬૫૩, તારીખ ૨૭/૦૮/૮૦ થી કરવામાં આવી હતી. જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી ઉદ્યોગ નડીયાદના હુકમ નંબર ફડચ/૪૪/૧૧/૧૩૨૭ તારીખ ૩૦/૦૮/૯૪ થી ફડચામાં લઈ જવામાં આવી હતી સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતુ ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

જાહેરનામું

ક્રમાંક જીઉકે/નડદ/ખ.૧/૭૦૧૭/૨૦૦૩.— નોંધણી ક્રમાંક ૫૭૩૫ તા. ૧/૭/૨૦૦૩ મેનેજર (ખાદી) અને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (ઉદ્યોગં), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદ. આથી નીચે મુજબ જાહેર કરૂં છું કે સૂચિત શ્રી સપના હસ્તકલા ઔદ્યોગિક ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લિ. નડીયાદ આથી નીચે મુજબ જાહેર કરૂં છુ.

સૂચિત શ્રી સપના હસ્તકલા ઔદ્યોગિક ઉત્પાદન અને વેચાણ સહકારી મંડળી લી. નડીયાદ તા. નડીયાદ જી. ખેડા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ (નવ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

એ. જે. જોષી,
મેનેજર (કે. વી. સી. આઈ.),
અને જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, JULY 24, 2003 / SRAVANA 2, 1925 [No. 30

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	551-562
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	30
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	451-471
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	9289 9346

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (૧)બી મુજબ.

ક્રમાંક ગ/ઉપક/૧૨૦/૨૦૦૩.- હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ (બોમ્બે એક્ટ અ.નં.-૨૨ ૧૯૫૧) ની કલમ ૩૩ ની પેટા કલમ (૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહનવ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરું છું.

તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩ના રોજ અમદાવાદ શહેરમાં જગન્નાથ મંદિરની ૧૨૬મી નગર રથયાત્રા નિમિત્તે અમદાવાદ શહેરના નીચે જણાવેલ વિસ્તારોના જાહેર માર્ગોને તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩ અને તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩ના રોજ દિન ૨ દિવસ પુરતો "નો પાર્કિંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે છે.

INDEX

જમાલપુર દરવાજા બહાર જગન્નાથ મંદિરથી જમાલપુર ચકલા વૈશ્યસભા, ગોળ લીમડા, આસ્ટોડીયા ચકલા, મદન ગોપાલની હવેલી, રાયપુર ચકલા, ખાડિયા જુનો ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચ કુવા, કાલુપુર સર્કલ, કાલુપુર બ્રિજ, સરસપુર, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, દિલ્હી ચકલા, બેચર લશ્કરની હવેલી, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઔત્તમ પોળ, આર. સી. હાઈસ્કૂલ, દિલ્હી ચકલા થી ઘી કાંટા રોડ, પાનકોરનાકા, ફુવારા, ચાંલ્લા ઓળ, સાંકડી શેરીના નાકેથી માણેક ચોક શાક માર્કેટ, દાણાપીઠ, ખમાસાથી જગન્નાથ મંદિર સુધીનો વિસ્તાર.

આ જાહેરનામાનો અમલ તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩ ના રાત્રે ૦૦-૦૦ થી તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩ ના રાત્રે કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૭મી જૂન, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-સને ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૩૩/૨૦૦૩.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને આ જીલ્લામાં જાહેર શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, વલસાડ જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તા. ૧૧મી જુલાઈ, ૨૦૦૩ થી તા. ૨૪મી જુલાઈ, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) કોઈપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભસ્ત સુત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧ સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિતઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

૨ જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતે.

૩ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુંમાં વધું એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-સને ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૩૪/૨૦૦૩.— મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ -૩૭ ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજૂરી વિના વલસાડ જીલ્લામાં તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૩થી તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૦૩ સુધી અનઅધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધું માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતાં, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૧૨/૨૦૦૩.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ–૩૭-(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૩ થી તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩નાં રોજ અલુણાના તહેવારને તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૩થી તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધાં) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેવો ફેલાવો કરવાની,

અપવાદ : આ હુકમ ખંડ(ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનો ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમઈડી/કોલેરા/વશી/૨૧૪૯/૨૦૦૩.-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર જી.પં./જાઆ/ઈપીસી/કોલેરા/૧૫૦, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩ થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને કોલરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા નિવેદન કરેલ છે.

ઉક્ત નિવેદન વિચારણામાં લઈને ઈ.પી.ડી. એક્ટ ૧૮૯૭ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે. તેની જોગવાઈ હેઠળ હું, રાજીવ ટોપનો, આઈ.એ.એસ. કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટના કોલમ-૧માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે, કોલમ નં. ૨માં જણાવેલા વિસ્તારને કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂં છું. તથા કોલમ નં. ૩માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમનાં નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરૂં છું.

	કોલેરા ગ્રસ્ત વિસ્તાર	કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણુંક થયેલ અધિકારીશ્રી
૧.	નિકોરા, તાલુકા ભરૂચ.	ભરૂચ શહેર અને ભરૂચ તાલુકો.	મામલતદારશ્રી, ભરૂચ.
૨.	ભરૂચ શહેર.		

આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩.

રાજીવ ટોપનો,
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) નગરા તેલીબીયાં ઉત્પાદક સ. મં. લી., મુ. નગરા, તા. ખંભાતને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક :ફડચ/૦૧/ચ/૩૬૪/૨૦૦૩, તા. ૧૬-૫-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૪૪૮/૨૦૦૩.-નગરા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નગરા, તા. ખંભાત, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર સે- ૨૦૫૩૫, તા. ૨૯-૫-૧૯૮૪થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી કિંખલોડ જૂથ પિયત સ. મં. લી., મુ. કિંખલોડના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૭-૬-૦૩નો પત્ર નં. ફડચ/૫૮/ચ-૪૪૨/ ૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૪૯/૦૩.- શ્રી કિંખલોડ જૂથ પિયત સહ. મંડળી લી., મુ. કિંખલોડ, તાલુકા બોરસદ, જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી.પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે ૩૨૨૪, તા. ૪-૬-૯૦ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ હુકમ નંબર ઉ.ખ.સ./ ક.જ./ફડચા/ગ-૨/૫૬૬/૯૭, તારીખ ૨૯-૧૧-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જય ખોડિયાર પિયત સ. મં. લી., મુ. ગોરેલના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૭-૬-૦૩નો પત્ર નં. ફડચ/૪૩/ચ-૪૪૩/ ૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૫૦/૦૩.- શ્રી જય ખોડિયાર પિયત સહ. મંડળી લી., મુ. ગોરેલ તાલુકા બોરસદ, જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી.પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે ૩૪૦૯, તા. ૨૮-૩-૯૧ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હુકમ નંબર ઉ.ખ.સ./ ક.જ./ફડચા/ગ-૨/૨૧, તારીખ ૧૯૯૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જય અંબિકા પિયત સ. મં. લી., મુ. સામરખાના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૭-૬-૦૩નો પત્ર નં. ફડચ/સપ/ચ-૪૪૪/ ૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૫૧/૦૩.- શ્રી જય અંબિકા પિયત સહ. મંડળી લી., મુ. સામરખા, તાલુકા આણંદ, જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી.પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે. ૩૫૩૮, તા. ૨૬-૧૧-૯૨ થી નોંધવામાં આવી હતી જેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ હુકમ નંબર ઉ.ખ.સ./ ક.જ./ફડચા/ગ-૨/૧૮૯/૯૭, તારીખ ૧૫-૪-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને

INDEX

૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ની ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમથી તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી જૂન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આણંદ તાલુકા ગ્રામ વિકાસ મંડળ સ. મં. લી., મુ. આણંદ, તા. આણંદને ફડચામાં લઇ જવાનો એડીશનલ ઓડીટર સ.મં. નડીઆદનો તા. ૯/૬/૨૦૦૩ નો ખાસ અહેવાલ. મંડળના વહીવટદારશ્રીનો તા. ૩૦-૧-૨૦૦૩નો પત્ર.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૪૪૭/૧૪૯૪૫/૦૩.- આણંદ તાલુકા ગ્રામ વિકાસ મંડળ મુકામ આણંદ, તાલુકો આણંદ, જીલ્લોને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી.પં., આણંદની ઓફીસના નોંધ નંબર ૫૯૩૪, તા. ૧૫-૭-૧૯૨૭ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરું કરવું.

આણંદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીની તારીખ ૧૯/૬/૨૦૦૩ના રોજની સંસ્થામાં કસ્ટોડીયનની નિમણુંક કરવા અંગેની ભલામણ કરતી નોંધ.

(૨) સંસ્થામાં કસ્ટોડીયન તરીકે શ્રી શૈલેષભાઈ રમણલાલ દેસાઈ ખંભાતની નિમણુંક કરવા અંગે સંસ્થાના સભ્યોનો તા. ૧૦/૬/૨૦૦૩નો વિનંતીપત્ર.

જા. નં. સકક/૦૧/જ/૨૨૫/૨૦૦૩.–ખંભાત શુભલક્ષ્મી મીલકામદાર સહકારી શાખવાળી મંડળી લિ. ખંભાત તા. ખંભાત જી. આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી ધીરાણ મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પ્રવર્તમાન પેટા નિયમ, સહકારી કાયદા/કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે. જેનાથી મંડળીના કર્મચારીઓ તથા કાર્યવાહકો વાકેફ હોય છે જ.

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ (૧) માં જણાવેલ અત્રેની કચેરીની તા. ૧૯-૬-૨૦૦૩ની નોંધ અનુસાર શુભલક્ષ્મી મીલ બંધ થઈ જતાં મંડળીનું દફતર મીલમાં રહી જવા પામેલ છે. ત્યા લીકવીડેટર દ્વારા સીલ કરવામાં આવેલ છે. મંડળી બંધ થઈ ત્યારથી તેનું હિસાબી દફતર લખવાનું બાકીમાં છે. મંડળીના સભાસદોની રજૂઆત મુજબ મંડળીમાં કસ્ટોડીયનની નિમણુંક કરવામાં આવે તો તેઓ દ્વારા દફતર મેળવી બાકીના હિસાબો લખાવી આગળની કાર્યવાહી થઈ શકે તેમ છે. આમ મંડળી ઘણાં સમયથી બંધ હોઈ ત્યાં મંડળીમાં કોઈ વ્ય. કમીટી અસ્તિત્વમાં ન હોઈ સહકારી કાયદાની કલમ-૭૪ (ઘ) હેઠળની કાર્યવાહી કરવી મંડળી તથા મંડળીના સભાસદોના હિતમાં ઉચિત જણાંતા ઉપર સંદર્ભ (૨)માં જણાવેલ સભાસદોના કસ્ટોડીયન નિમવા અંગેના વિનંતીપત્રને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. કોટેચા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૭૪(ઘ) હેઠળ મળેલ અધિકારની રૂએ, ખંભાત શુભલક્ષ્મી મીલ કામદાર સહકારી શાખવાળી મંડળી લિ. ખંભાત તા. ખંભાત જિ. આણંદનો વહીવટ ચલાવવા સારૂ શ્રી શૈલેષભાઈ રમણલાલ દેસાઈ મુ. તા. ખંભાત જિ. આણંદની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરું છું. સદરહું નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્ય. કમીટી ચૂટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે.

આણંદ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) ચિતરવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ચિતરવાડા તા. તારાપુર, જિ. આણંદની ૧૧ સભ્યોની વ્ય. કમીટી પૈકી આઠ વ્ય. ક. સભ્યોએ રાજીનામાં આપેલ હોવાની જાણ કરતો મંડળીના સેક્રેટરીશ્રીનો તા. ૧૧-૭-૦૩નો પત્ર.

જા. નં. સકક/૦૧/જ/૨૪૧/૨૦૦૩.-ચિતરવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ચિતરવાડા, તા. તારાપુર, જી. આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ હેઠળ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નોંધાયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પ્રવર્તમાન પેટા નિયમ, સહકારી કાયદા/કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે. જેનાથી મંડળીના કર્મચારીઓ તથા કાર્યવાહકો વાકેફ હોય છે જ.

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ (૧) માં જણાવેલ અત્રેની કચેરીની તા. ૧૧-૭-૨૦૦૩ના પત્રમાં જણાવેલ વિગતે મંડળીના ૧૧ સભ્યોની વ્ય. કમીટી પૈકી ૮ વ્ય. કમીટી સભ્યોએ મંડળી બંધ હાલતમાં હોવાથી એક સામટાં રાજીનામાં આપેલ હોવાનું જણાવેલ છે તથા પત્ર સાથે ૮ વ્ય. કમીટી સભ્યોના રાજીનામાપત્રો પણ સામેલ કરેલ છે. આ સંજોગોમાં વ્ય. કમીટીના સભ્યો પૈકી ફક્ત ૩ સભ્યોની નોન કોરમ સંખ્યા મંડળીનો વહીવટ ચલાવવા સક્ષમ ન હોવાથી મંડળીના વહીવટમાં શૂન્યાવકાશ સર્જાતાં સહકારી કાયદાની કલમ ૭૪(ઘ) હેઠળની કાર્યવાહી કરવી.

મંડળી તથા મંડળીના સભાસદોના હિતમાં ઉચિત જણાતાં મંડળીનો વહીવટ ચલાવવા સારૂ કસ્ટોડીયનની નિમણુંક માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૭૪(ઘ) હેઠળ મળેલ અધિકારની રૂએ, ચિતરવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ચિતરવાડા તા. તારાપુર, જિ. આણંદની વ્ય. કમીટીની જગ્યાએ મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી જશવંતભાઈ મગનભાઈ પટેલ મુ. નાર તા. પેટલાદ, જિ. આણંદની નિમણુંક કરું છું. સદર હું નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી છ માસ સુધીનો રહેશે. કસ્ટોડીયનનું માસિક મહેનતાણું રૂા. ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) મંજુર કરૂં છું. કસ્ટોડીયનના માસિક મહેનતાણાનો ખર્ચ મંડળીએ ભોગવવાનો રહેશે.

આણંદ, તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

નંબર નધણ/ઉ--૧૨૧૨૫/ક-૨/૧૯૮૨/સને ૨૦૦૩.-આથી જાહેર કરે છે કે ધી એ. એ. મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ માંડોત્રી તાલુકો પાટણ જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૩.

નંબર નધણ/સે--૩૨૭૨૧/ક-૨/૧૨૬૭/સને ૨૦૦૩.-આથી જાહેર કરે છે કે છમીછા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ છમીછા તાલુકો ચાણસ્મા જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

નંબર નધણ/ગ-૨/સે. દૂધ/૩૩૭૫૧/૨૦૨/૦૩.-આથી જાહેર કરે છે રાજપરી દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ રાજપરી તાલુકો સંખેડા જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૬મી જુન, ૨૦૦૩.

નંબર નધણ/ગ-૨/સે. દૂધ/૩૩૭૫૨/૨૦૩/૦૩.-આથી જાહેર કરે છે કદવાલ દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ કદવાલ તાલુકો જેતપુર પાવી જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૬મી જુન, ૨૦૦૩.

નંબર નધણ/ગ-૨/સે. દૂધ/૩૩૭૫૩/૨૦૪/૦૩.-આથી જાહેર કરે છે માલઘી ગૃપ દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ માલઘી તાલુકો છોટાઉદેપુર જીલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૨૬મી જુન, ૨૦૦૩.

નંબર નધણ/ગ-૨/સે. દૂધ/૩૩૭૫૪/૨૧૦/૦૩.-આથી જાહેર કરે છે કે વિરપાડી દૂધ ઉત્પાદક સ. મં. લી. **મર્યાદિત સ્થળ** વિરપાડી, **તાલુકો** જેતપુર પાવી **જીલ્લો** વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

નંબર નધણ/ગ-૨/સે. દૂધ/૩૩૭૫૫/૨૧૩/૦૩.-આથી જાહેર કરે છે દીનદયાળ નગર વિભાગ-૧ કો. ઓપ. હા. સર્વિસ સો. લી. ૧/૩ **મર્યાદિત સ્થળ** વડોદરા, **તાલુકો** વડોદરા **જીલ્લો** વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

(૨) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, વડોદરાના તારીખ ૬-૧-૨૦૦૩ નો પત્ર નં. અષણ/૦૧/ક. ૧/૧૭ થી કરેલ ખાસ અહેવાલ.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ઘ. ૧/૫૯ તારીખ ૧-૨-૨૦૦૩.

જા. નં. વહટ/૦૧/ઘ. ૧/૨૨૪/૬૩૯૫/૦૩.-ધી ધોલપુર ગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. ધોલપુર, તા. સંખેડા, જી. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર સંસ્થાનું તા. ૧-૪-૦૧ થી ૩૧-૩-૦૨ સુધીના સમયનું ઓડીટ ઓડીટર સહકારી મંડળીઓ, સંખેડા દ્વારા કરવામાં આવેલ છે. ઓડીટ સમય દરમ્યાન નીચે મુજબની ક્ષતિઓ જણાઈ આવતા જિલ્લા સ્પેશ્યલ ઓડિટર, સહકારી મંડળીઓ, વડોદરા દ્વારા ખાસ અહેવાલ કરવામાં આવે છે.

(૧) સંસ્થાએ વર્ષ ૧૯૭૮ પછીથી ખેતી વિષયક ધિરાણ પુરૂં પાડેલ નથી.

(૨) સંસ્થાએ તેના ધિરાણ બાકીની વસુલાત ઓછી કરેલ છે.

(૩) મંડળી છેલ્લા ઘણા સમયથી કામકાજ કરતી બંધ પડેલ છે અને હાલ સ્થગિત અવસ્થામાં છે.

(૪) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૫) મંડળીની વ્યવસ્થાપક કમિટિની મીટીંગ પેટા નિયમ મુજબ મળવામાં આવતી નથી.

(૬) પાછલા વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી વાસ્તવિક ધોરણે કરવામાં આવેલ નથી.

(૭) મંડળીમાં રૂા. ૪૩,૪૫૩/- ની ખોટ રહેવા પામેલ છે, તેમજ સરકારશ્રીની ઓડીટ ફી આજદીન સુધી ભરવામાં આવેલ નથી.

(૮) દાવા તેમજ વસુલાતની કાર્યવાહી કરવામાં આવતી નથી.

આમ, ઉપરોક્ત વિગતો જોતાં મંડળી મજકૂરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક. લી., વડોદરાને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી, સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી.મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઈ મંડળી વહીવટ અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કમાં વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી ધોલપુર ગૃપ સેવા સહકારી મંડળી લી., ધોલપુર, તા. સંખેડા, જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીના રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતો વખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક વહટ/૦૧/ધ. ૧/૬૩-૦૩, તારીખ ૫-૨-૨૦૦૩.

જા. નં. વહટ/૦૧/ધ. ૧/૨૨૭/૬૩૯૬/૦૩.-ધી અલ્હાદપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. અલ્હાદપુરા, તા. જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો આ કામે હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થા સ્થગિત હોવા અંગે અમિષભાઈ અમીરભાઈ વ્હોરા તેમજ અન્ય સભ્યોએ તારીખ ૧-૮-૨૦૦૧ના રોજ અરજી કરેલ છે તેમજ તા. ૨૦-૮-૨૦૦૧ના રોજ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પંચાયત વડોદરાએ આ અંગે નોટીસ પણ આપેલ હતી. તેમજ તા. ૧-૯-૨૦૦૧ના રોજ આપના તરફથી અરજીના સંદર્ભમાં જરૂરી જવાબ પાઠવવામાં આવેલ હતો.

પરંતુ સંસ્થા તેના ઉદેશ મુજબ ખેત ધિરાણ, ખાતર, દવા, બિયારણ વગેરેની કામગીરી કરતી નથી, તેમજ સંસ્થા સ્થગિત હાલતમાં હોવાનું જણાવે છે. મંડળીની કારોબારીની મીટીંગ દર માસે નિયમિત મળવામાં આવતી નથી.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાયેલ છે.

(૧) વર્ષ ૧૯૯૮-૯૯માં ખેતી વિષયક ધિરાણ વસુલાત થયેલ નથી, તેમજ ડેડસ્ટોકની ખરીદી રૂા. ૧,૪૪૦/- ની કરવામાં આવી છે. પગાર ખર્ચ રૂા. ૬,૦૦૦/- તેમજ બોનસ ખર્ચ રૂા. ૧,૫૦૦/- ચુકવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં ધિરાણ વસુલાત થયેલ નથી. પગાર ખર્ચ રૂા. ૬૦૦૦/- થયેલ છે.

(૩) વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં ધિરાણ વસુલાત થયેલ નથી. પગાર ખર્ચ રૂા. ૫,૧૦૦/- થયેલ છે.

(૪) મંડળીમાં કુલ ૨૯ સભ્યો મુદતવીતી બાકીદાર છે.

(૫) તા. ૨૮-૯-૨૦૦૧ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભામાં કુલ ૧૫ સભ્યો હાજર હતા તેમજ હાજર રહેલ સભ્યોએ હિસાબોની માંગણી કરેલ હતી. તેમજ કમિટિ સભ્યોના નામો જણાવવા રજુઆત કરેલ છે. મંડળીના સભાસદો તરફથી વસુલાતની રકમ ભરવા છતાં તેની પાવતી આપવામાં આવતી નથી. સભાસદોને શેર સર્ટીફીકેટ પણ આપવામાં આવેલ નથી.

INDEX

આમ, ઉપરોક્ત વિગતો જોતાં મંડળી મજકૂરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી, તેમજ મંડળી ચાલી શકે તેવી કોઇ શકયતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમિટિને દૂર કરી તેની જગ્યાએ ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક. લી., વડોદરાને વહીવટદાર તરીકે નિમવાનું મંડળીની વ્યવસ્થાપક કમિટિને ઉકત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી, સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, પરંતુ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઇ, મંડળી વહીવટ અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઇ મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઇ, આ સંજોગોમાં મંડળીને બેન્કના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી અલ્હાદપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. અલ્હાદપુરા, તા.જિ. વડોદરાની વ્યવસ્થાપક કમિટિને બરતરફ કરી મંડળીના વહીવટદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો.ઓપ. બેન્ક લી., વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમિટિના તમામ અધિકારો ભોગવવાનો રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળી વડોદરાના નિયંત્રણ અને સંમતિ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે તેમજ મંડળીના સભાસદોના હિતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૫મી જુલાઇ, ૨૦૦૩.

ડી. જી. દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, વડોદરા.

સે. ક્રમાંક ઉખસ/નધણ/દઅમ/ખ.૨/૩૫૩/સે. ૩૩૫૯૯/૨૦૦૩.- જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કલીયારી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., કલીયારી મર્યાદિત સ્થળ કલીયારી તાલુકો, જિ. પંચમહાલ સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) ફડચા અંગેની વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/ખ. ૩/૫૧૬, તા. ૨૩-૪-૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ /ફડચ/૦૧/ખ. ૩/૬૦૧.-ધી ગોલ્લાવ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ.પો. ગોલ્લાવ, તા. ગોધરા, જિ. પંચમહાલ નોંધણી ક્રમાંક સે.દૂ. ૧૮૧૩૩ તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૮૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧થી જણાવવામાં આવેલ હતુ છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/ખ. ૩/૫૧૪, તા. ૨૩-૪-૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩)ની જોગવાઇ.

ફડચા અંગેનો અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ /ફડચ/૦૧/ખ. ૩/૬૦૨.-એન. કે. સોલંકી, આઇ.ટી.આઇ. તથા જયદિપસિંહ ઉત્તર બુનિયાદી વિદ્યાલયના કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લી., છબનપુરા, તા. ગોધરા જિ. પંચમહાલ નોંધણી ક્રમાંક સે. ૨૭૭૧૬ તા. ૧૦મી જુલાઇ, ૧૯૯૫ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૧માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જઇ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રૂબરૂ રજુઆત કરવા માટે પણ આમુખ-૧થી જણાવવામાં આવેલ હતુ છતાં મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચા) ગોધરાએ

INDEX

ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૦૩.

જે. જી. પંડયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગોધરા.

નંબર નધણ/૦૧/ક/૧૨૧૬/સે. દુ.-૩૪૯૨૭/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે ધી દેરોલકંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ દેરોલકંપા, તાલુકો ખેડબ્રહ્મા, જીલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧ના ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૫-૨૦૦૩ ની કારણદર્શક નોટીસ પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૦૪૫/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૪૮/૨૭૬૪/૨૦૦૩.—ધી જયગુરુદેવ મજુર કામદાર સહકારી મંડળી લી., મું. ટીંટોઇ, તા. મોડાસા, જિ. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. આ મંડળીનું તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ ઓડીટર, ગ્રેડ-૨, સં. મં. મોડાસા ધ્વારા કરવામાં આવેલ છે. મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપુર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળી પેટા નિયમ-૨ મુજબના ઉદ્દેશો મુજબ કામગીરી છેલ્લા ૩ વર્ષ ઉપરાંતથી કરતી નથી. એટલે કે મંડળીએ કામકાજ બંધ કરેલ છે.

(૨) પેટા નિયમ-૧૬ મુજબ વાર્ષિક સાધારણ સભા બોલાવવામાં આવતી નથી. કે વ્ય. કમીટીની રચના થતી નથી.

(૩) પેટા નિયમ-૨૩ મુજબ દર મહીને વ્ય. કમીટીની મીટીંગ બોલાવવામાં આવતી નથી.

(૪) મંડળી પેટા નિયમ-૨૬ અન્વયે વ્ય. કમીટી ટેન્ડરથી કે અન્યથા કામો મેળવી સભાસદોને રોજીરોટી પુરી પાડતી નથી.

(૫) મંડળીએ મંજુરી વિના રૂા. ૨૮,૫૦૦/- શેર ભંડોળ ચુકવી આપ્યું છે.

(૬) મંડળી અર્થક્ષમ થઇ શકે તેમ જણાતું નથી.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી તા. ૧૬-૬-૨૦૦૩ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ નથી. પરંતુ સદર મુદતે મંડળી તરફથી હાજર રહેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ધી જય ગુરૂદેવ મજુર કામદાર સહકારી મંડળી લી., મું. ટીંટોઈ, તા. મોડાસા, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (એ) સી (ii) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરું છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત/મૌખિક રુબરુ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રૂબરુ રજુઆત કરવા તા. ૭-૮-૨૦૦૩ ના રોજ ૧૩-૦૦ કલાકે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ રજુઆત ખુલાસો કે રજુઆત કરવામાં નહીં આવે તો મુદત વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવ્રશે.

હિંમતનગર, તારીખ ૪થી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના તા. ૩૦-૬-૨૦૦૩ ની કારણદર્શક નોટીસ પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૦૫૨/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૩૪૯/૨૭૭૦/૨૦૦૩.—ધી ઉખલા ડુંગરી ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી., મું. ઉખલા ડુંગરી, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા, એ ગુજરાત સહકારી મંડળીઓના

અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમો અનુસાર કરવાનો રહે છે. આ મંડળીનું તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ ઓડીટર, ગ્રેડ-૧, સ. મં. હિંમતનગર ધ્વારા કરવામાં આવેલ છે. મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપુર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઈ આવેલ છે.

(૧) સંસ્થાએ પાછલા ઓડીટ નોંધાવી વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૨) સંસ્થા હાલ સ્થગિત છે. કોઈ કામગીરી કરતી નથી.

(૩) તા. ૨૦-૯-૯૧ પછી વ્ય. કમીટીની બેઠક મળેલ નથી.

(૪) તા. ૨૯-૬-૯૪ પછી મંડળીની વા. સા. સભા મળેલ નથી.

(૫) તા. ૨૨-૪-૯૪ પછી સંસ્થામાં કોઈ વસુલાત આવેલ નથી.

(૬) સંસ્થાના કાર્યવાહકોને સંસ્થા ચાલુ રાખવામાં કોઈ રસ જણાતો નથી. દફતરી કામકાજ અધુરું છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી તા. ૧૬-૬-૨૦૦૩ ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ધી ઉખલા ડુંગરી ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી., મું. ઉખલા ડુંગરી, તા. વિજયનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (એ)(બે) (સી) (ii) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરું છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત/મૌખિક રુબરુ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રુબરુ રજુઆત કરવા તા. ૭-૮-૨૦૦૩ ના રોજ ૧૩-૩૦ કલાકે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ રજુઆત ખુલાસો કે રજુઆત કરવામાં નહીં આવે તો વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તારીખ ૪થી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના તા. ૧૮-૨-૨૦૦૨ના વહીવટદારની નિમણુંકના આદેશ ક્રમાંક વહટ /૦૧/ગ/૫૧૬/૦૨.

(૪) ધી સા. કાં. જિ. મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરના તા. ૧૫-૫-૦૩નો પત્ર ક્રમાંક લોન્સ/વહીવટ/૪૬/૪૦૫૨.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૦૧/ગ/૧૩૫૫/૨૭૬૭/૨૦૦૩.—ધી પીપોદરા ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી., (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે)મું. પો. પીપોદરા, તા. બાયડ, જિ. સાબરકાંઠા, અસને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ૨૯૭૦, તારીખ ૯-૫-૧૯૮૯ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીએ કાયદા કાનુન અને મંડળીના મંજુર થયેલ પેટા નિયમોને આધીન રહીને કામગીરી કરવાની હોય છે. સંસ્થાનો વહીવટ તેની ચુંટાયેલી પેટા સમિતિ મારફતે ચાલતો હોય છે. સદર સંસ્થામાં વહીવટી પરિસ્થિતિ કથળતાં આમુખ - ૩ થી અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વ્ય. કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ હતો. વહીવટદાર તરીકે ધી સા. જિ. મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણુંક કરવામાં આવેલ હતી.

મંડળીની સને ૨૦૦૨/૦૩ ની વાર્ષિક સાધારણ સભા વહીવટદારશ્રી દ્વારા તા. ૨-૫-૦૩ ના રોજ બોલાવેલ હતી. સદરહુ વાર્ષિક સાધારણ સભા ઠરાવ નં. ૫ થી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવા સર્વાનુમતે ઠરાવેલ છે.

મંડળીમાં છેલ્લા ચાર વર્ષથી વાત્રક ડેમમાં અપુરતા વરસાદને કારણે પાણી ન આવવાના કારણે મંડળીની બેંક લોન ઉપર વ્યાજનું ભારણ વધતુ રહે છે. અને મંડળીની આર્થિક પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળતી જાય છે.

ઉપરોક્ત હકીકતે આ મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળી અર્થક્ષમ રીતે કાર્ય કરી શકે તેમ ન હોવાથી મંડળીને ફડચામાં લઈ જવી જરૂરી જણાય છે.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાની અનિવાર્ય જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) (બી) હેઠળ ધી પીપોદરા ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી

INDEX

મંડળી લી., મુ. પો. પીપોદરા, તા. બાયડ, જી. સાબરકાંઠાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણુંક કરું છું.

ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશ તારીખથી એક માસની મુદતમાં લેખિત/મૌખિક રૂબરુ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન કોઈ ખુલાસો કે રજુઆત કરવામાં નહીં આવે તો મુદત વીતેથી સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

હિંમતનગર, તારીખ ૪થી જુલાઈ, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. સાબરકાંઠા,
હિંમતનગર.

વંચાણે લીધા :-

(૧) ચકલાસી સેવા સહકારી સ. મં. લી., મુ. ચકલાસી, તા. નડીયાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૬૫/૨૦૦૩, તા. ૨૩-૫-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૨૪૩/૨૦૦૩.-ચકલાસી સેવા સહકારી મંડળી લી., મુ. ચકલાસી, તા. નડીયાદ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીયાદની ઓફીસના નોંધ નંબર તા. થી નોંધવવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) કાપડીની વાવ દૂધ ઉ. સ. મં. લી., મુ. કાપડીનીવાવ, તા. કપડવંજને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૯૯/૨૦૦૩, તા. ૩૧-૫-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૨૪૪/૨૦૦૩.-કાપડીનીવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ કાપડીનીવાવ, તા. કપડવંજ, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીયાદની ઓફીસના નોંધ નંબર તા. થી નોંધવવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) સ. મં. નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) ખૂંટજ સેવા સ. મં. લી., મુ. ખૂંટજ તા. મહુધાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૧૭૪/૨૦૦૩, તા. ૨૩-૫-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૨૪૫/૨૦૦૩.-ખૂંટજ સેવા સહકારી મંડળી લી., મુકામ ખૂંટજ, તા. મહુધા, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીયાદની ઓફીસના નોંધ નંબર તા: થી નોંધવવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) સાંઢેલી તમાકુ ઉત્પાદક સ. મં. લી., મુ. સાંઢેલી, તા. ઠાસરાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.

(૨) ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૦૩/૨૦૦૩, તા. ૪-૬-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૨૪૬/૨૦૦૩.-સાંઢેલી તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સાંઢેલી, તા. ઠાસરા, જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત નડીયાદની ઓફીસના નોંધનંબર તા. થી નોંધવવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)

INDEX

જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) સ. મં. નડીયાદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

મેનેજર (કેવીસીઆઈ) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો વચગાળા આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ગ/૭૪૧, તા. ૧૧-૧૧-૯.

(૨) આ કચેરીની ફાઈલ ઉપરની તા. ૪-૭-૦૩ ની નોંધ.

જાવક નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૩૬/૬૫૨૭/૨૦૦૩.--આમુખ - ૧માં વંચાણે લીધેલા વચગાળાના હુકમથી આ જિલ્લાની ધી વીરપુર વણકર ઔદ્યોગિક સ. મં. લી., મુ. વીરપુર તા. પાલનપુર જિ. બનાસકાંઠાને ફડચામાં લઈ જવા માટે મંડળીને જરૂરી કારણો દર્શાવેલ જે બાબતે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હાય તો તે માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા તરફથી આજદિન સુધીમાં કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

અંતિમ આદેશ

આથી ધી વીરપુર વણકર ઔદ્યોગિક સ. મં. લી., મુ. વીરપુર તા. પાલનપુર જિ. બનાસકાંઠાની નોંધણી મદદનીશ જિલ્લા રજિસ્ટારશ્રી, (જિ. પં.) બનાસકાંઠા, પાલનપુરના નોંધણી ક્રમાંક ઉખસ-૬૦૫૦, તા. ૧૩-૩-૯૦થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી(ફડચો) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તો તેઓએ ફડચાની કામગીરી ત્રણ (૩) વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૩.

અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સ. મં. (ઉદ્યોગ) અને મેનેજર
(કે.વી.સી.આઈ.), જિલ્લા
ઉદ્યોગ કેન્દ્ર, બ. કાં. પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, JULY 31, 2003 / SRAVANA 9, 1925 [No. 31

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	563-580	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	473-492
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	31	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	9347-9473

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૧ હેઠળનું

ક્રમાંક એસબી/જાહેરનામું/૨૧/૨૦૦૩.- સુરત શહેરમાં શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું વિનીતકુમાર ગુપ્તા, આઈ. પી. એસ. પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧માંની પેટા-કલમ ૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૫મી જુલાઈ, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તા.૩૧મી જુલાઈ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની ;

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની ;

(ઘ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની ;

(ચ) વ્યકિત અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય તે વ્યક્તિઓને ;

૨. પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેન અશકિતનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓને;

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ જથી જુલાઇ, સને ૨૦૦૩નાં રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Read : (1) District Court, Nadiad, circular No. 3 of 2003, Dtd, 17-4-2003.

(2) Orders granting the summer Vacation to the Judicial Officers working in this Kheda District.

Notification

No. ADM/1267 of 2003.– The following Judicial Officers were allowed to enjoy Vacation for the period shown in Col. No. 3 and prevented for the period shown in Col. No. 5 during the Summer Vacation from 12th May, 2003 to 15th June, 2003, both days inclusive (35 DAYS) under the Provision of the Rule-741 read the Rule-743 of B. C. S. Rules.

Sr. No.	Name & Designation of the Judicial Officers	Period for which Vacation Enjoyed From To	Days	Period for which Vacation Prevented From To	Days
1	2	3	4	5	6
1.	Ms. H. M. Velani Civil Judge, (S. D.) Nadiad.	12-05-2003 to 15-06-2003	35	---	00
2.	Mr. A. D. Trivedi, 2nd joint Civil Judge (SD) & JMFC, Nadiad	12-05-2003 to 09-06-2003	29	10-06-2003 to 15-06-2003	06
3.	Mr. R. M. Desai, 4th Jt Civil Judge, (SD) & JMFC, Nadiad.	12-05-2003 to 25-05-2003	14	26-05-2003 to 15-06-2003	21
4.	Mr. P. A. Patel, 6th Jt. Civil Judge, (SD) & JMFC, Nadiad.	12-05-2003 to 25-05-2003	14	26-05-2003 to 15-06-2003	21
5.	Mr.K. B. Maghnani, 8th Jt. Civil Judge, (SD) & JMFC, Nadiad.	10-06-2003	01	12-05-2003 to 09-06-2003 11-06-2003 to 15-06-2003	34

INDEX

1	2	3	4	5	6
6.	Mr. C. B. Patel, Joint Civil Judge, (SD) & JMFC, Anand.	15-05-2003 to 16-05-2003 03-06-2003 to 06-06-2003	06	17-05-2003 to 02-06-2003 07-06-2003 & 15-06-2003	29
7.	Mr. V. H. Joshi, 2nd Joint Civil Judge, (JD) & JMFC, Anand.	16-05-2003 to 29-05-2003	14	12-05-2003 to 15-05-2003 30-05-2003 to 15-06-2003	21
8.	Ms. M. M. Patel,, 4th Jt. Civil Judge, (JD) & JMFC, Anand.	19-05-2003 to 11-06-2003	24	12-05-2003 to 18-05-2003 12-06-2003 to 15-06-2003	11
9.	Mr. V. A. Darbar, Civil Judge, (JD) & JMFC, Matar.	19-05-2003 to 20-05-2003 26-05-2003 to 28-05-2003 06-06-2003 09-06-2003 to 10-06-2003	08	12-05-2003 to 18-05-2003 21-05-2003 to 25-05-2003 29-05-2003 to 05-06-2003 07-06-2003 to 08-06-2003 11-06-2003 to 15-06-2003	27
10.	Mr. A. Y. Dave, Civil Judge (JD) & JMFC, Mahemdabad.	29-05-2003 to 04-06-2003 12-06-2003 to 15-06 2003	14	12-05-2003 to 25-05-2003 05-06-2003 to 11-06-2003	21
11.	Mr. K. R. Prajapati, Civil Judge, (JD) & JMFC, Kapadwanj.	---	00	12-05-2003 to 15-06-2003	35
12.	Mr. S. H. Patel, Joint Civil Judge, (JD) & JMFC, Kapadwanj.	12-05-2003 to 18-05-2003 12-06-2003 to 15-06-2003	11	19-05-2003 to 11-06-2003	24
13.	Mr. B. P. Pujara, Civil Judge, (JD) & JMFC, Balasinor.	12-05-2003 to 25-05-2003	14	26-05-2003 to 15-06-2003	21
14.	Mr. P. V. Shrivastav, Civil Judge, (JD) & JMFC, Dakor.	12-05-2003 to 22-05-2003	11	23-05-2003 to 15-06-2003	24
15.	Mr. V. D. Parmar, Civil Judge, (JD) & JMFC, Umreth.	12-05-2003 to 25-05-2003	14	26-05-2003 to 15-06-2003	21
16.	Mr. H. L. Pandya, the then 3rd Joint Civil Judge, (S.D.), Nadiad.	15-05-2003 29-05-2003 to 30-05-2003 02-06-2003 to 15-06-2003	17	12-05-2003 to 14-05-2003 16-05-2003 to 28-05-2003 31-05-2003 to 01-06-2003	18
	Now Joint Civil Judge, (S.D.), Junagadh, THROUGH : THE DISTRICT JUDGE, JUNAGADH.				
17.	Mr. N. N. Parmar, the then 4th Joint Civil Judge, (S.D.), & JMFC Nadiad.	12-05-2003 to 31-05-2003	20	01-06-2003 to 15-06-2003	15
	Now Metropolitan Magistrate, Ahmedabad. THROUGH : THE CHIEF METRO. MAGISTRATE, A' BAD.				
18.	Mr. D. R. Rami, the then 5th Joint Civil Judge, (S.D.), & JMFC Nadiad.	12-05-2003 to 17-05-2003 03-06-2003 to 06-06-2003 10-06-2003 to 12-06-2003	14	18-05-2003 to 02-06-2003 07-06-2003 to 09-06-2003 13-06-2003 to 15-06-2003	21
	Now Jt. C. J. (S.D.), Bhavnagar, THROUGH : THE DISTRICT JUDGE, DISTRICT COURT, BHAVNAGAR.				
19.	Mr. S. J. Jadav, the then 7th Joint Civil Judge, (S.D.), & JMFC Nadiad.	02-06-2003 to 15-06-2003	14	12-05-2003 to 01-06-2003	21
	Now Civil Judge (S.D.), Porbandar, THROUGH : THE DISTRICT JUDGE, JUNAGADH.				

INDEX

1	2	3	4	5	6
20.	Mr. N. A. Anjaria, the then Joint Civil Judge, (J.D.), & JMFC Nadiad.	16-05-2003 05-06-2003 to 15-06-2003	12	12-05-2003 to 15-05-2003 17-05-2003 to 04-06-2003	23
	Now 4th Jt. C. J., (J.D.), Ahmedabad, THROUGH THE DISTRICT JUDGE, (A'bad Rural) AHMEDABAD.				
21.	Mr. V. K. Pathak, the then 2nd Joint Civil Judge, (J.D.), Nadiad.	09-06-2003 to 15-06-2003	07	12-05-2003 to 08-06-2003	28
	Now Joint Civil Judge, (J. D.), Dholka, THROUGH THE DISTRICT JUDGE, A'Bad (Rural) A'BAD.				
22.	Mr. D. R. Swaminarayan, the then 3rd Joint Civil Judge, (J.D.), & JMFC Nadiad.	12-05-2003 to 16-05-2003 19-05-2003 to 27-05-2003 02-06-2003 to 03-06-2003 05-06-2003 09-06-2003 to 12-06-2003	14	17-05-2003 to 18-05-2003 20-05-2003 to 26-05-2003 28-05-2003 to 01-06-2003 04-06-03 & 6-6- to 8-6-03	21
	Now 2nd Jt.Civil Judge (J.D.), Mahesana, THROUGH THE DISTRICT JUDGE, MAHESANA.				
23.	Mr. L. G. Chudasama, the then 4th Joint Civil Judge, (J.D.), & JMFC Nadiad.	02-06-2003 to 05-06-2003 10-06-2003 to 12-06-2003	08	12-05-2003 to 01-06-2003 04-06-2003 to 09-06-2003 13-06-2003 to 15-6-2003.	27
	Now 8th Jt.C. J., (J. D.), Ahmedabad, THROUGH : THE DISTRICT JUDGE, A'bad (Rural) AHMEDABAD.				
24.	Mr. R. G. Chaudhary, Civil Judge, (S. D.), (Senior Division) Anand,	12-05-2003 to 13-06-2003 17-05-2003 to 21-05-2003 27-05-2003 to 01-06-2003 03-06-2003 to 04-06-2003 06-06-2003 to 12-06-2003	22	14-05-2003 to 16-05-2003 22-05-2003 to 26-05-2003 02-06-2003 & 05-06-2003 13-06-2003 to 15-06-2003	13
	Now Civil Judge, (Senior Division), Palanpur, THROUGH : THE DISTRICT JUDGE, PALANPUR.				
25.	Mrs. A. N. Anjaria, the then 2nd Joint Civil Judge, (J.D.), & JMFC Anand.	16-05-2003 05-06-2003 to 15-06-2003	8	12-05-2003 to 15-05-2003 17-05-2003 to 04-06-2003	23
	Now 4th Jt.C. J., (J. D.), Ahmedabad, THROUGH : THE DISTRICT JUDGE, A'bad (Rural) AHMEDABAD.				
26.	Mr. S. V. Sharma, the then 3rd Joint Civil Judge, (J. D.), & JMFC, Anand.	26-05-2003 05-06-2003 to 15-06-2003	12	12-05-2003 to 25-05-2003 27-05-2003 to 04-06-2003	23
	Now 8th C. J., (J. D.), Ahmedabad, THROUGH : THE DISTRICT JUDGE, A'bad (Rural) AHMEDABAD.				
27.	Mr. R. G. Vekaria, the then Civil Judge, (J. D.), & JMFC, Borsad.	18-05-2003 to 15-06-2003	29	12-05-2003 to 17-05-2003	06
	Now Civil Judge, (J. D.), Tharad, THROUGH : THE DISTRICT JUDGE, PALANPUR.				
28.	Mr. B. G. Dave, the then Civil Judge, (J. D.), & JMFC, Petlad.	15-05-2003 to 19-05-2003 26-05-2003 06-06-2003 to 11-06-2003	12	12-05-2003 to 14-05-2003 20-05-2003 to 25-05-2003 27-05-2003 to 05-06-2003 12-06-2003 to 15-06-2003	23
	Now Civil Judge, (J. D.), Devgadh-Baria, THROUGH : THE DISTRICT JUDGE, GODHRA.				

1	2	3	4	5	6
29.	Mr. A. G. SHAIKH, the then Joint Civil Judge, (J. D.), Petlad.,	27-05-2003 09-06-2003 to 12-06-2003	05	12-05-2003 to 26-05-2003 28-05-2003 to 08-06-2003 13-06-2003 to 15-06-2003	30
	Now 3rd Jt. Civil Judge, (J. D.), Surat, THROUGH : THE DISTRICT JUDGE, SURAT.				
30.	Mr. A. K. GUPTA, the then Civil Judge, (J. D.), & J.M.F.C., Khambhat,	02-06-2003 to 15-06-2003	14	12-05-2003 to 01-06-2003	21
	Now Civil Judge, (Junior Division), Mahua, THROUGH : THE DISTRICT JUDGE, BHAVNAGAR.				
31.	Mr. V. I. SALAT, the then Joint Civil Judge, (J. D.), & J.M.F.C., Khambhat;	28-05-2003 to 01-06-2003	05	12-05-2003 to 27-05-2003 02-06-2003 to 15-06-2003	30
	Now 2nd Jt. C. J. (J. D.), Surat, THROUGH : THE DISTRICT JUDGE, SURAT.				
32.	Mr. A. D. ANERAO, Civil Judge, (JD) Kheda.	16-05-2003 to 21-05-2003 09-06-2003 to 15-06-2003	13	12-05-2003 to 15-05-2003 22-05-2003 to 08-06-2003	22
	Now Joint Civil Judge, (Junior Division), Himatnagar, THROUGH : THE DISTRICT JUDGE, HIMATNAGAR.				
33.	Mr. M. P. PATEL, the then Civil Judge, (JD). & JMFC, Dakor,.	03-06-2003 to 15-05-2003	13	12-05-2003 to 02-06-2003	22
	Now Civil Judge, (J. D.), Deodar, THROUGH : THE DISTRICT JUDGE, PALANPUR.				

Nadiad, 14th July, 2003.

C. K. RANE,
District Judge,
Kheda at Nadiad.

Notification

No. ADM/10/521/2003 :- The result of the Departmental Examinations for the members of staff of the Judicial Department, held on July 07 & 08, 2003, in the District Court, Navsari is hereby declared as under :-

I

Higher standard departmental examination :

1. The following examinee who appeared in all the papers is declared successful in the Higher Standard Departmental Examination.

	Name	Total Marks Obtained
(1)	MR. K. K. CHAUHAN, Assistant, Court of the Assistant Judge, Navsari.	342

2. The following examinees who appeared with examption obtained in one, or more than on paper in previous attempts, are declared successful in the Higher Standard Departmental Examination.

(1) MRS. M. J. PATEL,
Assistant,
Court of the 3rd Joint Civil Judge (J. D.),
Navsari.

INDEX

(2) MRS. J. H. PATEL,
Assistant,
Court of the Civil Judge (J. D.),
Chikhli.

(3) MR. S. P. PATEL,
Assistant,
Taluka Legal Service committee,
Chikhli.

3. Following examinees appeared at the Higher Standard Departmental Examination is not succeeded, but as she has obtained 50 percent or more, of the total marks, in the paper shown against her name, is exempted from appearing for the same paper again.

	Name	Paper No.
(1)	MRS. N. D. PATEL, Assistant, Court of the Joint District Judge (F. T. C.), Navsari.	II

II

Lower Standard Departmental Examination :

1. The following examinees who appeared in all the papers are declared successful in the Lower Standard Departmental Examination :-

	Name	Total Marks Obtained
(1)	MR. Y. H. SUTHAR, Assistant, Court of the Civil Court (S. D.), Navsari.	375
(2)	MR. H. K. JADAV, Assistant, Office of the District Government Pleader, Navsari.	365
(3)	MRS. U. P. PATEL, Assistant, Court of the Civil Court (J. D.), Chikhli.	298

2. The following examinee who appeared with examption obtained in the one, or more then one paper, in previous attempts, is declared successful in the Lower Standard Departmental Examinarion.

(1) MR. P. C. RAVAL,
Assistant,
Court of the Civil Judge (S. D.),
Gandevi.

Navsari, 16th July, 2003.

R. P. DHOLARIA,
District Judge,
Navsari.

INDEX

ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા

અધિસુચના

ક્રમાંક : વહીવટી/૧૦/૫૨૧/૨૦૦૩.- ૨૦૦૩ના જુલાઇ મહિનાની ૭ અને ૮ તારીખે નવસારી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં લેવાયેલ ન્યાયખાતાના કર્મચારીગણના માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ છે.

૧

ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષા :

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલ આ નીચે જણાવેલ પરીક્ષાર્થીને, ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

	નામ	મેળવેલ કુલ ગુણ
(૧)	શ્રી કે. કે. ચૌહાણ, આસીસ્ટન્ટ, આસીસ્ટન્ટ જજની કોર્ટ, નવસારી.	૩૪૨

૨. નીચેના પરીક્ષાર્થીઓ, કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નોમાં, એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઇને બેઠા હતા, તેઓને પણ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

(૧) શ્રીમતિ એમ. જે. પટેલ,
આસીસ્ટન્ટ,
૩જા જોઇન્ટ સિવિલ જજ (જે. ડી.)ની કોર્ટ,
નવસારી.

(૨) શ્રીમતિ જે. એચ. પટેલ,
આસીસ્ટન્ટ,
સિવિલ જજ (જે. ડી.)ની કોર્ટ,
ચીખલી.

(૩) શ્રી એસ. પી. પટેલ,
આસીસ્ટન્ટ,
તાલુકા કાનૂની સેવા સમિતિ,
ચીખલી.

૩. નીચે મુજબનાં પરીક્ષાર્થી જે ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને જેઓ પરીક્ષામાં અનુઉત્તીર્ણ થયા છે, પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ, કુલ ગુણમાંથી મેળવેલા હોય, તેને તે જ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુક્તિ આપવામાં આવે છે.

	નામ	પેપર નંબર
(૧)	શ્રીમતિ એન. ડી. પટેલ, આસીસ્ટન્ટ, જોઇન્ટ ડિસ્ટ્રિક્ટ જજ (ફાસ્ટ ટ્રેક) ની કોર્ટ, નવસારી.	બીજુ

૨

નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષા :

૧. બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાર્થીઓને, નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

	નામ	મેળવેલ કુલ ગુણ
(૧)	શ્રી વાય. એચ. સુથાર, આસીસ્ટન્ટ, સિવિલ જજ (સી. ડી.)ની કોર્ટ, નવસારી.	૩૭૫

	નામ	મેળવેલ કુલ ગુણ
(૨)	શ્રી એચ. કે. જાદવ, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રિક્ટ ગવર્નમેન્ટ પ્લીડરની કચેરી, નવસારી.	૩૬૫
(૩)	શ્રીમતિ યુ. પી. પટેલ, આસીસ્ટન્ટ, સિવિલ જજ (જે. ડી.)ની કોર્ટ, ચીખલી.	૨૯૮

૨. નીચેના પરીક્ષાર્થી, કે જે આ પરીક્ષામાં, તેમના અગાઉના પ્રયત્નોમાં, એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઈને બેઠા હતા, તેને પણ નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ કરવામાં આવે છે.

(૧) શ્રી પી. સી. રાવલ,
આસીસ્ટન્ટ,
સિવિલ જજ (સી. ડી.)ની કોર્ટ,
ગણદેવી.

નવસારી, તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩.

આર. પી. ઢોલરિયા,
ડિસ્ટ્રિક્ટ જજ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યુ :

(૧) ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડના પત્ર નં.દ.ન.સં.વિ./પીબી-૨/દેવધા/૭૦૨, તારીખ ૮-૪-૨૦૦૩.

(૨) પોલીસ અધિક્ષકશ્રી નવસારીનાં પત્ર નં. વહટ/સીબી/મકન/જાહેરનામું/૫૮૪૯/વશી-૯૯૫/૦૩, તારીખ ૩-૬-૨૦૦૩.

(૩) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીના પત્ર નં. એમએજી/દેવસરોવર/જાહેરનામું/વશી-૫૯૬૮/૨૦૦૩ તારીખ ૨૦-૬-૨૦૦૩.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩-૧ (ખ) અન્વયેનો

નંબર ડીસીબી/એમએજી/કલમ-૩૩ (૧)(ખ)/વશી-૨૫૧૭ થી ૨૫૩૦/રજી-૧૩/૨૦૦૩.-નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં કાર્યપાલક ઈજનેરશ્રી દમણગંગા નહેર સંશોધન વિભાગ વલસાડએ આમુખ-૧ માનાં પત્રથી 'દેવસરોવર' યોજનાની વિયર સહિત બન્ને છેડે આવેલ લગત વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત કરી છે.

દેવસરોવર નિયત આયોજન મુજબ કાર્યરત થયેલ છે. સદરહુ યોજનાનો મુખ્ય હેડ વર્કસ પૈકીનો વિયરનો ભાગ અંબિકા નદીનાં બન્ને કાંઠાના દેવસર અને ભાઠા-દેવધા ગામને જોડતો હોય દેવસરોવરના કોંક્રિટ વિયર ઉપરથી બંન્ને તરફના કાંઠાના ગામના લોકો આવન-જાવન કરે છે. તેમજ આ ગામની મહિલાઓ પણ કપડા ધોવા આવતી હોય છે. સદર જળાશયમાંથી વધારાનું પાણી વિયરની ઉપરની સપાટી પરથી ઓવર ફ્લો થાય છે. જેથી પાણીના કારણે શેવાળ રહેવાની શક્યતા રહેલી છે. જેથી ગામ લોકોના તેના ઉપરથી આવન-જાવન થવાના સમયે તેમજ કપડા ધોવાના સમયે લપસી પડવાનો ભય રહેલ છે. અને સરોવરના વધારે ઉંડાઈવાળા પાણીના કારણે અને અવરનવર દરિયાઈ ભરતીના પાણી આવવાના કારણે અકસ્માતના બનાવો બનવાની શક્યતા રહેલ છે.

આથી કોઈ અકસ્માતના બનાવ ન બનવા પામે તે હેતુથી જાહેર જનતા માટે ઉપર મુજબના વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ ની ૨૨ ની કલમ-૩૩ની પેટાકલમ (૧) નાં ક્લોઝ (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ઉપર મુજબ તારીખ ૧૪-૭-૨૦૦૩ થી ઉપર મુજબના વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે અનાદર કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (૨૨ માં)ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૪મી જુલાઈ ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

INDEX

વાંચ્યુ :

(૧) ચીફ ઓફીસરશ્રી, નવસારી નગરપાલિકા ના પત્ર નં.જા.ન.૧૮૯/૦૩-૦૪, તારીખ ૩૦-૪-૨૦૦૩.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીનાં પત્ર નં. વહટ/સીબી/મકન/વશી-૧૦૮૬/૬૨૪૭/૦૩, તારીખ ૧૨-૬-૨૦૦૩.

(૩) સબ ડીવીઝન મેજીસ્ટ્રેટશ્રી નવસારીનાં પત્ર નં. એમએજી/દુધિયા તળાવ/જાહેરનામું/વશી-૮૦૦૯/૦૩ તારીખ ૨૬-૬-૨૦૦૩.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩-૧ (ખ) અન્વયેનો

નંબર ડીસીબી/એમએજી/વશી-૨૫૩૬ થી ૨૫૫૨/રજી.૧૨/૨૦૦૩.-નવસારી શહેરમાં નગરપાલિકા દ્વારા શાકભાજી માર્કેટની પાસે આવેલ રે. સ.નં. ૨૬૩ પૈકીની જમીન તળાવ સદરે ચાલતી અને દુધિયા તળાવના નામે ચાલી આવેલ છે. સદર દુધિયા તળાવના વિકાસના કામે તેમાં બાંધેલા અનઅધિકૃત ઝુપડાઓનું દબાણ દૂર કરી અહીં જળ સંચયના ભાગરૂપે તળાવનો વિકાસ કરવાની કામગીરી નવસારી નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

સદર તળાવના શોપીંગ સેન્ટરનાં પાછળના ભાગે અંદાજીત ૩.૦ મીટર જેટલુ ખોદાણ કરી ઉંડુ કરવામાં આવેલ છે. સદર જગ્યા શહેરની મધ્યમા તથા ગીચ વસ્તીવાળા બજાર વિસ્તારમાં આવેલ છે. હાલ ચોમાસાની સીઝનમાં આ વિસ્તારમાં પાણીનો સંગ્રહ થનાર છે. જે સંજોગોમાં તળાવમાં રાહદારીઓ તથા નાના બાળકોના આવન જાવન સમયે આકસ્મિક બનાવ બનવાની શક્યતા રહેલ છે. આથી કોઈ દૂર્ઘટના બનવા ન પામે તે હેતુથી જ્યાં સુધી તળાવના વિકાસની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી જાહેર જનતા માટે ઉપર મુજબના વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧) ની ૨૨ ની કલમ-૩૩ની પેટા કલમ (૧) નાં ક્લોઝ (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ઉપર મુજબ તારીખ -૭-૨૦૦૩ થી તળાવનાં વિકાસની કાર્યવાહી પૂર્ણ થતાં સુધી ઉપર મુજબનાં વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું. આ કલમ મુજબનો બહાર પાડેલ હુકમ મ્યુનિસિપલ વિસ્તારનાં નિવાસીઓની સલામતીને લગતો હોય, આ હુકમ યથા પ્રસંગે મ્યુનિસિપલના કાયદા નિયમ કે પેટા કાયદાને આધિન રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે અનાદર કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (૨૨ માં)ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી જુલાઈ ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વાંચ્યુ :

(૧) નવસારી હાઈસ્કુલ શોપીંગ સેન્ટરનાં દુકાન તથા ઓફિસ ધારકો દુધિયા તળાવ, પેટ્રોલ પંપ સામે, નવસારીની તારીખ ૨૧-૧-૨૦૦૩ ની અરજી.

(૨) પોલીસ અધિક્ષકશ્રી નવસારીનાં પત્ર નં. વહટ/સીબી/મકન/૩૯૧૪/૦૩, તારીખ ૧૦-૪-૨૦૦૩.

(૩) ચીફ ઓફીસરશ્રી નવસારી નગરપાલિકા, નવસારીના પત્ર નં. જા. નં. ૫૧૩/૦૩, તા. ૧૦-૪-૨૦૦૩.

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારીનાં પત્ર નં. એમએજી/રીક્ષા સ્ટેન્ડ/જાહેરનામું/વશી-૮૦૦૮/૦૩, તારીખ ૨૬-૬-૨૦૦૩.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩-૧ (સી) અન્વયેનો

નં. ડીસીબી/એમએજી/રજી.૦૧/વશી-૨૫૫૩ થી ૨૫૬૬ / ૨૦૦૩.-પોલીસ અધિક્ષકશ્રી નવસારીએ તારીખ તારીખ ૧૦-૪-૨૦૦૩ ના રોજ અત્રે હેવાલ મોકલી જાણ કરેલ છે, કે નવસારી હાઈસ્કુલ પાસે રીક્ષા સ્ટેન્ડ આવેલ છે. સદર જગ્યાએ તાજેતરમાં નવસારી નગરપાલિકા તરફથી ડીવાઈડર બનાવી સ્ટેચ્યુ મુકવા માટે સર્કલ બનાવવામાં આવેલ છે. આ વિસ્તારમાં નવસારી હાઈસ્કુલ, બનાતવાળા હાઈસ્કુલ તથા પેટ્રોલ પંપ આવેલ હોવાથી તેમજ રીક્ષાઓ ઉભી રહેતી હોવાથી આ રીક્ષા સ્ટેન્ડ રાહદારી, સ્કુલના વિદ્યાર્થી, તેમજ ટ્રાફિકને ખૂબ જ અડચણરૂપ થાય છે. આ સંજોગોમાં નવસારી હાઈસ્કુલ પાસે આવેલ રીક્ષા સ્ટેન્ડ ખસેડી કુંભારવાડ શહીદ ચોક પાસે લઈ જવામાં આવે તો ટ્રાફિક સમસ્યા મહદ અંશે નિવારી શકાય તેમ છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને, ૧૯૫૧ ના ૨૨ માંની) કલમ-૩૩ ની પેટા કલમ-(૧)નાં ક્લોઝ (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નીચેના નિયમો કરૂ છું.

પહેલા નિશ્ચિત કરેલ રીક્ષા સ્ટેન્ડ	હાલમાં નિશ્ચિત કરેલ રીક્ષા સ્ટેન્ડ
નવસારી હાઈસ્કુલ	કુંભારવાડ શહીદ ચોક

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની ૨૨ માની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી જુલાઈ ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩-ની પેટા કલમ-૧ (સી) હેઠળ

નં. જેલ/વશી/૨૩૪૦/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧

INDEX

(૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (સી) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાંનો ખરડો ઉક્ત અધિનિયમની કલમ-૩૩ ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આથી નોટીસ આપવામાં આવે છે કે, કડી શહેરમાં રીક્ષા પાર્કિંગ સ્ટેન્ડ જાહેર કરવા બાબતના પ્રાથમિક જાહેરનામાને સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૧ (એક) માસ પુરો થયા બાદ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા આ ખરડો વિચારણામાં લઈ આખરી જાહેરનામાથી સદર બાબતનાં રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા આદેશ કરશે.

સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૧ (એક) માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી લેખિત વાંધા-સુચનો અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણાને મળશે, તો તે વિચારણામાં લેવામાં આવશે.

ખરડો :-

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મા)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ની કલમ-'સી' થી મને મળેલ સત્તાની રૂએ હું, આઈ. જી. પરીખ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા, કડી શહેરના રસ્તા અને ટ્રાફિકને અનુલક્ષીને પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાની તારીખ ૪-૭-૨૦૦૩ની દરખાસ્ત અનુસાર પરિશિષ્ટ-'ક' માં દર્શાવ્યા મુજબનાં રીક્ષા સ્ટેન્ડ નક્કી કરવા આદેશ કરૂં છું.

પરિશિષ્ટ-ક

અ.નં.	વિસ્તાર	રીક્ષાની સંખ્યા
(૧)	શકરપુરાના નાકે પાણીની ટાંકી પાસે, કડી.	૧૫
(૨)	હાઈવે ત્રણ રસ્તા કોલેજના કોટ પાસે, કડી.	૨૦
(૩)	જય કિશન પેટ્રોલ પંપ પાસે, કડી.	૮
(૪)	થોળ રોડ પાણીની ટાંકી પાસે, કડી	૧૫
(૫)	ભાવપુરા ઠાકોર ભુવનની બાજુમાં, કડી.	૧૦
(૬)	પટેલ ભુવનની બાજુમાં, કડી.	૧૦
(૭)	કડી દેત્રોજ રોડ, ખોડીયાર ચેમ્બર આગળ, કડી.	૧૦
(૮)	શેફાલી સિનેમા ચાર રસ્તા પાસે,	૧૫
(૯)	તીન બત્તી ચોક, કડી.	૧૦
(૧૦)	ગાંધી ચોક જુના બસ સ્ટેન્ડના દરવાજા પાસે, કડી.	૦૫
(૧૧)	ભાગ્યોદય જનરલ હોસ્પીટલની આગળ, કડી.	૧૫
(૧૨)	ઝાંપલીયાવાસ, આદુંદરા રોડ, તળાવ ઉપર, કડી.	૧૫

આજ તારીખ ૧૦મી માહે જુલાઈ,૨૦૦૩ ના રોજ મારી સહી કરી કોર્ટના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડ્યું.

આઈ. જી. પરીખ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
મહેસાણા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. પી. ઓ. એલ/એસ. આર ૧૯/૨૦૦૩.– આણંદ જિલ્લાના ઘુંટેલી ગામે તા. પેટલાદ પ્રા. આ. કેન્દ્ર, મોરડ ખાતે એક કેસ કોલેરા પોઝીટીવ માલુમ પડેલ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદ જિલ્લા પંચાયતના તા. ૧૫મી જુલાઇ, ૨૦૦૩નો અહેવાલ ધ્યાને લેતાં કોલેરા ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલાં રૂપે મોજે ઘુંટેલી, તા. પેટલાદને કોલેરાગ્રસ્ત જાહેર કરવું જરૂરી બનેલ છે.

સને ૧૮૯૭ના વાવડ રોગ અધિનિયમની કલમ -૨ (બ) વંચાણે લેતાં અને કલમ ૨-થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી આર. બી. દવે, કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ આથી મોજે ઘુંટેલી ગામને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂં છું. તેમજ ઘુંટેલી થી આજુબાજુના ૧૦ કિ.મી. વિસ્તારના ગામોને કોલેરાભયગ્રસ્ત જાહેર કરૂં છું.

આ અંગે જરૂરી પગલાં લેવા સારૂં મામલતદારશ્રી, પેટલાદને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂં છું. આ જાહેરનામું તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપેલ છે.

આર. બી. દવે,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :–

(૧) મંત્રીશ્રી, મહેસાણા-બનાસકાંઠા, પેટ્રોલીયમ ડીલર્સ એસોસિએશનની તા. ૧૬-૪-૨૦૦૩ની માંગણી.

(૨) અત્રેના હુકમ નં. સપ/કસન/વશી/૧૨૫/૯૮ તા. ૫/૧/૧૯૯૮

(૩) અત્રેના હુકમ નં. સપ / કસન / વ / ૨૪૭૩ થી ૨૫૦૦ / ૨૦૨ તા. ૩/૮/૨૦૦૨

(૪) પાટણ જિલ્લા કેરોસીનના પરિવહન ખર્ચ સમિતિની તા. ૩-૬-૨૦૦૩ની મીટીંગની કાર્યવાહી નોંધ.

(૫) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફિકશેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩.

હુકમ

નંબર સપ/કસન/ભાવ બાંધણી/વશી./૬૫૧થી૬૮૦/૨૦૦૩.– આમુખ-૧થી મંત્રીશ્રી, મહેસાણા-બનાસકાંઠા જીલ્લા પેટ્રોલીયમ પ્રોડકટસ ડીલર્સ એસોસીએશને તેમના તા. ૧૬મી એપ્રિલ, ૨૦૦૩ના પત્રથી ડીઝલના ભાવમાં વધારો થયેલ હોઇ તથા પરિવહન દરને અસર કરતાં

INDEX

અન્ય પરિબળો જેવા કે ટેન્કરના ટ્યુબ-ટાયર તથા સ્પેર પાર્ટના ભાવમાં પણ થયેલ ભાવ વધારો ધ્યાનમાં લઇ પ્રવર્તમાન પરિવહન દર સને ૧૯૯૮માં નકકી થયેલ છે. તેમાં ૧૦૦ ટકા જેટલો વધારો કરી આપવા માંગણી કરેલ છે.

આમુખ-૨ના હુકમથી છેલ્લે તા. ૫/૨/૧૯૯૮ પરિવહન દર નકકી કરવામાં આવેલ છે. તે મુજબ ૦ થી ૧૦ કિ.મી. સુધીના રૂા. ૧૪૩/ ૧૦ થી ૮૫ કિ.મી. સુધીના રૂા. ૧૭૧.૬૦૨ અને ૮૫ કિ. મી. ઉપર કિ. મી. દીઠ રૂા. ૧.૦૪ દર પ્રતિ કિલોમીટર પ્રતિ કિલો લીટર દીઠ નકકી કરવામાં આવેલ છે. ત્યાર બાદ પરિવહન દરમાં કોઇ વધારો આપેલ નથી.

આમુખ-૩થી પાટણ જીલ્લાના જુદા જુદા કેન્દ્ર માટે કેરોસીન એજન્ટ, જથ્થાબંધ વિક્રેતા તેમજ છુટક વિક્રેતાઓના સિધ્ધપુર (સુજાણપુર) ડેપોથી પ્રાપ્ત થતા કેરોસીનના વેચાણ ભાવ ઠરાવવામાં આવેલ છે.

નામ. સરકારશ્રીના અન્ન ના. પુ. અને ગ્રા. બા. વિભાગના તારીખ ૧૦મી મે, ૧૯૯૯ના ઠરાવ ક્રમાંક કસન/૧૬૯૮-૧૦૮૬-(અ)થી કેરોસીન પરિવહન દર નકકી કરવા માટે નિયત થયેલ જીલ્લાની સમિતીની બેઠક તારીખ ૩જી જુન, ૨૦૦૩ના રોજ મળેલ જેમાં ચર્ચા વિચારણાના અંતે હાલના પ્રવર્તમાન કેરોસીન પરિવહન દરમાં ૨૦ ટકા વધારો કરવાનુ જીલ્લા કક્ષાની પરિવહન દર સમિતિમાં સર્વાનુમતે ઠરાવેલ છે. જેથી પરિવહન દરમાં નીચે મુજબ વધારો થવાથી કેરોસીનના સેન્ટરવાઇઝ ભાવની બાંધણી નવેસરથી કરવાની થાય છે.

(૧) ટુંકા અંતર માટે લઘુત્તમ ૦ થી ૧૦ કી.મી. સુધી રૂા. ૧૭૮.૭૫ પૈસા

(૨) ૧૦ થી ૮૫ કિ.મી. સુધીના અંતર માટે રૂા. ૨૧૪.૫૦ પૈસા

(૩) ૮૫ કિ.મી. ઉપરના અંતર માટે કિ. મી. દીઠ રૂા. ૧.૩૦

સબબ આમુખ-૫ની જોગવાઇથી મળેલ સત્તાની રૂએ હું, જે. ડી. ભાડ (જી.એ.એસ.) કલેકટર પાટણ કેરોસીનના કેન્દ્રવાર તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૩થી નીચે મુજબ કેરોસીનના વેચાણ ભાવ ઠરાવું છું.

અનુ. નંબર	કેન્દ્રનું નામ	કેરોસીન એજન્ટ જથ્થાબંધ વિક્રેતાને ૧૦૦૦ લીટર વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઇલર/ફેરીયાને ૧૦૦૦ લી. વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા	રીટેઇલર/ ફેરીયાઓએ ગ્રાહકને ૧ લીટર વેચાણ આપવાનો ભાવ રૂા. પૈસા
૧	૨	૩	૪	૫
(૧)	પાટણ	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૨)	કમલીવાડા	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૩)	ભાટસણ	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૪)	જંગરાલ	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૫)	સિધ્ધપુર	૮૬૬૯.૫૯	૮૬૬૯.૫૯	૮.૮૦
(૬)	કાકોશી	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૭)	હારીજ	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૮)	સમી	૮૭૦૫.૩૪	૮૭૫૬.૦૪	૮.૮૫
(૯)	શંખેશ્વર	૮૭૫૬.૦૪	૮૭૫૬.૦૪	૮.૯૦
(૧૦)	ચાણસ્મા	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૧૧)	બાલીસણા	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૧૨)	[illegible] ચાર રસ્તા	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૮.૮૫
(૧૩)	રાધનપુર	૮૭૫૩.૪૪	૮૭૫૩.૪૪	૮.૯૦

શરતો :-

(૧) જે વિક્રેતાઓએ સ્ટોરેજ ટેન્કની સુવિધાઓ ધરાવતા નથી તેમની પાસેથી ઓઇલ કાં. અલાયદા રીતે રૂા. ૪૩.૦૦ અંકે રૂપિયા તેતાલીસ પુરા કિ.લી. દીઠ વસુલ કરશે.

(૨) જ્યારે કેરોસીન એજન્ટ, જથ્થાબંધ વિક્રેતાને વેચાણ કરશે ત્યારે કેરોસીન એજન્ટએ જથ્થાબંધ વિક્રેતા પાસેથી કિ. લી. દીઠ રૂા. ૪૦.૩૦ પૈસા ભાવ ઓછા લેવાના રહેશે.

(૩) સેન્ટરથી ૫ કિ.મી. થી વધુ દુરના સ્થળ માટે ૧ લીટરે રૂા. ૦.૦૫ પૈસા પ્રમાણે વધુ ભાવ ગણવાનો રહેશે.

(૪) ઉપરના ભાવમાં તમામ સ્ટેજે આવતા કમીશનની રકમ સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ઉપર મુજબ બાંધેલ ભાવથી વધુ ભાવ એજન્ટ, જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રેતા, ફેરીયા લઇ શકશે નહી.

(૬) આ ભાવ સિધ્ધપુર (સુજાણપુર) ઇન્સ્ટોલેશન પોઇન્ટ પરથી સપ્લાય થતા કેરોસીનના જથ્થાને લાગુ પડશે.

(૭) આ ભાવમાં સેલ્સટેક્ષ, સરચાર્જ મજરે આપવામાં આવેલ છે.

(૮) આ ભાવ જાહેર થયા બાદ અગાઉના ભાવ અમલમાં રહેશે નહી.

(૯) કેરોસીન વેચાણ કરતા એજન્ટ/જથ્થાબંધ વિક્રેતા/છૂટક વિક્રેતાએ પોતાની દુકાનના પ્રવેશ દ્વાર આગળ ભાવ જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઇ શકે તે રીતે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૧૦) ફેરીયાઓએ પોતાની લારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શીત કરવાનો રહેશે.

(૧૧) આ હુકમનો અમલ તા. ૧લી જુલાઇ-૨૦૦૩થી કરવાનો રહેશે.

INDEX

કેરોસીન ભાવ બાંધણી અંગેની વિગત દર્શાવતું પત્રક

જિ. પાટણ :-

અનુ. નંબર	કેન્દ્રનું નામ	૧ કિ.લી.ના સિધ્ધપુર (સુજાણપુર) ડેપોના ભાવ રૂા. પૈસા	સુજાણપુર ડેપો સુધીનું અંતર	ઠરાવેલ ધોરણે લઘુત્તમ ભાડું ૦ થી ૧૦ કિ.મી. રૂા. ૧૭૮.૭૫ ૧૦ થી ૮૫ કિ.મી. રૂા. ૨૧૪.૫૦ ૮૫ થી ઉપર કિ.મી. ઉપર રૂા. ૧.૩૦ રૂા. પૈસા	ડીલરનું કમીશન રૂા. પૈસા	એક્સ્ટ્રા ઓર્ડીનરી ચાર્જ રૂા. પૈસા	જથ્થાબંધને વેચાણ કરવાનો ભાવ રૂા. પૈસા	જથ્થાબંધ વિક્રેતાએ રીટેઈલરોને વેચાણ કરવાનો ભાવ રૂા. પૈસા	રીટેઈલરનું કમીશન તથા વધારાનું ખર્ચ રૂા. પૈસા	૧૦૦૦ લી. ગ્રાહકોને વેચાણ કરવાનો ભાવ રૂા. પૈસા	૧ લીટર વેચાણ કરવાનો ભાવ રૂા. પૈસા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	પાટણ	૮૨૪૬.૫૪	૩૭	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૨	કમલીવાડા	૮૨૪૬.૫૪	૩૦	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૩	ભાટસણ	૮૨૪૬.૫૪	૪૦	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૪	જંગરાલ	૮૨૪૬.૫૪	૩૩	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૫	સિધ્ધપુર	૮૨૪૬.૫૪	૪	૧૭૮.૭૫	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૬૬૯.૫૯	૮૬૬૯.૫૯	૧૪૭.૦૦	૮૮૧૬.૫૯	૮.૮૦
૬	કાકોશી	૮૨૪૬.૫૪	૧૩	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૭	હારીજ	૮૨૪૬.૫૪	૬૫	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૮	સમી	૮૨૪૬.૫૪	૮૦	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૯	શંખેશ્વર	૮૨૪૬.૫૪	૧૦૨	૨૬૫.૨૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૫૬.૦૪	૮૭૫૬.૦૪	૧૪૭.૦૦	૮૯૦૩.૦૪	૮.૯૦
૧૦	ચાણસ્મા	૮૨૪૬.૫૪	૫૫	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૧૧	બાલીસણા	૮૨૪૬.૫૪	૪૨	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૧૨	ખળી ચાર રસ્તા	૮૨૪૬.૫૪	૧૧	૨૧૪.૫૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૦૫.૩૪	૮૭૦૫.૩૪	૧૪૭.૦૦	૮૮૫૨.૩૪	૮.૮૫
૧૩	રાધનપુર	૮૨૪૬.૫૪	૧૦૧	૨૬૨.૬૦	૨૦૪.૦૦	૪૦.૩૦	૮૭૫૩.૪૪	૮૭૫૩.૪૪	૧૪૭.૦૦	૮૯૦૦.૪૪	૮.૯૦

ઉપર્યુક્ત દર્શાવેલ ભાવ કરતાં વધુ ભાવ લેનાર સામે આ.ચી.વ. ધારા-૧૯૫૫ હેઠળ કાયદેસર પગલાં લેવામાં આવશે.

પાટણ, તારીખ ૧૭મી જુન, ૨૦૦૩.

જે. ડી. ભાડ,
કલેકટર, પાટણ.

INDEX

જાહેરનામું

નં. એમઈડી/કોલેરા/વશી/૧૪૨૩/૨૦૦૩.-વડોદરા તાલુકાના દશરથ (ઈન્દીરા નગર) ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક : આરોગ્ય/ઈપીસી/કોલેરા/જાહેરનામું/૧૨૧૯/૨૦૦૩, તા. ૧૧/૦૭/૨૦૦૩થી અત્રે નિવેદન કરેલ છે.

૨. કોલેરા રેગ્યુલેશન તા. ૨૬/૦૫/૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ વડોદરા તાલુકાના સીસવા ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૩. મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) ને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૩.

જાહેરનામું

નં. એમઈડી/કોલેરા/વશી/૧૪૫૮/૨૦૦૩.-વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના મલાજા અને છોટાઉદેપુર ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક : આરોગ્ય/ઈપીસી/કોલેરા/જાહેરનામું/૧૨૪૧/૨૦૦૩, તા. ૧૫/૦૭/૨૦૦૩થી અત્રે નિવેદન કરેલ છે.

૨. કોલેરા રેગ્યુલેશન તા. ૨૬/૦૫/૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના મલાજા અને છોટાઉદેપુર ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૩. મામલતદારશ્રી, છોટાઉદેપુરને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩.

જાહેરનામું

નં. એમઈડી/કોલેરા/વશી/૧૪૫૯/૨૦૦૩.-વડોદરા તાલુકાના કરોડીયા અને છાણી ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેના આજુબાજુના ૮ કી. મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરાના પત્રાંક : આરોગ્ય / ઈપીસી / કોલેરા / જાહેરનામું / ૧૨૩૯-૪૦/૨૦૦૩, તા. ૧૫/૦૭/૨૦૦૩થી અત્રે નિવેદન કરેલ છે.

૨. કોલેરા રેગ્યુલેશન તા. ૨૬/૦૫/૧૯૫૬ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ-૪માં પ્રસિધ્ધ થયેલ છે. તેના રેગ્યુલેશન ૨, ૩ અને ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ વડોદરા તાલુકાના કરોડીયા અને છાણી ગામને કોલેરા ગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના ૮ કી. મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૩. મામલતદારશ્રી, વડોદરા (ગ્રામ્ય) ને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવે છે. તેમણે કોલેરા રેગ્યુલેશન મુજબના તમામ ફરજો બજાવવી.

વડોદરા, તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩.

ભાગ્યેશ જહા,
કલેકટર, વડોદરા.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાઃ-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના ખેતી, વન અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક ઘખ/૨૭૭/ડીડીસી/૧૧૬૮/૧૮૪૯૬/બી તા. ૨૭-૫-૯૮.

(૩) એડી. સ્પે. ઓડીટરશ્રી સહકારી મંડળીઓ, અમદાવાદ કચેરીના પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૩૮/ના તા. ૮-૭-૨૦૦૨ થી અત્રે મળેલ ખાસ અહેવાલ.

(૪) વહીવટદારશ્રી, સરદાર ગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. સાદરા, તાલુકો, દહેગામ, ના તા. ૭/૧૨/૨૦૦૨થી સંસ્થાને ફડચામાં લઈ જવા અંગેની રજુઆત.

ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૭૮૦/૦૩.- ઉપર જણાવેલ ક્રમાંક (૩) તથા ક્રમાંક (૪) થી નીચે સહી કરનારને ધ્યાન ઉપર આવ્યા મુજબ ધી સરદાર ગૃપ સેવા સહકારી મંડળી લી., મું. સાદરા, તા. દહેગામ, મંડળીના નોંધાયેલા પેટા કાયદા મુજબના ઉદ્દેશો અનુસાર કામકાજ સ્થગિત થયેલ છે અને આર્થિક રીતે ટકી શકે તેમ નથી તે નીચેના સંજોગો ઉપરથી સ્પષ્ટ થાય છે.

(૧) સંસ્થાએ અમદાવાદ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેન્ક લી. પાસેથી લીધેલ બેન્ક લોન, કેશ ક્રેડીટ કે તેનું વ્યાજ ભરપાઈ કરી શકેલ નથી મંડળીના સઘળાં લેણાં સભાસદ કર્જ ધિરાણ ૧૦૦ % મુદ્દત વીતી થયેલ છે.

(૨) ૯૨-૯૩ વર્ષમાં ગ્રામ પંચાયત પાસેથી ભાડા પેટેથી મેળવેલ ૧૦૦ એકર જમીન ઉપર વનીકરણની યોજના કરેલ અને તેના સંદર્ભમાં સભ્યોના ઝાડ ઉછેર, જમીન સમતલના હવાલા પાડી, સભ્યો ખાતે જમા કરી વનીકરણ ખાતે ઉધારી તે રકમો પાછળથી સભ્યોને બેન્કમાંથી ચુકવાતાં અને વસુલાત પેટે કોઈ રકમો ભરપાઈ ન કરતાં, બેન્ક લોન ખાતા સ્થગિત થયેલ અને તેમાંથી ગંભીર નાણાંકીય કટોકટી ઉદ્‌ભવેલ છે.

(૩) મંડળીના તા. ૩૧/૩/૨૦૦૨ સરવૈયા મુજબ મુડી-દેવા મુજબ ૩.૯૮ + ૦.૫૦ લાખના શેર ભંડોળ, ૭.૯૭ લાખના રીઝર્વ ફંડ, ૨.૦૮ લાખના બિલ્ડીંગ ફંડ તથા ૦.૫૩ લાખના અન્ય ફંડ તથા કુલ બેન્ક લોન રૂા. ૨૮૧.૩૩ લાખની સામે મંડળીની અંદાજીત ખોટ રૂા. ૧૨૭.૭૮ લાખ, ૬૩ લાખ અમદાવાદ ડી. કો. ઓ. બેન્ક લી. શેર તથા ૦.૩૧ લાખના અન્ય શેર તથા ૩ લાખનું મકાન રૂા. ૧૭૪.૩૨ લાખનું સભાસદ ધિરાણ વસુલ કરવાનું બાકી છે. આમ ઉપર દર્શાવેલ આંકડાકીય માહિતી ઉપરથી સંસ્થાની આર્થિક સ્થિતિ ખુબ જ નાજુક છે તેવું ફલિત થાય છે.

(૪) મંડળીએ કરેલ વનીકરણ અંગે, મોટી આવકોની અપેક્ષાએ અને આયોજનો કરવામાં આવેલ પરંતુ તે છેવટે નિરર્થક પુરવાર થયેલ છે. સંસ્થાએ વનીકરણમાં કરેલ તમામ રોકાણોનું ધોવાણ થઈ ગયેલ છે.

(૫) સંસ્થાનો વહીવટ હાલ વહીવટદાર મારફતે કરવામાં આવતો હોવાથી, વસુલાત આવતી ન હોઈ વહીવટી ખર્ચાઓ પણ નીકળે તેમ ન હોઈ, સંસ્થામાં હવે આવકનું કોઈ સાધન ન હોવાને કારણે, મંડળીને હવે વધુ સમય ચાલુ રાખવી જાહેર હિતમાં નથી.

(૬) મંડળીમાં ફડચા અધિકારીની નિમણુંક કરી, ફડચા અધિકારીની સત્તાની રૂઈએ મંડળીના બાકી લેણાં વસુલ કરવાથી, મંડળીને બોર્ડ ઓફ નોમીનીઝની લાંબી પ્રક્રિયામાંથી પસાર કરવામાંથી બચાવી શકાય તેમજ બેન્કનું ચડતું વ્યાજ પણ અટકાવી શકાય.

(૭) મંડળી તેના નોંધાયેલ પેટા નિયમો સબબ મંડળી તરીકે એક અર્થક્ષમ તેમજ કાર્યક્ષમ એકમ તરીકે ટકી શકે તેમ નથી.

ઉપરના કારણો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

આથી હું, એ. બી. પટેલ. જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ) અમદાવાદ, વંચાણે લીધા ક્રમાંક (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી સરદાર ગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. સાદરા, તા. દહેગામ, જી. અમદાવાદ કે જેનો નોંધણી ક્રમાંક સે-૭૦૮, તા. ૮/૧૦/૬૦ છે તે મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવા વચગાળાનો આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ ૧૦૮ (૧) અન્વયે, મંડળીને આટોપી લેવાની કામગીરી સારૂં અમદાવાદ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેન્ક લી. નું નાણાંકીય હિત સમાયેલ હોઈ અમદાવાદ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેન્ક લી. અમદાવાદની ફડચા અધિકારી તરીકે નિયુક્તી કરૂં છું અને મંડળીને જે કોઈ ખુલાસો કે રજુઆત કરવી હોય તો તે નીચે સહી કરનારને આદેશ થયાના તારીખથી માસ એકમાં લેખિત/મૌખિક/ રૂબરૂ/ કે અધિકૃત પ્રતિનિધિ મારફત કરવા આથી તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો રજુઆત થશે નહીં તો મુદ્દત વિતવાથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

અમદાવાદ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
(રૂરલ), અમદાવાદ.

વંચાણે લીધાઃ-

(૧) ફડચા અધિકારીશ્રી, શેરપુરા જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. શેરપુરા, તા. સમી, જી. પાટણના પત્ર નં. ફડચ/૦૧/૩૨૯/૨૦૦૩, તા. ૨૪/૬/૦૩થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૭૩૯/૨૦૦૩.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી શેરપુરા જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. શેરપુરા, તા. સમી, જી. પાટણ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૨૫૯૬૧, તારીખ ૨૪/૩/૯૨ થી નોંધવામાં આવેલ હતી. જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/ક-૧૩૫૪૫/૧૮૭૨/૦૨, તારીખ ૧૪/૧૧/૦૨ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચો), લગત કચેરી તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩૨૯/૨૦૦૩, તા. ૨૪/૬/૨૦૦૩થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી શેરપુરા જુથ તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., શેરપુરાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ફડચા અધિકારીશ્રી, બાલીસણા તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બાલીસણા, તા. જી. પાટણના પત્ર નં. ફડચ/૦૧/૩૨૮/૨૦૦૩, તા. ૨૪/૬/૦૩થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ક-૧૩૫૨૪/૧૭૪૦/૨૦૦૩.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી બાલીસણા તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. બાલીસણા, તા. જી. પાટણ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૨૨૨૮૨, તારીખ ૧૮/૯/૮૬ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૩૧૩/૨૦૦૧, તારીખ ૧૪/૮/૨૦૦૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચો), લગત કચેરી તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩૨૮/૨૦૦૩, તા. ૨૪/૬/૨૦૦૩થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી બાલીસણા તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., બાલીસાણાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ફડચા અધિકારીશ્રી, એકલવા કપાસ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. એકલવા, તા. હારીજ, જી. પાટણના પત્ર નં. ફડચ/૦૧/૩૩૧/૨૦૦૩, તા. ૨૪/૬/૦૩ થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ક-૧૩૪૮૭/૧૭૪૧/૨૦૦૩.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી એકલવા કપાસ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. એકલવા, તા. હારીજ, જી. પાટણ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૫૪૬૫ તારીખ ૬/૧૨/૯૧ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૬૩૯/૨૦૦૧, તારીખ ૨૩/૫/૨૦૦૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભે સંસ્થાના ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી (ફડચો), લગત કચેરી તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩૩૧/૨૦૦૩, તા. ૨૪/૬/૨૦૦૩થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી એકલવા કપાસ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. એકલવાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) ફડચા અધિકારીશ્રી, એકલવા તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. એકલવા, તા. હારીજ જી. પાટણના પત્ર નં. ફડચ/૦૧/૩૩૨/૨૦૦૩ તા. ૨૪/૬/૦૩થી નોંધણી રદ અંગેની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ કલમ-૨૦ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/ક-૧૩૫૦૬/૧૭૪૨/૨૦૦૩.- ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ હેઠળ ધી એકલવા તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. એકલવા, તા. હારીજ જી. પાટણ નોંધાયેલ સંસ્થા છે. નોંધણી નંબર ૧૫૯૩ તારીખ ૧૬/૯/૮૫ થી નોંધવામાં આવેલ હતી જેનું કામકાજ આટોપી લેવા અર્થે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે જીલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પાટણની કચેરીના જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક-૬૬૫/૨૦૦૧ તારીખ ૨૮/૫/૨૦૦૧ થી હુકમ કરવામાં આવેલ ફડચાની કાર્યવાહી સંદર્ભ સંસ્થાના ફડચા અધિકારીશ્રી અને સહંકારી અધિકારી (ફડચો), લગત કચેરી તરફથી તેઓના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૩૩૨/૨૦૦૩ તા. ૨૪/૬/૨૦૦૩થી આખરી અહેવાલ પ્રાપ્ત થતાં સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે તથા ઉપરોક્ત આમુખ-૨માં જણાવ્યા મુજબ ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી, સદર અધિકારો અન્વયે સદર મંડળી નામે ધી એકલવા તેલીબિયાં ઉત્પાદક સહકારી મંડળી લી., એકલવાની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું. આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

પાટણ, તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધો :

શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી. વડોદરા લગત કચેરીના નં. ફડચ ૦૧/ફ-૩/૨૯૪/૨૦૦૩ ની તારીખ ૨૬-૬-૨૦૦૩ ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચા/૦૧/ઘ. ૨ / ૧૭૬/૬૫૨૮/૦૩ .–ધી માંકણી ગ્રાહક સહકારી મંડળી લી., મુ. માંકણી, તા. સંખેડાની નોંધણી ક્રમાંક ભ/૩૯૬૫, તારીખ ૧૨-૮-૯૧થી કરવામાં આવી હતી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નં. ફડચા/ફ/૧૩૦૭૯/ઘ-૨/૩૨૬, તારીખ ૨૬-૧૧-૦૧થી ફડચામાં લઇ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪(૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નંબર નધણ/૦૧/ક/૧૨૩૫/સે. દુ. ૩૪૭૨૮/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે ધી સોનીસર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સોનીસર, તાલુકો તલોદ, જિલ્લો સાબરકાંઠા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૦૩.

નંબર નધણ / ૦૧ / ક / ૧૨૪૮ / સે. દુ. ૩૪૭૨૯/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે ધી ઉકરડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ ઉકરડી, તાલુકો મેઘરજ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક ૨૪૯૧/ડી. ડી. જી./૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) ફડચા અધિકારીશ્રી, ધી ગાયત્રી પિયત સ. મં. લી. (ફડચામાં) જી. ડોભાડા, તાલુકો વડાલીના તા. ૨૬-૬-૨૦૦૩ નો અહેવાલ.

આદેશ

ક્રમાંક ફડચ/ફ/૧૩૫૯૭/૦૧/ગ/૧૫૧૦/૨૦૦૩.–ધી ગાયત્રી પિયત સહકારી મંડળી લી., મુ. ડોભાડા, તા. વડાલી, જીલ્લો સાબરકાંઠા કે જે સહકારી કાયદા અન્વયે નોંધણી નંબર ઊ. ૪૦૦૩, તા. ૧૬-૩-૯૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને આ કચેરીના તા. ૧૯-૮-૦૨ના હુકમથી ફડચામાં લઈ જવાનો આદેશ

INDEX

કરવામાં આવેલ જેના સંદર્ભ-૨નાં જણાવ્યા પ્રમાણેના પત્રથી ફડચા અધિકારી તરફથી મંડળીની ફડચાની સઘળી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરું છું.

મંડળીના ફડચા અધિકારીએ સદરહુ સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન ૧૫માં આ કચેરીને સોંપી દેવાનું રહેશે.

હિંમતનગર, તારીખ ૧૮મી જુલાઈ, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, હિંમતનગર.

વાંચ્યો :-

(૧) મંડળીની જા. નં. ૪૭, તા. ૨૪-૬-૨૦૦૩થી કરવામાં આવેલ ઠરાવ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૮૧૦/૪૩૩૬/ખ/૭૯૭/૨૦૦૩.-ધી વણેસા પિસાદ વિ.વિ. કા.સ.મં.લી., મુ.પો. વણેસા પિસાદ, તા. પલસાણા, વાયા ગંગાધરા, જિ. સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક -- તા. -- થી નોંધવામાં આવી હતી. તેને મંડળીના તા. ૨૪-૬-૨૦૦૩ના ઠરાવથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી, આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩ સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) મંડળીના ક્રમાંક ૩/૨૦૦૩-૨૦૦૪, તા. ૧૦-૫-૨૦૦૩થી કરવામાં આવેલ ઠરાવના આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૧૮૧૧/૪૩૨૯/ખ/૭૯૬/૨૦૦૩.-ધી રંગ કૃપા કો.ઓપ. હા. સો. લી., ભટાર રોડ, ઠે. મજુરા-૧, સુરત વિ. સુરતની નોંધણી ક્રમાંક ઘ-૩૫૭૯, તા. ૭-૧૦-૧૯૭૦ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. -- ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી, આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા-૩ સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઘ-૨૦૫૦૬/ઝ/૪૩૨૨/૩૭૫/૩૭૬/સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે કૃષ્ણનગર (ભટાર) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ભટાર, સુરત મર્યાદિત સ્થળ ભટાર, સુરત તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઘ-૨૦૫૦૭/ઝ/૪૩૨૦/૩૭૭/૩૭૮/સને૨૦૦૩.—આથી જાહેર કરે છે કે કેશવનારાયણ (ભટાર) કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., ભટાર, સુરત મર્યાદિત સ્થળ ભટાર, સુરત તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર જી.પં./નધણ/૧૧૨૮/ખે/૪૮૪૪/સને ૨૦૦૩.—જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી વાંસડા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ વાંસડા, તાલુકો સતલાસણા, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩.

નંબર જી.પં./નધણ/૧૧૨૭/ઉ/૧૧૬૦૮/સને ૨૦૦૩.–જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી વર્ષ ગંગા ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મોટા કોઠાસણા, તાલુકો સતલાસણા, જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯(૧)(અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

વિનોદ મોદી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, મહેસાણા.

નંબર જી.પં./સહક/નધણ/૮૩૨/ખે/૫૨૧૯/સને/૨૦૦૩.-જીલ્લા પંચાયત, પાટણ આથી જાહેર કરે છ કે, શ્રી ચામુંડા પિયત સહકારી મંડળી, કેશણી, મર્યાદિત સ્થળ કેશણી, તાલુકો ચાણસ્મા, જીલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

નંબર જી.પં./સહક/૮૩૩/સે/૩૪૯૨૨/સને/૨૦૦૩.-જીલ્લા પંચાયત, પાટણ આથી જાહેર કરે છે કે, ઇટોદા ગોપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી, મર્યાદિત સ્થળ ઇટોદા, તાલુકો ચાણસ્મા, જીલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

નંબર જી.પં./સહક/૮૩૪/સે/૩૪૯૨૩/સને/૨૦૦૩.-જીલ્લા પંચાયત, પાટણ આથી જાહેર કરે છે કે, સાંકરા જૂથ પશુપાલક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ સાંકરા, તાલુકો હારીજ, જીલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

નંબર જી.પં./સહક/૮૩૯/સે/૩૪૯૨૪/સને/૨૦૦૩.-જીલ્લા પંચાયત, પાટણ આથી જાહેર કરે છે કે, સાંકરા વિવિધ સેવા સહકારી મંડળી, લિ., મર્યાદિત સ્થળ સાંકરા, તાલુકો હારીજ, જીલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ ની કલમ ૯ (૧) (અ) અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૧૫મી જુલાઇ, ૨૦૦૩.

ડી. બી. ત્રિવેદી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, AUGUST 7, 2003 / SRAVANA 16, 1925 [No. 32

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

Part	Contents	Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	581-596
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	32
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	493-494
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	9475-9664

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

નંબર એસ.બી/જાહેરનામું/૨૯૫૩/૨૦૦૩.—વડોદરા શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન

ગુજરાત સરકારના ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) બીજા શસ્ત્રો લઈ જવાની.

(ઘ) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(ચ) વ્યક્તિઓના પૂતળા બાળવાની.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માહે જુલાઈ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમની ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે

ક્રમાંક : એસ. બી./૨૯૫૪/૨૦૦૩- વડોદરા શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારોમાં કોઈ પણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતાં વધારે માણસોને ભેગા થવા પર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સુધીર સિન્હા, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા-કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ અને જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નર શ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાયેલ વિસ્તારોમાં તા. ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :- ચાર કરતાં વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

વિસ્તાર :- વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવો તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

આજ તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા.

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૭૨/૨૦૦૩.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

INDEX

અપવાદ: આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગું પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે જુલાઈ સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક લાયસન્સ/જાહેરનામું/સાયબર/૧૨૧/૨૦૦૩.-અમદાવાદ શહેરમાં હાલ સાયબર કાફેની પ્રવૃત્તિ મોટાપાયે શરુ થયેલ છે. આ સાયબર કાફેમાં કોમ્પ્યુટર ઉપર ઈન્ટરનેટની સુવિધા ભાડે આપવામાં આવે છે. આ સાયબર કાફેના સારા ઉપયોગ ઘણા છે. જેમાં વ્યક્તિ પોતાના ધંધાને લગતા સંદેશાઓ તાત્કાલિક મોકલી તથા મેળવી શકે છે. તેમજ કોઈપણ ધંધાને લગતી અથવા તો અભ્યાસને લગતી માહિતીઓ પણ મેળવી શકે છે. પરંતુ સાયબર કાફેના આવા સારા ઉપયોગ થવાની સાથે સાથે દુર ઉપયોગ પણ થવા સંભાવના છે. તાજેતરમાં વિશ્વમાં, સ્વદેશમાં અને ગુજરાત રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિઓ અને જે આતંકવાદી હુમલાઓના બનાવો બનેલ છે. તે અનુસંધાનમાં સાયબર કાફેમાં પુરી પાડવામાં આવતી સવલતોનો દુર ઉપયોગ થઈ શકે તેમ છે માટે આ પ્રવૃત્તિઓ અટકાવવી ઘણી જ જરૂરી બની રહેલ છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૮૭ના નોટીફિકેશન નંબર જીજી/૬૮/સીઆરસી/૧૦૮૫/૩૧૦/એમ, અન્વયે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ (૨ ઓફ ૧૯૭૪) ની કલમ-૨૦ ની પેટા કલમ-૨ અન્વયે બક્ષેલી સત્તાના ઉપયોગની રૂએ ગુજરાત સરકાર આથી પોલીસ કમિશનર, અમદાવાદ શહેરનાને કે જેઓ કાયદા વિભાગના સરકારી નોટીફીકેશન નંબર જીએ/૫૦૬/આરસી/૧૦૭૧/આઈ/ડી, તારીખ ૧લી એપ્રિલ, ૧૯૭૪ મુજબ એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટ છે તેઓને અમદાવાદ શહેરના મેટ્રોપોલીટન વિસ્તારના વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરેલ છે. અને તેઓને કલમ-૨૩ની પેટા કલમ-૨ હેઠળ તેઓશ્રીના હાથ નીચેના એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટ વચ્ચેની કામગીરીની વહેંચણી કરવાનો અધિકાર આપે છે. તે અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા પર ઈન્ફોરમેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ના ચેપ્ટર-૧૧ની ગુન્હાહિત કલમ ૬૫, ૬૬, ૬૭, ૭૯ અને વંચાણે લીધા ચેપ્ટર ૧ના ભાગ-૨ના પેટા (ze) તેમજ અન્ય કાયદાકીય જોગવાઈઓ ઉપરાંત નીચે મુજબની જોગવાઈઓ પ્રમાણેજ ચલાવવા હુકમ ફરમાવું છું.

સાયબર કાફે રજીસ્ટ્રેશન કરાવવા બાબતે મેં તા. ૩૦-૯-૦૨ ના જાહેરનામા ક્રમાંક લાયસન્સ/જાહેરનામું/સાયબર/૧૦૪/૦૨ તથા જાહેરનામું તા. ૮-૧૦-૦૨ ના ક્રમાંક લાયસન્સ/જાહેરનામું/સાયબર/૧૦૭/૨૦૦૨ બહાર પાડેલ છે તેમાં નામદાર હાઈકોર્ટના સ્પેશીયલ સીએ નં. ૫૮૮૮/૦૩ ના તા. ૧૦-૭-૦૩ ના જજમેન્ટને ધ્યાને લઈ સાયબર કાફેની જોગવાઈઓનો નીચે મુજબનો અમલ કરવાનો રહેશે.

જોગવાઈઓ :

તમામ સાયબર કાફે સંચાલકોએ સંલગ્ન નમુના મુજબનું પ્રીમાઈસીસ/ઈન્ટરનેટ-ઈન્ટ્રાનેટ જોડાણ અંગેની સેવાઓ પુરી પાડવા માટેની કાફેની પરવાનગી મેળવવું, બાહેધરી ઉપર્યુકત રુપિયાના સ્ટેમ્પ પેપર ઉપર આપવાનું ફરજીયાત રહેશે અને સમગ્ર કાર્યવાહી તારીખ ૨૮-૭-૨૦૦૩ સુધી પુરી કરવાનું રહેશે.

વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ની હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૪) અન્વયે.

ક્રમાંક ઉ/ગપક/આઈ/૩૭૨/૯૮૯/૨૦૦૩.-અમદાવાદ શહેર પોલીસ મુ. મથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ જે સુભાષ બ્રીજના દક્ષિણ છેડે, પશ્ચિમ ભાગ તરફ આવેલ છે. તે સદરી જગ્યા પર તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૩ સુધીના સમય દરમિયાન પોલીસ અધિકારીઓ રીવોલ્વરની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થવાની હોઈ સદર જણાવેલ હદમાં રહેતાં પ્રજાજનો તથા ઢોર-ઢાંખરની સલામતી સારું સન-૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ કલમ ૩૭ (૪) થી મને મળેલ અધિકારીની રુએ ફરમાવું છું.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ આવેલ પોલીસ મુખ્ય મથક ખાતે ફાયરીંગ બટ્ટની આજુ બાજુ પૈકી ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દીશામાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૩ સુધી સવારના કલાક ૭-૦૦ કલાક થી ૧૭-૦૦ વાગ્યા સુધી સદર બટ્ટની આજુ બાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ ઉપરોક્ત સમય દરમિયાન આ જમીનની હદમાં જવું નહી અને ઢોર-ઢાંખરને પ્રવેશ આપવો નહી.

રીવોલ્વર પ્રેકટીસનો સમય સવારના કલાક ૭-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ફોજદારી અધિનિયમ કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ રોજ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩ ના રોજ સહી સિકકા માર્યા છે.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક લાયસન્સ/જાહેરનામુ/સાયબર/૧૨૨૨૧/૦૩.-વડોદરા શહેરમાં હાલ સાયબર કાફેની પ્રવૃત્તિ મોટાપાયે શરૂ થયેલ છે. આ સાયબર કાફેમાં કોમ્પ્યુટર ઉપર ઇન્ટરનેટની સુવિધા ભાડે આપવામાં આવે છે. આ સાયબર કાફેના સારા ઉપયોગ ઘણા છે. જેમાં વ્યકિત પોતાના ધંધાને લગતા સંદેશાઓ તાત્કાલિક મોકલી તથા મેળવી શકે છે. તેમજ કોઇ પણ ધંધાને લગતી અથવા તો અભ્યાસને લગતી માહિતીઓ પણ મેળવી શકે છે. પરંતુ સાયબર કાફેના આવા સારા ઉપયોગ થવાની સાથે ગેરઉપયોગ પણ થવા સંભાવના છે. જેમાં સાયબર કાફેના સંચાલક ધ્વારા ગ્રાહકને અશ્લિલ સાહિત્ય ને લગતી વેબ સાઇટ પુરી પાડી અશ્લિલ સાહિત્યનું પ્રદર્શન માટેની સુવિધા કરી આપવામાં આવે છે. જે સમાજના ખાસ કરી યુવા માનસ પર ખુબજ વિપરીત અસર પહોંચાડે છે. તેમજ સંચાલક ધ્વારા સાયબર કાફેમાં અલગ કેબીન જેવી સુવિધાઓ પુરી પાડી ગ્રાહકને આવી અશ્લિલ વેબસાઇટ ખાનગીમાં જોઇ શકે તેવી સગવડતા કરી આપવામાં આવે છે. અને એ રીતે આવી જનમાસન ઉપર વિકૃતિ ફેલાવતી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. આવી પ્રવૃત્તિ અટકાવી ઘણી જ જરૂરી બની રહેલ છે.

વાસ્તે હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨નો નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ/અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા-કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, નાયબ પોલીસ કમિશનર શ્રી, સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂહે નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ થી કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ક. ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

કોઈપણ સાયબર કાફેના માલિક કે સંચાલક દ્વારા તેના ગ્રાહકો માટે સાયબર કાફેની જગ્યામાં અલગ થી કેબીનની સુવિધા પુરી પાડવામાં આવશે નહીં.

વિસ્તાર :

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ની હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માહે જુલાઈ ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી. / ઉગપક / ૨૭૯૮ / ૦૩.-વડોદરા શહેરમાં આગામી જુલાઈ ૨૦૦૩ની એસ.એસ.સી./એચ.એસ.સી. પ્રમાણપત્ર પૂરક પરીક્ષા તા. ૨૧મી જુલાઈ ૨૦૦૩ શહેરની (૧) રોઝરી હાઈસ્કુલ, ફતેગંજ (૨) હિલમેમોરીયલ હાઈસ્કુલ, ફતેગંજ (૩) બરોડા હાઈસ્કુલ, બગીખાના (૪) મહારાણી કન્યા વિદ્યાલય, સુરસાગર પાસે (૫) એમ. સી. હાઈસ્કુલ, સલાટવાડા (૬) શારદામંદિર હાઈસ્કુલ, સલાટવાડા (૭) એચ. જે. પરીખ હાઈસ્કુલ, નવરંગ કોમ્પલેક્ષ પાછળ, દાંડીયા બજાર જુદી જુદી શાળાઓમાં લેવાનાર છે.

પરીક્ષાર્થીઓ આ પરીક્ષાઓ કોઈપણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વડોદરા શહેરમાં આગામી જુલાઈ ૨૦૦૩ની એસ. એસ. સી. / એચ. એસ. સી. પ્રમાણપત્ર પૂરક પરીક્ષા તા. ૨૧મી જુલાઈ ૨૦૦૩ના રોજ શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં તા. ૨૧મી જુલાઈ ના રોજ સવારના કલાક ૯-૦૦ થી સાંજના ક. ૧૯-૦૦ સુધી પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈ પણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં કે શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરશે નહીં કે વાહન લઈ જઈ શકશે નહીં કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહીં. તે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી, સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૩ના રોજ સવારના કલાક ૦૯.૦૦ થી સાંજના ક. ૧૯.૦૦ સુધી નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

વડોદરા શહેરમાં જે જે કેન્દ્ર (શાળાઓ)માં જયાં આગામી એસ. એસ. સી./એચ. એસ. સી. પૂરક પરીક્ષા લેવાનાર છે. તે કેન્દ્રોના કંપાઉન્ડમાં તેમજ તેમની ચારે બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં કે શાળાઓમાં (કેન્દ્રમાં)

INDEX

પ્રવેશી શકશે નહીં કે વાહનો લઈ જઈ શકશે નહીં કે લાવશે નહીં કે ચાર કે તેથી વધારે માણસો ભેગા થશે નહીં.

વિસ્તાર :

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) પરીક્ષાર્થીઓ તથા પરીક્ષાના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ.

(૨) ફરજ પરના પોલીસ/એસ. આર. પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનો.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી માહે જુલાઈ ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીસીબી/એમએજી/ફાયર/તલમ/રજિ. ૦૨/૨૦૦૩.-કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૨૦ બટાલીયન એન.સી.સી., નવસારીએ તેમનાં તારીખ ૩૦મી જુન, ૨૦૦૩ના પત્ર નં. જી./૧૧૨થી જણાવેલ છે કે ૨૦૦ એસ.ડી. અને ૩૦૦ જેડી કેડોટસ માટે ફાયરીંગ પ્રેકટીસ યોજવામાં આવનાર છે જેથી કોઈપણ વ્યક્તિએ ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે. વાસ્તે હું, વી. પી. પટેલ (જી.એ.એસ.), નવસારી, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧મો ૨૨મો) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ (૪) ની જોગવાઈ મુજબ (૧) ઈમ્પ્રુવાઈઝ રેન્જ, દાંડી, તાલુકા જલાલપોર ખાતે તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૩થી તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૩ સુધી તથા (૨) હોમગાર્ડ શોર્ટ રેન્જ, બંદર રોડ, નવસારી ખાતે તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૩નાં રોજ સવારનાં ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક દરમ્યાન ગોળીબાર પ્રેકટીસ થનાર છે જેથી આજુબાજુનાં રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિએ ઉપરોક્ત સમય દરમ્યાન આ ફાયરીંગ રેન્જની જમીનના હદ વિસ્તારમાં કે તેનાં ફરતેનાં ૧ કિ.મી. વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોરઢાંખર સાથે જવા અને ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમને ઉક્ત અધિનિયમની કલમ-૧૪૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી માહે જુલાઈ, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી છે.

વી. પી. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૧૧૮ મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૨૭/૨૦૦૩.-હાલમાં સમગ્ર અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં ચોમાસુ શરું થઈ વાવણી લાયક વરસાદ થયેલ છે. અને ખેડુતોએ વાવણી શરુ કરેલ છે. જે વાવેતર ટુંક સમયમાં ઉગી નીકળશે ખેડુતોએ વાવેલ પાકમાં ઘણી વખત રખડતા પશુઓ પાકમાં ફરી ભેલાણ કરે છે. જેના કારણે રખડતા પશુના માલિકો અને ખેડુતો વચ્ચે બોલાચાલી અને મારામારીના બનાવો બને છે. તેમજ ઘણીવાર ગંભીર પ્રકારના મારામારીના ગુના ભેલાણના પ્રશ્નો બને છે. આથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૧૧૮ થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારોમાં તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી કોઈ વ્યક્તિએ પોતાની માલીકીના હોય અથવા તેના હવાલામાં હોય એવા કોઈ ઢોર ગફલતથી અથવા બીજી રીતે સુર્યાસ્ત પછી એક કલાક અને સુર્યોદય વચ્ચેની મુદત દરમ્યાન પુરી અથવા બાંધી રાખશે નહિતો તેના પર ગુનો સાબીત થયે કલમ-૧૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

આજ તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/જા.ના./વ.શી.-૩૪૫૨-૩૫૩૧/૨૦૦૩.-આથી ભરૂચ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે તારીખ ૨૩મી જુન, ૨૦૦૩નાં રોજ પ્રમુખશ્રી ધી રેવા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., ભરૂચ તથા ભાડભૂત મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., ભાડભૂત તાલુકા- જિલ્લા-ભરૂચ વિગેરેએ અત્રેની કચેરીએ એક આવેદન પત્ર આપી નર્મદા નદીમાં ઝણોરથી લુવારા સુધી ખૂંટા લગાડીને મચ્છીમારી કરવા ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવા રજૂઆત કરી જણાવેલ છે કે, નર્મદા નદીમાં મચ્છીનાં વેપારીઓ હોડીઓ દ્વારા મચ્છી પકડવાનો ધંધો કરે છે. તેઓ નર્મદા નદીના પટમાં ખૂંટા હારબંધ ચોઢી જાળો બાંધી અવરોધ ઉભા કરે છે. આ અવરોધથી નર્મદા નદીમાં મચ્છીમારી માટે અવર-જવરમાં સરળ રસ્તો મળતો નથી. અને ખૂંટાના કારણે પાથરેલ જાળો ખૂંટામાં ફસાઈ જતાં નુકશાન કરે છે. અને અકસ્માત થવાનો તેમજ જાનહાનિ થવાની શક્યતા રહેલી છે.

આ બાબતે અત્રેથી સ્થળ નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા મત્સ્યોદ્યોગ નિયામકશ્રી ભરૂચનાને સૂચના આપતા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભરૂચે તારીખ ૪થી જુલાઇ, ૨૦૦૩નાં રોજ ભાડભૂત કિનારેથી મનાડ-મહેગામ-વેંગણી-રહીયાદ-સુવા-લુવારા સુધી નર્મદા નદીમાં બોટ મારફતે સ્થળ નિરીક્ષણ કરેલ છે તે અનુસાર મનાડ, કાંસવા, મહેગામ, વેંગણી, કોલીયાદ, રહીયાદ, સુવા, અંભેટા, જાગેશ્વર, લુવારા ગામોના નર્મદા વિસ્તારમાં કેટલાક સ્થળે નદીના અંદરના ભાગમાં મચ્છીમારી માટેની સીઝનની પૂર્વ તૈયારી રૂપે ખૂંટા રોપી દીધેલ છે તો કેટલાક સ્થળોએ ખૂંટા રોપવાની પૂર્વ તૈયારીના ભાગરૂપે ખૂંટા ઢગલાના સ્વરૂપે જોવા મળેલ છે. ચોમાસાની સીઝનમાં મોટાપ્રમાણમાં હિલસા મચ્છી પ્રજનન માટે દરીયાના પાણીથી ઓછી ખારાશવાળા નદીના, મીઠા પાણીવાળા વિસ્તાર તરફ આવતી હોય છે. જેથી ખૂંટા પધ્ધતિથી થતી મચ્છીમારીથી હોલસા નર-માંદા મચ્છીને નર્મદા નદીમાં પ્રવેશતાની સાથે જ માસકેપ્ચર કરી લેવામાં આવે છે તેથી કરી તેવી હિલ્સા ફીશરી આ ઉત્પાદનને અસર કરે છે. તેમજ હોડીઓ મારફતે તરતી જાળો વડે લુવારા તરફ ભરતી-ઓટના સમયે મચ્છીમારી માટે જતા મચ્છીમારોની જાળો પાણીમાં વચ્ચે લગાડેલ ખૂંટાઓમાં જાળો ભરાય જવાથી જાળને નુકશાન થવા ઉપરાંત હોડી પણ ઉંધી વળી જવાની અને જાનહાની થવાની સંભાવના હોય, મત્સ્યઉદ્યોગ અધિક્ષકશ્રી, ભરૂચે તારીખ ૫મી જુલાઇ, ૨૦૦૩થી નર્મદાનદીમાં ખૂંટા મારી થતી મચ્છીમારી પર પ્રતિબંધ મુકવા અભિપ્રાય આપેલ છે. તથા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે પણ તેમના તા. ૧૬મી જુલાઇ, ૨૦૦૩નાં પત્રથી વિગતે રિપોર્ટ રજુ કરી નર્મદાનદીમાં ખૂંટા નહિ લગાડવા માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

નર્મદા નદીમાં મંડાળા બાંધી ખૂંટા ચોડી જાળો બાંધવાના અવરોધથી નર્મદા નદીમાં ફીશીંગમાટે ફરતી હોડીઓને અવર-જવરમાં અડચણરૂપ થવાથી હોડી અને જાળ ફસાય જાય તો હોડી ડુબી જવાથી અકસ્માત થવાની શક્યતા રહેલી છે. તેમજ જાનહાનિ થવાની પણ શક્યતા રહેલી છે. ઉપરાંત નદીમાં ભરતીના સમયે આ ખૂંટાઓ પાણીમાં નીચે તળીયાને ભાગે જતા રહેતા હોવાથી દેખાતા બંધ થવાથી મોટી દુર્ઘટના પણ થવાનો ભય રહેલ છે.

ઉપરના કારણો ધ્યાને લઇ હાલમાં ફીશીંગની સીઝન ચાલુ હોય અને લોકો હોડીઓની મોટા પ્રમાણમાં અવર-જવર કરતા હોય આ અવર-જવર કરતા હોડી વહાણને કે તેમાં રહેલ કોઇપણ વ્યક્તિને થતી અડચણ નુકશાન અટકાવવા તથા લોકોની જાન કે સલામતીને થતુ જોખમ અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા ભરૂચ તાલુકાના ઝણોરથી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદાનદીમાં કોઇપણ સ્થળે કોઇપણ પ્રકારના ખૂંટા ચોંડવા પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ભરૂચ તાલુકાના ઝનોરથી વાગરા તાલુકાના લુવારા ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં કોઇપણ સ્થળે કોઇપણ પ્રકારના ખૂંટા મારવા, આ હુકમની તારીખથી બે માસ માટે પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું. આ હુકમનો અનાદર કરનાર ઇન્ડીયન પીનલ કોડ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

પ્રાથમિક જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૩૫/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી હેઠળ પ્રદર્શિત કરવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કાયદાની કલમ-૩૩(૬) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને નોટીશ આપવામાં આવે છે કે, સદરહુ મુસદ્દો રાજ્યપત્રમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી - ૩૦ દિવસ પુરા થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ કોઇ પણ વાંધા સુચનો વિચારણામાં લેશે નહિં. ઉપરોક્ત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદાના સબંધમાં કોઇ વ્યક્તિ પાસેથી જે કોઇ વાંધા અથવા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદ્દો

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૩૩(૧) બી હેઠળ મને મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

ટ્રાફિક નિયમન માટે નીચે જણાવેલ સ્થળોએ તે સામે જણાવેલ વિસ્તારમાં ખાનગી વાહન સંચાલકો તેમના વાહનો પાર્ક ન કરે તે જરૂરી હોય તે સ્થળોના વિસ્તારમાં ખાનગી વાહન ઉભા ન રાખે તે માટે **"નો પાર્કિંગ ઝોન"** તરીકે નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

INDEX

તાલુકાનું નામ	સ્થળ	અંતર
વલસાડ	વલસાડ એસ.ટી. સ્ટેન્ડ વિસ્તાર તથા આજુબાજુનો વિસ્તાર	૧/૨ કિ. મી.
વાપી તા. પારડી	વાપી એસ. ટી. ડેપો વિસ્તાર, વાપી જુના ફાટકથી વાપી ટાઉન પોલીસ સ્ટેશન સુધી એટલે કે રેલ્વે ફાટકથી પશ્ચિમ છેડેથી પસાર થતો વાપી દમણ રોડ ઉપર એટલે કે બ્રીજના નીચેના ભાગ સહિત તથા, વાપી કબ્રસ્તાન રોડથી વાપી ઝંડાચોક સુધીનો વિસ્તાર	૧/૨ કિ. મી.
ધરમપુર	ધરમપુર એસ. ટી. ડેપોની આજુબાજુનો વિસ્તાર એટલે કે વિજ્ઞાન કેન્દ્ર, લાયબ્રેરી તેમજ મ્યુઝીયમ, હાઇસ્કુલ તથા પોલીસ લાઇન કંપાઉન્ડ તથા પેટ્રોલપંપનો વિસ્તાર	૧/૨ કિ. મી.

ઉપરોક્ત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન માટે અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

વલસાડ, તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૦૩.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/રજી.૩૬/૨૦૦૩.—પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ તારીખ ૧૬મી જુલાઈ ૨૦૦૩ના પત્ર નં. સીબી-૪/જાહેરનામું/૬૪૮૭/૨૦૦૩થી જણાવ્યા મુજબ જિલ્લા ખાતે આર્મ્સ પરવાનો ધારણ કરતા આર્મ્સ પરવાનેદારોને પ્રોફિસીયન્સી સર્ટીફીકેટ આપવાના કામે અરજદારોનો ફાયરીંગ ટેસ્ટ લેવાના કામે જે ફાયરીંગ ટેસ્ટ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ-૩૭ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ, તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કિ.મી. વિસ્તારમાં તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૩ થી ૨૭મી જુલાઈ, ૨૦૦૩ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન આજુ બાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર તાલીમ/રજી.૩૭/૨૦૦૩.—પોલીસ અધિક્ષકશ્રી, વલસાડના તારીખ ૧૮મી જુલાઈ ૨૦૦૩ના પત્ર નં. સીબી-૨/ફા. બટ/આરપીએફ/૬૫૨૩/૨૦૦૩થી જણાવ્યાનુસાર સીક્યુરીટી કમિશનરશ્રી, આર.પી.એફ., વલસાડ દ્વારા એએસઆઈએફપીએસ -પ્રિ-પ્રમોશન કોર્સ, બેચ નં. ૧૩ની ફાયરીંગ પ્રેક્ટીસ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ વ્યક્તિને ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨માં) કલમ-૩૭ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીંગ બટ ભિલાડ તાલુકા ઉમરગામ, જિલ્લા વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૧૧મી ઓગષ્ટ, ૨૦૦૩ થી ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૩ ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેક્ટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૬૯૯.-પંચમહાલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ-૩૭ (૩) હેઠળનું જાહેરનામુ બહાર પાડવુ જરૂરી જણાય છે.

INDEX

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવુ છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૦૩ થી ૩૧મી જુલાઇ, ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી, કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઇ સરઘસ કાઢવું નહી.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઇ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ - ૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ધ્વારા

જાહેરનામું

ક્રમાંક / એમઇડી / કોલેરા /વશી / ૨૦૦૩.- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના પત્ર નંબર-જી.પં.જા.આ. ઇ.પી.સી.- કોલેરા-જાહેરનામુ-૧૭૬, તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૦૩ થી જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત/કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા વિનંતી / નિવેદન કરેલ છે.

ઉકત નિવેદન વિચારણામાં લઇને ઇ.પી.ડી. એકટ, ૧૮૯૭ ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન બહાર પાડેલ છે તેની જોગવાઇ હેઠળ રાજીવ ટોપનો, આઇ.એ.એસ., કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરૂચ નીચે જણાવેલ પરિશિષ્ટનાં કોલમ નં. ૧ માં જણાવ્યા મુજબના વિસ્તારને કોલેરાગ્રસ્ત તરીકે અને કોલમ નં. ૨ માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરું છું. તથા કોલમ નં. ૩ માં જણાવેલ અધિકારીને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે તેમના નામ સામે જણાવેલ વિસ્તાર માટે નિમણુંક કરું છું.

કોલેરા ગ્રસ્ત વિસ્તાર (૧)	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર (૨)	કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણું થયેલ અધિકારી (૩)
(૧) નાંદરખા (૨) વહીયાલ (૩) મોસમ (૪) ખોજબલ (૫) અંભેર } તાલુકો વાગરા	---	મામલતદારશ્રી, વાગરા.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તારીખ ૧૯મી જુલાઇ, ૨૦૦૩.

રાજીવ ટોપનો,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમઇડી/વશી/૧૬૪૧ થી ૧૭૭૫/૨૦૦૩.- ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં કોલેરાના ચેપી રોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે.જેથી વાગરા તાલુકા જિ. ભરૂચના તમામ ગામોમાં ચેપી રોગ પ્રસરે નહીં તે હેતુથી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચના જાહેરનામા નં. એમઇડી/કોલેરા/વશી તા. ૭-૨૦૦૩થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર વાગરાની નિમણૂંક કરવામાં આવી છે.

જે અન્વયે વાગરા તાલુકાના નાંદરખા/વહીયાલ/મોસમ/ખોજબલ/અંભેર ગામોને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે અને વાગરા તાલુકાને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વાસ્તે, હું, જે. ડી. ગામેતી, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, વાગરા કોલેરાના રોગના નિયંત્રણ માટે તથા તેનો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશોનો તાત્કાલિક અમલ કરવા ફરમાવું છું.

(૧) વાગરા તાલુકાના સમાવિષ્ટ તમામ બાળમંદિરો, પ્રાથમિક શાળા/ હાઈસ્કૂલો, કોલેજો અને છાત્રાલયોમાં બાળકોને પીવાનું પાણી પૂરૂ પાડવાની ટાંકી તથા પાઈપ સંપૂર્ણપણે સાફ કરી પીવાના પાણીની ટાંકીમાં જંતુનાશક દવા નાંખી સ્વચ્છ પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા જે તે શાળા, હાઈસ્કૂલ, કોલેજો, છાત્રાલયો, બાળમંદિરોના સંચાલકશ્રીઓ તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફિસરશ્રી પાસેથી મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

(૨) શાળા / હાઈસ્કૂલ / કોલેજો / છાત્રાલયો / બાળમંદિરની બહાર કે કંપાઉન્ડમાં ખાણાપાણીની ચીજવસ્તુનું વેચાણ ન થાય તે માટે આચાર્યશ્રીએ કાળજી લેવી. અને જરૂર જણાયે અત્રે જાણ કરવામાં આવે. કુવા અંદરનો ભાગ તથા બહારના ભાગે પણ સ્વચ્છતા રહે તે જોવું.

(૩) વાગરા તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પિટલો, નર્સિંગહોમ, પ્રાઈવેટ પ્રેકટીશનર, રકતદાન કેન્દ્રો અને લેબોરેટરીઓ વિગેરેને તેમના દ્વારા દર્દીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીઝ તથા સોય તેમજ લોહી માટે કે લેબોરેટરીમાં તપાસવામાં / વાપરવામાં આવતી સીરીઝ કે સોયનો ઉપયોગ કરતાં પહેલાં તેને ઓટોકલીન અથવા ઓછામાં ઓછી ૩૦ (ત્રીસ) મીનીટ સુધી પાણીમાં ઉકાળી

ફરજિયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજિયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

(૪) વાગરા તાલુકાના તમામ ખાણી-પીણાના સ્થળે અને પીવાના પાણી માટેની કોઠીયો અથવા માટલા રાખી શકશે નહીં અને જાહેર પાણીની પરબ પર પાણીના ઘડા, કોઠી અને માટલા રાખી શકાશે નહીં. તેમજ ખુલ્લો, ઉઘાડો કે વાસી કોઈપણ જાતનો ખોરાક પણ વેચી શકાશે નહી.

(૫) કોલેરા રોગ પ્રતિબંધક રસી મુકવાની કામગીરી સંબંધિત મેડીકલ ઓફિસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

(૬) નાના બાળકોને જાહેર સ્થળોએ ખુલ્લામાં સંડાસ માટે બેસાડવા નહીં અને મળમુત્ર મારફતે રોગનો ફેલાવો થતો હોઈ, મળમુત્ર જાહેર કે ખુલ્લી જગ્યામાં નાંખવું નહી.

(૭) વાગરા તાલુકા વિસ્તારમાં ખાનગી હોસ્પિટ્લોમાં કે પ્રાઈવેટ પ્રેકટિશ્નરે કોલરાના રોગના દર્દીઓના અંદરના દર્દી તરીકે દાખલ કરી શકાશે નહી. અને આવા દર્દીઓને વાગરા તાલુકામાં આવેલ સરકારી દવાખાના કે હોસ્પિટલોમાં દાખલ થવા માટે મોકલવાના રહેશે અને આવા દર્દી જણાય તો તુર્ત જ તેની જાણ સરકારી દવાખાના કે હોસ્પિટલોમાં તાત્કાલિક કરવાની રહેશે.

(૮) પીવાના પાણીની પુરૂ પાડતી સંસ્થાઓને ક્લોરીનેશન કરીને જ પાણી પુરૂ પાડવું. જો પાણી તપાસ દરમ્યાન ફ્રી (૩%) પાર્ટપર મીલીયન ન મળે અને એના લીધે રોગચાળો થાય તો તેની જવાબદારી જે તે ગામ તથા શહેરના આરોગ્ય વર્કર અને મેડિકલ ઓફિસરશ્રી અને કર્મચારીનીઓ રહેશે.

(૯) વાગરા તાલુકામાં આવેલ તમામ જાહેર સ્થળો જેવા કે, બાગ-બગીચા, મંદિરો-મસ્જીદો, મદ્રેસાઓ, બસ સ્ટેન્ડો, રેલ્વે સ્ટેશન, વીડીયોગૃહો, માર્કેટ, પંચાયતઘરો, શાળાઓ, હાઈસ્કુલો, કોલેજો તમામ જાહેર સ્થળોએ સંબંધિત તમામ સંચાલકશ્રીઓ / ટ્રસ્ટીઓ, મંડળ કે સંબંધિત સંસ્થાઓએ સ્વચ્છતા જાળવવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઈ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું બહાર પડયા તારીખથી ત્રણ માસની મુદત સુધી અમલમાં રહેશે.

વાગરા, તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૩.

જે. ડી. ગામેતી,
મામલતદાર અને
કોલેરા નિયંત્રણ અધિકારી,
વાગરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી ફડચા અધિકારીશ્રી રાણપુર (આવાસ) ફળ અને શાકભાજી ઉત્પાદન સ. મં. લી. તા. ડીસા અને સહકારી અધિકારી (ફડચો) પાલનપુરના તા. ૧૧-૩-૦૨ની દરખાસ્ત અને તા. ૧૦-૭-૦૩ ની ભલામણ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૦/૨/૨૦૦૩.--ધી રાણપુર (આવાસ) ફળ અને શાકભાજી ઉત્પાદન સ. મં. લી.ના રાણપુર (આવાસ) તા. ડીસાને આ કચેરીના તા. ૧-૩-૦૧ થી હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૪૩૧/ફ. ૧૨૦૯૫ થી ફડચામાં લઈ જવાનો અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), પાલનપુરની નિમણુંક કરતા હુકમો કરવામાં આવેલ હતા. એ મુજબ ફડચા અધિકારીશ્રીએ સદર ફડચા મંડળીનો દફતરી ચાર્જ તા. ૮-૩-૦૧ના રોજ સંભાળેલ ત્યારબાદ ફડચા મંડળીના બેંક ખાતા ફડચા અધિકારી ખાતે તબદીલ કરાવી ફડચાની કામગીરી શરૂ કરેલ હતી. પરંતુ મંડળીના કાર્યવાહકોએ મંડળીને પુનઃજીવિત કરવા અરજીથી વિનંતી કરતાં જણાવેલ છે કે મંડળીના પેટા નિયમના ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરવાની વ્યવસ્થાપક કમિટિની મીટીંગ દર માસે બોલાવવી. મંડળીના સભાસદો વધારવાની તેમજ શેરભંડોળમાં વૃદ્ધિ કરવાની અને મંડળીમાં ફળ અને શાકભાજીનું ઉત્પાદન અને વેચાણની કામગીરી કરવાની ખાત્રી આપેલ છે. તેમના હિતોને અનુલક્ષીને ફડચા અધિકારીએ મંડળીને પુનઃજીવિત કરવાની ભલામણ કરેલ છે. જે ભલામણોએ ગ્રાહ્ય રાખી મંડળીને પુનઃજીવિત કરવાનું ઠરાવીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી રાણપુર (આવાસ) ફળ અને શાકભાજી ઉત્પાદન સ. મં. લી.ના તા. ડીસા જી. બનાસકાંઠાને અત્રેની કચેરીના તા. ૧-૩-૦૧ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/૪૩૧/ફ. ૧૨૦૯૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ હુકમ રદ કરી મંડળીને પુનઃજીવિત કરતો તેના મુળ નોંધણી નંબર ૨૯૯૯, તા. ૨-૧૨-૯૭ ચાલુ રાખતાં સને ૧૯૬૨ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ અન્વયે મંડળીને પુનઃજીવિતનો હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરનો તા. ૧૧-૩-૦૨નો ફડચા ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ, તા. ૨૨-૩-૦૨.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ, તા. ૨૪-૬-૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સી.એચ.કે.એચ./૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે. થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

મહેસાણા, તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ, મહેસાણા પત્ર ક્રમાંક અષણ/નવજીવન હાઉ./૬૬/૦૩, તારીખ૨૨મી જાન્યુઆરી, ૦૩થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૩૪૪/૨૦૦૩, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૩થી અપાયેલ કારણદર્શક નોટીસ.

(૩) સંસ્થાના પ્રમુખશ્રીની તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૩ની રજુઆત.

(૪) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૧૨/૨૦૦૩, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૦૩થી તારીખ ૩૧મી માર્ચ, ૦૩ સુધીમાં પુરાવા રજુ કરવા અપાયેલ મુદતી સમય.

(૫) મંડળીના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૦૩થી રજુ કરેલ પુરાવા વગરની રજુઆત.

(૬) અત્રેના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૪૬૫/૦૩, તારીખ ૨જી એપ્રિલ, ૦૩થી મુદ્દા નંબર ૧થી ૯ અંગે સ્પષ્ટતા પુરાવા રજુ કરવા અપાયેલ ખાસ તક.

(૭) અત્રેની કચેરીના પત્રાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૭૦૩/૦૩, તારીખ ૧૭મી મે, ૦૩થી ફડચામાં વચગાળાનો આદેશ.

(૮) સંસ્થાની તારીખ ૧૪મી મે, ૦૩ના પત્ર તેમજ, આધાર ઠરાવો વિગેરે ફડચામાં ન લઈ જવા રજુઆત.

(૯) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૭૬/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી નવજીવન કો. ઓપરેટીવ હઉસીંગ સોસાયટી લી., મું. તા. બેચરાજી, જિલ્લા મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયા ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નંબર ઘ/૫૧૮૦, તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૭૩ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તારીખ ૧લી એપ્રિલ, ૦૧થી તારીખ ૩૧મી માર્ચ, ૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૧, સહકારી મંડળી, મહેસાણાને પ્રુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગે અત્રે આમુખ-૧ની વિગતે ખાસ અહેવાલ રજુ કરેલ છે. જે સબબે આમુખ-૨થી ૬ સુધીની કાર્યવાહી થયેલ હતી. જે બાદ, કાયદાની જોગવાઈઓ મુજબ આમુખ-૭થી સંસ્થાને ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો. ત્યારબાદ, આમુખ-૮થી સંસ્થાએ ફડચામાં ન લઈ જવા અંગે કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓની પૂર્તતામાં ઓડિટ વર્ગ સુધારવા, દુરસ્તી મોકલવા, વ્યવસ્થાપક કમીટીની કામગીરી કરવા, સાધારણ સભા કામગીરી કરવા સંસ્થાની કામગીરી ચાલુ રાખવા, પેટા-નિયમના હેતુ ઉદેશો મુજબ કામગીરી કરવા, સંસ્થાને અર્થક્ષમ-કાર્યક્ષમ બનાવવા, જમીન મહેસૂલ ખોટ સરભર કરવા તેમજ, ફડચાની કામગીરીથી વ્યવસ્થાપક કમીટીને વાકેફ કરવાની કામગીરીમાં સંસ્થા, સંસ્થાના સભાસદોના હિતમાં કામગીરી કરવાની વિગતો રજુ કરતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી નવજીવન કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તાલુકા બેચરાજી, જિલ્લા મહેસાણાની સહકારી કાયદાધીન રજિસ્ટર્ડ નંબર ઘ-૫૧૮૦, તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૭૪થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૭૦૩/૦૩, તારીખ ૧૭મી મે, ૨૦૦૩થી વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં સંસ્થા તરફથી તારીખ ૧૪મી મે, ૦૩ના પત્ર તેમજ સાધનિક પુરાવાઓ તેમજ, ખાત્રીઓ રજુ કરતાં, આમુખ-૨માં જણાવેલ તમામ ખામીઓની વાસ્તવિક દુરસ્તી ૬ (છ) માસમાં રજુ કરવાની શરતે ફડચાનો વચગાળાનો આદેશ પરત ખેંચી ફડચાની કાર્યવાહી મોકુફ રાખવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી એચ. એમ. ઠક્કર, ઓડિટર ગ્રેડ-૧, સ. મં. મહેસાણાના પત્ર ક્રમાંક : દીગડી/તેલી/૧૦૦/૦૩, તા. ૭-૩-૦૩થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૭/૦૩, તા. ૮-૪-૨૦૦૩થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૬૬૬/૦૩, તા. ૯-૫-૦૩થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૮૩/૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી દીગડી જૂથ તેલબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું દીગડી, તા. કડી, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. તે.-૨૫૯૫૦, તા. ૧૭-૩-૧૯૯૨ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટરગ્રેડ-૧, સ. મં., મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૭/૨૦૦૩, તા. ૮-૪-૨૦૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૬૬૬/૦૩, તા. ૯-૫-૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે, છતાં નિયત સમય મર્યાદામાં કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીનો છેલ્લા સાત વર્ષનો ઓડિટ વર્ગ ''ડ'' છે.

(૨) મંડળીની શરૂઆતથી એટલે કે, લગભગ ૧૦ વર્ષથી ઓડિટ મેમાની સાચી વાસ્તવિક દુરસ્તી નહી કરીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

INDEX

(૩) સને ૯૯/૨૦૦૦, ૨૦૦૦/૨૦૦૧, ૨૦૦૧/૨૦૦૨નો વર્ષમાં વ્ય. કમિટીની એકપણ મિટીંગ મળેલ નથી. જેથી સંસ્થાના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૪નો ભંગ થયેલ છે.

(૪) સને ૯૯/૨૦૦૦, ૨૦૦૦/૨૦૦૧, ૨૦૦૧/૨૦૦૨ ના વર્ષમાં વા. સા. સભા મળેલ નથી કે ખાતાની મંજૂરી મેળવેલ નથી. જેથી સભાસદોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ હોય તેમ જણાતું નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૫) મંડળીમાં પગારદાર કર્મચારી નથી.

(૬) મંડળી અર્થક્ષમ, કાર્યક્ષમ નથી.

(૭) મંડળીની આર્થિક પરિસ્થિતિ ઘણી જ નબળી છે.

(૮) તા. ૩૧-૩-૨૦૦૨ના અંતે મંડળીની ચોખ્ખી ખોટ રૂા. ૮,૯૬૬.૨૯ બોલે છે. જે સરભર કરવા સંસ્થાના હોદેદારોએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૯) મંડળી છેલ્લા છ વર્ષથી સ્થગિત છે. જે ચાલુ કરવા સંસ્થાના કાર્યવાહકોએ પેટાનિયમ મુજબ કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી.

(૧૦) તા. ૧-૪-૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ :

ધી દીગડી જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મું. દીગડી, તા. કડી, જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે.તે.-૨૫૯૫૦, તા. ૧૭-૩-૧૯૯૨ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ-(૨)(૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડિટર સ. મં. (દૂધ), કડી -૧ના પત્ર ક્રમાંક : અષણ/રૂબરૂ/૨૦૦૩, તા. ૪-૧-૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક સકક/૦૧/ખ/૧૬૫, તા. ૧૧-૩-૨૦૦૩ થી સદર સંસ્થાને ફડચામાં લઈ જવા રજુ થયેલ નોંધ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૬/૦૩, તા. ૮-૪-૦૩થી કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૬૫૮/૦૩, તા. ૯-૫-૦૩થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૮૪-૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી ખદલપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું ખદલપુર, તા. જિ. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. દૂ.-૧૦૦૯૦, તા. ૧૭-૪-૧૯૬૮ છે.

ઉપરોક્ત આમુખ-માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સ. મં.(દૂધ), કડી-૧ને સુપ્રત થતાં, તેઓના આમુખ-૧ના અહેવાલ આધીન અત્રેની કચેરીના આમુખ-૨માં જણાવેલ પત્રાંકથી ફડચા-કાર્યવાહી કરવાની નોંધ સુપ્રત થતાં, સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૬/૨૦૦૩, તા. ૮-૪-૨૦૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્રાંક ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૬૫૮/૦૩, તા. ૯-૫ ૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં નિયત સમય મર્યાદામાં કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીમાં અગાઉ હોદેદારો તરફથી અવારનવાર નાણાંકીય ગેરરીતીઓ કરવા છતાં, વ્ય. કમીટીએ તેમના વિરૂદ્ધ કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી. તેમજ તેઓને હોદા ઉપરથી દૂર ન કરતાં છાવરવા પ્રયત્ન કરેલ છે. તેથી, મંડળીમાં દૂધ ભરાવતા સભાસદ દૂધગ્રાહકોને હોદેદારો તથા કાર્યવાહકો ઉપર વિશ્વાસ ન રહેતાં મંડળીમાં દૂધ ભરાવવાનું બંધ કરી, ખાનગી વેપારીને દૂધ ભરવાનું ચાલુ કરેલ છે. મંડળી છેલ્લા દોઢ વર્ષથી પોતાના પેટાનિયમના ઉદેશો મુજબ પ્રવૃત્તિ કરતી બંધ થયેલ છે. હાલમાં પણ મંડળી સ્થગિત છે. આમ, મંડળી બંધ થયાનું મુખ્ય કારણ વ્ય. કમિટી તથા હોદેદારો છે.

(૨) મંડળીના તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૧૨-૯૯, તા. ૧-૧-૦૦થી તા. ૩૧-૩-૦૦, તા. ૧-૪-૦૦ થી તા. ૩૦-૬-૦૦, તા. ૧-૬-૦૦ થી તા. ૩૦-૯-૦૦, તા. ૧-૧૦-૦૦ થી તા. ૩૧-૩-૦૧ તથા તા. ૧-૪-૦૧ થી તા. ૩૦-૬-૦૧ સુધીના અલગ અલગ સમયના ઓડિટ મેમાઓની ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ સંબંધિત કચેરીને સમય મર્યાદામાં મોકલવાનો હોય છે. જે આજદિન સુધી મોકલી આપેલ નથી. જે ઓડિટ દુરસ્તી રીપોર્ટ મોકલી આપવા કોઈ જ કાર્યવાહી વ્ય. કમિટીએ હાથ ધરેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ-૮૫નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૩) મંડળીના પે. નિ. ૨૫ મુજબ વ્ય. કમીટીની બેઠક દર માસે ફરજીયાત મળે તેમજ, કામગીરી સમીક્ષા કરી, થયેલ કાર્યવાહી નોંધ કરવી જોઈએ, જે વ્ય. કમીટીએ આવી કોઈ કામગીરી કરેલ નથી. જેથી, વ્ય. કમીટી નિષ્ક્રીય રહેલ છે.

(૪) અગાઉ મંડળીની વ્ય. કમીટીએ ગ્રામ પંચાયત ખદલપુરને પા. નં. ૩, તા. ૧૮-૧૨-૮૯ થી ગોડાઉન બાંધકામ સારૂ જમીન મેળવવા રૂા. ૧૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે ચુકવેલ, ગ્રામ પંચાયત તરફથી જમીન ફાળવેલ ન હોવા છતાં, બિન કાયદેસર રીતે જમીન ફાળવેલ ન હોવા છતાં, બિન કાયદેસર રીતે જમીન મળ્યા વગર જે તે સમયની સમિતિને મકાન ગોડાઉન બાંધકામ કરી, મંડળીના ફંડોનું રૂા. ૧,૩૫,૮૩૪/- નું રોકાણ કરેલ. મંડળીના ફંડોનું રોકાણ કરતાં પહેલાં સહકારી કાયદાની કલમ-૭૧ મુજબ અત્રેની કચેરીની મંજૂરી મેળવવી જોઈએ. જે મંજુરીથી મેળવેલ ન હોવાથી તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૧૨-૯૯ના ઓડિટ દરમ્યાન ઓડિટરશ્રી તરફથી કરવામાં આવેલ ખાસ અહેવાલ આધારે અત્રેથી કલમ-૭૧નો ભંગ કરવા બદલ જે તે સમયની કમીટી તથા હોદેદારો વિરૂધ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરવા નુકશાન ભરપાઈ કરવા જણાવેલ છે. તેમ છતાં, વ્ય. કમીટીએ મકાન બાંધકામ રેગ્યુલાઈઝ કરી, કલમ-૭૧ અન્વયે મંજૂરી મેળવવા પ્રયત્નો કરેલ નથી તથા જે તે કમીટી તથા હોદેદારો પાસેથી નાણાં વસુલ કરવા કોઈ કાર્યવાહી પણ હાથ ધરેલ નથી.

(૫) મંડળીના મકાન ગોડાઉન બાંધકામની સમિતિ તથા હોદ્દેદારો ઉપર અત્રેની કલમ-૭૧ના ભંગ બદલ ફોજદારી રાહે પગલાં ભરેલ છે. તે સમયની સમિતી તથા હોદ્દેદારો પૈકી પ્રમુખ તરીકે ઠાકોર ગલાજી રાધુજી, વ્ય. કમીટી સભ્ય તરીકે રબારી વરવાભાઈ સરતાનભાઈ તથા મંત્રી તરીકે રબારી સાગરભાઈ સરતાનભાઈ ચાલુ છે. જેથી, ઉક્ત મુદ્દા નં. ૪ની વિગતે મંડળીને થયેલ નુકશાન વસુલ કરવા સમિતિ તરફથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. જે અંગે વ્ય. કમિટીએ પોતાની ફરજ જવાબદારી નિભાવવામાં ઉદાસીનતા સેવેલ છે.

(૬) મંડળી પોતાના પેટા નિયમના ઉદ્દેશો મુજબ પ્રવૃત્તિમય હતી, તે સમયે જે સભાસદ દૂધ ગ્રાહક પે. નિ. ૧૦(૪)નો ભંગ કરી ખાનગી વેપારીને ત્યાં દૂધ ભરાવી મંડળીને આડકતરી રીતે નુકશાન કરતા હતા તેવા સભાસદોને સભ્યપદેથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની સત્તા મંડળીની સાધારણ સભા તા. ૩૦-૯-૨૦૦૦ના ઠરાવ નં. ૧૧ તથા તા. ૨૯-૬-૨૦૦૧ના ઠરાવ નં. ૧૦થી વ્ય. કમીટીને સોંપેલ. તેમ છતાં, આજદિન સુધી આ અંગે વ્ય. કમીટીએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી અને મંડળીના હિતને આડકતરી રીતે નુકશાન થવા દિધેલ છે.

(૭) મહેસાણા જિલ્લા સંઘે મંડળીના તા. ૧-૧-૦૦ થી તા. ૧૦-૧-૦૦ના દૂધ વેચાણ બીલમાંથી ખુટતા કેન નંગ-૯ની રકમ રૂા. ૧૨,૦૨૮.૫૦ કપાત કરેલ. જે રકમની વસુલાત સારૂ વારંવાર ઓડિટ નોંધમાં સુચનો કરવા છતાં, વ્ય. કમીટીએ ખુટતા કેન અંગે જવાબદારી નક્કી કરી, જે તે જવાબદાર કર્મચારી પાસેથી સદર નાણાંની વસુલાત કરેલ નથી, આ અંગે કોઈ કાર્યવાહી કમીટી એ... કરેલ નથી.

(૮) મંડળીના તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૧૨-૯૯ના ઓડિટ મેમાની ખામી નં. ૨૨માં જણાવ્યા મુજબ મંડળીના માજી હોદેદારોએ નંદી વેચાણ કરેલ છે. પરંતુ મંડળીને નાણાં મળેલ ન હોઈ, સરવૈયામાં નંદી ખાતે લેણી રકમ રૂા. ૪,૨૫૦/- માજી હોદેદારો પાસેથી વસુલ લેવા જણાવે. તેમ છતાં આજદીન સુધી નાણાં વસુલ કરેલ નથી કે વસુલાત અંગેની કાર્યવાહી વ્ય. કમીટી તરફથી હાથ ધરવામાં આવેલ નથી.

(૯) સને ૨૦૦૦/૨૦૦૧ના વર્ષની સંઘ ભાવ ફેરની રકમ રૂા. ૩૭,૮૮૦/- દૂધ સંઘે મંડળીને જમા આપેલ છે. તેમ છતાં જે તે હક્કદાર દૂધ ગ્રાહકોને સંઘ ભાવ ફેર ચૂકવેલ નથી તથા સરવૈયા મુજબ સભાસદ ડીવીડન્ડ રૂા. ૧૦,૮૦૨,૪૦ તથા સભાસદ બોનસ રૂા. ૭,૩૪૫.૬૦ જે તે હક્કદાર સભાસદોને ચુકવેલ નથી. આમ, દૂધ ગ્રાહકો તથા સભાસદોને હક્કના નાણાં ન ચૂકવી વ્ય. કમીટીએ તેઓને આર્થિક નુકશાન કરેલ છે.

(૧૦) મંડળીની વ્ય. કમીટીએ મંડળીના પેટા-નિયમ વિરૂધ્ધ ઠરાવ કરી, ગ્રાહકોને સાગરદાણનું ઉધાર માલ ધિરાણ કરી, મંડળીને આર્થિક નુકશાન થાય તેવો પ્રયત્ન કરેલ છે.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ખદલપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ખદલપુર, તા. જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે.દૂ.-૧૦૦૯૦, તા. ૧૭-૪-૧૯૬૮ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એ. એસ. ચૌધરી, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક

INDEX

માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી બી. કે. ગૌસ્વામી, ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૮૩/૦૩, તા. ૧૭-૩-૦૩થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૨/૦૩, તા. ૮-૪-૨૦૦૩થી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૬૨૫/૦૩, તા. ૯-૫-૦૩ થી સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૮૫-૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી શંકર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઘ/૯૫૫૯, તા. ૨૪-૪-૧૯૮૨ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૭-૨૦૦૦ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાને સુપ્રત થતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૧૨/૨૦૦૩, તા. ૮-૪-૨૦૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ//૦૧/ખ/૬૬૫/૦૩, તા. ૯-૫-૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી, અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. જેથી નિયત સમય મર્યાદામાં કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના નોંધાયેલા પેટાનિયમ મુજબનો મુખ્ય ઉદ્દેશ સભાસદોને રહેણાંક માટેના મકાનો પુરા પાડવાનો છે. જે અંગેની કામગીરી મંડળીએ અગાઉના વર્ષોમાં પૂર્ણ કરેલ છે. જે માટે મંડળીએ કોઈ મધ્યસ્થ ધિરાણ સંસ્થા પાસેથી લોન કે ફાળો મેળવેલ નથી, તેવું સંસ્થાના સરવૈયા પત્રકોના આધારે જણાયેલ છે. આ, સંસ્થા પાસે સરકારશ્રીનું કે મધ્યસ્થ ધિરાણ સંસ્થાનું કોઈ લેણું બાકી પડતું નથી.

(૨) મંડળીની ગત તપાસણી અને અગાઉના વર્ષોના થયેલ ઓડિટ ખામીઓની દુરૂસ્તી રીપોર્ટ પણ આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૩) મંડળીની સને ૧૯૯૯-૨૦૦૦ તથા ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં એકપણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. જેથી. સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ થયેલ છે. આમ, સભાસદો નિષ્ક્રીય જણાયેલ છે.

(૪) તપાસણી સમયમાં મંડળીની એકપણ વ્ય. કમીટીની બેઠક મળેલ નથી.

(૫) તા. ૩૧-૩-૨૦૦૨ના અંતે મંડળીમાં એકત્રિત ખોટ રૂા. ૨૭,૯૯૧.૩૮ થયેલ છે. જે નિવારવા મંડળીના કાર્યવાહકો તરફથી કે સભાસદો તરફથી કોઈ જ પ્રવૃત્તિ થયેલ નથી.

(૬) મંડળીની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. મંડળીના વિકાસ માટે વહીવટી ફાળો નોંધણી થયાથી આજસુધી એકત્ર કરેલ નથી. જેથી મંડળીની આર્થિક સ્થિતિ સુધરી શકે તેવી કોઈ શક્યતા નથી.

(૭) મંડળીએ તપાસણી સમયમાં સહકારી કાયદા, કાનૂન અને પેટા-નિયમના ઉદેશો વાળી કોઈ જ કામગીરી કરેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકો અને સભાસદો મંડળી ચાલુ રાખવામાં નિરૂત્સાહી જણાય છે.

(૮) મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડિટ વર્ગ "ડ" છે.

(૯) તા. ૧-૪-૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબ પત્રકો, શેર ભંડોળની યાદી રજૂ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી શંકર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. કડી, તા. કડી, જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ.-૯૫૫૯, તા. ૨૧-૪-૧૯૮૨ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી મંડળીને ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

INDEX

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી વી. એ. પટેલ, એડિશનલ સબ-ઓડિટર, સ.મં., કડીના પત્ર ક્રમાંક અષણ/૦૧/૯૩/૦૩, તા. ૪/૪/૦૩ થી રજૂ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૬૩૮/૦૩, તા. ૨/૫/૨૦૦૩થી કારણદર્શક નોટીસ.

(૩) મંડળી વતી મંડળીના વ્યવસ્થાપક કમીટી સભ્યશ્રી ડી. એન. પટેલની તા. ૧૬/૫/૨૦૦૩ના પત્રથી મુદત માંગણી.

(૪) અત્રેની કચેરીના તા. ૧૬/૬/૨૦૦૩થી આપવામાં આવેલ મુદતી સ્મૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૮૬/૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી ગ્રામ્ય લક્ષ્મી ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી., મું. વડુ, તા. કડી, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ખે.-૨૭૦, તા. ૧૨/૩/૧૯૭૬ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧/૪/૨૦૦૧ થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ એડીશનલ સબ-ઓડિટર, સહકારી મંડળી કડીને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૬૩૮/૨૦૦૩, તા. ૨/૫/૨૦૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૩ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. તેઓએ હાજર રહી લગ્ન જેવા પ્રસંગો હોવાથી, અન્ય મુદતની માંગણી કરેલ જે માંગણીધીન અત્રેની કચેરીના તા. ૧૬/૬/૨૦૦૩ના પત્રથી રજુઆત માટે તા. ૨૧/૬/૨૦૦૩ આપેલ હતી. જે નિયત સમયમાં રજુઆત થયેલ નથી. જેથી, સંસ્થાને રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં, નિયત સમય મર્યાદામાં કોઈ રજુઆત થયેલ નથી.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) સંસ્થાએ છેલ્લા ૩ ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી જેથી, સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થવા પામેલ છે.

(૨) સંસ્થાનો છેલ્લા બે વર્ષથી ઓડિટ વર્ગ- ''ડ'' આવેલ છે.

(૩) સંસ્થાએ છેલ્લા પાંચ વર્ષથી તેના ઉદ્દેશો મુજબની કોઈજ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી. આમ, સંસ્થા છેલ્લા ઘણા વર્ષોથી બિલકુલ સ્થગિત અવસ્થામાં રહેવા પામેલ છે.

(૪) સંસ્થાએ તા. ૧૭/૯/૧૯૯૮ પછી વ્ય. કમીટીની એકપણ બેઠક બોલાવેલ નથી. જેથી, સહકારી કાયદાની કલમ-૭૪ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૫) સંસ્થાની સને ૯૭/૯૮ના વર્ષ પછી સાધારણ સભા મળેલ નથી.

(૬) સદર સંસ્થા ચલાવવા માટે સભાસદો કે કાર્યવાહકોને બિલકુલ રસ નથી.

(૭) સંસ્થા દિન-પ્રતિદિન ખોટમાં જાય છે. તા. ૩૧/૩/૨૦૦૨ના અંતે રૂા. ૮,૩૬૮.૫૦ ની ખોટ બોલે છે.

(૮) મંડળીમાં મંત્રીશ્રી જતા રહેલ હોઈ, નવીન મંત્રીશ્રીની નિમણૂંક કરેલ નથી.

(૯) મંડળીમાં પાણી પિરાણ રૂા. ૧૬,૪૯૬.૭૬ બાકી બોલે છે. જેની વસુલાત માટે હોદ્દેદારો તરફથી કોઈ જ પ્રયત્નો થયેલ નથી.

(૧૦) મંડળીએ સ્વીકારેલ પેટાનિયમની કલમ-૨,૨૧,૨૩,૩૨,૩૪, ૩૫, ૩૮ તથા ૫૧ તેમજ કાનૂન ૨૧ (૧) તથા કાયદા-કાનૂનની કલમ-૮૫નો ચુસ્તપણે પાલન થયેલ નથી.

(૧૧) મંડળી પુનઃચાલુ થવાની કોઈ શક્યતાઓ નથી અને ભવિષ્યમાં પણ ચાલુ થાય તેમ નથી.

(૧૨) સંસ્થા દ્વારા તાલુકા પંચાયત કડીને રૂા. ૫,૦૧૬.૩૪ ચુકવવાના બાકી બોલે છે.

(૧૩) તા. ૧/૪/૨૦૦૨થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ સુધી રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ, તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ગ્રામ્યલક્ષી ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહકારી મંડળી લી., મું. વડુ, તા. કડી, જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ખે. ૨૭૦, તા. ૧૨/૩/૧૯૭૬થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧)ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, (ફડચો), મહેસાણાની નિમણૂંક કરવામાં આવે છે.

INDEX

નોંધઃ- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધાઃ-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/જ/૦૧/૧૧૧૯/૨૦૦૩, તા. ૨૩/૬/૨૦૦૩.

અંતિમ હુકમ

જા.નં. જીઉકે/ફડચ/જ/૦૧/૧૨૯૩/૯૦૫૭/૨૦૦૩.– શ્રી ગોઠવા ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. ગોઠવા, તા. વિસનગર, જી. મહેસાણાને મદદનીશ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત મહેસાણાની કચેરીના નોંધણી ક્રમાંક પી. ૨૬૪૦, તા. ૧૯૫૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી (૧), (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮ (૧) હેઠળનું નિમણૂંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરૂ કરવું.

મહેસાણા, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૦૩.

આઈ. આઈ. શેખ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ),
મહેસાણા.

નં. નધણ/ધ-૧૮૯૮૭/ક/૧૮૩૮/સને ૨૦૦૩.–આથી જાહેર કરે છે કે શ્રી અર્બુદાનગર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી મર્યાદિત સ્થળ રાધનપુર, તાલુકો રાધનપુર, જીલ્લો પાટણ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ઓડીટર સહકારી મંડળી (ગ્રાહક) પાટણનો તા. ૫/૪/૨૦૦૩નો અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૭૭૫/૮૨૨/૨૦૦૩ તા. ૨૪/૪/૦૩ની ફડચા સંબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૮૪૨/૦૩ તા. ૨૨/૫/૦૩.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૭૫/૦૩.–શ્રી સર્વોદય ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. પાટણ તાલુકા પાટણ, જિલ્લા પાટણની નોંધણી નં. ભં. ૧૮૮ તા. ૧૯/૧૨/૬૩થી નોંધાયેલ સહકારી મંડળી છે.

શ્રી ઓડીટર સહકારી મંડળીઓ (ગ્રાહક) પાટણે સદર મંડળીનું ઓડીટ તા. ૧/૭/૯૭ થી ૩૧/૩/૦૨ ના સમયનું હાથ ધરેલ તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ આમુખ-૧ના પત્રથી અત્રે રજુ થયેલ છે. સદર અહેવાલ સંબંધે આમુખ-૨થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીએ અગાઉના બે ઓડીટ નોંધોની દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ "ડ" છે.

(૩) મંડળીએ છેલ્લા ત્રણ વર્ષની વાર્ષિક સાધારણ સભાઓ યોજી નથી.

(૪) મંડલી છેલ્લા ત્રણ વર્ષ ઉપરાંતથી સંપૂર્ણ સ્થગીત છે.

(૫) કારોબારીની બેઠકો પેટાનિયમ મુજબ મળેલ નથી.

(૬) મંડળીની ખોટ રૂા. ૧૪૬૫૨/૫૨ નિવારવા કોઈ પગલાં લેવાયેલ નથી. આર્થિક સ્થિતિ નબળી છે.

(૭) તા. ૧/૧૦/૯૭થી મકાનનું ભાડું ચૂકવેલ નથી.

(૮) મંડળીના સભ્યો/કાર્યવાહકોને મંડળી ચલવવામાં રસ નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઈ જતાં અગાઉ પત્ર નં. ઉખસ/૭૭૫/૮૨૨/૨૦૦૩ તા. ૨૪/૪/૦૩થી કારણદર્શક નોટીસ પાઠવી તા. ૧૨/૫/૦૩ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ હતું. પરંતુ મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત ન થતાં આમુખ-૩ના પત્રથી સ્મૃતિ પત્ર પાઠવેલ, પરંતુ મંડળી તરફથી કોઈ પણ જાતની રજુઆત થયેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી સર્વોદય ગ્રાહક સહકારી ભંડાર લી., મું. પાટણ તા. પાટણ, જી. પાટણ, નોંધણી નં. ભં., ૧૮૮ તા. ૧૯/૧૨/૬૩થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭ (૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધઃ- ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આ હુકમ નીકળ્યા તારીખથી એક

INDEX

માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે, જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :-

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, વડોદરાનો તારીખ ૩-૧-૨૦૦૩ ના પત્ર ક્રમાંક અષણ/૦૧/ક.૧/૦૮થી કરેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૧-૨-૨૦૦૩ના પત્ર ક્રમાંક વહટ/૦૧/ઘ.૧/૫૮/૦૩થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૮૧ હેઠળની જોગવાઈ.

જા. નંબર વહટ/૦૧/ઘ.૧/૨૪૧/૬૯૬૧/૦૩.-ધી હરિપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. હરીપુરા, તા. સાવલી, જિ. વડોદરા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર સંસ્થાનું તા. ૧-૪-૨૦૦૧ થી ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું ઓડીટ ઓડીટર, સહકારી મંડળીઓ, સાવલી દ્વારા કરવામાં આવેલ છે. ઓડીટ સમય દરમ્યાન ક્ષતિઓ જણાઈ આવતાં જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, વડોદરા દ્વારા ખાસ અહેવાલ કરવામાં આવેલ છે. સંસ્થામાં નીચે જણાવેલ કારણોસર સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા માટે નીચેના કારણો જણાય છે.

(૧) વર્ષ ૧૯૯૯-૨૦૦૦ તેમજ ૨૦૦૦-૨૦૦૧ના વર્ષના ઓડીટ મેમાની વાસ્તવિક દુરસ્તી કરવામાં આવેલ નથી.

(૨) મંડળીના કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે.

(૩) મંડળીના હીસાબી સરવૈયા મુજબ નફાની પેટા નિયમ મુજબ ફાળવણી કરવામાં આવેલ નથી.

(૪) મંડળીની મુદતવીતી બાકી રકમની વસુલાત બાબતે કોઈ જ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

સંસ્થામાં પેટા નિયમની કલમ-૧૭, ૨૦, ૨૧, ૨૩, ૨૬, ૩૫, ૪૪, ૭૧, ૭૩નો ભંગ થયેલ છે, તેમજ સહકારી કાયદાની કલમ-૭૭, ૮૫ તેમજ ૧૦૬નો ભંગ થયેલ છે.

ઉપરોક્ત વિગતે સહકારી કાયદા કાનુન તેમજ પેટા નિયમનો ભંગ થયેલ છે સદર બાબતે અત્રેથી કારણદર્શક નોટીસ પાઠવી રૂબરૂમાં રજુઆત કરવાની તક આપેલ, તેમજ બે માસમાં કારણદર્શક મુદ્દાવાર જવાબ પુરાવા સહ મોકલી આપવા જણાવવા છતાં, જવાબ આવેલ ન હોઈ, મંડળીને સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ લઈ જતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી હરિપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. હરિપુરા તા. સાવલી જિ. વડોદરાની ચાલુ વર્ષની વ્યવસ્થાપક કમીટી સભ્યોને બરતરફ કરી, ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી., વડોદરાની વહીવટદાર તરીકે નિમણુંક કરું છું, તેઓએ નીચે જણાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશ અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ કાયદા-કાનુન અને પેટા-નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે, તેમજ મંડળીના હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત સમયે હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૩.

ડી. જી. દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :-

(૧) ફડચા અંગેની વચગાળાનો આદેશ નં. ફડચ/૦૧/ખ.૩/૨૧૪, તા. ૧૩-૨-૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈ ફડચા અંગેની અંતિમ આદેશ.

જા. નં. ઉખસ/ /ફડચ/૦૧/ખ.૩/૬૪૫/૦૩.-ધી ગોધરા તાલુકા પરીવહન શ્રમિક મજુર કામદાર સહકારી મંડળી લી., મુ.પો. તા. ગોધરા, જિ. પંચમહાલ નોંધણી ક્રમાંક : ઉ.૯૦૪૨, તા. ૨૧-૫-૯૦ થી નોંધાયેલ સહકારી મંડળી છે. જેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખ-૧માં જણાવેલ વચગાળાના

INDEX

હુકમથી ફડચામાં લઈ જઈ સદર હુકમ સામે વાંધા સુચનો રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. રુબરુ રજુઆત કરવા માટે પણ આમુખ-૧ થી જણાવવામાં આવેલ હતુ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૨માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં, મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રી અને મેનેજરશ્રી, પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી., પ્રભારોડ, ગોધરાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ગોધરા, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૩.

જે. જી. પંડયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગોધરા.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૭૪(ઘ) હેઠળની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. જીએચકેએચ/એમ-૭/૧૯૯/સીડીઈ/૧૦૯૭/૧૫૩-જે, તા. ૧૭-૧-૧૯૯૮.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : સકક/ ૦૧ / ખ / ૫૬૨ / ૦૨ / તા. ૧૯-૪-૦૨.

(૪) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : મકમ ૦૧/ ક-૧ /૪૯૫ / ૦૩. તા. ૩૦/૬/૦૩.

જા. નંબર સકક/૦૧/ખ/૭૨૬/૦૩.- અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સકક/૦૧/ખ/૫૬૨/૦૨, તા. ૧૯-૪-૦૨, થી રણીયાર અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. લીમડી, તા. ઝાલોદ જિ. દાહોદમાં સહકારી કાયદાની કલમ-૭૪-(ઘ) હેઠળ કસ્ટોડીયન તરીકે શ્રી એસ. પી. નિનામા, સહકારી અધિકારી ગ્રેડ-૨નો હુકમ કરવામાં આવેલ હતો. આમુખ (૩)થી પરંતુ આમુખ (૪)માં જણાવ્યા પ્રમાણે તેઓશ્રીની ગોલ્ડન જયુબીલી કોટન ઈન્ડસ્ટ્રીઝ (જિ. ઉ. કેન્દ્ર) વડોદરા તરીકે બદલી થતા તેઓશ્રી, ને અત્રેની કચેરીએથી તા. ૩૦મી જુન, ૨૦૦૩ના રોજ થી છુટા કરવામાં આવેલ છે. જેથી તેમની જગ્યાએ અત્રેની કચેરીના મદદનીશ, સહકારી અધિકરીશ્રી, (ગ્રેડીંગ) તરીકેની ફરજ બજાવતા કર્મચારી શ્રી આર. એન. પલાસનો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું જે. એસ. ડામોર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદ મને મળેલ સત્તાની રૂએ ધી રણીયાર અર્થક્ષમ સેવા સહકારી મંડળી લી. લીમડી, તા. ઝાલોદ જિ. દાહોદમાં આમુખ (૩) થી જે હુકમ કરવામાં આવેલ હતો જેને તા. ૩૦મી જુન, ૨૦૦૩ના રોજ કેન્સલ કરી તેમની જગ્યાએ તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩ના રોજની અસરથી વહીવટદાર તરીકે શ્રી આર. એન. પલાસ, મદદનીશ સહકારી અધિકારી (ગ્રેડીંગ) સદર કચેરીને નિમણુંક અગાઉના આ કચેરીના હુકમ ક્રમાંક : સકક/૦/ખ/૫૬૨/૦૨, તા. ૧૯-૪-૦૨માં જણાવેલ શરતોને આધિન કરૂ છું.

દાહોદ, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩.

જે. એસ. ડામોર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, દાહોદ.

વંચાણે લીધા :-

(૧) ધી સા.કાં.જિ.મ.સ. બેંક લી., હિમંતનગરના તા. ૩૦-૧૦-૦૨ના પત્ર નંબર ઈ-સ્પે./૪૫/૧૭૯૧૬થી તથા રજુ થયેલ અહેવાલ તા. ૧૭-૪-૦૩ના પત્ર નંબર ઈ-સ્પે./૪૬/૩૪૪૯.

(૨) અત્રેની કચેરીના ક્રમાંક ફામ / ૦૧ / (ગ)૩૪૬૬ / ૨૦૦૨ તા. ૯-૧૨-૦૨થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૬-૫-૦૩ના ક્રમાંક : ફડચા/૦૧/(ગ) તા. ૧૦/૧૦/૦૩.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭/૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. -ફડચ/૦૧/ગ/૧૫૪૬/૩૧૯૮/૨૦૦૩.-ધી રામાપીર કંપા ગ્રૂ. સે. સ. મંડળી લી. રામાપીર કંપા, તા. ધનસુરા, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળી, ૧૯૬૧ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે. મંડળી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૬૯ના રોજ નોંધાયેલ છે. અને નોંધણી નં. ૨૯૦૯૩ છે. જેનો વહીવટ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, નિયમો તથા મંડળીના પેટા-નિયમો અનુસાર કરવાનો રહે છે. ધી સા. કાં. જી. મ. સ. બેંક લી., હિંમતનગર દ્વારા આ મંડળીની આર્થિક પરિસ્થિતિ દિન પ્રતિદિન નબળી પડતી હોવાથી અને અન્ય કારણોસર ફડચામાં લઈ જવા દરખાસ્ત કરવામાં આવેલ. મંડળીને નીચે મુજબના મુદ્દાઓ બાબતે આમુખ-૨માં વંચાણે લીધો. તારીખ ૯મી ડીસેમ્બર, ૨૦૦૨ની કારણદર્શક નોટીસ આપી ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી દ્વારા તારીખ ૧૩મી જાન્યુઆરી ૨૦૦૩ના પત્રથી લેખિત રજૂઆત કરવામાં આવેલ હતી. તથા રજુઆત માટે વધુ એક તક આપવામાં આવેલ હતી. કારણદર્શક નોટીસના મુદ્દાઓ તથા મંડળીની રજુઆત જોતાં.

(૧) મંડળીનું કાર્યક્ષેત્ર પાંચ ગામોનું છે. મંડળીનો વિસ્તાર વિશાળ હોવા છતાં મંડળીએ જે વિકાસ કરવો જોઈએ તે કરી શકેલ નથી. અને મોટી ખોટ કરેલ છે. મંડળીની રજુઆત મુજબ કાર્યવિસ્તારમાં સિંચાઈની કોઈ સગવડ ઉપલબ્ધ નથી અને છેલ્લા પાંચ સાત વર્ષથી પાણીના અભાવે ખેતી નિષ્ફળ જાય છે. સરકારશ્રીની દેવા નાબુદી યોજના હેઠળ બેંકે મંડળી ખાતે વ્યાજની રકમ પહેલાં ઉધારતા અસમતુલા થયેલ છે, જેથી ખોટ આવેલ છે.

(૨) મંડળીનો ઓડીટ વર્ગ ''ડ'' છે.
મંડળીની રજૂઆત મુજબ ઓડીટ વર્ગ ''ક'' છે.

(૩) મંડળીના ભંડોળ ૩.૪૦ લાખ સામે રૂા. ૨૪ લાખની ખોટ છે. બેંક લોન રૂા. ૪૮ લાખ સામે રૂા. ૧૮ લાખનો લોન ધિરાણનો ગાળો છે જે દરવર્ષે વધતો જાય છે.

મંડળીની રજુઆત મુજબ મંડળીમાં ૧૪૦ સભાસદ છે. દર વર્ષે રૂા. ૪૦ લાખ જેવું ધિરાણ મેળવે છે. કાર્યક્ષેત્રમાં નવી મંડળી અસ્તિવમાં આવતાં મંડળીમાં સભ્યો ઘટતાં ધિરાણ ઘટયું છે. એમ આવક ઉપર અસર થવા પામેલ છે. ખોટ ઘટાડવા મંડળીએ બેંકમાંથી અસમતુલા લોન માટે અરજી કરેલ પરંતુ બેન્કે અસમતુલા લોન આપેલ નથી.

(૪) મંડળીની વ્ય. કમીટી નિષ્ક્રીય છે અને વેચાણ વેપાર પ્રવૃત્તિનો વિકાસ કરી શકાય તેમ નથી.

મંડળીની રજુઆત મુજબ ખરીદ વેચાણની પ્રવૃત્તિ ઘટવાથી નફા ઉપર અસર પડેલ છે.

(૫) ખોટ ઘટાડવા મંત્રી તરફથી છેલ્લા પાંચ વર્ષથી કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી તથા વહીવટી ખર્ચ અને વ્યાજના પ્રમાણમાં વ્યાજ આવક અને વેપારી નફો જુજ હોઈ દર વર્ષે રૂા. ૨.૫૦ લાખથી રૂા. ૩ લાખ ખોટ વધતી જાય છે.

મંડળીની રજુઆત મુજબ લોન ધિરાણના ગાળાને પહોંચી વળવા વ્યાજની તમામ આવક અસમતુલામાં જતાં ખોટ ઘટતી નથી.

ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મંડળીની રજુઆત તથા બેંક પાસેથી મેળવેલ અહેવાલ જોતાં મંડળીએ કરેલ ધિરાણ પૈકી ૧૪ સભાસદોનું રૂા. ૫.૯૨ લાખની રકમ મુદતવીતી થયેલ છે. મંડળીનો ઓડીટ વર્ગ "ક" છે.

આમ મંડળીની વાર્ષિક પરિસ્થિતિનો અહેવાલ જોતાં મંડળીમાં લોન અને ધીરાણનો ગાળો વધુ હોઈ વ્યાજનું ભારણ પણ વધારે પડે છે. જેથી મંડળી આર્થિક રીતે બીન અક્ષમ થતી જાય છે. વધુમાં તારીખ ૧૯મી જુન, ૨૦૦૩ની મુદતે મંડળીના અધિકૃત પ્રતિનિધિઓ હાજર રહી મંડળીને ફડચામાં લઈ જવા સંમતી આપેલ છે.

પ્રસતુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાંતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર સહ. મંડળીઓ હિંમતનગર, સાબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ધી રામાપીરકંપા ગૃપ સેવા સ. મં. લી. મું.પો. રામાપીરકંપા તા. બાયડ, જિલ્લો સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરું છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખીત/મૌખિક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રૂબરૂ રજુઆત કરવા તા. ૨૮-૮-૨૦૦૩ના રોજ ૧૪-૦૦ કલાકે આ કચેરીએ હાજર રહી લેખીત/મૌખિક રજુઆત ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈપણ ખુલાસો કે રજુઆત કરવામાં નહિં આવે તો મુદત વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતીમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર ખે/૬૨૮૪.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિ. પં. ભરૂચ આથી જાહેર કરે છે કે દહેજ મા-૧ નર્મદા સિંચાઈ સ. મં. લી. મર્યાદિત સ્થળ વાવ તાલુકો વાગરા જિલ્લો ભરૂચ.

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૦૩.

એસ. આર રાઠવા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં. ભરૂચ.

જિલ્લા રજિસ્ટ્રાર (ઉદ્યોગ) દ્વારા

વંચાણે લીધા :-

(૧) ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સ. મં. લી.- આહવા-ડાંગના તા. ૧૩-૬-૯૮ વાળા પત્ર ક્રમાંક : ૩૭૬/૩૭૭/૯૮-૯૯ તથા સરખા પત્ર ક્રમાંકવાળા પત્ર, તા. ૨૮-૯-૯૮, તા. ૧૫-૧-૯૯ તથા તારીખ ૩૧-૫-૯૯.

(૨) કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક સપવ/ ૦૨૨ / ૮ / ૯૪૦ / ૯૮, તારીખ ૩૧-૮-૯૮.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૮-૪-૯૯ વાળા પત્ર ક્રમાંક અધગ/ ૦૧/ક/૫૧૯/૯૯ વાળી કારણદર્શક નોટીસ.

(૪) ડાંગ જીલ્લા આયુર્વેદિક ફાર્મસી સ. મં. લી.- આહવા-ડાંગની વ્યવસ્થાપક કમિટિનું તારીખ ૧-૬-૯૯ વાળું નિવેદન.

(૫) અત્રેની કચેરીનો તા. ૧૨-૭-૯૯ વાળા પત્ર ક્રમાંક જીઉકે/વલડ/ અધગ/૦૧/ક/૬૫૭/૯૯ વાળો આદેશ.

(૬) અત્રેની કચેરીનો તા. ૧૩-૭-૨૦૦૦ વાળા પત્ર ક્રમાંક/જીઉકે/ વલડ/અધગ/૦૧/૪૫૨ થી ૪૫૬/૨૦૦૦ વાળો આદેશ.

INDEX

(૭) અત્રેની કચેરીનો તા. ૧૫-૭-૨૦૦૧ વાળા પત્ર ક્રમાંક/જીઉકે/ વલડ/અધગ/ક/૧૩૧૯૩ થી ૧૩૧૯૯/૨૦૦૧ વાળો આદેશ

(૮) અત્રેની કચેરીનો તા. ૧૭-૭-૨૦૦૨ વાળા પત્ર ક્રમાંક/જીઉકે/ વલડ/અધગ/ક/૦૧/૨૧૭, વાળો આદેશ

(૯) અત્રેની કચેરીના તા. ૧૬-૬-૨૦૦૩ વાળા પત્ર ક્રમાંક/અધગ/ વહટ/૦૧/ક/૧૪૨/૨૦૦૩.

(૧૦) ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સ.મં. લી.- આહવા-ડાંગના નવી વ્યવસ્થાપક કમિટિનો તા. ૧-૭-૨૦૦૩ વાળો પત્ર નં. ૫૭૬/ ૦૩/૦૪.

જા. નંબર અધગ/વહટ/૦૧/ક/૨૫૩/૧૪૨૩૯/૨૦૦૩.-ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સ.મં.લી. આહવા, જી. ડાંગ-માં સંદર્ભ નં. ૫ વાળા આદેશથી એક વર્ષ માટે વહીવટદારની નિમણુંક કરવામાં આવી હતી. સંદર્ભ નં. ૬ તથા નં. ૭ તથા નં. ૮થી વખતો વખત એક વર્ષ માટે, વહીવટદારશ્રીની મુદત લંબાવવામાં આવી હતી. સહકારી કાયદાની કલમ-૮૧ મુજબ ચાર વર્ષની આ મુદત તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩ ના રોજ પુરી થયેલ છે. સંદર્ભ નં. ૯માં જણાવેલ તારીખ ૧૬મી જુન, ૨૦૦૩ વાળા પત્રના અનુસંધાને વહીવટદારશ્રીએ તા. ૧લી જુલાઈ, ૨૦૦૩ના રોજ સદર સંસ્થાની ખાસ સાધારણ સભા બોલાવી નવી વ્યવસ્થાપક કમિટિની રચના કરી, સંસ્થાનો વહીવટ નવી વ્યવસ્થાપક કમિટિને સુપ્રત કરેલ છે. જેને સંદર્ભ નં. ૧૦ વાળા સદર સંસ્થાના તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩ વાળા પત્રથી સમર્થન રજુ થયેલ છે.

હુકમ

ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સ. મં. લી.- આહવા, જી. ડાંગના વહીવટદારશ્રીની ચાર વર્ષની મુદત તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૩ના રોજ પૂરી થઈ હોય, તથા સદર સંસ્થાની નવી ચુંટાયેલ વ્યવસ્થાપક કમિટિએ, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૩ના રોજ વહીવટદારશ્રી પાસેથી સંસ્થાનો વહીવટ સંભાળી લીધેલ હોઈ, સહકારી કાયદાની કલમ-૮૧ (૩) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ, હુ શ્રી ડી. કે. સુથાર, મેનેજર (કેવીસીઆઈ) અને જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ) વલસાડ, સદર સંસ્થાના વહીવટદારની મુદત પૂર્ણ થતાં, નિમણુંક આથી સમાપ્ત થયેલ જાહેર કરું છું.

વલસાડ, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩.

ડી. કે. સુથાર,
મેનેજર (કેવીસીઆઈ) અને
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ)
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, વલસાડ.

જાહેરનામું

ક્રમાંક જીઉકે/નડદ/ખ-૧/૮૦૭૨/ ૨૦૦૩.-નોંધણી ક્રમાંક ૫૭૩૬ તા. ૧૬-૭-૨૦૦૩ મેનેજર (ખાદી) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડિઆદ આથી નીચે મુજબ જાહેર કરૂ છું કે, સુચિત શ્રી ગણેશ લાકડા ઉદ્યોગ ઔદ્યોગિક સહકારી મંડળી લિ. આણંદ જી. આણંદ આથી નીચે મુજબ જાહેર કરૂ છું સુચિત ધી ગણેશ બાંકડા ઉદ્યોગ અને ઔદ્યોગિક સહકારી મંડળી લિ. આણંદ તા. આણંદ જી. આણંદ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૬૯માં (નવ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

પેટલાદ શહેર સ્ત્રી ઉદ્યોગ સ.મં. લી., પેટલાદ, તા. પેટલાદ.

જી. ખેડાને ફડચામાં લઇ જવાનાં વચગાળાનો હુકમ ક્રમાંક : જીઇકે/ નડદ/ફડચ/૭૧૦૦, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

અંતિમ હુકમ

જા. નં. જી.ઉ.કે/નડદ/ફડચ/૮૦૯૩/૨૦૦૩.-શ્રી પેટલાદ શહેર સ્ત્રી ઉદ્યોગ સ.મં. લી., પેટલાદ, તા. આણંદ, જી. આણંદના નોંધ નંબર ઉ/૨૭૭૪, તારીખ ૧૯૭૯ થી નોંધવામાં આવી હતી, અને અત્રેની કચેરીમાં તારીખ ૩૦-૬-૦૧ ના હુકમ ક્રમાંક : જીઉકે/નડદ/ફડચ/૭૧૦૦ થી મંડળીને ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો જેની સામે મંડળીના હો દેદારોએ અત્રેની કચેરીએ આવી કોઇ રજુઆત કરેલ નથી. આમ મંડળી ખરેખર કામ કરતી હોય અને તેના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. આ તમામ વિગતો ધ્યાને લેતાં મંડળીને ચાલુ રાખવાનું સહકારી પ્રવૃતિના હિતમાં હોય તેમ જણાતું નથી. અને તેથી મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવા હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

ધી ગોકુળ મહિલા ઉત્પાદન ખરીદ વેચાણ સ.મં. લિ., મુ. ઓડ, તા. આણંદ, જી. આણંદ.

જી. ખેડાને ફડચામાં લઇ જવાનાં વચગાળાનો હુકમ ક્રમાંક : જીઉકે/ નડદ/ફડચ/૭૧૦૧, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

હુકમ

જા. નં. જી.ઉ.કે/નડદ/ફડચ/૮૦૯૪/૨૦૦૩.-ધી ગોકુળ મહિલા ઉત્પાદન ખરીદ વેચાણ સ.મં. લિ., મુ. ઓડ, તા. આણંદ, જી. આણંદને નોંધ નંબર ઉ/૫૭૨૬, તારીખ ૧૦-૫-૯૮ થી નોંધવામાં આવી હતી, અને અત્રેની કચેરીના તારીખ ૩૦-૬-૦૩ ના હુકમ ક્રમાંક : જીઉકે/ નડદ/ફડચ/૭૧૦૧ થી મંડળીને ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો પરંતુ મંડળીના હોદેદારોએ અત્રેની કચેરીએ કોઈ રજુઆત કરેલ નથી. આમ મંડળી ખરેખર કામ કરતી હોય અને તેના

કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. આ તમામ વિગતો ધ્યાને લેતાં મંડળીને ચાલુ રાખવાનું સહકારી પ્રવૃતિના હિતમાં હોય તેમ જણાતું નથી. અને તેથી મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) જીલ્લા ઉધોગ કેન્દ્ર, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

ધી જાગૃતિ ઉની ગાલીચા વણાટ ઉદ્યોગ સ.મં. લિ., મુ. નાના કબોદરા, જી. આણંદ.

જી. આણંદને ફડચામાં લઈ જવાનાં વચગાળાનો હુકમ ક્રમાંક : જીઉકે/નડદ/ફડચ/૭૧૦૨, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

અંતિમ હુકમ

જા. નં. જી.ઉ.કે/નડદ/ફડચ/૮૦૯૫/૨૦૦૩.-ધી જાગૃતિ ઉની ગાલીચા વણાટ ઉધોગ સ. મં. લિ., મુ. નાના કબોદરા, તા. ખંભાત, જી. આણંદને નોંધ નંબર ઉ/૫૪૩૨, તારીખ ૨૫-૫-૯૨ થી નોંધવામાં આવી હતી, અને અત્રેની કચેરીના તારીખ ૩૦-૬-૦૩ના હુકમ ક્રમાંક : જીઉકે/નડદ/ફડચ/૭૧૦૨ થી મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો જેની સામે મંડળીના હોદ્દેદારોએ અત્રેની કચેરીએ આવી કોઈ રજુઆત કરેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. આ તમામ વિગતો ધ્યાને લેતાં મંડળીને ચાલુ રાખવાનું સહકારી પ્રવૃતિના હિતમાં હોય તેમ જણાતું નથી. અને તેથી મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) જીલ્લા ઉધોગ કેન્દ્ર, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

ધી અંકુર ઉની ગાલીચા વણાટ ઉદ્યોગ સ.મં. લિ., પણસોરા, તા. આણંદ.

જી. આણંદને ફડચામાં લઈ જવાનાં વચગાળાનો હુકમ ક્રમાંક : જીઉકે/નડદ/ફડચ/૭૧૦૩, તારીખ ૩૦મી જુન, ૨૦૦૩.

અંતિમ હુકમ

જા. નં. જી.ઉ.કે/નડદ/ફડચ/૮૦૯૬/૨૦૦૩.-ધી અંકુર ઉની ગાલીચા વણાટ ઉધોગ સ.મં. લિ., પણસોરા, તા. આણંદને નોંધ નંબર ઉ/૨૨૫૦૩, તારીખ ૨૫-૫-૯૯ થી નોંધવામાં આવી હતી, અને અત્રેની કચેરીના તારીખ ૩૦-૬-૦૩ના હુકમ ક્રમાંક : જીઉકે/નડદ/ફડચ/૭૧૦૩ થી મંડળીને ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો જેની સામે મંડળીના હોદ્દેદારોએ અત્રેની કચેરીએ કોઈ રજુઆત કરેલ નથી. આમ મંડળી ખરેખર કામ કરતી હોય અને તેના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. આ તમામ વિગતો ધ્યાને લેતાં મંડળીને ચાલુ રાખવાનું સહકારી પ્રવૃતિના હિતમાં હોય તેમ જણાતું નથી. અને તેથી મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) જીલ્લા ઉધોગ કેન્દ્ર, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂ કરવું.

નડીઆદ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મેનેજર, (ખા.ગ્રા.અને કુ. ઉ.) અને
જીલ્લા રજીસ્ટ્રાર સહ. મંડળીઓ ઉ.
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડીઆદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, AUGUST 21, 2003 / SRAVANA 30, 1925 [No. 34

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	619-627
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	34
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	509-518
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	9895-10252

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી.આર.પી.સી. કલમ-૮૨ હેઠળનું.

નંબરે ૩/ગપક/વશી/પીસીબી/પાસા/૨૬૩/જાહેરનામુ/૨૦૦૨-૦૩.- તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૩ અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, શ્રી મુકેશ આશાભાઈ વાઘરી, ઉ. વ. ૧૯, ઉંચાઈ ૫" × ૭" શરીરે પાતળા બાંધાનો, રંગે કાળો, મોઢુ સાધારણ લંબગોળ છે, ડાબા ગાલ ઉપર તલ છે તેમજ જમણા હાથ ઉપર એમ.એસ.બી.એમ.નું તેમજ છાતી ઉપર જમણી સાઈડે શીતલ નામનું ગોથણ કરેલ છે. તે, રહેવાસી માતર વાઘરીવાસ, તાલુકા માતર, જિલ્લા ખેડાનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને તે અટકાયતી હુકમની બજેવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહીતી મળેલ છે કે, સદરહુ શ્રી મુકેશ આશાભાઈ વાઘરી મળી આવતો નથી

અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ શ્રી મુકેશ આશાભાઈ વાઘરી રહે. માતર વાઘરીવાસ તાલુકા માતર, જિલ્લા ખેડાનાએ તેના વિરૂદ્ધના સદરહુ અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં અમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ, નાનપુરા, સુરતમાં આવેલ અમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૩.

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી.આર.પી.સી. કલમ-૮૨ હેઠળનું.

નંબર ઉ/ગપક/વશી/પીસીબી/પાસા/૨૮૦/જાહેરનામુ/૨૦૦૨-૦૩.- તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૩ અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, શ્રી રાજેશ નારાયણ ઉપાડચંદ સીંધી, ઉ. વ. ૨૬, ઉંચાઈ ૫" × ૫" શરીરે પાતળા બાંધાનો, રંગે ગોરો, મોઢુ ગોળ, ડાબા હાથ ઉપર જુનુ વાગેલાનું નિશાન છે તથા જમણી આંખ પાસે જુનું વાગેલાનું નિશાન છે. તે, રેહવાસી ઓરોવીલ સોસાયટી ઉમાભવન પાસે ભટાર રોડ સુરત તથા એ/૫૫૬/૧૧૨ ઉલ્લાસનગર થાણાનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને તે અટકાયતી હુકમની બજવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહિતી મળેલ છે કે, સદરહુ શ્રી રાજેશ નારાયણ ઉપાડચંદ સીંધી મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ શ્રી રાજેશ નારાયણ ઉપાડચંદ સીંધી રહે, ઓરોવીલ સોસાયટી ઉમાભવન પાસે, ભટાર રોડ, સુરત તથા એ/૫૫૬/૧૧૨ ઉલ્લાસનગર થાણાનાએ તેના વિરૂદ્ધના સદરહુ અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં અમારી સમક્ષ બહુમાળી કંપાઉન્ડ, નાનપુરા, સુરતમાં આવેલ અમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૩.

જાહેરનામું

પાસા ૧૯૮૫ હેઠળના અટકાયતીને હાજર થવા ફરમાવવાનું સી.આર.પી.સી. કલમ-૮૨ હેઠળનું.

નંબર ઉ/ગપક/વશી/પીસીબી/પાસા/૧૮૧/જાહેરનામુ/૨૦૦૨-૦૩.- તારીખ ૭મી જુલાઈ, ૦૩ અમારા ધ્યાન ઉપર આવેલ છે કે, શ્રી મોહમદ હનીફ ઉર્ફે હનીફ કાલીયો હુસેનભાઈ કુરેશી, ઉ. વ. ૩૩, ઉંચાઈ ૫" × ૩" શરીરે મજબૂત બાંધાનો, રંગે ઘઉવર્ણનનો, મોઢુ લંબગોળ, ડાબી આંખની ભ્રમર ઉપર જુનું વાગેલાનું નિશાન છે. તે રહે. નાનપુરા મટન માર્કેટની બાજુમાં, સ્ટાર ચીકનના માળ ઉપર ઘર નંબર ૧/૨૮૭૬ સુરતનાને ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૮૫ હેઠળ અટકાયત કરવા તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને તે અટકાયતી હુકમની બજવણી આજદિન સુધી થઈ શકેલ નથી. હુકમની બજવણી કરનાર અધિકારીશ્રી તરફથી એવી માહિતી મળેલ છે કે, સદરહુ શ્રી મોહમદ હનીફ ઉર્ફે હનીફ કાલીયો હુસેનભાઈ કુરેશી મળી આવતો નથી અને તે પોતાની અટકાયત ટાળવા અર્થે નાસતો ફરે છે તેની ખાત્રી થયેલ છે.

આથી જાહેરનામુ પ્રસિદ્ધ કરીને ફરમાવવામાં આવે છે કે, સદરહુ શ્રી મોહમદ હનીફ ઉર્ફે હનીફ કાલીયો હુસેનભાઈ કુરેશી રહે. નાનપુરા, મટન માર્કેટની બાજુમાં, સ્ટાર ચીકનના માળ ઉપર ઘર નંબર ૧/૨૮૭૬, સુરતનાએ તેના વિરૂદ્ધના સદરહુ અટકાયતી હુકમની બજવણી માટે તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ કલાક ૧૧-૦૦ વાગ્યા સુધીમાં અમારી સમક્ષ બહુમાળી, કંપાઉન્ડ, નાનપુરા, સુરતમાં આવેલ અમારી કચેરીમાં હાજર રહેવું.

સુરત, તારીખ ૭મી જુલાઈ, ૨૦૦૩.

વી. કે ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

ઈન્ચાર્જ પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૧ હેઠળનું

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામું/૨૪/૨૦૦૩.- સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી જણાતુ હોવાથી વાસ્તે હું, મોહન ઝા (આઈ.પી.એસ.) ઈન્ચાર્જ પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧માંની પેટા કલમ ૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની.

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની.

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખરો અથવા બીજા પદાર્થ

INDEX

અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય તે વ્યક્તિઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશક્તિનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિઓને.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઈ ૨૦૦૩ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

મોહન ઝા,
ઈન્ચાર્જ પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના ફેક્સ પત્ર ક્રમાંક એલ.આઈ.બી./વાહન ડાયવર્ઝન જાહેરનામુ-૧૪૬૮-૦૩ તારીખ ૨૫-૭-૨૦૦૩.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે તારીખ ૨૫-૭-૨૦૦૩ થી નોંધ પર આપેલ આદેશ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૭૭૫.—પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે તેમના આમુખ (૧)ના તારીખ ૨૫-૭-૨૦૦૩ના પત્રથી દરખાસ્ત કરી દર શ્રાવણ માસમાં ઝઘડીયા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ગુમાનદેવ મંદિર ખાતે દર શનિવારે મેળો ભરાય છે. જે શ્રાવણ માસના દર શનિવારે હજારોની સંખ્યામાં તથા છેલ્લા શનિવારે આશરે એકલાખ જેટલી સંખ્યામાં જનમેદની ભેગી થાય છે. તેથી ગુમાનદેવ મંદિરની સામેથી રાષ્ટ્રિય ધોરી માર્ગ પસાર થતો હોય, ત્યાંથી મોટા પ્રમાણમાં ૪ પૈંડાથી વધુ પૈંડાવાળા વાહન પસાર થાય છે. જેને કારણે જનમેદનીને તથા ટ્રાફીકને અડચણરૂપ બને છે. ક્યારે અકસ્માતો થવાનો પણ ભય રહે છે. તેવા સંજોગોમાં આ રસ્તા પરથી પસાર થતા વાહનો પૈકી ચાર પૈંડાથી વધુ પૈંડાવાળા વાહનોને પસાર નહિ થવા દેવા અને તે માટે ડાયવર્ઝન આપી તેવા ડાઈવર્ઝન પ્રમાણે જ તેવા વાહનો પસાર થાય તે અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માંગણી કરી છે.

સબબ ગુમાનદેવ ખાતે શ્રાવણ માસના દર શનિવારે મેળો યોજાતો હોય સદરહુ મેળામાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટતી હોય, તે ધ્યાને લઈ તથા ટ્રાફીકની સમસ્યા અને સંભવિત અકસ્માત નિવારી શકાય તે માટે મંદિરની સામેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી ૪ પૈંડાથી વધુ પૈંડાવાળા વાહનોને પસાર નહિ થવા દેવા અને તેવા વાહનો આપેલ ડાઈવર્ઝન પરથી જ પસાર થાય તે માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે.

વાસ્તે, હુ, શ્રી એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ આદેશ કરૂ છું કે, શ્રાવણ માસના દર શનિવારે ગુમાનદેવ હનુમાનજી મંદિર ખાતે મેળો ભરાતો હોય તેથી મંદિરની સામે આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી પસાર થતા ચાર પૈંડાથી વધુ પૈંડાવાળા વાહનો માટે શ્રાવણ માસના દર શનિવારે એટલે કે તા. ૨-૮-૨૦૦૩, ૯-૮-૨૦૦૩, ૧૬-૮-૨૦૦૩ તથા ૨૩-૮-૨૦૦૩ના રોજ તમામ દિવસોએ કલાક ૦૦.૦૦ થી કલાક ૨૪-૦૦ સુધીના સમય માટે પસાર થવા પર પ્રતિબંધ ફરમાવવામાં અને જણાવેલ ડાઈવર્ઝન પરથી જ પસાર કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત રીતે જાહેરનામામાં જણાવેલ દિવસો દરમ્યાન રાજપીપળા ઝઘડીયા તરફથી આવતા ચાર પૈંડાથી વધુ પૈંડાવાળા વાહનો ઝઘડીયા વાલીયા ચોકડી થઈ સેલોદ-ફુલવાડી તથા કપલસાડી ગામ પરથી પસાર થવા અને અંકલેશ્વર તથા ભરૂચ તરફથી આવતા તેવા વાહનો ગુમાનદેવ ત્રણ રસ્તાથી કપલસાડી ગામ થઈ ફુલવાડી જીઆઈડીસી થઈ ઝઘડીયા વાલીયા ત્રણ રસ્તા પરથી પસાર થવા માટે ડાઈવર્ઝન આપવામાં આવે છે. અને તેવા ડાઈવર્ઝન પરથી જ તેવા વાહનો આવ-જા કરી શકશે.

આ હુકમનો અનાદર કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજરોજ તારીખ ૨૯ માહે જુલાઈ, ૨૦૦૩નાં રોજ મેં મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વાંચ્યો :

(૧) કમિશનરશ્રી, મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશ ક્રમાંક ગુમ/દરપ/૨/ઈએસી/૫૬/૦૨-૦૩/૬૩૨ તારીખ ૬-૫-૨૦૦૩

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચે તારીખ ૩૦-૭-૨૦૦૩ થી નોંધ પર આપેલ આદેશ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ.

ક્રમાંક એમએજી./પીઓએલ/વશી/૩૭૧૧.—આ કામે સરકારશ્રીનાં મત્સ્યોદ્યોગ ખાતાં ગાંધીનગર તરફથી તેમના ઉક્ત વંચાણે લીધેલ તારીખ ૬ઠ્ઠી મે, ૨૦૦૩ના આદેશથી ભારત સરકારની સૂચના અનુસાર ગુજરાત રાજ્યના દરીયાઈ કાંઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં તારીખ ૧૫મી ઓગષ્ટ સુધી યાંત્રિક બોટો દ્વારા માછીમારી કરવા

INDEX

...ર પ્રતિબંધ મુકવા ઠરાવેલ છે. આ પ્રતિબંધમાંથી નોન મોટરરાઈઝડ ક્રાફ્ટ (લાકડાની એક લકડી અને સઢવાળી હોડી વિગેરે) ને બાકાત રાખવામાં આવેલ છે. સરકારશ્રીના સદરહુ આદેશ મુજબ અત્રેના જિલ્લામાં આવેલ દરિયાઈ કાઠાંના જળ વિસ્તારમાં પણ સદરહુ પ્રતિબંધિત આદેશ તાત્કાલિક રીતે કરવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ દરિયાઈ કાંઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં યાંત્રિક બોટો દ્વારા માછીમારી કરવા પર હુકમની તારીખથી તારીખ ૧૫મી ઓગષ્ટ સુધીના સમય માટે પ્રતિબંધ ફરમાવવા હુકમ કરૂં છું. આ પ્રતિબંધમાંથી નોન મોટરરાઈઝડ ક્રાફ્ટ (લાકડાની લકડી હોડી અને સઢવાળી હોડી વિગેરે) ને બાકાત રાખવામાં આવે છે.

સદરહુ આદેશનો ભંગ કરનાર સામે ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા ૨૦૦૩ની કલમ-૬/૧(૨) હેઠળ રૂા. ૧૦,૦૦૦/- સુધી દંડ થશે અને તે પછી વારંવાર ભંગ થયે દરરોજના રૂા. ૧૦૦/- સુધી દંડને પાત્ર થશે. ઉપરાંત આ હુકમનો અનાદર કરનાર ઈન્ડીયન પીનલ કોડ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હાને પણ પાત્ર ઠરશે.

આજરોજ તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૩નાં રોજ હુકમ પર મેં મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૮૨૮/૨૦૦૩.-પંચમહાલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ-૩૭ (૩) હેઠળનું જાહેરનામુ બહાર પાડવુ જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૩ થી ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી, કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ - ૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૮૨૯/૨૦૦૩.-તારીખ ૧૨મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ રક્ષાબંધન, તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ સ્વાતંત્ર્ય દિન, તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ જન્માષ્ટમી, તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ પારસી નૂતન વર્ષ દિન તથા તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ સંવત્સરી પર્વ વિગેરેની ઉજવણી થનાર હોઈ, અત્રેના પંચમહાલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવુ જરૂરી જણાય છે.

આથી હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ થી ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ (બંન્ને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવ ભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી બતાવવા નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓને જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું હથિયાર લઈ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ-ઈન્સપેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી ખાત્રજ કૃષિ પિયત સ. મં. લિ. ખાત્રજના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૧૭મી મે, ૨૦૦૩નો પત્ર નં. ફડચા/ ૦૧/૪/૭૦/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/ ૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૩૫૬/૨૦૦૩.—શ્રી ખાત્રજ કૃષિ પિયત સ.મં.લિ. મું. ખાત્રજ તાલુકા મહેમદાવાદ, જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૩૫૩૨ તા. ૨૩-૧૨-૯૧થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૩૪૮/૦૨, તા. ૨૨-૧૦-૨૦૦૨થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨] ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી ધી ઘોડાલી કૃષિ પિયત સ. મં. લિ. ઘોડાલીના ફડચા અધિકારીશ્રીનો તારીખ ૧૭મી મે, ૨૦૦૩નો પત્ર નં. ફડચા/ ૦૧/૪-૬૯/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨)

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/ ૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચા/ખ/૩૫૭/૨૦૦૩.—શ્રી ધી ઘોડાલી કૃષિ પિયત સ.મં.લિ. મું. ઘોડાલી, તાલુકા મહેમદાવાદ, જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૩૩૮૫ તા. ૨૯-૧૧-૯૦થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૩૪૩/૦૨, તા. ૧૬-૧૦-૨૦૦૨થી ફડચામાં લઇ જવામાં આવી હતી. તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨] ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

૧ પ્રમુખશ્રી, પશુપાલક વસાહત સ.મં.લી. મું. બરોડા, તા. માતરના તા. ૨૩/૫/૨૦૦૨ તથા તા. ૧૭/૬/૨૦૦૨ના પત્ર.

૨ અત્રેની કચેરીના જાવક નં. નધણ/૦૧/ખ/૩૮૦/૦૨, તા. ૧૯/ ૮/૦૨.

૩ પ્રમુખશ્રી, પશુપાલક વસાહત સ.મં.લી.ના તા. ૧૯/૭/૦૨ના પત્ર તથા તા. ૨૨/૦૭/૦૨ના ઠરાવ નંબર : ૧.

૪ અત્રેની કચેરીની ગ-૨ શાખાના શેરા ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨/ ૩૨૪/૨૦૦૨ તા. ૩/૧૦/૦૨.

૫ અત્રેની કચેરીના જાન. નધણ/૦૧/ખ/૮/૨૦૦૩, તા. ૪/૧/૦૩ તથા જાન. નધણ/૦૧/ખ/૫૨/૨૦૦૩ તા. ૧૮/૧/૦૩.

૬ જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી સહકારી મંડળીઓ, નડીઆદના જાન. અષણ/ગ-૨/૫૯/૨૦૦૩, તા. ૨૧/૧/૨૦૦૩.

૭ અત્રેની કચેરીના જાન નધણ/૦૧/ખ/૯૬/૨૦૦૩, તા. ૩/૩/૦૩, બીજા જાન. નધણ/૦૨/ખ/૧૬૬/૦૩, તા. ૩/૫/૦૩ તથા ત્રીજા જાન. નધણ/૦૧/ખ/૨૩૭/૨૦૦૩, તા. ૬/૬/૦૩ના આરપીએડી પત્ર.

૮ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦(૧).

પ્રસ્તાવના

જા. નં. નધણ/૦૧/ખ-૨/૩૫૮/૨૦૦૩.—પ્રસ્તુત પશુપાલક વસાહત સહકારી મંડળીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ(૯) હેઠળ નોંધાયેલી મંડળી છે. જેનો નોંધણી નં. ઘ-૧૨૭૯૭ નોંધણી તારીખ ૩૦/૩/૯૬ છે.

આમુખ-૧માં દર્શાવેલ પત્રો મુજબ મંડળીના પ્રમુખશ્રી વિરાભાઇ મેરખભાઇ ભરવાડના જણાવ્યા મુજબ મંડળીના સભ્યો નાણાં ભીડમાં હોઇ તેમજ ગરીબી રેખાથી નીચે જીવતા હોઇ સદર મંડળી ચાલુ રાખી શકે તેમ નથી તેથી નોંધણી રદ કરી ડીપોઝીટના નાણાં પરત લેવા માંગણી કરેલ છે.

આમુખ-૨ મુજબ અત્રેથી મંડળીના પ્રમુખને ડીપોઝીટના નાણાં પરત લેવા ઠરાવ તથા રૂા. ૨૦/- ના ગવર્મેન્ટ સ્ટેમ્પ ઉપર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષનું સોગંદનામુ રજુ કરવા જણાવેલ પરંતુ તેનો કોઇ પ્રત્યુત્તર મળેલ નથી. આ સમય દરમ્યાન આમુખ-૩માં દર્શાવેલ પત્ર તથા ઠરાવ આમુખ-૪માં નિર્દિષ્ટ અત્રેની ગ-૨ શાખામાંથી સદરહુ મંડળીની નોંધણી રદ કરવાના શેરા સાથે મળેલ છે.

INDEX

હવે પ્રસ્તુત મંડળીની નોંધણી રદ કરતાં પહેલાં મંડળીની હાથ ધરાયેલી ઓડીટ કામગીરી અંગે માહિતી મેળવવા આમુખ-૪માં દર્શાવેલ પત્રો જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ, નડીઆદને પાઠવેલ તેના અનુસંધાને આમુખ-૫થી મંડળીનું ઓડીટ શરૂઆત થી જ થયેલ નથી તેવો પ્રત્યુત્તર મળેલ છે. જેથી મંડળીએ શરૂઆતથી જ તેના ઉદ્દેશો મુજબનું કોઇ કામકાજ હાથ ધરેલ નથી એવું ફલિત થાય છે.

આથી આમુખ-૭માં દર્શાવેલ કલમ મુજબ કોઇપણ સહકારી મંડળીનું કામકાજ આટોપી લેવામાં આવે અથવા તેની નોંધણીના વ્યાજબી સમયમાં તેણે ધંધો શરૂ કરેલ ન હોય અથવા કામ કરતી બંધ થયેલ હોય તો તેની નોંધણી રદ કરતો હુકમ કરવાનો થાય છે. આ નિર્ણય લેતાં પહેલાં ન્યાયના હિતમાં મંડળીના હોદ્દેદારોને રૂબરૂમાં લેખિત કે મૌખિક રજુઆત કરવા સાંભળવાની તક આમુખ-૬માં દર્શાવેલ આરપીએડી પત્રોથી આપેલ છે.

આમ છતાં, મંડળી વતી કોઇ હોદ્દેદાર હાજર રહેલ નથી કે કોઇ હોદ્દેદારે લેખિત કે મૌખિક રજુઆત કરેલ નથી. આથી હવે ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૨૦(૧) મુજબ ઉક્ત મંડળીની નોંધણી રદ કરવાની રહે છે, તે કારણોસર નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. દરજી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦(૧)ની જોગવાઇઓ અનુસાર મને મળેલ અધિકારની રૂએ નોંધણી ક્રમાંક : ઘ-૧૨૭૯૭થી તા. ૩૦/૦૩/૯૬ના રોજથી નોંધાયેલી પશુપાલક વસાહત સહકારી મંડળી લી. મું. બરોડા, તા. માતર, જિ. ખેડાની નોંધણી રદ કરું છું.

નડીયાદ, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

નંબર જાન નધણ/સેદૂ/૧૧૨૩/૦૧/ખ/૩૫૪/સેદૂ-૩૩૩૦૫/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, વેલાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પોસ્ટ મહીઇટાડી વેલાના મુવાડા, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
નડીયાદ.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી વાઘપુરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સ. મં. લિ. વાઘપુરા ના ફડચા અધિકારીશ્રીનો તા. આણંદ નો પત્ર નં. ફડચ/૪૧/ચ/૪૫૬/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ, વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૭૫/૦૩.–શ્રી વાઘપુરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સ. મં. લી. મુ. વાઘપુરા, તાલુકો આણંદ, જીલ્લા આણંદ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જી. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર સે. ૩૪૨૦ તા. ૯-૭-૯૧ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૨૬૮/૯૬ તારીખ ૨૭-૫-૯૬ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી ગુરુકૃપા પિયત સહકારી સ. મં. લિ. પંડોળી ના ફડચા અધિકારીશ્રીનો તા. પેટલાદ નો પત્ર નં. ફડચ/૬૮/ચ/૪૫૫/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ, વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૪૭૬/૦૩.–શ્રી ગુરુકૃપા પિયત સહકારી મંડળી સ. મં. લી. મુ. પંડોળી, તાલુકો પેટલાદ, જીલ્લા આણંદ મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ/જી. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર સે. ૩૩૯૩ તા. ૨૩-૧-૯૧ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૧૬૮/૯૭ તારીખ ૩૧-૩-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨) ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ આણંદ જિલ્લો,
આણંદ.

INDEX

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઇઓ.

(૨) અત્રેની કચેરીની જ. ૩ શાખાની તારીખ ૩૦-૧-૨૦૦૩ થી મળેલ કાર્યવાહી નોંધ.

(૩) અત્રેની કચેરીના તા. ૨૫-૪-૦૩ ના પત્ર ક્રમાંક : વહટ/૦૧/ઘ. ૧/૧૨૩/૦૩ થી આપેલ કારણદર્શકનોટીસ.

જા. નં. ૯૨૧/૦૧/પ/૨૪૬/૦૩.–આઇ. ડી. આઇ. એમ્પ્લોઇઝ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી., રણોલી તા. જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે, જેનો હવે પછી આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સંસ્થામાં સભાસદોની અરજી મળવાથી અત્રેની કચેરી દ્વારા સીનીયર ક્લાર્ક (એ. સી. ઓ. ક્રેડીટ) દ્વારા તા. ૨૮-૧-૨૦૦૩ ના રોજ તપાસ હાથ ધરી તપાસણી અહેવાલ રજુ કરવામાં આવેલ છે. સંસ્થામાં નીચે જણાવેલ કારણોસર સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારની નિમણુંક કરવા માટે નીચેના કારણો જણાય છે.

(૧) સંસ્થાનું ઓડીટ તા. ૩૦-૬-૯૯ બાદ થયેલ નથી, તેમજ ત્યારબાદ ઓડીટ અંગે રેકર્ડ રજુ થતું નથી.

(૨) ફરજીયાત બચત, વ્યાજ તથા શેરના નાણાં સભાસદોને પરત આપવામાં આવતા નથી.

(૩) રેકર્ડના અભાવે સભાસદોને ફરજીયાત બચત, થાપણ, શેરની પરત ચુકવણી થઇ શકતી નથી.

(૪) આઇ. ડી. આઇ. કંપનીની સ્થિતી સારી ન હોવાથી કર્મચારીના પગારમાંથી વસુલાતની કપાત થતી નથી.

(૫) મંડળીનું લહેણું આઇ. ડી. આઇ. કંપની પાસે છે, જે વસુલ આવતું નથી.

(૬) મંડળીના હિસાબનીશે રેકર્ડ ગુમ કરેલ છે.

(૭) હિસાબનીશે મંડળીનું રેકર્ડ ગુમ કરેલ હોવા છતાં કાર્યવાહકોએ કામગીરી કાયદેસરની કરેલ નથી.

(૮) મંડળીમાંના સભાસદોની કપાત કંપની તરફથી માહે ૯/૨૦૦૨ થી કરવાનું બંધ કરેલ છે.

ઉપરોક્ત વિગતે સહકારી કાયદા-કાનુન તેમજ પેટા-નિયમનો ભંગ થયેલ છે. સદર બાબતે અત્રેથી કારણદર્શક નોટીસ પાઠવી રુબરુમાં રજુઆત કરવાની તક આપેલ, તેમજ બે માસમાં કારણદર્શક નોટીસનો મુદ્દાવાર જવાબ, પ્રગતિની વિગત સહ મોકલી આપવા જણાવેલ, જવાબ આવેલ ન હોઇ, મંડળીને સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ લઇ જતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ આઇ. ડી. આઇ. એમ્પ્લોઇઝ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., રણોલી, તા. જી. વડોદરાની ચાલુ વર્ષની વ્યવસ્થાપક કમીટી સભ્યોને બરતરફ કરી શ્રી બી. એ. પટેલ ની વહીવટદાર તરીકે નિમણુંક કરું છું. તેઓએ નીચે જણાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૧) મંડળીના રોજબરોજના કામકાજ અંગેનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી પાડવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ (કાયદા) કાનુન અને પેટા-નિયમોને આધિન રહીને કરવાનો રહેશે.

(૪) વહીવટદારશ્રીએ મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે, તેમજ મંડળીના હિતમાં કામગીરી કરવાની રહેશે.

(૫) મંડળીના કાર્યાલય ઉપર નિયમિત સમયે હાજરી આપવાની રહેશે.

(૬) વહીવટદારના મહેતાણા અંગે તેઓશ્રીએ સંસ્થાનું કામકાજ જોઇ અલગથી દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૩.

જા.નં. ૭૧૬૮/નધણ/ગ-૨/સે-દૂધ/૩૩૭૫૭/૩૦૦/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે ચિલરવોટ દૂધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ ચિલરવોટ, તાલુકો છોટાઉદેપુર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

જા.નં. ૭૧૬૯/નધણ/ગ-૨/સે-દૂધ/૩૩૭૫૮/૩૦૧/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે કોહીવાવ દૂધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ કોહીવાવ, તાલુકો જેતપુર-પાવી, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

ડી. જી. દલાલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નંબર નધણ/૦૧/ક/૧૨૯૨/સે. દૂ./૩૪૭૩૦/૦૩.-આથી જાહેર કરે છે કે ધી ભચડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ મર્યાદિત સ્થળ ભચડીયા તાલુકો મોડાસા જીલ્લો સાબરકાંઠા.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૨૮મી જુલાઇ, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણ/સા-૩૮૩૧/ઝ/૪૦૨/૪૬૨૭/૦૩.-આથી જાહેર કરે છે કે સાકાર શોપીંગ કો.ઓ. સોસાયટી લી. મર્યાદિત સ્થળ વરાછા રોડ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૯મી જુલાઇ, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઉ-૧૨૫૭૭/ઝ/૪૨૦/૪૨૧/૪૬૩૪/૦૩.- આથી જાહેર કરે છે કે શ્રી જય ચામુંડા માં મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ પાલી, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુલાઇ, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ધ-૨૦૫૦૮/ઝ/૪૧૬/૪૧૭/૪૬૩૩/૦૩.- આથી જાહેર કરે છે કે સરીતા સાગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ અડાજણ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુલાઇ, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ધ-૨૦૫૦૯/ઝ/૪૧૮/૪૧૯/૪૬૩૨/૦૩.- આથી જાહેર કરે છે કે રોયલ પાર્ક કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મર્યાદિત સ્થળ કતારગામ સુરત, તાલુકો સુરત સીટી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૩૦મી જુલાઇ, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર ક/પચત/સહકાર/વશી/૨૮૩૩/પી-૫૪૭૪/૦૩.-જીલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે શ્રી નર્મદેશ્વર નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી. મુ. વસો/રસુલપુરા, તાલુકો ઠાસરા, જીલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ ના કાયદાની કલમ-૯/૧/અ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

જાહેરનામું

નંબર ક/પચત/સહકાર/વશી/૨૮૨૯/પી-૫૪૭૫/૦૩.-જીલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે શ્રી હર્ષદપુરા નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી. મુ. સિહુંજ, તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧/અ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

જાહેરનામું

નંબર ક/પચત/સહકાર/વશી/૨૮૩૦/પી-૫૪૭૬/૦૩.-જીલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે શ્રી જલસેવા નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી. મુ. રૂદણ, તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧/અ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

જાહેરનામું

નંબર ક/પચત/સહકાર/વશી/૧૮૩૨/પી-૫૪૭૭/૦૩.-જીલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે શ્રી આદર્શ નર્મદા સિંચાઇ સહકારી મંડળી લી. મુ. કરોલી, તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ ના કાયદાની કલમ-૯/૧/અ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

જાહેરનામું

નંબર ક/પચત/સહકાર/વશી/૨૮૨૦/પી-૫૪૭૮/૦૩.-જીલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે શ્રી ગાયત્રી નર્મદા સિંચાઇ પીયત સહકારી મંડળી લી. મુ. કેસરા, તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧/અ અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૧મી જુલાઇ, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ.

INDEX

નંબર જિ. પં./સહક/નધણ/૧૨૫૫/ખે/૪૮૪૫/૦૩.-જીલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે વસુંધરા વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભીમપુર તાલુકો સતલાસણા જીલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ (૧૦) ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૪થી ઓગસ્ટ, ૨૦૦૩.

વિનોદ મોદી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, મહેસાણા

મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધો :-

(૧) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક /જીઉકે/ભ/ફડચ/૦૧/૧૦૯૩/ તા. ૨૭-૭-૯૩.

(૨) સબ ઓડીટર સ. મં. લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભરૂચની તા. ૩૦-૬-૦૩ની અંતિમ ઓડીટ નોંધ.

જા. નં. /જીઉકે/ભ/ફડચ/૦૧/૯૫૨૬/૦૩.-ઉપર વંચાણે લીધેલ અત્રેની કચેરીના ક્રમાંક/જીઉકે/ભ/ફડચ/૦૧/.......... તા. ૨૭-૭-૯૩ થી ધી ભમાડીયા ગૃપ હેન્ડલુમ વિવર્સ કો. ઓપ. ઔદ્યો. સો. લી. મુ.પો. હોલાકોતર ભમાડીયા તા. વાલીયા જી. ભરૂચને ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ હતો. સદર સંસ્થાના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા)ની નિમણૂંક કરી હતી.

સદર સહકારી અધિકારીશ્રી (ફડચા) ભરૂચ આ કચેરીને જણાવેલ છે કે સદર મંડળીની તમામ કામગીરી પુરી થયેલી છે. અને મંડળીનું સરવૈયું મામુર શુન્ય છે.

ઉપરોક્ત જણાવેલ વિગતે હું નીચે સહી કરનાર શ્રી એ. એમ. પટેલ, મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ) અને જીલ્લા રજીસ્ટાર સ. મં. (ઉદ્યોગ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભરૂચ અને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ધી ભમાડીયા ગૃપ હેન્ડલુમ વિવર્સ કો. ઓ. ઔદ્યો. સ. મં. લી. હોલાકોતર ભમાડીયા મુ.પો. હોલાકોતર ભમાડીયા તા. વાલીયા જી. ભરૂચની નોંધણી રદ કરવાનો હુકમ કરૂં છું.

ભરૂચ, તા. ૩૦મી જુન, ૨૦૦૩.

એ. એમ. પટેલ,
મેનેજર (ખાદી ગ્રામોદ્યોગ),
અને જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભરૂચ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, AUGUST 28, 2003 / BHADRA 6, 1925 [No. 35

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

Part	Description	Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	629-648
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	35
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	519-522
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	10253-10306

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૭૪/૨૦૦૩.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગું પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે ઓગસ્ટ સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામા/૨૫/૨૦૦૩.-ગુજરાત સરકારે કૃષિક્ષેત્રે કરેલ વીજદર વધારાનાં વિરોધમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ (આઈ) સમિતિએ તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ "ગુજરાત બંધ" નું એલાન આપવામાં આવેલ છે. જેથી સુરત શહેરમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતાં વધારે માણસો ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર આથી ફરમાવું છું કે, સમગ્ર સુરત શહેર વિસ્તારમાં ચાર કે ચાર કરતાં વધુ માણસો એકઠા થવા તથા સભા, સરઘસ ભરવા અંગે તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા તથા સ્મશાન યાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વી. કે ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

નંબર ઉ/ગપક/પો.હેડ.કર્વા./ફા.પ્રેકટીસ/વશી/૨૧૮૪૩/૨૦૦૩.- સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૪) મુજબ જાહેરનામું સુરત શહેર પોલીસ ખાતા હસ્તકના ઉમરા ગામ નજીક ફાયરીંગ બટ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ની વચ્ચે આવેલ જમીન ઉપર તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી દિન-૨૭ સુધી ઉમરા બટ ખાતે ૫(પાંચ) ગુજરાત બટાલીયન એન.સી.સી. સુરત નાઓ ફાયરીંગ ટેસ્ટ કરનાર હોવાથી આ વિસ્તારની હદમાં રહેતા પ્રજાજનોની સલામતિ જાળવવા માટે સને ૧૯૫૧ની મુંબઈ અધિનિયમની કલમ-૩૭(૪) પ્રતિબંધી હુકમ પ્રસિદ્ધ કરવો જરૂરી છે.

આથી હું, અધિક પોલીસ કમિશનરશ્રી, (વહીવટ), સુરત શહેર હુકમ નં. એમ.સી.બી. ૧, ૧૯૮૮/૨૯૦૬૫, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૮૮ મુજબ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૭(૪) મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લામાં આવેલ ચોર્યાસી તાલુકાના ઉમરા ગામની નજીક આવેલ સર્વે નં. ૯૪, ૯૫, ૯૬ અને સર્વે નં. ૮ની વચ્ચે આવેલ પોલીસ ફાયરીંગ બટની જમીન ઉપર તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૩ દિન-૨૭ સુધી (પાંચ) ગુજરાત બટાલીયન એન.સી.સી. સુરતનાઓએ ૨૨ રાયફલ્સનું ફાયરીંગ રાખેલ હોવાથી આજુબાજુનાં રહીશો તથા બહારના કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત તારીખો દરમ્યાન સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના કલાક ૧૬-૦૦ સુધી આ જમીનની હદમાં પ્રવેશ કરવો નહીં તેમજ તે હદમાં આવેલ તાપી નદીનાં વિસ્તારમાં હોડી ફેરવવી નહી કે માછલા પકડવા નહી તેમજ હોડી ઉભી રાખવી નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઈસમો ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૩ના મારા સહી સિક્કા કરી આપેલ છે.

મીરા રામનિવાસ,
અધિક પોલીસ કમિશનર,
(વહીવટ) સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આખરી જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી.-૧૫/વશી/૩૦૨૫ થી ૩૦૪૫/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ ની પેટા-કલમ (૧) ના કલોઝ (બી) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો સદરહુ કાયદાની કલમ-૩૩ ની પેટા કલમ-૬ થી ઠરાવ્યા પ્રમાણે રાજ્ય પત્રમાં તારીખ ૫મી જુન, ૨૦૦૩નાં રોજ પ્રસિદ્ધ કરી રાજયપત્રમાં પ્રસિદ્ધની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં સદરહુ મુસદા સંબંધી વાંધા સૂચનો મંગાવેલ

INDEX

હતા પરંતુ નિયત મુદત પૂર્ણ થતાં સુધી કોઈ વાંધા સુચનો મળેલ ન હોય વિચારણામાં લેવાના રહેતા ન હોય સદરહુ જાહેરનામાના મુસદ્દાને આખરી કરવા માટે નિર્ણય લેવામાં આવેલ છે અને તેથી નીચે મુજબના મુસદ્દાનું આથી આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

મુસદ્દો :

નં. ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી.-૧૫/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં મુંબઈના ૨૨માં) કલોઝ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

નવસારી જિલ્લાનાં નીચે જણાવેલ એસ. ટી. બસ સ્ટેશનનાં વિસ્તારને મુંબઈ પોલીસ એક્ટ હેઠળ ''નો પાર્કીંગ ઝોન'' તરીકે જાહેર કરવા ઠરાવવામાં આવે છે આ આદેશ મુજબ એસ. ટી. સ્ટેન્ડનાં વિસ્તારમાં આવેલ નિયત કરેલ રીક્ષા સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી રીક્ષાઓને ''નો પાર્કીંગ ઝોન'' માંથી મુક્તિ આપવા પણ આથી ઠરાવવામાં આવે છે.

અનુ. નંબર	તાલુકો	પોલીસ સ્ટેશનનું નામ	એસ.ટી.સ્ટેન્ડ ડેપોનું નામ
૧	૨	૩	૪
૧.	જલાલપોર	જલાલપોર	મરોલી બસ સ્ટેન્ડનાં આજુ-બાજુનો ૧/૨ કી. મી.નો વિસ્તાર.

નવસારી, તારીખ ૪થી ઓગસ્ટ, ૨૦૦૩.

વી. પી. પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર.-૨૯/૨૦૦૩.– આગામી દિવસોમાં રક્ષાબંધન તથા સ્વાતંત્રદિનની ઉજવણીને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૪થી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફકમાવું છું.

કૃત્યો :–

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની, તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજાં વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કેઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ–૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિ કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક (૧) એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજરોજ તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર ૩૦/૨૦૦૩.- આગામી દિવસોમાં રક્ષાબંધન તથા સ્વાતંત્ર્યદિનની ઉજવણીને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ, નં. ૨૨)ની કલમ ૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૪થી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કેઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેવી ફરજ ઉપર હોય તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ ની પેટા-કલમ-(૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ ૪૫) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭ (૧) મુજબનું.

ક્રમાંક ડીબીપીએ/જાહેરનામુ/૮/વશી/૩૦૮૩૫ થી ૮૯૫/૨૦૦૩.- માહે ઓગસ્ટ ૨૦૦૩નો માસ પવિત્ર શ્રાવણ માસ હોઈ આ માસ દરમ્યાન નાગ પાંચમ, શીતળા સાતમ, રક્ષા બંધન તથા જન્માષ્ટમી જેવા તહેવારો આવતા હોઈ, આ તહેવારોના અનુંસંધાને ઠેર-ઠેર જગ્યાએ નાના-મોટા મેળાઓ ભરાય છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સંજોગોને ધ્યાનમાં લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે :-

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રુચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરુ છું.

આ હુકમ તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યક્તિ કે જે તે ઉપરી અધિકારીએ એવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કોઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારિરીક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

આજ રોજ તારીખ ૫મી માહે ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૦/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ -૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ, કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સ્વાતંત્ર્યદિન, જન્માષ્ટમી તથા પારસી નુતનવર્ષ દિન તહેવારોને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૩થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથાવા ટોળામાં ફરવાની.

(છ) જેનાથી સરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગસ્ટ ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૧/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ, કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સ્વાતંત્ર્યદિન, જન્માષ્ટમી તથા પારસી નુતનવર્ષદિન તહેવારોને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૩થી તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી અનઅધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધું માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગસ્ટ ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

પ્રાથમિક જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૦/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ પ્રદર્શિત કરવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો સદરહુ કાયદાની કલમ-૩૩ (૬)થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને નોટીસ આપવામાં આવે છે કે, સદરહુ મુસદો રાજ્યપત્રમાં તે પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પૂરા થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડ કોઈપણ વાંધા સૂચનો વિચારણામાં લેશે નહિં ઉપરોક્ત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદાના સબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી જે કોઈ વાંધા અથવા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદો :

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લાનાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આથી નીચેના નિયમો કરે છે.

ટ્રાફિક નિયમન માટે વલસાડ શહેરના નીચે જણાવેલ સ્થળે રીક્ષા સ્ટેન્ડ તથા ટેક્ષી સ્ટેન્ડ નક્કી કરવા જરૂરી હોય, તે સ્થળે રીક્ષા સ્ટેન્ડ તથા ટેક્ષી સ્ટેન્ડ બનાવવાનું ઠરાવવામાં આવે છે.

અનું નંબર	વિસ્તારની વિગત	રિક્ષા સ્ટેન્ડ માટેની સંખ્યા	ટેક્ષી સ્ટેન્ડ માટેની સંખ્યા
૧	એસ.ટી. ડેપો સામે	૫૦	-
૨	કલ્યાણબાગ નવરંગ લસ્સી સામે	૨૫	૧૨
૩	હાલર રોડ, તિથલરોડ, ચારરસ્તા જયપ્રકાશ નારાયણ ચોક	૧૫	-
૪	આઝાદ ચોક વલસાડ જિલ્લા સહકારી બેંકને લાગુ	૧૦	-
૫	આઝાદ ચોક પોલીસ ચોકીની પૂર્વ તરફ	૨૫	-
૬	શહીદ ચોક ચાર રસ્તા	૧૫	-
૭	કસ્તુરબા હોસ્પિટલ ગેટ પાસે	૧૫	-
૮	છીપવાડ જકાતનાકા પાસે ભાઈ-લાલ પટેલ રોડ	૧૫	-
૯	પાવર હાઉસ સામે બેચર રોડ	૨૫	-
૧૦	અંબામાતાના મંદિર પાસે	૧૦	-
૧૧	મ્યુનિસિપલ હોસ્પિટલ પાસે	૧૫	-
૧૨	બેજન બાગ પાસે	૧૦	-
૧૩	આઈ હોસ્પિટલ પાસે	૧૦	-
૧૪	મોરારજી દેસાઈના પૂતળા પાસે બેચર રોડ.	૧૫	-
૧૫	જળદેવી મંદિર પાસે	૨૫	-
૧૬	ધોબી તળાવ નાકા પાસે	૧૫	-
૧૭	ડૉ. ડીસાની હોસ્પિટલ પાસે મુલ્લાવાડી તરફ જતો રસ્તો	૧૦	-
૧૮	શેઠ આર. જે.જે. હાઈસ્કૂલ પાસે	૧૫	-
૧૯	તિથલ જકાતનાકા પાસે વૃંદાવન એપાર્ટમેન્ટ પાસે	૨૦	-
૨૦	બરફ ફેક્ટરી સામે	૧૦	-
૨૧	હનુમાનજી મંદિર	૧૦	-
૨૨	વલસાડ પારડી રોડ પાસે	૧૫	-
૨૩	રાકેશ મેડીકલ સ્ટોર	૧૦	-
૨૪	નૂતન સોસાયટી	૧૫	-
૨૫	હાલર ટાંકી પાસે	૧૦	-
૨૬	વજીફદાર મહોલ્લો હાલર નાકા પાસે	૧૫	-
૨૭	ધરમપુર રોડ નાકા પાસે	૧૦	-
૨૮	રેલ્વે સ્ટેશન પાસે	૧૫૦	-
૨૯	ફીલ્ડ માર્શલની બાજુમાં	૨૦	-
૩૦	શાકભાજી માર્કેટ ૧૨૦ આવાની ઉત્તર તરફ.	૧૫	-
૩૧	સીટી પેલેસ સામે	૦૫	-
૩૨	રૂરલ પોલીસ સ્ટેશન સામે	૧૦	-
૩૩	આવાબાઈ સંકુલ પાસે	૨૫	-
૩૪	સરકારી વસાહત વર્ગ-૩ અને ૪	૧૫	-
૩૫	દશેરા ટેકરી જકાતનાકાની સામે	૧૫	-
	કુલ :	૬૯૦	૧૨

ઉપરોક્ત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન માટે અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે "રીક્ષા સ્ટેન્ડ તથા ટેક્ષી સ્ટેન્ડ" જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

વલસાડ, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૩.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/ફાયર/તલમ/રજિ. ૦૩/ વશી-૩૦૦૨ થી ૩૦૨૪/૨૦૦૩.-કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૨૦ બટાલીયન એન.સી.સી, નવસારીએ તેમનાં તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૦૩નાં પત્ર નંબર જી/૧૧૨ થી જણાવેલ છે કે ૨૦૦ એસ.ડી. અને ૩૦૦ જેડી કેડોટસ માટે ફાયરીંગ પ્રેકટીસ યોજવામાં આવનાર છે જેથી કોઈપણ વ્યક્તિએ ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે નીચે મુજબનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે, વાસ્તે હું, જે. બી. પટેલ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨માં) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ (૪) ની જોગવાઈ મુજબ (૧) ઈમ્પ્રુવાઈઝ રેન્જ, દાંડી, તાલુકા જલાલપોર ખાતે તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩ થી તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી તથા (૨) હોમગાર્ડ શોર્ટ રેન્જ, બંદર રોડ, નવસારી ખાતે તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩ નાં રોજ સવારનાં ૮-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક દરમ્યાન ગોળીબાર પ્રેકટીસ થનાર છે જેથી આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યક્તિએ ઉપરોક્ત સમય દરમ્યાન આ ફાયરીંગ રેન્જની જમીનનાં હદ વિસ્તારમાં કે તેનાં ફરતેનાં ૧ કિ.મી. વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવવા તેમજ ઢોરઢાંખર સાથે જવા અને ઢોરઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાવું છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીશ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમને ઉક્ત અધિનિયમની કલમ-૧૪૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ જથી માહે ઓગસ્ટ, સને ૨૦૦૩ના રોજ મારી સહી તથા મુદ્રા કરી છે.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમએજી/વશી-૩૦૯૭ થી ૩૧૧૯/રજી.નં.૪/૦૩.-તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ કૃષિ વિજ પુરવઠાના વિજ દરના વધારા તથા શિક્ષણ ફી વધારાના વિરોધ સબબ કોગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત બંધના તથા રસ્તા રોકો આંદોલન વિગેરે જેવા કાર્યક્રમો નિયત કરેલા છે. આ પ્રસંગો/કાર્યક્રમો દરમ્યાન જાહેર જનતાને થતી અડચણ, ત્રાસ કે નુકશાન કે જાનમાલ તથા સ્વાસ્થ્ય કે સલામતીને થતા જોખમ થતા નુકશાનની અને જાહેર જનતા વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય તેમ નથી. તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો પણ સંભવ રહે છે. ઉપરાંત અસામાજીક તત્વોના ત્રાસ/ભય જેવા જોખમ અટકાવવા માટે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે માટે નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર, સરઘસ કાઢવા પર તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩ ના સવારના ૦૦-૦૦થી રાત્રીના ૧૨-૦૦ કલાક દરમ્યાન હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ ફરજની કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્માશાનયાત્રા કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં કે ભેગા થવું નહીં.

આજરોજ તારીખ ૭મી ઓગ્સ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૧૪/વશી. ૩૧૨૦ થી ૩૧૪૬/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની, કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ રક્ષાબંધન, તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૩ નાં રોજ સ્વાતંત્ર દિવસ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ જન્માષ્ટમી તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ પારસીઓનું નૂતનવર્ષ તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતી તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધાં)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સરુચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (જ) નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

INDEX

આજ રોજ તારીખ ૭મી ઓગસ્ટ ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૨) અન્વયે કાઢેલ.

નંબર એમએજી/વશી. ૩૨૨૬/૨૦૦૩.-આગામી તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ ગુજરાત બંધનું એલાન હોય તથા તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ "રક્ષાબંધન" તારીખ ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ "સ્વતંત્રદિન" અને તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ "જન્માષ્ટમી" તહેવારોની ઉજવણી દરમ્યાન સુરત જિલ્લા (રૂરલ) વિસ્તારમાં શાંતિ અને કોમી એખલાસ ભર્યું વાતાવરણ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. વાસ્તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા-કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, સુરત (રૂરલ) જિલ્લા વિસ્તારમાં તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ પણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં. ગીતો ગાવા નહીં કે વાદ્ય વગાડવું નહીં.

૨. આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત જિલ્લા પોલીસ વડાશ્રી (રૂરલ)સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ (૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) મુજબનું.

નંબર એમએજી/વશી૩૩૦૧/૨૦૦૩.-આગામી તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ ગુજરાત બંધનું એલાન હોય તથા તા. ૧૨મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ "રક્ષાબંધન", તારીખ ૧૫મી ઓગષ્ટ,૨૦૦૩ના રોજ "સ્વતંત્રદિન" અને તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ "જન્માષ્ટમી" તહેવારોની ઉજવણી થનાર હોઈ, સુરત જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઇચ્છનીય છે. જેથી જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતના હકુમત હેઠળના સુરત (રૂરલ) જીલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે હું, જે.બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ મા)ની કલમ-૩૭(૩) ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું ફરમાવું છું કે, સુરત (રૂરલ) જીલ્લામાં તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજથી તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૩ (બંને દિવસો સુધ્ધાં) સુધી ચાર કરતાં વધુ માણસોની સભા કરવી કે, બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા એસ.ટી. બસમાં કે રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા લોકો તથા મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને ૧૯૫૧ ના ૨૨ મા)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ રોજ તા. ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી-૨૪૨૩-૩૨/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧(સને ૧૯૫૧ નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, આગામી તહેવારોને અનુલક્ષીને તેમજ તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩નાં ગુજરાત બંધના એલાનને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારું જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા. ૭મી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૦૩ના સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મિ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવાલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક/મકડ/પીઓએલ/વશી-૨૪૩૩-૪૨/૨૦૦૩.-જિલ્લામાં હાલમાં આગામી તહેવારોને અનુલક્ષીને તેમજ તા. ૮મી ઓગષ્ટ, ૨૦૦૩નાં ગુજરાત બંધના એલાનને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ ફરમાવું છું કે, ડાંગ જીલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા. ૭મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તા. ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૩ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે, બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચાર કરતા વધુ વ્યક્તિઓ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
આહવા.

INDEX

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

ક્રમાંક એમ.ઈ.ડી./કોલેરા/વશી/૨૩૯૨/૨૦૦૩.-ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં નિકોરા ગામે તથા ભરૂચ શહેરમાં કોલેરાનો ચેપી રોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે. જેથી નિકોરા તા. જિલ્લે ભરૂચ તથા ભરૂચ તાલુકાના તમામ ગામોમાં ભરૂચ શહેરી વિસ્તારમાં ચેપી રોગ પ્રસરે નહી તે હેતુથી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચના જાહેરનામા નંબરએમ.ઈ.ડી./કોલેરા/વશી. ૨૧૪૯ તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૩ થી કોલરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર ભરૂચની નિમણુંક કરવામાં આવી છે.

જે અન્વયે ભરૂચ તાલુકાના નિકોરા ગામ તથા ભરૂચ શહેરને કોલેરાગ્રસ્ત તરીકે અને સમગ્ર ભરૂચ શહેર અને ભરૂચ તાલુકાને કોલેરા અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વાસ્તે હું, શ્રી ડી. એન. પરમાર મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, ભરૂચ કોલેરાના રોગના નિયંત્રણ માટે તથા તેવો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશોનો તાત્કાલીક અમલ કરવા ફરમાવું છું.

(૧) ભરૂચ તાલુકા તથા ભરૂચ શહેરમાં સમાવિષ્ટ તમામ બાળમંદિરો, પ્રાથમિક શાળાઓ, હાઈસ્કુલો, કોલેજો અને છાત્રાલયોમાં બાળકોને પીવાનું પાણી પુરુ પાડવાની ટાંકી તથા પાઈપ સંપુર્ણપણે સાફ કરી પીવાના પાણીની ટાંકીમાં જંતુનાશક દવા નાંખી સ્વચ્છ પાણી પુરુ પાડવાની વ્યવસ્થા જે તે શાળા, હાઈસ્કુલ, કોલેજો, છાત્રાલયો, બાળમંદીરોના સંચાલકશ્રીઓ તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફિસરશ્રી પાસેથી મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

(૨) શાળા/હાઈસ્કુલ, કોલેજો, છાત્રાલયો, બાળમંદીરની બહાર કે કંપાઉન્ડમાં ખાણી-પીણાની ચીજવસ્તુઓ "ના વહેચાય" તે માટે આચાર્યશ્રીએ કાળજી લેવી અને જરૂર જણાયે અત્રે જાણ કરવામાં આવે. કૂવા અંદરનો ભાગ તથા બહારના ભાગે પણ સ્વચ્છતા રહે તે જોવું.

(૩) ભરૂચ તાલુકામાં તથા ભરૂચ શહેરમાં આવેલ તમામ ખાનગી હોસ્પીટલો નર્સીંગહોમ, પ્રાઈવેટ પ્રેકટીશનર , રક્તદાન કેન્દ્રો અને લેબોરેટરીઓ વિગેરેને તેમના દ્વારા દર્દીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીઝ તથા સોંય તેમજ લોહી માટે કે લેબોરેટરી તપાસવામાં, વાપરવામાં આવતી સીરીઝ કે સોંયનો ઉપયોગ કરતાં પહેલાં તેને ઓટોક્લીન અથવા ઓછામાં ઓછી ૩૦ (ત્રીસ) મીનીટ સુધી પાણીમાં ઉકાળી ફરજીયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજીયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

(૪) ભરૂચ તાલુકા અને ભરૂચ શહેર વિસ્તારના તમામ ખાણી-પીણાના સ્થળે અને પીવાના પાણી માટેની કોઠીઓ અથવા માટલા રાખી શકશે નહી અને જાહેર પાણીની પરબો પર પાણીના ઘડા, કોઠી, અને માટલા રાખી શકાશે નહી તેમજ ખુલ્લો, ઉઘાડો કે વાસી કોઈપણ જાતનો ખોરાક પણ વેંચી શકાશે નહીં.

(૫) કોલેરા રોગ પ્રતિબંધક રસી મુકવાની કામગીરી સંભવિત મેડીકલ ઓફિસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

(૬) નાના બાળકોને જાહેર સ્થળોએ ખુલ્લામાં ઝાડે બેસાડવા નહીં અને મળમૂત્ર મારફતે રોગનો ફેલાવો થતો હોઈ, મળમુત્ર જાહેર કે ખુલ્લી જગ્યામાં નાંખવું નહીં.

(૭) ભરૂચ તાલુકા અને ભરૂચ શહેરી વિસ્તારમા ખાનગી હોસ્પીટલોમાં કે પ્રાઈવેટ પ્રેકટીશનરે કોલેરાનાં રોગના દર્દીઓના અંદરના દર્દી તરીકે દાખલ કરી શકાશે નહીં. અને આવા દર્દીઓને ભરૂચ તાલુકા અને ભરૂચ જિલ્લામાં આવેલ સરકારી દવાખાના કે હોસ્પીટલોમાં દાખલ થવા માટે મોકલવાના રહેશે. અને આવા દર્દી જણાય તો તુર્ત જ તેની જાણ સરકારી દવાખાના કે હોસ્પીટલોમાં તાત્કાલીક કરવાની રહેશે.

(૮) પીવા માટેનાં પાણી સપ્લાય કરતી સંસ્થાઓને કલોરીનેશન કરીને જ પાણી પુરુ પાડવું. જો પાણી તપાસ દરમ્યાન ફ્રી (૩%) પાર્ટપર મીલીયન ન મળે અને એના લીધે રોગચાળો થાય તો તેની જવાબદારી જે તે ગામ તથા શહેરના આરોગ્ય વર્કર અને મેડીકલ ઓફિસરશ્રી અને કર્મચારીઓની રહેશે.

(૯) ભરૂચ તાલુકામાં તમામ ગામો અને ભરૂચ શહેરમાં આવેલ તમામ જાહેર સ્થળો જેવા કે બાગ બગીચા મંદિરો મસ્જિદો, મદ્રેશાઓ, બસસ્ટેન્ડો, રેલ્વેસ્ટેશન, વિડીયોગૃહો, માર્કેટ, પંચાયત ઘરો, શાળાઓ, હાઈસ્કૂલો, કોલેજો, તમામ જાહેર સ્થળોએ સબંધીત તમામ સંચાલકશ્રીઓ/ટ્રસ્ટીઓ મંડળ કે સંબંધીત સંસ્થાઓએ સ્વચ્છતા જાળવવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઈ હેઠળ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું બહાર પાડયા તારીખથી ત્રણ માસની મુદત સુધી અમલમાં રહેશે.

ભરૂચ, તા. ૧૦મી જુલાઈ, ૨૦૦૩.

ડી. એન. પરમાર,
મામલતદાર અને કોલેરા,
નિયંત્રણ અધિકારી, ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઘ/-૨૦૨૫૯/નધણ/૪૮૩૭/ક-૨/૨૫૫/૬૧૪૬/સને, ૨૦૦૩.-આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રાધે કો. ઓ. હા. સો. લી., રાણીપ, લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જિલ્લો, અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઘ-૨૦૨૬૦/નધણ/૪૮૩૮/ક-૨/૨૫૮/૬૧૮૫/સને, ૨૦૦૩.--આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સુશીલ ભદ્ર કો. ઓ. હાઉ. સોસા. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જિલ્લો, અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક ઘ-૨૦૨૬૧/નધણ/૪૮૩૯/ક-૨/૨૬૨/૬૩૬૪/સને, ૨૦૦૩.--આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સુરજ બંગલોઝ કો. ઓ. હાઉ. સોસા. લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જિલ્લો, અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક સે-૩૩૧૫૦/નધણ/૪૮૪૦/ક-૨/૨૭૦/૬૪૦૭/સને, ૨૦૦૩.--આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી કરશનનગર દુધ ઉત્પાદક સહ. મંડળી, લી. સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી. જિલ્લો, અમદાવાદને.

સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર),
અમદાવાદ.

જા.નં. ઘ-૨૦૩૩૬/નધણ/૩૬૨૫/ક-૩/૫૧૪/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, સ્વામીનારાયણ પાર્ક, (વિ-૧) કો-ઓપ. હાઉ. સોસા. લી. મર્યાદિત સ્થળ વસ્ત્રાલ, તાલુકો દસ્ક્રોઈ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૩.

જા.નં. ઘ-૨૦૩૩૯/નધણ/૩૬૩૮/ક-૩/૫૭૫/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, સોમેશ્વર (ચાંદખેડા) કો-ઓપ. હાઉ. સોસા. લી. મર્યાદિત સ્થળ ચાંદખેડા, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૦૩.

જા.નં. ઉ-૧૨૦૯૮/નધણ/૩૬૫૮/ક-૩/૬૦૦/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, અક્ષર સેવા મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ ધોળકા, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૮મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયેની જોગવાઇઓ.

(૨) ખેતીવાડી અર્થે સહકાર ખાતાના પરીપત્ર નં. થદ/ડીડીસી/૭૨૮૬/બી, તારીખ ૩૧-૧૨-૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદના તારીખ ૨૯-૧-૧૯૬૬ના હુકમ નં. એ. ડી. /એમ-૧.

INDEX

(૪) જિલ્લા સ્પે. ઓડીટરશ્રી, સ. મં. (રૂરલ), અમદાવાદના પત્ર નં. અષણ/૦૧/ખ-૧/૧૭૫૯/૨૦૦૩, તારીખ ૨૦-૬-૨૦૦૩થી મળેલ દરખાસ્ત.

(૫) ક્રેડીટ સહકારી મંડળીની નોંધણી રદ કરવા અહેવાલ સાથે સાદર કરેલ સાધનિક કાગળો.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૮૫૪/૦૩.–ઉક્ત વંચાણમાં લીધા ક્રમાંક (૪) અને (૫) અન્વયે, ધી સાણંદ નગર પંચાયત ઓક્ટ્રોય કર્મચારીઓની ક્રેડીટ સોસાયટી મુ. સાણંદ, તા. સાણંદ, જિ. અમદાવાદની નોંધણી રદ સારું મળેલ નોન કોરમ ખા.વા.સા. સભાના ઠરાવ નં. ૨થી સર્વાનુમતે સંસ્થાએ લીધેલ નિર્ણય અન્વયે, તેમજ સદરહુ સંસ્થામાં સભાસદો સાણંદ તાલુકા પંચાયત ઓક્ટ્રોય ખાતુ બંધ થતાં છુટા કરેલ છે. જેથી સભાસદોની લાયકાત ગુમાવેલ છે. સંસ્થા આશરે ૫ વર્ષ થી કોઈ પેટા નિયમ મુજબની પ્રવૃત્તિઓ કરેલ નથી તેમજ સભાસદોને કોઈ રસ નથી. સંસ્થામાં સભાસદોએ તેઓની શેર ભંડોળની રકમો તેમજ અન્ય લેણી નિકળતી રકમો, પરંત મેળવી લીધેલ છે. તેમજ સરવૈયા મુજબ મુડી-દેવા/મિલ્કત-લેણાંની રકમ નહીંવત હોવાથી તેમજ સંસ્થા ફડચા ફી પણ ભરી શકે તેવી હાલતમાં ન હોવાથી તેમજ સંસ્થાની માંગણી મુજબ તેમજ ખાસ અહેવાલમાં ઓડીટરશ્રી, દ્વારા થયેલ ભલામણો ધ્યાનમાં લઈ સદરહુ મંડળીને સહકારી કાયદની કલમ-૨૦ અન્વયે નોંધણી રદ કરવા નીચે મુજ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ) અમદાવાદ વંચાણમાં લીધા ક્રમાંક : (૨) અને (૩) તેમજ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ ધી સાણંદ નગર પંચાયત ઓક્ટ્રોય કર્મચારીઓની ક્રેડીટ સોસાયટી લી., મુ. સાણંદ, તા. સાણંદ, જિ. અમદાવાદ કે જેનો નોંધણી નં. સે-૨૩૮૧૯ તારીખ ૩-૧૧-૧૯૯૨ છે તેની નોંધણી રદ કરું છું.

અમદાવાદ, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ.મં. મહેસાણાના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/ઘ/૧૦૭૯/૯૮, તારીખ ૧૨-૬-૧૯૯૮.

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ. મં. (રૂરલ) અમદાવાદ અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૩/૮૭/૨૦૦૧, તારીખ ૧૬-૧-૨૦૦૧.

(૩) ફડચા અધિકારીશ્રી, લગત કચેરીના સંસ્થાને પુનઃ જીવીત કરવા અંગેની ભલામણ દરખાસ્ત તારીખ ૬-૮-૨૦૦૨.

(૪) સંસ્થાના હોદેદારો દ્વારા સંસ્થાને પુનઃ જીવીત કરવા અંગેની અરજી તારીખ ૩૦-૭-૨૦૦૨ તથા તારીખ ૧૯-૬-૨૦૦૩.

(૫) ફડચા અધિકારીશ્રી, લગત કચેરી નં.-૧ દ્વારા સંસ્થાને પુનઃ જીવીત કરવાની ભલામણ પત્ર.

(૬) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા કલમ-૧૯ (ખ)ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૮૫૬/૦૩.–ધી મુળ હંસ કો.ઓ.હા.સો. લી., મુ. કલોલ, તા. કલોલ, જિ. ગાંધીનગરએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી ક્રમાંક : ૧૨૩૭૨ તારીખ ૧૭-૧-૧૯૯૧થી નોંધાયેલ ગૃહમંડળી છે.

મંડળી તેના ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ હોઈ, પ્રથમ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સં.મં., મહેસાણા દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૧) મુજબના હુકમ અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ, પરંતુ ત્યાર બાદ તાલુકાના વિભાજન થતાં કલોલ તાલુકો ગાંધીનગર જિલ્લામાં સમાવવામાં આવતાં, વંચાણે લીધા ક્રમાંક (૨) અન્વયે ફડચા અધિકારીની નિમણૂંક અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ, પરંતુ સંસ્થાના હોદેદારો દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૪) દ્વારા સંસ્થાને પુનઃ જીવીત કરવા અંગે માંગણી કરેલ છે. સંસ્થા દ્વારા વહીવટી કરવામાં આવે છે અને તમામ સભાસદોએ મકાનો બનાવેલ છે અને સંસ્થાએ તારીખ ૧-૭-૧૯૯૪ થી તારીખ ૩૧-૩-૨૦૦૨સુધીનું ઓડીટ પુર્ણ કરાવેલ છે તેમજ ઓડીટ ફી પણ ભરી દીધેલ છે તેમજ ભવિષ્યમાં સંસ્થાનું સંચાલન પેટા-નિયમ મુજબ સુવ્યવસ્થિત સંભાળવવામાં આવશે તેવી બાંહેધરી પણ આપેલ છે. ઉક્ત સંસ્થાના પત્રની વિગતોને ધ્યાનમાં લઈ વંચાણે લીધા (૩) મુજબ ફડચા અધિકારીશ્રી, લગત સદર કચેરીએ પણ સંસ્થાને પુનઃ જીવીત કરવા ભલામણ કરેલ છે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લઈ તેમજ સદરહુ સંસ્થાના સભ્યોના ઉત્સાહને ધ્યાને લઈ તેમજ સંસ્થાના સભ્યો, આર્થિક રીતે તેમજ સામાજિક રીતે પછાતવર્ગના હોઈ, સભાસદોના જાહેર હિતને ધ્યાનમાં લઈ સદરહુ સંસ્થાને પુનઃજીવીત કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (રૂરલ) અમદાવાદ મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા ૧૯(ખ)ની સત્તાની રૂએ ધી મુળ હંસ કો. ઓ. હા. સો. લી., મુ. કલોલ, તા. કલોલ, જિ. ગાંધીનગર કે જેનો નોંધણી નં. ૧૨૩૭૨ તારીખ ૧૭-૧-૧૯૯૧ છે તેની સામે કરવામાં આવેલ અત્રેનો તારીખ ૧૬-૧-૨૦૦૧નો અંતિમ આદેશ રદ કરું છું અને મંડળીને પુનઃજીવીત કરું છું.

અમદાવાદ, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩.

ક્રમાંક સે-૩૪૭૧૧/નધૂણ/૩૪૪૫/ક-૩/૬૨૩/સને, ૨૦૦૩.-- આથી જાહેર કરે છે કે, બગોદરા મહિલા દુધ ઉત્પાદક સ. મં. લી., મર્યાદિત સ્થળ બગોદરા, તાલુકો બાવળા, જિલ્લો, અમદાવાદને.

INDEX

સને ૧૯૬૧ની ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧)ની કલક-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (રૂરલ),
એમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા.નં. સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૫૮૫ થી ૫૯૧, તારીખ ૨૯-૧૧-૨૦૦૨થી મંડળીને ફડચામાં લઇ જવાનો અપાયેલ આદેશ.

(૨) અત્રેની કચેરીના કારણદર્શક નોટીસ તા. ૧૭-૭-૨૦૦૨. પત્ર નં. હસબ/૦૧/ખ-૩૧૩૮૭.

અંતિમ આદેશ

ક્રમાંક સેન ઉખસ/ફડચ/૦૧/ખ-૨/ફ. નં. ૧૩૯૭૮/૨૧૦ થી ૨૧૯.–ધી કૃષિ પિયત સહકારી મંડળી લી., મુકામે ચકલાદ, તાલુકો આમોદ, જિલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ.ચ. જા.નં. ફડચ/૦૧/ખ-૨/૫૮૫ થી ૫૯૧, તા. ૨૯-૧૧-૨૦૦૨ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપવામાં આવેલ હતો. જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઇ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે. અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧-૨) ભરૂચ લગત કચેરી શ્રીમતી વી. પી. જાદવની નિમણૂંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પૂરી કરવાની રહેશે.

ભરૂચ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

હુકમ

ક્રમાંક સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૨૦ થી ૨૨૯/૨૦૦૩.–ધી અંદાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મુકામ અંદાડા, તાલુકો અંકલેશ્વર, જિલ્લા ભરૂચ કે જે તા. ૨૧-૩-૧૯૭૭ના નોંધણી નંબર ૧૪૪૦૮ થી નોંધવામાં આવી હતી. જે અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક સેન/ઉખસ/ફડચ/ખ-૨/ફડચ/૦૧/ખ-૨/૧૦૫, તારીખ ૧૦-૫-૧૯૯૫ થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪(૨) આધિન સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ અધિનિયમની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, આણંદ(૪)નો તા. ૫-૫-૦૩ કલમ-૮૧ હેઠળનો ખાસ વહીવટી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૨૫-૬-૨૦૦૩ના જા.નં. સકક/૦૧/ઘ/૩૮૪ થી ૩૯૨/૦૩ થી સ.કા.ક. ૮૧ હેઠળ મંડળીની વ્ય. કમીટીને આપેલ કારણદર્શક નોટીસ.

(૩) કારણદર્શક નોટીસના સંદર્ભે મંડળીના ત્રણ વ્ય. ક. સભ્યોએ તા. ૧૦-૭-૨૦૦૩ના રોજ હાજર રહી આપેલ લેખિત નિવેદન.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/જં/૨૬૯/૨૦૦૩.– જોષીકુવા સેવા સહકારી મંડળી લી. જોષીકુવા, તાલુકા આંકલાવ, જિલ્લો આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે(કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી સેવા સહકારી મંડળી છે. જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા નિયમો અનુસાર તથા કાયદા કાનૂન અને નિયમો અનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટા નિયમો, કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ(૧) ઉપરના શ્રી સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ (૪) આણંદના ખાસ વહીવટી અહેવાલમાં જણાવેલ મંડળીના ગેરવહીવટ અંગેના મુદ્દાની વિગતે મંડળીની વ્ય. કમીટી પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયેલ છે. ખાસ વહીવટી અહેવાલમાં જણાવ્યા અનુસાર વ્ય. કમીટી સભ્યોની ચૂંટણી દર ત્રણ વર્ષે કરવા માટે તથા કમીટી સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી ૧૧ અને વધુમાં વધુ ૧૫ રાખવા બાબતે પેટા નિયમમાં સુધારો કરાવી અમલવારી કરવાના સરકારશ્રીના આદેશો હોવા છતાં તેનો અમલ કરેલ નથી. મંજૂર કરવામાં આવેલા પેટા નિયમ અને ચૂંટણીના નિયમ મુજબ ચૂંટણી કરવામાં આવતી નથી. પરંતુ દર વર્ષે વાર્ષિક સાધારણ સભામાં અગાઉથી વ્ય. કમીટી સભ્યોના નામો રજૂ કરી તેમની નિમણૂંક કરવામાં આવે છે. વ્ય. કમીટીની બેઠકોમાં માત્ર ખર્ચા મંજૂર કરવા, શાખ પત્રક મંજૂર કરવા, હિસાબો મંજૂર કરવા વિગેરે કામગીરી થાય છે. મંડળીનો વિકાસ, પ્રગતિ, ધિરાણ વસુલાત, મુદતવીતી બાકીદારો સામે પગલાં લેવા વિગેરે અંગે કોઇ જ ચર્ચા કરવામાં આવતી નથી. વ્ય. કમીટી સભ્યોને મંડળીનો વહીવટ ચલાવવામાં કોઇ રસ હોય તેમ લાગતું નથી.

INDEX

મંડળીનો રોજમેળ નિયમિત લખાતો નથી. વેચાણ, વકરો, જમા આવેલ થાપણો વિગેરે જે તે દિવસે જમા ન કરતાં ચાર-પાંચ દિવસના ભેગા જમા કરવામાં આવે છે. પરિણામે નાણાંકીય ઉચાપતના કિસ્સા બનવા પામેલ છે. મંડળીની કરજ કરવાની સત્તા શૂન્ય થઇ ગયેલ હોવા છતાં થાપણો સ્વીકારી દેવું કરેલ છે.બેંકમાંથી મેળવેલ લોનો પરત કરવા કોઇ જોગવાઇ કરેલ નથી. બેંકલોનના રૂા. ૩,૪૨,૦૦૦/- જુની બાકી છે જે પરત કરેલ નથી મંડળીને સરકારશ્રી તરફથી રૂા. ૫૦,૦૦૦/-નો શેરફાળો મળેલ છે તે પરત કરવા માટે શેરફાળાની શરતોનું પાલન કરેલ નથી, તથા પેટા નિયમ ૭૧(અ)[3](૯) મુજબ શેરફાળો પરત કરવા ફંડ કાઢવા અંગેની કોઇ જોગવાઇ કરેલ નથી. બચત થાપણ યાદી તથા સરવૈયામાં જણાવેલ રકમમાં તથા થાપણ યાદી અને સરવૈયા બાકીમાં તફાવત આવે છે જે જવાબદાર પાસેથી વસુલ કરવા વ્ય. કમીટીએ કોઇ જ કાર્યવાહી કરેલ નથી, મુદત વીતી બાકીદારો સામે વસુલાત માટેની કોઇ જ કાર્યવાહી કરેલ નથી, માલ સ્ટોક તપાસવા કોઇ વ્યવસ્થા કરેલ નથી. પરિણામે મંડળીમાં મોટી રકમના માલસ્ટોકની ઉચાપત થયેલ છે. મંડળીના પેટા નિયમોમાં થાપણ ઉપર ધિરાણ આપવાની જોગવાઇ ન હોવા છતાં તેની ઉપર ધિરાણ કરેલ છે, તા. ૩૧-૩-૨૦૦૨ના રોજ આવું ધિરાણ રૂા. ૮,૭૨,૬૪૮/- નું બાકી છે. પેટા-નિયમ ૬૬(૧) મુજબ સભાસદો પાસેથી મહત્તમ રૂા. ૫૦,૦૦૦/- સુધીની જ થાપણો સ્વિકારવાની જોગવાઇ હોવા છતાં તેનાથી વધુ રકમની થાપણો સ્વિકારેલ છે, પરિણામે મંડળીને ઉંચુ વ્યાજ ચુકવવું પડેલ છે, થાપણ પરના વ્યાજના દર જિલ્લા મધ્યસ્થ બેંક કરતાં વધુ રાખેલ છે જેને લીધે મંડળીને બીન જરૂરી વધારાનો વ્યાજ ખર્ચ સહન કરવો પડેલ છે. બેંક ઇન્સ્પેકટર દ્વારા તા. ૧-૯-૨૦૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૦૧ના ઇન્સ્પેકશન નોંધવા પેરા નં. ૫, ૬ થી મંડળીમાં થયેલ નાણાંકીય ઉચાપતો અંગે જવાબદારો સામે કાર્યવાહી કરવા જણાવ્યા છતાં કાર્યવાહી કરેલ નથી. આમ મંડળીની વ્ય. કમીટી પોતાની ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં સરિયામ નિષ્ફળ ગયેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (૨) ઉપરની સ.કા.ક.-૮૧ હેઠળ કારણદર્શક નોટીસ મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોને આપતાં વંચાણે લીધેલ સંદર્ભ (૩) ઉપર જણાવેલ વિગતે તા. ૧૦-૭-૨૦૦૩ના રોજ વ્ય. કમીટી સભ્યો પૈકી ત્રણ સભ્યોએ અત્રેની કચેરીએ હાજર રહી કારણદર્શક નોટીસમાં જણાવેલ તમામ મુદ્દાઓ સાથે સહમત હોવાનું તથા મંડળીમાં વહીવટદાર નિમાય તો કબુલ મંજૂર હોવાનું લેખિત નિવેદન આપેલ છે.

ઉપર જણાવેલ તમામ બાબતોને અનુલક્ષીને અધિનિયમની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવી મંડળીના તથા મંડળીના સભાસદોના હિતમાં જણાતાં મંડળીની હાલની વ્ય. કમીટીની જગ્યાએ વહીવટદારની નિમણૂંક કરવી ઉચિત જણાંતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ સત્તાની રૂએ જોષીકુવા સેવા સહકારી મંડળી લી., જોષીકુવા, તાલુકો આંકલાવ, જિલ્લો આણંદની હાલની વ્ય. કમીટીને વહીવટથી દૂર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી એન. એસ. પંચાલ, મુ. તા. નડીયાદ, જિ. ખેડાની વહીવટદાર તરીકે નિમણૂંક કરૂં છું. સદરહુ નિમણૂંકનો સમય વહીવટદારે ચાર્જ સંભાળ્યા તારીખથી છ માસનો રહેશે. વહીવટદારનું માસિક મહેનતાણું રૂા. ૧,૫૦૦-૦૦ (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) મંજૂર કરૂં છું. જેનો ખર્ચ મંડળીએ ભોગવવાનો રહેશે.

આણંદ, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) મેનેજરશ્રી, ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદનો ઉમરેઠ વિભાગીય ફાર્મર્સ સર્વિસ ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લી., ઉમરેઠના ગેરવહીવટ બાબતનો તા. ૨-૧૧-૨૦૦૨નો પત્ર.

(૨) અત્રેની કચેરીના તા. ૩૧-૩-૨૦૦૩ના ક્રમાંક ગસભ/૦૧/છ/૧૦૮ થી ૧૨૦/૨૦૦૩ થી મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોને સ.કા.ક. ૮૧ હેઠળ આપેલ કારણદર્શક નોટીસ.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/જ/૨૭૦/૨૦૦૩.-ઉમરેઠ વિભાગીય ફાર્મર્સ સર્વિસ ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી લી., ઉમરેઠ તાલુકા ઉમરેઠ, જિલ્લો આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયે(કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો વહીવટ મંડળીના માન્ય થયેલા પેટા નિયમો અનુસાર તથા કાયદા કાનૂન અને નિયમો અનુસાર ચલાવવાનો હોય છે. મંડળીના પેટા નિયમો, કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ મંડળીના કાર્યવાહકોએ નિભાવવાની હોય છે.

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ (૧) ઉપરના મેનેજર, ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., નડીયાદના પત્રમાં જણાવ્યા અનુસાર બેંકના આસિ. સીની. ઈન્સ્પેકટરશ્રીએ તા. ૧૧-૭-૨૦૦૨ના રોજ મંડળીની મુલાકાત લેતાં મંડળીની નીચે મુજબની પરિસ્થિતિ જણાયેલ છે.

મંડળીને બેંક તરફથી રૂા. ૧૨,૦૦,૦૦૦/-ની રોકડ શાખ ખાતર ખરીદી અંગેની તા. ૩૧-૩-૨૦૦૨ની મુદતની મંજુર કરેલ છે જે પૈકી તપાસણી કરતાં તા. ૧૧-૭-૨૦૦૨ના રોજ રૂા. ૮,૩૦,૬૧૭/- મુદતવીતી બાકી પડે છે. મંડળીના ખાતરના માલ સ્ટોક રૂા. ૬,૧૦,૩૬૧/- સામે બેંકલોન રૂા. ૮,૩૦,૬૧૭/- છે જેથી રૂા. ૨,૨૦,૨૫૬/- નો તફાવત પડે છે. મંડળીમાં રૂા. ૪.૮૯ લાખ જેવી ખોટ છે. મંડળીમાં અગાઉ ગવાર ખરીદી ઉંચા ભાવે કરી હતી અને વેચાણ નીચા ભાવે કરેલ હોવાથી ગવાર ખરીદીમાં રૂા. ૩,૨૨,૭૦૪/૯૦ની ખોટ ગયેલ છે. સદર મંડળીએ પોતાના સભાસદોને ટૂંકી મુદતનું રૂા. ૫.૩૩ લાખનું ધીરાણ કરેલ છે જે પૈકી ૫ સભાસદો પાસે રૂા. ૨,૧૬,૦૦૦/-નું મુદતવીતી ધીરાણ છે તેમની સામે દાવા કરેલ નથી.

આમ, ઉપર જણાવેલ વિગતે મંડળીની વ્ય. કમીટી પોતાની ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ ગયેલ હોઇ વંચાણે

લીધેલ સંદર્ભ(૨) ઉપરની સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કારણદર્શક નોટીસ તમામ વ્ય. કમીટી સભ્યોને આપી નોટીસના મુદ્દાઓ બાબતે રજૂઆત કરવા માટે તા. ૧૦-૪-૨૦૦૩ના રોજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ, પરંતુ કોઇ સભ્યો હાજર રહેલ નથી. ત્યાર બાદ તા. ૧૬-૬-૨૦૦૩ની આખરી નોટીસથી અત્રેની કચેરીએ તા. ૨૬-૬-૨૦૦૩ના રોજ હાજર રહી રજૂઆત કરવા જણાવેલ હોવા છતાં ઉપરોકત બંને મુદતોએ વ્ય. કમીટીના કોઇ સભ્ય રૂબરૂમાં હાજર રહેલ નથી તથા લેખિતમાં પણ રજૂઆત કરેલ નથી, જેથી તેઓ કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓ સાથે સહમત છે તેમ્ માનીને અધિનિયમની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવી મંડળી તથા મંડળીના સભાસદોના હિતમાં જણાતાં મંડળીની હાલની વ્ય. કમીટીની જગ્યાએ વહીવટદારની નિમણૂંક કરવી ઉચિત જણાંતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૮૧ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉમરેઠ વિભાગીય ફાર્મર્સ સર્વિસ ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી લી., ઉમરેઠ, તાલુકો ઉમરેઠ, જિલ્લો આણંદની હાલની વ્ય. કમીટીને વહીવટથી દૂર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂ શ્રી એન. એસ. પંચાલ, મુ. તા. નડીયાદ, જિ. ખેડાની વહીવટદાર તરીકે નિમણૂંક કરૂં છું. સદરહુ નિમણૂંકનો સમય વહીવટદાર ચાર્જ સંભાળે તે તારીખથી છ માસનો રહેશે. વહીવટદારનું માસિક મહેનતાણું રૂા. ૧,૦૦૦-૦૦ (અંકે રૂપિયા એક હજાર પુરા) મંજૂર કરૂં છું. સદર મહેનતાણાનો જેનો ખર્ચ મંડળીએ ભોગવવાનો રહેશે.

આણંદ, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

સગરામપુર કો. ઓપ. હાઉ. સો. લી. સ.મં. મુ. હાડગુડ, તા. આણંદને ફડચામાં લઇ જવાનો વચગાળોને હુકમ ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૧૬/૨૦૦૩, તા. ૯-૬-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૪૮૩/૨૦૦૩.-સગરામપુર કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. મુ. હાડગુડ, તા. આણંદ જિલ્લોને શ્રી મદદનીશ જિલ્લા રિજસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત આણંદની ઓફિસની નોંધ નંબર ઘ-૬૧૧૧, તા. ૧૫-૭-૧૯૭૮થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત-જી. રજી. સ.મં. આણંદની સદર કાયદાનાં કલમ-૧૦૮(૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

સુંદલપુરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સુંદલપુરા, તાલુકા ઉમરેઠને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ. ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૧૮/૨૦૦૩, તા. ૯-૬-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૪૮૪/૨૦૦૩.-સુંદલપુરા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ સુંદલપુરા, તાલુકો ઉમરેઠ જિલ્લોને શ્રી મદદનીશ જિલ્લા રિજસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત આણંદની ઓફિસના નોંધ નંબર - ૨૦૮૯૩, તા. ૧૫-૪-૧૯૮૫થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત. જી. રજી. સ.મં. આણંદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

વડોદ તેલીબીયા ઉત્પાદક સહાકારી મંડળી લી., મુકામ વડોદ, તાલુકા આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ. ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૧૯/૨૦૦૩, તા. ૯-૬-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૪૮૫/૨૦૦૩.-વડોદ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુકામ વડોદ, તાલુકા આણંદ જિલ્લોને શ્રી મદદનીશ જિલ્લા રિજસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત આણંદની ઓફિસના નોંધ નંબર સે. ૧૨૮૦૭, તા. ૫-૭-૧૯૮૨થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત. જિલ્લા. રજી. સ.મં. આણંદની સદર કાયદાની કલમ-૧૦૮(૩) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

INDEX

વંચાણે લીધા :-

(૧) સહકારી અધિકારીશ્રી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત પત્ર નંબર જીઉક/મહે/જ/૧૩૩૯/૨૦૦૩.

(૨) આ કચેરીની મંજુર થયેલ તારીખ ૭-૮-૨૦૦૩ની નોંધ.

હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૧૩૭૫/૯૬૪૧/૨૦૦૩.-આમુખ-૧ અને ૨માં વંચાણે લીધેલ પત્ર અને નોંધ અન્વયે શ્રી કુટુંબ અને બાળ કલ્યાણ સમિતિ હારીજ, હારીજ મહીલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી., હારીજ તાલુકો હારીજ, જિલ્લા પાટણ કે, જેનું કામકાજ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણાની કચેરીના જાવક નંબર ૩ ઉખસ/ફડચ/૦ખ/૧૫૨૨/૧૯૯૫ તારીખ ૦૬-૦૯-૧૯૯૫થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

સી. ડી. મોદી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
મહેસાણા.

વંચાણે લીધો :-

શ્રી સહકારી અધિકારી ફડચા નંબર લી., વડોદરા લગત કચેરીના જા. નં. ફડચા/૦૧/ફ-૩/૩૯૮ની તારીખ ૧-૮-૦૩ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ૭૩૦૩/ફડચા/૦૧/ઘ-૨/૨૦૬ સને ૨૦૦૩.-ધી વાઘા નાના સીમાંત ખેડુતોની પે-જ પિયત મુકામ વાઘા તાલુકા સાવલીની નોંધણી ક્રમાંક પે-૨૩૫૯ તારીખ ૨૭-૧૨-૧૯૫૯થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચા/ફ/૧૧૦૩૮/ઘ-૨/૧૫૬૧૬૩ તારીખ ૧૧-૨-૧૯૯૮ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધો :-

શ્રી સહકારી અધિકારી ફડચા નંબર લી., વડોદરા લગત કચેરીના જા. નં. ફડચા/૦૧/ફ-૪/૨૭૧/૦૩ની તારીખ ૩૧-૭-૦૩ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

જા. નં. ૭૩૦૪/ફડચા/૦૧/ઘ-૨/૨૦૮ સને ૨૦૦૩.-ધી વિદ્યાર્થી સહાયક સહકારી સંઘ સ્ટુડન્ટસ કો. ઓ. સો. લી., મુકામ કારેલીબાગ-વડોદરાની નોંધણી ક્રમાંક ૧૫૫૧ ૭૨૯ તારીખ ૨૯-૧૨-૧૯૬૧થી કરવામાં આવી હતી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ વડોદરાના હુકમ નંબર ફડચા/ફ/૧૩૭૭૮/ઘ-૨/૨૪૧ તારીખ ૫-૮-૦૨ થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ-૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે, એમ ગણાશે.

વડોદરા, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધો :-

(૧) આ કચેરીના તારીખ ૨-૧૨-૨૦૦૨ના હુકમ નંબર ફડચ/ફ.૧૩૭/ઘ. ૨/૩૨૮.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૧૦૮ની જોગવાઈઓ.

સુધારા હુકમ

જા. નં. ૭૩૦૫/ફડચા/૦૧/ઘ-૨/૨૦૯/૨૦૦૩.-ધી વડોદરા શહેર વાહન-વાહક સહકારી મંડળી લી., મુકામ વડોદરા, જિલ્લો વડોદરાને આમુખ (૧) માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નંબર ૨ લગત કચેરીની કરેલ નિમણુંક રદ કરી, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંન્ક લી., વડોદરાની આથી નિમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

નંબર સ-૬-૩૪૭૩૧/નધણ/૦૧/ક-૩/૧૩૩૬/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે ધી દલપતપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ મર્યાદિત સ્થળ દલપતપુરા, તાલુકો બાયડ, જીલ્લો સાબરકાંઠા.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તા. ૫મી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૭-૮-૨૦૦૨ની કારણદર્શક નોટીસ પત્રક્રમાંક ફડચ/૦૧/ગ/૨૮૦૦/૨૦૦૨.

(૪) ધી સા. કાં. જી. મ.સહ. બેંક લી. હિંમતનગરનો તા. ૪-૬-૦૨નો ક્રમાંક : ઈન્સ્પે/૪૫/૫૮૩૧ તથા તા. ૯-૧૨-૦૨ નો પત્ર ક્રમાક ઈન્સ્પે/૪૫/૨૦૯૨૭.

પ્રસ્તાવના

જા. નંબર ફડચ/૦૧/ગ/૧૬૪૪/૦૩.–ધી બામણા ગૃપ સે. સ. મં. લી. મુ. બામણા, તા. ભીલોડા, જીલ્લા સાંબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીનું ઈન્સપેકશન ધી સા. કાં. જી. મધ્યસ્થ સહકારી બેંક, હિંમતનગરની ભીલોડા શાખા દ્વારા કરવામાં આવેલ છે. મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

૧. મંડળીમાં કુલ ખેડુત ખાતેદારો ૧૯૨ છે તે પૈકી સભાસદ ૧૬૨ છે. જ્યારે કર્જ લેતા માત્ર એક સભ્ય છે.

૨. મંડળી ક્ષેત્રે એક સભ્ય રૂા. ૧૭૧૮/- મુદતવીતી બાકી છે જ્યારે બેંક કક્ષાએ રૂા. ૭૨૩૫૦/- બાકી છે જે પણ મંડળી વસુલ કરી શકતી નથી.

૩. મંત્રી પોતે બીન અનુભવી છે. ધી રાણ વસુલ કરતા નથી.

૪. મંડળીના માજી કર્મચારીએ રૂા. ૧૫૯૨૫/- ની ઉચાપત કરેલ છે જે રકમો વસુલ કરવા માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી.

૫. તા. ૩૧-૩-૨૦૦૩ અંતિત મંડળીમાં એકત્રીત ખોટ રૂા. ૧૨૭૦૬૪-૮૯ છે જ્યારે ભંડોળ રૂા. ૮૧૦૮૩/- છે જેથી તરલતા જળવાતી નથી.

૬. મંડળીનો ઓડીટ વર્ગ છેલ્લા પાંચ વર્ષથી ''ડ'' છે.

ઉપરોક્ત ક્ષતીઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી તા. ૨૯-૮-૨૦૦૨ના રોજ રૂબરૂ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળીના ચેરમેનશ્રીએ હાજર રહી મુદતની માંગણી કરતાં તા. ૯-૯-૨૦૦૨ની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે મંડળીના કાર્યવાહકોએ હાજર રહી જણાવેલ કે ધીરાણ લેતા ૩૦ સભ્યો બહારગામ ગયેલ હોઈ તેમજ સઘળી જમીન હાથમતી જલાગાર યોજનામાં ગયેલ હોઈ મુદતવીતી બાકીદાર એક સભ્ય સામે કલમ-૧૦૬ (૧) ના અન્વયે વસુલાત માટે કાર્યવાહી ચાલુમાં છે. તેમજ માજી મંત્રીશ્રીએ કરેલ ઉચાપતની રકમ માટે લવાદ કોર્ટમાં દાવો ચાલુ હોઇ જેથી રજુઆત કરી મંડળીને ફડચામાં ન લઈ જવા જણાવેલ હતી.

સદર રજુઆત પરત્વે બેન્કે મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય આપેલ હતો. ફરીથી મંડળીએ કારણદર્શક નોટીસ તથા તેમના ૯-૯-૨૦૦૨ના પત્રના અનુસંધાને વાસ્તવિક દસ્તાવેજી પુરાવા સાથે તથા તા. ૩૧-૧૨-૨૦૦૨ ની નાણાકીય પરિસ્થિતિ સહીત હાજર રહેવા જણાવતાં મંડળીની રજુઆત મુજબ માજીમંત્રી દ્વારા કરવામાં આવેલ ઉચાપત બાબતે લવાદ કેસ તથા ફોજદારી કેસ ચાલુ છે તેમજ મંડળીના મુદતવીતી બાકીદાર સામે વસુલની કાર્યવાહી ચાલુમાં છે. તેમજ સદર બાકીદારોની વસુલાતની કામગીરી તા. ૩૧-૩-૨૦૦૩ સુધીમાં કરી વસુલાત અંગેનો અહેવાલ મોકલી આપવા જણાવેલ, પરંતુ મંડળી તરફથી સદર અહેવાલ રજુ થયેલ નથી. ફરીથી ફડચા અંગેની કારણદર્શક નોટીસમાં જણાવેલ તમામ મુદાઓનો હકીકતલક્ષી અહેવાલ તથા તા. ૩૦-૬-૦૩ના અંતિત નાણાંકીય પત્રકો સાથે રૂબરૂ રજુઆત અર્થે તા. ૨૪-૭-૦૩ના રોજ મુદત આપેલ હતી. સદર મુદતે મંડળીના કાર્યવાહકોએ તા. ૩૦-૬-૨૦૦૩ અંતિત નાણાંકીય પરિસ્થિતિનો અહેવાલ રજુ કરેલ નથી. પરંતુ તા. ૩૧-૩-૨૦૦૩ અંતિત નાણાંકીય પરિસ્થિતિ જોતા મંડળીની પરિસ્થિતિમાં સુધારો જણાતો નથી. તથા મંડળીના સભાસદોની જમીન ડૂબમાં ગયેલ હોઇ મંડળી પેટાનિયમના ઉદ્દેશો મુજબ ધારણ કરી શકે તેમ નથી. દિનપ્રતિદિન આવકના અભાવે મંડળીમાં ખોટ વધતી જાય છે. તા. ૩૧-૩-૦૨ અંતિત ખોટ ૧૨૪૨૦૭/- હતી. જે વધીને તા. ૩૧-૩-૨૦૦૩ ખોટ ૧૨૭૦૬૪/- થયેલ છે. મંડળી ક્ષેત્રે ધિરાણ બાકી રૂા. ૧૭૧૮/- છે જ્યારે બેન્ક ક્ષેત્રે રૂા. ૭૨૩૫૦/- મુદ્દલ બાકી છે.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાવતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું, જે. જે. શાહ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જી. સાંબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ ધી બામણા ગ્રૂપ સેવા સહકારી મંડળી લી., મુ. બામણા, તા. ભીલોડા, જી. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) (સી) (ii) (iv) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરૂં છું અને આજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચાધિકારી તરીકે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરૂં છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત/મૌખિક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રૂબરૂ રજુઆત કરવા તા. ૧-૯-૨૦૦૩ના રોજ ૧૪-૦૦ કલાકે આ કચેરીએ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત/ખુલાસો

INDEX

કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાન મંડળી તરફથી કોઈ ખુલાસો કે રજુઆત કરવામાં નહિં આવે તો મુદત વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિલ્લો સાંબરકાંઠા,
હિંમતનગર.

વાંચ્યો :–

(૧) શ્રી સહકારી અધિકારી ફડચા-૩ સુરતની તા. ૨૭-૬-૨૦૦૩ની પત્રક્રમાંક ફડચા/૦૩/૯૭/૨૦૦૩ ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૬૮૯/૪૭૧૭/ખ/૮૯૪/૨૦૦૩.–ધી સોનગઢ તાલુકા અનુ. જનજાતી સામુ. ખેતી મં. લી. મુ. પો. સોનગઢ તા. સોનગઢ, જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. ખે/૨૬૫૮, તા. ૨૩-૧૨-૮૫થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૦૧/ખ/૧૨૭૪/૦૧, તારીખ ૨૯-૧૧-૦૧ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ મંડળીઓના કાયદાની કલમ ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તા. ૪થી ઓગસ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :–

(૧) અત્રેની કચેરીના જા. નં. ફડચ/૦૧/ખ/૬૯૪, તા. ૩-૭-૨૦૦૩થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૪૯૧૪/૧૮૧૨/ખ/૯૧૪/૨૦૦૩.–ધી પાલનપુર રોડ બચત અને ધિરાણ કરનાર સ. મં. લી. પાલનપુર ગામ તા. ચોર્યાસી, જિ. સુરતની નોંધણી ક્રમાંક : સા./૨૭૬૮/ફડચ/૦૧/ખ/૬૯૪ તા. ૧૦-૫-૯૪થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩-૭-૦૩ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તા. ૭થી ઓગસ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :–

(૧) અત્રેની કચેરીના જા. નં. ફડચા/ઉખસ/ખ/૬૯૧, તા. ૩-૭-૨૦૦૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૪૯૦૭/૧૮૧૩/ખ/૯૧૫/૨૦૦૩.–ધી સાતવડ વિભાગ પિયત સ. મં. લી. બાવા ફળીયું, ઓલપાડ, તા. ઓલપાડ, જિ. સુરતની નોંધણી ક્રમાંક : ખે/૪૬૯૯, તા. ૧૮-૩-૧૯૯૮થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩-૭-૦૩ ના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૨, સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તા. ૭થી ઓગસ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :–

(૧) અત્રેની કચેરીના જા. નં. ફડચ/ઉખસ/ખ/૩૯૫, તા. ૩-૭-૨૦૦૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/૪૯૦૦/૧૮૧૪/ખ/૯૧૬/૨૦૦૩.–ધી ગુનખડી પિયત સહકારી મંડળી લી. મુ. પો. ગુનખડી, તા. સોનગઢ, જિ. સુરતની નોંધણી ક્રમાંકઃ ખે/૨૩૩૫, ફડચ/ઉખસ/૦૧/ખ/૩૯૫ તા. ૧૬-૮-૧૯૮૩થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઇપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧, સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તા. ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :– (૧) અત્રેની કચેરીના જા. નં. ફડચ/ઉખસ/ખ/૬૯૩, તા. ૩-૭-૨૦૦૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૪૮૯૪/૧૮૧૫/ખ/૯૧૭/૨૦૦૩.–ધી જાફરાબાદ પિયત સહકારી મંડળી લી. મુ. પો. ઓરમા, ઠે. તા. ઓલપાડ, જિ. સુરતની નોંધણી ક્રમાંક ખે/૩૮૨૦, તા. ૨૬-૧૨-૧૯૯૬ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના ફડચા/ઉખસ/ખ/૬૯૩ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૧, સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તા. ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :–

(૧) અત્રેની કચેરીના જા. નં. ફડચ/ઉખસ/ખ/૬૯૦, તા. ૩-૭-૨૦૦૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૪૯૧૭/૧૮૧૬/ખ/૯૧૮/૨૦૦૩.–ધી ગોપલા માઈનોર પિયત સહકારી મંડળી લી. મુ. પો. ધડોઈ-ગોપલા, ઠે. તા. મહુવડ, જિ. સુરતની નોંધણી ક્રમાંક ખે/૪૭૮૯, તા. ૧૭-૨-૧૯૯૯ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના તા. ૩-૭-૨૦૦૩ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તા. ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :–

(૧) અત્રેની કચેરીના જા. નં. ફડચ/ઉખસ/ખ/૬૯૨, તા. ૩-૭-૨૦૦૩ થી કરવામાં આવેલ વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક ફડચ/ઉખસ/૪૮૮૭/૧૮૧૭/ખ/૯૧૯/૨૦૦૩.–ધી નેસુ વિભાગ બચત અને ધિરાણ સહકારી મંડળી લી. મુ. પો. નેસુ, ઠે. તા. ઉચ્છલ, જિ. સુરતની નોંધણી ક્રમાંક સા/૨૨૭૬, તા. ૩-૮-૧૯૯૪ થી નોંધવામાં આવી હતી. તેને અત્રેની કચેરીના ફડચા/ઉખસ/ખ/૬૯૨,ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સદર સંસ્થા તરફથી ફડચામાં લઈ જવા અંગેના દર્શાવેલ કારણો સામે કોઈપણ જાતનો વાંધો રજુ નહી થવાથી. આથી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે કાઢવામાં આવેલ વચગાળાનો આદેશ રાખવામાં આવે છે. અને સદર કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા-૩, સુરતની નિમણુંક કરાવવામાં આવે છે.

સુરત, તા. ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નંબર જિ. પં. /સહક/૩૪૯૨૫/સને-૨૦૦૩.– જિલ્લા પંચાયત, પાટણ આથી જાહેર કરે છે કે ખળી સેવા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ખળી, તાલુકો સિધ્ધપુર, જીલ્લો પાટણ.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧(સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પાટણ, તા. ૩૧મી જુલાઈ, ૨૦૦૩.

ડી. બી. ત્રિવદી,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત,
પાટણ.

જાહેરનામું

ક્રમાંક સહક/નધણ/વ. ૧૦૦૯ થી ૧૦૨૪/ઉ/૬૪૦૯/૨૦૦૩.- સાબરકાંઠા જીલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે ધી માલપુર ચર્મોદ્યોગ સહકારી મંડળી લિમિટેડ મર્યાદિત સ્થળ માલપુર, તાલુકો માલપુર, જીલ્લો સાબરકાંઠાને.

સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમો કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સા. કાં. જી. પં.,
હિંમતનગર.

મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો અંતિમ આદેશ હુકમ ક્રમાંક જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૮, તા. ૨૫-૧૧-૨૦૦૨.

સુધારા હુકમ

જાવક નંબર જિ.ઉ.કે./બ. કાં./ફડચ/૦૧/ગ/૧૨૫/૮૧૦૮/૨૦૦૩.-આમુખ-૧થી વંચાણે લીધેલ અંતિમ આદેશ મુજબ ધી બનાસકાંઠા જિલ્લા મુદ્રણાલય ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુ. તા. પાલનપુર, નોંધણી ક્રમાંક ઉ/૪૬૧૪ના બદલે હવેથી ધી બનાસકાંઠા જિલ્લા મુદ્રણાલય કારીગર ઔદ્યોગિક સહકારી મંડળી લી., મુ. તા. પાલનપુર, નોંધણી ક્રમાંક ઉ/૪૬૮૪ વાંચવું તથા અગાઉના હુકમની અન્ય વિગતો યથાવત રહેશે.

પાલનપુર, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીનો વચગાળા આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ગ/૧૭૫, તા. ૨૨-૧૧-૨૦૦૨.

(૨) આ કચેરીની ફાઈલ ઉપરની તા. ૧૪-૭-૨૦૦૩ ની નોંધ.

જાવક નં. ઉખસ/ફડચ/૦૧/ગ/૧૨૬/૮૧૦૯/૨૦૦૩.--આમુખ-૧માં વંચાણે લીધેલા વચગાળાના હુકમથી આ જિલ્લાની ધી માલોસણા કાપડ વણાટ સ. મં. લી., મુ. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠાને ફડચામાં લઈ જવા માટે મંડળીને જરૂરી કારણો દર્શાવેલ જે બાબતે મંડળીએ કોઈ રજુઆત કે ખુલાસો કરવો હાય તો તે માટે તક આપવામાં આવેલ હતી. પરંતુ સંસ્થા તરફથી આજદિન સુધીમાં કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

અંતિમ આદેશ

આથી ધી માલોસણા કાપડ વણાટ સ. મં. લી., મુ. માલોસણા, તા. વડગામ, જિ. બનાસકાંઠાની નોંધણી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, (જિ. પં.) બનાસકાંઠા, પાલનપુરના નોંધણી ક્રમાંક ઉ - ૨૪૭૮, તા. ૩-૧૧-૧૯૭૧થી નોંધવામાં આવેલ તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાલનપુરની સદર કાયદાની કલમ ૧૦૮(૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. તો તેઓએ ફડચાની કામગીરી ત્રણ (૩) વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

પાલનપુર, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ)
અને મેનેજર (કે.વી.સી.આઈ.),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, SEPTEMBER 4, 2003 / BHADRA 13, 1925 [No. 36

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	649-662	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	523-540
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	36	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	10307-10462

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક ઉ/ગપક/વશી/એસબી/જાહેરનામા/૨૬/૨૦૦૩.- ગુજરાત સરકારે કૃષિક્ષેત્રે કરેલ વીજદર વધારાનાં વિરોધમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ (આઇ) સમિતિ તથા ભારતીય કિશાન સંઘ દ્વારા જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહેલ હોય જેથી સુરત શહેરમાં કોઇપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

સુરત શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઇપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તયા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા થવા ઉપર, કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, વી. કે. ગુપ્તા, પોલીસ કમિશનર, સુરત શહેર, આથી ફરમાવું છું કે, સમગ્ર સુરત શહેર વિસ્તારમાં ચાર કે ચાર કરતા વધુ માણસો એકઠા થવા તથા સભા, સરઘસ ભરવા અંગે તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૩ના કલાક ૨૪.૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :- જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા તથા સ્મશાનયાત્રાઓ અને લગ્નના વરઘોડાને લાગું પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૫ માહે ઓગસ્ટ સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી મુજબ.

ક્રમાંક ઉ/ગપક/ટફક/ભારે વાહન પ્રતિબંધ/૨૪૨૧/૨૦૦૩.-સુરત શહેરને અમરોલી, છાપરાભાઠા, ઉત્રાણ, કોસાડ, સાયણ વિગેરેને જોડતો અમરોલી પુલ આવેલ છે. આ પુલ ઉપર દિન પ્રતિદિન ટ્રાફીકની અવર જવર વધતી જાય છે. તેમજ કતાર ગામ G.I.D.C.માં કાપડ વણાટના કારખાનામાં કામ કરતા કારીગરો મોટા ભાગે અમરોલી વિસ્તારમાં રહે છે. અને તેઓ મોટા ભાગે આવવા જવા સાયકલોનો ઉપયોગ કરે છે. તેમજ આજુબાજુના ગામડાના તથા સોસાયટીના રહીશો આવવા જવા આ પુલનો ઉપયોગ કરે છે. આ પુલ ઉપર ભારે વાહનોની પણ અવર જવર વધુ પ્રમાણમાં રહે છે. અને પુલ સાંકડો હોય સાંજના સમયે શહેરમાંથી નોકરી ધંધો પુરો કરી પરત જનાર તેમજ સાંજના સમયે કતાર ગામ G.I.D.C.માં કાપડ વણાટના કારખાનામાં કારીગરોની પાલી બદલાતી હોવાથી આ પુલ ઉપર ટ્રાફીકની અવર જવર પુષ્કળ પ્રમાણમાં રહે છે. તેમજ ભારે વાહનો પણ અવર જવર કરતા હોય ટ્રાફીક ખુબ જ જામ થાય છે. તેમજ ભારે વાહનોથી ગંભીર અકસ્માતો પણ થતાં હોવાથી અકસ્માત નિવારણ અને જાહેર જનતાની સલામતિ જળવાય અને ટ્રાફીક નિયમન સરળતાથી ચાલે તે હેતુથી હું, વી. કે. ગુપ્તા (I.P.S.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ટ્રાફીક નિયમન માટે ભારે વાહન પ્રતિબંધ અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂં છું.

(૧) અમરોલી પુલ ઉપર સાંજના કલાક ૧૮-૦૦ થી ૨૦-૦૦ દરમ્યાન ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) સરકારી તેમજ આવશ્યક સેવાના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

વિકલ્પ :-ભારે વાહનો પ્રતિબંધિત સમયે કતાર ગામમાંથી અમરોલી પુલ થઇ સાયણ તરફ જનારા ભારે વાહનો કતાર ગામ કાસાનગર, પટેલનગર પુલ થઇ અશ્વનીકુમાર હીરાબાગ સર્કલ થઇ કાપોદ્રા મોટા વરાછા સ્વ. સવજી કોરાટ પુલ થઇને કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ દરમ્યાન જઇ શકશે. ત્યાર પછી સુરત વરાછા રોડ ગરનાળાની સરથાણાં જકાતનાકા સુધી કલાક ૧૯-૦૦ થી ૨૧-૦૦ ભારે વાહન પ્રતિબંધ હોય જઇ શકશે નહીં તેમજ સાયણ અમરોલી તરફથી શહેરમાં આવનાર ભારે વાહનો છાપરાભાઠા થઇ વરીયાવ જકાતનાકા જહાંગીરપુરા થઇ શહેરમાં આવી શકશે.

અમરોલી સર્કલ તથા અમરોલી જકાતનાકા પુલ પાસે પ્રતિબંધની ચેતવણી આપતા સાઈન બોર્ડ માર્ગ-મકાન વિભાગ-૧ સુરતનાએ મુકવા.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

આજરોજ તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી મુજબ.

ક્રમાંક/ઉ/ગપક/ટફક/જાહેરનામું/૨૪૩૫/૨૦૦૩.-સુરત શહેરમાં વરીયાવ રોડ ઉપર સંત આશારામજીશ્રીનો આશ્રમ આવેલ છે. જે આશ્રમમાં સંતશ્રી આશારામ બાપુ નાઓ તા. ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૩ તથા તા. ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ જન્માષ્ટમી ઉત્સવ નિમીતે પધારનાર છે. આ ઉત્સવમાં ઘણી મોટી સંખ્યામાં ભક્તજનો વાહનો સાથે ભેગા થાય છે અને જહાંગીરપુરા રોડ ઉપર પુષ્કળ પ્રમાણમાં ટ્રાફીકની અવર જવર થવાની શક્યતા છે. જેથી આ પ્રસંગે જાહેર વ્યવસ્થા રહે અને સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી અકબંધ રહે તે હેતુસર હું વી. કે. ગુપ્તા (I. P. S.) પોલીસ કમિશનર, સુરત શહેર મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે તા. ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૩ તથા તા. ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધી જાહેર જનતાના હીતાર્થે નીચે મુજબની ટ્રાફીક વ્યવસ્થા કરૂં છું.

(૧) તા. ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૩ તથા તા. ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધી જહાંગીરપુરા સંતશ્રીના આશ્રમમાં સુરત શહેર તરફથી જતા તમામ પ્રકારના વાહનો જહાંગીરપુરા ત્રણ રસ્તાથી સારોલી જકાતનાકાથી સારોલી બ્રીજ નીચે જઇ વરીયાવ જકાતનાકા સુધી જઇ શકશે. જ્યારે ફક્ત એસ.ટી. બસો જકાતનાકાની અંદર આશ્રમ રોડ ઉપર પ્રવેશી શકશે.

(૨) આશ્રમમાં સુરત શહેર તરફ આવતા વાહનો તેમજ ઓલપાડ તથા આજુબાજુના ગામો તરફ જવા માંગતા વાહન ચાલકો જહાંગીરપુરા ત્રણ રસ્તા થઇ સુરત શહેર તથા ઓલપાડ તરફ જઇ શકશે, પરંતુ વરીયાવ જકાતનાકા તરફ જઇ શકશે નહીં.

(૩) આ સમય દરમ્યાન વરીયાવ છાપરાભાઠા તરફથી આશ્રમમાં આવનાર વાહનો જકાતનાકાની બહાર પાર્ક કરશે. જકાતનાકાની અંદર વાહનો સાથે પ્રવેશ કરી શકશે નહી. પરંતુ સુરત શહેરમાં આવવા માંગતા વાહન ચાલકો વરીયાવ જકાતનાકા થી સારોલી બ્રીજ નીચે થઇ સારોલી જકાતનાકા થઇ જહાંગીરપુરા ત્રણ રસ્તાથી જઇ શકશે.

INDEX

અપવાદ :-જહાંગીરપુરા ઇસ્કોન મંદિર લાલબાપાની રામમઢી તથા કુરૂક્ષેત્ર આવતા જતા વાહનો ને તેમજ ફાયરબ્રીગ્રેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી આવશ્યક સેવાના વાહનોને જાહેરનામાં માંથી મુક્તિ આપવામાં આવે છે. સદર જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપવામાં આવેલ છે.

વી. કે ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. B-7 (i) / 1332 / 2003.- The result of the Department Examinations of the Junior Clerk (Assistant) of the Establishment of District & Sessions Court and its subordinate Court of Bharuch District, held on Monday July 7th 2003 and Tuesday July 8th 2003, in the District Court, Bharuch, is hereby declared as under :-

I

Higher Standard Department Examination :

1. The following examinees who appeared in all the papers are declared successful in the Higher Standard Departmental Examination.

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court
1	2	3	4
01.	10	Shri H. V. Shah, Assistant.	Civil Court, Jr. Dn., Ankleshwar

2. The following examinees who appeared with exemption obtained in one or more than one papers in previous attempts are declared successful in the Higher Standard Departmental Examination.

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court
1	2	3	4
1.	9	Shri B. R. Shah, Assistant.	D.G.P. Office, Bharuch
2.	6	Shri C. B. Purohit, Assistant.	Civil Court, Jr. Dn., Jhagadia.
3.	11	Shri J. R. Shah, Assistant.	3rd Jt. Civil Court, Sr. Dn., Bharuch.

3. The Following examinees appeared at the Higher Standard Departmental Examination who fail to pass the examination but they have obtained 50 percent or more of the total marks in the papers shown against their names, are exempted from appearing the same paper again.

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court	Paper No.
1	2	3	4	5
1	5	Shri H. J. Jambusariya, Assistant.	Civil Court, Jr. Dn.., Jambusar.	I
2	8	Smt. A. D. Shah, Assistant	District Court, Bharuch.	II

INDEX

II

Lower Standard Department Examination :

1. The following examinees who appeared in all the papers are declared successful in the Lower Standard Departmental Examination. The names are arranged in order of merits.

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court
1	2	3	4
1	5	Kum. S. V. Battiwala, Assistant.	Court of Chief judicial Magistrate, Bharuch.
2	31	Shri H. T. Rana, Assistant.	District Court, Bharuch.
3	9	Shri R. P. Gandhi, Assistant.	Civil Court, Jr. Dn., Jambusar.
4	8	Shri P. P. Gandhi, Assistant.	Civil Court, Jr. Dn., Ankleshwar.
5	2	Shri D. B. Amodwala, Assistant.	3rd Jt. Civil Court, Jr. Dn.,Bharuch.
6	10	Kum. G. V. Gheewala, Assistant.	District Court, Bharuch.
7	15	Shri V. R. Katariya, Assistant.	Civil Court, Sr. Dn.,Bharuch.
8	36	Smt. T. B. Shah, Assistant.	District Court, Bharuch.
9	34	Shri P. C. Rohit, Assistant.	Civil Court, Jr. Dn.,Hansot.
10	17	Smt. A. Z. Malek, Assistant.	Civil Court, Jr. Dn.,Jambusar.
11	20	Kum.B. B. Modi, Assistant.	Civil Court, Sr. Dn., Bharuch
12	22	Kum. S. P. Pandya, Assistant.	District Court, Bharuch
13	3	Shri U. B. Ankhiwala, Assistant.	District Court, Bharuch.
14	28	Smt. M. A. Patel, Assistant.	4th Jt. Civil Court, Jr. Dn., Bharuch
15	35	Smt. S. J. Shah, Assistant.	Civil Court, Jr. Dn.,Valia.
16	14	Kum. P. D. Joshi, Assistant.	3rd Jt. Civil Court, Jr. Dn.,Bharuch.

2. The following examinees who appeared with exemption obtained in one or more than one papers in previous attempts are declared successful in the Lower Standard Departmental Examination.

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court
1	2	3	4
1	1	Shri B. H.Achhava, Assistant.	Civil Court, Jr. Dn.,Rajpipla
2	12	Kum. S. I. Jadav, Assistant.	Jt. Civil Court, Jr. Dn., Bharuch
3	37	Shri M. K. Solanki, Assistant.	Civil Court, Jr. Dn., Rajpipla.

3. The Following examinees appeared at the Lower Standard Departmental Examination who fail to pass the examination but they have obtained 50 percent or more of the total marks in the papers shown against their names, are exempted from appearing the same paper again.

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court	Paper No.
1	2	3	4	5
1	4	Kum. E. P. Benkli, Assistant.	3rd Joint Civil Court, Sr. Dn.., Bharuch.	III
2	7	Shri S. M. Gajjar, Assistant	District Court, Bharuch	III & Typing Test
3	40	Shri S. V. Vimawala, Assistant	District Court, Bharuch	III &

Sr. No.	Seat No.	Name & Designation	Name of the Court	Paper No.
1	2	3	4	5
4	6	Shri S. B. Desariya, Assistant	Chief Court, Bharuch	Typing Test
5	11	Shri T. T. Govardhan, Assistant	Civil Court, Jr. Dn. Jambusar	Typing Test
6	13	Shri D. B. Joshi, Assistant	Civil Court, Jr. Dn.Ankleshwar	Typing Test
7	16	Shri H. R. Makwana, Assistant	Civil Court, Jr. Dn. Jhagadia.	Typing Test
8	18	Smt. Mery Sebstain, Assistant	Civil Court, Jr. Dn. Hansot.	Typing Test
9	19	Shri R. K. Mochi, Assistant	District Court, Bharuch.	Typing Test
10	24	Shri A. M. Parmar, Assistant	Civil Court, Jr. Dn. Jambusar.	Typing Test
11	25	Smt. J. C. Parmar, Assistant	Jt. Civil Court, Jr. Dn.Bharuch.	Typing Test
12	27	Shri V. L. Parmar, Assistant	4th Jt. Civil Court, . Sr. Dn.Bharuch	Typing Test
13	29	Shri K. L. Prajapati, Assistant	District Court,.Bharuch.	Typing Test
14	33	Shri M. C. Raval, Assistant	Civil Court, Jr. Dn.Rajpipla.	Typing Test
15	38	Shri Y. K. Valand, Assistant	4th Jt. Civil Court, Jr. Dn.Bharuch.	Typing Test
16	42	Shri A. A. Pathan, Assistant	Jt. Civil Court, Jr. Dn. Jambusar.	Typing Test

Bharuch, 14th August 2003.

K. C. BRAHMBHATT,
District Judge, Bharuch.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

ક્રમાંક બી.૭(I)/૧૩૩૨ સને ૨૦૦૩.-- ભરૂચ જીલ્લાની જિલ્લા અને સત્ર ન્યાયાલય તથા તેના તાબાની ન્યાયાલયોમાં કામ કરતાં જુનીયર કલાર્કો (આસીસ્ટન્ટો)ની ખાતાકીય પરીક્ષા કે જે ૭મી જુલાઈ, ૨૦૦૩ના સોમવાર અને ૮મી જુલાઈ, ૨૦૦૩ના મંગળવારના રોજ જિલ્લા અદાલત, ભરૂચમાં લેવાઈ હતી જેનું પરીણામ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

(૧)

ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષા

(૧) નીચે જણાવેલ પરીક્ષાર્થી કે જે બધા પ્રશ્નપત્રોમાં બેઠેલ હતો. જેને ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર	બેઠક નંબર	નામ અને હોદ્દો	કોર્ટનું નામ
૧	૨	૩	૪
૧	૧૦	શ્રી એચ. વી. શાહ, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), અંકલેશ્વર

(૨) નીચે જણાવેલ પરીક્ષાર્થીઓ કે જેઓ તેમના અગાઉના પ્રયત્નોમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મુકિત મેળવેલ હતી. તેઓને ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર	બેઠક નંબર	નામ અને હોદ્દો	કોર્ટનું નામ
૧	૨	૩	૪
૧	૦૯	શ્રી બી. આર. શાહ, આસીસ્ટન્ટ	ડી. જી. પી. ઓફીસ, ભરૂચ
૨	૦૬	શ્રી સી. બી. પુરોહીત, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), ઝઘડીયા
૩	૧૧	શ્રી જે. આર. શાહ, આસીસ્ટન્ટ	ત્રીજી જો. સીવીલ કોર્ટ (સી. ડી.), ભરૂચ

(૩) નીચે જણાવેલા પરીક્ષાર્થીઓ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને જેઓ પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલ છે, પરંતુ તેઓએ ૫૦ ટકા કે તેથી વધુ ગુણ, કુલ ગુણમાંથી તેઓના નામ સામે જણાવેલ પ્રશ્નપત્રમાં મેળવેલ છે જેથી તેઓને તે પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

અનુક્રમ નંબર	બેઠક નંબર	નામ અને હોદ્દો	કોર્ટનું નામ	પેપર નંબર
૧	૨	૩	૪	૫
૧	૦૫	શ્રી એચ. જે. જંબુસરીયા, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), જંબુસર	પ્રથમ
૨	૦૮	શ્રીમતી એ. ડી. શાહ, આસીસ્ટન્ટ	જિલ્લા ન્યાયાલય, ભરૂચ	બીજું

(૨)

નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષા

(૧) નીચે જણાવેલા પરીક્ષાર્થી કે જેઓ બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા હતા. તેઓને નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે, તેઓના નામ તેમની ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલ છે.

અનુક્રમ નંબર	બેઠક નંબર	નામ અને હોદ્દો	કોર્ટનું નામ
૧	૨	૩	૪
૧	૦૫	કુ. એસ. વી. બત્તીવાલા, આસીસ્ટન્ટ	ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભરૂચ.
૨	૩૧	શ્રી એચ. ટી. રાણા, આસીસ્ટન્ટ	જિલ્લા ન્યાયાલય, ભરૂચ.
૩	૦૯	શ્રી આર. પી. ગાંધી, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), જંબુસર
૪	૦૮	શ્રી પી. પી. ગાંધી, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), અંકલેશ્વર.
૫	૦૨	શ્રીમતી ડી. બી. આમોદવાલા, આસીસ્ટન્ટ	ત્રીજી જો. સીવીલ કોર્ટ (જુ. ડી.), ભરૂચ.
૬	૧૦	કુ. જી. વી. ઘીવાલા, આસીસ્ટન્ટ	જિલ્લા અદાલત, ભરૂચ.
૭	૧૫	શ્રી વી. આર. કટારીયા, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (સી. ડી.), ભરૂચ.
૮	૩૬	શ્રીમતી ટી. બી. શાહ, આસીસ્ટન્ટ	જિલ્લા ન્યાયાલય, ભરૂચ.
૯	૩૪	શ્રી પી. સી. રોહીત, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), હાંસોટ.
૧૦	૧૭	શ્રીમતી એ. ઝેડ. મલેક, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), જંબુસર.
૧૧	૨૦	કુ. બી. બી. મોદી, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (સી. ડી.), ભરૂચ.
૧૨	૨૨	કુ. એસ. પી. પંડ્યા, આસીસ્ટન્ટ	જિલ્લા ન્યાયાલય, ભરૂચ.
૧૩	૦૩	શ્રી યુ. બી. અણખીવાલા, આસીસ્ટન્ટ	જિલ્લા ન્યાયાલય, ભરૂચ.
૧૪	૨૮	શ્રીમતી એમ. એ. પટેલ, આસીસ્ટન્ટ	ચોથી જો. સીવીલ કોર્ટ (જુ. ડી.), ભરૂચ.
૧૫	૩૫	શ્રીમતી એસ. જે. શાહ, આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ. ડી.), વાલીઆ.
૧૬	૧૪	કુ. પી. ડી. જોષી, આસીસ્ટન્ટ	ત્રીજી જો. સીવીલ કોર્ટ (જુ. ડી.), ભરૂચ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (ઓ) મુજબના હુકમની મુદતમાં વધારો કરતો.

નંબર ડી/એમએજી/૧/સભા/સરઘસ/૨૦૦૩/વશી.–મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ઓ) મુજબ જિલ્લાના શહેરો અને ગામોમાં સભા/સરઘસ કાઢવા માંગતા હોય તો કેવી રીતભાત વર્તુણુંકથી સભાઓ તથા સરઘસ યોજવા /કાઢવા જે સંદર્ભનું જાહેરનામું આ કચેરીના હુકમ નં. ડી/એમએજી/૧૯૮૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમજ તાલુકા / જિલ્લાનું વિભાજન થતાં અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ડીસાની કચેરી અમલમાં આવેલ હોઈ અગાઉના હુકમમાં જરૂરી ફેરફાર કરી અત્રેના હુકમ નં. ડી/એમએજી/૧/સરઘસ/૨૦૦૧/વશી./૯૩૮૦ થી ૯૪૨૮ તારીખ, ૫મી જુલાઈ ૨૦૦૧થી હુકમ કરેલ છે.

સબબ વર્તમાન સંજોગોને લક્ષમાં લેતાં તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આ જાહેરનામાંની મુદતમાં વધારો કરવો જરૂરી જણાયેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ઓ) અન્વયે મળેલ સત્તાની રૂએ સદરહુ જાહેરનામું એક વર્ષ માટે એટલે કે તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૪ સુધી લંબાવવા આથી હુકમ કરું છું.

આજ તારીખ ૧૮મી માહે ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કમલ દયાની,
જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એચ.બી/એમઈડી/જાહેરનામું/વ./૩૭૯૨ થી ૩૮૦૩/૦૩.–અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના વિરમગામ શહેરમાં તેમજ તાલુકાના અમુક ગામોમાં કોલેરાના રોગનો ભય ઉભો થયેલ હોઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત અમદાવાદના તારીખ ૧૯મી ઓગસ્ટ ૨૦૦૩ના પત્ર નં. અરગ/રોગચાળો/કોલેરા/વિરમગામ/વ./૨૦૦૩ થી જણાવ્યા અનુસાર, જાહેર આરોગ્યના હિતમાં પગલાં લેવાનું જરૂરી હોઈ હું, શ્રીમતી અનિતા કરવલ (આઈ. એ. એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ આથી કોલેરા અધિનિયમ-૧૯૭૧ની કલમ (૩) અન્વયે મને મળેલી સત્તાની રૂઈએ નીચે જણાવેલ પરિશિષ્ટ-જની કોલમ-૪માં જણાવેલ વિસ્તારને ''કોલેરાગ્રસ્ત વિસ્તાર'' અને કોલમ નં. ૫માં જણાવેલ વિસ્તારને ''કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર'' જાહેર કરૂ છું.

સદરહુ જાહેરનામાનો અમલ તારીખ ૧૮/૯/૨૦૦૩ સુધી રહેશે.

અ.નં	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
(૧)	અમદાવાદ	વિરમગામ	વિરમગામ નગરપાલિકા વિસ્તાર તથા મોજેઃ ભોજવા તા. વિરમગામનો વિસ્તાર	મોજેઃ હાંસલપુર (શરશ સોકલી, ચંદનનગરી, કોકતા, નીલકી, જુના પાઘર, તા, વિરમગામનો વિસ્તાર.

મામલતદારશ્રી વિરમગામને ઉપર્યુકત વિસ્તાર માટે ''કોલેરા નિયંત્રણ અધિકારી' તરીકે નિમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૩.

અનિતા કરવલ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

નંબર પીઓએલ/એસ.આર./૨૩/૦૩.–આણંદ જિલ્લાના ભવાનીપુરા તા. પેટલાદ ગામે પ્રા. આ. કેન્દ્ર, સિંહોલ ખાતે એક કેસ કોલેરા પોઝીટીવ માલુમ પડેલ છે. તેવી જ રીતે પેટલાદ નગરપાલિકા વિસ્તારમાં એક કેસ કોલેરા પોઝીટીવ માલુમ પડેલ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદ, જિલ્લા પંચાયતના તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૩નો અહેવાલ ધ્યાને લેતાં કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલાં રૂપે મોજેઃ ભવાનીપુરા તા. પેટલાદ અને પેટલાદ નગરપાલિકાને કોલેરાગ્રસ્ત જાહેર કરવું જરૂરી બનેલ છે.

સને ૧૯૮૭ના વાવર રોગ અધિનિયમની કલમ -૨ (બ) વંચાણે લેતા અને કલમ-૨થી મળેલ સત્તાની રૂએ હું આર. બી. દવે, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આણંદ આથી મોજેઃ ભવાનીપુરા તા. પેટલાદ અને પેટલાદ નગરપાલિકાને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું. તેમજ ભવાનીપુરા અને પેટલાદ નગરપાલિકા થી આજુબાજુના ૧૦ કિ. મી. વિસ્તારના ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરૂ છું.

આ અંગે જરૂરી પગલાં લેવા સારૂ મામલતદારશ્રી, પેટલાદને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂ છું. આ જાહેરનામું તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

નંબર પીઓએલ/એસ.આર./૨૪/૦૩.–આણંદ જિલ્લાના રંગાઈપુરા ગામે તા. પેટલાદ પ્રા. આ. કેન્દ્ર, સિંહોલ ખાતે એક કેસ કોલેરા પોઝીટીવ માલુમ પડેલ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદ, જિલ્લા પંચાયતના તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૩નો અહેવાલ ધ્યાને લેતાં કોલેરાનો ઉપદ્રવ ન વધે તે હેતુથી અને જાહેર આરોગ્યની દ્રષ્ટિએ સાવચેતીના પગલાં રૂપે મોજેઃ રંગાઈપુરા, તાલુકો પેટલાદને કોલેરાગ્રસ્ત જાહેર કરવું જરૂરી બનેલ છે.

સને ૧૯૮૭ના વાવર રોગ અધિનિયમની કલમ-૨ (બ) વંચાણે લેતાં અને કલમ-૨થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. દવે, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આણંદ, આથી મોજેઃ રંગાઈપુરા ગામને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂ છું. તેમજ રંગાઈપુરાથી આજુબાજુના ૧૦ કિ. મી. વિસ્તારના ગામોને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરૂ છું.

આ અંગે જરૂરી પગલાં લેવા સારૂ મામલતદારશ્રી, પેટલાદને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરૂ છું. આ જાહેરનામું તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ સહી તથા કચેરીનો સિક્કો કરી આપેલ છે.

આણંદ, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૦૩.

આર. બી. દવે,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર./૨૮/૦૩.–અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે કે જે હાલ અમદાવાદ અને નડીયાદ વચ્ચે વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

આ એક્સપ્રેસ વે માં વાહનોની અવરજવરને અડચણ ન પડે તે માટે તેમાં ક્રોસિંગ 'યુ' ટર્ન રાખવામાં આવેલ નથી કે દ્વિચક્રી વાહનો અને પગપાળા વ્યક્તિઓ તથા ઢોર વિગેરે પ્રવેશી વાહન વ્યવહારને અવરોધરુપ ન બને તે માટે રસ્તાની બંને બાજુએ તારની વાડ કરવામાં આવેલી છે. આમ છતાં ધ્યાન પર આવ્યું છે કે એક્સપ્રેસ વે ના નજીકના ગામોમાં રહેતા સ્થાનિક લોકો તારની વાડને તોડીને નુકસાન કરીને રસ્તાની બીજી બીજુ પહોંચી જાય છે. જેને કારણે ઝડપી વાહન વ્યવહારને અવરોધ થવાની તથા જીવલેણ અકસ્માતો થવાની સંભાવના વધી જાય છે. જેના કારણે રાત્રિના સમયે વાહન ચાલકોની સલામતી પણ જોખમાય છે. આથી અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાની હદમાંથી પસાર થતા એક્સપ્રેસ વે ઉપરના વાહન વ્યવહારને ઉપરોક્ત હરકતોથી થતી અગવડ તથા સંભવિત અકસ્માતોના ભયને નિવારવા માટે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ તે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં રસ્તા પર પગપાળા કે ઢોર સાથે અવરજવર કરવા કે તારની વાડને નુકસાન કરવાના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું. અન્યથા ગુનો સાબિત થયે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર : અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે.
અમદાવાદથી નડીયાદ વચ્ચેનો અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાની હદમાં પસાર થતો રસ્તો.

આજ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર./૩૧/૨૦૦૩.–આગામી દિવસોમાં જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થીના તહેવારોને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જેળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯-૮-૨૦૦૩ થી તા. ૩-૯-૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યકિતઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની ;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની;

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા

INDEX

તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનિઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓની પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ –૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ ૩૭(૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર./૩૨/૨૦૦૩.– આગામી દિવસોમાં જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થીના તહેવારોની ઉજવણીને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રુઈએ ફરમાવું છું કે, નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા. ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૩ થી તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટાગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલંલ્ઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫)ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (સી) અન્વયેનું.

નંબર ડી.એમએજી/૧/૩/૨૦૦૩/વશી.–બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ જન્માષ્ટમીના તહેવાર પ્રસંગે શોભાયાત્રા ક. ૧૪-૦૦ વાગે બીજેશ્વર કોલોની, અંબાજી માતા મંદિર તથા શંકર ભગવાનના મંદિરથી નીકળી જુના ટેલીફોન એક્ષચેન્જ, દિલ્હી ગેટ, સીટી પો. સ્ટે., સિમલા ગેટ, રેલ્વે સ્ટેશન, કિર્તીસ્તંભ, અંબાજી માતાના મંદિરે, અમીર રોડ, સંજય ચોક, ગઠામણ પેટ્રોલ પંપ થઈ વારાહી માતાના મંદિરે, હનુમાન શેરીથી પત્થર સડક, મોટી બજાર ટાવર, છુવારાફળી મસ્જિદ ત્રણ બત્તિ થઈ હુસેની ચોક, નાની બજાર ચોક, કમાલપુરા, વડલીવાળા પરામાં થઈ બિજેશ્વર કોલોની પરત આવનાર છે. તથા બીજી શોભાયાત્રા ઢુંઢિયાવાડી, મહાકાલેશ્વર મંદિરથી ક. ૧૦-૦૦ વાગે નીકળી ઢુંઢીયાવાડી, જોષી ચાલી, જામપુરા, મેજીસ્ટ્રેટશ્રીના ક્વાર્ટર પાસેથી, જી.આઈ.ડી.સી., બેચરપુરા, સરકારી વસાહત, મહાલક્ષ્મી સોસાયટી થઈ કોઝી રોડ, રેલ્વે બ્રિજ, ગુરુનાનક ચોક, થઈ કિર્તીસ્તંભ આવી શોભાયાત્રા નં. ૧ની સાથે જોડાઈ શોભાયાત્રા નં. ૧ ના ઉપર મુજબ રૂટ ઉપર ફરી બિજેશ્વર કોલોની પરત જશે અને ત્યાંથી શોભાયાત્રા નં. ૨ના જુના ટેલીફોન એક્ષચેન્જ જઈ દિલ્હી ગેટ,

INDEX

સંજય ચોક, સીટીલાઈટ સીનેમા રોડ, ગુરૂનાનક ચોક થઈ ઢુંઢીયાવાડી મહાકાલેશ્વર મંદિરે ક. ૨૦-૦૦ વાગે પુર્ણ થશે.

આ શોભાયાત્રામાં હાથી, ઘોડા, ઉંટલારી, રથ, ઢોલ, શરણાઈ, મશક અને મોટી સંખ્યામાં જન મેદની સામેલ થાય છે. જેથી આ શોભાયાત્રા દરમ્યાન અકસ્માત ન સર્જાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂં તેમજ શોભાયાત્રાને વાહન વ્યવહાર અડચણ રૂપ ના થાય તે સારૂં ઉપર મુજબ જણાવેલ શોભાયાત્રાના રૂટ ઉપર વાહનોની અવર જવરથી જાહેર અવ્યવસ્થા ઉભી થવાની સંભાવના છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨મા)ની કલમ ૩૩(૧) ના ખંડ (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુર, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ કલાક ૧૦-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન ઉપર જણાવેલ શોભાયાત્રાના રૂટમાં ત્રણ વ્હીલ તેમજ ચાર વ્હીલના વાહનો જેવા કે રીક્ષા, જીપ, ટ્રક, ટેમ્પો, મેટાડોર, ઉંટલારી વિગેરે વાહનો ફેરવવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. આ પ્રતિબંધ શોભાયાત્રા પસાર થવાના સમય પુરતો પોલીસ નિયંત્રણ મુજબ રહેશે.

આજ રોજ તારીખ ૧૯મી માહે ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તેમજ કોર્ટનો સિક્કા કરી આપ્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

જાહેરનામું

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયે.

ક્રમાંક એમયુએન/પીઓએલ/વશી/૪૨૫૩ થી ૪૨૬૪/૨૦૦૩.–ભરૂચ શહેરમાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ મુકામે જન્માષ્ટમી છડીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ દરમ્યાન પ્રતિવર્ષની માફક જાહેર મેળો ભરાશે. આ મેળામાં ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રીત થશે. અને ઘાસ, કામળા, વાંસ, વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન સોનેરી મહેલ વિસ્તારની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, ઉપરોક્ત મેળાના દિવસ દરમ્યાન ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારની હદમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનુ ફોડવું નહિ.

આ હુકમના ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૩નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે.

ક્રમાંક /પીઓએલ/વશી/૪૨૬૫ થી ૪૨૭૬/૨૦૦૩.–ભરૂચ શહેરના સોનેરી મહેલ તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ વિસ્તારમાં જન્માષ્ટમી છડીનોમ, મેઘરાજા ઉત્સવ નિમિત્તે તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધી જાહેર મેળો ભરાનાર છે. અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યો પૈકી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો સંભવ છે. જેથી દરેક વ્યક્તિએ નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

(૧) જે સ્થળે પાણી પીવા માટે નિયત કર્યા હોય તેની નજીકના ૧૨ ફૂટના વિસ્તારમાં અથવા તે ઉપર ન્હાવુ ધોવુ કે કપડા ધોવા કે જાનવરોને નહવડાવવા નહિ.

(૨) યાત્રાના સમયે-મેળાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યાઓ પર ઝાડો-પેશાબ કરવા નહિ.

(૩) ગંધાતા વાંસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાદ્ય માટે બિનઉપયોગી એવા ફળફળાદી પીણા તથા ખોરાક વેચવા નહિ.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદી રાખવી નહિ.

(૫) જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવા ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેક્ટર પાસેથી એવા રોગ અટકાવવા માટેના ઈન્જેક્શનો વિગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ૧૯૫૧માં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડના સ્થળે જ્યાં મેળો ભરાતો હોય તેવા સ્થળોએ ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ હુકમ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઈ વ્યક્તિ ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- (બસો) સુધીનાં દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગષ્ટ સને ૨૦૦૩ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧નામુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી/૪૨૭૭ થી ૪૨૮૮/૨૦૦૩.–ભરૂચ શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ ભરૂચ મુકામે

INDEX

પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે જન્માષ્ટમી, છડીનોમ, મેઘરાજાનો ઉત્સવ નિમિત્તે તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધીના સમયમાં જાહેર મેળો ભરાશે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટાપ્રમાણમાં સમુદાય એકત્રિત થશે જેથી મેળામાં હાથ લારીઓમાં માલસામાન રાખી વેપાર કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવા નક્કી કરેલ હોય તે જગ્યાસિવાય અન્ય કોઈ જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧માં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધીના સમય માટે (બંને દિવસો સહિત) ભરૂચ શહેરનાં સોનેરી મહેલ વિસ્તારમાં તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ વિસ્તારનાં મેળામાં કોઈપણ ઈસમોએ પોતાની હાથ લારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ, પરંતુ પોલીસ ખાતા અગર નગરપાલિકા તરફથી નિયત કરેલ જગ્યાએ જ ઉભી રાખવી.

આ હુકમનો ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગષ્ટ સને ૨૦૦૩ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક એમ.એ.જી./પીઓએલ/વશી/૪૨૮૯ થી ૪૩૦૦/૨૦૦૩.– ભરૂચ શહેરમાં ગોકુળ અષ્ટમીના તહેવાર અંગે સોનેરી મહેલ તથા હોસ્ટેલ ગ્રાઉન્ડ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાશે. અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય જાહેર જનતાની સલામતિ માટે ઉપરોક્ત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને સને ૧૯૫૧માં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હું ફરમાવું છું કે, ભરૂચ શહેરના નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધીના સમય માટે (બંને દિવસો સહિત) બપોરના ૧૨-૦૦ વાગ્યાથી રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી તમામ વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીશ્રીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર

(૧) પાંચબત્તીથી સોનેરી મહેલ સુધી.

(૨) લલ્લુભાઈ ચકલાથી સોનેરી મહેલ સુધી.

(૩) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.

(૪) વલંદા કોઠીથી સોનેરી મહેલ સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ રોજ તારીખ ૧૩મી ઓગષ્ટ સને ૨૦૦૩ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપ્યો.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી. નં. ૪૨/૨૦૦૩.- સરકારશ્રીની આજ્ઞાનુસાર તારીખ ૨૫મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ સ્વર્ગસ્થ શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ભાનુશાલીની વિરાંજલી યાત્રા ઉમરગામ તાલુકાના તલવાડા ગામથી નીકળી સમગ્ર હાઈવે ઉપર થઈને વલસાડ રાત્રી રોકાણ કરનાર છે અને તારીખ ૨૬મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ વલસાડથી નીકળી વાઘલધરા થઈને ગણદેવી જનાર છે. જાહેર જનતા તરફથી આ વિરાંજલી યાત્રાનું ભવ્ય સ્વાગત થનાર હોય તથા મોટી સંખ્યામાં આમ જનતા તરફથી અસ્થિકળશ દર્શન માટે રસ્તાની બન્ને બાજુએ લોકો ઉપસ્થિત થનાર હોય તેમજ શાળા, હાઈસ્કુલ તથા કોલેજોના વિદ્યાર્થીઓ પણ તેમાં જોડાનાર હોય આ ઉપરાંત સ્કુટર રેલી પણ કાઢવામાં આવનાર હોય તા. ૨૫મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ તથા તારીખ ૨૧મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ રીહર્સલ થનાર હોય આ બન્ને દિવસો દરમ્યાન અમદાવાદ થી મુંબઈ તરફ જતા વાહનો માટે નીચે પ્રમાણેના રુટ ઉપર કામચલાઉ વાહનોની અવર જવરનું નિયમન કરવાનું જરૂરી જણાતાં જાહેર સલામતી તથા જાહેર વ્યવસ્થાના હિતમાં વાહન વ્યવહાર માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનું જરૂરી જણાય છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ મો) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ક્લોઝ (બી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, આથી તારીખ ૨૧મી ઓગષ્ટ ૨૦૦૩ તથા ૨૫મી ઓગષ્ટ ૨૦૦૩ સુધીના સમય માટે નીચેના નિયમો કરું છું.

(૧) તા. ૨૧મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ સુચિત વિરાંજલી યાત્રાનું રીહર્સલ થનાર હોય બપોરના ૩-૩૦ કલાલથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી તથા તારીખ ૨૫મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ એમ બન્ને દિવસો માટે **અમદાવાદથી મુંબઈ જતો ટ્રાફિક** ધરમપુર ચોકડીથી ધરમપુર-નાશિક રોડ, ત્રણ દરવાજાથી રાજમહેલ રોડ, મોહનગઢ, બીલપુડી ચાર રસ્તા થઈને પારનદી, વડખંભા ત્રણ રસ્તા, નાનાપોંઢા, મોટાપોંઢા, ચણોદ થઈને યુ.પી.પી.એલ. ફેક્ટરી, વાપી પાસેથી એક માર્ગીય મુંબઈ જશે. જ્યારે

(૨) તારીખ ૨૧મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ સુચિત વિરાંજલી યાત્રાનું રીહર્સલ થનાર હોય બપોરના ૩-૩૦ કલાકથી

INDEX

સાંજના ૧૮-૦૦ કલાક સુધી તથા તારીખ ૨૫મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ એમ બન્ને દિવસો માટે મુંબઈથી અમદાવાદનો હાઈવે ટ્રાફિક રાબેતા મુજબ એકમાર્ગીય ચાલુ રહેશે.

વલસાડ, તારીખ ૨૦મી ઓગષ્ટ ૨૦૦૩.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૧૯૩૫.-પંચમહાલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૭ (૩) હેઠળનું જાહેરનામુ બહાર પાડવુ જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવુ છું કે, સમગ્ર પંચમહાલ જીલ્લામાં તારીખ ૧૮મી ઓગષ્ટ ૨૦૦૩ થી ૩૧મી ઓગષ્ટ ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી, ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહીં, કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં અથવા કોઈ સરઘસ કાઢવું નહીં.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧૮મી ઓગષ્ટ ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગોધરા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જાહેરનામું /વશી/૨૪૨૫/૨૪૩૫/૨૦૦૩.-નર્મદા જીલ્લામાં આવેલ ૩ ગુજરાત (ઈન્ડિયા) કોચ એન. સી. સી. રાજપીપલાએ એન. સી. સી. કેડેટને અલગ અલગ કેમ્પની સ્પર્ધામાં ભાગ લેવાનો હોવાથી નર્મદા જિલ્લાના ફાયરીંગ બટ રાજપીપલા ખાતે ફાયરીંગની પ્રેક્ટીસ માટે તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૦૩ થી તારીખ ૧૬મી ઓક્ટોબર ૨૦૦૩ સુધી દરરોજ બપોરના ૧૪-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી રાખવા નક્કી કરેલ છે. આ સમય દરમ્યાન ટેકરા ફળિયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલીસ અધિક્ષકશ્રી નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં જૂના ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઈપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ હું બી. ડી. નીનામા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ટેકરા ફળિયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલિસ અધિક્ષકશ્રી નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં આવેલ જૂની ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૦૩ થી ૧૬મી ઓક્ટોબર ૨૦૦૩ સુધી દરરોજ બપોરના ૧૪-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધીના સમય માટે કોઈપણ વ્યક્તિઓ ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઈ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૮મી ઓગષ્ટ ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. ડી. નીનામા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
રાજપીપળા.

સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

નંબર પલસ/મજસ/જાહેરનામા/વશી/૯૭૯ થી ૯૮૮/૨૦૦૩.-પંચમહાલ જિલ્લામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે પાવાગઢ તળેટી બસ સ્ટેશન આજુબાજુનો વિસ્તાર તથા માંચી ખાતે આવેલ દુકાનો, હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા તથા ડુંગર ઉપર આવેલ રોપવેથી મહાકાળી માતાજીના મંદિર સુધી નાની મોટી દુકાનો, ચા-નાસ્તા અને ફરસાણની દુકાનો આવેલી છે. સદર દુકાનદારો તથા પ્રવાસી યાત્રાળુઓ તથા આ સ્થળોએ રહેતા લોકો દ્વારા ગમે ત્યાં ગમે તેવી વસ્તુઓ તથા કચરા સ્વરૂપે જાહેરમાં નાખવામાં આવે છે.

હોટલોના ગંદા પાણી તથા વેચાણ થયેલ માલસામાનના કાગળ તથા પ્લાસ્ટીકની કોથળીઓ તથા રેપરો અને પાન મસાલાની પડીકીઓ

વિગેરેથી ગંદકી ન થાય તથા રોગચાળો ન થાય તેમજ જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે ઉપર જણાવ્યા મુજબના સ્થળે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવાની આવશ્યકતા જણાયેલ છે.

સબબ ઉપરોક્ત સંજોગોમાં હું જે. ડી. જોષી, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ગોધરા પ્રાન્ત ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલી સત્તાની રૂએ પાવાગઢ યાત્રાધામ સ્થળે આવેલ હોટલો, ગેસ્ટહાઉસો તથા ઉપર જણાવેલા સ્થળો ઉપર નિવાસ કરતા લોકો, દુકાનદારો તેમજ તથા દર્શનાર્થે આવતા પ્રવાસી યાત્રાળુઓને ગંદકી ન થાય તે માટે ચાંપાનેર ગ્રામ પંચાયત દ્વારા તથા અન્ય ઈસમો દ્વારા મુકવામાં આવેલ કચરાટોપલી (ડસ્ટબીન) માંજ કચરો નાંખવા અને અન્ય જાહેર સ્થળે કચરો નહીં નાંખવા ફરમાવું છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ભારતના ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ એક મહિના સુધીની સાદી કેદ અથવા બસ્સો રૂપીયા સુધીનો દંડ અથવા તે બંને સજા ને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. ડી. જોષી,
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા પ્રાન્ત, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, SEPTEMBER 11, 2003 / BHADRA 20, 1925 [No. 37

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	663 688	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	541-548
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	37	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	10463 10619

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ ૪૩ (૧) મુજબનો

નંબર ૩/ગપક/૭૭૫/વિ. શા./૨૦૦૩.- તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૩ થી ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધી મણીનગર પો. સ્ટે. ની હદમાં આવેલ શાહઆલમ રોજા પાસે ભરાનાર ઉર્સ મેળામાં જાહેર સુખાકારી ભયમાં મુકાય તેવું મને લાગે છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમ) ની કલમ ૪૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના નિયમો મેળામાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ પાલન કરવા બંધાયેલ છે.

(૧) કોઈપણ યાત્રાળુ પીવાના પાણીના તળાવમાં કે કુવામાં પોતાનું વાસણ બોળી શકશે નહી. દરેક યાત્રાળુએ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનાર પાસેથી મેળવી શકશે.

INDEX

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુદ્ધ પીણા મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહી. ફરજ ઉપર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક આવી વસ્તુઓ જપ્ત કરી શકશે. અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પૂરી પાડશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં કોઈપણ બીજી જગ્યાએ કોઈપણ શખ્સ જાજરૂ કે પેશાબ કરી શકશે નહી.

(૪) પોતાના વિસ્તારમાં હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક ચા ની તથા ઠંડા પીણાં અને ખાનપાનની દુકાનો તપાસી શકશે. અને સ્વચ્છતા માટે જરૂરી સુચનાઓ આપશે. જે સુચનાઓનો અમલ કરવા તેવા શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક તથા રોગચાળો અટકાવવા માટે જવાબદાર કર્મચારીઓ દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે. અને મરકી, શિતળા, કોલેરા કે એવા ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલીક મેળા વિસ્તાર બહાર ખસેડી શકશે.

ઉપરના નિયમોનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૯ મુજબ વધુમાં વધુ ત્રણ માસની કેદ અથવા રૂપિયા ૨૦૦ સુધીનો દંડ અથવા બન્ને સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪ માહે ઓગષ્ટ સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિશા/૭૭૬/૨૦૦૩.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

અપવાદ: આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગું પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે ઓગષ્ટ, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ. શા./૭૭૭/૨૦૦૩.—અમદાવાદ શહેરની પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત નીચેના વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. આર. કૌશિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર, તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળુ કોઈપણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી અથવા લાઠી, અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેના ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની સજા અને દંડની અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ નં. ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે ઓગષ્ટ, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. ADM /10 / 1138 / 2003.- The result of the Departmental Examinations for the members of staff of the Judicial Department, held on July 07 and 08, 2003, in the District Court, Valsad, is hereby declared as under :-

I

Higher Standard Departmental Examination :

1. The following examinee who appeared in all the papers is declared successful in the Higher Standard Departmental Examination.

	Name	Total Marks obtained
(1)	Mr. S. I. Vyas, Assistant, Assistant Court, Valsad.	324

2. The following examinee who appeared with exemption obtained in one, or more than one papers in previous attempts, are declared successful in the Higher Standard Departmental Examination.

(1) Mr. S. H. Belim,
Assistant,
District Court,
Valsad.

3. The Following examinees appeared at the Higher Standard Departmental Examination are not succeeded, but as they have obtained 50 percent or more, of the total marks in the papers shown against their names, are exempted from appearing for the same paper again.

	Name	Paper No.
(1)	Mrs. K. G. Patel, Assistant, Jt. Civil Court, Pardi.	I
(2)	Mr. M. B. Pandey, Assistant, Civil Court, Pardi.	I

INDEX

Name	Paper
(3) Mr. H. N. Shaikh, Assistant, Civil Court, (S. D.) Valsad.	I
(4) Miss Z. R. Bharti, Assistant, District Court, Valsad.	I & II

Lower Standard Departmental Examination :

1. The following examinees who appeared with exemption obtained in one, or more than one papers in previous attempts, are declared successful in the Lower Standard Departmental Examination.

Name

(1) Mr. D. S. Patel,
Assistant,
District Court,
Valsad.

(2) Mr. M. A. Patel,
Assistant,
District Court,
Valsad.

(3) Mr. J. V. Gandhi,
Assistant,
District Court,
Valsad.

Valsad, 1st August, 2003.

B. D. SONI,
District Judge,
Valsad.

ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા

અધિસૂચના

ક્રમાંક વહીવટી/૧૦/૧૧૩૮/ ૨૦૦૩.-- સને ૨૦૦૩ના જુલાઈ મહિનાની ૭ અને ૮ તારીખે વલસાડ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં લેવાયેલ ન્યાયખાતાના કર્મચારીગણના માટે નિયત થયેલ ખાતાકીય પરીક્ષાઓના પરિણામ નીચે મુજબ છે.

(૧) ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષા

(૧) બધા પ્રશ્નપત્રોમાં બેઠેલા આ નીચે જણાવેલ પરીક્ષાર્થીને, ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

નામ	મેળવેલ ગુણ
૧. એસ. આઈ. વ્યાસ, આસીસ્ટન્ટ, આસીસ્ટન્ટ કોર્ટ, વલસાડ.	૩૨૪

(૨) નીચેના પરીક્ષાર્થીઓ કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઈને બેઠા હતા. તેઓને પણ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

નામ

૧. એસ. એચ. બેલીમ,
આસીસ્ટન્ટ
ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ.

INDEX

(૩) નીચે મુજબના પરીક્ષાર્થીઓ જેઓ ઉચ્ચ શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને જેઓ પરીક્ષામાં અનુત્તીર્ણ થયા છે. પરંતુ તેઓએ તેમના નામની સામે દર્શાવેલ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ, કુલ ગુણમાંથી મેળવેલા હોય, તેઓને તે જ પ્રશ્નપત્રમાં ફરીથી ઉપસ્થિત રહેવા માટે મુકિત આપવામાં આવે છે.

	નામ	પેપર નંબર
૧.	શ્રી એમ. બી. પાંડે આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, પારડી.	પ્રથમ
૨.	શ્રીમતી કે. જી. પટેલ આસીસ્ટન્ટ, જો. સિવિલ કોર્ટ, પારડી.	પ્રથમ
૩.	શ્રી એચ. એન. શેખ આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ, (એસ. ડી.) વલસાડ.	પ્રથમ
૪.	કુ. ઝેડ આર. ભારતી, આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ.	પ્રથમ અને બીજું

નીચના પરીક્ષાર્થીઓ કે જેઓ આ પરીક્ષામાં તેમના અગાઉના પ્રયત્નમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મેળવેલ મુક્તિ લઈને બેઠા હતા. તેઓને પણ નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે.

	નામ
૧.	શ્રી ડી. એસ. પટેલ આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ.
૨.	શ્રી એમ. એ. પટેલ આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ.
૩.	શ્રી જે. વી. ગાંધી આસીસ્ટન્ટ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, વલસાડ.

વલસાડ, તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૩.

બી. ડી. સોની,
ડિસ્ટ્રિક્ટ જજ,
વલસાડ.

Notification

No.B/7/3/ADM/39 OF 2003.— The following Assistans (Junior Clerks) of the Judicial Department of Mahesana District, who appeared in the Higher Standard Departmental Examination and Lower Standard Departmental Examinations of the Judicial Department held on 07-07-2003 & 08-07-2003 are declared as successful, as under :-

Higher Standard Departmental Examination

1.	Ku. P. S. Shah	Assistant	Civil Court (J.D.) Kalol.
2.	Shri H. C. Pandya	"	Civil Court (J.D.) Visnagar.
3.	Shri J. N. Modh.	"	District Court, Mahesana
4.	Shri M. K. Raval	"	District Court, Mahesana.
5.	Shri P. H. Patel	"	Civil Court, (J.D.) Unjha.
6.	Shri P. B. Shah	"	District Court, Mahesana

Lower Standard Departmental Examinations

1.	Shri C. M. Parmar	Assistant	Civil Court (J.D.) Vadnagar.
2.	Shri V. J. Modi	"	District Court Mahesana.
3.	Shri A. J. Vaghela	"	Civil Court (S.D.) Mahesana.
4.	Shri N. B. Fakir	"	Civil Court (S.D.) Mahesana.
5.	Shri P. N. Nayak	"	Civil Court (J.D.) Kadi
6.	Shri G. I. Malvi	"	Civil Court (J.D.) Kalol
7.	Smt. M. V. Darji	"	Civil Court (S.D.) Mahesana
8.	Shri N. C. Thakor	"	Civil Court (J.D.) Unjha
9.	Shri P. R. Trivedi	"	Civil Court (J.D.) Unjha
10.	Shri S. S. Khatri	"	Civil Court (S.D.) Mahesana
11.	Shri V. N. Modh	"	Civil Court (S.D.) Vijapur

The Following Assistants who appeared but failed at the Higher Standard Departmental Exmaination, are Exempted from appearing again in the Paper/s shown against their respective names

Sr. No.	Name of the Candidate			PAPER No.
1.	Shri A.M. Ghanchi	Assistant	Civil Court (S.D.) Mahesana	II
2.	Shri A. R. Suneja	"	District Court, Mahesana	II
3.	Shir A.B. Pathan	"	Civil Court, (S.D.) Mahesana	II
4.	Ku. A.V. Pandya	"	Civil Court (J.D.) Visanagar	II
5.	Shri D. I. Prajapati	"	Chief Judicial Magi, Mahesana	II
6.	Shri D. K. Vyas	"	Civil Court (J.D.) Kadi	II
7.	Shri D. K. Patel	"	Distrcit Court, Mahesana	II
8.	Shri H. P. Dave	"	District Court, Mahesana	II
9.	Ku. J. A. Pandya	"	District Court, Mahesana	II
10.	Shri L. S. Makwana	"	District Court, Mahesana	II
11.	Shri L. M. Rajan	"	Civil Court, (S.D.) Vijapur	II
12.	Shri M. M. Faruqui	"	District Court, Mahesana	II
13.	Shir M. Yusuf A. Babudi	"	District Court, Mahesana	II
14.	Smt. M. D. Brahmbhatt	"	Chief Judi, Magi, Mahesana	II
15.	Smt. N. R. Sharma	"	Chief Judi, Magi, Mahesana	I & II
16.	Shri P. K. Parmar	"	District Court, Mahesana	II
17.	Shri P. M. Barot	"	Civil Court, (S.D.) Mahesana	II
18.	Shri R. N. Modi	"	Districut, Court, Mahesana	II
19.	Shri R. C. Parikh	"	Civil Court, (S.D.) Mahesana	II
20.	Shri R. L. Solanki	"	Civial Court, (J.D.) Unjha	II
21.	Shri R. B. Bava	"	District Court, Mahesana	II
22.	Shri V. R. Vyas	"	Civil; Court, (S.D.) Mahesana	II
23.	Shri V. Y. Raval,	"	Civil Court, (J.D.) Mansa	II
24.	Shri V. S. Soni	"	Civil Court, (S.D.) Vijapur	II

INDEX

The following Assistants who appeared but failed at the Lower Standard Departmental Examination, are Exempted from apearing again in the Paper/s shown against their respective names

SR.No.	Name of the Candidate	Paper No.
1.	Shri B. M. Parmar, Assistant, Civil Court (S.D.) Mahesana	III
2.	Ku. K. B. Bhil, Assistant, Civil Court (J.D.) Kalol.	III
3.	Shri M. G. Malvi, Assistant Civil Court (S.D.), Mahesana.	I, II & III
4.	Smt. N. P. Patel, Assistant Civil Court (S.D.) Vijapur.	I
5.	Smt. N. J. Modi, Assistant, Civil Court (J.D.) Visnagar.	I
6.	Shri P. A. Parmar, Assistant Civil Court (S.D.) Mahesana.	I & II
7.	Shir Y. M. Bhojak, Assistant Civil Court (J.D.) Unjha.	III

Mahesana, 26th August, 2003.

J. G. JOSHI,
District Judge,
Mahesana.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

જાવક નં. બી./૭/૩/વહીવટ/ /૦૩.–મહેસાણા જીલ્લા ન્યાયખાતાના નીચે જણાવેલ આસીસ્ટન્ટસ (જુ. કલાર્કસ) કે જેઓને ન્યાયખાતાની ઉચ્ચ શ્રેણી તેમજ નિમ્ન શ્રેણીની તારીખ ૦૭/૦૭/૦૩ અને તારીખ ૦૮/૦૭/૦૩ ના રોજ લેવાયેલ ખાતાકીય પરીક્ષામાં સફળ થયેલા જાહેર કરવામાં આવે છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧.	કુ. પી. એસ. શાહ,	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ.ડી.) કલોલ,
૨.	શ્રી એચ. સી. પંડયા,	„	સીવીલ કોર્ટ (જુ.ડી.) વિસનગર.
૩.	શ્રી જે. એન. મોઢ,	„	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.
૪.	શ્રી એમ. કે. રાવળ,	„	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.
૫.	શ્રી પી. એચ. પટેલ,	„	સીવીલ કોર્ટ (જુ.ડી.) ઉંઝા.
૬.	શ્રી પી. બી. શાહ,	„	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧.	શ્રી સી. એમ. પરમાર,	આસીસ્ટન્ટ	સીવીલ કોર્ટ (જુ.ડી.) વડનગર.
૨.	શ્રી વી. જે. મોદી,	„	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.
૩.	શ્રી એ. જે. વાઘેલા,	„	સીવીલ કોર્ટ (એસ.ડી.), મહેસાણા.
૪.	શ્રી એન. બી. ફકીર,	„	સીવીલ કોર્ટ (એસ.ડી.), મહેસાણા.
૫.	શ્રી પી. એન. નાયક,	„	સીવીલ કોર્ટ (જુ.ડી.), કડી.
૬.	શ્રી જી.આઈ. માલવી,	„	સીવીલ કોર્ટ (જુ.ડી.), કલોલ.
૭.	શ્રીમતી એમ. વી દરજી,	„	સીવીલ કોર્ટ (એસ.ડી.) મહેસાણા.
૮.	શ્રી એન. સી. ઠાકોર,	„	સીવીલ કોર્ટ (જુ.ડી.), ઉંઝા.
૯.	શ્રી પી. આર. ત્રિવેદી,	„	સીવીલ કોર્ટ (જુ.ડી.), ઉંઝા.
૧૦.	શ્રી એસ. એસ. ખત્રી,	„	સીવીલ કોર્ટ (એસ.ડી.) મહેસાણા
૧૧.	શ્રી વી. એન. મોઢ,	„	સીવીલ કોર્ટ (એસ.ડી.) વિજાપુર.

INDEX

નીચે જણાવેલ આસીસ્ટન્ટો કે જેઓએ ખાતાકીય ઉચ્ચ શ્રેણી પરીક્ષા આપેલી પરંતુ નાપાસ થયા છે તેઓને તેમના નામ સામે દર્શાવેલ પ્રશ્નપત્ર ફરીથી આપવામાંથી મુકિત આપવામાં આવે છે.

અ.નં.	ઉમેદવારનું નામ	કચેરીનું નામ	પ્રશ્નપત્ર ક્રમાંક
૧.	શ્રી એ. એમ. ઘાંચી, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (એસ.ડી.), મહેસાણા	૨ (બે)
૨.	શ્રી એ. આર. સુનેજા, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા	૨ (બે)
૩.	શ્રી એ. બી. પઠાણ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (એસ.ડી.) મહેસાણા	૨ (બે)
૪.	કુ. એ. વી. પંડ્યા, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (જુ.ડી.) વિસનગર	૨ (બે)
૫.	શ્રી ડી. આઇ. પ્રજાપતિ, આસીસ્ટન્ટ,	ચીફ જયુડી. મેજી. કોર્ટ, મહેસાણા	૨ (બે)
૬.	શ્રી ડી. કે. વ્યાસ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (જુ.ડી.), કડી.	૨ (બે)
૭.	શ્રી ડી. કે. પટેલ, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૮.	શ્રી એચ. પી. દવે, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૯.	કુ. જે. એ. પંડયા, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૧ (એક)
૧૦.	શ્રી એલ. એસ. મકવાણા, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૧૧.	શ્રી એલ. એમ. રાજન, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (એસ.ડી.) વિજાપુર.	૨ (બે)
૧૨.	શ્રી એમ. એમ. ફારુકી, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૧૩.	શ્રી એમ. યુસફ એ. બાબુડી, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા	૨ (બે)
૧૪.	શ્રીમતી એમ. ડી. બ્રહમભટ્ટ, આસીસ્ટન્ટ,	ચીફ જયુડી. મેજી. કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૧૫.	શ્રીમતી એન. આર. શર્મા, આસીસ્ટન્ટ,	ચીફ જયુડી. મેજી. કોર્ટ, મહેસાણા.	૧(એક), ૨ (બે)
૧૬.	શ્રી પી. કે. પરમાર, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૧૭.	શ્રી પી. એમ. બારોટ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (એસ.ડી.) મહેસાણા.	૨ (બે)
૧૮.	શ્રી આર. એન. મોદી, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૧૯.	શ્રી આર. સી. પરીખ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (એસ.ડી.) મહેસાણા	૨ (બે)
૨૦.	શ્રી આર. એલ. સોલંકી, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (જુ.ડી.) ઉંઝા.	૨ (બે)
૨૧.	શ્રી આર. બી. બાવા, આસીસ્ટન્ટ,	ડિસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણા.	૨ (બે)
૨૨.	શ્રી વી. આર. વ્યાસ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (એસ.ડી.) મહેસાણા.	૨ (બે)
૨૩.	શ્રી વી. વાય. રાવલ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (જુ.ડી.) માણસા.	૨ (બે)
૨૪.	શ્રી વી. એસ. સોની, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (એસ.ડી.) વિજાપુર.	૨ (બે)

નીચે જણાવેલ આસીસ્ટન્ટો કે જેઓએ ખાતાકીય નિમ્ન શ્રેણી પરીક્ષા આપેલી પરંતુ નાપાસ થયા છે તેઓને તેમના નામ સામે દર્શાવેલ પ્રશ્નપત્ર ફરીથી આપવામાંથી મુકિત આપવામાં આવે છે.

અ.નં.	ઉમેદવારનું નામ	કચેરીનું નામ	પ્રશ્નપત્ર ક્રમાંક
૧.	શ્રી બી. એમ. પરમાર, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (એસ.ડી.), મહેસાણા	૩ (ત્રણ)
૨.	કુ. કે. બી. ભીલ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (જુ.ડી.) કલોલ.	૩ (ત્રણ)
૩.	શ્રી એમ. જી. માલવી, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (એસ.ડી.) મહેસાણા.	૧ (એક), ૨ (બે) અને ૩ (ત્રણ)
૪.	શ્રીમતી એન. પી. પટેલ, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (એસ.ડી.), વિજાપુર.	૧ (એક)
૫.	શ્રીમતી એન. જે. મોદી, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ (જુ.ડી) વિસનગર.	૧ (એક)
૬.	શ્રી. પી. એ. પરમાર, આસીસ્ટન્ટ,.	સીવીલ કોર્ટ (એસ.ડી.) મહેસાણા.	૧ (એક), ૨(બે)
૭.	શ્રી વાય. એમ. ભોજક, આસીસ્ટન્ટ,	સીવીલ કોર્ટ, (જુ.ડી.) ઉંઝા.	૩ (ત્રણ)

મહેસણા, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

જે. જી. જોષી,
જિલ્લા ન્યાયાધીશ, મહેસાણા.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલો.

નં. ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૩/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સ્વાતંત્ર્યદિન, જન્માષ્ટમી તથા પારસી નુતનવર્ષદિન તહેવારોને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનુ સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઇ ફરમાવવાની જરૂર જણાતાં અત્રેના જાહેરનામા ક્રમાંક ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં.૪૧/૨૦૦૩ તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩ થી જાહેરનામું તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩ સુધીની મુદત માટે બહાર પાડવામાં આવેલ છે.

સદરહુ જાહેરનામાના સંદર્ભમાં પોલીસ અધિક્ષકશ્રી વલસાડના તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૦૩ના પત્ર નં. એલઆઇબી/વિરાંજલીયાત્રા/૨૬૬૦/૨૦૦૩ થી ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની વિરાંજલી યાત્રા તારીખ ૨૫મી, ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ વલસાડ જિલ્લામાંથી પસાર થનાર હોય, કાર્યક્રમોમાં જનમેદની એકઠી થનાર હોય આ કાર્યક્રમને મુક્તિ આપવાની રજુઆત ધ્યાને લેતાં અત્રેનો તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ બહાર પાડેલ જાહેરનામામાં તારીખ ૨૫મી, ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ જીલ્લામાં આગમન થનાર ક્રાંતિરથમાં ભેગી થનાર જનમેદનીને આ જોગવાઇ લાગુ પડશે નહીં.

તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની અન્ય શરતો યથાવત રહેશે.

આજ રોજ તારીખ ૨૪મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલો

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૪ /૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સંવત્સરી (ગણેશ ચતુર્થી) તહેવારોને અનુલક્ષીને આ જીલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે વલસાડ જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૩૦મી ઓગષ્ટ ૨૦૦૩ થી તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૩ સુધીના સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું :-

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) સ્ફોટક પદાર્થો લઈ જવાની,

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબો અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની,

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી નં. ૪૫/૨૦૦૩/.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સંવત્સરી (ગણેશ ચતુર્થી) તહેવારોને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ

INDEX

૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તા રૂએ ફરમાવું છું, કે સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જીલ્લામાં તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે /ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તા. ૨૯મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ,

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજિ. ૧૫/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ માન. ક્રાંતિવીર સ્વ. શ્યામજી કૃષ્ણ વર્માનાં અસ્થિકુંભ સાથે નીકળનાર વીરાંજલિ યાત્રા તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવુ છું કે, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૩થી તારીખ ૨૮ ઓગષ્ટ, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજિ. ૧૬/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ સંવત્સરી તથા ગણેશ ચતુર્થી અને તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ અનંત ચૌદશ તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવુ છું કે, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩થી તારીખ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની,

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઇપણ હથીયાર લઇ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર લઇ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

જા.નં. એ.ડી.એમ/વશી/૪૪૭૩ થી ૪૪૮૬/૨૦૦૩.-આણંદ જીલ્લાના પેટલાદ તાલુકાના ભવાનીપુરા અને આજુબાજુના ૧૦ કી.મી. વિસ્તાર તથા પેટલાદ નગરપાલીકા વિસ્તારમાં કોલેરાના ચેપી રોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે. જેથી ચેપી રોગ પ્રસરે નહી તે હેતુથી કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદના જાહેરનામાં નં. પીઓએલ/એસ.આર./૨૩/૦૩ તારીખ ૧૯મી ઓગષ્ટ ૨૦૦૩થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર પેટલાદની નિમણુંક કરવામાં આવી છે.

જે અન્વયે પેટલાદ તાલુકાના ભવાનીપુરા અને આજુબાજુના ૧૦ કી. મી. વિસ્તાર તથા પેટલાદ નગરપાલિકાને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વાસ્તે હું, બી. કે. પટેલ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, પેટલાદ, કોલેરાના રોગના નિયંત્રણ માટે તથા તેનો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબના આદેશોનો તાત્કાલિક અમલ કરવા ફરમાવું છું.

(૧) પેટલાદ તાલુકાના સમાવિષ્ટ તમામ બાળમંદીરો, પ્રાથમિક શાળા/હાઈસ્કૂલો કોલેજો અને છાત્રાલયોમાં બાળકો ને પીવાનું પાણી પુરૂ પાડવાની ટાંકી તથા પાઈપ સંપુર્ણપણે સાફ કરી પીવાના પાણીની ટાંકીમાં જતુંનાશક દવા નાખી સ્વચ્છ પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા જે તે શાળા, હાઈસ્કૂલ, કોલેજો, છાત્રાલયો, બાલમંદીરોના સંચાલકશ્રીઓ તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગના મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

(૨) શાળા/હાઈસ્કૂલ/કોલેજો/છાત્રાલયો/બાળમંદીરની બહાર કે કંપાઉન્ડમાં ખાણી-પીણીની ચીજવસ્તુનું વેચાણ ન થાય તે માટે આચાર્યશ્રીએ કાળજી લેવી, અને જરૂર જણાયે અત્રે જાણ કરવામાં આવે, કુવા અંદરનો ભાગ તથા બહારના ભાગે પણ સ્વચ્છતા રહે તે જોવું.

(૩) પેટલાદ તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પીટલો, નર્સિગહોમ, પ્રાઈવેટ પ્રેકટીશનર રક્તદાન કેન્દ્રો અને લેબોરેટરીઓ વિગેરેને તેમના દ્વારા દર્દીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીઝ તથા સોય તેમજ લોહી માટે કે લેબોરેટરીમાં તપાસવામાં / વાપરવામાં આવતી સીરીઝ કે સોયનો ઉપયોગ કરતા પહેલાં તેને ઓટોક્લીન અથવા ઓછામાં ઓછી ૩૦ (ત્રીસ) મીનીટ સુધી પાણીમાં ઉકાળી ફરજીયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજીયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

(૪) પેટલાદ તાલુકાના તમામ ખાણી-પીણીના સ્થળે અને પીવાના પાણી માટેની કોઠીઓ અથવા માટલા રાખી શકશે નહી અને જાહેર પાણીની પરબ પણ પાણીના ઘડા, કોઠી અને માટલા રાખી શકાશે નહી. તેમજ ખુલ્લો, ઉઘાડો કે વાસી કોઈપણ જાતનો ખોરાક પણ વેચી શકાશે નહિ.

(૫) કોલેરા રોગ પ્રતિબંધક રસી મુકવાની કામગીરી સંબંધિત મેડીકલ ઓફીસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

(૬) નાના બાળકો ને જાહેર સ્થળોએ ખુલ્લામાં સંડાસ માટે બેસાડવા નહીં અને મળમુત્ર મારફતે રોગનો ફેલાવો થતો હોઈ, મળમુત્ર જાહેર કે ખુલ્લી જગ્યામાં નાખવું નહી.

(૭) પેટલાદ તાલુકા વિસ્તારમાં ખાનગી હોસ્પીટલોમાં કે પ્રાઈવેટ પ્રેકટિશનરે કોલેરાના રોગના દર્દીઓના અંદરના દર્દી તરીકે દાખલ કરી શકાશે નહી. અને આવા દર્દીઓને પેટલાદ તાલુકામાં આવેલ સરકારી દવાખાના હોસ્પીટલોમાં દાખલ થવા માટે મોકલવાના રહેશે, અને આવા દર્દી જણાય તો તુર્ત જ તેની જાણ સરકારી દવાખાના કે હોસ્પીટલોમાં તાત્કાલિક કરવાની રહેશે.

(૮) પીવાના પાણીની પૂરૂ પાડતી સંસ્થાઓને ક્લોરીનેશન કરી ને જ પાણી પુરૂ પાડવું જો પાણી તપાસ દરમ્યાન ફી (૩ ટકા) પાર્ટ પર મીલીયન ન મળે અને એના લીધે રોગચાળો થાય તો તેની જવાબદારી જે તે ગામ તથા શહેરના આરોગ્ય વર્કર અને મેડીકલ ઓફીસરશ્રી અને કર્મચારીઓની રહેશે.

(૯) પેટલાદ તાલુકામાં આવેલ તમામ જાહેર સ્થળો જેવા કે બાગ-બગીચા મંદીરો-મસ્જિદો મદ્રેસાઓ, બસ સ્ટેન્ડો, રેલ્વે સ્ટેશન, વીડીયો ગૃહો, માર્કેટ, પંચાયત ઘરો, શાળાઓ હાઈસ્કૂલો, કોલેજો તમામ જાહેર સ્થળોએ સંબંધિત તમામ સંચાલકશ્રીઓ/ટ્રસ્ટીઓ મંડળ કે સંબંધિત સંસ્થાઓએ સ્વચ્છતા જાળવવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઈ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ જાહેરનામાંનો અમલ જાહેરનામુ બહાર પડયા તારીખથી ત્રણ માસની મુદત સુધી અમલમાં રહેશે.

પેટલાદ, તારીખ ર૬મી ઓગષ્ટ ર૦૦૩,

બી. કે. પટેલ,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી,
પેટલાદ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) આ કચેરીના તા. ૧૬-૫-૯૬ના ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૭૩/૧૯૯૬નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીના તા. ૫-૫-૨૦૦૩ના ક્રમાંક ફડચ/ફ-૧/૨૭/૨૦૦૩ થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ઘ-૨/૩૨૩/૧/૬૨૬૦/૨૦૦૩.-ધી અમદાવાદ સીટી સેન્ટ્રલ હોલસેલ કો. ઓપ. કન્ઝયુ.સો.લી., ''જનતા બજાર'' અસારવા, અમદાવાદ, નોંધણી ક્રમાંક ભ. ૨૭૬, તારીખ ૧૬-૩-૧૯૬૩ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૧૬-૫-૯૬ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૭૩/૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨ થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે.

અમદાવાદ, તા. ૧૫મી મે, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) કસ્ટોડીયન સિવાલય કો.ઓપ.હા.સો.લી., અમદાવાદનો તા. ૨૫-૬-૦૩નો પત્ર.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના :

જા.નં. ફડચ/ફ-૧૧૬૦૮/ઘ-૨/૫૪૦/૬૨૫૬/૨૦૦૩.-શ્રી શિવાલય કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., આંબાવાડી, અમદાવાદ એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલી સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર, ઘ-૧૭૧૨૩, તારીખ ૨૯-૩-૧૯૯૫ છે.

સદર ગૃહમંડળીમાં શ્રી કે.પી. નવલખા, કસ્ટોડીયન તરીકે કાર્યરત છે અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે ત્રણ વર્ષની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીઓનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાના કારણે તેમજ કસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સદર ગૃહ મંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકેની નિમણુંક કરવી મુનાસીબ જણાય છે જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારીની રૂઈએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે શ્રી શિવાલય કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે શ્રી એન. ઇ. ચૌહાણ, સહકારી અધિકારી, ફડચો-૧ લગત કચેરીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

ક્રમાંક નધણ/૩૬૭૮/ક-૩/૬૬૨/સે-૩૪૭૧૨/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે બારેજા કૃષિ અને રૂપાંતર કરનાર સ. મંડળી મર્યાદિત સ્થળ બારેજા, તાલુકો દસ્કોઇ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૬૬૨/ક- ૩/૬૬૩/ભં-૫૪૭૪/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, કામધેનું ગ્રાહક સહકારી ભંડાર લી. મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૬૭૫/ક-૩/૬૬૫/ઘ-૨૦૩૪૦/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, આમદીપ કોમ. એન્ડ હાઉ. કો.ઓપ.સો. લી. મર્યાદિત સ્થળ બોડકદેવ, તાલુકો દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩.

INDEX

ક્રમાંક નધણ/૩૬૭૪/ક-૩/૬૬૬/ઘ-૨૦૩૪૧/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, આમ્રકુંજ કોમ. એન્ડ હાઉ. કો.ઓપ.સો. લી. મર્યાદિત સ્થળ બોડકદેવ, તાલુકો દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૬૭૯/ક-૩/૬૭૬/ઘ-૨૦૩૪૨/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, સિલ્વર (બોકડદેવ) કો.ઓપ. હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ બોડકદેવ, તાલુકો દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૬૮૦/ક-૩/૬૭૭/ઘ-૨૦૯૯૮/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, શુભલક્ષ્મી (બોપલ) કો.ઓપ.હાઉ. સો. લી. મર્યાદિત સ્થળ બોપલ, તાલુકો દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં.(રૂરલ),
અમદાવાદ.

હુકમ

સેન/ઉખસ/ફડચ/૦૧/ખ-૨/૨૩૦ થી ૨૩૮/૨૦૦૩.-ધી રવિ કોમ્પલેક્ષ સોટસ ઓનર્સ કો.ઓ. સ. વિધ. સો.લી. મુકામ અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ કે જે તારીખ ૧૩-૫-૯૯ના નોંધણી નંબર સા/૮૪૬ થી નોંધવામાં આવી હતી. જે અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : સેન/ઉ.ખ.સ./ફડચ/ખ-૩/ફડચ/૦૧/ખ-૩/નં.ફ/૧૩૯૭૪/૫૩૬ થી ૫૪૬ તારીખ. ૨૦-૧૧-૨૦૦૨થી આટોપી લેવામાં આવી હતી. તેની ફડચાની તમામ કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) આધિન સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ અધિનિયમની કલમ ૨૦ (૧) અન્વયે સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૪૮૯/સે-૩૫૨૬૪/૨૦૦૩.—આથી જાહેર કરે છે કે, વગુસણા ગોપાલક દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ વગુસણા, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૪૯૫/સે-૩૫૨૬૫/૨૦૦૩.— આથી જાહેર કરે છે કે, ઘોડી દુધ ઉત્પાદક સ. મં. લી. મર્યાદિત સ્થળ ઘોડી, તાલુકો ભરૂચ, જિલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

એચ. આર. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) વલાસણ તેલીબીયાં ઉત્પાદક સ. મં. લી., મુ. વલાસણ, તા. આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ.
(૨) ક્રમાંક ફડચ/૦૧/ચ/૪૧૭/૨૦૦૩, તા. ૯-૬-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૫૦૩/૨૦૦૩.-વલાસણ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વલાસણ, તા. આણંદ, જિલ્લો ને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર સે- ૨૦૧૩૪-૮૩, તા. ૧૩-૬-૧૯૮૩થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

INDEX

વંચાણે લીધા :-

(૧) શ્રી બી. કે. ગોસ્વામી, ઓડિટર ગ્રેડ-૨, સ.મં. મહેસાણાના પત્રાંક અષણ/૦૧/૮૪/૦૩, તા. ૧૭-૩-૦૩ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૧/૨૦૦૩ તા. ૮-૪-૯૩ થી કારણદર્શક નોટીસ.

(૩) તા. ૨૨-૪-૦૩ ના રોજ વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માનાભાઈની હાજર રહી આધાર પુરાવા રજુ કરવા પૂનઃ મુદત માંગણી થતાં, તા. ૧૫-૫-૦૩ની આપેલ મુદત.

(૪) તા.૧૫-૫-૦૩ની મુદત સંબંધી તા. ૯-૬-૦૩ ના પત્રની પુનઃ મુદત માગણી થતાં તા. ૧૧-૮-૦૩ ની આપેલ મુદત.

(૫) તા. ૧૧-૮-૦૩ ની રજુઆત તારીખે સંસ્થા તરફથી કોઈ હાજર ન રહેલ. પરંતુ, તા. ૧૩-૮-૦૩ ના રોજ વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માનાભાઈએ હાજર રહી પુનઃ મુદત માગણી. જે સંબંધી અગાઉ પુરતા પ્રમાણમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતધીન મુદતો અપાયેલ હોવાથી તેમજ યોગ્ય સમય, યોગ્ય તક છતાં કોઈ આધાર-પુરાવા રજુ કરેલ ન હોવાથી હવે મુદત માગણી સબબે કોઈ અભિપ્રાય થતો નથી તેની શ્રી કાળીદાસ માંનાભાઈ પરમારને જાણ કરી.

(૬) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૧૮/૨૦૦૩.-ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી આરાધના મજૂર અને બાંધકામ સહકારી મંડળી લી., મું. કંથરાવી,, તા. ઉંઝા, જી. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં મંડળી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઉ-૫૮૨૦, તા. ૨૩-૦૧-૧૯૯૦ છે.

ઉપરોક્ત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૧ થી ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ.મં. મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ અત્રે રજુ કરતાં, તેઓના ખાસ અહેવાલને આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૧/૦૩, તા. ૮-૪-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. પરંતુ કોઈ આધાર-પુરાવા રજુ કરેલ નથી. પરંતુ, અન્ય સમયની જરૂરીયાત હોવાથી મુદત માગણી કરતાં, તા. ૧૫-૫-૦૩ ની મુદત માગણી કરેલ. જે મુદત મંજૂર કરવામાં આવેલ હતી. જે. તા. ૧૫-૫-૦૩ ની મુદત સબબે સંસ્થાના વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માંનાભાઈએ તા. ૯-૬-૦૩ ના પત્રથી પોતાની તબિયત યોગ્ય ન હોઈ, ઓગસ્ટ/૨૦૦૩ માં યોગ્ય તારીખની મુદત માંગણી કરેલ. સંસ્થાના પ્રમુખશ્રી તરીકે બ્રિજેશ કે. પરમાર છે. જેઓ દ્વારા કોઈ રજુઆત થવામાં નથી. સંસ્થાના વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માંનાભાઈએ મજુર મંડળી હોવાથી ખાસ તક સ્વરૂપે પુનઃ રજુઆત પુરાવા અને આધારો રજુ કરવા તા. ૧૧-૮-૦૩ ની મુદત આપવામાં આવેલ. હતી. જે મુદત તારીખે કોઈ રજુઆત થયેલ નથી. પરંતુ તા. ૧૩-૮-૦૩ના રોજ ફડચા કાર્યવાહી સંબંધી કારણદર્શક નોટીસની બજવણી પછી એકંદરે ચાર માસનો સમય મળવા છતાં, કોઈ આધાર પુરાવા વાસ્તવિક રજુ કરી શકાયેલ નથી. તેમજ, દુરસ્તી ન્યાયના સિધ્ધાંતધીન પુરતી તક અગાઉ આપવામાં આવેલ હોવાથી હવે મુદત આપવા અત્રેથી કોઈ અભિપ્રાય થતો નથી. તેની જાણકારી સંસ્થાના પ્રતિનિધિશ્રીને આપવામાં આવેલ છે. અન્વેષકશ્રીના ખાસ અહેવાલની કાર્યવાહીમાં સંસ્થાને રજુઆત કરવા યોગ્ય સમય, સંપૂર્ણ તકો પુરી પાડવા છતાં, ફડચાની કારણદર્શક નોટીસમાં જણાવેલ ક્ષતિઓ સંબંધી કોઈ વાસ્તવિક આધાર પુરાવા રજુ થયેલ ન હોવાથી નીચેના કારણોસર સદર મંડળીને ફડચામાં લઈ જવા કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના નોંધાયેલ પેટાનિયમોના મુખ્ય ઉદેશ મુજબ મંડળીમાં જોડાયેલ સભાસદો તેમજ બિન-સભાસદો કે, જેઓ આર્થિક રીતે ઘણા નબળા અને મજૂર વર્ગના છે. તેઓ માટે મંડળી મારફત જાહેર/ખાનગી સાહસો પાસેથી કામો કોન્ટ્રાક્ટ રાખી રોજી રોટી પુરી પાડવાની છે. તપાસણી સમયમાં મંડળી દ્વારા તેના ઉદેશો મુજબની કોઈજ કાર્યવાહી થયેલ નથી. મંડળી બિલકુલ સ્થગિત છે.

(૨) મંડળીના ગત તા. ૩૧-૩-૦૧ સુધીના થયેલ ઓડિટ ખામીઓની દુરસ્તી કરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૩) મંડળીના પેટાનિયમોની જોગવાઈઓ મુજબ વ્ય. કમીટીની બેઠકો દર માસે મળવી જોઈએ, જે નિયમિત મળેલ નથી. જેથી પેટાનિયમનો ભંગ થયેલ છે.

(૪) મંડળીના વાર્ષિક સરવૈયા વા. સા. સભામાં મંજૂર કરાવેલ નથી. પરંતુ, વા. સા. સભાના ઠરાવો ઠરાવબુકમાં મોંઘમ લખવામાં આવે છે. પૂર્ણ વિગતે ઠરાવો થતા નથી. જેથી મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનૂન અને નોંધાયેલ પેટાનિયમોનુસાર ચાલતો નથી.

(૫) મંડળીમાં મોટાભાગના સભાસદો એકજ કુટુંબના હોવાનું જણાયેલ છે. જેથી, સંસ્થાનો વહીવટ એક હથ્થો ચાલતો હોય તેવું જણાય છે.

(૬) મંડળીએ તેના સભાસદો/બિન સભાસદોને રોજીરોટી પુરી પાડી તેમનો આર્થિક ઉત્કર્ષક થાય તથા બેકારી ફંડ અને પ્રો. ફંડ વિગેરેની જોગવાઈ કરી, ભવિષ્ય માટે સંસ્થાનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિ કરવાની છે, તેવી કોઈજ પ્રવૃત્તિ કરેલ નથી.

INDEX

(૭) મંડળીએ સરકારશ્રી કે જાહેર સાહસો પાસેથી કામો મેળવવા કોઈ જ કાર્યવાહી હાથ ધરેલ નથી. જેથી, વહીવટકર્તાઓ અને સભાસદોને મંડળી ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાતુ નથી.

(૮) મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડિટ વર્ગ ડ છે.

(૯) તા. ૧-૪-૨૦૦૨ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજપર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી આરાધના મજૂર અને બાંધકામ સહકારી મંડળી લી., મુ. કંથરાવી,, તા. ઊંઝા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઉ-૫૮૨૦, તા. ૨૩-૧-૧૯૯૦ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી, મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) વહીવટદાર, શ્રી લાંઘણજ સેવા સહકારી મંડળી લી., તા. જી. મહેસાણાનો તા. ૨-૫-૦૩ નો પત્ર જા. નં. ૮૮/લોન/ફડચો/૪૧૭ થી મંડળીને ફડચામાં લઈ જવા અંગે થઈ આવેલ ભલામણ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૧૯/૨૦૦૩.- આમુખ-૧થી વંચાણે લીધેલ વિગતે શ્રી લાંઘણજ સેવા સહકારી મંડળી., મું. લાંઘણજ, તા. જી. મહેસાણામાં અત્રેની કચેરીના તા. ૨૨-૭-૦૩ ના હુકમ નં. સકક/૦૧/ખ/૮૮૪/૨૦૦૨ થી મંડળીની વ્યવસ્થાપક કમીટીને સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે દૂર કરી, મંડળીમાં વહીવટદાર તરીકે ધી મહેસાણા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક. લી. મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ છે. અને બેંકે વહીવટદાર તરીકેનો ચાર્જ તા. ૩૦-૧૧-૦૨ ના રોજ સંભાળી લીધેલ છે.

વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ, વહીવટદાર શ્રી બેંક એ જણાવેલ છે કે, મંડળીને ફડચામાં લઈ જવામાં આવે તો, ફડચા અધિકારી તેમને મળેલ અધિકારોની રૂએ બાકીદારોને નોટીસો આપી લીકવીડેશન અંગેનો ઓર્ડર પસાર કરી, વસુલાત માટે ૧૦૩ના પ્રમાણપત્રો મેળવી, ખાસ વસુલાત અધિકારીશ્રી મારફતે તેની વસુલાત કરી શકે તેમ છે.

સંસ્થામાં સને ૧૯૮૮ થી ૧૯૯૨ના સમયગાળા દરમિયાન કરેલ ૩૦૦ સભાસદો પાસે રકમ રૂ. ૧૮,૪૮,૪૬૫/- ચઢતા વ્યાજે વસુલ લેવાના બાકી છે. આમ, મુદતવીતી ધીરાણની વસુલાત થતી નથી. જેથી, વસુલાતની કાર્યવાહી માટે તમામ બાકીદારોને નોટીસો આપી કાયદાની કલમ-૧૦૬ (૧) મુજબ દાવા કરી વિસ્તરણ અધિકારી સહકાર, તાલુકા પંચાયત કચેરી, મહેસાણા મારફતે રજુઆત કરવામાં સમય જાય તેમ છે. જેથી, મંડળીને ફડચામાં લઈ જવામાં આવે તો, ઝડપી વસુલાત શક્ય બને તેમ છે.

મંડળી પાસે બેંક લોન રૂા. ૨૦,૮૪,૯૦૦/- ચઢતા વ્યાજે ભરપાઈ કરવાની બાકીમાં છે તથા કેશ ક્રેડીટ લોન રૂા. ૨,૦૭,૧૮૫/-- ચઢતા વ્યાજે ભરપાઈ કરવાના બાકીમાં છે.

સદર સંસ્થા પાસે કાપડનો બંધ સ્ટોક ઘણા લાંબા સમયથી પડી રહેલ છે. જેથી, કાપડ બોદાઈ ગયેલ હોઈ, કાપડ કોઈ ખરીદ કરતુ નથી. તેનુ નુકશાન મંડળીને થાય તેમ છે તથા સંસ્થામાં મોટુ નુકશાન છે.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી લાંઘણજ સેવા સહકારી મંડળી લી., મું. લાંઘણજ, તા. જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે-૨૯૨૪૫, તા. ૩૧-૧૨-૫૯ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ -૧૦૭ (૧) ના ખંડ : ક, ગં (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી કર્મવીર સાંકળચંદ કેસ્ટર કોમ્પ્લેક્ષ કો. ઓપ. સોસાયટી લી., વિસનગરની તા. ૪-૪-૨૦૦૩ ના પત્રથી સંસ્થાને ફડચામાં લઈ જવા રજુઆત.

(૨) સંસ્થાના બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓમાં જિલ્લા રજિસ્ટ્રાર હોવાથી અત્રેના તા. ૮-૪-૦૩ ના પત્રાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૨/૨૦૦૩ થી રજિસ્ટ્રારશ્રી, સ. મં., ગુ. રા., ગાંધીનગરને અહેવાલ મોકલ્યો.

INDEX

(૩) વડી કચેરીના પત્ર ક્રમાંક : રસમ/૦૧/ધ/સંઃ૨/૮૪૨/૦૩, તા. ૯-૬-૦૩ થી સદર સંસ્થા પ્રાથમિક પ્રકારની સહકારી મંડળી હોવાથી જીલ્લા રજીસ્ટ્રારશ્રી કક્ષાએ કાર્યવાહી કરવા દરખાસ્ત પરત.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૧૭૬/૦૩, તા. ૯-૭-૦૩ થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૫) સંસ્થાની તા. ૨૨-૭-૨૦૦૩ ના પત્રથી કારણદર્શક નોટીસનો પ્રત્યુત્તર પાઠવી સંસ્થાને ફડચામાં લઈ જવા રજુઆત.

(૬) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ, ૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૦/૨૦૦૩.- ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી કર્મવીર સાંકળચંદ કેસ્ટર કોમ્પ્લેક્ષ કો. ઓપ. સોસાયટી લી., મું. તા. વિસનગર, જી. મહેસાણા નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી અહીયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીની નોંધણી નં. ૧૫૪૭૪ , તા. ૨૧-૮-૧૯૯૩ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર સંસ્થાની ખાસ સાધારણ સભા તા. ૩૦-૩-૨૦૦૩ ના ઠરાવ નં. ૩ આધીન અત્રે સંસ્થાને ફડચામાં લઈ જવા રજુઆત કરેલ. સંસ્થાના બોર્ડ ઓફ ડીરેક્ટરમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી હોવાથી વડી કચેરીને સંસ્થા તરફથી આવેલ દરખાસ્તને મોકલતાં આમુખ-૩ની વિગતે સંસ્થા પ્રાથમિક કક્ષાની હોવાથી જીલ્લા રજીસ્ટ્રાર કક્ષાએ કાર્યવાહી કરવાની રહેતી હોઈ, આમુખ-૪થી સંસ્થાને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ તેમજ રજુઆત સમય આપતાં સંસ્થાએ તેના તા. ૨૨-૭-૨૦૦૩ના પત્ર, હિસાબો, ઠરાવ અને ઉત્તરોત્તર નુકશાન થતાં ફડચામાં લઈ જવા જણાવતાં આમુખ-૬ ની જોગવાઈઓ આધીન સદર સંસ્થાને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) તા. ૩૦-૩-૦૩ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૩ થી મંડળી ગુ. જ. કો. મા. સો. લ., દિવેલા પ્લાન્ટ ભાડે રાખી દિવેલા પિલાણ તેમજ, દિવેલા ખરીદ વેચાણની કામગીરીમાં ભાવો વધ-ઘટના કારણે તેમજ વિશ્વમંદિરના કારણે નુકશાન થવા પામેલ હોવાથી તેમજ એ. પી. એમ. સી. વિસનગરના લાયસન્સ ન મળવાને કારણે ખરીદ વેચાણ કરી શકેલ ન હોવાથી સ્થગિત અવસ્થામાં છે.

(૨) વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં, ૨૦૦૧-૨૦૦૨માં અને ૨૦૦૨-૨૦૦૩માં નુકશાન થવા અંગે તેમજ, નુકશાન સરભર અંગે કોઈ વાસ્તવિક પ્રગતિજનક સ્થિતિ જણાતી નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી કર્મવીર સાંકળચંદ કેસ્ટર કોમ્પ્લેક્ષ કો. ઓપ. સોસાયટી લી., મું. તા. વિસનગર, જી. મહેસાણાની સહકારી કાયદાધીન, રજીસ્ટર્ડ નં. ૧૫૪૭૪, તા. ૨૧-૮૧૯૯૩ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ બી, સી (૨) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીની મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નંબર નધણ/ગ-૨/સે. દુધઃ૩૩૭૫૯/૩૦૭/૨૦૦૩.--આથી જાહેર કરે છે કે, પાધરવાંટ દુધ ઉત્પાદક સહકારી મંડળી મર્યાદિત સ્થળ પાધરવાંટ, તાલુકો છોટાઉદેપુર, જિલ્લો વડોદરા.

સને ૧૯૬૨ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વડોદરા, તા. ૬ઠ્ઠી ઓગષ્ટ, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
વડોદરા.

નંબર નધણ/૦૧/ખ-૧/૨૯૪/ઉ/૧૨૭૩૦/૨૦૦૩.--આથી જાહેર કરે છે કે, ધી જય ખોડિયાર આદિવાસી મજુર કામદાર સહકારી મંડળી, લી. માંડણ, મર્યાદિત સ્થળ માંડણ, તાલુકો નાંદોદ, જી. નર્મદા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તા. ૩૦મી જુલાઈ, ૨૦૦૩.

નંબર નધણ/૦૧/ખ-૧/સે/૩૧૭૭૧/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, ધી જય ખોડીયાર દુધ ઉત્પાદક સહકારી મંડળી, લી. મર્યાદિત સ્થળ જીતનગર, બારફળિયા, તાલુકો નાંદોદ., જિલ્લો નર્મદા.

INDEX

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તા. ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
નર્મદા.

વાંચ્યો :--

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈઓ.

(૨) સહકારી અધિકારી પંચમહાલ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ગોધરાથી મળેલ મંડળીને પુનઃજીવીત કરવા બાબતની દરખાસ્ત.

હુકમ

જા. નં. અષણ/૦૧/ખ. ૩/૬૫૮/૨૦૦૩.– ધી પાંચતાડ (મા)દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. હાલોલની નોંધણી નં.૨૫૧૯૨ તારીખ ૨-૫-૯૦ થી સહકારી મંડળીઓના કાયદા હેઠળ નોંધવામાં આવેલ હતી. મંડળીનું કામકાજ આટોપી લેવા અત્રેની કચેરીના તા. ૮-૬-૨૦૦૧ના હુકમ ક્રમાંક ઉખસ/૦૧/ફડચ/૦૧/ચ/ખ.૩/૩૩૨થી હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ આમુખ ૨માં જણાવેલ ફડચા અધિકારીની દરખાસ્તમાં જણાવ્યા મુજબ મંડળીના સંચાલકો તરફથી મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવેલ હોઈ, તેમજ સંસ્થાએ ઉદ્દેશો મુજબની કામગીરી કરવા ખાત્રી આપેલ હોઈ સદર હકીકત ગ્રાહ્ય રાખી આમુખ ૧ ની જોગવાઈઓને ધ્યાનમાં લઈ મંડળીને પુનઃઘટન કરવા આથી નીચેની શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

શરતો :--

૧. મંડળીએ તેનું કામકાજ પેટા નિયમ મુજબ અને કાયદા કાનુન મુજબ કરવાનું રહેશે.

૨. તા. ૨૨-૭-૦૩ની ગ્રામસભામાં થયેલ ઠરાવોના પાલન કરવાની શરતે.

૩. આ હુકમ મળતાં સાધારણ સભા મેળવી રસ ધરાવતા ડીરેકટરોની નિમણૂંક કરી તેની યાદી આ સાથે આ પ્રોસીડીંગની નકલ મોકલી આપવાની રહેશે.

ગોધરા, તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :--

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૨૪-૬-૦૩ના પત્ર નં. ફડચ/૦૧/ખ. ૧/૨૫૦/૦૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી (લી. રી.)લગત જીલ્લા સ્પે. ઓડીટર, સ. મં. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/ખ. ૩/૬૬૧/૨૦૦૩.– ધી નારાયણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. હાલોલ ફડચામાં મું. હાલોલ તા. હાલોલ જી. પંચમહાલની નોંધણી તારીખ ૨૧-૫-૧૯૭૦ ના રોજથી નોંધણી નં. ઘ-૯૬૧ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૧૫૩/૯૬ તા. ૬-૨-૯૬ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીને ફડચામાં લઈ ગયાને સાત વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોઈ કાયદાની જોગવાઈનુસાર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૩

વાંચ્યો :--

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૨૪-૬-૦૩ના પત્ર નં. ફડચ/૦૧/ખ. ૧/૨૫૩/૦૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી (લી. રી.)લગત જીલ્લા રજીસ્ટ્રાર, સ. મ. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/ખ.૩/૬૬૪/૨૦૦૩.– ધી પંચમહાલ જીલ્લાના ખેતીવાડી ખાતાના કર્મચારીઓની સહકારી મંડળી લી. ગોધરા ફડચામાં મું. ગોધરા તા. ગોધરા જી. પંચમહાલની નોંધણી તારીખ ના રોજથી નોંધણી નં. સે-૩૦૬૮ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/૦૧/ચ/૯૭૫/૯૬ તા. ૧-૬-૯૬ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીને ફડચામાં લઈ ગયાને સાત વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોઈ કાયદાની જોગવાઈનુસાર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩

વાંચ્યો :--

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૨૪-૬-૦૩ના પત્ર નં. ફડચ/ ૦૧/ખ. ૧/૨૫૧/૦૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી (લી. રી.)લગત જીલ્લા સ્પે. ઓડીટર, સ. મં. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/ખ. ૩/૬૬૫/૨૦૦૩.– ધી વૈશાલી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. હાલોલ ફડચામાં મું. હાલોલ તા. હાલોલ જી. પંચમહાલની નોંધણી તારીખ ના રોજથી નોંધણી નં. ઘ-૯૭૦ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/ ૦૧/ચ/૬૧૩/૯૬ તા. ૩૧-૩-૯૬ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીને ફડચામાં લઈ ગયાને સાત વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :--

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૨૪-૬-૦૩ના પત્ર નં. ફડચ/ ૦૧/ખ. ૧/૨૫૨/૦૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી (લી. રી.)લગત જીલ્લા સ્પે. ઓડીટર, સ. મ. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/ખ. ૩/૬૬૬/૨૦૦૩.– ધી એલીસ ગૃપ કું. ના કર્મચારીઓની ધીરાણ સહકારી મંડળી લી. કાલોલ ફડચામાં મું. કાલોલ તા. કાલોલ જી. પંચમહાલની નોંધણી તારીખ ૧૦-૪-૧૯૭૭ ના રોજથી નોંધણી નં. ૨૨૦૩૧થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ચ/૯૭૬ તા. ૧-૬-૧૯૯૬ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીને ફડચામાં લઈ ગયાને સાત વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોઈ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩

વાંચ્યો :--

(૧) શ્રી ફડચા અધિકારી કચેરીના તા. ૨૪-૬-૦૩ના પત્ર નં. ફડચ/ ૦૧/ખ. ૧/૨૫૪/૦૩ ની દરખાસ્ત.

(૨) શ્રી સબ ઓડીટર સહકારી મંડળી (લી. રી.) લગત જીલ્લા સ્પે. ઓડીટર, સ. મં. ગોધરાનો ઓડીટ અંગેનો ઓડીટ મેમો.

હુકમ

ક્રમાંક ફડચ/ખ. ૩/૬૬૭/૨૦૦૩.– ધી ન્યુ દેવીપુરા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ફડચામાં મું. દેવીપુરા તા. કાલોલ જી. પંચમહાલની નોંધણી તારીખ ૨૦-૧૧-૧૯૫૪ ના રોજથી નોંધણી નં. ૧૩૧૭ થી સહકારી કાયદા હેઠળ નોંધવામાં આવી હતી મંડળીનું કામકાજ આટોપી લેવાનો અત્રેનો આદેશ અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/ ૦૧/ચ/૧૧૨/૯૬ તા. ૨૫-૧-૯૬ થી કરવામાં આવેલી હતી જે અનુસાર સદરહુ મંડળીના ફડચા અધિકારીશ્રીની દરખાસ્ત મુજબ મંડળીને ફડચામાં લઈ ગયાને સાત વર્ષ ઉપરાંતનો સમય થયેલ હોઈ કાયદાની જોગવાઈનુસાર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૨૦ની જોગવાઈઓ અનુસાર તેમજ સદર કલમથી મળેલ અધિકારની રૂએ સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

આ હુકમની તારીખથી મજકુર મંડળીનું સંસ્થા તરીકેનું અસ્તિત્વ નાબુદ થયેલ ગણાશે.

ગોધરા, તારીખ ૧૪મી ઓગષ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :--

(૧) અત્રેની કચેરીના હુકમ નં. ફડચ/૦૧/ખ-૩/૨૨૩/૦૨ તા. ૧૪-૩-૨૦૦૨.

(૨) અધિક રજીસ્ટ્રારશ્રી, (અપીલ) રજીસ્ટ્રાર સ. મં. ગુ. રા. ગાંધીનગરના અપીલ રીવીઝન અરજી નં. ૭૦/૦૨/તા. ૨-૮-૦૩.

(૩) ફડચા અધિકારી સદર કચેરીના પત્રાંક તા. ૬-૮-૦૩નો પત્ર.

સુધારો

જા. નં. ફડચ/૦૧/ખ. ૩/૬૭૧/૨૦૦૩.– ક્રમાંક-૧માં અત્રેની કચેરીના હુકમથી ધી હાલોલ તાલુકા જંગલ કામદાર સહકારી મંડળી લી. મુ. પો. શિવરાજપુર, તા. હાલોલને ફડચામાં લઈ જવા માટેનો તથા તેના ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારી (ફડચા)ની નિમણૂંક કરવામાં આવેલી હતી.

(૨) વધુમાં અત્રેના તા. ૧૪-૩-૦૨ના હુકમથી કરેલ ફડચાના હુકમ સામે સંસ્થા તરફથી અધિક રજીસ્ટ્રારશ્રી (અપીલ) રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. ગાંધીનગરના કાર્યાલયે અપીલ અરજી નં. ૭૦/૦૨થી

INDEX

દાખલ કરવામાં આવેલ હતી. જેના અનુસંધાનમાં અપીલ અરજી નં. ૭૦/૦૨ ક્રમાંક સકક/૭૯૦૯/ક/૩૩૭/૦૩ તા. ૨-૮-૦૩થી આ અંગે નિવેડો આપેલ છે. જેમાં સંસ્થાની કરેલ અરજી નામંજુર કરેલ છે અને અત્રેના તા. ૧૪-૩-૦૨થી કરેલ હુકમ માન્ય રાખેલ છે.

(૩) વધુમાં અત્રેની કચેરીના ફડચા અધિકારીશ્રીના તા. ૬-૮-૦૩ના પત્રમાં જણાવ્યા મુજબ સદર સંસ્થાના સરવૈયામાં જણાવ્યા મુજબ દેવા બાજુએ પંચ. ડી. બેન્ક લોન ચુકવવાની બાકી દર્શાવેલ છે. તેમજ બેન્ક લોન હોઈ ફડચા મંડળની કાર્યવાહીમાં બેન્કનું હિત હોઈ બેન્કના ફડચા અધિકારી તરીકેની નિમણુંક કરવા માટે જણાવેલ છે.

(૪) આમ ઉપર જણાવેલ તમામ હકીકતોને ધ્યાનમાં રાખીને ધી હાલોલ તાલુકા જંગલ કામદાર સહકારી મંડળી લી. મુ. પો. શિવરાજપુર તા. હાલોલના ફડચા અધિકારી તરીકે અત્રેના તા. ૧૪-૩-૦૨થી કરેલ હુકમમાં ફેરફાર કરીને સદર મંડળીના / સંસ્થાના ફડચા અધિકારીશ્રી તરીકે ધી પંચમહાલ જીલ્લા સહકારી બેન્ક લી. ગોધરાની આ હુકમની તારીખથી નિમણુંક કરવામાં આવે છે. તેમજ ફડચા અંગેની કાર્યવાહી બે વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. અન્ય શરતો યથાવત રહેશે.

ગોધરા, તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :--

(૧) અત્રેની કચેરીના હુકમ નં. સવન / ૦૧/ખ. ૧/૧૦૧૬/૧૦૨૪/ તા. ૩૦-૫-૦૧.

(૨) વહીવટદારશ્રી, ધી કડાછલા અર્થક્ષમ સેવા સ. મં. લી. મુ. પો. કડાછલા તા. લુણાવાડા જી. પંચમહાલની માંગણી પત્રાંક ૨૩૨ તા. ૨૭-૫-૦૨.

(૩) મંડળીના વહીવટદારશ્રીના પત્રાંક તા. ૧૪-૭-૨૦૦૩.

(૪) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. અષણ/ક. ૨/૬૦૫/૨૦૦૩.– ધી કડાછલા અર્થક્ષમ સેવા સ. મં. લી. મુ. પો. કડાછલા તા. લુણાવાડા જી. પંચમહાલ તે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સેવા સ. મં. લી. છે. જેના નોંધણી નં. ૩૭૧૧ તા. ૩૦-૧૧-૬૦થી થયેલ છે.

ધી કડાછલા અર્થક્ષમ સેવા સ. મં. લી. મુ. પો. કડાછલા તા. લુણાવાડા જી. પંચમહાલને આમુખ માં જણાવેલ હુકમમાં જણાવ્યા મુજબ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ ધી પંચમહાલ જીલ્લા સહકારી બેન્ક લી. ગોધરાની તા. ૧૨-૭-૨૦૦૩ સુધી નિમણુંક કરવામાં આવેલ હતી.

ઈન્સ્પેકટરશ્રી ધી પંચ. જી. સહકારી બેંક લી. વરધરી શાખાના આમુખ-૨ માં જણાવેલ પત્રમાં જણાવ્યા મુજબ મંડળીના વહીવટદારશ્રી હેઠળનો સમયની મુદત વધારી તા. ૩૦-૬-૨૦૦૩ સુધી કરવામાં આવેલ હતી. તેમ છતાં,

ઈન્સ્પેકટરશ્રી ધી પંચ. જી. સહકારી બેંક લી. વરધરી શાખાના આમુખ-૩માં જણાવેલ પત્રથી સદર મંડળીના વહીવટદારશ્રી હેઠળનો સમયની મુદત વધારી આપવા માટેની માંગણી કરેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબની વિગત તથા કાયદાની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓને આધીન રહીને સદરહુ મંડળીના વહીવટદારશ્રી હેઠળની મુદત તા. ૩૧-૩-૨૦૦૪ સુધીના સમય માટેની મુદત વધારો કરવામાં આવે છે. જેની શરતો નીચે પ્રમાણે છે.

શરતો :

૧. વહીવટદારશ્રીની મુદત તા. ૩૧-૩-૦૪ સુધીની રહેશે.

૨. વહીવટદારશ્રીની મુદત પુર્ણ થવાના એક માસ પહેલાં મંડળીના કારોબારી સભ્યોની વરણી કરવામાં આવે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

૩. વહીવટદારશ્રી તરફથી કરેલ કામગીરીનો માસિક અહેવાલ દર માસની પાંચમી તારીખ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

૪. વહીવટદારશ્રીએ આ કચેરીનો વખતોવખતની સુચનાઓને આધીન રહીને જ કરવાની રહેશે.

૫. વહીવટદારશ્રી આ કચેરીના પુર્વમંજુરી મેળવ્યા સિવાય અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં ઉમેદવારી કરી શકાશે નહીં તેમજ અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં મંડળી વતી મત આપી શકાશે નહીં.

૬. વહીવટદારશ્રીએ મહેનતાણાનો ખર્ચ મંડળીમાં પાડવાનો રહેશે નહીં.

ગોધરા, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

વાંચ્યો :--

(૧) અત્રેની કચેરીના હુકમ નં. સવન / ૦૧/ખ. ૧/૧૧૦૯/૦૧, તા. ૩૦-૬-૦૧.

INDEX

(૨) વહીવટદારશ્રી, ધી વરધરી સેવા સ. મં. લી. મુ. પો. વરધરી, તા. લુણાવાડા, જી. પંચમહાલની માંગણી પત્રાંક ૪૨/૨૩૨, તા. ૨૭-૫-૦૨/ તા. ૧૪-૫-૦૩.

(૩) ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

(૪) મંડળીના વહીવટદારશ્રીના પત્રાંક ૫૪/૦૧, તા. ૧૪-૭-૨૦૦૩

પ્રસ્તાવના

જા. નં. અષણ/ક. ૨/૬૦૬/૨૦૦૩.– ધી વરધરી સેવા સહકારી મંડળી લી., મુ. પો. વરધરી, તા. લુણાવાડા, જી. પંચમહાલ તે ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. ૨૫૮૧, તા. ૨૬-૧-૪૯થી થયેલ છે.

ધી વરધરી સેવા સ. મં. લી., મુ. પો. વરધરી, તા. લુણાવાડા, જી. પંચમહાલને આમુખ. ૧ માં જણાવેલ હુકમમાં જણાવ્યા મુજબ સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદારશ્રી હેઠળ ધી પંચમહાલ જીલ્લા સહકારી બેન્ક લી., ગોધરાની નિમણુંક કરવામાં આવેલ હતી.

ઈન્સ્પેકટરશ્રી ધી પંચમહાલ જીલ્લા સહકારી બેંક લી., વરધરી શાખાના આમુખ-૨ માં જણાવેલ પત્રમાં જણાવ્યા મુજબ સદર મંડળીના વહીવટદારશ્રી હેઠળનો સમયની મુદત વધારી આપવા માટેની માંગણી કરેલ છે.

આમ ઉપર જણાવ્યા મુજબની વિગતે તથા કાયદાની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓને આધીન રહીને સદરહુ મંડળીના વહીવટદારશ્રી હેઠળની મુદત તા. ૩૦-૬-૨૦૦૪ સુધીના સમય માટેનો મુદત વધારો કરવામાં આવે છે. જેની શરતો નીચે પ્રમાણે છે.

શરતો :

૧. વહીવટદારશ્રીની મુદત તા. ૩૦-૬-૦૪ સુધીની રહેશે.

૨. વહીવટદારશ્રીની મુદત પુર્ણ થવાના એક માસ પહેલાં મંડળીના કારોબારી સભ્યોની વરણી કરવામાં આવે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

૩. વહીવટદારશ્રી તરફથી કરેલ કામગીરીનો માસિક અહેવાલ દર માસની પાંચમી તારીખ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

૪. વહીવટદારશ્રીએ આ કચેરીની વખતોવખતની સુચનાઓને આધીન રહીને જ કરવાની રહેશે.

૫. વહીવટદારશ્રી આ કચેરીના પુર્વ મંજુરી મેળવ્યા સિવાય અન્ય કોઈ સંસ્થાની ચુંટણીમાં મંડળી વતી મત આપી શકાશે નહીં. તેમજ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં.

૬. વહીવટદારશ્રીએ મહેનતાણાનો ખર્ચ મંડળીમાં પાડવાનો રહેશે નહીં.

ગોધરા, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

જે. જી. પંડયા,
જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
ગોધરા.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ હેઠળની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં નં. જીએચ-કેએચ/એમ-૭/૧૯૯/સીડીઇ/૧૦૯૭/૧૫૩-જે, તા. ૧૭-૧-૧૯૯૮.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ/૩૭૯/૦૧, તા. ૫-૩-૨૦૦૧.

(૪) અત્રેની કચેરીનો હુકમ ક્રમાંક મકમ/૦૧/ક-૧/૪૯૫/૨૦૦૩, તા. ૩૦-૬-૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. સકક/૦૧/ખ/૭૫૩/૨૦૦૩.-અત્રેની કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ/૩૭૯/૨૦૦૧, તા. ૫-૩-૨૦૦૧ થી ધી વેસ્ટર્ન રેલ્વે કો. ઓપરેટીવ કન્ઝયુમર્સ સ્ટોર્સ લી. દાહોદ, મું, ફ્રિલેન્ડગંજ, તા. જી. દાહોદમાં સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળ વહીવટદાર તરીકેની નિમણુંક કરવામાં આવેલ શ્રી એસ. પી. નિનામા, સહકારી અધિકારી ગ્રેડ-૨ની બદલી એકાઉન્ટન્ટ લગત ડાયમંડ જ્યુબીલી કોટેજ ઈન્ડસ્ટ્રીઝ વડોદરા તરીકે થતાં તેઓશ્રીને અત્રેની કચેરીએથી તા. ૩૦-૬-૨૦૦૩ના રોજથી છૂટા કરવામાં આવેલ છે. જેથી તેમની જગ્યાએ હુકમમાં ફેરફારનું જરૂરી જણાતા, અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી (ગ્રાહક) ગ્રેડ-૨ તરીકેની ફરજ બજાવતા કર્મચારી શ્રી એસ. જે. ડામોરનો નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, જે. એસ. ડામોર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, દાહોદ મને મળેલ સત્તાની રૂએ ધી વેસ્ટર્ન રેલ્વે કો.ઓપરેટીવ કન્ઝયુમર્સ સ્ટોર્સ

લી. દાહોદ, મું. ફ્લિન્ડગંજ, તા. જિ. દાહોદમાં આમુખ (૩)થી જે હુકમ કરવામાં આવેલ હતો જેને તા. ૩૦-૬-૨૦૦૩ના રોજથી કેન્સલ કરી તેમની જગ્યાએ તા. ૧-૭-૨૦૦૩ના રોજની અસરથી વહીવટદાર તરીકે એસ. જે. ડામોર, સહકારી અધિકારી (ગ્રાહક) ગ્રેડ-૨, સદર કચેરીને નિમણુંક અગાઉના કચેરીના હુકમ ક્રમાંક સવન/૦૧/ખ/૩૭૯/૦૧, તા. ૫-૩-૨૦૦૧માં જણાવેલ શરતોને આધિન કરૂં છું.

દાહોદ, તા. ૫મી ઓગષ્ટ, ૨૦૦૩.

જે. એસ. ડામોર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, દાહોદ.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦-૩-૧૯૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૪-૭-૨૦૦૩ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક ફડચા/૦૧/ગ/૧૩૪૮/૨૦૦૩.

પ્રસ્તાવના :-

જા. નં. ફડચ/ફ/૧૩૬૨૦/૦૧/ગ/૧૬૮૨/૨૦૦૩.-ધી જયગુરૂદેવ મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. ટીંટોઇ, તા. મોડાસા, જિ. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ઉ-૫૨૦૫, તા. ૧૩-૧-૧૯૮૩ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૧થી ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ, ઓડીટર ગ્રેડ-૨ સ. મં. મોડાસા દ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૩૦-૫-૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૦૪૫/૨૦૦૩ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૬-૬-૨૦૦૩ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો દ્વારા લેખિત / મૌખિક રજુઆત થયેલ નથી. આમુખ-૩માં વંચાણે અત્રેના તા. ૪-૭-૨૦૦૩ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને રૂબરૂ રજુઆત માટે તા. ૭-૮-૨૦૦૩ના રોજની મુદત આપેલ, પરંતુ આપેલ મુદતે મંડળીના હોદેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી. આમ, મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમી કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી જયગુરૂદેવ મજુર કામદાર સહકારી મંડળી લી., મું. ટીંટોઇ, તા. મોડાસા, જિલ્લો સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરૂં છું અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએમકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૨૫૦૪/જ, તા. ૩૦-૩-૧૯૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૫-૮-૨૦૦૨ કસ્ટોડીયનની નિમણુંકના આદેશ ક્રમાંક વહટ/૦૧/ગ/૨૭૭૪/૨૦૦૨.

(૪) ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરના તા. ૨૫-૬-૨૦૦૩ના પત્ર ક્રમાંક ઇન્સ્પે.-૪૬-૭૭૧૮.

(૫) અત્રેની કચેરીના તા. ૧૯-૭-૨૦૦૩ની કારણદર્શક નોટીસ પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૧૮/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૬૯૬/૨૦૦૩.-ધી ચિત્રોડી ગામની સેવા સહકારી મંડળી લી., તા. ઈડર, જિ. સાબરકાંઠા, (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે) જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ૨.નં. ૧૮૬૭૬, તા. ૬-૬-૮૫થી નોંધાયેલ સહકારી મંડળી છે.

INDEX

મંડળીએ કાયદા કાનૂન અને મંડળીના મંજૂર થયેલ પેટાનિયમોને આધિન રહીને કામગીરી કરવાની હોય છે. મંડળીનો વહીવટ તેની ચૂંટાયેલી સમિતિ મારફતે ચાલતો હોય છે. સદર મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોએ રાજીનામા આપતાં આમુખ-૩થી અધિનિયમની કલમ-૭૪(ઘ) અન્વયે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

મંડળીની સને ૨૦૦૨-૨૦૦૩ની વાર્ષિક સાધારણ સભા કસ્ટોડીયનશ્રી દ્વારા તા. ૨૯-૫-૨૦૦૩ના રોજ બોલાવેલ હતી. સદર વાર્ષિક સાધારણ સભા ઠરાવ નં. ૮થી મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવા સર્વાનુમતે ઠરાવેલ છે.

મંડળીમાં થયેલ ગેરરીતીને કારણે સભાસદો વસુલાત આપતા નથી જેના કારણે વ્યાજની આવક થતી નથી અને દિનપ્રતિદિન ખોટનું પ્રમાણ વધતું રહેલ છે અને મંડળીમાં બહારથી કર્જ મેળવવાની સત્તા જળવાતી નથી.

ઉપરોક્ત હકિકતે આ મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળી અર્થક્ષમ રીતે કાર્ય કરી શકે તેમ ન હોવાથી મંડળીને ફડચામાં લઇ જવી જરૂરી જણાય છે. આમ આમુખ-૫થી અત્રેની કચેરીના તા. ૧૯-૭-૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૧૮/૨૦૦૩થી ફડચાની કારણદર્શક નોટીસ કાઢી સદર નોટીસની બોર્ડ તથા જાહેર સ્થળે નોટીસની પ્રસિદ્ધ કરવા જણાવી રજુઆત સારૂં તા. ૪-૮-૨૦૦૩ની મુદત આપેલ હતી. સદર મુદતે મંડળીના કસ્ટોડીયનશ્રી દ્વારા મંડળીને ફડચામાં લઇ જવા સંમતિ આપેલ છે અને કોઇ સભાસદોએ વાંધો રજુ કરેલ ન હોવાનું જણાવેલ છે.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું, જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(બી) હેઠળ ધી ચિત્રોડી ગામની સેવા સહકારી મંડળી લી., તા. ઈડર, જિલ્લો સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરૂં છું. સદર કાયદાની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચાધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણુંક કરૂં છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત મુદત દરમ્યાન કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં નહિ આવે તો મુદતવીતેથી સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

હિંમતનગર તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧).

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસના ઠરાવ ક્રમાંક જીએચકેએમ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪૪, તા. ૩૦-૩-૧૯૯૧.

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરનાં તા. ૧૯-૪-૨૦૦૨, ૨૬-૧૦-૨૦૦૨ની રજુઆત.

આલોચના

જા.નં. વહટ/૦૧/ગ/૧૬૯૭/૨૦૦૩.-ધી હીરાપુર ગૃપ સેવા સહકારી મંડળી લી., મું. હીરાપુર, તા. ધનસુરા, જિ. સાબરકાંઠા, સને ૧૯૬૧ના સહકારી કાયદા અન્વયે નોંધાયેલ સહકારી સંસ્થા છે, જેનો હવે પછી સંસ્થા તરીકે ઉલ્લેખ કરેલ છે જેનો નોંધણી નંબર સે.૨૯૦૬૮, તા. ૧૮-૪-૫૯ છે. સદર સંસ્થા અંગે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા મંડળીની વર્તમાન આર્થિક સ્થિતિ તદ્દન કથળેલ હોઇ તથા તેણે નાણાંકીય તરલતા ગુમાવી દીધેલ હોઇ તેમજ હાલ મંડળી સ્થગિત અવસ્થામાં આવી ગયેલ હોઇ, વળી દિનપ્રતિદિન ખોટ વધતી જાય છે. જેથી મંડળીમાં વહિવટદાર મુકવા આમુખ-૩થી વિનંતી કરેલ હતી.

આ સંસ્થાના સંચાલન માટે અધિનિયમની કલમ-૭૪થી નક્કી થયા મુજબ વહીવટ વ્ય. કમીટીમાં નીહિત થયેલ છે. પ્રસ્તુત મંડળીનો વહીવટ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ગુજરાત સહકારી મંડળીઓના નિયમોના ૧૯૬૫ સંસ્થાના મંજૂર થયેલ પેટા કાયદાઓ તથા સહકારી મંડળીની પ્રવૃત્તિઓને લગતી માર્ગદર્શક સુચનાઓ અને સહકારી ખાતાના માર્ગદર્શક પરિપત્રો, સુચનાઓ વિગેરેને આધારે કરવાનો રહે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ સંસ્થા દ્વારા સહકારી પ્રવૃત્તિના મુળભૂત ઉદેશો જોખમાય તેવી પ્રવૃત્તિ હાથ ધરાઇ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઇ આવતાં તથા સંસ્થા અધિનિયમ અને પેટા કાયદાથી નિરિશત થયેલ મંડળીની ફરજો બજાવવામાં કસુરવાર રહી છે બેદરકાર રહી છે અથવા સંસ્થા પોતાના સભાસદોના હિતને બાધ આવે તેવું કાર્યકરી રહી છે તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતાં સંસ્થાના હોદ્દેદારોને વ્ય. કમીટી સભ્યોને નીચેના મુદ્દાઓ પરત્વે કારણદર્શક નોટીસ આપી સુનાવણી તા. ૨૩-૧૨-૨૦૦૨ના રોજ રાખવામાં આવેલ હતી.

INDEX

(૧) મંડળીનું કાર્યક્ષેત્ર પાંચ ગામોનું છે. ખેડૂત ખાતેદારો ૪૭૩, સભાસદ સંખ્યા ૨૬૯ અને કર્જ લેતા સભ્યો ૩૨ છે. છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ક" છે.

(૨) મંડળીમાં તા. ૩૧-૩-૨૦૦૨ના આખરે રૂા. ૧૮૪૭-૭૮ નફો છે. પરંતુ પાછલી ખોટ રૂા. ૭,૦૧,૬૯૭-૩૦ જોવા મળે છે સંસ્થાના ફંડો રૂા. ૧,૨૩,૬૯૯-૮૬ જોવા મળેલ છે આમ આ સંસ્થાએ બહારથી કર્જ કરવાની સત્તા ગુમાવી દીધેલ છે.

(૩) મંડળીમાં મુદતવીતી બાકી ૩૨ સભ્યો પાસે રૂા. ૧,૧૮,૩૬૦/- તા. ૩૧-૩-૨૦૦૨ના અંતે બાકી છે જેની વસુલાત કરવા પેટા નિયમ ૪૪(૩) મુજબ કાર્યવાહી કરેલ નથી.

(૪) મંડળીમાં સભાસદ ક્ષેત્રે રૂા. ૧,૧૮,૩૬૦/- બાકી છે જ્યારે બેંકલોન રૂા. ૭,૦૨,૦૦૦/- બાકી છે. આમ મંડળીમાં અસમતુલા જોવા મળે છે.

(૫) મંડળીમાં ફક્ત કંટ્રોલ વેપારની પ્રવૃત્તિ થાય છે અને તેજ ચલાવવામાં મંડળીના સંચાલકોને રસ છે.

(૬) મંડળીમાં ૧૯૯૫થી ધીરાણ સ્થગીત છે તેમજ વસુલાત પણ કરવામાં આવતી નથી.

(૭) મંડળીમાં તથા કમીટીની મીટીંગ પેટા નિયમ - ૩૮ મુજબ ભરવામાં આવતી નથી તેમજ પેટા નિયમ-૪૪(૧૨) મુજબ વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવતી નથી.

(૮) મંડળી પાસેથી બેંકલોન રૂા. ૭,૦૨,૦૦૦/- તથા રૂા. ૩,૭૩,૦૯૮/- વ્યાજની રકમ વસુલ કરવાની બાકી છે.

વ્ય. કમીટી સભ્યોની તા. ૨૩-૧૨-૨૦૦૨ના રોજની મુદત સંસ્થાના વ્ય. કમીટી સભ્યો પૈકી સર્વશ્રી (૧) કમાલમીયાં કલાલ, (૨) સવાજી બારૈયા, (૩) પુંજાજી પરમાર અને (૪) કેશાભાઈ પરમાર હાજર રહી રજુઆત કરેલ છે કે સંયુક્ત રજુઆત મુજબ વાર્ષિક સાધારણ સભા નિયમીત મળ્યાનું જણાવેલ છે. તથા મુદતવીતી બાકીદાર સભ્યો સામે ૧૦૬ના પ્રમાણપત્રો મેળવેલ છે તેમ જણાવેલ હતું જેના અનુસંધાને કારણદર્શક નોટીસના તમામ મુદ્દાઓ પરત્વે વાસ્તવિક કાર્યવાહી કરી અહેવાલ તા. ૧-૨-૨૦૦૩ના રોજ રજુ કરવા જણાવેલ હતું. આમ તા. ૩-૨-૨૦૦૩ના રોજ ૧૫ સભ્યો પાસેથી રૂા. ૨૦,૮૯૫/- વસુલાત થયેલ હોવાનું જણાવેલ છે. મંડળીને કારણદર્શક નોટીસના મુદ્દાઓ અંગેની વાસ્તવિક હકીકતો આધાર સાથે તા. ૨૨-૫-૨૦૦૩ના રોજ રજુ કરવા જણાવેલ તથા કચેરીના તા. ૧૦-૭-૨૦૦૩ના પત્રથી માહિતી સાથે તા. ૧૭-૭-૨૦૦૩ના રોજ સંસ્થાની તા. ૩૦-૬-૨૦૦૩ની અંતિમ નાણાંકીય પરિસ્થિતિ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ હોવા છતાં મંડળીના કાર્યવાહકો હાજર રહેલ નથી અને અધિનિયમ, નિયમો તથા પેટા નિયમોથી મુકાયેલ ફરજો બજાવવામાં સતત કસુર કરેલ છે અને બેદરકાર રહેલ છે.

આમ સંસ્થાનો વહીવટ અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ તથા ગુજરાત સહ. મંડળીઓના નિયમો, ૧૯૬૫ની જોગવાઈઓ તથા કાનુન અને પેટા નિયમોનુસાર ચાલે તથા સહકારી પ્રવૃત્તિના અને સભાસદોના બહોળા હિતને લક્ષમાં રાખી સંસ્થાની વ્ય. કમીટીને દૂર કરી અને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૮૧(૧)ની જોગવાઈઓ ધ્યાનમાં લઈ વહીવટદારની નિમણુંક કરવી જરૂરી જણાતાં નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

હું, જે. જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહ. મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા મને મળેલ સત્તાની રૂએ ધી હીરાપુર સેવા સહ. મંડળી લી., મુ. હિરાપુર તા. બાયડ, જિલ્લો. સાબરકાંઠાની વ્યવસ્થાપક કમીટીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧(૧) હેઠળ દૂર કરી વહીવટદાર તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નીચેની શરતોને આધિન રહીને નિમણુંક કરૂં છું.

શરતો

(૧) વહીવટદારની મુદત હુકમની તારીખથી બે વર્ષ માટે રહેશે.

(૨) વહીવટદારએ અત્રેના નિયંત્રણમાં રહી પૂર્વમંજૂરી મેળવી નાણાંકીય ખર્ચ કરવાનો રહેશે.

(૩) દર માસે કામગીરીનો પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

(૪) અત્રેની મંજૂરી સિવાય કર્મચારીની નિમણુંક/પગાર વધારો તથા અન્ય લાભો આપી શકાશે નહિં.

(૫) વહીવટદારે સદર મંડળીના કામગીરી મહેનતાણા પેટે રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો મંડળીમાં ખર્ચ પાડી ચુકવવાનું રહેશે.

હિંમતનગર તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

વાંચ્યો :- શ્રી સહકારી અધિકારી ફડચા-૩ સુરતની તા. ૩જી જુલાઈ, ૨૦૦૩ની પત્રક્રમાંક ફડચ/૦૩/૧૦૨/૨૦૦૩ ની દરખાસ્ત.

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૪૯૪૪/૧૬૬૯/ખ/૯૨૬/૨૦૦૩.-ધી નંદપોર વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. મુ. પો. નંદપોર , તા. માંડવી, જિ. સુરતના નોંધણી ક્રમાંક નં. ઉ-૯૫૫૧ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૮૯ થી નોંધવામાં આવી હતી. જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૬૬૯/ખ/૧૩૬૮ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રીપોર્ટ મુજબ મંડળીમાં કોઈપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ મંડળીઓના કાયદાની કલમ-૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક : ઉખસ/નધણ/ઉ-૧૨૫૭૮/ઝ/૫૧૪/ સને ૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, નવનિર્માણ મજુર કામદાર અને વિવિધ બાંધકામ કરનારી સરકારી મંડળી લી. મર્યાદિત સ્થળ તડકેશ્વર, તાલુકો માંડવી, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક : ઉખસ/નધણ/ઉ-૧૨૫૭૯/ઝ/૫૧૩/ સને ૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, સોનગઢ યુવા ઉત્કર્ષ મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ નવાગામ, તાલુકો સોનગઢ, જીલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

૧. જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ નડીયાદજન પત્રજા નં. ફડચ/૦૧/ગ/૨/૧૬/૨૦૦૨. તા. ૭-૧-૨૦૦૨.

૨. ફડચા અધિકારી અને આસી. ઈન્સપેક્ટરશ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક, ડાકોર. નડીયાદના પત્ર જાનં/ફ/૫૪. તા. ૧૫-૧૧-૦૧.

૩. જીલ્લા પંચાયત નડીયાદની કારોબારી સમિતિના ઠરાવ નંબર ૨૬, તારીખ ૧૭-૭-૦૩.

નં. ક/પચત/સહકાર/વશી/૨૭૧૭/૨૩.- મરઘાકુઈ સેવા સહકારી મંડળી લી. મરઘાકુઈ તા. ઠાસરાને જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ નડીયાદના પત્ર ક્રમાંક જા. ઉખસ/ક-૪/ફડચા/ગ-૨/૫૯૭/૯૭ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૧૯૯૭થી ફડચામાં લઈ જવા હુકમ કરેલ છે.

ફડચા અધિકારીશ્રી અને આસી. ઈન્સ્પેક્ટરશ્રી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. ડાકોરના પત્ર જા. નં./ફ/૫૪/તા. ૧૫-૧૧-૨૦૦૧ થી સદર મંડળીને પુન : જીવીત કરવા ભલામણ કરેલ છે. કારોબારી સમિતિ ખેડા જીલ્લા પંચાયતના ઠરાવ નંબર-૨૬ તા. ૧૭-૭-૦૩ થી આમુખમાં જણાવેલ વિગતો લક્ષમાં લેતા પુન : જીવીત કરવા લીધેલ નિર્ણય અનુસાર નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, પી. આર. વધેરા, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ સને ૧૯૬૧ના ગુજરાત સરકાર મંડળી અધિનિયમની કલમ ૧૯ અન્વયે પ્રાપ્ત થયેલ અધિકારની રૂઈએ મરઘાકુઈ સેવા સહકારી મંડળી લી. (ફડચા) તાલુકો ઠાસરાને પુનઃજીવીત કરવાનો હુકમ કરુ છું.

નડીયાદ તારીખ ૨૭મી જુલાઈ, ૨૦૦૩

પી. આર. વધેરા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ખેડા જીલ્લા પંચાયત,
નડીયાદ.

જાહેરનામુ

નોંધણી ક્રમાંક /પચત/સહકાર/વશી/૫૦૬/ભં/૪૮૯૪/૨૦૦૩.- જિલ્લા પંચાયત આણંદ આથી જાહેર કરે છે કે, શ્રી સર્વોદય સહકારી ગ્રાહક ભંડાર સહકારી મંડળી લી., મુ. ચાંગા, તા. પેટલાદ, જિલ્લા

INDEX

આણંદએ ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧ અન્વયે નોંધવામાં આવી છે.

તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

સહી (અવાચ્ય)
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત
આણંદ.

જાહેરનામુ

પત્ર ક્રમાંક સહક/નધણ/વશી/૧૦૪૮ થી ૧૦૫૧/૨૦૦૩.- સાબરકાંઠા જિલ્લા પંચાયત આથી જાહેર કરે છે કે, ધી વિજયનગર ચર્મવસ્તુ (ચર્મદ્યોગ) સહકારી મંડળી લી. વિજયનગર જી. સાબરકાંઠાને સને ૧૯૬૧ના ગુ. સ. મંડળીઓ અધિનિયમ કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઉ/૨૨૨૬/૭૪ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૪થી નોંધાયેલ ત્યાર બાદ તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૭થી ફડચામાં લઈ જવામાં આવેલ જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ ૧૧૯ હેઠળ પુનઃજીવીત કરવામાં આવી.

હિંમતનગર તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

સહી (અવાચ્ય)
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત,
હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, SEPTEMBER 18, 2003 / BHADRA 27, 1925 [No. 38

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	689-708	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	549-593
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan-chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	38	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	10621-10668

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/ગપક/એસ.બી./જાહેરનામુ/પ્રા.સિ./૩૩૭૭/૨૦૦૩.- કેટલાકં પ્રાઈવેટ સિક્યુરિટી વાળાઓ જે ખાખી રંગનો પોલીસ જેવો યુનિફોર્મ ધારણ કરે છે, તેનાથી જાહેર જનતામાં પોલીસનો આભાસ થાય છે. પ્રાઈવેટ સિક્યુરિટી વાળાઓ કેટલીક વખત ખાખી યુનિફોર્મમાં નજીવો ફેરફાર કરે છે. આવા નજીવા ફેરફારથી આમ જનતાની દ્દષ્ટિએ કોઈ ફેરફાર પડતો નથી. આવા નજીવા ફેરફાર સાથેના ખાખી યુનિફોર્મ ધારી પ્રાઈવેટ સિક્યુરિટી વાળાઓ પોલીસ જેવા લાગે છે. ખાસ કરીને પ્રજાનો અભણ વર્ગ તેમને પોલીસ તરીકે ગણે છે. આવા ખાખી યુનિફોર્મધારી માણસો પોલીસ જેવા ખાખી યુનિફોર્મનો દુરઉપયોગ કરે તેંવી શક્યતા રહે છે. જે જાહેર જનતાની સલામતી માટે જોખમકારક હોવાનું મારૂ માનવું છે.

INDEX

પ્રાઈવેટ સિક્યુરિટી વાળાઓ ખાખી યુનિફોર્મમાં હોવાથી ઘણી વખત તેઓનો ખાખી યુનિફોર્મ અવ્યવસ્થિત હોય છે. વાળ લાંબા રાખે છે. ચપ્પલ ધારણ કરે છે. અને પોતે યુનિફોર્મમાં પાન ચાવતા હોય છે. અને સીગારેટ, બીડી ફૂંકતા હોય છે. જે પોલીસ ખાતામાં શિસ્ત વિરૂધ્ધનું વર્તન હોય જેનાથી પોલીસની ઈમેજ ખરાબ થાય છે. અને આવા ખાખી યુનિફોર્મધારી પ્રાઈવેટ સિક્યુરીટી વાળાઓ આમ જનતાની નજરમાં પોલીસ જેવા લાગતા હોય જાહેર જનતામાં પોલીસની ખરાબ છાપ ઉત્પન્ન થાય છે. અને તેથી પોલીસની અસરકારકતા ઘટે છે.

ઉપરોક્ત હકિકત હોય પરિસ્થિતીનું તાત્કાલીક નિરાકરણ અનિવાર્ય બનેલ છે.

વાસ્તે હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, સને ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭મી જાન્યુઆરી ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, નાયબ પોલીસ કમિશનર શ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧લી સપ્ટેમ્બર ૨૦૦૩ ક. ૦૦-૦૦ થી તા. ૩૧મી ઓક્ટોબર ૨૦૦૩ ક. ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

કોઈપણ ખાનગી સિક્યુરીટીના અધિકારી કે માણસોએ ખાખી કલરનો યુનિફોર્મ ધારણ કરવો નહીં

વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ ની કલમ ૩૭ ની પેટા કલમ -૧ હેઠળનું

ક્રમાંક ઉ-ગપક/વશી/એસબી/જાહેરનામું/૨૭/૨૦૦૩.- સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી જણાતું હોવાથી વાસ્તે હું, વિનીતકુમાર ગુપ્તા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ માંની પેટા-કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી, સપ્ટેમ્બર ૨૦૦૩ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, લાકડી, ચપ્પુ અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજ વસ્તુઓ લઈ જવાની;

(ખ) કોઈપણ સ્ફોટક અથવા ક્ષયધર્મી પદાર્થો લઈ જવાની;

(ગ) પત્થર અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની;

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની અથવા વાદ્ય વગાડવાની;

(જ) જે છટાદાર અથવા ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી અથવા નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની અથવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાથી અથવા ચાળા વિગેરે કરવાથી, ભાષણ આપવાથી અથવા નિશાની, ચિન્હો તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય તે વ્યકિતઓને.

(૨) પોલીસ કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીએ જેને અશક્તિનાં કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિઓને.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ (૧) એક વર્ષની સજા કે દંડની રકમને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતે અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

ક્રમાંક ઉ/ગપક/વશી/એસ.બી./જાહેરનામુ/૨૮/૨૦૦૩.-આગામી ગણેશોત્સવના તહેવારની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ એટલે કે, ગણેશની સ્થાપનાનાં સ્થળોએ તેમજ વિસર્જનના દિવસે ગણેશજીનાં સરઘસનાં સમયે જતાં આવતાં રાહદારીઓ તથા વાહનોમાં તથા વાહનો ઉપર જતાં આવતાં શખ્સો ઉપર તેમજ મકાન કે મિલ્કત ઉપર દર્શનાર્થે ઉભેલ જનતા ઉપર સફેદ પાવડર, કોરો, પાણી કે અન્ય પદાર્થોમાં મિશ્રિત કરી પ્લાસ્ટીકની નાની થેલીઓ ભરી છુટી ફેંકવામાં તથા લગાડવામાં આવે છે.

ગણેશ ઉત્સવનાં સમયે વપરાતો પાવડર જાહેર જનતા ઉપર ફેંકવાના, લગાડવાનાં કૃત્યથી જાહેર જનતાને ત્રાસ અથવા ઈજા થવાની તથા બખેડો કે હુલ્લડો થવાની પુરતી શક્યતાઓ છે.

જેથી હું, વી. કે. ગુપ્તા (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેરનાં પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૫મી સપ્ટેમ્બર ૨૦૦૩ ના કલાક ૦૦/૦૦ થી તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૦૩ નાં કલાક ૨૪/૦૦ સુધી કોઈપણ વ્યક્તિઓએ ગણેશજીની સ્થાપના સ્થળોએ તેમજ ગણપતિ વિસર્જનનાં સરઘસ સમયે જાહેર જગ્યાએ આવતાં જતાં રાહદારીઓ ઉપર તથા વાહનોમાં તથા વાહનો ઉપર જતાં આવતાં શખ્સો ઉપર કે મકાનો તથા મિલ્કત ઉપર હાજર રહેલાં શખ્સો ઉપર સફેદ પાવડર, છુટો પ્રવાહી કે અન્ય તૈલી પદાર્થ સાથે ભેળવી છુટો કે પ્લાસ્ટીકની થેલીમાં ફેંકવો કે ફેંકવાનું નહી, તેમજ હાથમાં લઈ વ્યક્તિઓને રોકી લગાડવો નહી.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લઘંન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) મુજબનું

ક્રમાંક ઉ/ગપક/જાહેરનામુ/વશી/એસ.બી./જાહેરનામુ/૨૯/૨૦૦૩.-આગામી તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ સુરત શહેરમાં યોજવામાં આવનાર ગણપતિ વિસર્જન યાત્રાના રૂટ ઉપર વિસર્જન યાત્રાની સરળતા માટે તથા જાહેર વ્યવસ્થાની જાળવણી ખાતર અન્ય તમામ વાહન વ્યવહારોના ટ્રાફિક ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યકતા જરૂરી બનતી હોવાથી હું વિનીત કુમાર ગુપ્તા (I. P. S..), પોલીસ કમિશ્નર, સુરત શહેર, મુબઈ પોલીસ અધિનિયમની સને ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાન કરૂ છું કે,

તારીખ ૯મી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ ગણપતિ વિસર્જન યાત્રા દરમ્યાન કલાક ૮/૦૦ થી વિસર્જન કાર્ય પુર્ણ થાય ત્યાં સુધીના સમય માટે નીચે જણાવેલા માર્ગોના વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને બંધ કરેલા માર્ગોનો વાહન વ્યવહાર અન્ય વૈકલ્પીક માર્ગોથી પસાર થશે.

અ. નં.	બંધ કરેલ માર્ગો	સુચવેલ વૈકલ્પીક માર્ગ વ્યવસ્થા
૧	૨	૩
૧.	દિલ્હી ગેટથી સીનેમા રોડ થઈ ચોક બજાર તરફ જતો ટ્રાફિક દિલ્હી ગેટ પોલીસ ચોકી પાસેથી બંધ કરવામાં આવશે.	આ રસ્તો ટ્રાફિક દિલ્હીગેટ થી રીંગરોડના માર્ગે આગળ જઈ શકશે.
૨.	હોપપુલથી આવતો તેમજ ચોકબજાર ગાંધીજીની પ્રતિમા તરફ જતો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	આ રસ્તાનો ટ્રાફિક સરદાર બ્રીજથી જશે.
૩.	સાગર હોટલથી ગાંધીજીની પ્રતિમા તરફ આવતો રસ્તો જુની સીવીલ હોસ્પીટલ પાસેથી બંધ રહેશે.	–
૪.	ચોક સર્કલથી ચોક પો. સ્ટે. (એસ.એમ.સી. કચેરી) તરફ જવાનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે.	–
૫.	રૂખમાબાઈ હોસ્પીટલથી નાણાવટી તરફ જવાનો રસ્તો (પ્રતાપ પ્રેસ) ની ગલી વાહનો માટે બંધ રહેશે.	–
૬.	મોહન મીઠાઈવાલા ગલી લીમડાશેરી આગળ આવેલ બન્ને ગલીઓ લાલ ગેટ સામે મુસા ચશ્મા ઘરની ગલી, લાબેલા સ્ટોર્સ સામે ચૌટાબજારમાં જવાનો રસ્તો રૂખમાબાઈ હોસ્પીટલ સામેની ગલી પાણીની ભીત સલીમ-ભાઈ સોપારીવાલાના ઘર તરફ જતી ગલી, સિલ્ક હાઉસની ગલી તથા સરદાર મ્યુઝીયમ તરફ જવાનો રસ્તો વાહન તથા ગણપતિ માટે બંધ રહેશે.	–

INDEX

૧	૨	૩
૭.	જુની લાલગેટથી સૌદાગર વાડ તથા નાણાવટ તરફ જવાનો રસ્તો તેમજ ચોકી પાછળની ખાલી જગ્યા વાહન વ્યવહાર અને ગણપતિ માટે બંધ રહેશે.	
૮.	(૮) નવસારી બજાર ચાર રસ્તાથી ડી. કે. એમ. સર્કલ થઈ કોટ સફીલ રોડ થઈ ભાગળ સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	(૧) નવસારી બજાર ચાર રસ્તા થી હનુમાન ચાર રસ્તા ગોપીપુરા ચોકી ખપાટીયા ચકલા ચૌટાપુલ નીચે થઈ નાણાવટ થઈ મહાનગર પાલિકાના રસ્તે જશે (૨) નવસારી બજાર ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક રાજેશ્રી હોલ ઢેડ તલાવડી કૈલાશનગર મજુરાગેટથી રીંગરોડ જશે.
૯.	નવાપુરા કરવા રોડથી એર ઈન્ડીયા તરફનો રસ્તો ચાર રસ્તાથી બંધ કરવામાં આવશે.	–
૧૦.	સૈયદપુરા પમ્પીંગ સ્ટેશનથી હરીજનવાસ, રાણી તળાવ, બસ સ્ટેન્ડ ભાજીવાળી પોળ ભાગળ તરફ આવતા ડાબા તરફની તમામ ગલીઓ બેરી કેટીંગ કરવાથી બંધ રહેશે.	–
૧૧.	કાસ કી વાડ બસ સ્ટેન્ડથી કળજુગ મહોલ્લો તરફ જતો રસ્તો તેમજ કળજુગ મહોલ્લો શરૂ થાય તેના નાકાથી ભવાની મંદિર તરફ જતો વાહન તથા ગણપતિ માટે બંધ રહેશે.	–
૧૨.	રૂવાળા ટેકરાથી શાકભાજી માર્કેટ તરફનો રસ્તો રૂવાળા ટેકરાથી ગણપતિ માટે બંધ રહેશે.	–
૧૩.	ભવાની મંદિરથી ગલેમડી તરફ જવાનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે અને રૂવાળા ટેકરા તરફ પણ જઈ શકશે નહી.	–
૧૪.	ગોળવાળા ચકલાના પશ્ચિમ તરફનો રસ્તો વાહનો તથા ગણપતિ માટે બંધ રહેશે.	–
૧૫.	રૂવાળા ટેકરાથી ભાગળ આવતો રસ્તો બન્ને બાજુ ગણપતિ તથા વાહનો માટે બંધ રહેશે.	–
૧૬.	ડી. કે. એમં. સર્કલથી મુલ્લાજીની દેવડી તરફ જવાનો રસ્તો બંધ રહેશે.	–
૧૭.	હોટલ સમ્રાટની બાજુમા ડાગી શેરી તરફ જતો રસ્તો ટ્રાફિક અને ગણપતિ માટે બંધ રહેશે.	–
૧૮.	જુની ગલેમડી પોલીસ ચોકીથી પાણીની ટાંકી તરફ આવતો દારૂખાના રોડ જુની ગલેમડી ગેટથી બંધ રહેશે.	–
૧૯.	ગોવાલક તરફથી ખરવરનગર તરફ આવતો રસ્તો બંધ રહેશે.	–
૨૦.	મક્કાઈ પુલ સર્કલથી નાનપુરા ટીમલીયાવાડ થઈ અઠવાગેટ તરફ જતો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ રહેશે અને મક્કાઈ પુલ સર્કલથી અઠવાગેટ સુધીની જમણી બાજુની તથા ડાબી બાજુની તમામ ગલીઓ પણ વાહનવ્યવહાર માટે બંધ રહેશે. અને ત્રણ ફુટ કે ત્રણ ફુટથી નાની ગણપતિ મુર્તિનું વિસર્જન નાવડી ઓવારા કરવાનું હોય ડચ ગાર્ડનવાલા રસ્તો ગણપતિ માટે ખુલ્લો રહેશે, વાહનવ્યવહાર માટે બંધ રહેશે. (૧) જમણી બાજુની ગલીઓ :-૧. ગોલદાઝ સ્ટ્રીટ ૨. કેકાગલી ૩. ખરાદી શેરી ૪. ધોબી શેરી ૫. કાકાજી સ્ટ્રીટ ૬. ડોકટર માણેકની શેરી ૭. અથુગર મહોલ્લો ૮. જૈન મંદિરની ગલી (૨) ડાબી બાજુની ગલીઓ :- ૧. શંકર ધોબીની શેરી ૨. બારા હજારી મહોલ્લો ૩. જમરૂખ ગલી ૪. માંછીવાડ તરફ જવાનો નવો રોડ ૫. ધમેન્દ્ર શુઝની ગલી ૬. ગાવર્ડન વાડ ૭. મારવાડી મહોલ્લો ૮. ટીમલીયાવાડ એલ. આઈ.સી.થી કાદરશાની નાળ તરફ જતો રસ્તો ૯. ગાંધી સ્મૃતિ તરફ જતો રોડ ૧૦. કૈલાસ હોટલની ગલી ૧૧. મયુર ફર્નીચરની ગલી ૧૨. આધ્ર બેન્કની ગલી.	–
૨૧.	(૨૧) કુવાડા ત્રણ રસ્તાથી ડુમસ મોટી ફળી ઓવારા સુધીનો રસ્તો ગણપતિ સિવાયના વાહનો માટે બંધ રહેશે. તથા લગરથી ડુમસ મોટી ફળિયુ ઓવારા તરફ પણ વાહનો આવી શકશે નહિ.	ડુમસ ઓવારા ઉપર ગણેશ વિસર્જન કર્યા બાદ ખાલી વાહનો ડુમસ મોટી બજાર થઈ લગર થઈ સુરત ડુમસ રોડ ઉપર આવશે.

INDEX

૧	૨	૩
૨૨.	ઉધના દરવાજા ચાર રસ્તા ઉપર ઉધના તરફથી આવતો રસ્તો ચાર રસ્તાથી બંધ કરવામાં આવશે.	રીંગરોડ ઉપર જવા માગતા વાહનોએ ફ્રી લેફટમાંથી રીંગરોડ ઉપર જવાનું રહેશે, તથા ટેક્ષટાઈલ માર્કેટ તરફ જવા માગતા વાહનોએ પણ ફ્રી લેફટમાંથી રીંગરોડ ઉપર આવી કડીવાળા સર્કલથી યુટર્ન લેવાનો રહેશે.
૨૩.	સબ જેલની સામે પ્રાઈમ બેન્ક સર્કલના બંન્ને ગેપ બંધ કરવામાં આવશે.	વાહન ચાલકોએ ઉધના દરવાજા તથા કડીવાળા સર્કલથી યુ ટર્ન લેવાનો રહેશે.
૨૪.	અઠવાગેટ થી ડુમસ રોડ તથા ડુમ્મસથી અઠવાગેટ રોડ ઉપર ગણપતિ સિવાયના ભારે વાહનો અવર જવર કરી શકશે નહી.	-
૨૫.	હજીરા વિસ્તારના ભારે વાહનોએ ઓ.એન.જી.સી. ચાર રસ્તાથી સચીન મગદલ્લા રોડ કે ઓલપાડ તરફ જનાર વાહનો ઓ.એન.જી.સી. ચાર રસ્તાથી ભેસાણ ચોકડી શ્રીરામ પેટ્રોલ પંપ થઈ સારોલી થઈ ઓલપાડ જવાનું રહેશે. સચીન મગદલ્લા તરફ જનાર વાહનો ઓ.એન.જી.સી. ચાર રસ્તાથી એસ.કે. નગર થઈ સચીન મગદલ્લા રોડ તરફથી જશે. તેમજ સચીન તરફથી આવતા ભારે વાહનો પણ સચીન મગદલ્લા રોડ એસ.કે. નગર સર્કલ થઈ ઓ.એન.જી.સી. ચાર રસ્તા જશે.	-

સરકારી સેવાના, આવશ્યક વાહનો, પોસ્ટલ વાહનો, ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ વાહનોને ઉપરોક્ત જાહેરનામામાંથી મુક્તી આપવામાં આવે છે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લઘંન કરનાર વ્યક્તિ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવેલ છે.

વિનીતકુમાર ગુપ્તા,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY DISTRICT JUDGE

Notification

VIDE HIGH COURT CIVIL MANUAL 1960 PARA-569.

No. 1925 of 2003.- The following Assistants (Junior Clerk) Serving in the District Court and subordinate Courts of the Judicial District of Panchmahals have passed the Departmental Examination held in July 2003. The names are arranged in order of merits :-

Higher Standard Examination :

1. Smt. J. G. Pandya, Assistant, 5th Jt. Civil Court (S. D.) Godhra.

The below mentioned Assistants who appear at the Higher Standard Departmental Examination are entitled to exemption from appearing in paper mentioned against the names shown hereunder.

1.	Shri K. D. Virpara,	Assistant, District Court, Godhra.	Paper No. I & II
2.	Smt M. A. Shah,	Assistant, District Court, Godhra.	Paper No. I & II
3.	Smt F. J. Joshi,	Assistant, Civil Court (SD), Godhra.	Paper No. I & III

INDEX

4.	Kum. H. B. Solanki,	Assistant, Civil Court (SD), Godhra.	Paper No. I, II & III
5.	Kum. P. B. Solanki,	Assistant, 3rd Jt.Civil Court (SD), Godhra.	Paper No. I & II
6.	Kum. M. A. Dhobi,	Assistant, Chief Judi. Magi. Court (SD), Godhra.	Paper No. I,
7.	Ms. D. J. Baria,	Assistant, District Court, Godhra.	Paper No. II.
8.	Shri V. D. Rathva,	Civil Court, (JD), Halol.	Paper No. II.

Lower Standard Examination :

1. Smt. H. N. Vakil, Assistant, District Court, Godhra.
2. Shri M. K. Devda, Assistant, Civil Court (J. D.), Jhalod.
3. Shri N. S. Farmar, Assistant, Civil Court (S. D.), Godhra.
4. Shri K. K. Dave, Assistant, District Court, Godhra.
5. Shri A. P. Prajapati, Assistant, District Court, Godhra.
6. Shri J. A. Dabhi, Assistant, Jt. Civil Court (J. D.), Godhra.
7. Shri D. R. Vasava, Assistant, District Court, Godhra.
8. Shri R. B. Rathva, Assistant, Civil Court (J. D.), Halol.
9. Shri S. F. Bariya, Assistant, Civil Court (J. D.), Jhalod.
10. Shri K. F. Parmar, Assistant, Jt. Civil Court (J. D.), Baria-Limkheda.

Godhra, 3rd September 2003.

Ms. H. G. PANDYA,
District Judge, Godhra.

જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

હાઈકોર્ટ સીવીલ મેન્યુઅલના પેટા-૫૬૯, ૧૯૬૦ મુજબ :

ક્રમાંક ૧૯૨૫/૨૦૦૩.-- પંચમહાલ જિલ્લાના અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતાં નીચે જણાવેલ આસીસ્ટંન્ટ (જુ. કલાર્કો) ખાતાકીય પરીક્ષા જે જુલાઈ, ૨૦૦૩માં લેવાઈ હતી તેમાં ઉત્તીર્ણ થયા છે. તેમના નામો ગુણવત્તા મુજબ ગોઠવવામાં આવ્યા છે.

ઉચ્ચ શ્રેણી પરીક્ષા :

૧	શ્રીમતી જે. જી. પંડયા,	૫મા જો. સીવીલ કોર્ટ (સી. ડી.), ગોધરા.

નીચે જણાવેલ આસીસ્ટન્ટો ખાતાકીય ઉચ્ચ-શ્રેણી પરીક્ષામાં બેઠા હતા તે અનઉત્તીર્ણ થયા છે. પરંતુ હવે પછી થનાર સદરહુ પરીક્ષામાં તેમના નામ સામે જણાવેલ પેપરમાં મુકિત મેળવવા હક્કદાર છે.

૧	શ્રી કે. ડી. વીરપરા,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા,	પેપર નં. ૧ અને ૨.
૨.	શ્રીમતી એમ. એ. શાહ,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા,	પેપર નં. ૧ અને ૨.

INDEX

૩.	શ્રીમતી એફ. જે. જોષી,	: સીવીલ કોર્ટ, (સી. ડી.), ગોધરા,	પેપર નં. ૧ અને ૨.
૪.	કુ. એચ. બી. સોલંકી,	: સીવીલ કોર્ટ, (સી. ડી.), ગોધરા	પેપર નં. ૧, ૨ અને ૩.
૫.	કુ. પી. બી. સોલંકી,	: ૩જા જો. સીવીલ કોર્ટ, (સી. ડી.), ગોધરા	પેપર નં. ૧, અને ૨
૬.	કુ. એમ. એ. ધોબી,	: ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, ગોધરા	પેપર નં. ૧.
૭.	મીસ ડી. જે. બારીઆ,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા,	પેપર નં. ૨.
૮.	શ્રી વી. ડી. રાઠવા,	: સીવીલ કોર્ટ (જુ. ડી.), હાલોલ,	પેપર નં. ૨.

નીમ્ન શ્રેણી પરીક્ષા :

૧.	શ્રીમતી એચ. એન. વકીલ,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા
૨.	શ્રી એમ. કે. દેવડા,	: સીવીલ કોર્ટ (જુ. ડી.), ઝાલોદ.
૩.	શ્રી એન એસ. ફાર્મેર,	: સીવીલ કોર્ટ (સી. ડી.), ગોધરા.
૪.	શ્રી કે. કે. દવે,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૫.	શ્રી એ. પી. પ્રજાપતી,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૬.	શ્રી જે. એ. ડાભી,	: જો. સીવીલ કોર્ટ (જુ. ડી.), ગોધરા.
૭.	શ્રી ડી. આર. વસાવા,	: ડીસ્ટ્રીકટ કોર્ટ, ગોધરા.
૮.	શ્રી આર. બી. રાઠવા,	: સીવીલ કોર્ટ (જુ. ડી.), હાલોલ.
૯.	શ્રી એસ. એફ. બારૈયા,	: સીવીલ કોર્ટ (જુ. ડી.), ઝાલોદ.
૧૦.	શ્રી કે. એફ. પરમાર,	: જો. સીવીલ કોર્ટ (જુ. ડી.), બારીયા-લીમખેડા.

ગોધરા, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

હિતા ગ. પંડ્યા,
જિલ્લા ન્યાયાધીશ,
ગોધરા.

Notification

No. Adm.1170 of 2003.- The following Assistants (Junior Clerks) working on the establishment of the Judicial District of Vadodara, are declared to have passed the Higher and Lower Standard Departmental Examination of the Judicial Department, held on 7th and 8th July, 2003. in the District Court, Vadodara in pursuance of Paragraph 569 of the Civil Manual 1960.

Their names are arranged in order of merits.

Sr. No.	Name of the Candidate with Seat Number	Designation & Office in which working	Remarks
1	2	3	4
	HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION		
	PART – I		
	Candidates appearing in all papers		
1.	Shri U. V. Jadav – (35)	Assistant, District Court, Vadodara.	

1	2	3	4

PART – II

Candidates who obtained exemption in one or more than one paper in previous attempts :–

1.	Shri Y. N. Bhatt – (5)	Assistant, Civil Court, (J. D.), Padra.
2.	Shri S. M. Rathwa – (6)	Assistant, Civil Court, (J. D.), Chhotaudepur.
3.	Shri V. D. Bhagat – (17)	Assistant, District Court, Vadodara.
4.	Shri S. C. Gosai – (20)	Assistant, J. M. F. C. (4th Court), Vadodara.

The following candidates, though fail at the Higher Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :–

					Paper No.
1.	Shri G. G. Shaikh	–	(3)	Assistant, J. M. F. C. (Muni. Court), Vadodara.	I V
2.	Shri D. B. Patel	–	(10)	Assistant, District Court, Vadodara.	I
3.	Smt. M. V. Shah	–	(14)	Assistant, Civil Court, (S. D.), Vadodara.	I
4.	Shri H. N. Joshi	–	(15)	Assistant, Chief Judi. Magi. Court, Vadodara.	I & IV
5.	Shri M. B. Vasava	–	(16)	Assistant, Civil Court, (S. D.), Vadodara.	I V
6.	Smt. S. M. Rathod	–	(21)	Assistant, J.M.F.C. (1st Court), Vadodara.	I
7.	Smt. M. N. Desai	–	(23)	Assistant, Civil Court, (S. D.), Vadodara.	I
8.	Shri V. B. Prajapati	–	(24)	Assistant, Civil Court, (S. D.), Vadodara.	I
9.	Shri R. S. Amin	–	(25)	Assistant, Distric Legal Services Authority, Vadodara.	I
10.	Shri P. B. Patwardhan	–	(26)	Assistant, District Court, Vadodara.	I
11.	Kum. Z. F. Pathan	–	(27)	Assistant, Civil Court, (J.D.), Karjan.	I V
12.	Smt. R. H. Pradhan	–	(28)	Assistant, District Court, Vadodara.	I & II
13.	Smt. K. M. Majmundar	–	(29)	Assistant, Small Cause Court, Vadodara.	I V
14.	Shri K. H. Vasava	–	(30)	Assistant, District Court, Vadodara.	I, II, IV
15.	Kum. M. C. Vasava	–	(31)	Assistant, Civil Court, (S.D.), Vadodara.	I
16.	Shri J. K. Surti	–	(32)	Assistant, Civil Court, (S.D.), Vadodara.	I & II
17.	Smt. J. J. Pandya	–	(33)	Assistant, Civil Court, (S.D.), Vadodara.	I

1	2			3	4
18.	Kum. A. R. Sinde	–	(34)	Assistant, Civil Court, (J.D.), Savli.	I, II, IV
19.	Smt. S. A. Kulkarni	–	(38)	Assistant, District Court, Vadodara.	I
20.	Shri. D. R. Gandhi	–	(39)	Assistant, J.M.F.C. (2nd Court), Vadodara.	I & IV
21.	Shri H. R. Dodia	–	(40)	Assistant, District Court, Vadodara.	I, & IV
22.	Smt. S. P. Bhave	–	(41)	Assistant, J.M.F.C. (3rd Court), Vadodara.	I
23.	Shri P. R. Kapadia	–	(42)	Assistant, Civil Court, (S.D.), Vadodara.	I

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

PART – I

Candidates appearing in all papers

1.	Shri R.C. Desai	–	(12)	Assistant, J.M.F.C. (Traffic Court), Vadodara.
2.	Shri M. B. Prajapati	–	(14)	Assistant, Civil Court, (J.D.), Savli.
3.	Shri N. Y. Vohra	–	(15)	Assistant, District Legal Services Authority, Vadodara.
4.	Kum. S. B. Rana	–	(16)	Assistant, Civil Court, (J.D.), Karjan.
5.	Shri R. B. Brahmbhatt	–	(17)	Assistant, Small Cause Court, Vadodara.
6.	Kum. S. H. Brahmbhatt	–	(18)	Assistant, Civil Court, (J.D.), Savli.
7.	Shri B. R. Prajapati	–	(19)	Assistant, Civil Court, (S.D.), Vadodara.
8.	Shri N. M. Padhiyar	–	(21)	Assistant, Civil Court, (J.D.), Karjan.
9.	Shri A. Y. Shah	–	(23)	Assistant, District Court, Vadodara.

PART – II

Candidates who obtained exemption in one or more than one paper in previous attempts :–

1.	Shri N. R. Vasava	–	(3)	Assistant, Civil Court, (J.D.), Sankheda.
2.	Shri D. N. Vasava	–	(6)	Assistant, Civil Court, (S.D.), Vadodara.
3.	Shri V. A. Thakkar	–	(13)	Assistant, Civil Court, (S.D.), Vadodara.

The following Assistants, though fail at the Lower Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :–

1	2			3	4
					Paper No.
1.	Shri B. B. Chaudhari	–	(9)	Assistant, Civil Court, (J. D.), Dabhoi.	Type Test
2.	Shri I. H. Rathwa	–	(11)	Assistant, Civil Court, (J. D.), Chhotaudepur.	Type Test
3.	Shri S. K. Shah	–	(22)	Assistant, Civil Court, (J. D.), Savli.	II
4.	Shri B. M. Makwana	–	(24)	Assistant, Civil Court, (J. D.), Savli.	II

Vadodara, 30th August, 2003.

J. C. UPADHYAYA,
District Judge,
Vadodara.

જાહેરનામું

ક્રમાંક સીબી/૧૧૭૦/સને-૨૦૦૩.–વડોદરા જિલ્લાના ન્યાયખાતાનાં મહેકમના નીચે જણાવેલ આસીસ્ટન્ટની તારીખ ૭ અને ૮ જુલાઈ, ૨૦૦૩ ના રોજ જિલ્લા ન્યાયાલય, વડોદરામાં સીવીલ મેન્યુઅલ, ૧૯૬૦ના ફકરા-૫૬૯ અન્વયે લેવામાં આવેલી ન્યાયખાતાની ઉચ્ચ તથા નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલાં જાહેર કરવામાં આવે છે, તેઓના નામ ગુણવત્તા પ્રમાણે ગોઠવવામાં આવેલાં છે.

અનુ. નંબર ૧	ઉમેદવારનું નામ તથા બેઠક નંબર ૨		હોદ્દો તથા તેઓ જે કચેરીમાં કામ કરે છે તે કચેરીનું નામ ૩	શેરો ૪

: ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા :

ભાગ – ૧

બધા પ્રશ્નપત્રોમાં બેઠા હોય તેવા ઉમેદવારો

(૧)	શ્રી યુ. વી. જાદવ	(૩૫)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, વડોદરા.

ભાગ – ૨

અગાઉના પ્રયાસોમાં એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં મુક્તિ મેળવી હોય તેવા ઉમેદવારો.

(૧)	શ્રી વાય. એન. ભટ્ટ	(૦૫)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), પાદરા.
(૨)	શ્રી એસ. એમ. રાઠવા	(૦૬)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), છોટાઉદેપુર.
(૩)	શ્રી વી. ડી. ભગત	(૧૭)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, (જુ.ડી.), વડોદરા.
(૪)	શ્રી એસ. સી. ગોસાઈ	(૨૦)	આસીસ્ટન્ટ, જ્યુડી. મેજિ. ફ. ક., ચોથી કોર્ટ, વડોદરા.

નીચે જણાવેલા ઉમેદવારો ન્યાયખાતાની ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં અનુતિર્ણ થયેલાં હોવા છતાં તેઓને તેમનાં નામ સામે જણાવેલ પ્રશ્નપત્રેમાંથી મુક્તિ આપવામાં આવે છે.

				પેપર નંબર
(૧)	શ્રી જી. જી. શેખ	(૦૩)	આસીસ્ટન્ટ, જ્યુડી. મેજિ. ફ.ક., મ્યુનિ. કોર્ટ, વડોદરા.	૪

INDEX

૧	૨		૩	૪
(૨)	શ્રી ડી. બી. પટેલ	(૧૦)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૧
(૩)	શ્રીમતી એમ. વી. શાહ	(૧૫)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧
(૪)	શ્રી એચ. એન. જોષી	(૧૫)	આસીસ્ટન્ટ, ચીફ જ્યુડી. મેજિ. કોર્ટ, વડોદરા.	૧ અને ૪
(૫)	શ્રી એમ. બી. વસાવા	(૧૬)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૪
(૬)	શ્રીમતી એસ. એમ. રાઠોડ	(૨૧)	આસીસ્ટન્ટ, જ્યુડી. મેજિ. ફ. ક., પહેલી કોર્ટ, વડોદરા.	૧
(૭)	શ્રીમતી એમ. એન. દેસાઈ	(૨૩)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧
(૮)	શ્રી વી. બી. પ્રજાપતિ	(૨૪)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧
(૯)	શ્રી આર. એસ. અમીન	(૨૫)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, લીગલ સર્વિસીઝ ઓથોરિટી, વડોદરા.	૧
(૧૦)	શ્રી પી. બી. પટવર્ધન	(૨૬)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૧
(૧૧)	કુ. ઝેડ. એફ. પઠાણ	(૨૭)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.) કરજણ.	૪
(૧૨)	શ્રીમતી આર. એચ. પ્રધાન	(૨૮)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૧ અને ૨
(૧૩)	શ્રીમતી કે. એમ. મજમુંદાર	(૨૯)	આસીસ્ટન્ટ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.	૪
(૧૪)	શ્રી કે. એચ. વસાવા	(૩૦)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૧, ૨ અને ૪
(૧૫)	કુ. એમ. સી. વસાવા	(૩૧)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧
(૧૬)	શ્રી જે. કે. સુરતી	(૩૨)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧ અને ૨
(૧૭)	શ્રીમતી જે. જે. પંડ્યા	(૩૩)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧
(૧૮)	કુ. એ. આર. શીંદે	(૩૪)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), સાવલી.	૧, ૨ અને ૪
(૧૯)	શ્રીમતી એસ. એ. કુલકર્ણી	(૩૮)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૧
(૨૦)	શ્રી ડી. આર. ગાંધી	(૩૯)	આસીસ્ટન્ટ, જ્યુડી. મેજિ. ફ.ક., બીજી કોર્ટ, વડોદરા.	૧ અને ૪
(૨૧)	શ્રી એચ. આર. ડોડીયા	(૪૦)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરા.	૧ અને ૪

INDEX

૨		૩	૪
એસ. પી. ભાવે	(૪૧)	આસીસ્ટન્ટ, જ્યુડી. મેજિ. ફ.ક., ત્રીજી કોર્ટ, વડોદરા.	૧
પી. આર. કાપડીયા	(૪૨)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.	૧

: નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા :

ભાગ – ૧

બધા પ્રશ્નપત્રોમાં બેઠાં હોય તેવા ઉમેદવારો

(૧)	શ્રી આર. સી. દેસાઈ	(૧૨)	આસીસ્ટન્ટ, જ્યુડી. મેજિ. ફ.ક., ટ્રાફીક કોર્ટ, વડોદરા.
(૨)	શ્રી એમ. બી. પ્રજાપતિ	(૧૪)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), સાવલી.
(૩)	શ્રી એન. વાય. વોરા	(૧૫)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, લીગલ સર્વિસીઝ ઓથોરિટી, વડોદરા.
(૪)	કુ. એસ. બી. રાણા	(૧૬)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), કરજણ.
(૫)	શ્રી આર. બી. બ્રહમભટ્ટ	(૧૭)	આસીસ્ટન્ટ, સ્મોલ કોઝ કોર્ટ, વડોદરા.
(૬)	કુ. એસ. એચ. બ્રહમભટ્ટ	(૧૮)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), સાવલી.
(૭)	શ્રી બી. આર. પ્રજાપતિ	(૧૯)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.
(૮)	શ્રી એન. એમ. પઢીયાર	(૨૧)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), કરજણ.
(૯)	શ્રી એ. વાય. શાહ	(૨૩)	આસીસ્ટન્ટ, ડીસ્ટ્રીક્ટ કોર્ટ, (જુ.ડી.), વડોદરા.

ભાગ – ૨

અગાઉના પ્રયાસોમાં એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં મુક્તિ મેળવી હોય તેવા ઉમેદવારો.

(૧)	શ્રી એન. આર. વસાવા	(૦૩)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), સંખેડા.
(૨)	શ્રી ડી. એન. વસાવા	(૦૬)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.
(૩)	શ્રી વી. એ. ઠક્કર	(૧૩)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (સી.ડી.), વડોદરા.

નીચે જણાવેલા ઉમેદવારો ન્યાયખાતાની નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં અનુત્તિર્ણ હોવા છતાં તેઓને તેમનાં નામ સામે જણાવેલ પ્રશ્નપત્રમાંથી મુક્તિ આપવામાં આવે છે.

				પેપર નંબર
(૧)	શ્રી બી. બી. ચૌધરી	(૦૯)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી), ડભોઈ.	ટાઈપ ટેસ્ટ

INDEX

૧	૨		૩	૪
(૨)	શ્રી આઈ. એચ. રાઠવા	(૧૧)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), છોટાઉદેપુર.	ટાઈપ ટેસ્ટ
(૩)	શ્રી એસ. કે. શાહ	(૨૨)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), સાવલી.	૨
(૪)	શ્રી બી. એમ. મકવાણા	(૨૪)	આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, (જુ.ડી.), સાવલી.	૨

વડોદરા, તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૩.

જે. સી. ઉપાધ્યાય,
જિલ્લા ન્યાયાધીશ,
વડોદરા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એમ.ઈ.ડી./વશી/૧૪૨૬./૨૦૦૩.–પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના જંત્રાલ ગામ કોલેરા પોઝીટીવ તરીકેનો કેશ થયેલ હોવાથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નંબર નિરોગ/ટેકની/કોલેરા/૨૨૭૯/૨૨૮૦, તારીખ ૧૬/૮/૨૦૦૩ થી નીચે જણાવેલ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવા માંગણી કરેલ છે.

તાલુકાનું નામ	ગામનું નામ
કાલોલ	જંત્રાલ

ઉપરોક્ત સંજોગોમાં જાહેર આરોગ્યની સલામતી માટે પગલા લેવા જરૂરી જણાય છે. વાસ્તે, હું મનોજ અગ્રવાલ, (આઈ. એ. એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા કોલેરા રેગ્યુલેશન એક્ટની કલમ-૨ અને કલમ-૩ અન્વયે મળેલ અધિકારની રૂએ કાલોલ તાલુકાના જંત્રાલ ગામને કોલેરાગ્રસ્ત તરીકે જાહેર કરૂં છું. મામલતદારશ્રી કાલોલને તાલુકાના સમગ્ર વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્ત કરૂં છું. તેઓશ્રીએ કોલેરા રેગ્યુલેશન એક્ટ મુજબ નિયમોનુસાર પગલાં લેવા કાર્યવાહી કરવી.

આ જાહેરનામું બહાર પાડયા તારીખથી ૬ (છ) માસ સુધી અમલમાં રહેશે.

ગોધરા, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

મનોજ અગ્રવાલ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું.

નં. ડી/એમએજી/૧/બી.પી.એ./વશી.–માહે સપ્ટેમ્બર, ૨૦૦૩ના માસમાં તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩થી ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ દરમ્યાન અંબાજી મુકામે ભાદરવી પુનમનો મેળો ભરાનાર હોઈ આ તમામ પ્રસંગોને ધ્યાનમાં રાખી લોકોની જાહેર સલામતી જોખમાય તેવો સંભવ હોવાથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી. એકઠા કરવા નહી.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહી.

વાસ્તે હું, એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મનાઈ કરૂં છું.

આ હુકમ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યક્તિ કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કંઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરિક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

આજ રોજ તારીખ ૨૮મી માહે ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી-૪૬૩૬ થી ૪૬૫૧.–ભરૂચ જિલ્લામાં પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવનાર છે. સદર શોભાયાત્રામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રીત થશે. અનુભવે જણાયેલ છે કે ગણેશજીના વિસર્જનની શોભાયાત્રામાં જોડાયેલ તથા અન્ય લોકો દ્વારા ઝટપટ પાવડરનો છૂટથી ઉપયોગ થાય છે. ઝટપટ પાવડરમાં સમાવિષ્ટ ઝેરી કેમીકલ્સનાં કારણે વિપરિત અસર થાય છે. જેથી ગણેશજી મૂર્તિઓની શોભાયાત્રા દરમ્યાન ઝટપટ પાવડરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ જિલ્લામાં તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ દરમ્યાન ગણેશજીની શોભાયાત્રા નિકળનાર છે. તેમાં ઝટપટ પાવડરનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આથી ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઉક્ત કાયદાની કલમ-૧૩૧ પ્રમાણે સજાને અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ સને ૨૦૦૩નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૬૫૨ થી ૪૬૭૬ સુધી.– અંકલેશ્વર શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે ચૌટા બજાર વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના સવારના ૧૧-૦૦ થી રાત્રીના ૦૮-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોય, જાહેર જનતાની સલામતી માટે તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ને મંગળવારના રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ને મંગળવારના દિવસે સવારના ૧૧-૦૦ કલાકથી રાત્રીના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિં.

વિસ્તારઃ-

(૧) અંકલેશ્વર-હાંસોટ જતા રોડ પૈકી પિરામણ નાકાથી ભરૂચી નાકાનો રસ્તો.

(૨) હાંસોટથી અંકલેશ્વર આવતો રોડ પૈકી ભરૂચી નાકાથી પિરામણનાકા સુધીનો રસ્તો.

સદર માર્ગ બંધ થવાથી પિરામણ નાકાથી સુરતી ભાગોળ થઈ કાગદીવાડ કસ્બાતીવાડ થઈ સર્વોદય નગર થઈ એશીયાદ નગર થઈ જકાતનાકા થઈ હાંસોટ તરફ વાહન વ્યવહાર ચાલુ રહેશે.

ઉપરોક્ત માર્ગો ઉપરથી પસાર થતા ગણપતિ વિસર્જનના સરઘસમાં ગણપતિની મૂર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુક્તિ રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૪૭૦૩ થી ૪૭૨૭ સુધી.– ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જન તહેવાર અંગે સોનેરી મહેલ વિસ્તારમાં રાબેતા મુજબ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ સવારના ૯-૦૦ થી રાત્રીના ૮-૦૦ કલાકના સમય દરમ્યાન ગણેશ વિસર્જનના સંદર્ભે શોભાયાત્રા નિકળનાર હોવાથી અને તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થનાર હોવાથી જનતાની સલામતી માટે તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ને મંગળારના રોજ વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, એમ. એસ. ઠક્કર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના મંગળવારના દિવસે સવારના ૯-૦૦ કલાકથી રાત્રીના ૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રહેશે. આ હુકમ પોલીસ કે બીજા સરકારી અધિકારી કે જે પોતાની ફરજ અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહિ.

INDEX

વિસ્તાર

(૧) પાંચ બત્તીથી સોનેરી મહેલ સુધી.

(૨) લલ્લુભાઈ ચકલાથી ભોઈવાડ સોનેરી મહેલ સુધી.

(૩) કતોપોર સ્લોપથી કોઠી થઈ સોનેરી મહેલ સુધી.

(૪) હાજીખાના બજાર ત્રણ રસ્તાથી સોનેરી મહેલ સુધી.

(૫) લાલબજાર લલ્લુભાઈ ચકલા સુધીનો માર્ગ.

(૬) મોટા ચાર રસ્તાથી વેજલપુર નાના ચાર રસ્તા તરફ.

ઉપરોક્ત માર્ગો ઉપરથી પસાર થતા ગણપતિ-વિસર્જનની શોભાયાત્રા ગણપતિની મૂર્તિ બેસાડેલ ગોઠવેલ હોય તેવા વાહનોને પણ આ સમય પુરતી જ મુક્તિ રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૨૭મી ઓગષ્ટ સને ૨૦૦૩નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

એમ. એસ. ઠક્કર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે જાહેર.

ક્રમાંક/ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૦૬૬.-પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું બહાર પાડવુ જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવુ છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩થી ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ (બંને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી, કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઇ સરઘસ કાઢવું નહી.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઇ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ ની કલમ-૩૭ (૧) મુજબ જાહેર.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૦૬૭.-તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ દરમ્યાન જિલ્લામાં ગણેશોત્સવ તથા પર્યુષણ પર્વની પણ ઉજવણી થનાર હોઇ તે ધ્યાને રાખતાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ યોગ્ય રીતે જળવાય અને વાતાવરણ શાંતિમય રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ - ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા આથી ફરમાવું છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ (બન્ને દિવસો સહીત).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઇ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા પત્રકો, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી બતાવવા નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યક્તિઓને જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું હથીયાર લઇ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર.

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૦૬૮.-પંચમહાલ જિલ્લામાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩થી ગણપતિ ઉત્સવની ઉજવણી થનાર છે, તથા તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધીમાં જુદી જુદી તારીખોએ જુદા જુદા સ્થળે વિસર્જન થનાર છે. સાર્વજનિક સ્થળોએ ગણપતિ સ્થાપના કરી જાહેર કાર્યક્રમ રાખવામાં આવે છે. સામાન્ય રીતે ગણપતિ વિસર્જન અંગે શોભાયાત્રાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગો દરમ્યાન થતા નાચગાનમાં જુદા જુદા પ્રકારનાં રંગો, ગુલાલ, અબીલ વિગેરે પદાર્થોનું બહોળા પાયે ઉપયોગ થાય છે. તેથી શરીરના કોમળ ભાગો અને મુખ્યત્વે આંખોને હાની પહોંચવાની શક્યતાઓ રહેલી છે. જેથી આવી મુશકેલીઓ નિવારવા માટે આંખ તેમજ શરીરને હાની કરે તેવા પાવડર પદાર્થ કે ભૂકીનાં વિતરણ, વેચાણ અને છંટકાવ અટકાવવો જરૂરી છે.

આથી હું, બી. એન. ડામોર (જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, સને. ૧૯૭૩નાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ મુજબ પંચમહાલ જીલ્લાનાં કોઇ પણ સ્થળે આંખ તેમજ શરીરને નુકશાન કરે તેવા પાવડર કે અન્ય સ્વરૂપનાં પદાર્થના વેચાણ, વિતરણ ઉપયોગ ઉપર તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩થી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહિત) પ્રતિબંધ ફરમાવું છું. તેમજ ગણપતિ વિસર્જનની શોભાયાત્રા દરમ્યાન કોઇ પણ વ્યક્તિએ આવો આંખ તેમજ શરીરને હાની પહોંચાડે તેવો પાવડર કે ભુકો કે પદાર્થ પોતાની પાસે રાખવો નહી કે તેનો ઉપયોગ કરવો નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનો જાહેર.

ક્રમાંક /ઉ/મકપ/મજસ/વશી/૨૦૮૮.-પંચમહાલ જિલ્લાનાં સંતરામપુર ખાતે સંતરામપુર પોલીસ સ્ટેશનની હદમાં સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા વિસ્તારમાં રાવડીનો મેળો તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩થી તા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી રાત દિવસ દરમ્યાન ભરાનાર છે. આ મેળોમાં પંચમહાલ-દાહોદ- સાબરકાંઠા જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યોમાંથી ઘણા મોટા પ્રમાણમાં માનવ મેદની એકત્ર થાય તેમ છે. સંતરામપુર સુકી નદીનો પુલ જર્જરીત હોઇ કોઇ મોટી દુર્ઘટના થતી અટકાવવા, તેમજ હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને રાખતા, લોકોની સલામતી જાળવી રાખવા, સદરહુ ''રાવડી''ના મેળામાં લોકોને એકત્ર થતા રોકવા માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવુ જરૂરી જણાય છે.

આથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા, આથી ફરમાવુ છું કે, તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ (બંને દિવસો સહ) સુધી સંતરામપુર ટાઉન તથા પ્રતાપપુરા સ્થળે ''રાવડી''ના મેળા માટે લોકોએ એકત્ર થવું નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરતા શખ્સને ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ અને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૫મી માહે સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી, કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (સને-૧૯૫૧ના ૨૨મા)ની કલમ ૩૭(૩) મુજબનું.

નંબર એમએજી/વશી/૩૩૦૧/૨૦૦૩.--આગામી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ દરમ્યાન ''ગણેશ ઉત્સવ'' ઉજવાનાર હોઈ, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) દરમ્યાન થનાર ઉજવણી અન્વયે સુરત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. જેથી જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના હકુમત હેઠળના સુરત (રૂરલ) જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને-૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭(૩) ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, ફરમાવું છું કે, સુરત (રૂરલ) જિલ્લામાં તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ ના રોજથી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ (બન્ને દિવસો સુધ્ધાં) સુધી ચાર કરતાં વધુ માણસોની સભા ભરવી કે, બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા, એસ. ટી. બસમાં કે રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા લોકો તથા મંદિર, મસ્જીદ કે દેવળમાં પ્રાર્થના માટે શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨ માં) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ રોજ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧)(૨) અન્વયેનું.

નંબર એમએજી/વશી/૩૬૩૧/૨૦૦૩.—આગામી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ દરમ્યાન "ગણેશ ઉત્સવ" ઉજવાનાર હોઈ, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) દરમ્યાન સુરત જિલ્લા (રૂરલ) વિસ્તારમાં શાંતિ અને કોમી એખલાસભર્યું વાતાવરણ જળવાય રહે તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. વાસ્તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાર૨માં અધિનિયમ) ની કલમ-૩૭ ની પેટા કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, સુરત જિલ્લા વિસ્તારમાં તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સુધ્ધા) કોઈપણ વ્યક્તિએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહી તથા તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી, બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહીં.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી (રૂરલ), સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) મુજબનું.

નંબર એમએજી/ગણપતિ વિસર્જન/ગાય પગલા/૨૦૦૩.—સુરત જિલ્લાના કામરેજ તાલુકાના તાપી નદીના ગાયપગલા ઓવારે તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ ગણેશવિસર્જન થનાર છે. આ સ્થળે ગણપતિ વિસર્જનના પ્રસંગે અગાઉના વર્ષોમાં ઘણા લોકો અકસ્માતે નદીના પાણીમાં ડૂબી જવાના બનાવો બનેલા છે. આ જગ્યાએ નદીના કિનારે પાણી ઉંડા છે તથા પટનો મોટો વળાંક હોઈ પાણીથી કિનારાની દિવાલો નીચેના ભાગેથી ધોવાઈ જતાં પોલાણમાં પાણી ભરાયેલા રહેતા હોઈ ગણપતિ વિસર્જનની કામગીરીમાં રોકાયેલા લોકો ઉંડા કિનારામાં કોતરમાં ભરાઈ જતાં મોટી જાનહાનિ થવાનો ભય છે. વાસ્તે, કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ કામરેજમાં તાપી નદીના ગાયપગલા ઓવારે ગણેશવિસર્જન પર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાયું છે.

સબબ હું, જે. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી) થી મળેલા અધિકારની રૂએ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના કામરેજ મુકામે તાપી નદીના ગાયપગલા ઓવારે કોઈપણ વ્યક્તિએ, જનસમુદાયે ગણપતિવિસર્જનના હેતુસર જવું નહી અને ગાયપગલા ઓવારે વિસર્જન કરવું નહીં. જે માટે પ્રતિબંધ ફરમાવું છું. આ હુકમનો અમલ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ (બંને દિવસો સુધ્ધાં) ચાલુ રહેશે.

નોંધ :- ગાયપગલાં ઓવારામાં ઓવારાની આજુબાજુ તાપી નદીને લાગુની જગ્યા અથવા વિસ્તારનો પણ સમાવેશ ગણવાનો છે.

આજ રોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક/મકડ/પી.ઓ.એલ./વશી.૨૦૨૨-૩૧/૨૦૦૩.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા ગણેશ ચતુર્થીના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૩થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, ચપ્પુ, છરી, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા તેનો ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે.

આજ તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક/મકડ/પીઓએલ/વશી-૨૦૩૨-૪૧/૨૦૦૩.-જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા ગણેશચતુર્થીના તહેવારને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૨૩મી ઓગષ્ટ, ૨૦૦૩ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યક્તિઓ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાઓએ લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહું હુકમનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫-(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
આહવા.

સબ ડીવીઝન મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/વશી/૨૦૦૩.-આજરોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ ગોધરા શહેરમાં ગણપતિ વિસર્જન સમયે એકાએક અસામાજીક તત્વોએ ગણપતિ વિસર્જન શોભાયાત્રા ઉપર કરેલ

INDEX

પથ્થરમારો તથા આગ અને લુટફાટના બનાવો કરી તોફાન શરૂ કરેલાની માહિતી મળેલ છે. અને ગોધરા શહેરમાં તંગદીલી ભર્યુ વાતાવરણ છે. ગોધરા શહેર વિસ્તારમાં લોકોના જાન માલ જોખમ અને ભયમાં મુકાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને તેવી રીતે જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા તથા તેને અંકુશમાં લેવાનો અને ઝડપી ઉપાયો યોજવાનું ઈચ્છનીય છે.

તેથી હું, જે. ડી. જોષી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ગોધરા પ્રાંત, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ :૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોના રહેવાસીઓએ તેમા અવર જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલ વિસ્તાર પુરતુ અને અનુસૂચિમાં દર્શાવેલ કલાક દરમ્યાન ઉપરોક્ત વિસ્તારની અંદર આવેલ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહીં. વાહન હંકારવું નહીં, ચલાવવું નહીં, ઉભા રહેવું નહીં, રખડવું નહીં, અથવા હરવું ફરવું નહી, અથવા તેનો બીજો કોઈ ઉપયોગ કરવો નહીં.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	સમય
ચોકી નં. ૧ મકન કુવા પુરતોજ	
ચોકી નં. ૨ રાણી મસ્જીદ થી ચોકી નં. ૩ તરફનો વિસ્તાર	અચોક્કસ મુદત સુધી
ચોકી નં. ૩ સમગ્ર	
ચોકી નં. ૪ સમગ્ર	
ચોકી નં. ૬-૭ સમગ્ર	

આ હુકમ આ કચેરીના અધિકૃત કરેલા અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યક્તિઓએ તથા ફરજ પરની પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓને લાગુ પડશે નહી.

મેં આજરોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

ગોધરા, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/વશી-૧૦૯૨/૨૦૦૩.-આ કચેરીના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના હુકમ ક્રમાંક ઉ/મકમ/વશી-૧૯૯૦/૦૩ થી ઉક્ત હુકમમાં જણાવેલ પોલીસ ચોકી વિસ્તારમાં તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ સાંજના ૫-૩૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમાં પોલીસ ખાતા ધ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે નીચે જણાવેલા વિસ્તારોમાં કરફ્યુ મુક્તિ માટે જણાવતાં, તે વિગતે ધ્યાને લઈ ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી અમલમાં રહેલ અચોક્કસ મુદતના કરફ્યુના સમયમાં નીચે મુજબના સમય માટે કરફ્યુ મુક્તિ આપવા હુકમ કરવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુક્તિ વિસ્તાર	કોના માટે
તા.૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩.	બપોરના ૨-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી	તમામ વિસ્તાર	તમામ માટે

ઉપરોક્ત કરફ્યુ મુક્તિનો સમય પુરો થતા અત્રેના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના અચોક્કસ મુદતનો કરફ્યુનો હુકમ અમલમાં રહેશે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. જોષી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
ગોધરા પ્રાંત, ગોધરા.

કાર્યપાલક મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫ મુજબ.

નંબર. એમએજી/બિનવારસી મુદ્દામાલ/વશી/૨૦૦૩.- ગુજરાત રાજ્યના નવસારી જીલ્લાના નવસારી તાલુકાના નવસારી (ગ્રામ્ય) પો. સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર નવસારી (ગ્રામ્ય) તરફથી નીચે જણાવેલ વિગતનો બીન વારસી મુદ્દામાલનો કોઈ માલીકી હક્ક દાવો આવેલ ન હોય તેના માલીકી હક્ક ધરાવતાં હોય તો તેઓએ આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી છ માસની અંદર સદર મિલ્કત પોતાની હોવાની ખાત્રી કરી અત્રેથી મેળવી લેવા તજવીજ કરવી જે કોઈ પણ ઈસમ મુદત વીતી ગયા બાદ હાજર થશે તો તેઓના હક્ક બાબતે કોઈ દાવો ચાલશે નહી અને તમામ ચીજો સરકારી મિલ્કત તરીકે હરાજી કરી તેની જે કિંમત ઉપજશે તે સરકાર શ્રીમાં જમા કરાવવામાં આવશે જેની સર્વે લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે.

અનુ. નં.	બીન વારસી મુદ્દામાલનું વર્ણન
૧	લ્યુના GRV ૦૯ ૧ (એક)
૨	બજાજ સ્કુટર GTN ૪૮૭ ૧ (એક)

INDEX

૩	સાયકલ ૪ (ચાર)
૪	રેલ્વેના સ્લીપર જુના ૧૬ (સોળ)
૫	સ્કુટર GRB ૪૪૦૭ ૧ (એક)
૬	ફીયાટ MMW ૩૫૬૬ ૧ (એક)
૭	પ્લાસ્ટીક બેરલ ૨૯ (ઓગણત્રીસ) કાળા ૨ (બે) પાઈપ સળીયા પલંગ પ્રાયમસ જુના વાસણ થાળી ગ્લાસ તપેલા વિ.
૮	મારૂતિ ફ્ન્ટી ગ્રીન કલર ૧ (એક)
૯	લ્યુના સુપર બ્લ્યુ કલર ૧ (એક)
૧૦	બજાજ સ્કુટર GUB ૨૩૦૧ ૧ (એક)
૧૧	સ્કુટર જીજેએલ ૪૬૮૬ ૧ (એક)
૧૨	હિરો હોન્ડા GBV 2318 ૧ (એક)
૧૩	બજાજ મોટર સાયકલ GCK ૩૪૨૭ ૧ (એક)
૧૪	ટાટા સુમો સફેદ કલર ૧ (એક)
૧૫	હિરો હોન્ડા જીજે ૧૫ M ૭૦૮૬ ૧ (એક)
૧૬	હીરો હોન્ડા જીજે ૫ S ૬૮૦૭ ૧ (એક)
૧૭	૩ બેરલમાં કાળુ ઓઈલ
૧૮	રીક્ષા ને MH 02 Q ૬૧૫૭ ૧ (એક)
૧૯	સુઝુકી મોટર સાયકલ ૧ (એક)

નવસારી, તારીખ ૨૬મી જુન, ૨૦૦૩.

આર. ટી. ચૌધરી,
કાર્યપાલક મેજીસ્ટ્રેટ,
નવસારી, (ગ્રામ્ય).

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, SEPTEMBER 25, 2003 / ASVINA 3, 1925 [No. 39

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

Part	Contents	Pages	Part	Contents	Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	709-730	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	595-618
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	39	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	10669 10758

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

ક્રમાંક એસ.બી./જાહેરનામું/પ્રા.સિ./૩૫૯૪/૨૦૦૩.- વડોદરા શહેરમાં આગામી છાણી ગ્રામપંચાયતની સામાન્ય પેટા-ચૂંટણી તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ થવાની છે. અને તે અંગે મતદાન તથા મત નોંધણી કરવા વિવિધ મતદાન મથકો ખોલવામાં આવેલ છે.

મોટાભાગના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સારૂ મોટી સંખ્યામાં મતદાન કરવા મતદાન મથકો ઉપર એકઠા થશે. જેથી મતદાન મથક ઉપર ભીડ રહેવા સંભવ છે. જેથી મતદાન મથકો અને તેની આજુબાજુના વિસ્તારમાં વ્યવસ્થા જાળવવાની જરૂરીયાત છે.

વાસ્તે હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે

જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૦ નીચની પેટા-કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ)ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના કલાક ૦૦-૦૦ થી કલાક ૨૦-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) દરેક મતદાર મતદાન મથકમાં પ્રવેશ પાસે હારમાં ઉભા રહેશે.

(૨) દરેક મતદાર મતદાન મથકમાં પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થશે.

(૩) મતદાન કર્યા પછી તાત્કાલીક મતદાન મથક છોડી જશે.

(૪) કોઇ પણ વાહન પોલીંગ બુથમાં ૨૦૦ મીટરની અંદર પ્રવેશ કરશે નહિ સિવાય કે ફરજ પરના અધિકારીના વાહનો.

(૫) ૨૦૦ મીટરની અંદર કોઇપણ જાતના સુત્રોચ્ચાર પોકારવા નહી.

(૬) ૨૦૦ મીટરની અંદર ટેન્ટ તથા ટેબલ ખુરશી રાખી શકાશે નહી. અને કોઇ ઉમેદવાર મતદાનની ચીઠ્ઠી આપવા માટે બેસે નહી.

(૭) ૨૦૦ મીટરની અંદર ૪ કરતા વધારે માણસો ભેગા થવું નહી.

વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો છાણી પોલીસ સ્ટેશનનો મતદાન મતવિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨ માહે સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર,
વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

પ્રાથમિક જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ-૩૩ (૧) (ખ) (ગ) હેઠળનું.

નંબર ટ્રાફીક/જાહેરનામુ/૫૯૦૩-૧૦/૨૦૦૩.—મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈ-૨૨મો કલમ-૩૩ની પેટા-કલમ(૧) (ખ) તથા (ગ) આધારે મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલ જાહેરનામાંનો મુસદ્દો તેનાથી અસર તથા લાગતા વળગતા તમામ જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે કે કોઈપણ વ્યકિત તરફથી સદરહુ જાહેરનામુ સરકારના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કોઈપણ વાંધાઓ મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો :-

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (સને-૧૯૫૧નો) મુંબઇ-૨૨માં) કલમ-૩૩ની પેટા-કલમ-(૧) (ખ) (ગ) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં ટ્રાફીકની વૈકલ્પિક વ્યવસ્થા તેમજ લોકોને અગવડ ન થાય અને ટ્રાફીક વ્યવહાર સરળતાથી પસાર થાય તે માટે નીચે જણાવેલ વિસ્તાર માટે જણાવેલ વિગતે જાહેર કરવા નિયમ કરૂં છું :-

(૧) એકમાર્ગી રસ્તો કરવા બાબત. (વન વે)

(૧) ટાવરથી દશાલાડ વાડીથી પરબડી

(૨) વડોદરી ભાગોળથી ટાવર સુધી

(૩) ટાવરથી પટેલ વગા સ્ટેટ બેન્ક સુધી

(૪) ટાવર ચોકી તરફનો રસ્તો

(૨) ભારે વાહનો માટે પ્રતિબંધ (સમય સવારના ૮-૦૦ થી રાત્રીના ૮-૦૦ કલાક સુધી)

(૧) ટાવરથી છીપવાડ બજાર દશાલાડ વાડી સુધી

(૨) ટાવરથી કંસારા બજાર વડોદરી ભાગોળ સુધી

(૩) ટાવરથી સ્ટેશન રોડ ઉપર કલ્યાણ પોળ સુધી

(૪) ટાવરથી નાગરિક બેંક સુધી

(૩) ખાનગી વાહનો માટે

(૧) વડોદરી ભાગોળથી હીરાભાગોળ સુધી

(૨) ટાવરથી રેલ્વે સ્ટેશન સુધી

(૩) ટાવરથી મહુડી ભાગોળમાં, પાર્કીંગ રોડની બન્ને બાજુએ એકી-બેકી તારીખ મુજબ કરવાનું રહેશે.

રીક્ષા સ્ટેન્ડ	સંખ્યા
(૧) ટાવર	૨
(૨) ટાવર પાસે રતિલાલ છગનની દુકાન પાસે	૪
(૩) લાલ દરવાજા	૧
(૪) કન્યા શાળા	૪
(૫) સરકારી દવાખાના	૫
(૬) નાંદોદી ભાગોળ	૧૦
(૭) મહુડી ભાગોળ રાણાની હોટલ પાસે	૮
(૮) હીરાભાગોળ બહાર	૧૦

INDEX

રીક્ષા સ્ટેન્ડ	સંખ્યા
(૯) કાઝીવાડા મસ્જીદ	૩
(૧૦) રેલ્વે સ્ટેશન	૧૦
(૧૧) સરદાર શોપીંગ સેન્ટર	૫
(૧૨) શિનોર ચોકડી ગેસ્ટ હાઉસ પાસે	૫
(૧૩) હરીતાનગર ત્રણ રસ્તા પાસે	૫
(૧૪) એસ. ટી. ડેપો	૩૦
(૧૫) ટીંબી ફાટક	૧૦
(૧૬) અનસૂયા પાન સેન્ટર	૨

રીક્ષા સ્ટેન્ડ અંગે પો.ઇ. ડભોઇ તરફથી જરૂરી બોર્ડ મુકી અમલ કરવાનો રહેશે.

આજ રોજ તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

ભાગ્યેશ જહા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ના કલમ-૩૩ (૧) (એમ) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૩૩/૨૦૦૩.-અત્રેના જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ભડીયાદ ગામે બુખારી પીરની દરગાહ ઉપર તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી ઉર્સ/મેળા ભરાનાર છે. આ ઉર્સ/મેળામાં અત્રેના તથા આજુબાજુના જિલ્લાઓમાંથી આશરે ત્રણથી ચાર લાખ જેટલા યાત્રાળુઓ આવે છે. જેથી જાહેર જનતાની સ્વાસ્થ્યની સલામતી માટે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો તે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (એ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂં છું.

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ ગામે આવેલ તળાવના પાણીનો ઉપયોગ, ભડીયાદ ગામના નાગરિકો પીવા તથા વાપરવા માટે કરતા હોઇ, ઉર્સ/મેળામાં આવનાર કોઇપણ યાત્રાળુ કે અન્ય કોઇ વ્યકિત તલાવનું પાણી પ્રદુષિત થાય તેવું કે ગંદકી થાય તેવું કોઇ કૃત્ય તળાવની પાળથી આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કરી કે કરાવી શકશે નહિ.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧નો મુંબઇ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર/૩૪/૨૦૦૩.- આગામી દિવસોમાં ગણેશ વિસર્જનના તહેવારને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઇ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું :-

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, શોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઇંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી, અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઇપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતો હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વગેરે અને તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવવાની.

વિસ્તાર :- અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રુરલ વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર મહીના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ ૪૫)ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭-(૩) મુજબનો.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૩૫/૨૦૦૩.-આગામી દિવસોમાં ગણેશ વિસર્જનના તહેવારની ઉજવણીને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને-૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૩)થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટાગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઇ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજૂરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ ૪૫)ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું

નં. ઉ.મકપ-૨૦૦૩-વશી ૧૪૪૩.-પંચમહાલ જિલ્લાના નીચે જણાવેલ તાલુકાના ગામમાં કોલેરા પોઝીટીવનો કેસ થયેલ હોવાથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના પત્ર નંબર. નિરોગ/ટેક કોલેરા/૨૩૦૬-૦૮, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૩થી આ ગામને કોલેરા ગ્રસ્ત તથા તે તાલુકાને કોલેરા ગ્રસ્ત વિસ્તાર તરીકે તથા સમગ્ર હાલોલ તાલુકાને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવા માંગણી કરેલ છે.

	તાલુકાનું નામ	ગામનું નામ	રીમાર્કસ
(૧)	હાલોલ	પાવાગઢ	કોલેરા ગ્રસ્ત
(૨)	હાલોલ	સમગ્ર તાલુકો (શહેરી વિસ્તાર સહિત)	કોલેરા ભયગ્રસ્ત

ઉપરોક્ત સંજોગોમાં જાહેર આરોગ્યની સલામતી માટે સાવચેતીના પગલાં લેવા જરૂરી જણાય છે. વાસ્તે હું, મનોજ અગ્રવાલ (આઇ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, રેગ્યુલેશન એકટની કલમ-૨ અને કલમ-૩ અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ ગામોને કોલેરાગ્રસ્ત તરીકે અને આજુબાજુના આઠ

કી.મી. વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું.

કોલેરાગ્રસ્ત ગામનું નામ	કોલેરા ભયગ્રસ્ત તાલુકાનું નામ
પાવાગઢ	હાલોલ તાલુકો (શહેરી વિસ્તાર સહિત)

મામલતદારશ્રી, હાલોલને હાલોલ તાલુકાના વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્ત કરુ છું. જેમણે કોલેરા રેગ્યુલેશન એકટ મુજબ નિયમોનુસાર પગલાં લેવા કાર્યવાહી કરવી.

આ જાહેરનામું બહાર પાડયા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

ગોધરા, તા.૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩.

મનોજ અગ્રવાલ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેકટર દ્વારા

જાહેરનામું

ક્રમાંક/સીટીએસ/વશી-૧૯૩૩.-મુંબઇ જમીન મહેસુલ અધિનિયમ, સને ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ હું, રાજીવ ટોપનો (આઇ.એ.એસ;) કલેકટર ભરૂચ, આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટમાં ઉલ્લેખ કરેલ નીચે પ્રમાણેનાં વિસ્તારોને મોજે ભોલાવ તાલુકા-ભરૂચના સીટી લીમીટના ખેતીના નંબરો તથા ખેતી સિવાયના નંબરોની જમીનો આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ સીટી સર્વેની હદમાં સમાવિષ્ટ કરવા આથી નકકી કરવામાં આવે છે.

અ. નં. વિસ્તારની વિગત

૧. આ સાથેની યાદી મુજબના ખેતીના રેવન્યુ સર્વે નંબરો કુલ-૩૨ ક્ષેત્રફળ હે. આ. પ્રતિ તથા ખેતી સિવાયના કુલ-૧૭ રેવન્યુ સર્વે નંબર
૭૧-૮૯-૭૯

,, ૨૪-૫૦-૪૩

જાહેર નોટીશ

ક્રમાંક/સીટીએસ-વશી-૧૯૩૩.-સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક/સીટીએસ-૧૨૨૦૦૩-૨૫૩-હ, તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૦૩થી ભોલાવ, તાલુકા-ભરૂચ ગામે સીટી સર્વે દાખલ કરવાની મંજુરી મળેલ છે. જે અનુસાર સદર કામગીરી અંગે મહેકમની નિમણુંક કરવામાં આવી છે.

પ્રથમ આ કામગીરી માટે જરૂરી પ્રવર્ક તથા દૂરબીન માપણી કરવામાં આવશે જે અંગે જરૂર પડશે ત્યાં જમીનમાં દૂરબીન, પથ્થરો લાવવામાં આવશે આ માટે જાહેર જનતાના હિતમાં આ ખબર આપવામાં આવે છે કે માપણી કરનાર સર્વેયરો જયારે તેમના મહોલ્લામાં ગલીમાં કે રસ્તા ઉપર દૂરબીન પથ્થરો દાટવા અંગેની જગ્યા પસંદ કરે તે વખતે પોતાના મકાનમાં ખાળકુવા, વિગેરેને કોઇ નુકશાન થશે નહિ, દૂરબીન કામગીરી પૂરી થયા બાદ મિલકત પર પ્લેન ટેબલ માપણીની કામગીરી શરૂ થશે તે દરમ્યાન દરેક મિલ્કત ધારણ કરનાર તેમને અગાઉથી આપવામાં આવેલી તારીખ તેમના મહોલ્લામાં સર્વેયરો માપણી માટે આવે ત્યારે પોતાની મિલ્કત હદ વગેરે દર્શાવવા અચૂક હાજર રહેશે અને માપણી અંગે જોઇતી તમામ માહિતી પૂરી પાડવી ગીરો રાખનાર તથા હાજર ન રહી શકનાર મિલકત ધારણ કરનારાઓ તેમના હક્કો બરાબર નોંધાય તે માટે તજવીજ રાખવી માપણી પૂરી થયા બાદ સનદો આપવામાં આવશે અને તે હંમેશને માટે બંધનકર્તા રહેશે.

મિલકતવાર માપણી માટે કેટલીકવાર સર્વેયરોને મકાનની અંદર દાખલ થવુ પડશે આવી વખતે અગાઉથી ખબર આપવામાં આવશે તથા કારણ વગર કોઇ મકાનમાં દાખલ થશે નહિ, પરંતુ માપો વિગેરે માટે જેના મકાનમાં દાખલ થવાની જરૂર પડે ત્યારે પુરતો સહકાર આપશો.

પરિશિષ્ટ

મોજે : ભોલાવ, તાલુકો, જીલ્લે : ભરૂચ

ખેતી સિવાયના રેવન્યુ સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક :

અનું. નં.	સર્વે નંબર	કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
1	30/A/1/1	0.68.80	0.68.80	0	kjp no 47
2	30/A/2	0.60.70	0.60.70	0	kjp no 33
3	30/b	0.67.79	0.67.79	0	kjp no 17
4	35/4	0.74.87	0.74.87	0	kjp no 46
5	40	2.42.81	2.42.81	0	kjp no 33
6	41/2	0.90.05	0.90.05	0	kjp no 49
7	45/2	0.90.45	0.90.45	0	kjp no 37
8	46/1+3	1.59.28	1.59.28	0	kjp no 32
9	46/8	1.05.21	1.05.21	0	kjp no 44
10	46/9	1.27.48	1.27.48	0	kjp no 44
11	46/10	2.06.38	2.06.38	0	kjp no 40
12	48/A	3.58.15	3.58.15	0	kjp no 36
13	48/B/1	2.12.66	2.12.66	0	kjp no 40
14	49/B	0.93.08	0.93.08	0	kjp no 48
15	49/C	1.04.21	1.04.21	0	kjp no 48
16	57/1/B	3.61.19	3.61.19	0	kjp no 30
17	101/1	0.27.32	0.27.32	0	kjp no 48
		24.50.43	24.50.43		

INDEX

પરિશિષ્ટ

મોજે : ભોલાવ, તાલુકો, જીલ્લે : ભરૂચ

ખેતીસિવાયના રેવન્યુ સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક :

અનું. નં.	સર્વે નંબર	કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક	રીમાર્ક
1	30/A/1/1	5.09.90	0	5.09.90	
2	31	6.34.35	0	6.34.45	
3	32	0.54.63	0.02.02	0.52.61	KJPNO.10
4	33	0.80.94	0	0.80.94	
5	34	1.85.14	0	1.85.14	
6	35/P	2.85.30	0.06.07	2.79.23	
7	36	5.77.69	0	5.77.69	
8	37	1.38.61	1.38.61	0	Govt. Land
9	38	4.64.38	0.13.15	4.51.23	
10	39	2.33.71	2.33.71	0	Govt. Land
11	41/1	0.48.56	0	0.48.56	
12	42	0.45.53	0	0.45.53	
13	43	1.01.17	0	1.01.17	
14	44	0.74.87	0	0.74.87	
15	45/1	0.20.23	0	0.20.23	
16	46/2	0.03.04	0	0.03.04	Kjpno32
17	46/4	0.10.12	0	0.10.12	Kjpno32
18	46/5	0.40.47	0.01.01	0.39.46	Kjpno32
19	46/5	0.40.47	0.01.01	0.39.46	Kjpno32
20	46/7	0.20.30	0.01.01	0.19.22	Kjpno32
21	47	1.51.76	0	1.51.76	Govt.Land
22	48/b/2	4.55.07	0	4.55.07	Kjpno40
23	49/A	6.01.97	0.20.23	5.81.74	Kjpno48
24	50	8.15.28	0.31.36	7.83.92	Kjpno32
25	54	8.04.32	0.07.08	7.97.24	
26	55	0.39.46	0	0.39.46	
27	56	0.61.71	0	0.61.71	
28	27/1/A	1.16.34	0.11.13	1.05.21	
29	57/2	5.27.11	0.11.13	5.15.98	Kjpno28
30	58	0.11.12	0.02.03	0.09.09	Kjpno28
31	59	0.14.16	0.14.16	0	Govt.Land
32	101/2	0.13.15	0	0.13.15	
		71.80.79	4.93.71	66.87.08	

રાજીવ ટોરનો,
કલેક્ટર,
ભરૂચ.

જાહેરનામું

ક્રમાંક સીટીએસ/વશી/૧૯૩૪.-મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ સને ૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે મળેલ અધિકારની રૂએ હું રાજીવ ટોપનો (આઈ.એ.એસ.) કલેક્ટર ભરૂચ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટમાં ઉલ્લેખ કરેલ નીચે પ્રમાણેના વિસ્તારોને મોજે મકતમપુર તાલુકા, ભરૂચના સીટીલીમીટના ખેતીના નંબરો તથા ખેતી સિવાયના નંબરોની જમીનો આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ સીટી સર્વેની હદમાં સમાવિષ્ટ કરવા આથી નક્કી કરવામાં આવે છે.

અ.નં.	વિસ્તારની વિગત	
(૧)	આ સાથેની યાદી મુજબના ખેતીના રેવન્યુ સર્વે નંબરો કુલ-૫૪ ક્ષેત્રફળ	હે. આ. પ્રતિ. ૪૩-૯૬-૨૪
	તથા ખેતી સિવાયના રેવન્યુ સર્વે નંબર કુલ-૧૮ ક્ષેત્રફળ	૦૯-૨૫-૦૫

જાહેર નોટીસ

ક્રમાંક સીટીએસ/વશી/૧૯૩૪.-સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક સીટીએસ-૧૨-૨૦૦૩-૨૫૪-હ, તારીખ ૨જી મે, ૨૦૦૩ થી મકતમપુર તાલુકા ભરૂચ, સામે સીટી સર્વેની દાખલ કરવાની મંજુરી મળેલ છે. જે અનુસાર સદર કામગીરી અંગે મહેકમની નિમણુંક કરવામાં આવી છે.

પ્રથમ આ કામગીરી માટે જરૂરી પ્રવર્ડ તથા દૂરબીન માપણી કરવામાં આવશે. જે અંગે જરૂર પડશે ત્યાં જમીનમાં દૂરબીન પથ્થરો લાવવામાં આવશે. આ માટે જાહેર જનતાના હિતમાં આ ખબર આપવામાં આવે છે કે માપણી કરનાર સર્વેયરો ધારે તેમના મહોલ્લામાં, ગલીમાં કે રસ્તા ઉપર દૂરબીન પથ્થરો દાટવા અંગેની જગ્યા પસંદ કરે તે વખતે પોતાના મકાનમાં, ખાળકુવા વિગેરેને કાંઈ નુકશાન થશે નહિ, દૂરબીન કામગીરી પૂરી થયા બાદ મિલકત પર પ્લેન ટેબલ માપણીની કામગીરી શરૂ થશે તે દરમ્યાન દરેક મિલકત ધારણ કરનાર તેમને અગાઉથી આપવામાં આવેલી તારીખ તેમના મહોલ્લામાં સર્વેયરો માપણી માટે આવે ત્યારે પોતાની મિલકત હદ વિગેરે દર્શાવવા અચૂક હાજર રહેશે અને માપણી અંગે જોઈતી તમામ માહિતી પૂરી પાડવી, ગીરો રાખનાર તથા હાજર રહી ન શકનાર મિલકત ધારણ કરનારાઓ તેમના હક્કો બરાબર નોંધાય તે માટે તજવીજ રાખવી, માપણી પુરી થયા બાદ સનદો આપવામાં આવશે અને તે હંમેશને માટે બંધનકર્તા રહેશે.

મિલકતવાર માપણી માટે કેટલીકવાર સર્વેયરોને મકાનની અંદર દાખલ થવું પડશે, આવી વખતે અગાઉથી ખબર આપવામાં આવશે. તથા કારણ વગર કોઈ મકાનમાં દાખલ થશે નહિ, પરંતુ માપો વિગેરે માટે જેના મકાનમાં દાખલ થવાની જરૂર પડે ત્યાર પુરતો સહકાર આપશો.

INDEX

પરિશિષ્ટ

મોજે મકતમપુર, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ

ખેતી સિવાયના સર્વે નંબરોની માહીતી દર્શાવતું પત્રક :

અનું. નં.	સર્વે નંબર	કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક	શેરો
૧	૪	૦ ૭૨ ૮૪	૦ ૭૨ ૮૪	–	ગામતળ કેજેપી-૧૮
૨	૫	૦ ૦૫ ૦૬	૦ ૦૫ ૦૬	–	ખેતી સીવાય કેજેપી-૧૭
૩	૬/અ	૦ ૪૦ ૪૭	૦ ૪૦ ૪૭	–	ખેતી સીવાય કેજેપી-૨૨
૪	૬/બ	૦ ૬૨ ૭૩	૦ ૬૨ ૭૩	–	ભા. સ. પો. કેજેપી-૨૧
૫	૭	૦ ૪૦ ૪૭	૦ ૪૦ ૪૭	–	ખેતી સીવાય કેજેપી-૨૨
૬	૮	૦ ૨૫ ૨૯	૦ ૨૫ ૨૯	–	ખેતી સીવાય કેજેપી-૨૫
૭	૯	૦ ૨૭ ૩૨	૦ ૨૭ ૩૨	–	ગામતળ કેજેપી-૧૮
૮	૧૦	૦ ૨૫ ૨૯	૦ ૨૫ ૨૯	–	ગામતળ કેજેપી-૧૮
૯	૧૧	૦ ૪૭ ૫૫	૦ ૪૭ ૫૫	–	ગામતળ કેજેપી-૧૮
૧૦	૧૨	૦ ૨૬ ૩૦	૦ ૨૬ ૩૦	–	ખેતી સીવાય કેજેપી-૧૯
૧૧	૧૩	૦ ૫૮ ૬૮	૦ ૫૮ ૬૮	–	ગામતળ કેજેપી-૧૮
૧૨	૧૫	૦ ૯૬ ૧૧	૦ ૯૬ ૧૧	–	ગામતળ કેજેપી-૧૮
૧૩	૧૮	૧ ૨૧ ૪૧	૧ ૨૧ ૪૧	–	નવુ ગામતળ કેજેપી-૯
૧૪	૧૯	૦ ૩૦ ૬૯	૦ ૩૦ ૬૯	–	ખેતી સીવાય કેજેપી-૨૦
૧૫	૨૦/બ	૦ ૮૦ ૯૪	૦ ૮૦ ૯૪	–	ગામતળ કેજેપી-૧૮
૧૬	૪૭	૦ ૨૧ ૨૫	૦ ૨૧ ૨૫	–	ખેતી સીવાય કેજેપી-૨૭
૧૭	૪૮	૦ ૭૦ ૮૨	૦ ૭૦ ૮૨	–	ખેતી સીવાય કેજેપી-૨૭
૧૮	૧૩૭	૦ ૭૧ ૮૩	૦ ૭૧ ૮૩	–	નવુ ગામતળ કેજેપી-૧૬
	કુલ	૯ ૨૫ ૦૫	૯ ૨૫ ૦૫		

પરિશિષ્ટ

મોજે મકતમપુર, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ

ખેતીના સર્વે નંબરોની માહીતી દર્શાવતું પત્રક :

અનું. નં.	સર્વે નંબર	કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક	શેરો
			કોતર		
૧	૧/૧	૦ ૨૮ ૩૩	૦ ૧૨ ૧૪	૦ ૧૬ ૧૯	
૨	૧/૨	૦ ૨૧ ૨૫	–	૦ ૨૧ ૨૫	
૩	૨	૦ ૩૧ ૩૬	૦ ૦૬ ૦૭	૦ ૨૫ ૨૯	
૪	૩	૦ ૨૨ ૨૬	૦ ૨૨ ૨૬	–	તલાવડી
૫	૧૪	૦ ૩૮ ૪૫	–	૦ ૩૮ ૪૫	
૬	૧૬	૦ ૪૬ ૫૪	૦ ૧૬ ૧૯	૦ ૩૦ ૩૫	
૭	૧૭	૦ ૨૯ ૩૪	–	૦ ૨૯ ૩૪	
૮	૨૦/અ	૨ ૫૭ ૯૯	–	૨ ૫૭ ૯૯	કેજેપી નં. ૧૮ થી
૯	૨૧	૦ ૬૩ ૭૪	–	૦ ૬૩ ૭૪	
૧૦	૨૨	૦ ૭૫ ૮૮	૦ ૦૨ ૦૨	૦ ૭૩ ૮૬	
૧૧	૨૩	૧ ૧૧ ૨૯	–	૧ ૧૧ ૨૯	
૧૨	૨૪	૦ ૮૭ ૦૧	–	૦ ૮૭ ૦૧	
૧૩	૨૫	૦ ૪૨ ૪૯	૦ ૦૪ ૦૫	૦ ૩૮ ૪૪	
૧૪	૨૬	૦ ૭૪ ૮૭	૦ ૦૨ ૦૨	૦ ૭૨ ૮૫	

INDEX

અનું. નં.	સર્વે નંબર	કુલ ક્ષેત્રફળ	ખરાબો	લાયક	શેરો
૧૫	૨૭	૦ ૫૨ ૬૧	–	૦ ૫૨ ૬૧	
૧૬	૨૮	૦ ૭૪ ૮૭	–	૦ ૭૪ ૮૭	
૧૭	૨૯	૦ ૬૧ ૭૧	–	૦ ૬૧ ૭૧	
૧૮	૩૦	૦ ૫૦ ૫૯	૦ ૦૩ ૦૪	૦ ૪૭ ૫૫	
૧૯	૩૧	૧ ૩૩ ૫૫	૦ ૦૮ ૦૯	૧ ૨૫ ૪૬	
૨૦	૩૨	૧ ૨૨ ૪૨	–	૧ ૨૨ ૪૨	
૨૧	૩૩/૧	૦ ૨૨ ૭૬	–	૦ ૨૨ ૭૬	પૂ. પ. નં. ૨ થી
૨૨	૩૩/૨	૦ ૨૨ ૭૭	–	૦ ૨૨ ૭૭	,,
૨૩	૩૪	૦ ૬૧ ૭૧	–	૦ ૬૧ ૭૧	
૨૪	૩૫	૦ ૫૩ ૬૨	–	૦ ૫૩ ૬૨	
૨૫	૩૬	૦ ૦૮ ૦૯	–	૦ ૦૮ ૦૯	
	કુલ :	૧૫ ૯૫ ૫૦	૦ ૭૫ ૮૮	૧૫ ૧૯ ૬૨	
૨૬	૩૭	૦ ૮૨ ૯૩	–	૦ ૮૨ ૯૩	
૨૭	૩૮	૦ ૨૫ ૨૯	–	૦ ૨૫ ૨૯	
૨૮	૩૯	૦ ૬૮ ૮૦	–	૦ ૬૮ ૮૦	
૨૯	૪૦	૦ ૭૦ ૮૨	૦ ૧૬ ૧૯	૦ ૫૪ ૬૩	
૩૦	૪૧	૦ ૭૩ ૮૬	–	૦ ૭૩ ૮૬	
૩૧	૪૨	૮ ૧૬ ૧૯	–	૮ ૧૬ ૧૯	
૩૨	૪૩	૮ ૧૨ ૧૪	–	૮ ૧૨ ૧૪	
૩૩	૪૪	૦ ૬૪ ૭૫	–	૦ ૬૪ ૭૫	
૩૪	૪૫	૦ ૫૬ ૬૬	–	૦ ૫૬ ૬૬	
૩૫	૪૬	૦ ૦૨ ૦૨	–	૦ ૦૨ ૦૨	
૩૬	૪૯	૦ ૬૩ ૭૩	–	૦ ૬૩ ૭૩	કે. જે. પી નં. ૨ થી
૩૭	૫૦	૧ ૧૭ ૩૬	–	૧ ૧૭ ૩૬	,, ૩ થી એગ્રીકલ્ચર માટે
૩૮	૫૧	૧ ૦૦ ૧૬	–	૧ ૦૦ ૧૬	,, ૭ થી
૩૯	૫૨	૦ ૨૩ ૨૭	–	૦ ૨૩ ૨૭	,, ૭ થી
૪૦	૫૩	૦ ૭૮ ૯૧	–	૦ ૭૮ ૯૧	,, ૭ થી
૪૧	૫૪	૦ ૧૯ ૨૨	–	૦ ૧૯ ૨૨	,, ૭ થી
૪૨	૫૫	૦ ૭૯ ૯૩	–	૦ ૭૯ ૯૩	,, ૭ થી
૪૩	૫૬	૦ ૮૬ ૦૦	–	૦ ૮૬ ૦૦	,, ૭ થી
૪૪	૫૭	૦ ૫૬ ૬૬	–	૦ ૫૬ ૬૬	,, ૭ થી
૪૫	૧૩૨	૨ ૨૯ ૬૬	૦ ૪૪ ૫૨	૧ ૮૫ ૧૪	
૪૬	૧૩૩	૦ ૩૭ ૪૩	૦ ૧૭ ૨૦	૦ ૨૦ ૨૩	
૪૭	૧૩૪	૦ ૦૭ ૦૮	૦ ૦૭ ૦૮	–	,,
૪૮	૧૩૫/૧	૦ ૩૧ ૦૩	–	૦ ૩૧ ૭૩	પૂ. પ. નં. ૨ થી
૪૯	૧૩૬	૦ ૪૭ ૫૫	–	૦ ૪૭ ૫૫	
૫૦	૧૩૮	૦ ૫૮ ૫૬	–	૦ ૫૮ ૫૬	
૫૧	૧૩૯	૧૧ ૯૫ ૮૬	૧૧ ૯૫ ૮૬	–	સ. ખરાબો કે.જે.પીનં.૪
૫૨	૧૪૦	૦ ૪૦ ૪૭	૦ ૪૦ ૪૭	–	મસાણનો ખરાબો ,,
૫૩	૧૪૧	૦ ૨૦ ૨૩	૦ ૨૦ ૨૩	–	,, ,,
૫૪	૧૩૫/૨	૦ ૨૮ ૯૭	–	૦ ૨૮ ૯૭	પૂ. પ. નં. ૨ થી
	કુલ	૪૩ ૯૬ ૨૪	૧૩ ૪૧ ૫૫	૩૦ ૫૪ ૬૯	

ભરૂચ, તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

રાજીવ ટોપનો,
કલેક્ટર, ભરૂચ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નઘણ/૪૮૪૨/ક-૨/૨૯૫/ઘ-૨૦૨૬૨/૭૧૧૭/૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સત્યમ સ્ટેટસ કો. ઓ., હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો, અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નઘણ/૪૮૪૩/ક-૨/૩૦૧/ઘ-૨૦૨૬૩/૭૦૨૫/૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી સત્યમ સ્ટેટસ કો. ઓ., હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જીલ્લો, અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીનો કાયદો સને ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા:-(૧) ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી.નો તારીખ ૪-૩-૦૩નો પત્ર આરઈસી/ઓ.૫/૨/૯૩૬૦.

(૨) અત્રેની હાઉસીંગ શાખાના ખ-૧ ટેબલની તારીખ ૧૭-૫-૦૩ની કાર્યાલય નોંધ ક્રમાંક ઘરમ/૦૧/ખ-૧/૯૪૨/૨૦૦૩.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ. ૧૧૬૧૨/ઘ-૨/૫૯૮-૨૦૦૩.–સુમતિનાથ પ્રભુ (નરોડા) કો. ઓ. હા. સો. લી., અમદાવાદ એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ઘ-૯૩૨૩, તા. ૨-૮-૮૨ છે.

સદર ગૃહમંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., એ કસ્ટોડીયન તરીકે કાર્યરત છે. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો મુદતવીતી બાકીદારો હોવાથી આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાથી કારણે તેમજ કસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી અસરકાર રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર ગૃહમંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. ની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, મને મળેલ અધિકારીની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે સુમતિનાથ પ્રભુ (નરોડા) કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા:-(૧) કચેરીની હાઉસીંગ શાખાની ખ-૧ ટેબલની તારીખ ૨૭-૬-૨૦૦૩ની કાર્યાલય નોંધ ક્રમાંક ઘરમ/ખ-૧/૨૧૬૮/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ. ૧૧૬૧૦/ઘ-૨/૫૯૯-૨૦૦૩.–સ્વીમનપાર્ક કો. ઓ. હા. સો. લી., વિભાગ-૩, નરોડા, અમદાવાદ એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે જેનો નોંધણી નંબર ઘ-૧૨૦૬૯, તા. ૨૧-૨-૧૯૮૬ છે.

સદર ગૃહમંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., એ કસ્ટોડીયન તરીકે કાર્યરત છે. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશના બાકીદારો હોવાથી આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાના કારણે તેમજ કસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી અસરકાર રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સદર ગૃહમંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો.

લી. ની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, મને મળેલ અધિકારીની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે સ્વીમનપાર્ક કો. ઓપ. હા. સો. લી, વિભાગ-૩, નરોડા, અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., અમદાવાદનો તા. ૨૨-૫-૦૩નો પત્ર ક્રમાંક આરઈસી/ઓ. ૫/૧૧૪/૨૯૦૭.

(૨) અત્રેની હાઉસીંગ શાખાના ખ-૧ ટેબલની તા. ૨૦-૫-૦૩ની કાર્યાલય નોંધ ક્રમાંક ધરમ/ખ-૧/૧૦૦૬/૨૦૦૩.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ. ૧૧૬૧૪/ઘ-૨/૬૦૦-૨૦૦૩.–રણછોડનગર કો. ઓપ. હા. સો. લી., વિંઝોલ, અમદાવાદ એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે જેનો નોંધણી નંબર ઘ-૩૩૩૧, તા. ૩૧-૬-૬૯ છે.

સદર ગૃહમંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., એ કસ્ટોડીયન તરીકે કાર્યરત છે. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશના બાકીદારો હોવાથી આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાના કારણે તેમજ કાસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી અસરકાર રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સદર ગૃહમંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. ની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે. જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ, મને મળેલ અધિકારીની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે રણછોડનગર કો. ઓપ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણૂંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફાયનાન્સ કોર્પોરેશન, લી. નો તારીખ ૨૨મી મે, ૦૩નો પત્રક્રમાંક આરઈસી/ઓ.૫/૨૮૩/૨૯૧૦.

(૨) અત્રેની કચેરીના ખ-૧ ટેબલની તારીખ ૩૦મી મે, ૦૩ ની કાર્યાલય નોંધ ક્રમાંક ધરમ/ખ-૧/૧૦૦૬/૨૦૦૩.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૬૧૩/ઘ-૨/૬૦૧/૦૩.- વર્ધમાન કૃપા ઘાટલોડીયા કો. ઓપ. હા. સો. લી. અમદાવાદ એ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ઘ-૮૦૮૪, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૮૦ છે.

સદર ગૃહમંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદ કસ્ટોડીયન તરીકે કાર્યરત છે. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો બાકીદારો હોવાથી આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાના કારણે તેમજ કસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી, અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી જેથી સદર ગૃહમંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફાય. કોર્પો. લી. ની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

INDEX

વચગાળાનો હુકમ

હું એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારોની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી વર્ધમાનકૃપા ઘાટલોડીયા કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફાય. કોર્પો. લી. અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફાયનાન્સ કોર્પોરેશન, લી. અમદાવાદનો તારીખ૨૭મી જુન, ૦૩નો પત્રક્રમાંક આરઈસી/ઓ.પ/૨૮૬/૩૪૦૮/૨૦૦૩.

(૨) કચેરીની હાઉસીંગ શાખાની ખ-૧ ટેબલની તારીખ ૨૭મી જુન, ૦૩ ની કાર્યાલય નોંધ ક્રમાંક ઘરમ/ખ-૧/૨૧૬૮/૨૦૦૩.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૬૧૧/ઘ-૨/૬૦૨/૦૩.- સ્વીમનપાર્ક કો. ઓપ. હા. સો. લી. વિભાગ-૪, અમદાવાદ એ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ઘ-૧૨૦૬૭, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૬ છે.

સદર ગૃહમંડળીમાંથી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદ કસ્ટોડીયન તરીકે કાર્યરત છે. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશનના બાકીદારો હોવાથી આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાના કારણે તેમજ કસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી, અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી જેથી સદર ગૃહમંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફાય. કોર્પો. લી. ની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારોની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે સ્વીમનપાર્ક કો. ઓ. હા. સો. લી. વિભાગ-૪, અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધાઃ-

(૧) ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફાયનાન્સ કોર્પોરેશન, લી. નો તારીખ ૩૧મી મે, ૦૩નો પત્રક્રમાંક આરઈસી/ઓ.પ/૧૯૬/૩૨૯૩.

(૨) કચેરીની હાઉસીંગ શાખાની ખ-૧ ટેબલની તારીખ ૨૭મી જુન, ૦૩ ની કાર્યાલય નોંધ ક્રમાંક ઘરમ/ખ-૧/૨૧/૬૮/૨૦૦૩.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૬૦૯/ઘ-૨/૬૦૩/૦૩.–ડાયમંડ સ્ટેટ બેંક સ્ટાફ, કો. ઓપ. હા. સો. લી., ઘાટલોડીયા, અમદાવાદ એ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી ગૃહમંડળી છે. જેનો નોંધણી નંબર ઘ-૮૭૯૦, તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૮૦ છે.

સદર ગૃહમંડળીમાં ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદ કસ્ટોડીયન તરીકે કાર્યરત છે. અને આ મંડળીના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ગુજરાત હા. ફાય. કોર્પોરેશનના બાકીદારો હોવાથી આ ગૃહમંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાના કારણે તેમજ કસ્ટોડીયન દ્વારા આ ગૃહમંડળીની કામગીરી, અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. જેથી સદર ગૃહમંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. ની નિમણૂંક કરવી મુનાસીબ જણાય છે જેથી નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

હું એમ. ડી. ચૌહાણ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારોની રૂએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી ડાયમંડ સ્ટેટ બેંક સ્ટાફ, કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે તથા ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮ (૧) અન્વયે નિમણુંક કરવામાં આવે છે. સદર બાબતે મંડળીના સભાસદોને જો કોઈ રજુઆત કરવી હોય તો હુકમની તારીખથી એક માસમાં રજુઆત કરવાની તક આપવામાં આવે છે. આ સમયમાં રજુઆત નહીં થાય તો આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર વિભાગ),
અમદાવાદ.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી. ડી. સી./૭૨૮૬/બી, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશ્નરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. અમદાવાદના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ ના હુકમ નંબર : એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં.-૧, નં. ફડચ/૦૧/૧૦૪/૦૩ નો તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૩ નો અહેવાલ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૯૫૭/૦૩.- ધી ગ્રીન કો. ઓપ. હા. સો. લી. મુ. સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર કે જેનો નોંધણી નંબર ઘ/૯૮૫૮/૮૨, તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૮૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૧૭૩૧/૯૭, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૭ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું શ્રી એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક : ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી ગ્રીન કો. ઓ. હા. સો. લી., મું. સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર કે જેનો નોંધણી નંબર : ઘ/૯૮૫૮/૮૨, તારીખ ૨૨મી એપ્રિલ, ૧૯૮૨ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી. ડી. સી./૭૨૮૬/બી, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. અમદાવાદના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ ના હુકમ નંબર : એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં.-૧, પત્ર નંબર ફડચ/૦૧/૯૯ નો તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩ નો અહેવાલ.

પ્રસ્તાવના

નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૯૫૮/૦૩.- ધી ભીમનાથ હરિજન ગોપા, સામુ. ખેતી લી. મુ. ભીમનાથ તા. ધંધુકા (બરવાળા), જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ખે-૨૦૦૮, તા. ૨૯મી ઓક્ટોબર, ૭૧ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૧૨૪૭/૦૧, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૧ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું શ્રી એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક : ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી ભીમનાથ હરિજન ગોપા, સામુ. ખેતી લી. મુ. ભીમનાથ, તારીખ ધંધુકા (બરવાળા), જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર : ખે-૨૦૦૮, તા. ૨૯મી ઓક્ટોબર, ૧૯૭૧ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી. ડી. સી./૭૨૮૬/બી, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. અમદાવાદના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ ના હુકમ નંબર : એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં.-૧ પત્ર નં. ફડચ/૦૧/૧૦૧નો તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩ નો અહેવાલ.

પ્રસ્તાવના

નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૯૫૯/૦૩.- ધી પીસાવાડા વિભાગ ઘઉ વેચાણ સ. મં. લી., મુ. પીસાવાડા તા. ધોળકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ૨૪૪૪૫, તા. ૧૩મી નવેમ્બર, '૫૮ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૧૩૪૨/૯૪, તા. ૧લી માર્ચ, ૧૯૯૪ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું શ્રી એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક : ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ધી પીસાવાડા ઘઉ વેચાણ સ. મં. લી., મું. પીસાવાડા, તા. ધોળકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર : ૨૪૪૪૫, તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૫૮ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ખેતીવાડી અને સહકાર ખાતા નં. ઘબ/ડી. ડી. સી./૭૨૮૬/બી, તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૬૫.

(૩) સહકાર કમિશનરશ્રી અને રજીસ્ટ્રારશ્રી સ. મં. ગુ. રા. અમદાવાદના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૬૬ ના હુકમબ નંબર : એડી/એમ-૧.

(૪) સહકારી અધિકારી અને ફડચા અધિકારી નં.-૧ પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૦૦/૦૩ નો તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૩ નો અહેવાલ.

પ્રસ્તાવના

નં. ઉખસ/ફડચ/૦૧/ગ-૩/૯૬૦/૦૩.- ધી મોટા ત્રાડીયા ગોપા કો. ઓ. હા. સો. લી., મુ. મોટા ત્રાડીયા તા. ધંધુકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર ઘ-૫૦૨૮, તારીખ ૨૭મી ઓક્ટોબર, ૦૯૭૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદરહું મંડળીને અન્યની કચેરીના હુકમ નં. ઉખસ/ફડચ/ગ-૩/૨૦૬૨/૯૪, તારીખ ૧૬મી જુન, ૧૯૯૪ થી કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ છે. સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા મળી ગયેલ છે. અને છેલ્લું ઓડીટ થઈ ગયેલ છે. જેથી સદરહું મંડળીની નોંધણી આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

આદેશ

આથી હું શ્રી એ. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ) અમદાવાદ વંચાણે લીધા ક્રમાંક : ૧ અને ૨ તેમજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે મને મળેલ અધિકારની રૂએ મોટા ત્રાડીયા ગોપા, કો. ઓ. હા.સો. લી., મું. મોટા ત્રાડીયા, તા. ધંધુકા, જી. અમદાવાદ કે જેનો નોંધણી નંબર : ઘ-૫૦૨૮, તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૭૨ છે. તેની નોંધણી રદ કરવા આથી આદેશ કરૂ છું.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મીલ્ક) મીલ્ક ઓડીટ ઓફીસ, પાલનપુરના તા. ૨૧-૧૧-૨૦૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૨-૧૨-૦૧.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૭-૩-૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સી. એચ.કે. એચ./૨૪/૯૧/ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા.નં.ફડચ/૦૧/ગ/૧૧૯૦/ફ-૧૩૭૩૭/૨૦૦૩.-ધી ચીકણવાસ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પાલનપુર એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૧૧૯૩. તા. ૧-૧૨-૯૬થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ચાર વર્ષથી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી. સભાસદોના ધિરાણની વસુલાત થતી નથી. મંડળીના કાર્યવાહકો સભાસદો મંડળી ચલાવવા રસ ધરાવતા નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ આમુખ-૨થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલા કારણો સામે યોગ્ય રજુઆત કરવી. અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ રજુઆત કરેલ છે. પરંતુ હિસાબી પત્રકો રજુ કરેલ નથી. અને ભવિષ્યમાં મંડળી ચાલુ કરવામાં આવશે અને ધિરાણ કરી દુધનો પુરવઠો વધારવામાં આવશે.

INDEX

જે નક્કર રજુઆત ન હોઈ મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તા. ૨૭-૩-૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારની રૂએધી ચીકણવાસ દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ચીકણવાસ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા નોંધણી નંબર ૨૧૧૯૩. તા. ૧-૧૨-૯૬ને સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) પાલનપુરની નિમણુંક કરૂંછું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૧૫-૧૦-૨૦૦૧નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૪-૧૨-૨૦૦૧.

(૩) અત્રેનો ફડચાનો આદેશ તા. ૧૪-૩-૦૨.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સી. એચ.કે. એચ./૨૪/૯૧/ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા.નં.ફડચ/૦૧/ગ/૧૨૯૨/ફ-૧૩૭૩૮/૨૦૦૩.-ધી આરાસુરી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.મું અંબાજી. તા. દાંતા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ-૭૯૭૩, તા. ૬-૮-૭૪થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે વહીવટ થતો નથી. ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. મંડળીના કાર્યવાહકો સભાસદોને સંસ્થા ચલાવવા રસ ધરાવતા નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ આમુખ-૨થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલા કારણો સામે યોગ્ય રજુઆત કરવી. અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે તા. ૧૦-૪-૦૨ની લેખિત રજુઆત કરેલ હતી. પરંતુ આધાર પુરાવા ન હોય અત્રેથી તા. ૧૫-૫-૦૨ થી રૂબરૂ સાંભળવા તક આપેલ પરંતુ કોઈ કાર્યવાહકો આધાર પુરાવા સહિત હાજર રહેલ નથી.આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ અત્રેના તા. ૧૪-૩-૨૦૦૨ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારની રૂએ ધી આરાસુરી કો. ઓપ. હાઉ. સો. લિ. મુ. અંબાજી, તા. દાંતા, જિ. બનાસકાંઠા નોંધણી નંબર ઘ-૭૯૭૩. તા. ૬-૮-૭૪ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પાલનનુપર.

નંબર ઉખસ-સે. દુ.-૩૪૮૧૪—આથી જાહેર કરે છે કે, મ. સે. રાવત ફળીયા કાંગવી દૂધ ઉત્પાદક સ. મં. લી. સ્થળ કાંગવી, તાલુકો ધરમપુર, જિ. વલસાડને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

વલસાડ, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વલસાડ.

નંબર ઉખસ-સે. દુ. ૩૩૮૯૦-૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત ઝાડીફળિયા રૂઝવણી દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટે,. મર્યાદિત સ્થળ રૂઝવણી, તાલુકો ચીખલી, જિ. નવસારી.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૭-૦૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-ખ-૩-૩૦૪-૦૩.

શ્રી દાંતેજ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. દાંતેજ. તા. નવસારી. જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭(૧)ના પેટા ખંડ (ક)(ગ)(૨)(૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ

INDEX

જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિં.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટા કાયદા મુજબ દુધ કલેકશનની મુખ્ય પ્રવૃત્તિ તા. ૧-૧૧-૯૮થી બંધ કરેલ છે.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે. કોઈપણ પ્રકારની કામગીરી કરેલ નથી.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટિંગો મળતી નથી. વા. સા. સભા તા. ૩૦-૯-૯૭ પછી અને વ્ય. કમિટિની મિટિંગ તા. ૨૭-૯-૯૮ પછી મળેલ નથી.

(૪) છેલ્લા ચાર વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે. ૧૯૯૭-૯૮ના વર્ષ પછી ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી. મંડળીના હોદેદારો, વ્ય. કમિટિ સભ્યો અને સભાસદોને મંડળી ચલાવવામાં રસ નથી.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-સે. દુ. ૨૩૧૧૪/ખ-૩/૩૩૮/૦૩.--શ્રી દાંતેજ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. દાંતેજ તા. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. દુ. ૨૩૧૧૪ તા. ૨૧-૩-૮૮થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ - ૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૭-૦૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-ખ-૩-૩૦૫-૦૩.

(૨) મંડળીનો વ્ય. કમિટિનો તા. ૯-૮-૨૦૦૩નો ઠરાવ.

શ્રી મ. સં. પરથાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પરથાણ. તા. નવસારી. જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના અધિનિયમની કલમ ૧૦૭(૧)ના પેટા ખંડ (ક)(ગ)(૨)(૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણદર્શક નોટીસ આપી રજુઆત કરવાની તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી આમુખ-૨થી ફડચામાં લઈ જવા સંમતિ આપેલ છે.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટા કાયદા મુજબ દુધ કલેકશનની કામગીરી તા. ૧-૧૧-૯૮થી બંધ છે.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે. તા. ૧-૧૦-૯૮થી સ્થગિત અવસ્થામાં છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટિંગો મળતી નથી.

(૪) મંડળીના હોદેદારોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ-સે. દુ. ૨૨૮૧૧/ખ-૩/૩૪૬/૦૩.--શ્રી મ. સં. પરથાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પરથાણ તા. નવસારી જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. દુ.-૨૨૮૧૧ તા. ૩૧-૩-૮૭થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ - ૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરૂં છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૭-૦૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-ખ-૩-૩૦૬-૦૩.

શ્રી મ. સં. લીંબરપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. લીંબરપાડા, તા. વાંસદા જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટા-નિયમ મુજબ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે. જુન. ૯૧થી સ્થગિત રહેવા પામેલ છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટીંગો મળતી નથી.

(૪) મંડળીનો છેલ્લા ૫ વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે. પાછલી ઓડિટ નોંધની દુરસ્તી કરવામાં આવેલ નથી.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ/સે. દુ./૨૭૦૮૮-ખ-૩-૩૫૪/૨૦૦૩.– શ્રી મ. સં. લીંબરપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. લીંબરપાડા તા. વાંસદા જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. દુ-૨૭૦૮૮ તા. ૧૬-૧૦-૯૩થી થયેલ છે. તેને ગુજરાત

INDEX

સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૩૦-૭-૦૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-ખ-૩-૩૦૭-૦૩.

શ્રી મ. સં. પાટીદાર ફ. પીપલગભાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પીપલગભાણ, તા. ચીખલી, જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટા-નિયમ મુજબ કોઈ કામગીરી થતી નથી.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે. છેલ્લા છ વર્ષથી સ્થગિત છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટીંગો મળતી નથી.

(૪) મંડળીનો છેલ્લા છ વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે. ઓડિટ મેમાની દુરસ્તી થતી નથી.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ/સે. દુ./૨૫૯૦૭-ખ-૩-૩૬૨/૨૦૦૩.– શ્રી મ. સં. પાટીદાર ફ. પીપલગભાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પીપલગભાણ, તા. ચીખલી, જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. દુ.-૨૫૯૦૭ તા. ૨૫-૯-૯૨થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૨૭-૧૨-૦૨ની કારણદર્શક નોટીસ ક્રમાક નધણ-ફડચ-૦૧-૮૯૫-૦૨.

(૨) મંડળીનો તા. ૬-૧-૨૦૦૩ના પત્રથી કરેલ રજુઆત.

શ્રી પડધા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પડધા, તા. નવસારી, જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ આમુખ-૧ થી કરેલ રજુઆત અનુસાર સમયમર્યાદામાં કામગીરી ચાલુ કરેલ નથી.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટાકાયદા મુજબ દુધ કલેકશનની પ્રવૃત્તિ ડિસે.-૯૩ થી બંધ.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટીંગો મળતી નથી. છેલ્લી વાર્ષિક સાધારણ સભા ૩૦-૯-૯૪નાં રોજ મળેલ છે. વ્યવસ્થા કમિટિની બેઠક તા. ૨૩-૧૦-૯૪ પછી મળેલ નથી.

(૪) મંડળીએ ૯૩-૯૪ના સમયથી ઓડિટ નોંધની દુરસ્તી કરેલ નથી. મંડળીના પાછલા લેણાં વસુલાત માટે પગલાં લીધેલ નથી મંડળીના પ્રમુખ, મંત્રી, વ્ય. કમિટિ સભ્યો તથા સમિતિને મંડળી પ્રવૃત્તિમય કરવામાં રસ નથી.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ/સે. દુ /૨૩૧૨૪-ખ-૩-૩૭૦/૨૦૦૩.– શ્રી પડધા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. પડધા, તા. નવસારી, જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. દુ-૨૩૧૨૪ તા. ૩૦-૩-૯૦થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૨-૬-૦૩ ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-૦૧-ખ-૩ / ૨૮૭-૦૩.

શ્રી નડોદ પરૂજણ ડાલ્લી પિયત સહકારી મંડળી લી. નડોદ, તા. જલાલપોર, જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા

INDEX

ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧ થી કરેલ રજુઆત અનુસાર સમયમર્યાદામાં કામગીરી ચાલુ કરેલ નથી કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટાકાયદા મુજબ કામગીરી શરૂ કરેલ નથી.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટીંગો બે વર્ષમાં એકવાર મેળવેલ છે. જે પેટા કાયદાનું પાલન કરેલ નથી. વ્યવસ્થા કમિટી બીનકાળજી રહેલ છે.

(૪) મંડળી ચલાવવામાં હોદેદારોને રસ નથી. ઓડિટ મેમાની દુરસ્તી થયેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ/ખે. ૧૮૭૧/ખ-૩/૩૭૮/૨૦૦૩.– શ્રી નડોદ પરૂજણ ડાલ્લી પિયત સહકારી મંડળી લી. નડોદ, તા. જલાલપોર, જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ખે-૧૮૭૧ તા. ૨૩-૭-૯૭ થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. ૧૯-૫-૦૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક ફડચ-સે-૧૬૬૨૫-ખ-૩/૨૫૩/૦૩.

શ્રી ગણદેવી વિભાગનાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થી અને કર્મ. બચત અને ગ્રાહક સહકારી મંડળી લી. આંતલીયા, તા. ગણદેવી, જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે. પેટાકાયદા મુજબ પ્રવૃત્તિ હાથ ધરેલ નથી.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. લાંબા સમયથી સ્થગીત અવસ્થામાં છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટીંગો મળતી નથી.

(૪) મંડળીનો છેલ્લા પાંચ વર્ષથી ઓડિટ વર્ગ ''ડ'' છે.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ/સે. ૧૬૬૨૫/ખ-૩/૩૮૬/૨૦૦૩.– શ્રી ગણદેવી વિભાગનાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થી અને કર્મ.ની બચત અને ગ્રાહક સહકારી મંડળી લી. આંતલીયા, તા. ગણદેવી, જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક સે. ૧૬૬૨૫ તા. ૧૬-૧૦-૭૯થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના તા. - -૦૩ની કારણદર્શક નોટીસ ક્રમાંક ઉખસ/ફડચ/ભ-૯૫૪/ખ-૩/૬૩/૦૩.

શ્રી બળતણ ગેસ વાપરનારાઓની સહકારી મંડળી લી. બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઈ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરૂરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઈ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે. નિષ્ક્રીય છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટીંગો મળતી નથી.

(૪) કાર્યવાહકોને મંડળી ચલાવવામાં રસ નથી.

આદેશ

ક્રમાંક ઉખસ-ફડચ/ભ-૯૫૪/ખ-૩/૩૯૪/૨૦૦૩.– શ્રી બળતણ ગેસ વાપરનારાઓની સહકારી મંડળી લી. બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક ભ-૯૫૪ તા. ૫-૩-૭૯થી થયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) અન્વયે

ફડચામાં લઈ જવા વચગાળાનો હુકમ કરું છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

સુનિલકુમાર,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
નવસારી.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી બારમુવાડા (વાઘાવત) કૃષિ પિયત સ.મં.લી. બારમુવાડા (વાઘાવત)ના ફડચા અધિકારીશ્રીનો તા. ૩-૭-૨૦૦૩નો પત્ર નં. ફડચા/૦૧/જ/૯૬/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૪૦૮/૨૦૦૩.—શ્રી બારમુવાડા (વાઘાવત) કૃષિ પિયત સ.મં.લિ. મુ. બારમુવાડા (વાઘાવત), તાલુકા મહેમદાવાદ, જિલ્લા ખેડા શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ.પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ૩૩૯૭, તા. ૫-૨-૯૧થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૧૩૫૬૩/૧૨૮/૨૦૦૨, તારીખ ૧૯-૩-૨૦૦૨ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨]ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીઓની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામા આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ખેડા,
જિલ્લો નડીઆદ.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી કાસોર તમાકુ ઉત્પાદક સ.મં.લી. કાસોરના ફડચા અધિકારીશ્રીનો તા. પત્ર નં.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી./૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૬૭/૫૨૮/૨૦૦૩.—શ્રી કાસોર તમાકુ ઉત્પાદક સ.મં.લિ. મુ. કાસોર, તાલુક આણંદ, જિલ્લા આણંદ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિ.પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે.૨૦૩૧૧, તા. ૩૦-૧-૮૪થી નોંધવામાં આવી હતી જેને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ના હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ગ-૨/૧૬૬/૯૭, તારીખ ૩૧-૩-૯૭ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨]ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીઓની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામા આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ,
જિલ્લો આણંદ.

વંચાણમાં લીધા :-

(૧) તા. ૧૦-૩-૨૦૦૩ના પત્રથી સંસ્થાની ફડચામાં લઇ જવા રજુ થયેલ દરખાસ્ત.

(૨) મંડળીની તા. ૩૦-૫-૨૦૦૨ની સાધારણ સભાના ઠરાવ નં. ૪(ચાર) થી ફડચામાં લઇ જવા સંમતિ ઠરાવ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૫૦૮૩/ખ/૨૩૪૫/૨૦૦૩.—ધી અટીરા કો.ઓપ., હાઉસીંગ સોસાયટી લી., મું. તા. મહેસાણા, જિ. મહેસાણા, જે સહકારી કાયદા આધીન રજિસ્ટર નં. ૧૦૧૧૨, તા, ૨૦-૧૨-૮૨થી નોંધાયેલ. તે સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા તા. ૧૦-૩-૨૦૦૩ના પત્ર તેમજ,

INDEX

સંસ્થાની સાધારણ સભાના તા. ૩૦-૫-૨૦૦૨ના ઠરાવ નં. ૦૪(ચાર)થી ફડચામાં લઈ જવા નિર્ણય લીધેલ હોવાથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાના અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાંની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૯-૭-૨૦૦૩ના આદેશ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૧૭૮/૨૦૦૩ થી ફડચા કાર્યવાહી સંબંધની આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

(૨) મંડળી વતી પ્રમુખશ્રી દ્વારા તા. ૧૭-૭-૨૦૦૩ના રોજ ફડચામાં લઈ જવા આપવામાં આવેલ સંમતિ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૫૦૮૪/ખ/૨૩૪૬/૨૦૦૩.-ધી વડુ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મું.વડુ, તા. કડી, જી. મહેસાણા સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ૨૨૨૬૭ તા. ૩૧-૫-૮૬થી નોંધાયેલ તે આમુખ-૧ની વિગતે એડીશનલ સબઓડિટર, સ. મં., કડીના અહેવાલ આધીન ફડચા કાર્યવાહી સંબંધની નોટીસની રૂબરૂ રજુઆત સંબંધમાં સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા સંસ્થાને ફડચામાં લઈ જવા તા. ૧૭-૭-૦૩ના રોજ સંમતિ આપતાં સદર સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ (૩) હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત કચેરીને ફડચાની કામગીરી આ આદેશની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ નિયત ધોરણની ફડચા ફી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૩.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
મહેસાણા.

સે. ક્રમાંક ઉખસ/નધણ/ખ-૨/૪૬૮/સે. ૩૩૬૦૧/૨૦૦૩.-જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી નવાગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ નવાગામ, તાલુકો મોરવા (હ), જી. પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૦૩.

સે. ક્રમાંક ઉખસ/નધણ/ખ-૨/૪૭૪/સે. ૩૩૬૦૨/૨૦૦૩.-જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી કંસારાવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ કંસારાવાવ તાલુકો હાલોલ, જી. પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૩.

સે. ક્રમાંક ઉખસ/નધણ/ખ-૨/૪૮૬/સે. ૩૩૬૦૩/૨૦૦૩.-જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી મહેતાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ મહેતાના મુવાડા, તાલુકો સંતરામપુર, જી. પંચમહાલ.

સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩.

જે. જી. પંડયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ગોધરા.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તા. ૩૦/૩/૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) આ કચેરીના તા. ૪/૭/૨૦૦૩ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૩૩૯/૨૦૦૩.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ક/૧૩૬૨૧/૦૧/ગ/૧૭૭૩/૦૩.-ધી ઉખલા ડુંગરી, ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી., મુ. ઉખલા ડુંગરી, તા. વિજયનગર, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : એ. ૨૭૦૨, તા. ૧૦/૧/૧૯૮૪ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું તા. ૧/૪/૦૧ થી ૩૧/૩/૨૦૦૨ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓડીટ ઓડીટર ગ્રેડ-૧, સ.મં. હિંમતનગર ધ્વારા હાથ ધરવામાં આવેલ હતું. ઓડીટ દરમ્યાન મંડળી ઉદેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઈ જવા માટે દરખાસ્ત કરેલ નથી. સદર બાબતે અત્રેની કચેરીએથી તારીખ ૩/૬/૨૦૦૩ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૦૫૨/૨૦૦૩ થી મંડળીને ફડચામાં કેમ ન લઈ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદ્દેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૬/૬/૨૦૦૩ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી.

INDEX

પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો હાજર રહેલ નથી કે લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી. આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તારીખ ૪/૭/૦૩ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ. અને વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ છે. અને ફરીથી રજુઆત કરવા માટે તા. ૭/૮/૦૩ ના રોજની મુદત આપેલ પરંતુ આપેલ મુદતે મંડળીના હોદેદારો તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી.

આમ મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. આમ નીચેના કારણોસહ :

(૧) મંડળીને પાછલા ઓડીટ નોંધની વાસ્તવિક દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળી હાલ સ્થગિત છે. કોઇ કામગીરી કરતી નથી.

(૩) તા. ૨૦/૯/૯૧ પછી મંડળીની વ્ય. કમીટીની બેઠક મળેલ નથી.

(૪) તા. ૨૯/૬/૯૪ પછી મંડળીની વા.સા. સભા મળેલ નથી.

(૫) તા. ૨૨/૪/૯૪ પછી મંડળીમાં કોઇ વસુલાત આવેલ નથી.

(૬) મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ રાખવામાં કોઇ રસ જણાતો નથી. દફતરી કામકાજ અધુરું છે.

આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જે.જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી ઉખલા ડુંગરી ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી., મુ. ઉખલા ડુંગરી, તા. વિજયનગર, જી. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણૂંક કરું છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ત કરવાની રહેશે. તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીઝી/૧૧૮૮/ પ૨૦૪/જ, તા. ૩૦/૩/૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તા. ૩૦/૮/૨૦૦૨ના ફડચા અંગેના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૮૭૧/૨૦૦૩.

(૪) ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરનો તા.૨૨/૭/૦૩ નો પત્ર ક્રમાંક : ઇન્સ્પે./ ૪૬/૧૦૨૯૮.

(૫) અત્રેની કચેરીના તા. ૧૯/૧૦/૦૨, ૨૦/૧૨/૦૨, ૨૯/૧/ ૨૦૦૩, ૧૧/૩/૦૩, ૧૩/૫/૦૩ ના પત્રો.

પ્રસ્તાવના

જા.નં. ફડચ/ફ/૧૩૬૨૨/૦૧/ગ/૧૭૮૨/૦૩.-ધી ફરેડી ગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. ફરેડી, તા. મોડાસા, જી. સાબરકાંઠા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે. ૨૪૮૨ તા. ૧૯/૭/૬૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. સદર મંડળીનું ઇન્સ્પેકશન ધી સા. જી. મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની મોડાસા શાખા દ્વારા કરવામાં આવેલ હતું. ઇન્સ્પેકશન દરમ્યાન મંડળી ઉદ્દેશો મુજબની કામગીરી કરતી ન હોવાથી તથા સ્થગિત હોવાથી મંડળીને ફડચામાં લઇ જવા માટે દરખાસ્ત કરેલ હતી. સદર બાબતે અત્રેની કચેરીએથી તા. ૫/૭/૨૦૦૨ ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૪૪૩/૨૦૦૩ થી મંડળીને ફડચામાં કેમ ન લઇ જવી તે માટેના કારણો દર્શાવવા મંડળીના હોદેદારોને કારણદર્શક નોટીસ આપી તા. ૧૫/૭/૨૦૦૩ ના રોજ રજુઆત કરવા મુદત આપેલ હતી. પરંતુ નિયત મુદતે મંડળીના હોદ્દેદારો હાજર રહી મુદતની માગણી કરેલ. જેના અનુસંધાને તા. ૨૫/૭/૨૦૦૨ ના રોજની મુદત આપેલ હતી. સદર તારીખે મંડળીના ચેરમેનશ્રીએ હાજર રહી કારણદર્શક નોટીસમાં જણાવેલ મુદ્દાઓનો જવાબ લેખિતમાં રજુ કરેલ. જે મુજબ મંડળીમાંથી બે ગામોની નવી મંડળી રચાતાં કર્જ લેતા સભ્યો ઓછા છે. જુના ધીરાણની વસુલાત ચાલુ સાલે કરીશું. ઓડીટ વર્ગ સુધારવા પ્રયત્ન કરીશું. મુદતવીતી કમીટી સભ્યો પાસેથી વસુલાત મેળવી લેશું. વર્ષ નબળું હોઇ ધીરાણ પ્રવૃત્તિ કરેલ નથી તથા લવાદી રાહે કાર્યવાહી કરવા વિચારણા કરીશું એવી રજુઆત કરેલ હતી. આ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે, મંડળીમાં ધીરાણ/વસુલાતની કાર્યવાહી સ્થગિત હોવાથી તથા મુદતવીતી બાકીદારો સામે કોઇ કાર્યવાહી ન કરવાથી મંડળી બિનઅર્થક્ષમ થતી જાય છે. આમુખ-૩માં વંચાણે લીધેલ અત્રેના તા.૩૦/ ૮/૦૨ના આદેશથી મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશ કરેલ તથા વચગાળાના આદેશ તારીખથી એક માસમાં લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ અને ફરીથી રજુઆત માટે તા. ૩/૯/૦૨ના રોજની મુદત આપેલ હતી. આપેલ મુદતે મંડળીના હોદ્દેદારોએ રૂા. ૫૫૭૨/- ની વસુલાત કર્યાનું દર્શાવેલ છે. તથા ત્રણ સભ્યો સામે કલમ-૧૦૬ના કેસો કર્યાનું જણાવેલ છે. તેમજ બે મુદતવીતી બાકીદાર વ્ય. કમીટી સભ્યોને દુર કર્યાનું જણાવેલ છે. આમુખ-૫માં જણાવેલ અત્રેની કચેરીના વિવિધ પત્રોથી મંડળીને વચગાળાના હુકમમાં જણાવેલ મુદ્દાઓની વાસ્તવિક પુર્તતા કરવા જણાવેલ હતું. પરંતુ મંડળીએ રજુ કરેલ વિગતો જોતાં તથા આમુખ-૪ થી રજુ થયેલ હકીકતો જોતાં મંડળીની કામગીરીમાં કોઈ સુધારો થયાનું જણાતું નથી તથા તા. ૩૧/ ૩/૦૩ અંતિમ પરિસ્થિતિ જોતાં :-

INDEX

(૧) મંડળીના ફંડો કુલ રૂા. ૮૦,૭૫૪/- છે તેની સામે કુલ ખોટ રૂા. ૨,૧૭,૬૨૯/- ની છે.

(૨) મંડળીમાં ધીરાણ પ્રવૃત્તિ સ્થગિત છે. ફક્ત કંટ્રોલ વેપારી પ્રવૃત્તિ ચાલુ છે.

(૩) મંડળીના અગાઉના સેક્રેટરી શ્રી એમ. જી. મેઘરજીએ રૂા. ૧૮,૦૦૦/- ની ગેરરીતી કરેલ છે તે રકમ વસુલ કરવા મંડળીએ કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૪) મંડળીમાં તા. ૩૧/૩/૦૩ ના રોજ ૧૧ મુદતવીતી બાકીદારો છે. તેઓની સામે ૧૦૬(૧)ના કેસો કરેલ નથી.

(૫) મંડળીનો ચાર વર્ષથી ઓડીટ વર્ગ ''ક'' અને ''ડ'' છે.

(૬) બેંક લોન બાકી રૂા. ૧,૮૧,૬૮૦/- છે. તેની સામે કુલ-૧૧ સભ્યો પાસે ધીરાણ બાકી રૂા. ૫૦,૧૮૧/- છે. આમ મંડળીના લોન ધીરાણ વચ્ચે રૂા. ૧,૩૧,૪૯૯/- નો ગાળો પડે છે.

આમ મંડળીને ફડચામાં લઇ જવાના વચગાળાના આદેશને કાયમ કરતો નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી હું જે.જે. શાહ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તા અને અધિકારની રૂએ ધી ફરેડી ગૃપ સેવા સહકારી મંડળી લી., મુ. ફરેડી, તા. મોડાસા, જી. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો આમુખ-૩માં દર્શાવેલ વચગાળાના આદેશને બહાલી આપતાં ફડચા અંગેનો અંતિમ આદેશ કરું છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હિંમતનગરની નિમણૂંક કરું છું. હુકમ થયાની તારીખથી ફડચા અધિકારીએ ત્રણ વર્ષમાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા નિયમોનુસાર ફડચા ફી આકારણી કરી બેંકમાં જમા કરાવવાની રહેશે.

હિંમતનગર, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

(૩) આ કચેરીના તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૮ના વહીવટદારની નિમણુંકના આદેશ ક્રમાંક. વહટ/૦૧/ગ/૪૭૭/૯૮.

(૪) આ કચેરીના તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૨ના કસ્ટોડીયનની નિમણુંકના આદેશ ક્રમાંક વહટ/૦૧/ગ/૨૫૨૪/૦૨.

(૫) અત્રેની કચેરીના તારીખ ૧૯મી જુલાઇ, ૨૦૦૩ની કારણદર્શક નોટીસના ક્રમાંક ફડચ/૦૧/ગ/૧૫૧૭/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૭૮૩/૨૦૦૩.–ધી રડોદરા ગ્રુપ સેવા સહ. મં. લી., જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરેલ છે. મું. પો. રડોદરા, તા. બાયડ, જિ. સાબરકાંઠા સને ૧૯૬૧ના ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક ૨૦૭૦૧ તા.રીખ ૨૫મી જુલાઇ, ૧૯૫૧થી નોંધાયેલ સહકારી મંડળી છે.

મંડળીએ કાયદા કાનુન અને મંડળીના મંજુર થયેલ પેટા નિયમોને આધીન રહીને કામગીરી કરવાની હોય છે. મંડળીનો વહીવટ તેની ચુંટાયેલી વ્યવસ્થાપક સમિતિ મારફત ચાલતો હોય છે. સદર સંસ્થામાં વહીવટી પરિસ્થિતિ કથળતાં આમુખ-૩થી અધિનિયમની કલમ-૮૧(૧) અન્વયે વ્યવ. કમીટીને દુર કરી વહીવટદારની નિમણુંક કરવા અંગેનો હુકમ કરવામાં આવેલ હતો. વહીવટદાર તરીકે ધી સાં. કાં. મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરવામાં આવેલ હતી. ત્યારબાદ આમુખ-૪થી અધિનિયમની કલમ-૭૪(૫) અન્વયે કસ્ટોડીયનની ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરવામાં આવેલ હતી.

મંડળીની સને ૨૦૦૨-૦૩ના વર્ષની વાર્ષિક સાધારણ સભા કસ્ટોડીયનશ્રી દ્વારા તારીખ ૭મી જુન, ૨૦૦૩ના રોજ બોલાવેલ હતી. સદરહુ વાર્ષિક સાધારણ સભા ઠરાવ નં. ૫થી મંડળીએ નીચેના કારણોસર ફડચામાં લઇ જવા સર્વાનુમતે ઠરાવેલ છે.

મંડળીના તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩ના આખરના સરવૈયા મુજબ કુલ લોન રૂા. ૧૧૯.૯૦ લાખ હતી. જેની સામે કુલ ધીરાણ રૂા. ૪૬.૦૧ લાખ હતું આમ લોન ધીરાણ વચ્ચે રૂા. ૭૯,૮૯૦ લાખનો ગાળો પડેલ છે. મંડળીમાં શેરભંડોળ, રીઝર્વ ફંડ બીલ્ડીંગ ફંડ તથા અન્ય ફંડો રૂા. ૯.૯૩ લાખ સામે મંડળીમાં ૩૧મી માર્ચ ૨૦૦૩ના આખરે રૂા. ૬૮.૬૬ લાખની ખોટ થવા પામેલ છે. આમ બહારથી કર્જ કરવાની થતા જળવાતી નથી.

ઉપરોક્ત હકીકતે આ મંડળીની આર્થિક પરિસ્થિતિ જોતાં મંડળી અર્થક્ષમ રીતે કાર્ય કરી શકે તેમ ન હોવાથી ફડચામાં લઇ જવી જરૂરી જણાય છે. આમુખ-૫થી અત્રેની કચેરીના તારીખ૧૯મી જુલાઇ, ૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/૧૫૧૭/૨૦૦૩થી મંડળીને ફડચામાં લઇ જવા અંગેની કારણદર્શક નોટીસ આપી સદર નોટીસની મંડળીના કાર્યક્ષેત્રમાં જાહેર પ્રસિધ્ધી કરવા જણાવી રજુઆત સાથે તારીખ ૪થી ઓગષ્ટ, ૦૩ની તક આપેલ હતી. સદર મુદતે મંડળીના કસ્ટોડીયનશ્રી ધ્વારા મંડળીને ફડચામાં લઇ જવા સંમતી આપેલ છે. અને કોઇ સભાસદે વાંધો રજુ કરેલ ન હોવાનું જણાવેલ છે.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાની અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું. જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટારશ્રી, સહ. મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(બી)

INDEX

હેઠલ ધી રડોદરા ગ્રુપ સેવા સહ. મં. લી. મું પો. રડોદરા તા. બાયડ, જિ. સાબરકાંઠાને ફડચામાં લઇ જવાનો વચગાળો આદેશ કરૂં છું. અને સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચાધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની નિમણુંક કરૂં છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજૂઆત કે ખુલાસો કરવો હોય તો આદેશ તારીખથી એક માસની મુદતમાં લેખીત અથવા મૌખિક રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. ઉકત મુદત દરમ્યાન કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં નહિં આવે તો મુદત વીતેથી સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭(૩) હેઠળ અંતીમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

હિંમતનગર, તારીખ ૧લી, સપ્ટેમ્બર, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સાબરકાંઠા,
હિંમતનગર.

ક્રમાંક ઉખસ/નધણ/ઉ-૧૨૫૮૦/ઝ/૫૧૬/સને ૨૦૦૩.-આથી જાહેર કરે છે કે ઓલપાડ, ચોર્યાસી બે રોજગારી મજુર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વાંસદા, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઉ-૧૨૫૮૧/ઝ/૫૧૭/સને ૨૦૦૩.-આથી જાહેર કરે છે કે હાડા વિસ્તાર અસરગ્રસ્ત, મજુર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ભટલાઇ, તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર સ. મં.,
સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક સહકાર/નધણ/૧૩૭૪/ગૃહ/ઘ/૧૯૦૭૭/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, અર્થસ્ટાર કો. ઓ. હા. સોસાયટી લી., સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ગાંધીનગર, તાલુકા ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. સરકારશ્રીના સહકાર વિભાગના તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૮૫ની સૂચના મુજબ જમીન વગર નોંધણી કરવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

ક્રમાંક સહકાર/નધણ/૧૩૭૫/ગૃહ મંડળી/ઘ/૧૬૬૪૦/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, શુભકામના કો. ઓ. હા. સોસાયટી લી., સહકારી મંડળી લીમીટેડ, સ્થળ ગાંધીનગર, તાલુકા ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. સરકારશ્રીના સહકાર વિભાગના તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૮૫ની સૂચના મુજબ જમીન વગર નોંધણી કરવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૨૦૦૩.

જી. આર. રાઠોડ,
મદદનીશ જિલ્લા રજીસ્ટાર સ. મં.
જિલ્લા પંચાયત, ગાંધીનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, OCTOBER 2, 2003 / ASVINA 10, 1925 [No. 40

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	731-746	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	619-638
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	40	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	10759-10999

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૭૮/૨૦૦૩.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો વિસ્તાર.

INDEX

અપવાદ: આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગું પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર,

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (સને-૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૧૧૮ મુજબ.

નં. ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર/૩૬/૨૦૦૩.-હાલમાં સમગ્ર અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં ચોમાસુ શરું થઈ વાવણી લાયક વરસાદ થયેલ છે. અને ખેડૂતોએ કરેલ વાવેતર હાલમાં તૈયાર થઈ ગયેલ છે. તૈયાર થયેલ પાકમાં ઘણી વખત રખડતાં પશુઓ પાકમાં ફરી ભેલાણ કરે છે. જેના કારણે રખડતા પશુના માલીકો અને ખેડૂતો વચ્ચે બોલાચાલી અને મારામારીના બનાવો બને છે. તેમજ ઘણીવાર ગંભીર પ્રકારના મારામારીના ગુના ભેલાણના પ્રશ્ને બને છે. આથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને-૧૯૫૧ નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૧૧૮ થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી કોઈ વ્યક્તિએ પોતાની માલીકીના હોય અથવા તેના હવાલામાં હોય એવા કોઈ ઢોર ગફલતથી અથવા બીજી રીતે સુર્યાસ્ત પછી એક કલાક અને સુર્યોદય વચ્ચેની મુદત દરમ્યાન પુરી અથવા બાંધી રાખશે. નહિં તો તેના પર ગુનો સાબીત થયે કલમ-૧૧૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

આજ તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૬ /૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા નવરાત્રી ઉત્સવને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થો લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેનાં શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવ ભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી :–

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજરોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બી.પી.એ./રજી નં. ૪૭/૨૦૦૩/.-મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા નવરાત્રી ઉત્સવને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારૂં માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો) ની કલમ ૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તા રૂએ ફરમાવું છું, કે સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે / ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો)ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસીબી/એમ.એ.જી/રજી નં./૭/૨૦૦૩.-તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૩નાં રોજ કૃષિ વપરાશના વિજ પુરવઠાના વિજ દરના વધારાના વિરોધ સબબ ગુજરાત ખેડુત સમાજ દ્વારા ઘોષિત કાર્યક્રમ મુજબ ''ખેડુત શોષણ મુક્તિ યાત્રા'' દાંડી ખાતેથી સાબરમતી, ગાંધીનગર સુધી આગામી તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૩નાં રોજ ૧૦-૦૦ કલાકથી તથા તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૩નાં રોજ બે દિવસ માટે નવસારી જિલ્લાનાં ગામેગામ ફરી તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૩નાં રોજ અનાવલ ગામ, તા. મહુવા, જિ. સુરત મુકામે પહોંચનાર છે જેમાં સ્વાતંત્ર સેનાની શ્રી ગોસાઇભાઇ છીબાભાઇ પટેલ તથા આ યાત્રામાં નવસારી જિલ્લા ખેડુત સમાજનાં પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, તથા બીજા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડુતો વાહનો સાથે ભાગ લેનાર છે. આ યાત્રાને ધ્યાને લઇને જાહેર જનતાને થતી અડચણ, ત્રાસ કે નુકશાન કે જાનમાલ તથા સ્વાસ્થ્ય કે સલામતીને થતા જોખમ થતા નુકશાનની અને જાહેર જનતા વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય તેમ નથી. તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ થવાનો પણ સંભવ રહે છે. જેથી જાહેર જનતા ઉપર થતા સંભવીત ત્રાસ/ભય જેવા જોખમ અટકાવવા માટે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે નવસારી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર, સભા કરવા પર, સરઘસ કાઢવા પર, તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૩ થી તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૩નાં રોજ રાત્રીના ૧૨-૦૦ કલાક દરમ્યાન હું જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ ફરમાવું છું.

ઉપરોક્ત હુકમનો ભંગ કર્યેથી ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૩ તથા તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૩ નાં રોજ ફરજની કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

(૩) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રા કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઇડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૪) ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી નહીં કે સભા બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં. કે ભેગા થવું નહીં.

આજ રોજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૩ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૨૦૬.-પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે. જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે , સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૨૦૦૩ થી ૨જી ઓક્ટોબર ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી, કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઇ સરઘસ કાઢવું નહીં.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઇ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫(૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ સજા થશે.

આજે તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (૫) તથા ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક ઉ/મકપ/પલસ/વશી/૨૨૮૩.- તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩ થી ૪થી ઓક્ટોબર ૨૦૦૩ દરમ્યાન નવરાત્રિ, દશેરા તહેવારોની ઉજવણી થનાર હોઈ, લોકહીત તેમજ જનતામાં શાંતિ જળવાય અને કાયદો, વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી રસ્તામાં અથવા સાર્વજનીક જગ્યાઓમાં વાજીંત્ર વગાડવા અને ભૂંગળા અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા ઉપર નિયંત્રણ રાખવા અથવા તેની પાડોશમાંના રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન થતું અટકાવવા માટે તેમજ સાર્વજનિક જગ્યાઓમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા ઉપર નિયંત્રણ કરવાનું જાહેર હિતમાં તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે જરૂરી જણાય છે. આ અર્થે નીચે મુજબ હુકમ કરવો યોગ્ય જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩-૧(૫) અને ૩૭(૧) અન્વયે હું બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, આથી ફરમાવું છું કે સમગ્ર પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ (બન્ને દિવસો સહીત) રાત્રીના ૧-૦૦ કલાક પછી સૂર્યોદય સુધી રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં અથવા તેની નજીકમાં વાજીંત્ર વગાડવા નહીં ભુંગળા, લાઉડસ્પીકર, અથવા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા નહીં, પાડોશમાનાં રહેવાસીઓને અથવા આવજા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં. તેમજ બુમો પાડવાની તેમજ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની પણ પ્રવૃત્તિ કરવી નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઇસમ ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) મુજબ.

નં. ઉ/મકપ/પલસ/વશી/૨૨૮૪.-પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ દરમ્યાન નવરાત્રિ ઉત્સવની ઉજવણી થનાર છે. આ સમય દરમ્યાન લોકોની મોટી અવર જવર પાવાગઢ યાત્રાધામમાં રહેનાર હોવાથી તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખૂબજ વાંકો ચૂકો તથા ચઢાણ ઉતરાણ વાળો તથા સાંકડો છે. જેથી લોકોની મોટી અવર જવર દરમ્યાન ટ્રાફીક નિયમન તથા અકસ્માત નિવારવા ઉક્ત સમય દરમ્યાન ભારે તેમજ હળવા વાહનો, ટેમ્પા, જીપો, લકઝરી બસો વિગેરેની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી પાવાગઢ યાત્રાધામમાં ટ્રાફીક નિયમન તેમજ અકસ્માત કે જાનહાનિ ન થાય તે માટે જાહેર હિતમાં પાવાગઢથી માંચી સુધીનાં રસ્તા ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે, ટેમ્પો, લકઝરી બસ, મેટાડોર, જીપો વગેરેના પ્રવેશ ઉપર નિયંત્રણ કરવું જરૂરી જણાતાં મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ-૧(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, પાવાગઢથી માંચી સુધીનાં રસ્તા ઉપર, ઉપર જણાવ્યા મુજબના વાહનોની અવર જવર ઉપર તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ (બન્ને દિવસો સહીત) સુધીના સમયગાળા માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઇસમ ઇન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

સબ ડીવાઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ.

ક્રમાંક ઉ/મકમ/વશી/૧૧૫૫.-આ કચેરીના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના હુકમ ક્રમાંક ઉ/મકમ/વશી/૧૯૯૦/૦૩ થી ઉક્ત હુકમમાં જણાવેલ પોલીસ ચોકી વિસ્તારમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ સાંજના ૫-૩૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ જે અંગે પોલીસ ઇન્સ્પેકટરશ્રી, ગોધરાના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રીપોર્ટ અન્વયે તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩થી સંપૂર્ણ કરફ્યુ મૂક્તિ આપેલ છે.

ગોધરા શહેરમાં રાબેતા મુજબની સંપૂર્ણ શાંતી સ્થપાયેલ હોય અત્રેના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના હુકમ ક્રમાંક ઉ/મકમ/વશી/૧૯૯૦/૦૩ થી લાદવામાં આવેલ કરફ્યુ ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૧૪૪ ધ્યાને લેતાં હવે તમામ વિસ્તારમાંથી તમામ ઇસમો માટે સંપૂર્ણ ઉઠાવી લેવા હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

INDEX

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૨૧૬૬-૭૫/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ જીલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા ગણેશ વિસર્જનને અનુલક્ષીને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઇ પણ સમય માટે તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના સમય માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો .

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ(ક) નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જીલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૨૧૭૬-૮૫/૨૦૦૩.-જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા ગણેશ વિસર્જનને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યક્તિઓ એકત્ર/ભેગા થવું નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાલ હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઇ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ.

(૫) એસ.ટી. બસમાં મુસાફરી કરવા માંગતી વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહુ હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/વશી/૧૧૪૯.-આ કચેરીના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના હુકમ ક્રમાંક ઉ/મકમ/વશી/૧૯૯૦/૦૩ થી ઉક્ત હુકમમાં જણાવેલ પોલીસ ચોકી વિસ્તારમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ સાંજના ૫-૩૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ

INDEX

લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી તથા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, ગોધરા શહેરના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩નો રીપોર્ટ ધ્યાનમાં લેતાં સમગ્ર કરફ્યુ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી જેથી હાલમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી અમલમાં રહેલ અચોક્કસ મુદતનો કરફ્યુ વધુ ચાલુ રાખવો જરૂર જણાતી ન હોઈ ગોધરા શહેરમાં તમામ વિસ્તાર માટે અને તમામ ઈસમો માટે તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી સંપુર્ણ કરફ્યુ મુક્તિ આપવા હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/વશી/૨૦૦૩.-આજરોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ ગોધરા શહેરમાં ગણપતિ વિસર્જન સમયે એકાએક અસામાજીક તત્વોએ ગણપતિ વિસર્જન શોભાયાત્રા ઉપર કરેલ પથ્થરમારો તથા આગ અને લુટફાટના બનાવો કરી તોફાન શરૂ કરેલાની માહીતી મળેલ છે. અને ગોધરા શહેરમાં તંગદીલી ભર્યુ વાતાવરણ છે. ગોધરા શહેર વિસ્તારમાં લોકોના જાન માલ જોખમ અને ભયમાં મુકાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે અને તેવી રીતે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા તથા તેને અંકુશમાં લેવાનો અને ઝડપી ઉપાયો યોજવાનું ઈચ્છનીય છે.

તેથી, હું, જે. ડી. જોષી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ગોધરા પ્રાંત ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસૂચિમાં નિર્દેશેલા વિસ્તારોના રહેવાસીઓએ તેમાં અવર જવર કરનારાઓએ પ્રસંગોપાત આવનારાઓએ તે અનુસૂચિમાં નિર્દેશ કરેલ વિસ્તાર પુરતુ અને અનુસૂચિમાં દર્શાવેલ કલાકે દરમ્યાન ઉપરોક્ત વિસ્તારની અંદર આવેલ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તો, રાજમાર્ગ, શેરી, ગલી, પેટા ગલીમાં સવારી કરવી નહી. વાહન હંકારવું નહી. ચલાવવું નહી. ઉભા રહેવું નહી, રખડવું નહી. અથવા હરવું ફરવું નહી, અથવા તેના બીજો કોઈ ઉપયોગ કરવો નહી.

અનુસૂચિ

વિસ્તારનું વર્ણન	સમય
ચોકી નં.-૧ મકન કુવા પૂરતો જ.	અચોક્કસ મુદત
ચોકી નં.-૨ રાણી મસ્જીદથી ચોકી નં. ૩ તરફનો વિસ્તાર	
ચોકી નં.-૩ સમગ્ર	
ચોકી નં.-૪ સમગ્ર	
ચોકી નં.-૬+૭ સમગ્ર	

આ હુકમ આ કચેરીના અધિકૃત કરેલા અધિકારી પાસેથી પરમીટ ધરાવનાર વ્યક્તિઓએ તથા ફરજ પરની પોલીસના તથા આ કામે રોકવામાં આવેલ અન્ય કર્મચારીઓએ લાગુ પડશે નહીં.

મેં આજ રોજ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. ડી. જોષી,
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા પ્રાંત. ગોધરા.

જાહેરનામું

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

નંબર એમ.ઇ.ડી/વશી/૨૦૦૩/૧૨૧૧.-પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં કોલેરાના ચેપીરોગનો વાવર ફેલાય તેવી સંભાવના છે. હાલોલ તાલુકામાં ચેપીરોગ પ્રસરે નહી તે હેતુથી મે. કલેકટર સાહેબ, પંચમહાલ, ગોધરાના જાહેરનામાં નં ઉ/મકપ/ ૨૦૦૩/વશી/ ૧૪૪૩ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે મામલતદાર હાલોલની નિમણૂંક કરવામાં આવી છે.

જે અન્વયે હાલોલ તાલુકાના પાવાગઢ ગામને કોલેરા ગ્રસ્ત તરીકે અને તેની આજુ બાજુનાં ૮ કી.મી. વિસ્તારને તથા હાલોલ તાલુકાને (શહેરી વિસ્તાર સહિત) કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

વાસ્તે, હું બી. એમ. પટેલ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી હાલોલ કોલેરાનાં રોગનાં નિયંત્રણ માટે તથા તેનો ફેલાવો થતો અટકાવવા માટે નીચે મુજબનાં આદેશનો તાત્કાલીક અમલ કરવા ફરમાવું છું.

૧. હાલોલ તાલુકામાં આવેલ તમામ પ્રા. શાળાઓ, હાઈસ્કુલો અને છાત્રાલયોમાં બાળકોને પીવાનું પાણી પૂરૂં પાડવાની ટાંકી તથા પાઈપ સંપૂર્ણ પણે સાફ કરી પીવાનાં પાણીના ટાંકીમાં જંતુનાશક દવા નાંખી સ્વચ્છ પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા જે તે શાળા, છાત્રાલયોમાં સંચાલકો તથા આચાર્યશ્રીઓએ કરવી તથા આ બાબતનું પ્રમાણપત્ર જે તે વિભાગનાં મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

૨. શાળા/છાત્રાલયોની બહાર કે કંમ્પાઉન્ડમાં ખાણીપીણીની ચીજવસ્તુઓ ના વેચાય તે માટે આચાર્યશ્રીઓએ કાળજી લેવી અને જરૂર જણાયે અત્રે જાણ કરવામાં આવે.

૩. હાલોલ તાલુકામાં આવેલ તમામ ખાનગી હોસ્પીટલો, નર્સીંગહોમો, પ્રા. પ્રેક્ટીશનરો, રક્તદાન કેન્દ્રો અને લેબોરેટરીઓ વગેરે તેમના દ્વારા દર્દીઓને ઈન્જેકશન આપવા માટે વાપરવામાં આવતી સીરીંજ તથા સોય તેમજ લોહી લેવા માટે કે લેબોરેટરી તપાસમાં વાપરવામાં આવતી સીરીંજ કે સોટનો ઉપયોગ કરતાં પહેલા તેની ઓટો ક્લીન અથવા ઓછામાં ઓછી ૧૫ મીનીટ સુધી પાણીમાં ઉકાળી ફરજીયાત સ્ટરીલાઈઝેશન કરવાનું રહેશે. અને તે માટે જરૂરી સાધનો તથા દરેક સ્થળે ફરજીયાત રીતે રાખીને વાપરવાનું રહેશે.

૪. તાલુકામાં ખાણીપીણીનાં સ્થળે અને પીવાનાં પાણી માટેની

કોઠીઓ અથવા માટલા રાખી શકાશે નહી અને જાહેર પાણીના પરબો પર પાણીનાં ઘડા કોઠી અને માટલા રાખી શકશે નહી તેમજ ખુલ્લો, ઉઘાડો કે વાસી કોઈપણ જાતનો ખોરાક પણ વેચી શકાશે નહીં.

૫. કોલેરા રોગ પ્રતિબંધક રસી મૂકવાની કામગીરી મેડીકલ ઓફીસરશ્રી તરફથી હાથ ધરવામાં આવશે.

૬. નાના બાળકોને જાહેર સ્થળોએ ખુલ્લામાં ઝાડે બેસાડવા નહી અને મળમૂત્ર મારફતે રોગનો ફેલાવો થતો હોઇ મળમૂત્ર જાહેર કે ખુલ્લી જગ્યામાં નાંખવું નહીં.

૭. હાલોલ તાલુકામાં ખાનગી હોસ્પીટલોમાં કોલેરાના રોગનાં દર્દીઓને અંદરનાં દર્દી તરીકે દાખલ કરી શકાશે નહી અને આવા દર્દીઓને પંચ. જિલ્લામાં આવેલ સરકારી દવાખાના કે હોસ્પીટલોમાં દાખલ થવા માટે મોકલવાનાં રહેશે.

૮. પીવા માટેનું પાણી સપ્લાય કરતી સંસ્થાઓને ક્લોરીનેશન કરીને જ પાણી પૂરૂ પાડવું.

ઉપરોક્ત સુચનાઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની જોગવાઇ હેઠળ પગલાં લેવામાં આવશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી ૩ માસની મુદત સુધી અમલમાં રહેશે.

હાલોલ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

બી. એમ. પટેલ,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ,
અધિકારી, હાલોલ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજિ.૧૭/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી નગરપાલિકાના વોર્ડ નં. ૪ ની પેટા-ચૂંટણી, ચીખલી તાલુકાના ૬-ચીખલી તાલુકા મતદાર વિભાગની પેટા-ચૂંટણી, નવસારી તાલુકાની ચોવીસી, જલાલપોર તાલુકાના મહુવર, ખરસાડ, માંગરોળ, કનેરા ગણદેવી તાલુકાના છાપર, પીપલધરા, ખાપરીયા, ચીખલી તાલુકાના સતાડીયા ફળિયા, કણભઈ, ખેરગામ, પાટી, વાંસદા તાલુકાના પ્રતાપનગર, વાંદરવેલા, સિંગાડ ગ્રામપંચાયતોની પેટા-ચૂંટણી તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩નાં રોજ યોજાનાર છે અને મતગણતરીની તારીખ ૧૬મી અને ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ નક્કી કરવામાં આવેલી છે જેના અનુસંધાને તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવુ છું કે, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધા)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઇ જવાનું હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઇ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (૧૯૫૧ના ૨૨માં કાયદા)ની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

INDEX

સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ બહાર પાડેલ.

ક્રમાંક ઉ/મકમ/ વશી-૧૧૩૩/૦૩.– આ કચેરીના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના હુકમ ક્રમાંક ઉ/મકમ/વશી-૧૯૯૦/૦૩ થી ઉક્ત હુકમમાં જણાવેલ પોલીસ ચોકી વિસ્તારમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ સાંજના ૫-૩૦ વાગ્યાથી અચોક્કસ મુદતનો કરફ્યુ લાદવામાં આવેલ છે. ગોધરા શહેરમાં પોલીસ ખાતા દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે નીચે જણાવેલા વિસ્તારોમાં કરફ્યુ મુક્તિ માટે જણાવતાં, તે વિગત ધ્યાને લઈ ગોધરા શહેરમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી હાલમાં તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી અમલમાં રહેલ અચોક્કસ મુદતના કરફ્યુના સમયમાં બપોરના ૨-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી કરફ્યુ મુક્તિ આપવા આજરોજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ હુકમ કરવામાં આવેલ છે. જે કરફ્યુ મુક્તિ નીચે મુજબ લંબાવવા હુકમ કરવામાં આવે છે.

તારીખ	સમય	કરફ્યુ મુક્તિ વિસ્તાર	કોના માટે
૧	૨	૩	૪
તા. ૭-૯-૦૩	સાંજના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી.	તમામ વિસ્તાર	તમામ માટે

ઉપરોક્ત કરફ્યુ મુક્તિનો સમય પુરો થતા અત્રેના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના અચોક્કસ મુદતનો કરફ્યુ હુકમ અમલમાં રહેશે.

આજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. જોષી,
સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા પ્રાંત, ગોધરા.

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એચ.બી./એમઈડી/જાહેરનામું/વશી-૪૧૨૬/૨૦૦૩.– અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ધોળકા શહેરમાં તેમજ તાલુકાના અમુક ગામોમાં કોલેરાના રોગનો ભય ઉભો થયેલ હોઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદના તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૩ ના પત્ર નં. ડીપી/અરગ/ઈએમઓ/કોલેરા/જાહેરાત/વશી-૪૮૯/૨૦૦૩ થી જણાવ્યાનુસાર, જાહેર આરોગ્યના હિતમાં પગલાં લેવાનું જરૂરી હોઈ હું, શ્રીમતી અનિતા કરવલ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, આથી કોલેરા અધિનિયમ ૧૯૭૧ની કલમ-(૩) અન્વયે મને મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટ-૪ ના કોલમ-૪માં જણાવેલ વિસ્તારને ''કોલેરાગ્રસ્ત વિસ્તાર'' અને કોલમ નં. ૫માં જણાવેલ વિસ્તારને ''કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર'' જાહેર કરૂં છું.

સદરહુ જાહેરનામાનો અમલ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી રહેશે.

અનુ. નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	ધોળકા	ધોળકા નગર-પાલિકા વિસ્તાર.	રનોડા, જલાલપુર ગોધનેશ્વર, સરંડી, રામપુરા, તાલુકા ધોળકાનો વિસ્તાર.

મામલતદારશ્રી, ધોળકાને ઉપર્યુક્ત વિસ્તાર માટે ''કોલેરા નિયંત્રણ અધિકારી'' તરીકે નિમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

જાહેરનામું

નંબર એચ.બી./એમઈડી/જાહેરનામું/વશી-૪૧૨૭/૨૦૦૩.– અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તથા સીટી તાલુકાના અમુક ગામોમાં કોલેરાના રોગનો ભય ઉભો થયેલ હોઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદના તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૩ ના પત્ર નં. ડીપી/અરગ/ઈએમઓ/કોલેરા/જાહેરાત/વશી-૪૮૮/૨૦૦૩ થી જણાવ્યાનુસાર, જાહેર આરોગ્યના હિતમાં પગલાં લેવાનું જરૂરી હોઈ હું, શ્રીમતી અનિતા કરવલ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, આથી કોલેરા અધિનિયમ ૧૯૭૧ની કલમ-(૩) અન્વયે મને મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટ-૪ ના કોલમ-૪માં જણાવેલ વિસ્તારને ''કોલેરાગ્રસ્ત વિસ્તાર'' અને કોલમ નં. ૫માં જણાવેલ વિસ્તારને ''કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર'' જાહેર કરૂં છું.

સદરહુ જાહેરનામાનો અમલ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધી રહેશે.

અનુ. નંબર	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	કોલેરાગ્રસ્ત વિસ્તાર	કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર
૧	૨	૩	૪	૫
૧	અમદાવાદ	દસ્ક્રોઈ તથા સીટી	ઈન્દીરાનગર, તા. દસ્ક્રોઈ	લાંભા, ઓડ, કમોડ, અસલાલી, લક્ષ્મીપુરા, તા. દસ્ક્રોઈ તથા પીપળજ, તા. સીટી.

મામલતદારશ્રી, દસ્ક્રોઈ તથા સીટીને તેઓના વિસ્તાર માટે ''કોલેરા નિયંત્રણ અધિકારી'' તરીકે નિમવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

INDEX

જાહેરનામું

ક્રમાંક ઉ/ગપક/૧૨૭/જ/૬૫૬/૯૦૧૩/૨૦૦૩.–આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ અને વાહનોમાં જતા આવતા ઈસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસ-દાયક કૃત્યોથી લોકોને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતીનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શક્યતા રહે છે અને તેમ થતું અટકાવવું જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટેનાં પુરતાં કારણો અસ્તિત્વમાં હોવાનું મારું માનવું છે.

તેથી, હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૦૩ સુધી કોઈપણ વ્યક્તિએ કોઈપણ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્સો યા ઈસમો પાસેથી નવરાત્રી કે દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનોને રોકવા નહી. નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઈ અશ્લિલ, અરૂચિકર કે ત્રાસદાયક લેખાય તેવા કૃત્યો કરવા નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૩૬૫/એસીબી-૧/સીએલએ/૧૦૮૯/૧૯૭૨૬ તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૭૯ થી એક પોલીસ અધિકારનો અને બિન જામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

INDEX

આજ રોજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/ગપક/લાયસન્સ/જાહેરનામું/સાયબર/૧૬૭૨૨/૨૦૦૩.–વડોદરા શહેરમાં હાલ સાઈબર કાફેની પ્રવૃત્તિ મોટેપાયે શરૂ થયેલ છે. આ સાઈબર કાફેમાં કોમ્પ્યુટર ઉપર ઈન્ટરનેટની સુવિધા ભાડે આપવામાં આવે છે. આ સાયબર કાફેના સારા ઉપયોગ ઘણા છે. જેમાં વ્યક્તિ પોતાના ધંધાને લગતા સંદેશાઓ તાત્કાલિક મોકલી તથા મેળવી શકે છે. તેમજ કોઈ પણ ધંધાને લગતી અથવા તો અભ્યાસને લગતી માહિતીઓ પણ મેળવી શકે છે. પરંતુ સાયબર કાફેના આવા સારા ઉપયોગ થવાની સાથે ગેરઉપયોગ પણ થવા સંભાવના છે. જેમાં સાયબર કાફેના સંચાલક દ્વારા ગ્રાહકને અશ્લિલ સાહિત્યને લગતી વેબ સાઈટ પુરી પાડી અશ્લિલ સાહિત્યનું પ્રદર્શન માટેની સુવિધા કરી આપવામાં આવે છે. જે સમાજના ખાસ કરી યુવા માનસ પર ખૂબ જ વિપરીત અસર પહોંચાડે છે. તેમજ સંચાલક દ્વારા સાયબર કાફેમાં અલગ કેબીન જેવી સુવિધાઓ પુરી પાડી ગ્રાહકને આવી અશ્લિલ વેબ સાઈટ ખાનગીમાં જોઈ શકે તેવી સગવડતા કરી આપવામાં આવે છે. અને એ રીતે આવી જનમાનસ ઉપર વિકૃતિ ફેલાવતી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. આવી પ્રવૃત્તિ અટકાવવી ઘણી જ જરૂરી બની રહેલ છે.

વાસ્તે, હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી, સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૩ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

કોઈપણ સાઈબર કાફેના માલિક કે સંચાલક દ્વારા તેના ગ્રાહકો માટે સાયબર કાફેની જગ્યામાં અલગથી અપારદર્શી કેબીનની સુવિધા પુરી પાડવામાં આવશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯ માહે સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ (૧)(બી) હેઠળ.

ક્રમાંક ટફક/ઉગપક/નવરાત્રી મહોત્સવ/જાહેરનામું/૧૬૮૪/૨૦૦૩.–ચાલુ વર્ષે નોધ્રન ઈન્ડીયા કલ્ચરલ એસોસીએશન, વડોદરા તરફથી તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ દશેરા અંગે રામલીલા અને રાવણ દહનનો કાર્યક્રમ પોલોગ્રાઉન્ડ ખાતે કલાક ૧૬-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી રાખવામાં આવેલ હોય, આ કાર્યક્રમ દરમ્યાન લંકા દહન, રાવણ દહનના કાર્યક્રમો યોજવામાં આવનાર હોય, જે કાર્યક્રમ જોવા શહેરની મોટી સંખ્યામાં માનવમેદની એકત્રિત થનાર હોય, આ કાર્યક્રમ દરમ્યાન આમ જનતાને ભય અગર અગવડતા ન પડે અને ટ્રાફીક નિયમનમાં સરળતા જળવાઈ રહે તે હેતુસર આ જાહેરનામું તાત્કાલિક અસરથી પ્રસિદ્ધ કરવાની જરૂરીયાત હોવાથી હું, સુધિર સિન્હા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓને મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ કલાક ૧૬-૦૦ થી કલાક ૨૨-૦૦ દરમ્યાન ટ્રાફીક વ્યવસ્થા અંગે નીચે મુજબ જાહેરનામું પ્રસિદ્ધ કરું છું.

જાહેરનામાની વિગત

તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ કલાક ૧૬.૦૦ થી કલાક ૨૨.૦૦ દરમ્યાન પોલોગ્રાઉન્ડ ચારે તરફનો વિસ્તાર એટલે કે, રાજમહેલ મેઈન ગેટથી કિર્તિસ્તંભ જતો રોડ, નહેરૂભુવનથી લાડભવન જતો રોડ, અને લાડભવન, બગીખાના થઈ, બરોડા સ્કુલ થઈ, મોતીબાગ તોપ સુધી જતા આવતા રોડની બન્નેવ બાજુનો વિસ્તાર તમામ પ્રકારના વાહનો માટે ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

તેમજ મકરપુરા રોડ, પાદરા રોડ, સ્ટેશન, જેલ રોડ, નર્સિંગ હોમ થઈ આવતો તમામ પ્રકારનો ટ્રાફીક રાજમહેલ મેઈનગેટ થઈ કિર્તિસ્તંભ તરફ જતા રોડ ઉપર તેમજ મોતીબાગ તોપ થઈ, પોલોગ્રાઉન્ડ તરફ જતા રોડ ઉપર ''પ્રવેશબંધી'' જાહેર કરવામાં આવે છે.

વૈકલ્પીકરૂપે ઉપરોક્ત સમય દરમ્યાન શહેરમાંથી કિર્તિસ્થંભ, પોલોગ્રાઉન્ડ, મોતીબાગ તોપ સુધીના માર્ગ ઉપર આવતો તમામ પ્રકારનો ટ્રાફીક જયરત્ન બિલ્ડીંગ, માર્કેટચાર રસ્તા, દાંડીયા બજાર ચાર રસ્તા તરફ જતા રોડનો ઉપયોગ કરી શકશે.

તેમજ સ્ટેશન તરફથી આવતો ટ્રાફીક બરોડા ઓટો મોબાઈલ થઈ, કોઠી ચાર રસ્તા, નર્સિંગ હોમ, દાંડીયા બજાર થઈ શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

જાહેર જનતા અને વાહન ચાલકોને સુચના કરવામાં આવે છે કે, ટ્રાફીક નિયમન અંગે પ્રસિધ્ધ કરેલ જાહેરનામા મુજબ "નો પાર્કીંગ ઝોન " અને "પ્રવેશબંધી" નું અમલીકરણ કરી ટ્રાફીક ડાઈવર્ઝન માટે આપેલ રૂટનો ઉપયોગ કરવો.

મે. આજરોજ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કરેલો હુકમ.

નંબર ડીસીબી / એમએજી / બીપીએ / રજી. નં. ૪૯ / ૨૦૦૩.– મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા નવરાત્રી ઉત્સવને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાતાં અત્રેના જાહેરનામા ક્રમાંક ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૪૭/૨૦૦૩, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી જાહેરનામું તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩ સુધીની મુદત માટે બહાર પાડવામાં આવે છે.

સદરહુ જાહેરનામા સંદર્ભમાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ વલસાડ જિલ્લામાં નવરાત્રી મહોત્સવની થનાર હોય, ગરબા, રાસના કાર્યક્રમોમાં જનમેદની એકઠી થનાર હોય આ કાર્યક્રમને મુક્તિ આપવાની થતી હોય અત્રેનો તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ બહાર પાડેલ જાહેરનામામાં તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ જિલ્લામાં ઉજવણી થનાર વનરાત્રી મહોત્સવમાં ભેગી થનાર જનમેદનીને આ જોગવાઈ લાગુ પડશે નહીં.

તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની અન્ય શરતો યથાવત રહેશે.

આજરોજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૫૦/૨૦૦૩.– મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ પ્રદર્શિત કરવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કાયદાની કલમ-૩૬(૬) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને નોટીશ આપવામાં આવે છે કે, સદરહું મુસદ્દો રાજ્યપત્રમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પુરા થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ કોઈ પણ વાંધા સુચનો વિચારણામાં લેશે નહિં. ઉપરોક્ત મુદત પુરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી જે કોઈવાંધા અથવા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, વલસાડને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)બી હેઠળ મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આથી નીચેના નિયમો કરે છે.

પોલીસ અધિક્ષકશ્રી વલસાડે વાપી ટાઉનમાંથી પસાર થતા ઓવરબ્રીજ ઉપરથી ભારે વાહનો પસાર થવાથી સ્કુલ/કોલેજોના વિદ્યાર્થીઓને અકસ્માત થવાનો ભય રહેતો હોવાથી તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાંથી ભારે વાહનો ઓવરબ્રીજ ઉપરથી પસાર થતા હોય ટ્રાફિક સમસ્યા ઉભી થતી હોય, ટ્રાફિક નિયમન માટે નીચે જણાવેલ સ્થળોએ તે સામે જણાવેલ સમય ગાળા દરમ્યાન ભારે વાહનો માટે અવર-જવર કરવા પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવા આથી ઠરાવવામાં આવે છે.

સ્થળનું નામ	ભારે વાહનોના અવર-જવર માટે પ્રતિબંધિત જાહેર કર્યાનો સમય.
વાપી ટાઉનમાંથી પસાર થતો ઓવરબ્રીજ.	સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ તથા- સાંજના ૧૬-૦૦ થી ૨૦-૦૦ સુધી.

ઉપરોક્ત ઓવરબ્રીજ ઉપરનો પ્રતિબંધિત ભારે વાહન વ્યવહાર નીચે જણાવેલા માર્ગ ઉપરથી અવર-જવર કરી શકશે.

૧. વાપી ટાઉનમાંથી વાયા સોમનાથ- ડાભેલ- વટાર- મોરાઈ માર્ગે નેશનલ હાઈવે નં. ૮ થઈને.

૨. દમણ થી વાયા મોરાઈ થઈને નેશનલ હાઈવે નં. ૮ ઉપર.

ઉપરોક્ત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન માટે અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે "પીક અવર્સ દરમ્યાન ભારે વાહનો માટે પ્રતિબંધિત" જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે:

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૧૮/૨૦૦૩.– મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની

INDEX

કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી આગામી તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ સુધીમાં આવતો નવરાત્રીનો તહેવાર, તારીખ ૨થી ઓક્ટોબર, ૨૦૦૩નાં રોજ ગાંધી જયંતી તથા તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩નાં રોજ દશેરાના તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધા) ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ,

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની,

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ,

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલ લઈ જવાની,

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો, પોકારવાની અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની,

(ઝ) જેનાથી સુરૂચિ નિતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની, આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવું કોઈપણ હથિયાર જવાની ફરજ હોય,

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫(૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે.

આજ રોજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

સુધારા જાહેરનામું

નંબર ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૩૩૩/૨૦૦૩.– અત્રેના જાહેરનામા ક્રમાંક નં. ઉ/મકપ/પલસ/વશી/૨૨૮૩, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ કલમ-૩૩ (૧)(૫) તથા ૩૭(૧) હેઠળ જાહેર હુકમ બહાર પાડેલ છે. તેના બીજા ફકરામાં ત્રીજી લીટીમાં રાત્રિના શબ્દ પછી " ૧-૦૦ કલાક " ને બદલે "૧૨-૦૦ કલાક" વાંચવું.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફીસ, પાલનપુરનો તા. ૨૯-૬-૦૨નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૯-૭-૨૦૦૨.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૬-૭-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૩૯/૦૧/ગ/૧૫૨૬/૦૩.- ધી ધામણવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ધામણવા, તા. દાંતા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૮૮૪૭ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૭થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ (૧) થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. પેટા નિયમ પ્રમાણે વા. સા. સભા તથા વ્ય. કમિટીની બેઠક ભરેલ નથી. મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટમેમાની દુરસ્તી કરેલ નથી મંડળીના કાર્યવાહકો મંડળી ચલાવવા કોઈ રસ ધરાવતા નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ દર્શક નોટીસ આમુખ (૨)થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી રજુઆત કરવામાં આવેલ પરંતુ મંડળી ખરેખર કાર્યરત નથી આથી આમુખ (૩)થી મંડળીને ફડચામાં લઈ જતો વચાગાળાનો આદેશ કરેલ સાથેસાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય એવું જણાઈ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩ના વચાગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી ધામણવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. ધામણવા, તા. દાંતા, જિ. બનાસકાંઠા નોંધણી નંબર ૨૮૮૪૭, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૭ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨-૧૨-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૩-૧-૨૦૦૩.

(૩) અત્રેની ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૧-૬-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૦/૦૧/ગ/૧૫૨૭/૦૩.- ધી ધનલક્ષ્મી ગ્રાહક સહકારી ભંડાર લી., ડીસા, તા. ડીસા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ભં-૪૪૬૧ તારીખ ૩૦મી જુન, ૧૯૯૮થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ (૧) થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ ઉદ્દેશો પ્રમાણે કામગીરી શરૂ કરી નથી. પેટા-નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી. મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. આગાઉના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી મંડળીના સભાસદોને મંડળી ચલાવવા રસ હોય તેમ જણાતું નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ દર્શક નોટીસ આમુખ (૨)થી આપેલ હતી. જે નોટીસ કાર્યવાહકોએ છોડાવેલ નથી કે કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી આથી આમુખ (૩)થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથેસાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય એવું જણાઈ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૨૧મી જુન, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી ધનલક્ષ્મી ગ્રાહક સહકારી ભંડાર લી., ડીસા, તા. ડીસા, જિ. બનાસકાંઠા, નોંધણી નંબર ભં-૪૪૬૧ તારીખ ૩૦મી જુન, ૧૯૯૮ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફીસ, પાલનપુરનો તા. ૯-૧૨-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રે ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૩-૧-૨૦૦૩.

(૩) અત્રેની ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૧-૬-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૧/૦૧/ગ/૧૫૨૮/૦૩.- ધી વગદડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. પાલનપુર એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૯૫૭૧ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૬થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ (૧) થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી બંધ હાલતમાં છે. પેટા નિયમ પ્રમાણે વાર્ષિક સાધારણ સભા તથા વ્યવ. કમિટીની બેઠકો ભરવામાં આવેલ નથી. સભાસદોના ધિરાણની વસુલાત થતી નથી. મંડળીના કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા કારણ દર્શક નોટીસ આમુખ (૨)થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી. આથી આમુખ (૩)થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથેસાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીની ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય તેવું જણાઈ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૨૧મી જુન, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી વગદડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું વગદડી, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા, નોંધણી નંબર ૧૯૫૭૧, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૬ને સને ૧૯૬૧ના ગુજરાત સહાકરી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૧૪-૧૦-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૭-૧૧-૨૦૦૨.

(૩) અત્રે ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૬-૭-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૨/૦૧/ગ/૧૫૨૯/૦૩.- ધી વસુંધરા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ડીસા, તા. ડીસા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ-૩૭૩૮ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૮૧થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ (૧) થી જણાવ્યા પ્રમાણે કાર્યવાહકોએ ઓડીટ માટે દફતર રજુ કરેલ નથી. કાર્યવાહકોમાં અંદરોઅંદર વિખવાદ ચાલે છે. મંડળીનું તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩થી ઓડીટ બાકી રાખેલ છે. મંડળી સ્થગિત છે. કાર્યવાહકો સામે આઈ.પી.સી. કલમ-૧૭૫ મુજબ ફરિયાદ નોંધાયેલ છે. તેમ છતાં ઓડીટ માટે દફતર રજુ કરવામાં આવેલ નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ દર્શક નોટીસ આમુખ (૨)થી આપેલ હતી. જે નોટીસ સ્વીકારેલ નથી. કે કોઈ રજુઆત કરી નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી આથી આમુખ (૩)થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથેસાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ છોડાવેલ નથી કે કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત છે અને કાર્યવાહકોને મંડળી કાર્યરત રાખવા કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી વસુંધરા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ડીસા, તા. ડીસા, જિ. બનાસકાંઠા, નોંધણી નંબર ઘ-૩૭૩૮, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૮૧ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી., અમદાવાદની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૧૯-૧૨-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૨૭-૧-૨૦૦૩.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૧-૬-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૩/૦૧/ગ/૧૫૩૦/૦૩.- ધી ભાગ્યકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ડીસા, તા. ડીસા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ-૯૬૦૨ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૩થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ત્રણ વર્ષથી સ્થગતિ છે. મંડળીના પેટા-નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી. મંડળીના કાર્યવાહકોને હવે સંસ્થા ચલાવવામાં રસ ધરાવતા નથી. મંડળીમાં ખોટ છે. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ દર્શક નોટીસ આમુખ-૨થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોની વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય એવું જણાઈ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૨૧મી જુન, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી ભાગ્યકૃપા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ડીસા, તા. ડીસા, જિ. બનાસકાંઠા નોંધણી નંબર ઘ-૯૬૦૨ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૩ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) મેનેજરશ્રી, બ. કાં. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુરના તા. ૨૧-૫-૦૩નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૯-૬-૨૦૦૩.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૫-૮-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૪/૦૧/ગ/૧૫૩૧/૦૩.- ધી સોની સેવા સહકારી મંડળી લી., તા. દીયોદર એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૭૬૧ તારીખ ૨૫મી મે, ૧૯૬૧થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીને આપેલ લોન અને સભાસદ ધીરાણ વચ્ચેની માર્જીન ઘટ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ના રૂા. ૨.૫૫ લાખ થવા જાય છે. વસુલાતમાં કોઈ રસ નથી. મુદતવીતી બાકીદારો સામે ૧૦૬ ના કેસો કરવામાં આવતા નથી મંડળીમાં તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધીમાં રૂા. ૧૨ લાખ ઉપરની ખોટ છે. જે મંડળીના શેર ભંડોળ તથા અન્ય ફંડો કરતાં વધુ છે. મંડળી છેલ્લા ૧૦ વર્ષથી સ્થગિત છે, નવિન ધિરાણ કરેલ નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ દર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી. અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોની વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય એવું જણાઈ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૫મી ઓગષ્ટ, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી સોની સેવા સહકારી મંડળી લી., મું. સોની, તા. દીયોદર, જિ. બનાસકાંઠા નોંધણી નંબર ૧૭૬૧ તારીખ ૨૫મી મે, ૧૯૬૧ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨-૧૨-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રે ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૩-૧-૨૦૦૩.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૨૧-૬-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૫/૦૧/ગ/૧૫૩૨/૦૩.- ધી અંકુર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., પાલનપુર, તા. પાલનપુર એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૧૮૩૧૭ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૮થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ ઉદેશો પ્રમાણેની કામગીરી થયેલ નથી. મંડળીના પેટા-નિયમ પ્રમાણે મંડળીનો વહીવટ થતો નથી. મંડળીમાં ખોટ થવા પામેલ છે. મંડળીના કાર્યવાહકો સભાસદોને મંડળી ચલાવવા રસ ધરાવતા નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ-દર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઈ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથેસાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય એવું જણાઈ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૨૧મી જુન, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી અંકુર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., પાલનપુર, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા નોંધણી નંબર ૧૮૩૧૭ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૮ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૮-૭-૦૨નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ તા. ૨૨-૭-૨૦૦૨.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો વચગાળાનો આદેશ તા.૧૬-૭-૨૦૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૩૭૪૬/૦૧/ગ/૧૫૩૩/૦૩.- ધી હીંગળાજ પિયત સહકારી મંડળી લી., ઘ્રેંચાણા, તા. વાવ એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ખે-૧૮૦૭ તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૮૫થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ (૧) થી જણાવ્યા પ્રમાણે મંડળીના ઉદેશો મુજબ કામગીરી બંધ થવા પામેલ છે. અગાઉના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી. છેલ્લા ત્રણ વર્ષથી ઓડીટ વર્ગ 'ડ' છે. મંડળીમાં ખોટ રૂા. ૭૦,૯૫૬/-ની છે. મધ્ય મુ. કર્જની વસુલાત થતી નથી. સા. સભા તથા વ્ય. કમિટી મળવા ખાતર ભરવામાં આવે છે. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણ દર્શક નોટીસ આમુખ (૨)થી આપેલ હતી. નોટીસ કાર્યવાહકોએ સ્વીકારી તેની સામે તારીખ ૧૯મી ઓગષ્ટ, ૨૦૦૨ થી લેખીત રજુઆત કરેલ હતી. ત્યાર બાદ અત્રેથી વાર્ષિક હિસાબી પત્રકો માંગવામાં આવેલ પરંતુ રજુ કરેલ નથી જેથી મંડળીને આમુખ (૩)થી ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથેસાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી અન્યથા મંડળીના ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ હોવા છતાં કોઈ રજુઆત કરેલ નથી. જેથી મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારીની રૂએ ધી હીંગળાજ પિયત સહકારી મંડળી લી., ઘ્રેંચાણા, તા. વાવ, જિ. બનાસકાંઠા, નોંધણી નંબર ખે-૧૮૦૭ તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૮૫ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો) નવી જગ્યા, પાલનપુરની નિમણૂંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિ. રજિસ્ટ્રાર,
સહકારી મંડળી પાલનપુર.

નંબર નધણ/૦૧/ક-૨/૫૫૭/સે/દુ-૩૫૨૬૬/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે અમલેશ્વર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત

INDEX

સ્થળ અમલશ્વર, તાલુકો ભરૂચ, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

વંચાણમાં લીધા :- જરાવત (બારમુવાડા) સેવા સ. મં. લી. મુ. જરાવત (બારમુવાડા) તા. મહેમદાવાદ ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૪૯/૨૦૦૩ તારીખ ૮મી જુલાઇ, ૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૩૨૬/૨૦૦૩.--જરાવત (બારમુવાડા) સેવા સ. મં. લી. મુકામ જરાવત (બારમુવાડા) તાલુકો મહેમદાવાદ જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર ૧૩૦૭૩ તારીખ ૧૦મી જુલાઇ, ૧૯૭૫ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદ ની સદર કાયદાની કલમ ૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- મોટી મુડેલ દુધ ઉત્પાદક સ. મં. લી. મુ. મોટી મુડેલ તા. કઠલાલ ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૪૭/૨૦૦૩ તારીખ ૮મી જુલાઇ, ૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૩૨૭/૨૦૦૩.--મોટી મુડેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુકામ મોટી મુડેલ તાલુકો કઠલાલ જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે. દૂ. ૨૫૦૦૧ તારીખ ૨૯મી જુન, ૧૯૯૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) સ. મં. નડીયાદ ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- ધી જય અંબે કો. ઓપ. હાઊ. સ. મં. લી. મુ. કનીજ તા. મહેમદાવાદ ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૬૨/૨૦૦૩ તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૩૨૮/૨૦૦૩.--ધી જય અંબે કો. ઓપ. હાઊ. સોસા. લી. મુકામ કનીજ તાલુકો મહેમદાવાદ જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે. ૧૪૫૩૦ તારીખ ૧૮મી મે, ૨૦૦૦ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) સ. મં. નડીયાદ ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :- ધી મોટી ખડોલ સેવા સ. મં. લી. મુ. મોટી ખડોલ તા. મહુધા, જિ. ખેડા ને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૨૪૮/૨૦૦૩ તારીખ ૮મી જુલાઇ, ૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ગ-૨/૩૨૯/૨૦૦૩.--ધી મોટી ખડોલ સેવા સહકારી મંડળી લી. મુકામ મોટી ખડોલ તાલુકો મહુધા જિલ્લો ખેડાને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર ૪૨૪૧ તારીખ ૨૨મી જુન, ૧૯૬૧ થી નોંધવામાં આવી હતી. તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ધી ખેડા જિલ્લા મધ્ય સહ. બેંક લી. નડીયાદ ની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તિજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

નડીયાદ, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી ધી રેલ્વેમેન્સ કન્ઝુ. કો. ઓ. સો. લી. સ. મં. લિ. નડીયાદ ના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૯મી જુલાઇ. ૨૦૦૩ નો પત્ર નં. ફડચ/૦૧/જ/૧૧૬/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ કાયદો, ૧૯૬૧ કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦મી માર્ચ, ૧૯૯૧ના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

INDEX

હુકમ

જા. નં. નધણ/ફડચ/ખ/૪૨૯/૨૦૦૩.-શ્રી ધી રેલ્વેમેન્સ કન્ઝુ. કો. ઓ. સો. લી. સ. મં. લિ. મુ. નડીયાદ તાલુકા નડીયાદ જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીયાદની ઓફીસનો નોંધણી નંબર ભં-૬૫૬ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૬૭ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદના હુકમ નંબર ઉ. ખ. સ. / ક. જ. / ફડચા / ગ-૨ / ૩૮૧ / ૯૪ તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૪ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ [ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨] ની કલમ ૧૧૪ [૨] અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

નડીયાદ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) શ્રી એન. જે. મહેતા ચોકસી અધિકારીનો તા. ૩૦-૬-૦૩નો ચોકસી અહેવાલ.

(૨) અત્રેની કચેરીના જા. ને સવન /૦૧/૫/૨૬૮ થી ૨૭૪ ૨૦૦૩ નડીઆદ તા. ૨૦-૭-૦૩.

(૩) ક / નિ અડધો આપવામાં આવેલ કાદ નોટીસનો વ્ય. ક. સભ્યોનો તા. ૧૧-૮-૨૦૦૩ નો જવાબ.

(૩) સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક જી.એચ./કે.એચ./-૨૪-૯૧/ ડી.ડી.સી./૧૧૮૮/૫૨૦૪/જે. તા. ૩૦-૩-૯૧.

પ્રસ્તાવના

ક્રમાંક સવન / ૦૧ / ખ / ૩૫૨ / ૨૦૦૩.--બાગોલ સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. મું. બલોલ તા. મહુધા જિ. ખેડાની વ્યવસ્થાપક કમીટી સંસ્થાનો વહિવટ કરવામાં નિષ્ફળ થયેલ હોઈ વ્યવસ્થાપક કમીટીને સ. કા. કનિ અન્વયે આમુખ-૨નાં પત્ર દ્વારા કાદ. નોટીસ પાઠવી સકા. ક. નિ. અન્વયે કાર્યવાહી કેમ ના કરવી તેનો લેખીત / મૌલિક ખુલાસો કરવા તા. ૧૧-૮-૦૩નાં રોજ હાજર રહેવા તક આપેલ હતી અને કાદ. નોટીસનાં સંદર્ભમાં આમુખ-૩માં દર્શાવેલ પત્રથી વ્ય. ક. સભ્યોએ લેખિતમાં જવાબ આપેલ છે. જે સંતોષકારક જણાવેલ નથી. જેથી વ્ય. ક. સભ્યોને સંસ્થાનો વહિવટ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહે છે. સંસ્થાના વ્ય. ક. સભ્યોમાં મંડળીના સભાસદ શ્રી ડાહ્યાભાઈ બેચરભાઈના દીકરા શ્રી ફુલાભાઈ ડાહ્યાભાઈને સેક્રેટરી બનાવેલ છે અને આ સેક્રેટરીએ બિન અધિકૃત રીતે ૬ સભાસદોને કોઈપણ જાતની કાર્યવાહી કે ઠરાવ કર્યા સિવાય કોઈપણ વાંક ગુનાં સિવાય તા. ૫-૨-૯૩નાં રોજ છૂટા કરવાની નોટીસ આપી છૂટા કરેલ છે. અને તેઓની જગ્યાએ તેઓનાં પાંચ પુત્રોને સભાસદ બનાવેલ છે. જેઓ મંડળીના માલિકીની જનમીનમાં ખેતી કરી ઉપજ પોતાના ઘરમાં તથા અંગત ઉપયોગમાં વાપરે છે. અને ઘર બાંધીને રહે છે મંડળીનાં સેક્રેટરી હિસાબી દફતર વિગેરે તેઓનાં ઘરે રાખે છે મંડળીનાં હિસાબી ચોપડા સભાસદોને જોવા દેતા નથી વ્ય. ક. ની મીટીંગ બોલાવતા નથી તેમજ કોઈ સભ્યને જાણ કરવામાં આવતી નથી. મંડળીના સેક્રેટરી અને ચેરમેનના નામે શેર નથી પેટા નિયમનો ભંગ થાય છે. સભાસદ રજીસ્ટર રાખેલ નથી.

મંડળીના સભાસદ ડાહ્યાભાઈ બેચરભાઈનાં દિકરા પોતે સેક્રેટરી છે. તેમનું નામ ફુલાભાઈ ડાહ્યાભાઈ સોલંકી છે. તેમને પોતાનાં કુટુંબનાં માણસોને સભાસદ બનાવેલ છે જેમાં (૧) જશભાઈ ફુલાભાઈ સોલંકી (સેક્રેટરી)પુત્ર (૨) વિઠ્ઠલભાઈ ફુલાભાઈ સોલંકી (વ. ચેરમેન) (૩) ગાલાભાઈ ફુલાભાઈ સોલંકી (ક. સભ્ય) (૪) રાવજીભાઈ ફુલાભાઈ સોલંકી (ક. સભ્ય) (૫) ભલાભાઈ ફુલાભાઈ સોલંકી (ક. સભ્ય) (૬) અશોકભાઈ રામાભાઈ સોલંકી ચેરમેન (ભાઈના) દિકરો (૭) રામાભાઈ ડાહ્યાભાઈ સોલંકી (ક. સભ્ય) ભાઈ.

ઉપર મુજબની હકિકત હોઈ વ્ય. ક. સભ્યો પેટા નિયમ સહ કાયદા કાનૂન અન્વયેની ફરજો બજાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઈ મંડળીનાં તેમજ સભાસદોનાં હિતને બાધ આવે તેવું વર્તન કરેલ હોઈ ઉપરોક્ત સંજોગોમાં વ્ય. ક. સભ્યોને હોદ્દા પરથી દૂર કરી સકા. નિ અન્વયે વહિવટદારની નિમણૂંકનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. દરજી જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીમાં નડીઆદ મને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે મળેલ સત્તાની રૂઈએ બલોલ સામુ ખેતી ની સ. મં. મુ. બલોલ તા. મહુધા જિ. ખેડાનાં હાલનાં ચાલુ વ્યવસ્થાપક કમીટી સભ્યોને દૂર કરી સંસ્થાનાં ૪૫ દિવસ ચલાવવા સ્થાઈ વહિવટદાર તરીકે શ્રી એન. એસ. પંચાલની નિમણુંક કરું છું અને વહીવટદારની મુદત ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષની મંજુર કરું છું વહિવટદારનું મહેનતાણું તેમનો સંસ્થામાં જે સમય સુધી ફરજો બજાવે તેને ધ્યાનમાં લઈ માસિક રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર) પુરા સંસ્થામાંથી મેળવવા હુકમ કરું છું.

નડીયાદ, તારીખ ૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

વંચાણમાં લીધા :-

(૧) સહજાનંદ કો. ઓપ. હાઉ. સો. લિ. આણંદના ચેરમેનશ્રીનો પોતે રાજીનામું મૂકેલ હોવાનું જણાવતો તા. ૨૩/૨૪-૭-૦૩ નો પત્ર.

(૨) મંડળીની વ્ય. કમીટીને વિખેરાઈ ગઈ છે તેની જાણ કરતો મંડળીના ચેરમેનશ્રીનો તા. ૨૫-૭-૦૩નો પત્ર.

(૩) મંડળીની વ્ય. કમીટીને મંડળીનો વહીવટ કરવામાં રસ નથી તથા મંડળીમાં કસ્ટોડીયનની નિમણુંક કરવા અંગે સહમતિ દર્શાવતો વ્ય. કમીટીનો તા. ૧૧-૮-૦૩નો પત્ર.

જા. નં. સકક/૦૧/૪/૩૦૧/૨૦૦૩.- સહજાનંદ કો. ઓ.મં. હાઉ.સો.લિ. આણંદ તા. જી. આણંદ (કે જેનો આ કામે હવે પછી મંડલી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) હેઠળ નોંધાયેલી હાઉસિંગ મંડળી છે, જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પેટા નિયમ, સહકારી કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે જેનાથી મંડળીના કાર્યવાહકો વાકેફ હોય છે જ.

INDEX

વંચાણે લીધેલ સંદર્ભ (૧) ઉપરના મંડળીના ચેરમેનશ્રીના તા. ૨૩/૨૪/૭/૦૩ના પત્રથી ચેરમેનશ્રીએ પોતે રાજીનામું મૂકેલ હોવાનું જણાવેલ છે. સંદર્ભ (૨) ઉપરના મંડળીના ચેરમેનશ્રીના તા. ૨૫/૭/૦૩ના પત્રથી મંડળીની વ્યવસ્થાપક કમીટી વિખેરાઈ ગઈ હોવાથી જાણ કરવામાં આવેલ છે. તથા સંદર્ભ (૩)માં જણાવેલ મંડળીની વ્ય.કમીટી ના તા. ૧૧/૮/૦૩ના પત્રથી જણાવ્યા અનુસાર મંડળીની વ્ય. કમીટીને મંડળી ચલાવવામાં રસ નથી, મંડળીના સભ્યો સહકાર આપતા નથી તથા મંડળીના અન્ય સભ્યો પણ મંડળીનું સંચાલન કરવામાં રસ ધરાવતા નથી તથા મંડળીમાં કસ્ટોડીયન નિમવા અંગે સહમતિ દર્શાવેલ છે.

ઉપર જણાવેલ તમામ બાબતો જોતાં મંડળીના વહીવટમાં શૂન્યાવકાશ સર્જાતાં મંડળી તથા મંડળીના સભાસદોના હીતમાં સહકારી કાયદાની કલમ-૭૪(ઘ) હેઠળ કસ્ટોડીયનની નિમણુંક કરવા અંગેની કાર્યવાહી કરવી ઉચિત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. કોટેચા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ-આણંદ મને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ની કલમ-૭૪ (ઘ) અન્વયે મળેલ અધિકારની રૂએ સહજાનંદ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મુ.તા.જી. આણંદનો વહીવટ ચલાવવા સારૂ કસ્ટોડીયન તરીકે શ્રી ધિરેન્દ્રસિંહ ભગવાનસિંહ સિસોદીઆ મુ.તા.જી. આણંદની નિમણુંક કરૂ છું. સદર નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્ય. કમીટી ચુંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે. કસ્ટોડીયનનું મહેનતાણું હવે પછી નકકી કરવામાં આવશે.

આણંદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના મંડળીને લખેલ વાર્ષિક સાધારણ સભા ભરવા તથા માહિતી મોકલવા બાબતના તા. ૨૬-૨-૦૩, ૨૮-૩-૦૩ તથા ૨૧-૪-૦૩ ના પત્રો.

(૨) અત્રેની કચેરીના તા.૧-૫-૦૩, ક્રમાંક નઘણ/ગ/૨૨૧/૦૩ થી મંડળીના ચેરમેનશ્રીને કલમ-૭૪(ઘ) હેઠળ કસ્ટોડીયન નિમવા અંગે આપેલ કારણ દર્શક નોટિસ.

જા. નં. સકક/૦૧/જ/૩૦૨/૨૦૦૩.- પણસોરા તેલિબિયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. પણસોરા, તા. ઉમરેઠ, જી. આણંદએ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) હેઠળ નોંધાયેલ તેલિબિયાં ઉત્પાદક મંડળી છે, જેનો રોજબરોજનો વહીવટ તેના માન્ય થયેલા પેટા નિયમ, સહકારી કાયદા કાનૂન અને નિયમોથી લાદવામાં આવેલી ફરજો અને જવાબદારીઓ અદા કરી ચલાવવાનો હોય છે જેનાથી મંડળીના કાર્યવાહકો વાકેફ હોય છે જ.

ઉપર વંચાણે લીધેલ સંદર્ભ (૧)માં જણાવેલ અત્રેની કચેરીના તા. ૨૬/૨/૦૩, ૨૮/૩/૦૩ તથા ૨૧/૪/૦૩ના પત્રોથી મંડળીની વાર્ષિક સાધારણ સભા ભરવા અંગે તથા મંડળીના વાર્ષિક હિસાબો, વ્ય. કમીટી સભ્યોનાં નામ સરનામાં વિગેરે જેવી માહિતી માંગવામાં આવતાં આવા પત્રોની અવગણના કરી કોઈજ માહિતી અત્રેની કચેરીને મોકલી આપેલ નથી, જેથી મંડળીની વાર્ષિક સાધારણ સભા ભરાયેલ નથી તથા વ્ય. કમીટીની ચૂંટણી થયેલ નથી એમ માનીને સંદર્ભ (૨) ઉપરના અત્રેની કચેરીના તા. ૧/૫/૦૩ ક્રમાંક નઘણ/ગ/૨૨૧/૦૩થી મંડળીના ચેરમેનશ્રીને કલમ-૭૪(ઘ) કસ્ટોડીયનની નિમણુંક કેમ ના કરવી તે અંગે કારણદર્શક નોટિસ આપી અત્રેની કચેરીએ રજૂઆત કરવા માટે તા. ૮-૫-૨૦૦૩ના રોજ રૂબરૂ બોલાવેલ પરંતું અત્રે હાજર રહેલ નથી તથા લેખિતમાં પણ રજૂઆત કરેલ નથી જેથી મંડળી સ્થગિત છે, વાર્ષિક સાધારણ સભા ભરવામાં આવતી નથી તથા વ્ય.કમીટીની ચૂંટણી કરવામાં આવેલ નથી તેમ માનીને મંડળીના સભાસદો તથા મંડળીના હીતમાં સહકારી કાયદાની કલમ-૭૪(ઘ) હેઠળ કસ્ટોડીયનની નિમણુંક કરવા અંગેની કાર્યવાહી કરવી ઉચિત જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સી. બી. કોટેચા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ આણંદ મને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ ની કલમ-૭૪ (ઘ) અન્વયે મળેલ અધિકારની રૂએ પણસોરા તેલિબિયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. પણસોરા, તા. ઉમરેઠ, જી. આણંદનો વહીવટ ચલાવવા સારૂ, કસ્ટોડીયન તરીકે શ્રી જશવંતભાઈ મગનભાઈ પટેલ, મુ. નાર તા. પેટલાદ જી. આણંદની નિમણુંક કરૂ છું. સદર નિમણુંકનો સમય કસ્ટોડીયન ચાર્જ સંભાળે તે તારીખથી નવી વ્ય. કમીટી ચુંટવામાં ન આવે અથવા તે કાર્ય કરવાનું શરૂ ન કરે ત્યાં સુધીનો રહેશે. કસ્ટોડીયનનું મહેનતાણું હવે પછી નકકી કરવામાં આવશે.

આણંદ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

શુભ લક્ષ્મી કો. ઓ. ક્રેડીટ સો. લી. સ.મં. લી. મું. આણંદ તા. આણંદ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ /૦૧/ચ/૪૯૫/૨૦૦૩ તા. ૧૩-૮-૨૦૦૩.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફડચા/૧૪૯૫૬/ચ/૫૫૪/૨૦૦૩.-શુભ લક્ષ્મી કો. ઓ. ક્રેડીટ સો. લી. મુકામ આણંદ તા. આણંદ જિલ્લોને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે-૩૦૨૪૨/૯૮ તારીખ ૭મી માર્ચ, ૧૯૯૮ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત સદર કચેરીની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

INDEX

વંચાણમાં લીધા :-

મહેળાવ તેલીબીયાં ઉ. સ. ખેતી સ. મં. લી. મું. મહેળાવ તા. પેટલાદ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ /૦૧/ ચ/૪૮૬/૨૦૦૩ તા. ૭-૮-૨૦૦૩.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફડચા/૧૪૯૫૭/ચ/૫૫૫/૨૦૦૩.-મહેળાવ તેલીબીયાં ઉ. સ. મં.લી. મહેળાવ, પેટલાદ, તાલુકો આણંદ જિલ્લોને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે-૨૧૩૫૬ તારીખ ૧લી જુન, ૧૯૮૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જી. રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

સારસા વિભાગ પોલ્ટ્રી ફાર્મસ સ.મં. લી. મું. સારસા તા. આણંદ ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ /૦૧/ચ/ / ૨૦૦.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફડચા/૧૪૯૫૯/ચ/૫૫૮/૨૦૦૩.-સારસા વિભાગ પોલ્ટ્રી ફાર્મસ સ.મં. લી. મુકામ સારસા, તાલુકો આણંદ, જિલ્લોને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. આણંદની ઓફીસના નોંધ નંબર સે-૨૪૪૭૫ તારીખ ૨૪મી નવેમ્બર ૧૯૯૦ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

નગરા ફળ અને શાકભાજી ઉત્પાદક સ.મં. લી. મું. નગરા તા. ખંભાત ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ /૦૧/ ચ/૪૨૦/૨૦૦૩ તા. ૯-૬-૨૦૦૩.

હુકમ

જા.નં. ઉખસ/કજ/ફડચા/૧૪૯૫૮/ચ/૫૫૯/૨૦૦૩.-નગરા ફળ અને શાકભાજી ઉત્પાદક સ.મં. લી. મુકામ નગરા, તાલુકો ખંભાત, જિલ્લોને શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. આણંદની ઓફીસના નોંધ નંબર સે-૨૮૪૨૭ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત જીલ્લા રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે. અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર" સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) તારાપુર (વિ)કપાસ ઉત્પાદકોની સ.મં. લી. તારાપુરના ફડચા અધિકારીશ્રીનો તા. ૧૯-૯-૦૩ નો પત્ર નં. ફડચ /૦૧/ચ/૫૮૬/ ૨૦૦૩

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના ના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી.૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા.નં. ફડચ/૦૧/ચ/૫૯૨/૨૦૦૩.-શ્રી તારાપુર (વિ) કપાસ ઉત્પાદકોની સ.મં. લી. મુ. તારાપુર, તાલુકો તારાપુર, જિલ્લા આણંદ, શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જીલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધણી નંબર સે-૨૭૦૫૮ તારીખ ૩જી જુન, ૧૯૯૪ થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદના હુકમ નંબર ઉ. ખ. સ./ક. જ./ફડચા/ગ-૨/૧૯૭/૦૧ તારીખ ૫મી જુલાઈ, ૨૦૦૧થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ અને ૧૯૬૨) ની કલમ-૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

INDEX

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૩ ની કારણ દર્શક નોટીસ નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૩/૨૦૦૩ થી ઓડીટરના અહેવાલ આધીન ફડચા કાર્યવાહી નોટીસ.

(૨) મંડળીની તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ની રજુઆત તેમજ, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના ઠરાવ નં. ૧ થી સંસ્થાને ફડચામાં લઇ જવા સંમતિપત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા. નં ઉખસ/ફડચ/૧૫૦૮૯/ખ/૨૫૧૫/૨૦૦૩.-શ્રી સરસાવ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ. મું. સરસાવ, તા. કડી, જી. મહેસાણા જે સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ૨૨૨૭૬, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૮૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેને અત્રેની કચેરીના આમુખ-૧ થી તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૩ ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૩/૦૩ થી ફડચામાં લઇ જવા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેના પ્રત્યુતરમાં સંસ્થાએ આમુખ-૨ ની વિગતે તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના પત્ર તેમજ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના ઠરાવ નં. ૧ થી સંસ્થાને ફડચામાં લઇ જવા સંમતિ આપતાં, આથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી સી. પી. પટેલ, મદદનીશ સહકારી અધિકારી, લગત કચેરીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી એચ. એમ. ઠક્કર, ઓડિટર ગ્રેડ-૧, સ. મં, મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/થોળ-ગોપાલક/૧૬૬/૦૩, તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૩ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૯૩/૦૩, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૩ થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૭૦/૦૩, તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૦૩ થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૯/૨૦૦૩.-ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયે શ્રી થોળ ગોપાલક વિવિધ કાર્યવાહી સહકારી મંડળી લિ., મુ. થોળ, તા. કડી, જી. મહેસાણા નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી અહીયાં ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે-૨૭૭૬૪, તારીખ ૨૬-૭-૧૯૯૫ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૦૩ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૧, સ. મં., મહેસાણાને સુપ્રત થતાં, તેઓને સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૯૩/૨૦૦૩, તા. ૨૮-૪-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૨ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજાવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૭૦/૨૦૦૩, તા. ૨૨-૭-૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના છેલ્લા છ વર્ષનો ઓડિટ વર્ગ ''ડ'' છે.

(૨) મંડળી છેલ્લા છ વર્ષથી સ્થગિત છે અને પેટાનિયમ-૩ માં જણાવેલ ૧ થી ૧૯ પૈકી એકપણ ઉદેશ હાથ ધરેલ નથી. જેથી, આવી મંડળી ચાલુ રાખવાનો કોઇ અર્થ નથી.

(૩) મંડળીમાં કોઇ પગારદાર કર્મચારી નથી.

(૪) મંડળી ચલાવવામાં સંસ્થાના હોદ્દેદારોને સહેજપણ રસ નથી.

(૫) મંડળી અર્થક્ષમ-કાર્યક્ષમ નથી.

(૬) મંડળીએ છેલ્લા છ વર્ષથી ઓડીટ મેમાની ક્ષતિઓની દુરસ્તી કે ઓડિટ મેમાના સુચનોનો અમલ નહી કરીને સહકારી કાયદાની કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૭) સને ૧૯૯૫ થી ૨૦૦૩ સુધીમાં એટલે કે, આઠ વર્ષ સુધીમાં વાર્ષિક સાધારણ સભા મળેલ નથી કે સાધારણ સભા નહી બોલાવવા ખાતાની મંજૂરી નહી મેળવીને, વ્ય. કમીટીની નિમણૂંક નહી કરીને, પેટાનિયમ-૨૭ મુજબ વા. સા. સભામાં ઠરાવો નહી કરીને સહકારી કાયદાની કલમ-૭૭ તથા પેટાનિયમ-૩૬નો ભંગ કરેલ છે.

(૮) તા. ૧-૪-૨૦૦૦ તથા તે અગાઉથી આજદિન સુધી વ્ય. કમીટીની એકપણ મીટીંગ મળેલ નથી. જેથી પેટાનિયમ-૩૪ તથા સહકારી કાયદાની કલમ-૭૪ નો ભંગ થયેલ છે. તથા વ્ય. કમીટી તેની ફરજો બજાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તેથી વ્ય. કમીટી તદ્દન નિષ્ક્રીય છે તેમ સાબિત થાય છે.

(૯) મહેસાણા ડીસ્ટ્રીકટ બેંક, એડાઆદ રજ શાખાની સેવિંગ્ઝ પાસબુક ઓડિટ સમયે રજુ કરેલ નથી. ગત ઓડિટ વખતે પણ પાસબુક ભરાવેલ નથી. જેથી ખાતાની મેળવણી પ્રમુખશ્રીએ નહી કરીને ગંભીર નિષ્કાળજી સેવેલ છે.

(૧૦) મંડળી સ્થગિત હોઇ સતત ખોટમાં છે. તા. ૩૧-૩-૦૩ ના અંતે રૂા. ૯૩૧૩/- ની ખોટ બોલે છે. જે સરભર કરવા માટે હોદ્દેદારો તરફથી કોઇ જ પ્રયત્ન થયેલ નથી.

(૧૧) મંડળીમાં રીઝર્વ ફંડ રૂા. ૧૦૮/- જે દાખલ ફીને કારણે છે. તે સિવાય અન્ય કોઇ ફંડો નથી.

(૧૨) તા. ૧-૪-૨૦૦૩ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, તેમજ શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજ પર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, OCTOBER 30, 2003 / KARTIKA 8, 1925 [No. 44

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	799-816
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	44
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	661-678
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	11431-11570

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ (બી) મુજબ.

ક્રમાંક ઉ/ગપક/૧૨૯/૦૩/૨૦૦૩.–મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં ની કલમ-૩૩(બી) આધારે મળેલ સત્તાની રૂએ હું, કે. આર. કૌશીક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, અમદાવાદ શહેરમાં નારણપુરા પોલીસ સ્ટેશનમાં આવેલ આશ્રમરોડ ખાતે આવેલ રીઝર્વ બેન્કની આજુબાજુના વિસ્તાર ઉપર "વન-વે" તથા "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવા સંબંધીનું જાહેરનામું જાહેરનામાં ક્રમાંક ગ/ઉપક/૧૨૫/૦૩, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩ થી બહાર પાડવામાં આવે છે. આ જાહેરનામામાં નીચે જણાવેલ વાહનને "નો પાર્કીંગ ઝોન" તથા "વન-વે"માં ઉભા રાખવા બાબતે મુક્તિ આપવાનો હુકમ કરું છું.

૧. રીઝર્વ બેન્કમાં નાણાંકીય વ્યવહારની હેરાફેરી કરવા માટે તથા ટ્રેઈલર્સને આ કામગીરી અર્થે રીઝર્વ બેન્કના કમ્પાઉન્ડની બહાર ઊભા રાખવા "વન-વે" તથા "નો પાર્કીંગ" વિસ્તારમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

INDEX

સદરહુ હુકમ તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૦૩ થી અમલમાં રહેશે.

આજ તારીખ ૮મી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૮૦/૨૦૦૩.—અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :— આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩ માહે ઓક્ટોબર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ધ્વારા

જાહેરનામું

નંબર ઉ/મસપ/૨૦૦૩/વશી/૧૭૦૩.—પંચમહાલ જિલ્લાના નીચે જણાવેલ તાલુકાના ગામમાં કોલેરા પોઝીટીવનો કેસ થયેલ હોવાથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરાએ તેમના પત્ર નંબર નિરોગ/ટિકનીકલ/કોલેરા/વશી./૨૭૦૬, તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૩ થી નીચે જણાવેલ ગામને કોલેરા અસર ગ્રસ્ત જાહેર કરવા માંગણી કરેલ છે.

તાલુકાનું નામ	ગામનું નામ
હાલોલ	ઈન્દ્રાલ

ઉપરોક્ત સંજોગોમાં જાહેર આરોગ્યની સલામતી માટે પગલા લેવા જરૂરી જણાય છે. વાસ્તે, હું, મનોજ અગ્રવાલ (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા કોલેરા રેગ્યુલેશન એકટની કલમ-૨ અને કલમ-૩ અન્વે મળેલ અધિકારની રૂએ હાલોલ તાલુકાના ઈન્દ્રાલ ગામને કોલેરા ગ્રસ્ત તરીકે જાહેર કરૂં છું. મામલતદારશ્રી, હાલોલને તાલુકાના સમગ્ર વિસ્તાર માટે કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્ત કરૂં છું. તેઓશ્રીએ કોલેરા રેગ્યુલેશન એકટ મુજબ નિયમોનુસાર પગલાં લેવા કાર્યવાહી કરવી.

આ જાહેરનામું બહાર પાડ્યા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

ગોધરા, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૩.

મનોજ અગ્રવાલ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું.

નંબર પલસ/મજસ/વશી/૨૦૦૩.—પંચમહાલ જિલ્લામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે પાવાગઢ તળેટી બસ સ્ટેશન આજુબાજુનો વિસ્તાર તથા માંચી ખાતે આવેલ દુકાનો, હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળા તથા ડુંગર ઉપર આવેલ રોપવેથી મહાકાળી માતાજીના મંદિર સુધી નાની મોટી દુકાનો, ચા-નાસ્તા અને ફરસાણની દુકાનો આવેલી છે. સદર દુકાનદારો તથા પ્રવાસી યાત્રાળુઓ તથા આ સ્થળોએ રહેતા લોકો દ્વારા ગમે ત્યાં ગમે તેવી વસ્તુઓ તથા કચરા સ્વરૂપે જાહેરમાં નાંખવામાં આવે છે.

હોટલોના ગંદા પાણી તથા વેચાણ થયેલ માલસામાનના કાગળ તથા પ્લાસ્ટીકની કોથળીઓ તથા રેપરો અને પાન મસાલાની પડીકાઓ વિગેરેથી ગંદકી ન થાય તથા રોગચાળો ન થાય તેમજ જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે ઉપર જણાવ્યા મુજબના સ્થળે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ બહાર પાડવાની આવશ્યકતા જણાયેલ છે.

સબબ, ઉપરોક્ત સંજોગોમાં હું, જે. ડી. જોષી, સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોધરા પ્રાન્ત, ગોધરા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પાવાગઢ યાત્રાધામ સ્થળે આવેલ હોટલો, ગેસ્ટહાઉસો તથા ઉપર જણાવેલા સ્થળો ઉપર નિવાસ કરતા લોકો, દુકાનદારો તેમજ તથા દર્શનાર્થે આવતા પ્રવાસી યાત્રાળુઓને ગંદકી ન થાય તે માટે ચાંપાનેર ગ્રામ પંચાયત દ્વારા તથા અન્ય ઈસમો ધ્વારા મુકવામાં આવેલ કચરાટોપલી (ડસ્ટબીન)માં જ કચરો નાંખવા અને અન્ય જાહેર સ્થળે કચરો નહીં નાંખવા ફરમાવું છું.

INDEX

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી ધારાની કલમ-૧૮૮ મુજબ એક મહિના સુધીની સાદી કેદ અથવા બસ્સો રૂપીયા સુધીનો દંડ અથવા તે બંને સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. ડી. ડોષી,
સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ,
ગોધરા પ્રાન્ત, ગોધરા.

BY COLLECTOR

Notification

No. Bakhapa/ws/1952/03.—In supersesion of all the previous notifications of this office and in exercise of the powers conferred by Sub-Rule (I) of rule 81 of Gujarat Land Revenue rules 1972, the Collector Surat hereby classify the villages or part of villages and old city area of Surat Municipal Corporation limit area as mentioned in the schedule-I attached herewith as class "A".

And also classify the villages of part of villages of Bardoli, Vyara Nagarpalika, and Songath Municipal Bureau area as montioned in the Schedule-II attached herewith as Class "C".

SCHEDULE - I

Choryashi taluka :

1. Surat Gamtal
2. Tunki
3. Katargam
4. Singanpur
5. Dabholi
6. Ved
7. Athwa
8. Umra
9. Anjana
10. Majura
11. Bhatar
12. Khatodara
13. Umarwada
14. Adajan
15. Rander
16. Navagam
17. Varachha
18. Kamrej
19. Fulpada
20. Kapodra
20/1. Nana Varachha
21. Udhana
22. Limbayat
23. Bhedwad
24. Pandesara
25. Bhestan
26. Vadod/part
27. Dindoli/part
28. Magob/part
29. Dumbhal
30. Althan
31. Poplod
32. Jahanirabad
33. Jahangirpura
34. Pisad/part
35. Bamroli/part

List of S. No. of Partial villages :

(1) Vadod— R.S. No. 132 to 147, 154 paiki 155 to 157.

(2) Dindoli— R.S. No.213, 214-A,214-B, 214-C,214-D, 215 to 242, 244, 246 to 292, 293, paiki 294 to 326, 327 paiki 328 to 338. 339 paiki 340 paiki 355 paiki 364 to 376.

(3) Magob— R.S. No. 51 to 67.

(4) Pisad All the Revenue survey number of villages Pisad 1 to 34.

(5) Bamroli— R.S. No.113 to 160.

SCHEDULE - II

(1) Bardoli taluka :—

Bamroli— All the Revenue survey number of Nagar Palika area.

(2) Vyara taluka :—

1. Vyara— C. S. No. 1 to C. S. No. 3841
—R.S. No. 1, 2/1, 2/2, 3, 4/18-A, 4/18-B, 4/1-D, 4/2, 5/A, 5/B, 6/1, 6/2, 7/1, 7/2, 8, 11, 12, 12/A, 12/B, 12/1, 12/2, 12/3, 12/4, 13, 21 , 81, 82, 83/1, 83/2, 226, 227/A, 227/B, 227/C, 227/D, 228, 229, 230, 231, 232/A, 232/B, 233, 234, 235, 236, 237/A, 237/B, 238, 239, 240, 241, 242, 243, 244/1, 244/2, 245/1, 245/2, 251, 252, 253, 254, 255, 470, 471, 476, 477, 480, 481, 483, 484, 489.

2. Kanpura :— R. S. No. 38 39 438/2-A, 448, 449, 438/1, 438.

3. Songadh Taluka—

(i) Songadh
(ii) Vankvel
(iii) Sonarpada

Rate come into force with effect on and from the 1st August, 2003 under Rules-81(2) of land Revenue Rules, 1972.

Table

Rate per square Meter per annum in paise on lends situated in villages, Towns or Cities referred to in clause (a) of sub rules (i) of rule 81 of land revenue rules 1972.

class of city/ town, villages 1	Residential and charitable use 2	Any other use 3
A	50 paise	100 paise
B	25 paise	50 paise
C	10 paise	25 paise

Surat, 15th October, 2003.

J. B. VORA,
Collector, Surat.

કલેકટર ધ્વારા

જાહેરનામું

ક્રમાંક બખપ/વશી ૧૯૫૨/૨૦૦૩.– સને ૧૯૭૨ના જમીન મહેસુલ નિયમોના નિયમ-૮૧ના પેટા નિયમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સુરતે આ અગાઉ આ અંગે કરેલ તમામ જાહેરનામા રદ કરી નવેસરથી નીચે જણાવ્યા પ્રમાણેના, સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારના જુના કોટ વિસ્તારના તમામ વિસ્તાર તથા મહેસુલી ગામો તથા સર્વે નંબરો અનુસુચિ-૧ મુજબ "એ" વર્ગીકરણના વિસ્તાર તરીકે જાહેર કરે છે.

બારડોલી- વ્યારા નગરપાલિકા તથા સોનગઢ મ્યુનિસિપલ બરો વિસ્તારના સર્વે નંબરો અનુસુચિ-૨ મુજબ "સી" વર્ગીકરણના વિસ્તાર તરીકે જાહેર કરે છે.

અનુસુચિ- ૧

ચોર્યાસી તાલુકો :

(૧) સુરત ગામતળ	(૧૯) ફૂલપાડા
(૨) ટુંકી	(૨૦) કપાદ્રા
(૩) કતારગામ	(૨૦/૧) નાના વરાછા
(૪) સિંગણપોર	(૨૧) ઉધના
(૫) ડભોલી	(૨૨) લિંબાયત
(૬) વેડ	(૨૩) ભેદવાડ
(૭) અઠવા	(૨૪) પાંડેસરા
(૮) ઉમરા	(૨૫) ભેસ્તાન
(૯) આંજણા	(૨૬) વડોદ/પાર્ટ
(૧૦) મજુરા	(૨૭) ડિંડોલી/પાર્ટ
(૧૧) ભટાર	(૨૮) મગોબ/પાર્ટ
(૧૨) ખટોદરા	(૨૯) ડુંભાલ
(૧૩) ઉમરપાડા	(૩૦) અલથાણ
(૧૪) અડાજણ	(૩૧) પિપલોદ
(૧૫) રાંદેર	(૩૨) જહાંગીરાબાદ
(૧૬) નવાગામ	(૩૩) જહાંગીરપુરા
(૧૭) વરાછા	(૩૪) પિસાદ/પાર્ટ
(૧૮) કરંજ	(૩૫) બમરોલી/પાર્ટ

(૧) વડોદરા– રે. સ. નં. ૧૩૨ થી ૧૪૭, ૧૫૪ પૈકી, ૧૫૫ થી ૧૫૭.

(૨) ડિંડોલી–રે. સ. નં. ૨૧૩, ૨૧૪-એ, ૨૧૪-બી, ૨૧૪-સી, ૨૧૪-ડી, ૨૧૫ થી ૨૪૨, ૨૪૪, ૨૪૬ થી ૨૯૨, ૨૯૩ પૈકી, ૨૯૪ થી ૩૨૬, ૩૨૭ પૈકી, ૩૨૮ થી ૩૩૮, ૩૩૯ પૈકી. ૩૪૦ પૈકી, ૩૫૫ પૈકી, ૩૬૪ થી ૩૭૬.

(૩) મગોબ–રે. સ. નં. ૫૧ થી ૬૭.

(૪) પિસાદ– મોજે પિસાદ ગામના તમામ રેવન્યુ સર્વે નંબર ૧ થી ૩૪.

(૫) બમરોલી– રે. સ. નં. ૧૧૩ થી ૧૬૦.

અનુસૂચિ– ૨

(૧) બારડોલી તાલુકા :

બારડોલી- નગરપાલિકા વિસ્તારના તમામ રેવન્યુ સર્વે નંબરો.

(૨) વ્યારા તાલુકો :

વ્યારા– સી. સ. નં. ૧ થી સી. સ. નં. ૩૮૪૧

રે. સ. નં. ૧, ૨/૧, ૨/૨, ૩, ૪/૧૮-અ, ૪/૧૮-બ, ૪/૧/ડ, ૪/૨, ૫/અ, ૫/બ, ૬/૧, ૬/૨, ૭/૧, ૭/૨, ૮, ૧૧, ૧૨, ૧૨/અ, ૧૨/બ, ૧૨/૧, ૧૨/૨, ૧૨/૩, ૧૨/૪, ૧૩, ૨૧, ૮૧, ૮૨, ૮૩/૧, ૮૩/૨, ૨૨૬, ૨૨૭/અ, ૨૨૭/બ, ૨૨૭/ક, ૨૨૭/ડ, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨/અ, ૨૩૨/બ, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૭/અ, ૨૩૭/બ, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૪/૧, ૨૪૪/૨, ૨૪૫/૧, ૨૪૫/૨,૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૪૭૦, ૪૭૧, ૪૭૬, ૪૭૭, ૪૮૦, ૪૮૧, ૪૮૩, ૪૮૪, ૪૮૯.

કાનપુરા વિસ્તારમાંથી વ્યારા નગરપાલિકાને ફાળવેલ રે.સ.નં. ૩૮, ૩૯, ૪૩૮/૨-અ, ૪૪૮, ૪૪૯, ૪૩૮/૧, ૪૩૮.

(૩) સોનગઢ તાલુકો :

૧. સોનગઢ

૨. વાંકવેલ

૩. સોનારપાડા

જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ના નિયમ-૮૧ના પેટા નિયમ-(૧) ના ખંડ (ક)માં ઉલ્લેખેલ ગામો, નગરો અથવા શહેરોમાં આવેલ જમીનો પર નિયમ (૨) હેઠળ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૩ થી અમલમાં આવે તે રીતે વાર્ષિક બિનખેતી આકારના દર ચોરસ મીટરે સધારેલા દરો પૈસામાં નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

કોષ્ટક

શહેર/નગર/ગામનો વર્ગ	રહેણાંક અને ધર્માદા/ શખાવતી ઉપયોગ	અન્ય ઉપયોગ
૧	૨	૩
એ	૫૦ પૈસા	૧૦૦ પૈસા
બી	૨૫ પૈસા	૫૦ પૈસા
સી	૧૦ પૈસા	૨૫ પૈસા

સુરત, તારીખ ૧૫મી ઓકટોબર, ૨૦૦૩.

જે. બી. વોરા,
કલેકટર, સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૫૧/ક-૨/૩૫૨/૮૩૮૨/ઉ-૧૨૦૪૮/૨૦૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી મેઘા મજૂર કામદાર સ. મં. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૫૨/ક-૨/૩૫૪/૮૩૮૦/ઘ-૨૦૨૭૦/૨૦૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી આમ્રસરીતા કોર્મ. એન્ડ કો. ઓપ. હાઉ. સોસા. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૫૩/ક-૨/૩૫૬/૮૩૭૯/ઘ-૨૦૨૭૧/૨૦૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી અભિષેક શોટસ એન્ડ વેરહાઉસીંગ કો. ઓપ. સો. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૫૪/ક-૨/૩૬૯/૯૦૬૯/ઘ-૨૦૨૭૨/૨૦૦૩.– આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઉમા કો. ઓપ. હાઉ. સોસા. લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨નો પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ-૪/૩૩૪૪/૨૦૦૨થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૮૮૮/૨૦૦૨ની કારણદર્શક-નોટીસ.

(૩) આ કચેરીના તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૮૩/ઘ-૨/૧૦૪/ સને૨૦૦૩ નો ફડચાનો વચગાળનો હુકમ.

(૪) મંડળીની તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩ની અરજી.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૮૩/ધ-૨/૭૦૬/૯૦૪૪/સને ૨૦૦૩.–ધી નિલકંઠ મજૂર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદને સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નંબર ઉ-૮૧૭૫, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૮૩ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૧ થી ૩૧મી માર્ચ, ૨૦૦૨ સુધીનું ઓડીટ શ્રી એમ. એ. શેખ, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ દ્વારા હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે અને ઓડીટમાં જણાયેલ ક્ષતિઓ વંચાણે લીધેલ સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલમાં જણાવેલ તે જોતાં મંડળીના કાર્યવાહકો/સંચાલકો સોસાયટીના વહીવટમાં રસ ધરાવતાં ન હોવાનું તેમજ મંડળી ઉદ્દેશ્ય મુજબ કાર્ય કરતી ન હોઈ સ્થગિત અવસ્થામાં જણાતા સંદર્ભ-૨ થી સોસાયટીને કારણદર્શક નોટીસ પાઠવી રજુઆતની તક આપ્યા બાદ મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસીબ લાગતાં વંચાણે લીધેલ સંદર્ભ-૩ ના હુકમથી વચગાળનો ફડચાનો હુકમ પ્રસારિત કરવામાં આવેલ અને તે અંગે એક માસની સમયમર્યાદામાં મંડળીના સભ્યો/હિત ધરાવતી વ્યક્તિ સંસ્થાને રજુઆત અંગેની તક આપવા છતાં કોઈ રજુઆત અત્રે મળેલ ન હોઈ તેમજ મહત્તમ અવધિ સમાપ્ત થઈ ગયેલ હોઈ તે ઉપરાંત વંચાણે લીધેલ સંદર્ભ-૪ થી સોસાયટીની રજુઆત મુજબ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળનો હુકમ કાયમ રાખીને ફડચાનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રુઈએ નિલકંઠ મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી નંબર ઉ-૮૧૭૫, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૮૩ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અન સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં

મળેલ દફતરની યાદી/ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો/સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૧૩મી જુન, ૨૦૦૨નો પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ-૪/૧૭૩૭/સને ૨૦૦૨થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૪૮/૨૦૦૨ની કારણદર્શક-નોટીસ.

(૩) આ કચેરીના તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૨ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૭૬/ઘ-૨/૯૨૭/ સને૨૦૦૨.

(૪) આ કચેરીના તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩નો નામ સુધારા હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૭૬/ઘ-૨/૬૨૬/ ૨૦૦૩.

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ- /ઘ-૨/૭૦૭/૯૦૪૩/સને ૨૦૦૩.–ધી માણેકચોક મીલ એમ્પ્લો. કો. ઓપ. કેન્ટીન એન્ડ સપ્લાય સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ક્રેડિટ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૭૨૬, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૭૩ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૩ થી ૩૧મી માર્ચ, ૨૦૦૧ સુધીનું શ્રી કે. એમ. શાહ, પાંચમાં વધારાના ઓડીટર, સબ-ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના દ્વારા હાથ ધરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઈ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નહીં. મિલ બંધ હોવાથી સદરહુ ધિરાણ મંડળી સ્થગિત અવસ્થામાં છે. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઈ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઈ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પુર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાંતા સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઈ સંદર્ભ-૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઈ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ. આમ વ્યાજબી અને પુરતી તક આપવા છતાં પણ સોસાયટી તરફે હોદ્દેદારો/સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ સંદર્ભ-૩ થી મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ પસાર કરી દિન -૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવા માટે જણાવવામાં આવેલ જેને વ્યાજબી અને પુરતો સમય પસાર થવા છતાં સોસાયટી તરફથી કોઈ રજુઆત અત્રે મળવામાં નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટી હોદ્દેદારોનો વહીવટ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહેતા મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો સંદર્ભ-૩ થી પસાર કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ કરવો જરૂરી બનતો હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રુઈએ ધી માણેકચોક મીલ એમ્પ્લો. કો. ઓપ. કેન્ટીન એન્ડ સપ્લાય સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર ૨૭૨૬, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૭૩ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી/ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો/સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૯મી જૂન, ૨૦૦૩નો પત્રક ક્રમાંક અષણ/૦૧/ગ-૪/૨૦૯૮થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેનો તારીખ ૧૪મી જુલાઈ, ૨૦૦૩નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/૧૧૬૦૭/ઘ-૨/૪૨૭/ ૨૦૦૩.

(૩) સહકારી અધિકારી, ફડચો-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૦૩ ના પત્ર ક્રમાંક ફડચ / ફ.રા.૧૦૭ / ૨૦૦૩ નો પત્ર.

INDEX

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૬૦૭/ધ-૨/૭૦૮/૯૦૪૫/સને ૨૦૦૩.–ધી ન્યુ માણેકચોક મિલ્સ વિવિંગ ડીપાર્ટ. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી.,એ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ ધિરાણ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. સે-૧૧૦૯૫, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૭૧ છે.

સદર મંડળી મીલ કામદારોની સ્ટાફ ક્રેડીટ મંડળી હોઇ તેમજ મીલ બંધ થઇ જવાને કારણે સોસાયટીમાં શૂન્યાવકાશ સર્જાવા પામેલ છે. સંદર્ભ-૧ના વંચાણે લીધેલ ખાસ અહેવાલની વિગતે મંડળીને સંદર્ભ-૨ના હુકમથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી લગત કચેરીની નિમણૂંક કરવામાં આવેલ. જે હુકમ અનુસાર વંચાણે લીધેલ સંદર્ભ-૩ના પત્રથી ફડચા અધિકારીશ્રીએ મંડળીનો દફતરી ચાર્જ સંભાળેલ હોઇ મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કાયમ રાખી ફડચાનો અંતિમ આદેશ કરવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રુઈએ ધી ન્યુ માણેકચોક મિલ્સ વિવિંગ ડીપાર્ટ. કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., અમદાવાદ, નોંધણી નંબર સે-૧૧૦૯૫, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૭૧ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સાતમાં વધારાના ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૩૨/રુબરુ/૨૦૦૩ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૬૩/સને ૨૦૦૩ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તારીખ ૧૬મી જુન, ૨૦૦૩નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ.૧૧૫૯૭/ધ-૨/૩૯૫, સને ૨૦૦૩.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૫૯૭/ધ-૨/૭૦૯/૯૦૪૯/સને ૨૦૦૩.– ધી સુપ્રિમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સહકારી મંડળી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ટ્રાવેલ્સ મંડળી છે. જેનો નોંધણી નંબર ૨૩૨૭૬છે. મજકૂર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી, વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકૂર મંડળીનું બાકી ઓડીટ તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૩ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૨ સુધીનું સાતમાં વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદના અન્વેષણ ચાર્જના સુપ્રત કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદેદારોનો સંપર્ક થઇ ન શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકૂર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકૂર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું રજિસ્ટર્ડ કવર પોસ્ટ ખાતા દ્વારા ''લેફટ'' ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતા એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે, મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદેદારોના નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જવાનો સંદર્ભ-૩ મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ અને ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી, ફડચો-૨ની નિમણૂંક કરવામાં આવેલ. ફડચા અધિકારી દ્વારા સંબંધિત બાબતે કોઇ રજુઆત કરેલ ન હોઇ તેમજ મહત્તમ સમય અવધિ પૂર્ણ થયેલ હોવાથી મંડળીનો વચગાળાનો ફડચાનો હુકમ કાયમ રાખી ફડચાનો અંતિમ હુકમ કરવો મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રુઈએ ધી સુપ્રિમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી નંબર ૨૩૨૭૬ને ફડચામાં લઈ જવાનો

INDEX

અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમયમર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ-૪/૩૮૫/સને ૨૦૦૩ ના પત્રથી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૬૪/૨૦૦૩ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તારીખ ૧૬મી જુન, ૨૦૦૩ નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૯૬/ધ-૨/૩૯૨/ સને૨૦૦૩.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ- /ધ-૨/૭૧૦/૯૦૫૧/સને ૨૦૦૩.–ધી કર્મયોગ પછાતવર્ગ મજુર સહકારી મંડળી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નં. ૭૧૭૩ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી ૩૧મી માર્ચ, ૨૦૦૨ સુધીનું ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ અન્વેષણ ચાર્જમાં સુપ્રત કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહી. આમ, સોસાયટીના હોદેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા "નોટ ફાઇન્ડ"ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના હોદેદારોને વહીવટ ચલાવવામાં રસ નથી તેમ માનવાને કારણ રહેતા મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો સંદર્ભ-૩ થી હુકમ કરવામાં આવેલ જે કવર પણ "નોટ ફાઇન્ડ"ના શેરાસહ પરત થયેલ છે. ફડચા અધિકારી દ્વારા પણ સંદર્ભના હુકમ બાબતે કોઇ રજુઆત આપેલ નથી. આથી મંડળીનું વચગાળાનો આદેશ કાયમ રાખી મંડળીને ફડચામાં લઇ જવાનું અંતિમ આદેશ કરવો મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રુઇએ ધી કર્મયોગ પછાતવર્ગ મજુર સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી નંબર ૭૧૭૩ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સાતમા વધારાના ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૩/૩૯૨ / ૨૦૦૩ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ધ-૨/૧૬૨/૨૦૦૩ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીનો તારીખ ૧૬મી જુન, ૨૦૦૩ નો વચગાળાનો હુકમ નં. ફડચ/ફ-૧૧૬૦૫/ધ-૨/૩૯૧/ સને૨૦૦૩નો ફડચાનો વચગાળાનો આદેશ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ- /ઘ-૨/૭૧૧/૯૦૫૩/સને ૨૦૦૩.–ધી પુષ્પક ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ભ-૪૦૩૯ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ તારીખ ૩૧લી માર્ચ, ૨૦૦૨ સુધીનું શ્રી એમ. કે. ત્રિવેદી, સાતમાં વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદના અન્વેષણ ચાર્જમાં સુપ્રત કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ લઇ ન જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ દ્વારા ''લેફટ''ના શેરા સાથે અત્રે પરત મળેલ છે. પણ સોસાયટી તરફે હોદ્દેદારો/ સોસાયટીના સભ્યો હાજર રહેલ નથી કે લેખિત રજુઆત લખી મોકલવામાં આવેલ નથી.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઈ મજકુર સૌસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વંચાણે લીધેલ સંદર્ભ-૩ થી ફડચાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ. અને મંડળીના સભ્યો, હેદ્દેદારો તથા સોસાયટીમાં હિત ધરાવતી વ્યક્તિઓ/સંસ્થાઓને વાકેફ કરી નિયત અવધિ એક માસની સમયમર્યાદામાં અત્રે લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવેલ જે સમય અવધિ પુર્ણ થવા છતાં કોઈ રજુઆતો અત્રે મળેલ નથી. આથી મંડળીનો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખીને ફડચાનો અંતિમ હુકમ કરવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઇએ પુષ્પક ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી નંબર ભ-૪૦૩૯ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૮૯/૨૫૧/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૧૬/૯૦૯૪/સને ૨૦૦૩.–ધી આદી અભયનગર કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૮૭૮૭, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૮૦ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી મેનેજીંગ ડીરેકટર્સ ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હા. ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસેથી ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફા. કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીને ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેના સંદર્ભ-૧ ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

INDEX

અંતિમ હુકમ

હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી આદી અભયનગર કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ. / ૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૨૦૦૩ના પત્રથી રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૧૭/૯૦૯૯/સને ૨૦૦૩.–ધી રોશનપાર્ક કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૩૧૩૦, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૬૮ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી મેનેજીંગ ડીરેકટરશ્રી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીને ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી રોશનપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૮૭/૨૪૯/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રથી રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૧૮/૯૧૦૪/સને ૨૦૦૩.–ધી દીપાલીનગર કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૯૭૨૨, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૮૨ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી મેનેજીંગ ડીરેકટરશ્રી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીનો ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧ માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆતા આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી દીપાલીનગર કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી કરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-

INDEX

૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૯૦/૨૫૨/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૧૯/૯૧૬૯/સને ૨૦૦૩.–ધી ન્યુ વાઘેશ્વરી કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૭૮૦૨, તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૭૯થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી મેનેજિંગ ડીરેકટર ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીનો ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., ની નિમણુંક કરવી મુનાસીબ જણાતાં સોસાયટીને ફડચામા લઈ જવા અંગેનો સંદર્ભ-૨ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી ન્યુ વાઘેશ્વરી કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૯૧/૨૫૩/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૨૦/૯૧૬૮/સને ૨૦૦૩.–ધી બેલાપાર્ક કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૮૨૦૦, તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૮૦ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીનો ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તે માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી બેલાપાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૯૪/૨૫૮/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૨૦/૯૧૬૭/ સને ૨૦૦૩.–ધી આદિશ્વરનગર નરોડા કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી

INDEX

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૮૧૭૧, તારીખ ૧લી મે, ૧૯૮૦ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફાય. કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીને ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી આદિશ્વરનગર (નરોડા) કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૯૨/૨૫૪/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૫મી માર્ચ, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૨૨/૯૧૬૬/સને ૨૦૦૩.–ધી એન. પી. પાર્ક કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૮૧૬૬, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૮૦ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફાય. કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઈ સદર સોસાયટીને ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઈ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તે માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત/મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી એન. પી. પાર્ક કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., ની અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૮૮/૨૫૦/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ઘ-૨/૭૨૩/૯૧૭૨/સને ૨૦૦૩.–ધી સુયોગ કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૨૭૦૦, તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૭૦ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી મેનેજીંગ ડીરેકટરશ્રી, ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોઇ સદર સોસાયટીને ફડચામાં લઇ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હા. ફા. કોર્પો. લી.ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો

આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. સંદર્ભ-૨ના પત્રથી રજુઆત કરવામાં આવેલ, જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી સુયોગ કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૯૩/૨૫૫/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો હુકમ.

(૨) ઓથોરાઈઝડ પરસનના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૨૪/૯૧૭૧/સને ૨૦૦૩.–ધી નૌષાદ કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ૬૨૨૦, તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૭૫ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળીમાં મેનેજીંગ ડીરેકટર ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ. ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉ. ફા. કોર્પોરેશન લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોય સદર સોસાયટીને ફડચામાં લઇ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે જેથી સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. સંદર્ભ-૨ના પત્રથી રજુઆત કરવામાં આવેલ, જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી નૌષાદ કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૮(૧)અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીનો તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩નો જા. નં. ફડચ/૦૧/ઘ-૨/ફ.૧૧૫૮૫/૨૫૭/૨૦૦૩નો વચગાળાનો ફડચાનો આદેશ.

(૨) સોસાયટીના સભ્યો / ઓથોરાઈઝડ પરસનના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્રની રજુઆત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ધ-૨/૭૨૫/૯૧૭૦/સને ૨૦૦૩.–ધી ઈશ્વરબાગ ઓઢવ કો. ઓપ. હાઉ. સોસા. લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધણી નંબર ઘ-૮૭૯૯, તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૮૦ થી નોંધાયેલ ગૃહમંડળી છે.

સદર મંડળી મેનેજીંગ ડીરેકટર્સ, ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉ ફા. કોર્પો. લી., હસ્તક કસ્ટોડીયન હેઠળ હતી. સહકારી કાયદાની જે તે કલમ નીચે કસ્ટોડીયનની મહત્તમ અવધિ વીતી ગયેલ હોવા છતાં સદર મંડળીનો વહીવટ કસ્ટોડીયન પાસેથી સંભાળી લેવા સોસાયટીના સભાસદો ઈચ્છતા નથી તથા કસ્ટોડીયન દ્વારા આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ નથી. સદર સોસાયટી પાસે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની લોનની રકમ લ્હેણી હોય સદર સોસાયટીને ફડચામાં લઈ જવા અને તેના ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી.,ની નિમણુંક કરવા તેમના તરફથી સંમતિ મળેલ છે. જેથી સોસાયટીને ફડચામાં લઇ જવા અંગેનો સંદર્ભ-૧ના હુકમથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં- આવેલ અને મંડળીને જો કોઈ રજુઆત કરવી હોય તો માસ-૧માં રજુઆત કરવાની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઈ લેખિત / મૌખિક રજુઆત આજદિન સુધી કરવામાં આવેલ નથી. જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ હુકમ

હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી ઈશ્વરબાગ ઓઢવ કો. ઓ. હા. સો. લી., અમદાવાદને ફડચામાં લઈ

INDEX

જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૮(૧) અન્વયે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પો. લી., અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સાતમા વધારાના ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૨/૩૯૩/સને ૨૦૦૩ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/ /૨૦૦૩ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તારીખ ૧૬મી જૂન, ૨૦૦૩ નો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૬૦૦/ઘ-૨/૪૦૦/ સને૨૦૦૩નો ફડચાનો વચગાળાનો આદેશ.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૦૧/ઘ-૨/૭૨૬/૯૧૪૪/સને ૨૦૦૩.–ધી વિજય ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ભ-૩૬૩૮ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતિ વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૨ સુધીનું સાતમાં વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદના અન્વેષણ ચાર્જમાં સુપ્રત કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ દ્વારા ખાતા ''Not known''ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ સંદર્ભ-૩ થી કરવામાં આવેલ જે રજિસ્ટ્રર પત્ર સ્વીકારાયા વિના પરત ફરેલ અને ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨)ની નિયુક્તિ કરેલ સદર હુકમ સંદર્ભે રજુઆત કરવા મંડળીના હોદ્દેદારો/સભ્યો/ સોસાયટીમાં હિત ધરાવતી વ્યક્તિઓ/સંસ્થાઓને એક માસમાં રજુઆત કરવા તક આપેલ જે સંદર્ભે કોઇ રજુઆત મળેલ નથી કે ફડચા અધિકારી દ્વારા પણ કોઇ રજુઆતો કરવામાં આવેલ નથી. આથી મંડળીનો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખીને ફડચાનો અંતિમ હુકમ કરવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂઇએ ધી વિજય ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી નંબર ભ-૩૬૩૮ને ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહે છે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સાતમા વધારાના ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૧/૩૯૩ /સને ૨૦૦૩ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૧૫૯/૨૦૦૩ ની કારણદર્શક નોટીસ.

(૩) આ કચેરીના તારીખ ૧૬મી જુન, ૨૦૦૩ નો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૬૦૩/ઘ-૨/૩૮/ સને૨૦૦૩.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૦૧/ઘ-૨/૭૨૮/૯૧૩૬/સને ૨૦૦૩.–ધી ઉર્વશી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ભ-૩૬૧૦ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષ નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ બાકીથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩ સુધીનું સાતમાં વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદના અન્વેષણ ચાર્જમાં સુપ્રત કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧ થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨ થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ ન લઇ જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું કવર પોસ્ટ ખાતા દ્વારા ''Not known'' ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો સંદર્ભ-૩ થી હુકમ કરવામાં આવેલ. જે સોસાયટીના સરનામે રજિસ્ટર ટપાલથી મોકલતાં ''અધુરૂં સરનામું હોવાથી''ના શેરા સહીત પરત મળેલ છે. વચગાળાના આદેશ મુજબ મંડળીના હોદ્દેદારો / સભ્યો તથા હિત ધરાવતી વ્યક્તિ / સંસ્થાને રજુઆત કરવા ૩૦ દિવસનો સમયગાળો આપવામાં આવેલ છતાં કોઈ રજુઆત થયેલ નથી તેમજ ફડચા અધિકારી દ્વારા પણ કોઈ અહેવાલ મળેલ ન હોઈ મંડળીને ફડચાનો વચગાળાનો આદેશ કાયમ રાખીને ફડચાનો અંતિમ આદેશ કરવાનું મુનાસિબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ઉર્વશી મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ, નોંધણી નંબર ભ-૩૬૧૦ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એન. ઇ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર)અમદાવાદનો તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૧૫૯/૦૨ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૧૬મી જુન, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ / ફ.૧૧૬૦૧ / ઘ-૨ / ૩૯૬ / ૨૦૦૩ નો ફડચાનો વચગાળાનો આદેશ.

(૩) આ કચેરીના તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩ ના પત્ર ક્રમાંક ફડચ/ફ-૧૧૬૦૧/ઘ-૨/૫૯૫/૨૦૦૩થી આવેલ રજુઆતની છેવટની તક.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૬૦૧/ઘ-૨/૭૨૯/૯૧૨૨/સને ૨૦૦૩.– ધી વણઝારા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી ગ્રાહક મંડળી છે. જેનો નોંધણી નં. ૩૩૮૩. તરીખ ૩જી જુલાઈ, ૧૯૭૪ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે.

મજકુર મંડળી છેલ્લા આઠ વર્ષથી બંધ હોવાનું જણાતાં તેમજ મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદ્દેશો પરિપુર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. તથા મંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાથી આ મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલીત થઈ શકેલ ન હોઈ મજકુર સોસાયટીને ફડચામાં લઈ જઈ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વંચાણે લાધેલ સંદર્ભ-૨ થી વચગાળાનો હુકમ કરવામાં આવેલ તેમજ સોસાયટીના કમીટી સભ્યો / સભાસદો/ હિત ધરાવતી વ્યક્તિ/સંસ્થાને રજુઆતની એક માસની તક આપેલ જે સમય અવધિ પુર્ણ થવા છતાં કોઈ રજુઆત મળેલ નથી. આથી મંડળીને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવાનું મુનાસિબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ વણઝારા ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી નંબર ભ-૩૩૮૩ તારીખ ૩જી જુલાઈ, ૧૯૮૪ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટસહ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) જિલ્લા સ્પેશ્યલ ઓડીટરશ્રી, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તારીખ ૧૩મી જુન, ૨૦૦૨નો પત્ર ક્રમાંક અષણ/૦૧/ગ-૪/૧૪૩૭ થી આવેલ ખાસ અહેવાલ.

(૨) આ કચેરીના તારીખ ૩જી જુલાઈ, ૨૦૦૨ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૫૦/૨૦૦૨ ની કારણદર્શક નોટીસ

(૩) આ કચેરીના તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૨ ના હુકમ ક્રમાંક ફડચ/ફ-૧૧૫૭૬/ઘ-૨/૯૨૯/ સને ૨૦૦૨.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ- /ઘ-૨/૭૩૦/૯૧૭૩/સને ૨૦૦૩.–ધી નવકાર હેલ્થ સર્વીસીસ કો-ઓપરેટીવ સોસાયટી લી., અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં. સે-૩૦૮૧૩, તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૮ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ, કાર્યરીતી વિગેરે મંડળીની ચૂંટાયેલ વ્યવસ્થાપક કમીટીના હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલા પેટા-નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાનો રહે છે. તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે.

મજકુર મંડળીનું બાકી ઓડીટ શરૂથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૧ સુધીનું શ્રી કે. એમ. શાહ, પાંચમાં વધારાના ઓડીટર, સબઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના અન્વેષણ ચાર્જમાં સુપ્રત કરવામાં આવેલ અને તેના ભાગરૂપે તેઓ દ્વારા આ મંડળીનો સંપર્ક કરવામાં આવેલ પણ સોસાયટીના નોંધાયેલ સરનામે તેના હોદ્દેદારોનો સંપર્ક થઇ શકેલ નહીં કે તેની વિગતો ઉપલબ્ધ થઇ શકેલ નહીં. આમ, સોસાયટીના હોદ્દેદારોનો સંપર્ક ન થઇ શકવાથી તથા દફતર કોના કબજામાં છે તે અંગેની વિગતો ઉપલબ્ધ ન થઇ શકવાથી આ મંડળીનું બાકી ઓડીટ હાથ ધરી પૂર્ણ કરી શકાયેલ નથી. આમ, સોસાયટી સ્થગિત અવસ્થામાં જણાતાં સંદર્ભ-૧થી મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાની કાર્યવાહી હાથ ધરવાની ભલામણ કરવામાં આવેલ. સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો લક્ષમાં લઇ સંદર્ભ-૨થી સોસાયટીના ઉપલબ્ધ સરનામે મજકુર સોસાયટીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં કેમ લઇ ન જવી ? તે મતલબની કારણદર્શક નોટીસ પાઠવી અમારી સમક્ષ રજુઆતની તક આપવા સુનાવણી નિયત કરવામાં આવેલ પણ સોસાયટીને પાઠવેલ કારણદર્શક નોટીસનું રજીસ્ટ્રર કવર પોસ્ટ ખાતા દ્વારા ''ઓફીસ સદંતર બંધ રહે છે''ના શેરા સાથે અત્રે પરત મળેલ છે.

આ સંજોગો અને ઓડીટર દ્વારા સંદર્ભ-૧ થી રજુ થયેલ અહેવાલની વિગતો ધ્યાને લેતાં એ બાબત માનવાને સ્પષ્ટ કારણો રહે છે કે મજકુર મંડળી સહકારી કાયદા અનુસાર કાર્ય કરતી નથી. સ્થગિત અવસ્થામાં છે. ઉદેશો પરિપૂર્ણ થાય તે દિશામાં કાર્યરત નથી. સોસાયટીના દફતર અને હોદ્દેદારોના નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ થતી ન હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જઇ આટોપી લેવાની કાર્યવાહી હાથ ધરવી મુનાસીબ જણાતું હોઇ મજકુર સોસાયટીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ સંદર્ભ-૩ થી કરીને દિન-૩૦ માં રજુઆત કરવા અત્રેની તક સોસાયટીના હોદ્દેદારો/સભ્યો/સોસાયટીમાં હિત ધરાવતી વ્યક્તિઓ/સંસ્થાઓને આપવામાં આવેલ. જણાવેલ સમય અવધિ સમાપ્ત થવા છતાં કોઈ રજુઆતો અત્રે મળેલ નથી તેમજ નિમાયેલા ફડચા અધિકારી દ્વારા પણ કોઈ રજુઆતો કે અહેવાલ મળવામાં નથી. તેથી મંડળીનો ફડચાનો હુકમ કાયમ રાખીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી, હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી નવકાર હેલ્થ સર્વીસીસ કો-ઓપરેટીવ સોસાયટી લી., અમદાવાદ નોંધણી નંબર સે-૩૦૮૧૩, તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૯ ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરું છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ-૧૦૮ અન્વયે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી / ચાર્જમાં મળેલ હિસાબી પત્રકો / સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ રજુ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭ મી ઓકટોબર, ૨૦૦૩.

એમ. ડી.ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર વિભાગ)
અમદાવાદ,

ભાગ-૧

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૭, ૧૪, ૨૧, ૨૮, ૪, ૧૧, ૧૮, ૨૫ અને ૨, ૯, ૧૬, ૨૩, ૩૦, માહે ઓગસ્ટ, સપ્ટેમ્બર, અને ઓકટોબર સને ૨૦૦૩ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રો પ્રસિદ્ધ થયેલા છે :-

અનુ. નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ	હોદ્દો
૧	૨	૩
૧	૧૧૬/૨૩-૭-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨	૧૧૭/૨૩-૭-૨૦૦૩	કલેકટર, ખેડા.
૩	૧૧૮/૨૪-૭-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૪	૧૧૯/૨૫-૭-૨૦૦૩	કલેકટર, વલસાડ.
૫	૧૨૦/૨૮-૭-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૬	૧૨૧/૪-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૭	૧૨૨/૪-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા.
૮	૧૨૩/૬-૮-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૯	૧૨૪/૬-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૦	૧૨૫/૭-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૧૧	૧૨૬/૭-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૧૨	૧૨૭/૮-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૧૩	૧૨૮/૬-૮-૨૦૦૩	કલેકટર, ભરૂચ.
૧૪	૧૨૯/૧૧-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૫	૧૩૦/૧૧-૮-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૧૬	૧૩૧/૧૪-૮-૨૦૦૩	કલેકટર, નવસારી.
૧૭	૧૩૨/૧૪-૮-૨૦૦૩	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૮	૧૩૩/૨૫-૮-૨૦૦૩	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૧૯	૧૩૪/૨૬-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા.
૨૦	૧૩૫/૨૮-૮-૨૦૦૩	પોલીસ કમિશનર, વડોદરા શહેર.
૨૧	૧૩૬/૨૯-૮-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૨	૧૩૭/૩-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૨૩	૧૩૮/૩-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૨૪	૧૩૯/૪-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૨૫	૧૪૦/૪-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૨૬	૧૪૧/૬-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૭	૧૪૨/૬-૯-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૨૮	૧૪૩/૯-૯-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૨૯	૧૪૪/૧૦-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૩૦	૧૪૫/૧૨-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.

INDEX

૧	૨	૩
૩૧	૧૪૬/૧૦-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા.
૩૨	૧૪૭/૧૧-૯-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૩૩	૧૪૮/૧૫-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૩૪	૧૪૯/૧૫-૯-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૩૫	૧૫૦/૧૬-૯-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૩૬	૧૫૧/૨૨-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.
૩૭	૧૫૨/૨૫-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા.
૩૮	૧૫૩/૨૬-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ.
૩૯	૧૫૪/૨૯-૯-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૪૦	૧૫૫/૨૯-૯-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ.
૪૧	૧૫૬/૩૦-૯-૨૦૦૩	આધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૪૨	૧૫૭/૩-૧૦-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા-હિંમતનગર.
૪૩	૧૫૮/૩-૧૦-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા.
૪૪	૧૫૯/૭-૧૦-૨૦૦૩	જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.
૪૫	૧૬૦/૯-૧૦-૨૦૦૩	અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ.
૪૬	૧૬૧/૧૦-૧૦-૨૦૦૩	કલેક્ટર, ભરૂચ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, NOVEMBER 6, 2003 / KARTIKA 15, 1925 [No. 45

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	817-848	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	679-683
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	45	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	11571-11661

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

દારૂખાનું વેચવા રાખવા તથા ફોડવા ઉપર છુટછાટ આપવા બાબતનું.

ક્રમાંક ઉગપક/૧૨૯/૨૦૦૩.–હું કે. આર. કૌશીક પોલીસ કમિશનર અમદાવાદ શહેર બોમ્બે પોલીસ એકટની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (યુ) તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ જાહેર જનતાના જાન તથા માલ મિલ્કત વિગેરેની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરું છું.

૧. કોઈપણ ઈસમ જાહેર રસ્તા ઉપર તેમજ જાહેર રસ્તાની ૫૦ ફુટના અંદરના વિસ્તારમાં તથા શાંત વિસ્તારોમાં અવાજ કરતાં દારૂખાનું ફોડી શકશે નહિ તથા ફેંકી શકાય તેવા કોઈપણ નામે ઓળખાતા ફટાકડા ફોડી શકશે નહિ.

INDEX

૨ પશુ પંખી ઉપર તથા મકાન ઉપર દારુખાનું પડે તે રીતે ફેંકી શકાશે નહીં તથા કોઈપણ વ્યક્તિના જાનમાલને નુકશાન થાય તે રીતે દારુખાનું ફોડી શકશે નહીં.

૩. બોમ્બ ખોલીને તેનો પાવડર કાઢી છારાઓ તથા લોખંડના વ્હેર સાથે ભેળવી ઉપયોગ કરશે નહીં.

૪. કોઈપણ વ્યક્તિ રાત્રીના કલાક ૧૦ - ૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી દારુખાનું ફોડી શકશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ બોમ્બે પોલીસ એક્ટ કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ પગલા ભરવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩થી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ક્રમાંક ઉગપક/૧૭૦/૨૦૦૩.–હું કે. આર. કૌશીક પોલીસ કમિશનર અમદાવાદ શહેર મુબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ (બોમ્બે એક્ટ-૨૨ અનુક્રમ નંબર ૧૯૫૧)ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (યુ) થી મને મળેલ સત્તાની રુએ જાહેર જનતાના જાનમાલની તેમજ મિલકતોની સલામતી માટે નીચે મુજબનો હુકમ કરુ છું.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ સાબરમતી વિસ્તારમાં ચેનપુર રોડ પાસે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનો ડેપો આવેલ છે તે ડેપોની હદથી ૬૦૦ (છસો) મીટરની હદમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારના ફટાકટા ફોડી શકશે નહિ.

સદરહુ હુકમ તારીખ ૨૦મી ઓક્ટોબર ૨૦૦૩થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૩ના મેં મારી સહી સિક્કા કરી આપેલ છે.

કે. આર. કૌશીક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી/ઉગપક/જાહેરનામું હુકમ/૪૦૭૪/૨૦૦૩.– દિપાવલીનો તહેવાર તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ થી શરૂ થશે. તથા તારીખ ૮મી નવેમ્બર ૨૦૦૩ના રોજ (દેવ દિવાળી) નો તહેવાર તેમજ ભગવાનશ્રી નરસીંહજીના તુલસી વિવાહ વરઘોડો વડોદરા શહેરમાં નીકળનાર છે.

આ તહેવારો દરમ્યાન જાહેરમાં દારૂખાના (ફટાકડા) દુકાનો ઉપર વેચાણ થતું હોય છે. તેમજ દારૂખાનું (ફટાકડા) ફોડી શહેરીજનો આનંદ ઉલ્લાસથી આ તહેવારની ઉજવણી કરતા હોય છે. પરતું પ્રજાજનોની જાહેર સલામતી અને જાહેર આરોગ્ય જોખમાય નહીં તે અત્યંત જરૂરી છે ભૂતકાળમાં દારૂખાનું (ફટાકડા) ફુટવાને કારણે ગંભીર પ્રકારના અકસ્માતો થયેલાના તથા જાનહાની થયેલાના અનેક દાખલા મોજૂદ છે. આવા બનતા બનાવો અટકાવી શકાય તે માટે તેમજ જાહેર સલામતી અને જાહેર આરોગ્યની જાળવણી સારુ ચોક્કસ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં દારૂખાનું (ફટાકડા) નહીં ફોડવા માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું સુધીર સિન્હા, પોલીસ કમિશનર વડોદરા શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનો પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નંબર જીજી/ફ.ક.અ./૧૦૮૮/૬૭૫૦/મ.મા. થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ ફરમાવું છું કે, વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકૂમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ કલાક ૦૦-૦૦થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ કલાક ૨૪-૦૦ સુધી હું નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધમાં મુકેલ કૃત્યો

(૧) પોલોગ્રાઉન્ડ તથા વડોદરા શહેરમાં વડોદરા મહાનગર પાલીકા દ્વારા જે જે જગ્યાઓએ ફટાકડા, દારૂખાનું વેચવાની દુકાનો નાખવા માટેની પરવાનગી આપેલ હોય તેવા વિસ્તારમાં અને તેની ચારે બાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૨) જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારને અડચણ થાય અથવા તો દારૂખાનું ફોડવાથી રાહદારીઓને ઈજા કે નુકશાન પહોંચે તેવા વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૩) કોઈ ધાર્મિક સ્થાનો નજીકના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર

(૪) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૫) હોસ્પિટલ શાળા, કોલેજે, શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થાઓની, સિનેમાંગૃહો, નાટ્યગૃહો આસપાસના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૬) છાણી જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાત રીફાઈનરી નજીક આવેલ કરચીયા ગામ તથા આઈ.પી.સી.એલ નજીક આવેલ ધનોરા ગામ અને જી.એસ.એફ.સી. કંપનીના

INDEX

કંપાઉન્ડ વોલની ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર.

(૭) સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ હરણી એરપોર્ટની ફરતી ફેન્સીંગ તારની વાડથી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ જે આકાશ તરફ ઉડે તેવા ફટાકડા કે દારૂખાનું ફોડવા ઉપર.

ઉપરોક્ત નિર્દિષ્ટ કરવામાં આવેલ વિસ્તારોમાં કોઈપણ ઈસમે કોઈપણ જાતનું દારૂખાનું ફોડવું નહીં કે તેવું નિર્દેષણ કરવું નહીં. આ હુકમનું ઉલ્લંઘન કરવા બદલ આઈ.પી.સી. કલમ. ૧૮૮ નીચે બીન જામીનલાયક ફોજદારી ગુનો છે. જેથી જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કોઈપણ ઈસમો કરશે નહી.

વિસ્તાર

આ હુકમનો અમલ પોલીસ કમિશનર વડોદરાના કાર્યક્ષેત્રમાં આવતાં વડોદરા શહેરમાં કરવાનો રહેશે.

આજ તારીખ ૧૭મી માહે ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

BY DISTRICT JUDGE

Notification

No. B/7/1/1065/ 2003.—The following Assistants serving in the District Court and Subordinate Courts in the Judicial District of Sabarkantha who have appeared in the Higher and Lower Standard Departmental Examination held on 7th and 8th July, 2003 are declared as successful.

I

HIGHER STANDARD EXAMINATION

1.	Mr. A. U. Sonagara	Assistant	Civil Court (J. D.) Bhiloda.

II

LOWER STANDARD EXAMINATION

1.	Mr. D. R. Valadiya	Assistant	Assistant Court, Himatnagar.
2	Mr. M. H. Vora (Deputation at High Court of Gujarat, Ahmedabad)	Assistant	Civil Court (J. D.) Prantij.
3.	Mr. J. M. Vihol	Assistant	District Govt. Pleader Office, Himatnagar.
4.	Mr. A. A. Parmar	Assistant	Civil Court (J. D.) Prantij.
5.	Mr. M. S. Dave	Assistant	District Govt. Pleader Office, Himatnagar.
6.	Mr. K. I. Parmar	Assistant	Civil Court (J. D.) Prantij.
7.	Mr. G. S. Pandya	Assistant	Chief Judi. Magi. Court, Himatnagar.
8.	Mr. P. U. Parmar	Assistant	Civil Court (J. D.) Prantij.
9.	Mr. N. P. Ghavri	Assistant	Civil Court (J. D.) Prantij.
10.	Mr. D. H. Prajapati	Assistant	Civil Court (J. D.) Bhiloda.
11.	Mr. T. V. Trivedi	Assistant	District Court, Himatnagar.
12.	Mr. H. V. Parmar	Assistant	Civil Court (S. D.) Himatnagar.
13.	Mr. M. A. Mansuri	Assistant	District Court, Himatnagar.
14.	Mr. V. C. Dixit	Assistant	District Court, Himatnagar.
15.	Mr. R. S. Menat	Assistant	Civil Court (J. D.) Modasa.
16.	Mrs. U. S. Pandor	Assistant	D. G.P. Office, Himatnagar.
17.	Mr. V. S. Baleva	Assistant	Civil Court (J. D.) Bhiloda.
18.	Mr. V. S. Dodiya	Assistant	3rd Jt. Civil Court (S. D.) Himatnagar.
19.	Mr. R. P. Rathod	Assistant	Assistant Court, Himatnagar.
20.	Mr. H. K. Amin (Deputation at High Court of Gujarat, Ahmedabad)	Assistant	District Court, Himatnagar.

INDEX

Their names are arranged in order of merits. Out of the candidate, who had appeared in the Departmental Examination held on 7th & 8th July, 2003 the following candidates have failed but have obtained exemption in the papers shown against their names as under :-

HIGHER STANDARD EXAMINATION

Sr. No.	Name	Paper in which exemption is earned
1	Mrs. D. P. Gameti	Paper I
2	Mr. D. J. Bhati	Paper I & III
3	Mr. J. V. Dund	Paper I

LOWER STANDARD EXAMINATION

Sr. No.	Name	Paper in which exemption is earned
1	Mr. P. B. Jadav	Paper II
2	Mr. R. R. Dave	Paper III
3	Mr. M. U. Miraza	Paper II
4	Mr. R. N. Solanki	Type test

Himatnagar, 18th October, 2003.

R. D. KOTHARI,
District Judge,
Sabarkantha.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

નંબર બી. ૭/૧/૧૦૬૫/૨૦૦૩.-સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૭મી અને ૮મી જુલાઈ, સને ૨૦૦૩ના રોજ લેવાયેલી ન્યાય ખાતાની ખાતાકીય ઉચ્ચ અને નિમ્ન શ્રેણીમાં પરીક્ષામાં બેસેલ ઉમેદવારો પૈકી નીચે જણાવેલ ઉમેદવારો ઉકત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યા છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા

૧. શ્રી એ. યુ. સોનગરા, આસીસ્ટન્ટ, સિવિલ કોર્ટ (જુ. ડી.), ભીલોડા.

નિમ્ન શ્રેણીની પરીક્ષા

૧.	શ્રી ડી. બી. વલાદીયા	આસીસ્ટન્ટ,	આસીસ્ટન્ટ કોર્ટ, હિંમતનગર
૨.	શ્રી એમ. એચ. વ્હોરા (ડેપ્યુટેશન પર હાઈકોર્ટ ઓફ ગુજરાત, સોલા, અમદાવાદ)	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), પ્રાંતિજ
૩.	શ્રી જે. એમ. વિહોલ	આસીસ્ટન્ટ	જીલ્લા સરકારી વકીલની કચેરી, હિંમતનગર.
૪.	શ્રી એ. એ. પરમાર	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), પ્રાંતિજ.
૫	શ્રી એમ. એસ. દવે	આસીસ્ટન્ટ	જીલ્લા સરકારી વકીલની કચેરી, હિંમતનગર.
૬.	શ્રી કે. આઈ. પરમાર	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), પ્રાંતિજ
૭.	શ્રી જી. એસ. પંડયા	આસીસ્ટન્ટ	ચીફ જ્યુ. મેજી. કોર્ટ, હિંમતનગર.
૮.	શ્રી પી. યુ. પરમાર	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), પ્રાંતિજ.
૯.	શ્રી એન. પી. ઘાવરી	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), પ્રાંતિજ.
૧૦.	શ્રી ડી. એચ. પ્રજાપતી	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), ભીલોડા.

INDEX

૧૧.	શ્રી ટી. વી. ત્રિવેદી	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, હિંમતનગર.
૧૨.	શ્રી એચ. વી. પરમાર	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (એસ.. ડી.), હિંમતનગર.
૧૩.	શ્રી એમ. એ. મનસુરી	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, હિંમતનગર.
૧૪.	શ્રી વી. સી. દિક્ષીત	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, હિંમતનગર.
૧૫.	શ્રી આર. એસ. મેણાત	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), મોડાસા.
૧૬.	શ્રીમતી યુ. એસ. પાંડોર	આસીસ્ટન્ટ	જીલ્લા સરકારી વકીલની કચેરી, હિંમતનગર.
૧૭.	શ્રી વી. એસ. બળેવા	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ (જુ. ડી.), ભીલોડા.
૧૮.	શ્રી વી. એસ. સીસોદીયા	આસીસ્ટન્ટ	ઉજા જો. સિવિલ કોર્ટ (એસ. ડી.), હિંમતનગર.
૧૯.	શ્રી આર. પી. રાઠોડ	આસીસ્ટન્ટ	આસીસ્ટન્ટ કોર્ટ, હિંમતનગર.
૨૦.	શ્રી એચ. કે. અમીન	આસીસ્ટન્ટ	ડિસ્ટ્રીકટ કોર્ટ, હિંમતનગર.

· (ડેપ્યુટેશન પર હાઈકોર્ટ ઓફ ગુજરાત, સોલા, અમદાવાદ)

ઉપરોકત નામો ગુણવત્તાના ક્રમમાં ગોઠવેલા છે.

ખાતાકીય ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં જે ઉમેદવારો બેસેલ તે પૈકી અનઉત્તીર્ણ થયેલ નીચે જણાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ પેપરમાં ફરી બેસવામાંથી મુકિત મળેલ છે.

ઉચ્ચ શ્રેણીની પરીક્ષા

૧	શ્રીમતી ડી. પી. ગામેતી	પેપર - ૧
૨	શ્રી ડી. જે. ભાટી	પેપર - ૧ અને ૩
૩	શ્રી જે. વી. ડુંડ	પેપર - ૧

નિમ્ન શ્રેણીની પરીક્ષા

૧	શ્રી પી. બી. જાદવ	પેપર - ૨
૨	શ્રી આર. આર. દવે	પેપર - ૨
૩	શ્રી એમ. યુ. મીરઝા	પેપર - ૨
૪	શ્રી આર એન. સોલંકી	ટાઈપ ટેસ્ટ

હિંમતનગર, તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૩.

આર. ડી. કોઠારી
જિલ્લા ન્યાયાધીશ,
સાબરકાંઠા.

NOTIFICATION

NO. B.69/613 of 2003.–The following employees, working in the District Court, Surat and its Subordinats Courts in Surat District, who appeared in the Departmental Examination held in 2003, are declared to have passed the Examinations. Their names are arranged in order of merits.

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION.

1.	Mr. J. L. Patel	Assistant	District Court, Surat.
2.	Miss. D. C. Pawar	Assistant	Civil Court, Surat.
3.	Mrs. S. V. Patel	Assistant	Small Cause Court, Surat.
4.	Mr. J. N. Parmar	Assistant	D. L. S. A. Surat.

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION.

1.	Mr. R. L. Patel	Assistant	Small Cause Courts, Surat.
2.	Mr. I. F. Gadhvi	Assistant	Civil Court, Surat.
3.	Mr. B. H. Desai	Assistant	District Court, Surat.
4.	Mr. G. D. Wagh	Assistant	Civil Court, Surat.

The following employees who appeared in the Departmental Examinations and have failed, are entitled to exemption from appearing in paper/papers mentioned against their names.

INDEX

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION.

				PAPER NO.
1.	Ms. D. M. Gadaria	Assistant	District Court, Surat.	I
2.	Mr. R. K. Parmar	Assistant	Civil Court, Surat.	I.
3.	Ms. I. C. Patel	Assistant	Civil Court, Surat.	II & IV.
4.	Mrs. B. N. Solanki	Assistant	Civil Court, Surat.	I
5.	Mr. H. D. Vashi	Assistant	District Court, Surat.	IV.
6.	Mr. D. P. Vyas	Assistant	Small Cause Court, Surat.	IV,

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION.

				PAPER NO.
1.	Mrs. B. P. Vyas	Assistant	Jt. District Court, Vyara.	II

Surat, 17th October, 2003.

Mrs. K. M. Vin,
District Judge,
Surat.

જાહેરનામું

સિવિલ મેન્યુઅલ ચેપ્ટર ૨૮ નાં રૂલ ૫૬૯ (૮) મુજબ.

જા. નં. બી. ૬૯/૧૬૧૩ સને ૨૦૦૩.-સુરત જિલ્લાની જિલ્લા અદાલત અને તાબાની અદાલતોમાં કામ કરતાં નીચે જણાવેલાં કર્મચારીઓ સને ૨૦૦૩ માં લેવાએલ ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. તેમનાં નામો ગુણવત્તાના ધોરણે ગોઠવવામાં આવ્યા છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧.	શ્રી જે. એલ. પટેલ	આસીસ્ટન્ટ,	જિલ્લા ન્યાયાલય, સુરત.
૨.	કુ. ડી. સી. પવાર	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ, સુરત.
૩.	શ્રીમતી એસ. વી. પટેલ	આસીસ્ટન્ટ,	સ્મોલ કોઝ કોર્ટ, સુરત.
૪.	શ્રી જે. એન. પરમાર	આસીસ્ટન્ટ,	જિલ્લા કા. સ. સ. સુરત.

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧.	શ્રી આર. એલ. પટેલ	આસીસ્ટન્ટ,	સ્મોલ કોઝ કોર્ટ, સુરત.
૨.	શ્રી આઈ. એફ. ગઢવી	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ, સુરત.
૩.	શ્રી બી. એચ. દેસાઈ	આસીસ્ટન્ટ,	જિલ્લા ન્યાયાલય, સુરત.
૪.	શ્રી જી. ડી. વાઘ	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ, સુરત.

નીચે જણાવેલ કર્મચારીઓ જે ખાતાકીય પરીક્ષામાં બેઠા હતાં અને અનુત્તીર્ણ થયા છે, તેઓ તેમના નામની સામે જણાવેલ પેપરની પરીક્ષા આપવામાંથી મુક્તિને પાત્ર થયા છે.

ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા

				પેપર નં.
૧.	કુ. ડી. એમ. ગડરીયા	આસીસ્ટન્ટ,	જિલ્લા ન્યાયાલય, સુરત.	૧
૨.	શ્રી આર કે. પરમાર	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ સુરત.	૧
૩.	કુ. આઈ. સી. પટેલ	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ સુરત.	૨ અને ૩

૪.	શ્રીમતી બી. એન. સોલંકી	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ સુરત.	૧
૫.	શ્રી એચ. ડી. વશી	આસીસ્ટન્ટ,	જિલ્લા ન્યાયાલય, સુરત.	૪
૬.	શ્રી ડી. પી. વ્યાસ	આસીસ્ટન્ટ,	સ્મોલ કોઝ કોર્ટ સુરત.	૪

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

૧.	શ્રીમતી બી. પી. વ્યાસ	આસીસ્ટન્ટ,	સહ જિલ્લા ન્યાયાલય, વ્યારા.	૨

સુરત, તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૩.

શ્રીમતી કે. એમ. વીણ,
જિલ્લા ન્યાયાધીશ,
સુરત.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૩૯/૨૦૦૩.- આગામી દિવસોમાં દિવાળીના તહેવારને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૨૭મી ઓકટોબર, ૨૦૦૩ સુધી નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા માટે ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈ પણ રીતે શરીરને હાનિકારક એવો કોઈપણ ક્ષયકારી પદાર્થ, સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

(૪) સળગતી મશાલ અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરુચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય, તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની.

વિસ્તાર : અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ રુરલ, વિઠ્ઠલાપુર, માંડલ અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતાં હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો કે કોઈપણ અંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ(૧)

INDEX

હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (યુ) મુજબ.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસઆર-૪૧/૨૦૦૩.- આગામી તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ દિવાળીનો તહેવાર આવે છે. આ તહેવારમાં નાના-મોટા તમામ પ્રકારના જુદા જુદા ફટાકડા તથા બોમ્બ મોટા પ્રમાણમાં ફોડવામાં આવે છે. આને કારણે કોઈક વખત ગંભીર પ્રકારનું નુકશાન પણ થઈ શકે છે. જેથી હું ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-૧(યુ) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સાણંદ નજીક સાણંદ-વિરમગામ હાઈવે રોડ પાસે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનનો એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ આવેલ છે તેની આજુબાજુ ૪૦ મીટરની હદમાં તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૩ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૩ સુધી કોઈપણ પ્રકારના ફટાકડા ફોડવા નહીં, આ હુકમનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ કાયદાની કલમ-૩૭(૧) મુજબનું.

ક્રમાંક ડીબીપીએ/જાહેરનામું/૧૦/વશી/૪૦૩૭૫ થી ૪૦૪૩૫/ ૨૦૦૩.—માહે ઓક્ટોબર માસમાં તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૩ ના રોજ દિવાળી તારીખ ૨૯મી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ લાભ પાંચમના તહેવારને અનુલક્ષીને લોકો શાંતિપૂર્વક તહેવારોની ઉજવણી કરી શકે અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂરી લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી. એકઠા કરવા નહીં.

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભસ્ત સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી.

(છ) અલંકારીક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રૂચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહીં.

વાસ્તે હું એસ. એસ. વાઘેલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા-પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર બનાસકાંઠા વિસ્તારમાં સદરહુ કૃત્યો કરવાની મના કરૂં છું.

આ હુકમ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યક્તિ કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટ, અથવા જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારીરીક અશક્તિના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

આજ રોજ તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં ૫૪/૨૦૦૩.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા દિવાળી, નવું વર્ષ, ભાઈબીજના તહેવાર ઉત્સવને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કાઇ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૩ થી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૩ સુધીનાં સમય માટે કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઇ શકે તેવી બીજી ચીજો લઇ જવાની મનાઇ.

INDEX

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.
(ગ) કોઈપણ સરઘસમાં જતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.
(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.
(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની.
(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહી.

૧ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

૨ જીલ્લા પોલીસ અધિકારીશ્રી વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યક્તિ.

૩ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિએ આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી આપી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં. ૫૫/૨૦૦૩.–મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨મા) અધિનિયમની કલમ-૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા દિવાળી, નવું વર્ષ, ભાઈબીજના તહેવારને ધ્યાને લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ સલામતી જાળવવા સારું માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જે. સી. ચુડાસમા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જીલ્લામાં તારીખ ૨૨મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૪થી ઓકટોબર, ૨૦૦૩ સુધી અને અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધું માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વે માં મુસાફરી કરવાં માંગતા, મંદિર, મસ્જિદ, દેવળ માં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ-૧૩૫(૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજા ને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની ૨૨ માંની કલમ-૩૭ (૪) મુજબ.

નંબર પીઓએલ/વશી/૩૨૩૦/૨૦૦૩.–મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ધરોઈ મુકામે તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધી રાષ્ટ્રીય સ્તરની કોલેજોમાંથી એન. સી. સી. કેડેટ્સ પસંદ કરવા અંગેનો કેમ્પ યોજાનાર છે, તેમાં ફાયરીંગ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધી દરરોજ સવારના ૭-૦૦ કલાક થી ૧૨-૦૦ કલાકના સમય દરમ્યાન યોજવાનું નક્કી થયેલ છે જેથી લોકોની તથા ઢોર ઢાંખરની સલામતી માટે સાવચેતીના પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું આઈ. જી. પરીખ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માંની) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રુઈએ ધરોઈ ફાયરીંગ બટના નિયત સ્થળના વિસ્તાર અને તેની આજુબાજુનાં ૧૫૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધીના દરરોજ સવારના ૭-૦૦ કલાકથી ૧૨-૦૦ કલાક સુધી સાવચેતીનાં પગલાં રુપે માણસો તથા ઢોર ઢાંખરની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આઈ. જી. પરીખ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૪૯૩/૨૦૦૩.–પંચમહાલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ નાં ૨૨મા) કલમ-૩૭ (૩) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું બી. એન. ડામોર (જી. એ. એસ.) અધિક

INDEX

જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવું છુ કે, સમગ્ર પંચમહાલ જીલ્લામાં તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૩ થી ૩જી નવેમ્બર, ૨૦૦૩ (બંન્ને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી, કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઇ સરઘસ કાઢવું નહી.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઇ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૫(૩) અને ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૨૮૧૧-૨૮૨૦/૨૦૦૩.–મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નો ૨૨માં) અધિનિયમ કલમ-૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ જિલ્લાની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી તહેવારોને અનુલક્ષીને આ જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાંતા ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઇ પણ સમય માટે તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૩ નાં સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો.

(ખ) કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવાની.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની.

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભસ્ત સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમ ખંડ (ક) નીચેના વ્યક્તિઓને લાગું પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઇપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.
આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધું એક વર્ષ કેદની સજા થશે.

આજ તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૩ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ./વશી/૨૮૨૧-૨૮૩૦/૨૦૦૩.– જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિ તથા આગામી તહેવારોને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું સી. બી. બલાત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઇપણ સમય માટે તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૩ થી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૩ ના સમય માટે ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યક્તિઓ એકત્ર / ભેગા થવું નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેંનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યક્તિઓ.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ.

(૩) કોઇ લગ્નના વરઘોડા ને અથવા સ્મશાન યાત્રાને.

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઇડ વ્યક્તિઓ.

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહું હુકમનો ભંગ કરનાર કોઇ પણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૩નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) સાતમા વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (ગ્રાહક) અમદાવાદનો તારીખ ૧૦-૧-૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૧/૩૦/રૂબરૂ/૨૦૦૩ થી કલમ-૧૦૭ હેઠળની કાર્યવાહી કરવા અંગેનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીનો તા. ૧૩-૬-૨૦૦૩નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૯/ઘ.૨/૩૯૪/સને ૨૦૦૩.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની જોગવાઈ.

પ્રસ્તાવના :

જા.નં. ફડચ/ફ.૧૧૫૯૮/ઘ-૨/૭૩૧/૯૧૭૪/૨૦૦૩.-સૌરાષ્ટ્ર મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી મજુર મંડળી છે. જેનો નોંધણી નંબર ૭૧૫૭ છે.

વંચાણે લીધેલ સંદર્ભ-૧ના ખાસ અહેવાલની વિગતે મંડળીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જઈ ફડચા અધિકારી તરીકે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) ની નિમણુંક કરતો સંદર્ભ-૨ મુજબનો વચગાળાનો આદેશ કરીને મંડળીના હોદેદારો/સભાસદો હિત ધરાવતી વ્યકિત/સંસ્થાઓને રજુઆત અંગે ૧ માસનો સમયગાળો આપવામાં આવેલ. ઉકત સમય અવધિમાં કોઈ રજુઆતો મળેલ નથી તેમજ નિયુકત ફડચા અધિકારી દ્વારા પણ કોઈ રજુઆત થયેલ ન હોવાથી મંડળીનો ફડચાનો વચગાળાનો આદેશ કાયમ રાખી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, મને મળેલ અધિકારોની રૂઈએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૭૧ની કલમ-૧૦૭(૧) અન્વયે ધી સૌરાષ્ટ્ર મજુર કામદાર સહકારી મંડળી લી., અમદાવાદને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું તથા ફડચા અધિકારી તરીકે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત કચેરીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮(૧) અન્વયે નિમણુંક કરૂં છું.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરી ચાર્જયાદી હિસાબ પત્રકો/સરવૈયાનો રીપોર્ટ અત્રે મોકલી ફડચાની કામગીરી શરૂ કરી નિયત સમય મર્યાદામાં ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા વખતો વખત ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે તથા વખતો વખત કરેલ કામગીરીની પ્રગતિની વિગતો અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) છઠ્ઠા વધારાના ઓડીટર ગ્રાહક સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૧૨-૧૧-૨૦૦૨ના જા. નં. અષણ/૦૧/૨૭૫/૨૦૦૨ના પત્રથી મળેલ કલમ-૧૦૭ નો ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીની તા. ૭-૧૨-૨૦૦૨ના પત્રાંક ફડચ/૦૧/ઘ.૨/૯૮૬/સને ૨૦૦૨ની કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૬-૬-૨૦૦૩નો ફડચાનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/ફ. ૧૧૬૦૨/ઘ.૨/૩૯૭/સને ૨૦૦૩.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

પ્રસ્તાવના :

જા.નં. ફડચ/ફ.૧૧૬૦૨/ઘ-૨/૭૩૪/૯૧૬૫/૨૦૦૩.-શ્રી હિંગળાજ બાંધકામ મજુર સહકારી મંડળી લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી મજુર સહકારી મંડળી છે જેનો નોંધણી નંબર ઉ. ૯૩૨૫ છે.

સદર મંડળીની સામે કાયદાની કલમ-૧૦૭ અન્વયે કાર્યવાહી કરવા સંદર્ભ-૧ના ખાસ અહેવાલ સંદર્ભે સંદર્ભ-૨ની કારણદર્શક નોટીસથી સુનાવણી રાખતાં તેમજ સાંભળવાની પુરતી તકો આપવા છતાં રજીસ્ટર અને અન્ય પત્રો મંડળીના સરનામે સ્વીકારાયા વિના ''નોટ નોન'' ના શેરા સાથે પરત થતાં મંડળીને વંચાણે લીધેલ ક્રમ ૩ના હુકમથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે રજીસ્ટરપત્ર પણ સ્વીકારાયા વિના પરત કરેલ છે. તેમજ ફડચા અધિકારી દ્વારા પણ કોઈ રજુઆત સંબંધીત હુકમ સંદર્ભે થયેલ નથી. આથી વચગાળાના આદેશને એક માસ જેટલો સમય પુર્ણ થયેલ હોવાથી મંડળીનો ફડચાનો વચગાળાનો હુકમ કાયમ રાખીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવો મુનાસીબ જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, મને મળેલ અધિકારની રૂઈએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે ધી હિંગળાજ બાંધકામ મજુર કામદાર સહકારી મંડળી લી.ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કાયમ કરીને ફડચાનો અંતિમ હુકમ કરૂં છું તથા ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી ફડચો-૨ લગત કચેરીની નિમણુંક કરૂં છું.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) સુરજબાગ સામુદાયિક વૃક્ષઉછેરક તથા ખેતી સહકારી મંડળી લી., અમદાવાદની તા. ૩૦-૧૧-૨૦૦૨ની મળેલ દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો તા. ૧૬-૬-૨૦૦૩નો વચગાળાનો આદેશ ક્રમાંક ફડચ/ફ. ૧૧૫૯૯/ઘ.૨/૩૯૦/સને ૨૦૦૩.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયેની કાર્યવાહી.

INDEX

પ્રસ્તાવના :

જા.નં. ફડચ/ફ.૧૧૫૯૯/ઘ-૨/૭૩૫/૯૧૬૪/૨૦૦૩.-સૂરજબાગ સામુદાયિક વૃક્ષ-ઉછેરક તથા ખેતી સહકારી મંડળી લી., અમદાવાદએ ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ અન્વયે નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર ખે-૩૬૦૯, તારીખ ૧૩-૪-૧૯૯૪ છે.

સદર મંડળીની નોંધણી રદ કરવા અંગે અત્રે દરખાસ્ત મળેલ અને આ મંડળીની સહકારી કાયદાની જે તે કલમ નીચે સુનાવણીની મહત્તમ અવધિ વીતી જવા છતાં મંડળીના વહીવટમાં સોસાયટીના સભ્યો રસ ન ધરાવતાં હોવા ઉપરાંત મંડળીમાં વ્યવસ્થાપક કમીટીની રચના થઈ શકે તેમ ન હોવાથી મંડળીની કામગીરી અસરકારક રીતે સંચાલિત થઈ શકેલ નથી તેથી સદર મંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ તેના ફડચા અધિકારી તરીકે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી, ફડચો-૧ની નિમણુંક કરવી મુનાસીબ જણાતાં વંચાણે લીધેલ અનુસંધાન-૨ના હુકમથી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ પ્રસારીત કરવામાં આવેલ અને મંડળીના સભ્યો/હિત ધરાવતી વ્યક્તિ/ સંસ્થાઓને રજુઆત અંગેની એક માસની સમય અવધિ આપેલ છતાં કોઈ રજુઆત અત્રે મળેલ ન હોવાથી મંડળીનો ફડચાનો વચગાળાનો આદેશ કાયમ રાખી મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારોની રૂઈએ ધી સૂરજબાગ સામુદાયિક વૃક્ષ-ઉછેરક તથા ખેતી સહકારી મંડળી લી., અમદાવાદ, નોંધણી નંબર ખે-૩૬૦૯, તા. ૧૩-૪-૯૪ને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે સદરહુ કાયદાની કલમ ૧૦૮ અન્વયે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ ફડચાની કામગીરી સમયમર્યાદામાં પુરી કરવાની રહેશે.

મજકુર સોસાયટીનો ફડચા અધિકારી તરીકે ચાર્જ સંભાળી તેની અત્રે ત્વરીત જાણ કરવાની રહેશે. અને ચાર્જ સંભાળ્યા પછી ચાર્જમાં મળેલ દફતરની યાદી/ ચાર્જમા મળેલ હિસાબી પત્રકો/સરવૈયા સહ અત્રે ત્વરીત રીપોર્ટ સહ કરવા અને ફડચાની કામગીરી ગતિશીલ રાખવા માટે કરેલ કામગીરીની વિગત નિયમિત અત્રે લખી મોકલવાની રહેશે.

અમદાવાદ, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો તારીખ ૧-૨-૨૦૦૩નો ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ફ. ૧૧૫૮૨/ઘ-૨/૧૦૬, સને૨૦૦૩.

(૨) સોસાયટીના તા. ૨૧-૨-૨૦૦૩, ૧૭-૭-૨૦૦૩, ૨૮-૮-૨૦૦૩ના રજુઆતના પત્રો તેમજ તા. ૨૫-૯-૨૦૦૩ના રોજ આપેલ લેખિત નિવેદન.

(૩) ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદનો તા. ૧૬-૯-૨૦૦૩નો પત્ર ક્રમાંક અષણ/૦૨/૧૩૦/૨૦૦૩.

(૪) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ..

પ્રસ્તાવના :

જા.નં. ફડચ/ફ.૧૧૫૮૨/ઘ-૨/૭૩૮/૯૧૬૩/૨૦૦૩.-શ્રી સિલ્વર જયુબીલી કો. ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. અમદાવાદ તે સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી ધિરાણ મંડળી છે. જેનો નોંધણી નં. ૧૭૫૪૧, તા. ૩૧-૧૨-૮૧ છે. મજકુર મંડળીનો વહીવટ, દેખરેખ, કામકાજ કાર્યરીતી વિગેરે મંડળીની ચુંટાયેલ વ્યવસ્થાપક કમીટીની હોદ્દેદારોએ સોસાયટીના નોંધાયેલ પેટા નિયમો અને સહકારી કાયદા-કાનુન મુજબ કરવાની રહે છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવાનું ફરજીયાત છે.

વંચાણે લીધેલ ૧ થી મંડળીને ઓડીટરના ખાસ અહેવાલના આધારે મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરી ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી ફડચો-૨ લગત કચેરીની નિમણુંક કરી દિન-૩૦માં અમારી સમક્ષ રજુઆત કરવાની તક આપવામાં આવેલ. જે સંદર્ભે વંચાણે લીધેલ અનુ. ૨ થી સોસાયટી દ્વારા થયેલ રજુઆત અને રજુ કરેલ તા. ૩૧-૩-૦૨ અને તા. ૩૧-૩-૦૩ સુધીના ઓડીટ અહેવાલો અને ઓડીટર શેખનો વંચાણે લીધેલ અનુ. ૩ નો ખુલાસોને ધ્યાને લેતાં મંડળીનો વચગાળાનો ફડચાનો આદેશ રદ કરવાનો થતો હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ ધી સિલ્વર જયુબિલી કો.-ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. અમદાવાદ, જેનો નોંધણી નં. ૧૭૫૪૧, તા. ૩૧-૧૨-૧૯૮૧નો ફડચાનો વચગાળાનો હુકમ રદ કરતો હુકમ કરૂં છુ

અમદાવાદ, તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (શહેર વિભાગ),
અમદાવાદ.

ક્રમાંક નધણ/૩૭૧૯/ક-૩/૭૯૫/ઘ-૨૧૦૦૧/૨૦૦૩/.—આથી પ્રમાણપત્ર જાહેર કરે છે કે, સુરભી વિભાગ-૨ કો. ઓપ. હા. સોસા. લી., મર્યાદિત સ્થળ કળીકુંડ-ધોળકા, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૭૧૨/ક-૩/૮૦૩/ભં-૫૪૭૫/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે, સરદાર કન્ઝ્યુમર્સ કો. ઓપ. સો. લી., મર્યાદિત સ્થળ બારેજા, તાલુકો દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૭૨૦/ક-૩/૮૦૯/ઘ-૨૧૦૦૨/૨૦૦૩/.–આથી જાહેર કરે છે કે, માધવપ્રિય કો. ઓપ. હાઉ. સોસા. લી., મર્યાદિત સ્થળ વસ્ત્રાસ, તાલુકો દસ્ક્રોઇ, જિલ્લો અમદાવાદ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

ક્રમાંક નધણ/૩૭૧૧/ક-૩/૮૦૮/ઉ-૧૨૧૦૦/૨૦૦૩/.–આથી જાહેર કરે છે કે, શિવશક્તિ મજૂર કામદાર સ. મં. લી., મર્યાદિત સ્થળ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર, જિલ્લો ગાંધીનગર સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. (રૂરલ)
અમદાવાદ.

વંચાણમાં લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી ભીમબોરડી ફળ અને શાક ઉત્પાદક સહકારી મંડળી લી. તા. ભાભર, જી. બનાસકાંઠાના તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના પત્ર ક્રમાંક સ.અ./ ફડચ/૯૧/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦(૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૬૦૦/સને ૨૦૦૩/ફડચા હુકમ નંબર : ફ-૧૩૬૯૭ તા. ૪થી ઓકટોબર,૨૦૦૨.-ધી ભીમબોરડી ફળ અને શાક ઉત્પા. સહકારી મંડળી લી. મુ. ભીમબોરડી તાલુકો ભાભર જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૪થી માર્ચ, ૧૯૯૭ના નોંધણી ક્રમાંક : ૨૯૧૦૫ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજીસ્ટ્રાર સ.મં. પાલનપુરના તા. ૪થી ઓકટોબર, ૨૦૦૨ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૧૪૮૦/ફ-૧૩૬૯૭ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ : ૧ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મં.ઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો સાથ આજ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) ફડચા અધિકારીશ્રી ધી તાલેપુરા સેવા સહકારી મંડળી લી. તા. પાલનપુર જી. બનાસકાંઠાના તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના પત્ર ક્રમાંક સ.અ./ ફડચ/૯૨/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪ (૨) અને કલમ ૨૦(૧) ની જોગવાઇઓ.

હુકમ

જા. નં. ફડચ/ગ/૧૬૦૧/સને ૨૦૦૩/ફડચા હુકમ નંબર : ફ-૧૩૬૮૦ તા. ૧૦મી જુન, ૨૦૦૨.-ધી તાલેપુરા સેવા સહકારી મંડળી લી. મુ. તાલેપુરા તાલુકો પાલનપુર જીલ્લો બનાસકાંઠા કે જે મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર સ. મં. (પંચાયત) પાલનપુરના તા. ૩૦મી મે, ૧૯૯૮ના નોંધણી ક્રમાંક : સે-૩૦૦૨૭ થી નોંધાયેલ હતી અને જીલ્લા રજિસ્ટ્રાર સ.મં. પાલનપુરના તા. ૧૦મી જુન, ૨૦૦૨ના હુકમ નંબર ફડચ/૦૧/ગ/૧૦૧૫/ફ-૧૩૬૮૦ થી કાયદાની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવામાં આવી હતી. અને તેના ફડચા અધિકારી અને આમુખ : ૧ના પત્રથી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ કરી, નોંધણી રદ થવાની દરખાસ્ત સાદર કરેલ હોઇ, ગુજરાત સ. મં.ઓના અધિનિયમની કલમ-૧૧૪ (૨) અન્વયે, આ મંડળીની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. સાથો સાથ આજ કાયદાની કલમ ૨૦ (૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતા હુકમો કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, પાલનપુર.

ક્રમાંક નધણ/૦૧/ક-૨/૫૭૪/સે/દુ-૩૫૨૬૭/૨૦૦૩/.–આથી જાહેર કરે છે કે, મારૂતી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ બાડોદરા, તાલુકો હાંસોટ, જિલ્લો ભરૂચ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા.નં. સેન ઉખસ/ફડચ/ ૦૧/ખ-૨/૨૦૧ થી ૨૦૯ તારીખ ૭-૮-૦૩થી મંડળીને ફડચામાં લઇ જવાનો અપાયેલ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક શેન ઉખસ/ ફડચ/૦૧/ખ-૨/૧૩૯૭૯/૫૨૬ થી ૫૩૦.- ધી નવભારત મત્સ્યોદ્યોગ સ.મં.લી., મુકામે સીસોદરા તાલુકો અંકલેશ્વર જીલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ.ચ.જા.નં. ફડચ/૦૧/ખ-૨/૨૦૧ થી ૨૦૯ તા. ૭-૮-૦૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપવામાં આવેલ હતો જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઇ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧-૨) ભરૂચ લગત કચેરી શ્રીમતી બી. પી. જાદવની નિમણુંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

ભરૂચ, તા. ૯મી ઓક્ટોબર,૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કાર્યાલયના વચગાળાના આદેશ જા.નં. સેન ઉખસ/ફડચ/ ૦૧/ખ-૨/૧૯૨ થી ૨૦૦ તારીખ ૭-૮-૦૩થી મંડળીને ફડચામાં લઇ જવાનો અપાયેલ આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક શેન/ઉખસ/ ફડચ/૦૧/ખ-૨/૧૩૯૮૦/૫૩૧ થી ૫૩૬.- ધી ઝઘડીયા તાલુકા વનૌષધિ એકત્રિત અને નિકાલ કરનારી સ.મં.લી., મુકામે રાજપારડી તાલુકો ઝઘડીયા જીલ્લા ભરૂચને અત્રેની કચેરીના વ.ચ.જા.નં. ફડચ/૦૧/ખ-૨/૧૯૨ થી ૨૦૦ તા. ૭-૮-૦૩ થી સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો આદેશ આપવામાં આવેલ હતો જેને આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ (૩) હેઠળ બહાલી આપતા સદર મંડળીને ફડચામાં લઇ જવાનો આ અંતિમ આદેશ હુકમ આપવામાં આવે છે અને આ અંગે સદર મંડળીના શ્રી સહકારી અધિકારી (ફડચો ૧-૨) ભરૂચ લગત કચેરી શ્રીમતી બી. પી. જાદવની નિમણુંક ફડચા અધિકારી તરીકે કરવામાં આવે છે. અને નીમાયેલા ફડચા અધિકારીએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી એક વર્ષમાં પુરી કરવાની રહેશે.

ભરૂચ, તા. ૯મી ઓક્ટોબર,૨૦૦૩.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

નં. ઉખસ/સે.દુ./૩૩૮૯૧.--આથી જાહેર કરે છે કે, મહિલાઓ સંચાલિત દેલવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડ, મર્યાદિત સ્થળ દેલવાડા, તાલુકો જલાલપોર, જિલ્લો નવસારી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

સુનિલકુમાર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

જાવક નંબર નધણ/સે. દૂ. /૧૧૨૪/૦૧/ખ/૪૪૮ સે. દૂ.- ૩૩૩૦૬/ ૨૦૦૩.-- આથી જાહેર કરે છે કે ચારણ નિકોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ ચારણનિકોલ તાલુકો કઠલાલ જીલ્લો ખેડા.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલક-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ જા. નં. ઉખસ /ક-જ/ફડચ/ગ-૨/૩૨૬૬/ ૧૯૯૨ તા. ૧૮-૧૧-૧૯૯૨.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા)નો પત્ર જા. નં. ફડચ/૦૧/જ/૧૫૪/૨૦૦૩ તા. ૭-૮-૨૦૦૩.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧ થી મળેલ સત્તા.

જા. નં. ફડચ/૦૧/ગ/૨/૩૬૨/૨૦૦૩.-- ધી પડાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફડચા) મું. પડાલ તા. ઠાસરા, જિ. ખેડાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૨ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો રજિસ્ટ્રેશન નંબર સે. દૂ. ૧૧૧૯૧ તા. ૧૦-૭-૧૯૭૦ છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીને આમુખ-૧માં દર્શાવેલ આ કચેરીના તા. ૧૮-૧૧-૧૯૯૨ના હુકમથી સહકારી કાયદાની કલમ - ૧૦૭ હેઠળ ફડચામાં લઈ જઈ મંડળીનું કામ આટોપી લેવાના હેતુસર કલમ-૧૦૮(૩) હેઠળ ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) નડીઆદની નિમણૂંક કરવામાં આવેલ હતી.

જે અન્વયે ફડચા અધિકારીશ્રીએ મંડળીનો ફડચા ચાર્જ સંભાળી ફડચા ની કામગીરી પૂર્ણ કરીને આમુખ નંબર - ૨ માં દર્શાવેલ તા. ૭-૮-૨૦૦૩ના પત્રથી સદરહુ મંડળીને ૭ વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોય, તેમજ બેંક ખાતું પણ બંધ કરાવી વધેલ રકમ રૂા. ૫૯,૬૧૭/- આ કચેરીના પી. એલ. એ. નં. ૮૪માં ભરપાઈ કરી દેવામાં આવેલ છે.

અને ફડચા અધિકારીના જણાવ્યા મુજબ મંડળીની ફડચા કામગીરી બંધ થઈ ગયેલ છે. અને આ તમામ વિગતોને ધ્યાનમાં લઈને સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહીની સમાપ્તી થયા અંગે જરૂરી હુકમ કરવો જરૂરી છે. જે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. દરજી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૧૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ધી પડાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફડચા) તા. ઠાસરા, જિ. ખેડાની ફડચા અંગેની કાર્યવાહી સમાપ્તિનો હુકમ કરૂં છું.

નડીઆદ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના હુકમ જા. નં. ઉખસ /ક-જ/ફડચા/ગ-૨/૩૦૨/૯૪ તા. ૨૩-૨-૧૯૯૪.

(૨) ફડચા અધિકારી અને સહકારી અધિકારી (ફડચા)નો પત્ર જા. નં. ફડચા/૦૧/જ/૧૫૫/૨૦૦૩ તા. ૭-૮-૨૦૦૩.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૫૨૦૪/જે તા. ૩૦-૩-૯૧ થી મળેલ સત્તા.

જા. નં. ફડચ/૦૧/ગ/૨/૩૬૩/૨૦૦૩.-- ધી બળિયાદેવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફડચા) મું. બળિયાદેવ, તા. બાલાશિનોર, જિ. ખેડાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો રજિસ્ટ્રેશન નંબર સે. દૂ. ૧૭૨૦૪ તા. ૧૮-૧૦-૧૯૮૦ છે. જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીને આમુખ-૧માં દર્શાવેલ આ કચેરીના તા. ૨૩-૨-૧૯૯૪ના હુકમથી સહકારી કાયદાની કલમ - ૧૦૭ હેઠળ ફડચામાં લઈ જઈ મંડળીનું કામ આટોપી લેવાના હેતુસર કલમ-૧૦૮(૩) હેઠળ ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચા) નડીઆદની નિમણૂંક કરવામાં આવેલ હતી.

જે અન્વયે ફડચા અધિકારીશ્રીએ મંડળીનો ફડચા ચાર્જ તા. ૬-૫-૧૯૪૯ના રોજ સંભાળેલ હતો. ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા કામગીરી પૂર્ણ કરીને આમુખ નંબર - ૨ માં દર્શાવેલ તા. ૭-૮-૨૦૦૩ના પત્રથી સદરહુ મંડળીને ૭ વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોય, તેમજ બેંક ખાતું પણ બંધ કરાવી વધેલ રકમ રૂા. ૧,૪૭,૩૯૪/- આ કચેરીના પી. એલ. એ. નં. ૮૪માં ભરપાઈ કરી દેવામાં આવેલ છે. અને ફડચા અધિકારીના જણાવ્યા મુજબ મંડળીની ફડચા કામગીરી બંધ થઈ ગયેલ છે. અને આ તમામ વિગતોને ધ્યાનમાં લઈને સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહીની સમાપ્તી થયા અંગે જરૂરી હુકમ કરવો જરૂરી છે. જે અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એચ. એન. દરજી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીઆદ મને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૧૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ધી બળિયાદેવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફડચા) તા. બાલાશિનોર, જિ. ખેડાની ફડચા અંગેની કાર્યવાહી સમાપ્તિનો હુકમ કરૂં છું.

નડીઆદ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર.
સહકારી મંડળીઓ, નડીઆદ.

વંચાણે લીધા :

(૧) શ્રી અહીમા તમાકુ ઉત્પાદક સ. મં. લિ. અહીમા ના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૬-૯-૨૦૦૩ નો પત્ર નં. ફડચ/૦૧/ચ/૬૧૧/૨૦૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૪૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૬૨૨/૨૦૦૩.--શ્રી અહીમા તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. અહીમા તાલુકા આણંદ જીલ્લા આણંદ શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૨૦૩૧૭, તા. ૩૦-૧-૧૯૮૪થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ફડચા/ચ-૮/૧૪૯૩૫ તા. ૧૮-૨-૨૦૦૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) શ્રી નગરા ફળ અને શાકભાજી ઉત્પાદક સ. મં. લિ. નગરાના ફડચા અધિકારીશ્રીનો ખંભાતનો પત્ર નં.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૪૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૬૨૩/૨૦૦૩.–શ્રી નગરા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નગરા તાલુકા ખંભાત જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે-૨૮૪૨૭, તા. ૩૧-૧-૧૯૯૬થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ફડચા/ચ/૧૪૯૫૮/૦૩ તા. ૧૧-૯-૨૦૦૩ થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં . ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા : (૧) શ્રી સેંધણી ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સ. મં. લિ. પેટલાદના ફડચા અધિકારીશ્રીનો તા. ૩૦-૯-૨૦૦૩ નો પત્ર નં. ફડચ/૦૧/ચ/૬૨૧/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે. એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૬૩૧/૨૦૦૩.–શ્રી સેંધણી ફાર્મર્સ સર્વિસ ગ્રાહક સહકારી મંડળી લી. મુ. પેટલાદ તાલુકા પેટલાદ જીલ્લા ખેડા શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ભં-૪૬૭૯, તા. ૭-૮-૧૯૯૫થી નોંધવામાં આવી હતી જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદના હુકમ નંબર ઉ. ખ. સ/ક. જ./ફડચા/ચ/૧૩૫૯૪/૧૨૯ તા. ૩૦-૧-૨૦૦૩થી ફડચામાં લઇ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં . ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪(૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી
મંડળીઓ, આણંદ જીલ્લો.

વંચાણે લીધા :–

(૧) શ્રી. જી. વી. વ્યાસ, ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમા-૧) મહેસાણાના પત્ર ક્રમાંક : અષણ/ફડચ/૦૧/૧૫૯/૨૦૦૩, તા. ૧૯-૫-૦૩ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સ. મં. જી. પં., મહેસાણાના પત્ર ક્રમાંક :જીપમ/સહક/૫૩૫/૦૩, તા. ૧૩-૫-૦૩ થી મંડળીને ફડચામાં લઈ જવા પત્રથી રજુઆત.

(૩) આસી. મેનેજરશ્રી, મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., મહેસાણાના પત્ર નં. ૮૮/લોન, તા. ૨-૭-૦૩ થી સંસ્થાને ફડચામાં લઈ જવા દરખાસ્ત.

(૪) મંડળીની વ્ય. કમીટી તા. ૨૬-૪-૦૩ ના ઠરાવ નં. ૩ થી સંસ્થાને ફડચામાં લઈ જવા થયેલ ઠરાવ.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૬૬/૨૦૦૩.–ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી વણાગલા સેવા સહકારી મંડળી લી., મુ. વણાગલા, તા. ઉંઝા, જિ. મહેસાણા, નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે-૧૫૦૬/, તા. ૩૦-૬-૧૯૬૨ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૧ થી તા. ૩૧-૩-૦૩ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમા-૧), મહેસાણાને સુપ્રત થતા, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો ખાસ અહેવાલ કરતાં આમુખ-૨ ના મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જિલ્લા પંચાયત, મહેસાણાના તા. ૧૩-૫-૦૩ ના પત્ર, આમુખ-૩ થી વિગતે મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણા દ્વારા સંસ્થાને ફડચામાં લઈ જવા દરખાસ્ત રજુ કરતા તેમજ વ્ય. કમીટીના તા. ૨૬-૪-૦૩ ના ઠરાવ નં. ૩ થી સંસ્થાને ફડચામાં લઈ જવા ઠરાવ થતાં નીચેના કારણોસર સદર મંડળીને ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીની તપાસણી સમયમાં સભાસદ શેર બંડોળમાં રૂા. ૨૩,૩૧૦ સભાસદ સંખ્યામાં ૧૫ નો ઘટાડો નોંધાયેલ સભાસદ ભંડોળના ૧/૧૦ શેર મંડળીએ પરત કરેલ છે.

(૨) સને ૧૯૯૮ થી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહ. બેંક લી. મહેસાણાએ મંડળીને ધિરાણ માટે લોન આપવાનું બંધ કરેલ છે. જે સામે મંડળીએ ૧૯૯૮ ની મધ્યમ મુદત બાકી મુદ્દલ રૂા. ૮,૯૮,૩૫૦ બેંકમાં પરત ભરપાઈ કરતાં ધિરાણ વસુલાત રકમ સ્ટેટ બેંક ઓફ ઈંડિયા, ઉંઝા શાખામાં બચત ખાતુ ખોલાવી ભરપાઈ કરી, તેમાંથી શાખ પત્રક તથા માંગણા આધારે ધિરાણ મંજૂર કરી સભાસદોને ધિરાણ આપવામાં તથા વસુલાતનું કાર્ય મંડળી પોતે કરે છે. જે પેટાનિયમ વિરૂધ્ધ કાર્યવાહી ગણાય.

(૩) તપાસણી સમયમાં મંડળીએ રૂા. ૨૬,૪૯૬-૯૫ નું ચોખ્ખુ નુકશાન કરેલ છે.

(૪) પેટા-નિયમ-૨ ના ગૌણ ઉદ્દેશને અનુરૂપ સભાસદોને જીવન જરૂરી ચીજ વસ્તુઓ પુરી પાડવાની પ્રવૃત્તિ મંડળી છેલ્લા પાંચ વર્ષથી કરતી નથી.

(૫) મંડળીએ ચાલુ તપાસણી વર્ગ "ડ" મેળવેલ છે.

(૬) મંડળી પાસે કુલ-૧૦૧ સભાસદો મુદતવીતી બાકીદાર છે. જે કુલ ધિરાણ ના ૬૨.૩૫ % થવા જાય છે. જેની વસુલાત કરવા માટે કોઈ નક્કર પગલાં ભરેલ નથી.

(૭) એકજ નોંધણી નંબર ઉપર સદર ગામમાં શ્રી વણાગલા સેવા સ. મં. લી., ના નામથી બે મંડળીઓ સને ૧૯૯૯ થી ચાલે છે. તથા નવીન રચાયેલ મંડળીએ મે. ડી. બેંકે સેવિંગ્ઝ ખાતુ ખોલી આપી લોન ધિરાણ આપવા સગવડ કરી આપેલ છે. જેથી પરિણામે મૂળ મંડળીના નામે ધિરાણ બાકી બોલતુ હોવાને કારણે ગામમાં વિખવાદના પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે. તથા બંને મંડળીઓના વહીવટકર્તાઓ સામે કોર્ટ કેસ થયેલ છે. જેથી ધિરાણ ના મુદતવીતી બાકીદારો સામે કોઈ લવાદી રાહે પગલાં ભરી શકાયેલ નથી. જેથી ગામના બંને જૂથો વચ્ચે સંઘર્ષ ટાળવા માટે મંડળીની વ્ય. કમીટીના તા. ૨૬-૪-૦૩ ના ઠ. નં. ૩ થી મંડળીને ફડચામાં લઈ જવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

(૮) મદદ. જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., જિ. પં. મહેસાણાની મંડળી ઉપર લેવાયેલ મુલાકાત દરમ્યાન મંડળીમાંના પ્રમુખ/મંત્રીશ્રીએ ગામમાં વિખવાદના કારણે મંડળીને સર્વાનુમતે ફડચામાં લઈ જવા ઠરાવ કરેલ છે તેમ જણાવેલ છે.

(૯) ડીસ્ટ્રીક્ટ બેંકમાંથી ઘણા વર્ષોથી લીધેલ લોન ભરપાઈ કરેલ નથી. તા. ૩૧-૩-૦૩ ના સરવૈયા મુજબ મોટા ખેડૂત રૂા. ૫,૨૩,૩૫૦, નાના ખેડૂત રૂા. ૩,૭૫,૦૦૦ બાકી પડે છે. જ્યારે સભાસદો પાસે મુદતવીતી ધિરાણ મુજબ મોટા ખેડૂત રૂા. ૭,૭૭,૦૬૪, નાના ખેડૂત ૩,૪૯,૫૩૫, અનુ. જાતિ નાના ખેડૂત રૂા. ૨૨,૫૨૬ મળી કુલ રૂા. ૧૧,૦૯,૧૧૫ બાકી પડે છે. જે ગામમાં વિખવાદના કારણે વસુલ આવતી નથી.

(૧૦) મંડળીએ બેંકના ઈન્સ્પેકશન/ઓડિટ મેમાની દુરસ્તી કરેલ નથી.

(૧૧) મંડળીના ફંડોમાં સતત ઘટાડો થયેલ છે અને ખોટમાં સતત વધારો થયેલ છે. મંડળી રૂા. ૧,૩૬,૧૪૭ જેટલી ખોટ છે.

(૧૨) મંડળીમાં બેંક લોન બાકી હોવા છતાં બેંકની મંજૂરી સિવાય શેર ભંડોળ મંડળી દ્વારા પરત કરવામાં આવે છે.

(૧૩) મંડળીએ પેટા-નિયમોનો સતત ભંગ કરેલ છે.

(૧૪) ગામમાં એકજ રજી. નંબર વાળી બે મંડળીઓ હોવાથી બંન્ને મંડળીઓના હોદેદારોને વહીવટ કરવામાં મુશ્કેલી પડે છે.અને ગામમાં વિખવાદ પેદા થયેલ છે. જેથી મંડળીની વ્ય. કમીટીની તા. ૨૬-૪-૦૩ ના ઠરાવ નં. ૩ થી મંડળીએ ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

આમ, ઉપરોક્ત આમુખ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

શ્રી વણાગલા સેવા સહકારી મંડળી લી., મું. વણાગલા, તા. ઉંઝા, જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે. ૧૫૦૬, તા. ૩૦-૬-૧૯૬૨ થી નોંધવામાં આવેલ. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તા. ૨૫મી સપ્ટેમ્બર,૨૦૦૩.

નં. ઉખસ/નધણ/ઉ-૧૦૪૬૧/ખ/૨૫૭૪/સને ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે શ્રી આશિષ મજુર કામદાર સહકારી મંડળી લી., મર્યાદીત સ્થળ સુંઢિયા, તાલુકો વડનગર, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૨૯મી સપ્ટેમ્બર,૨૦૦૩.

નં. ઉખસ/નધણ/સે-દુ. ૩૩૨૩૭/ખ/૨૫૮૪/સને ૨૦૦૩.—આથી જાહેર કરે છે કે શ્રી ખારી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદીત સ્થળ ખારી, તાલુકો સતલાસણા, જિલ્લો મહેસાણા સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ ૯ અન્વયે આજરાજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૭મી ઓકટોબર, ૨૦૦૩.

એચ. એન. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધા :–

(૧) સહકારી અધિકારીશ્રી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત પત્ર નં. જીઉકે/મહે/ફડચ/૦૧/જ/૧૬૯૧/૨૦૦૩, તા. ૧૮-૯-૨૦૦૩.

(૨) આ કચેરીની મંજુર થયેલ તા. ૩૦-૯-૨૦૦૩ની નોંધ.

હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૧૭૩૭/૧૧૮૦૩/૨૦૦૩.– આમુખ-૧ અને-૨ માં વંચાણે લીધેલ પત્ર અને નોંધ અન્વયે શ્રી ગોઠવા ચર્મોધોગ સહકારી મંડળી લી., ગોઠવા , તા. વિસનગર, જી. મહેસાણા

INDEX

કે, જેનું કામકાજ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણા કચેરીના જાવક નંબર : જીઉકે/ફડચ/જ/૦૧/૧૨૯૩/૨૦૦૩, તા. ૨૩-૭-૨૦૦૩થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) સહકારી અધિકારીશ્રી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત પત્ર નં. જીઉકે/મહે/ફડચ/૦૧/જ/૧૭૧૬/૨૦૦૩, તા. ૨૯-૯-૨૦૦૩.

(૨) આ કચેરીની મંજુર થયેલ તા. ૩૦-૯-૨૦૦૩ની નોંધ.

હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૧૭૪૪/૧૧૮૦૮/૨૦૦૩.– આમુખ-૧ અને-૨ માં વંચાણે લીધેલ પત્ર અને નોંધ અન્વયે શ્રી મહેસાણા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી., મહેસાણા, તા. જી. મહેસાણા કે, જેનું કામકાજ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણા કચેરીના જાવક નંબર : જીઉકે/મહે/ઉખસ/ફડચ/જ/૦૧/૧૦૯૯/૨૦૦૨, તા. ૧૦-૭-૨૦૦૨થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦(૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૦૩.

આઈ. આઈ. શેખ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (ઉદ્યોગ) મહેસાણા.

વંચાણે લીધા :–

(૧) સબ ઓડિટર, સ. મં. સિધ્ધપુર તરફથી રજુ થયેલ ખાસ અહેવાલ જા. નં. અષણ/ખાસ અહેવાલ /૫૯/૦૩ તા. ૩૧-૫-૦૩.

(૨) આમુખ-૧ વાળા ખાસ અહેવાલ સાથે સામેલ થઈ આવેલ ધી સર્વોદય ખેતી માટે પાણી પુરુ પાડનારી સ. મં. લી. મુ. દશાવાડા, તા. સિધ્ધપુર, જિ. પાટણના પ્રમુખ શ્રી અલજીભાઈ ઈસુફભાઈ મોમીનનું તા. ૧૪-૫-૦૩ ના રોજનું સબ ઓડીટરશ્રી સમક્ષ મુક્ત સંમતિથી આપેલ નિવેદન.

(૩) ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ -૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૪૭૮/૨૦૦૩.–ધી સર્વોદય ખેતી માટે પાણી પુરુ પાડનારી સહકારી મંડળી લી., મુ. દશાવાડા, તા. સિધ્ધપુર, જિ. પાટણ એ ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯ અન્વયે નોંધણી નં. ખે-૩૦૬૧, તા. ૨૧-૧૦-૧૯૮૮ થી નોંધાયેલી મર્યાદિત જવાબદારીવાળી પિયત સહકારી મંડળી છે. આ મંડળી પોતાના સભાસદોની મંડળીના કમાન્ડ એરીયામાં આવેલી ખેતીની જમીનમાં ખેતી કરવા માટે પાણી પુરું પાડવાની કામગીરી કરતી હતી. પરંતુ મંડળીનો પાતાળકુવો બિન ઉપયોગી (Fail) થઈ જતાં મંડળી કામ કરતી બંધ થઈ ગયેલ છે. તથા મંડળીએ પોતે પોતાની મિલ્કતોની જાહેર હરાજીથી નિકાલ કરેલ છે. સભાસદોને શેરની રકમ પણ પરત કરી દેવામાં આવેલ છે. ફક્ત એક જ સભ્ય (પ્રમુખ) શ્રીને શેર પરત કરવાના બાકી છે. એક સભ્યશ્રી સહકારી મંડળીનું અસ્તિત્વ કાયદેસર ગણી શકાય નહી.

મંડળીના તા. ૩૧-૦૩-૨૦૦૩ અંતિત હિસાબોનું વૈધાનિક અન્વેષણ થઈ ગયેલ છે. અને ઓડિટરશ્રીએ આમુખ-(૧) વાળા અહેવાલથી મંડળીની નોંધણી રદ કરવા અહેવાલ રજુ કરેલ છે. સદર અહેવાલ સાથે સામેલ થઈ આવેલ આમુખ-૨ વાળું નિવેદન જોતાં પ્રમુખશ્રી એ મંડળી કામ કરતી બંધ થઈ ગયેલ હોઈ ચલાવવાનો કોઈ પ્રશ્ન નથી. તેવું મુક્ત સંમતિથી નિવેદન આપેલ છે.

આમુખ-૧ વાળા અહેવાલ સાથે સામેલ થઈ આવેલ સરવૈયું જોતાં મંડળીની નોંધણી રદ કરવા પ્રથમ આમુખ-(૩) મુજબની જોગવાઈ અન્વયે નીચે મુજબના આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાટણ "ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) અન્વયે ધી સર્વોદય ખેતી માટે પાણી પુરું પાડનારી સહકારી મંડળી લી., મુ. દશાવાડા તા. સિધ્ધપુર, જિ. પાટણ નોંધણી નં. ખે-૩૦૬૧, તા. ૨૧-૧૦-૧૯૮૮ ને ફડચામાં લઈ જવાનો આખરી હુકમ કરું છું. સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

ફડચા અધિકારીશ્રી એ ફડચાની કામગીરી આ હુકમની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે,

પાટણ, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ (ગ્રાહક) પાટણનો તા. ૫-૪-૨૦૦૩નો અહેવાલ.

(૨) આ કચેરીના તા. ૨૪-૪-૨૦૦૩ના પત્ર નં. ઉખસ/ફડચ/૭૭૫/૦૩ થી આપવામાં આવેલ ફડચા સંબંધી કારણ દર્શક નોટીસ.

(૩) આ કચેરીના તા. ૨૨-૫-૨૦૦૩ના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૮૪૨/૦૩ થી રજુઆત માટે અપાયેલ વધારાની તક.

(૪) અત્રેની કચેરીનો તા. ૧-૮-૦૩ ના ફડચા અંગેનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ક/૧૮૭૫/૦૩.

(૫) ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૧૮/૨૬૫૯/૨૦૦૩.–શ્રી સર્વોદય ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. પાટણ તા. જિ. પાટણ એ "ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૯ " અન્વયે નોંધણી નં. ભં-૧૮૮, તા.૧૯-૧૨-૧૯૬૩ થી નોંધાયેલ મર્યાદિત જવાબદારી વાળી "ગ્રાહક સહકારી મંડળી" છે. જેનું વૈધાનિક અન્વેષણ ઓડીટરશ્રી સ. મં. (ગ્રાહક) પાટણ તરફથી પૂર્ણ કરી આમુખ-૧ વાળા અહેવાલથી મંડળીને ફડચામાં લઈ જવા માટે સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ. જે મુજબ મંડળીને આમુખ-૨ વાળા પત્રથી કારણ દર્શક નોટીસ પાઠવી તા. ૧૨-૫-૦૩ ના રોજ આ કચેરીએ હાજર રહી રૂબરૂ સ્પષ્ટતા /ખુલાસા કરવાની તક આપવામાં આવેલી. સદર નોટીસ સ્વીકારવામાં આવેલી નથી. ત્યારબાદ આમુખ-૩ વાળા પત્રથી રજુઆત માટે વધારાની તક આપી તા. ૯-૧૦-૨૦૦૩ ના રોજ આ કચેરીએ હાજર રહી રજુઆત કરવાની તક આપવા છતાં મંડળી તરફથી કોઈ રજુઆત થયેલ નથી. જેથી આમુખ-૪ વાળા હુકમથી મંડળીને ફડચામાં લઈ જવા માટે વચગાળાનો હુકમ કરવામાં આવેલ. જે હુકમ પણ મંડળી (કાર્યવાહકો) એ સ્વિકારેલ નથી.

આમ, આ મંડળીને ફડચામાં કેમ ના લઈ જવી ? તે માટે રજુઆત કરવાની પુરતી અને વાજબી તકો આપવા છતાં મંડળી તરફથી કોઈ પણ જાતની રજુઆત/ખુલાસો નહી થવાથી આ મંડળીને ફડચામાં લઈ જવા માટે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાટણ "ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧" અન્વયે મળેલ અધિકારની રૂએ " શ્રી સર્વોદય ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. પાટણ, તા. જિ. પાટણ, નોંધણી નં. ભં-૧૮૮, તા. ૧૯-૧૨-૧૯૬૩" ને આમુખ-૪ વાળા હુકમથી ફડચામાં લઈ જવા માટે વચગાળાનો હુકમ કરવામાં આવેલ. તેને "ધી ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩)" હેઠળ બહાલી આપતો મંડળીને ફડચામાં લઈ જવા માટેનો આખરી હુકમ કરું છું.

ફડચા અધિકારીશ્રી, સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીએ ફડચા અંગેની કામગીરી આ હુકમની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે,

પાટણ, તા. ૮મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. બી. ગઢવી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના હુકમ નંબર ફડચ/ફ.૧/૩૮૦૨/ધ.૨/૫૪/૦૩ તારીખ ૧૯-૨-૨૦૦૩

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

સુધારા હુકમ

જા. નં. ફડચ/૦ ૧/ધ.૨/૨૭૨/૦૩.–ધી સાસરોદ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તા. કરજણ જિ. વડોદરાને આમુખ (૧) માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૩ લગત કચેરીની કરેલ નિમણુંક રદ કરી, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેન્ક લી., વડોદરાની નિમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તારીખ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ધ-૧/૧૪૫/૦૩ તારીખ ૧૮-૪-૦૨.

જા. નં. વહટ/૦૧/ધ.૧/૩૧૭/૦૩.–ધી બોરતલાવ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. બોરતલાવ તા. સંખેડા જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી આ કામે "મંડળી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

(૧) સદર સંસ્થા પાસે બેંક લોન રૂા.૧૪.૧૬ લાખ મુદલ તથા રૂા. ૭.૩૦ લાખ બાકી છે. તમામ મુદતવીતી બાકી છે.

(૨) સભાસદો પાસે ધિરાણ બાકી રૂા. ૧૪.૧૨ લાખ તથા વ્યાજ બાકી છે.

(૩) મંડળીના ૩૯ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવા કરવાની કાર્યવાહી બાકી છે.

(૪) મંડળીના ૭ વ્યવસ્થાપક કમીટી સભ્યો પૈકી ૪ કમીટી સભ્યો મુદતવીતી બાકીદાર છે. તેઓ કમીટીમાં ચાલુ રહી શકે નહી, તેમને કમીટીમાંથી દુર કર્યા નથી.

(૫) મંડળીના બાકીદાર સભાસદોના પાક એકત્ર કરી તેનું વેચાણ મંડળી મારફતે કરવાની કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ, તેમને અટકાવ્યા નથી અથવા તેમાંથી વસુલાત કરવા કોઈ પગલાં લીધા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં રસ નથી.

(૬) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવા માટે આવતી નથી.

INDEX

(૭) મંડળીનું કામકાજ બિલકુલ સ્થગીત દશામાં છે. ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાના કારણે ધિરાણ પ્રવૃતિમાં અવરોધ આવેલ છે.

(૮) મંડળીની આર્થિક પરિસ્થિતી જોતાં મંડળીના ભંડોળો, ધિરાણ ખોટમાં ગયેલા જણાઈ આવેલ છે. મંડળીનો ઓડીટ વર્ગ 'ક' છે તથા કર્જ કરવાની મર્યાદા રહેતી નથી.

(૯) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેંક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

(૧૦) મંડળીની બેંક તપાસણી તથા સહકારી ઓડીટરના ઓડીટ મેમાની ખામીઓની દુરસ્તી કરવામાં આવતી નથી. સરચાર્જ રૂા. ૫૬૦/- ભરવાનો બાકી છે.

આમ, ઉપરોકત વિગતો જોતાં, મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત્તિ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી, તેમજ મંડળી ચાલી શકે તેવી શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી, તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉક્ત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ આપી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, તે પછી પણ યોગ્ય તક આપવામાં આવેલ, આમ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોઈ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઈ, મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઈ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાએ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી બોરતલાવ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મું. બોરતલાવ તા. સંખેડા, જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી. મંડળીના વહીવટીદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોક્લવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ હેઠળની જોગવાઈ.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ ક્રમાંક : વહટ/૦૧/ઘ-૧/૬૧૧/૦૧ તારીખ ૨૯-૧૧-૨૦૦૧.

જા. નં. વહટ/૦ ૧/ઘ.૧/૩૧૭/૦૩.—ધી બચાર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મુ. બચાર તા.કરજણ જી. વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો હવે પછી આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સંસ્થાને વહીવટ હેઠળ મુકવા નીચે મુજબના કારણો જણાવેલ છે.

(૧) સદર સંસ્થા પાસે બેંક લોન રૂા. ૨૯,૪૨,૪૦૬/- બાકી છે. જે પૈકી મુદલ રૂા. ૮,૮૨,૪૦૦/- મુદતવીતી બાકી છે.

(૨) મંડળીમાં ૫૦ સભાસદો ઉપર સહકારી કાયદાની કલમ-૧૦૬ મુજબ દાવા કરવાની કાર્યવાહી બાકી છે.

(૩) મંડળીના બાકીદાર સભાસદોના પાક એકત્ર કરી તેનું વેચાણ મંડળી મારફતે કરવાની કોઈ વ્યવસ્થા કરેલ નથી. સભાસદો બારોબાર વેચાણ કરતા હોઈ, તેમને અટકાવ્યા નથી અથવા વસુલાત કરવા કોઈ પગલાં લીધા નથી. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતમાં રસ નથી.

(૪) મંડળીની વ્યવસ્થાપક કમીટી/મંત્રી ફરજો બજાવવામાં નિષ્ક્રીય અને બેદરકાર રહે છે. મંડળીના પેટા નિયમો અનુસાર કામગીરી કરવામાં આવતી નથી.

(૫) મંડળીઓ છેલ્લા ત્રણ વર્ષથી ખોટ વધ્યા કરે છે. ચાલુ વર્ષે ખોટ રૂા. ૪૩,૯૬૬/- છે. મંડળીમાં શાખ પત્રક બનાવવામાં આવતું નથી. જેથી રકમ ભરનાર સભાસદોને સમયસર ધિરાણ મળી શકતું નથી.

(૬) મંડળીનું કામકાજ બિલકુલ સ્થગીત દશામાં છે. ધિરાણ વસુલાતની કાર્યવાહી થતી નથી. મંડળીના સંચાલકોની નિષ્ક્રીયતાના કારણે ધિરાણ પ્રવૃતિમાં અવરોધ આવેલ છે.

(૭) મંડળીની કામગીરી સ્થગિત દશામાં હોઈ, આર્થિક નાણાંકીય પરિસ્થિતિ નબળી પડી ગયેલ છે. જેથી બેંક લોન તથા સભાસદ વસુલાત જોખમમાં મુકાયેલ છે.

આમ, ઉપરોકત વિગતો જોતાં, મંડળી મજકુરની નાણાંકીય સ્થિતિ કથળી ગયેલ અને નબળી હોવાને કારણે મંડળીનું કામકાજ સ્થગિત દશામાં બંધ છે. મંડળીના સંચાલકોને ધિરાણ વસુલાતની પ્રવૃત ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાતું નથી, તેમજ મંડળી ચાલી શકે તેવી શક્યતા જણાતી નથી. આ સંજોગોમાં મંડળીમાં વ્યવસ્થાપક કમીટીને દુર કરી, તેની જગ્યાએ બેંકને વહીવટદાર તરીકે નિમવાનું, મંડળીની વ્યવસ્થાપક કમીટીને ઉક્ત મુદ્દાઓ સબબ કારણદર્શક નોટીસ કાઢી સુનાવણીમાં હાજર રહી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હતી. મંડળી તરફથી રજુઆત થયેલ છે, તે પછી પણ યોગ્ય તક આપવામાં આવેલ આમ તેઓએ કરેલ રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર

ન હોઈ, મંડળી વહીવટી અને આર્થિક રીતે નિષ્ફળ ગયેલ હોઈ, મંડળીને સભ્યોના વહીવટ અને આર્થિક હિતો માટે વહીવટદાર નિમવા અભિપ્રાય હોઈ, આ સંજોગોમાં મંડળીને બેંકના વહીવટ હેઠળ મુકવાનું ઉચિત જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું ડી. જી. દલાલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરાએ સહકારી મંડલીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ ધી બચાર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. મું. બચાર તા. કરજણ, જી. વડોદરાની વ્યવસ્થાપક કમીટીને બરતરફ કરી. મંડળીના વહીવટીદાર તરીકે ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાની મંડળીનો ચાર્જ સંભાળે તે તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધિન રહી નિમણુંક કરૂં છું.

(૧) મંડળીનો રોજબરોજનો ચાલુ ખર્ચ તેમજ વહીવટદારનો મુસાફરી ખર્ચ રાબેતા મુજબ મંડળીના ભંડોળમાંથી કરવાનો રહેશે.

(૨) વહીવટદારશ્રીએ વ્યવસ્થાપક કમીટીના તમામ અધિકારો ભોગવવાના રહેશે. અને તમામ કામગીરી વખતોવખત જિલ્લા રજિસ્ટ્રારશ્રીના નિયંત્રણ અને સંમતિ હેઠળ કરવાની રહેશે.

(૩) મંડળીનો માસિક પ્રગતિ અહેવાલ નિયમિત રીતે મોકલવાનો રહેશે. તેમજ મંડળીના સભાસદોના હીતમાં કાર્યવાહી કરવાની રહેશે. મંડળીના કાર્યાલય ઉપર નિયમિત હાજરી આપવાની રહેશે.

વડોદરા, તારીખ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૧-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ ઘ.૨/૧૮૦/૦૩

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૧૮/ઘ.૨/૨૭૯/૦૩.–ધી વડોદરા જિલ્લા પંચાયત આરોગ્ય ખાતાના કર્મચારીની ક્રેડીટ સહકારી મંડળી લી. વડોદરા નોંધણી ક્રમાંક સે - ૨૮૨૧ તારીખ ૩૦મી જુલાઈ ૧૯૭૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૪ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૨૪-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ ઘ.૨/૧૯૪/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૧૯/ઘ.૨/૨૮૦/૦૩.–ધી નર્મદા કો. ઓપ. હાઉસીંગ સહકારી મંડળી લી. મુ. આસોજ તા. જી. વડોદરા નોંધણી ક્રમાંક ઘ - ૧૧૧૨૭ તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૭-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ઘ.૨/ ૧૬૭/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

INDEX

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૨૦/ધ.૨/૨૮૧/૦૩.–ધી ઐડાલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા. વાઘોડિયા જી. વડોદરા નોંધણી ક્રમાંક ઘ - ૧૩૫૯૮ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૭૬ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૭-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૬૪/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૨૧/ધ.૨/૨૮૨/૦૩.–ધી ઘોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ઘોડા તા. સંખેડા જી. વડોદરા નોંધણી ક્રમાંક સે-દુ - ૧૯૮૦૩ તારીખ ૭મી જુલાઈ ૧૯૮૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૨-૬-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૩૩/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૨૨/ધ.૨/૨૮૫/૦૩.–ધી ભાવના કેમીકલ એમ્પ્લોઈઝ ક્રેડીટ સહકારી મંડળી લી. વડોદરા નોંધણી ક્રમાંક ૨૦૨૯૧ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૮૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૨ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૭-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૬૫/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૨૩/ધ.૨/૨૮૬/૦૩.–ધી વોલ્ટેમ્પ કર્મચારી ગ્રાહક સહકારી મંડળી લી. મકરપુરા વડોદરા નોંધણી ક્રમાંક ભ- ૩૭૬૧ તારીખ ૨૦મી જૂન ૧૯૯૧ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની

રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૪ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૩-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૬૦/૨૦૦૩

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૨૪/ધ.૨/૨૭૮/૦૩.–ધી દોસાપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. દોસાપુરા તા. વાઘોડીયા જિ. વડોદરા નોંધણી ક્રમાંક સે-દુ-૧૨૭૬૬ તારીખ ૯મી જુલાઈ ૧૯૭૨ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૧ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૩-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૬૧/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૨૫/ધ.૨/૨૮૭/૦૩.–ધી ખાંડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ખાંડીયા, તા. સંખેડા, જિ. વડોદરા નોંધણી ક્રમાંક ૧૯૮૩૨, તારીખ ૧૪મી માર્ચ ૧૯૮૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૧ લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૭-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૬૬/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૨૬/ધ.૨/૨૮૮/૦૩.–ધી ગામ - ધાણકા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ગામ - ધાણકા, તા. સંખેડા, જિ. વડોદરા, નોંધણી ક્રમાંક સે. ક. ૧૯૮૦૪ તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૮૮ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩ લગત કચેરીની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

INDEX

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૧૧-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ ઘ.૨/૧૭૮/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૨૭/ઘ.૨/૨૮૯/૦૩.–ધી આદિવાસી ગ્રાહક સેવા સહકારી મંડળી લી. વડા તલાવ તા. જેતપુરપાવી જિ. વડોદરા, નોંધણી ક્રમાંક ભ-૩૯૮૮ તારીખ ૯મી મે ૧૯૮૪ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૪ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૨૩-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ ઘ.૨/૧૯૧/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ ૧૩૮૨૮/ઘ.૨/૨૯૦/૦૩.–ધી બીપલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. બીપલી, તા. શીનોર, જિ. વડોદરા, નોંધણી ક્રમાંક સેં-ક-૧૨૧૧૨, તારીખ ૧લી મે ૧૯૭૩ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવતાં છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૨૦-૬-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ ઘ.૨/૧૪૬/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૨૯/ઘ.૨/૨૯૧/૦૩.–ધી જલાલપુરા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. તા. પાદરા, જિ. વડોદરા, નોંધણી ક્રમાંક ૧૭૨૩૫, તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૪૮થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક, વડોદરા ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૭-૭-૦૩ ના હુકમ નંબર ફડચ/૦૧/ધ.૨/૧૬૮/૨૦૦૩

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ-૧૩૮૩૦/ધ.૨/૨૯૧/૦૩.–ધી સરસીંડા (છાછ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. સંખેડા, જિ. વડોદરા, નોંધણી ક્રમાંક સેં. ક. ૧૮૪૨૪, તારીખ ૨૩મી માર્ચ ૧૯૮૧ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં. ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૨૬મી સપ્ટેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના હુકમ નંબર ફડચ/ફ.૧૨૯૧૭/ધ.૨૧૨૩૬ તારીખ ૧૩-૮-૨૦૦૧

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

સુધારા હુકમ

જા. નં. ફડચ/૦ ૧/ખ/ધારા/૩૦૧.–ધી હિરા એપોર્ટમેન્ટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. વડોદરાને આમુખ (૧) માં જણાવેલ હુકમથી ફડચામાં લઈ જઈ ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૪ લગત કચેરીની કરેલ નિમણુંક રદ કરી, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન, વડોદરા શાખા, વડોદરાની નિમણુંક કરવામાં આવે છે.

વડોદરા, તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના હુકમ નંબર ફડચ/૦૧/ખ.૩/૨૧૫/૦૨ તારીખ ૨૮-૨-૨૦૦૨.

(૨) ફડચા અધિકારી સદર કચેરીના પત્રાંક તારીખ ૨૨-૯-૦૩નો પત્ર.

(૩) ધી પંચમહાલ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંક લી. ગોધરાનો તારીખ ૧૬-૯-૦૩નો પત્ર.

સુધારો

જા. નં. ફડચ/૦૧/ખ.૩/૭૧૬/૦૩.- ક્રમાંક (૧)માં અત્રેની કચેરીના હુકમથી ધી સ્ટેટ હોસ્પીટલના પગારદાર કર્મચારીઓની ધોરણ સહકારી મંડળી લી. મુ. પો. તા. સંતરામપુર જિ. પંચમહાલને ફડચામાં લઈ જવા માટેના તથા તેના ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના સહકારી અધિકારીશ્રી (ફડચા)ની નિમણુંક કરવામાં આવેલ હતી.

મંડળી તેના ઉદ્દેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ હોઇ, સ્પે. ઓડિટર્સ સ. મં. (રૂરલ) અમદાવાદની કચેરી દ્વારા અત્રે મળેલ ખાસ અહેવાલ અન્વયે, અત્રેથી નિયમ મુજબ કારણદર્શક નોટીસો આવપામાં આવ્યા બાદ યોગ્ય પ્રત્યુત્તર રજુઆત ન થતાં અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૩/૭૨૪/૦૧, તારીખ ૧૯મી મે, ૨૦૦૧થી સંસ્થાને ફડચામાં લઇ જવા અંગે હુકમ કરવામાં આવેલ છે. સદરહુ હુકમ અન્વયે અત્રેના ફડચા અધિકારીશ્રી, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૨ના રોજ ચાર્જ સંભાળી ફડચાની કાર્યવાહી શરૂ કરેલ છે.

સંસ્થાના હોદ્દેદારોએ મંડળીને પુનઃ જીવીત કરી, મંડળીનું સંચાલન કરવા રસ ધરાવતા, અને તે માટે મળેલ ખાસ સામાન્ય સભા તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૩માં ઠરાવ કરી, મંડળીને પુનઃ જીવીત કરવાનો નિર્ણય લીધેલ છે. સદરહુ ખાસ સા. સભામાં કમીટીની નિમણૂંક કરી તેમજ મંડળીને પુનઃજીવીત કરવાની તમામ કાર્યવાહી અંગે, ચેરમેનશ્રી તથા સેક્રેટરીને તમામ સત્તાની સોંપણી કરેલ છે.

સંસ્થાએ ફડચા ફી તેમજ ઓડીટ ફી ભરેલ છે અને બાકી રહેલ ઓડીટ ફી, મંડળી પુનઃ જીવીત થયા બાદ ભરી દેવા સહમતી પણ આપેલ છે. સંસ્થામાં સભાસદોના હિતમાં, જરૂરીયાત મંદ સભ્યોને ધિરાણ પ્રવૃત્તિઓ તેમજ સારી ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓની ખરીદીની પ્રવૃત્તીઓ પણ સત્વરે ચાલુ કરવા બાંહેધરી આપેલ છે.

ફડચા અધિકારીશ્રી, લગત સદર કચેરીની પુનઃ જીવીત દરખાસ્તની ભલામણો તેમજ સંસ્થા દ્વારા થયેલ બાંહેધરીઓ, તેમજ સહકારી કાયદાની કલમ-૧૦૭ તથા ૧૯ (ખ)ની જોગવાઇઓ ધ્યાને લઇ, મંડળીના સભાસદોના હિતમાં નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, એ. બી. પટેલ, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદ મને મળેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૯ (ખ)ની સત્તાની રૂઇએ ધી પૂર્વ વિભાગ કો. ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી લી. મું. ધોળકા, તા. ધોળકા, જી. અમદાવાદ કે, જેનો નોંધણી ક્રમાંક-૧૦૮૪૩, તારીખ ૬ઠ્ઠી, જાન્યુઆરી, ૧૯૭૬ છે તેની સામે કરવામાં આવેલ અત્રેનો તારીખ ૧૯મી મે, ૨૦૦૧નો અંતિમ આદેશ રદ કરૂં છું અને મંડળીએ પુનઃ જીવીત કરૂં છું.

અમદાવાદ, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (રૂરલ),
અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પેશ્યલ ઓડીટર (મીલ્ક) મીલ્ક ઓડીટ ઓફિસ પાલનપુરનો તા. ૨૯-૬-૦૨નો ખાસ અહેવાલ

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ તા. ૯-૭-૦૨.

(૩) અત્રેની કચેરીનો વચગાળાનો આદેશ તા. ૧૬-૭-૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/ જે, થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

INDEX

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૫૧૩૩/૦૧/ગ/૧૬૪૮/૨૦૦૩.-ધી માંછલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. માંછલા તા. દાંતા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ૨૮૮૪૬, તા. ૩૦-૧-૯૭ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા પાંચ વર્ષથી સ્થગિત છે. મંડળીનો પાંચ વર્ષનો ઓડીટ વર્ગ-''ડ'' છે. પાંચ વર્ષથી ઓડીટ મેમાની દુરસ્તી કરી નથી. મંડળીના ઉદ્દેશો મુજબની કોઈ કાર્યવાહી થતી નથી. મંડળીની આર્થિક સ્થિતિ સારી નથી. આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણદર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. નોટીસ કાર્યવાહકોને મળેલ છે, તેની સામે કાર્યવાહકોએ રજુઆત કરેલ હતી. તેના અનુસંધાનમાં મંડળીની કામગીરીના હિસાબી પત્રકો માગેલ. પરંતુ મંડળીએ રજુ કરેલ નથી. જેથી મંડળીને આમુખ-૩ થી ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી, અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળવાં છતાં આજદિન સુધી કોઈ રજુઆત થઈ નથી. જેથી મંડળી સ્થગિત હોય તેવું જણાય છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તા. ૧૬-૭-૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર મને મળેલ અધિકારની રૂએ ધી માંછલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. માંછલા તા. દાંતા જી. બનાસકાંઠા નોંધણી નંબર-૨૮૮૪૬, તા. ૩૦-૧-૯૭ ને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૪-૩-૦૩નો ફડચાનો ખાસ અહેવાલ

(૨) અત્રેની કચેરીની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૪-૫-૦૩.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૬-૭-૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/ જે, થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ ૧૫૧૩૪/૦૧/ગ/૧૬૪૯/૨૦૦૩.-ધી હરિસિદ્ધ પિયત સહકારી મંડળી લી. તેનીવાડા, તા. વડગામએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ખે-૪૫૩૮, તા. ૨૨-૯-૯૭ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળીની નોંધણી થયા બાદ મંડળી શરૂથી બંધ હાલતમાં છે. તેમજ ઉદ્દેશો મુજબની કોઈ કામગીરી કરેલ નથી. મંડળીએ તા. ૧-૭-૯૯ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધી વા સા. સભા તથા વ્ય. કમિટીની બેઠક બોલાવેલ નથી, ગત ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી સંસ્થાના સભાસદોને સંસ્થા ચાલુ રાખવામાં કોઈ રસ નથી. સંસ્થા કાર્યક્ષમ એકમ તરીકે ચાલુ રહી શકે તેમ નથી. આ બાબતોને ધ્યાને લઈને મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણદર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઇ રજુઆત થઈ નથી. આથી મંડળીના કાર્યવાહકો સભાસદોને કોઈ રસ નથી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી, અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઈ રજુઆત કરી નથી જેથી મંડળી સ્થગિત હોય તેવું જણાય આવેલ છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તા. ૧૬-૭-૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર મને મળેલ અધિકારની રૂએ ધી હરિસિદ્ધ પિયત સહકારી મંડળી લી. મું. તેનીવાડા તા. વડગામ જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ખે-૪૫૩૮, તા. ૨૨-૯-૯૭ ને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારીશ્રી (ફડચો) ન. જ. પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૪-૩-૦૩નો ફડચાનો ખાસ અહેવાલ

(૨) અત્રેની કચેરીની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૧૪-૫-૦૩.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૧૬-૭-૦૩.

INDEX

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક સીએચકેએચ/૨૪/૯૧/ ડીડીજી/૧૧૮૬/૫૨૦૪/ જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૫૧૩૫/૦૧/ગ/૧૬૫૨/૨૦૦૩.-ધી રામકૃપાનગર કો.-ઓપરેટીવ હાઉસીંગ સો. લી. ડીસા તા. ડીસાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ-૯૬૦૯, તા. ૨૮-૩-૧૯૮૩ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧થી જણાવ્યા પ્રમાણે મંડળીએ ગત ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી. સંસ્થાનો ઓડીટ વર્ગ ''ડ'' ચાલે છે. મંડળી ખોટમાં છે. મંડળીમાં વાર્ષિક સાધારણ સભા કે વ્ય. કમિટિની બેઠકો મળેલ નથી. મંડળીના ઉદ્દેશો પૂર્ણ થયેલ છે. મંડળીના સભાસદાને મંડળી ચલાવવામાં રસ નથી આ બાબતોને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા માટે કારણદર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. નોટીસ કાર્યવાહકોએ સ્વીકારેલ નથી કે મંડળી તરફથી કોઈ રજુઆત કરેલ નથી. જેથી મંડળીને આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે જણાવવામાં આવેલ હતું કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી, અન્યથા મંડળીને ફડચામાં લઈ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોએ વચગાળાનો હુકમ પણ સ્વીકારેલ નથી કે કોઈ રજુઆત પણ કરેલ નથી જેથી મંડળી સ્થગિત હોય તેવું જણાય આવેલ છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઈ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક હોઈ તા. ૧૬-૭-૦૩ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, પાલનપુર મને મળેલ અધિકારની રૂએ ધી રામકૃપાનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સો. લી. મું. ડીસા તા. ડીસા જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ઘ-૯૬૦૯, તા. ૨૮-૩-૧૯૮૩ ને સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૦૭ (૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરૂં છું. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પૂર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પાલનપુર.

વંચાણે લીધા :-

(૧) શ્રી સારસા વિભાગ પોલ્ટ્રી ફાર્મસ સ.મં. લિ. સારસાના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૧-૧૦-૦૩ નો પત્ર નં. ફડચ/૦૧/ચ/ ૬૯૭/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જીએચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૭૦૩/૨૦૦૩.-શ્રી સારસા વિભાગ પોલ્ટ્રી ફાર્મસ સહકારી મંડળી લિ., મુ. સારસા, તા. આણંદ જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે/૨૪૪૭૫, તારીખ ૧૯૯૦થી નોંધવામાં આવી હતી, જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/૧૪૯૫૯/ચ/૫૫૮/૦૩, તારીખ ૧૧-૯-૨૦૦૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે, અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી. સ. મં. લિ. વહેરાખાડીના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૧-૧૦-૦૩ નો પત્ર નં. ફડચ/ ૦૧/ચ/૬૯૬/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૭૦૪/૨૦૦૩.-શ્રી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી. મુ. વહેરાખાડી, તા. આણંદ જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર ભં/૪૪૧૨, તારીખ ૨૪-૬-૧૯૯૬થી

INDEX

નોંધવામાં આવી હતી, જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ફ-૧૪૯૪૧/ચ/૨૨૭/૦૩ તારીખ ૨૨-૩-૨૦૦૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે, અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી આમરોલ તમાકુ ઉત્પાદક સ. મં. લિ. આમરોલના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૨-૧૦-૦૩ નો પત્ર નં. ફડચ/૦૧/ચ/૭૦૬/૦૩.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જીએચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૭૦૯/૨૦૦૩.-શ્રી આમરોલ તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુ. આમરોલ, તા. બોરસદ જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે/૨૬૦૪૧, તારીખ ૨૧-૧-૧૯૯૩થી નોંધવામાં આવી હતી, જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/૧૪૯૪૭/ચ/૪૬૨/૦૩, તારીખ ૨૩-૭-૨૦૦૩થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે, અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી ગાના તમાકુ ઉત્પાદક સ. મં. લિ. ગાનાના ફડચા અધિકારીશ્રીનો તા. ૨૩-૧૦-૦૩ નો પત્ર નં.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો, ૧૯૬૧ની કલમ-૨૦ અને ૧૧૪ (૨).

(૩) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક જીએચ.કે.એચ.-૨૪-૯૧/ડી.ડી.સી. ૧૧૮૮/૩૨૦૪/જે.

હુકમ

જા. નં. ફડચ/૦૧/ચ/૭૧૦/૨૦૦૩.-શ્રી ગાના તમાકુ ઉત્પાદક સહકારી મંડળી લિ., મુ. ગાના, તા. આણંદ જીલ્લા આણંદને મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં., નડીઆદની ઓફીસનો નોંધણી નંબર સે/૨૦૩૨૩, તારીખ ૨૮-૨-૧૯૮૪થી નોંધવામાં આવી હતી, જેને શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ હુકમ નંબર ઉ.ખ.સ./ક.જ./ફડચા/ચ/૧૩૫૭૭/૧૬૯/૦૩, તારીખ ૩-૫-૨૦૦૨થી ફડચામાં લઈ જવામાં આવી હતી તેની ફડચાની કાર્યવાહીઓ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (ગુજરાત અધિનિયમ નં. ૧૦ સને ૧૯૬૨)ની કલમ ૧૧૪ (૨) અન્વયે આથી સમાપ્ત કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે, અને તેથી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી છે એમ ગણાશે.

આણંદ, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
સહકારી મંડળીઓ, આણંદ
જીલ્લો, આણંદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તારીખ ૧૮-૯-૦૩ની કારણ દર્શક નોટીસ નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૩/૨૦૦૩થી બેંકના ઓડિટર આધીન ફડચામાં લઈ જવા કારણ દર્શક નોટિસ.

(૨) મંડળી વતી પ્રમુખશ્રી દ્વારા તા. ૬-૧૦-૦૩ના પત્રથી સંસ્થાને ફડચામાં લઈ જવા સંમતિપત્ર.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

જા.નં. ઉખસ/ફડચ/૧૫૦૯૦/ખ/૨૬૨૯/૨૦૦૩.-શ્રી લીંચ તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લિ., મું લીંચ, તા. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૧૮-૯-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૩/૦૩થી ફડચામાં લઈ જવા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં સંસ્થા વતી સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા સંસ્થાને ફડચામાં લઈ જવા સંમતિ આપવામાં આવેલ છે. જેથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ

કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

નં. ઉખસ/નધણ/સે. દૂ./૩૩૨૩૮/ખ/૨૬૨૬/૨૦૦૩.–આથી જાહેર કરે છે કે, શ્રી બાજપુરા (રંગ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ બાજપુરા (રંગ), તાલુકો વડનગર, જિલ્લો મહેસાણા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા. ૧૬મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી બી. કે. ગોસ્વામી, ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાના પત્ર ક્રમાંક અષણ./૦૧/૮૪/૦૩, તા. ૧૭-૩-૦૩થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૧/૦૩, તા. ૮-૪-૦૩થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) તા. ૨૨-૪-૦૩ના રોજ વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માનાભાઈની હાજર રહી આધાર-પુરાવા રજુ કરવા પુનઃમુદત માંગણી થતાં, તા. ૧૫-૫-૦૩ની આપેલ મુદત.

(૪) તા. ૧૫-૫-૦૩ ની મુદત સંબંધી તા. ૯-૬-૦૩ના પત્રથી પુનઃમુદત માંગણી થતાં તા. ૧૧-૮-૦૩ની આપેલ મુદત.

(૫) તા. ૧૧-૮-૦૩ની રજુઆત તારીખે સંસ્થા તરફથી કોઈ હાજર ન રહેલ. પરંતુ, તા. ૧૩-૮-૦૩ના રોજ વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માંનાભાઈએ હાજર રહી પુનઃમુદતની કરેલ માંગણી.

(૬) અત્રેની કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/ ૨૩૧૮/૦૩, તા. ૧૯-૮-૦૩ કરી એક માસમાં રજુઆત માટે આપેલ સમય.

(૭) સંસ્થાની તા. ૨૨-૯-૦૩ના પત્ર, તા. ૭-૯-૦૩ના સાધારણ સભાના ઠરાવોથી અપાયેલ ખાત્રીઓ તેમજ, અન્ય સંયોગિક પુરાવાઓ રજુ કરી અનુસૂચિત જાતિના સભ્યોની મંડળી હોવાથી ફડચામાં ન લઈ જવા તક આપવા રજુઆત.

(૮) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૨૭/૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧અન્વયે ધી આરાધના મજૂર અને બાંધકામ સહકારી મંડળી લિ., મું. કંથરાવી, તા. ઊંઝા, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી અહીંયા "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ૫૮૨૦, તા. ૨૩-૧-૧૯૯૦ છે.

ઉપરોકત આમુખ-૧માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૧થી તા. ૩૧-૩-૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૫૨૧/૦૩, તા. ૮-૪-૦૩થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ છે. પરંતુ કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ અન્ય સમયની જરૂરીયાત હોવાથી મુદત માંગણી કરતાં તા. ૧૫-૫-૦૩ની મુદત માંગણી કરેલ. જે મુદત મંજૂર કરવામાં આવેલ હતી. જે તા. ૧૫-૫-૦૩ની મુદત સબબે સંસ્થાના વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માંનાભાઈએ તા. ૯-૬-૦૩ના પત્રથી પોતાની તબિયત યોગ્ય ન હોઈ, ઓગસ્ટ ૨૦૦૩માં યોગ્ય તારીખની મુદત માંગણી કરેલ. સંસ્થાના પ્રમુખશ્રી તરીકે બ્રિજેશ કે. પરમાર છે. જેઓ દ્વારા કોઈ રજુઆત થવામાં નથી. સંસ્થાના વ્ય. કમીટી સભ્યશ્રી પરમાર કાળીદાસ માંનાભાઈએ મજૂર મંડળી હોવાથી ખાસ તક સ્વરૂપે પુનઃ રજુઆત, પુરાવા અને આધારો રજુ કરવા તા. ૧૧-૮-૦૩ની મુદત આપવામાં આવેલ હતી. જે મુદત તારીખે કોઈ રજુઆત થયેલ નથી. પરંતુ તા. ૧૩-૮-૦૩ના રોજ ફડચા કાર્યવાહી સંબંધી કારણદર્શક નોટીસની બજવણી પછી કોઈ આધાર પુરાવા વાસ્તવિક રજુ કરી શકાયેલ નથી. તેમજ, યોગ્ય તક આપવા છતાં સંસ્થા ફડચા કાર્યવાહી સામે વાસ્તવિક રજુઆત થયેલ ન હોવાથી આમુખ-૬ની વિગતે સંસ્થાને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરી, તેની સામે ૧ માસમાં યોગ્ય આધાર પુરાવા રજુ કરવા સાથે સમય મર્યાદામાં રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. જેની સામે સંસ્થાએ આમુખ-૭ની વિગતે તા. ૨૨-૯-૦૩ના પત્ર, તા. ૩૦-૬-૦૨ની સાધારણ સભા કાર્યવાહી, તા. ૨૯-૬-૦૩ની સાધારણ સભાની કાર્યવાહી, તા. ૭-૯-૦૩ની ખાસ સાધારણ સભા બોલાવી ફડચા કાર્યવાહીની તમામ મુદ્દાઓ અંગે યોગ્ય કરવાની ખાત્રીઓ આપેલ હોવાથી તેમજ સંસ્થાના તમામ સભ્યો અનુ. જાતિના હોવાથી એક તક સ્વરૂપે મંડળીએ ફડચામાં ન લઈ જવા કરેલ રજુઆત, સભાસદોની યાદી, હિસાબી પત્રકો, છેલ્લી ઓડિટ દુરસ્તી નોંધ રજુ કરી તા. ૭-૯-૦૩ના ખાસ સાધારણ સભાના ઠરાવ નં. ૨ થી સભાસદોના હિતમાં ફડચામાં ન લઈ જવા તથા વચગાળાનો હુકમ રદ કરવા નમ્ર અરજ રજુ કરેલ છે.

ઉપરોકત આમુખ તેમજ પ્રસ્તાવનાની વિગતો ધ્યાને લેતાં, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી આરાધના મજૂર અને બાંધકામ સહકારી મંડળી લિ., મુ. કંથરાવી, તા. ઊંઝા, જિ. મહેસાણાની સંસ્થા સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ૫૮૨૦, તા. ૨૩-૧-૯૦ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ મુજબ અત્રેના હુકમ નં.

ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૧૮/૦૩, તા. ૧૯-૮-૦૩ ના વચગાળાના આદેશથી ફડચામાં લઈ જવામાં આવેલ. તેની સામે સંસ્થાએ તા. ૨૨-૯-૦૩ના પત્ર, તા. ૭-૯-૦૩ની ખાસ સાધારણ સભાની ખાત્રીઓ અને અન્ય સંયોગિક પુરાવાઓ રજુ કરતાં સંસ્થાના તમામ અનુ. જાતિના સભાસદોના હિતમાં તક સ્વરૂપે ફડચા કાર્યવાહીનો ઉકત વચગાળાનો આદેશ પરત ખેંચી આગામી ઓડિટ સમયે તમામ ફડચા સંબંધી ખામીઓની ખાત્રી મુજબ પૂર્તતા રજુ કરવાની શરતે ફડચા કાર્યવાહી મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી બી. કે. ગોસ્વામી, ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાના પત્ર ક્રમાંક અષણ./૦૧/૧૧૩/૦૩, તા. ૭-૪-૦૩થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના પત્ર જા. નં. સકક/૦૧/ખ/૪૨૮/૦૩, તા. ૧૦-૬-૦૩થી ફડચા કાર્યવાહી કરવા ફડચા શાખાને પત્ર.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૧૭૭/૦૩, તા. ૯-૭-૦૩થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૩૧/૦૩, તા. ૧૯-૯-૦૩થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના :

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૩૦/૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧અન્વયે ધી વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ કન્ઝયુમર્સ સહકારી મંડળી લિ., મું. તા. મહેસાણા, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી અહીંયા ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ભં. ૧૮૮૬, તા. ૧૧-૧૦-૧૯૫૬ છે.

ઉપરોકત આમુખ-૧મા જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં., મહેસાણાને સુપ્રત થતા, તેઓ દ્વારા સદર મંડળીને વહીવટમાં લઈ જવા અહેવાલ થતાં આમુખ-૨માં જણાવેલ પત્રની વિગતે સંસ્થા સામે ફડચા કાર્યવાહી કરવા સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૧૭૭/૦૩, તા. ૯-૭-૦૩થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૧ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ ન હોવાથી ફરીથી ખાસ તક સ્વરૂપે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૩૧/૦૩, તા. ૧૯-૯-૦૩થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજુઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત તમામ બાબતોને જોતાં સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીના મંજૂર થયેલ પેટાનિયમ મુજબ મંડળીની વ્ય. કમીટીની બેઠક માસમાં એક વખત મળવી જોઈએ, જે મળેલ નથી. પેટાનિયમની જોગવાઈ મુજબ વ્ય. કમીટીએ તેની ફરજો અને જવાબદારીઓ અદા કરેલ નથી.

(૨) મંડળીમાં સને ૧૯૯૯ થી ૨૦૦૨ સુધી એકપણ વાર્ષિક સાધારણ સભા મળેલ નથી. મંડળીનું હિસાબી વર્ષ પૂર્ણ થયે ૯૦ દિવસમાં વાર્ષિક સાધારણ સભા ન મળે તો, જિલ્લા રજીસ્ટ્રારશ્રીની મંજૂરી મેળવવી જોઈએ. જે નહી મેળવીને મંડળીએ સહકારી કાયદાની કલમ-૭૭નો ભંગ કરેલ છે.

(૩) મંડળીના પેટાનિયમ મુજબ મંડળીમાં થયેલ વેપારી પ્રવૃત્તિ, આવક જાવકનો ખર્ચ મંજૂર કરાવવા અને આગામી વર્ષના આવક જાવકના અંદાજો નક્કી કરી, અંદાજપત્ર તૈયાર કરી મંજુર કરાવેલ નથી.

(૪) મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડિટ નોંધમાં જણાવેલ ખામીઓનો કોઈ વાસ્તવિક દુરસ્તી રીપોર્ટ તૈયાર કરી, સંબંધિત ઓડિટરશ્રીને સમયસર નહીં મોકલી આપીને સહકારી કાયદાની કલમ-૮૫ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૫) મંડળીએ અગાઉના વર્ષમાં વ્ય. કમીટીએ નિમણુંક કરેલ પગારદાર કર્મચારીશ્રી એન. બી. પઠાણ, મંડળીને મળેલ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનના પરવાના આધારે માત્ર કંટ્રોલ અને બીજ કંટ્રોલ ચીજ વસ્તુઓના વેપારની કામગીરી કરેલ છે. મંડળીનો વહીવટ/હિસાબી કામગીરી અને વેપારી કામગીરી તથા મંડળીની અન્ય અકસ્યામતો વિગેરે મેનેજરશ્રી (એક હથ્થુ) વહીવટ ચલાવે છે. મેનેજરશ્રીને ઉકત કંટ્રોલ ચલાવવામાં જ રસ છે. મંડળી સભાસદો કે મંડળીના વિકાસની કોઈ પ્રવૃત્તિમાં રસ ધરાવતા નથી. મંડળી સાથે જોડાયેલ રેલ્વે વિભાગના કર્મચારીઓ કેન્દ્ર સરકારના હોઈ, વારંવાર બદલીઓના કારણે સંસ્થાના વહીવટમાં દેખરેખ રહેતી નથી. તેમજ, મોટાભાગના સભાસદો બદલી થઈ અન્ય જગ્યાએ ગયેલ છે. તેમજ, નિવૃત્ત થઈ ગયેલ છે. અને રજુ થયેલ યાદી મુજબના સભ્યોમાંથી મોટાભાગના ફરજમાં નથી. આવા સભ્યોને કમી કરેલ નથી તેમજ, મહેસાણા ખાતે બદલાઈ આવેલ કર્મચારીઓને સભાસદ બનાવેલ નથી. આમ, મંડળી ચલાવવા માટે સહકારી કાયદા-કાનૂન અને પેટાનિયમ અન્વયે થયેલ જોગવાઈઓ મુજબ વહીવટ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૬) મંડળીનું તા. ૩૧-૩-૦૨નું સરવૈયું જોતાં, મંડળીની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી છે. મંડળી પાસે પોતાનું ભંડોળ નહીવત છે.

(૭) મંડળીના તા. ૩૧-૩-૦૨ના સરવૈયે એકત્રિત ખોટ રૂા. ૧૨,૪૨૦/૬૫ બોલે છે.જે મંડળી છેલ્લા પાંચ વર્ષથી ખોટમાં ચાલુ રહેલ છે. આમ, મંડળીની આર્થિક સ્થિતિ નબળી પડતી જાય છે.

(૮) મંડળીનો વહીવટ ચલાવવામાં સભાસદોને કોઈ રસ હોય તેમ જણાતું નથી. ફક્ત મેનેજરશ્રીને ફક્ત કંટ્રોલ ચીજ વસ્તુઓનો વેપાર પોતાના અંગત સ્વાર્થ સારૂ ચાલુ રાખેલ છે અને મંડળીનો તમામ વહીવટ મેનેજરશ્રી કરતા હોય તેવું જણાય છે.

(૯) મંડળીની રોકડ સિલક તથા માલ સ્ટોક તેમજ દફતર કોના કબજામાં રાખવા, તે અંગેની કોઈ જવાબદારી નક્કી કરેલ નથી.

(૧૦) મંડળીના દેવાં અને મિલકત બાજુના વસુલાત કરવા બાબતની કોઈ જ કાર્યવાહી થયેલ નથી કે કાર્યવાહકો કે મેનેજરશ્રીએ આ બાબતે કોઈ રસ દાખવેલ નથી.

(૧૧) તા. ૧-૪-૨૦૦૩થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજુ કરવામાં આવેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ કન્ઝયુમર્સ સહકારી મંડળી લિ., મુ. મહેસાણા, તા. જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ભં.-૧૮૮૬, તા. ૧૧-૧૦-૫૬ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ ના ખંડ ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ : ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નિકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૨૫-૮-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૫/૦૩ થી ફડચા કાર્યવાહી અર્થે અપાયેલ કારણદર્શક નોટીસ.

(૨) મંડળીની તા. ૧૮-૫-૦૩ ની સાધારણ સભાના ઠરાવ નં. ૫ થી ફડચામાં લઈ જવા અંગેનો ઠરાવ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૮-૯-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૬/૦૩, થી અપાયેલ સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૫૦૯૧/ખ/૨૬૩૩/૨૦૦૩.—ધી બાહુબલી વિભાગ-૨ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મુ. તા. મહેસાણા, જિ. મહેસાણા ને અત્રેની કચેરીના આમુખ-૧, ૩ તેમજ આમુખ-૨ના સંસ્થાના સ્વયં ફડચામાં લઈ જવાના ઠરાવ આધીન ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તા. ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) શ્રી જી. વી. વ્યાસ, ઓડિટર ગ્રેડ-૨, સ. મં.(પ્રમા-૧), મહેસાણાના પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૩૫/૦૩, તા. ૧-૮-૦૩થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૨/૦૩, તા. ૨૫-૮-૦૩થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૦૮/૦૩, તા.૧૮-૯-૦૩ થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૩૪/૨૦૦૩.,-- ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી મક્તુપુર ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લી., મુ. મક્તુપુર, તા. ઊંઝા, જિ. મહેસાણા., નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. ૧૧૦૯૩, તા. ૧૯-૧૨-૧૯૯૪ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૩ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમા-૧), મહેસાણાને સુપ્રત થતાં, તેઓ દ્વારા સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ થતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૨/૨૦૦૩, તા. ૨૫-૮-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૮ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધિ હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઇ રજૂઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૦૮/૨૦૦૩, તા. ૧૮-૯-૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજૂઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીની સભાસદ સંખ્યા ૪૫ની છે. જે છેલ્લા પાંચ વર્ષથી વધારવા મંડળીના કાર્યવાહકોએ કોઈ રસ ધરાવેલ નથી.

(૨) ગત બે વર્ષના ઓડિટ દુરસ્તી રીપોર્ટ તૈયાર કરી, મંડળીએ મોકલી આપેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ થયેલ છે.

(૩) છેલ્લા પાંચ વર્ષથી મંડળી સ્થગિત અવસ્થામાં છે. જેમાં મંડળીએ પેટાનિયમ મુજબ ફળ અને શાકભાજી ઉગાડવાની કોઈ પ્રવૃત્તિ કરેલ નથી.

(૪) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડિટ વર્ગ ''ડ'' છે.

(૫) મંડળીએ તા. ૨૫-૯-૯૮ પછી એકપણ વા. સા. સભા ભરેલ નથી. જેથી સહકારી કાયદાની કલમ-૭૭ નો સ્પષ્ટ ભંગ કરેલ છે.

(૬) તા. ૧૦-૧૦-૯૮ પછી મંડળીની એકપણ વ્ય. કમીટીની બેઠક મળેલ નથી. આમ, પેટાનિયમ- ૪૯નો મંડળીએ સતત ભંગ કરેલ છે.

(૭) મંડળીનુ તા. ૩૧-૩-૦૩નું સરવૈયુ ચકાસતા મંડળીના રૂા. ૪૫૦/- ના શેર ભંડોળ સામે એકત્રિત ખોટ રૂા. ૨,૦૦૫.૭૫ ની છે. આમ, મંડળીની આર્થિક સ્થિતિ સાવ નબળી ગણી શકાય.

(૮) તા. ૧-૪-૨૦૦૩ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ, ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં રજુ કરવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી મક્તુપુર ફળ અને શાકભાજી ઉગાડનારાઓની સહકારી મંડળી લી., મુ. મક્તુપુર, તા. ઊંઝા, જી. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે-૧૧૦૯૩, તા. ૧૯-૧૨-૯૪ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા , તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીના તા. ૧૨-૯-૨૦૦૩ની કારણ દર્શક નોટીસ નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૭૧/૨૦૦૩થી ઓડિટરના અહેવાલ આધીન ફડચામાં લઈ જવા અપાયેલ કારણદર્શક નોટીસ તથા સ્મૃતિપત્ર.

(૨) મંડળીના પ્રમુખશ્રી દ્વારા ઓડિટરશ્રી ને તા. ૧૫-૫-૦૨ના પત્રથી સંસ્થાને ફડચામાં લઈ જઈ નોંધણી રદ કરવા થયેલ રજુઆત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૧૫૦૯૨/ખ/૨૬૩૬/૨૦૦૩,-શ્રી કૃષ્ણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ., મું. ઊંઝા, તા. ઊંઝા, તા. જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ ના તા. ૧૨-૯-૦૩ ના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૭૧/૦૩ થી ફડચામાં લઇ જવા કારણદર્શક નોટીસ, સ્મૃતિપત્ર તેમજ, સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા અન્વેષકશ્રીને તા. ૧૫-૫-૦૨ના પત્રથી સંસ્થાની નોંધણી રદ કરવા આપેલ આધીન ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) શ્રી ઓડિટર ગ્રેડ-૨, સ. મં.(પ્રમા-૧), મહેસાણાના પત્ર ક્રમાંક અષણ/૦૧/૨૩૬, તા. ૧-૮-૦૩થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૬/૦૩, તા. ૨૫-૮-૦૩થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૮/૦૩, તા.૧૮-૯-૦૩ થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૪૩/૨૦૦૩.,-- ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી બ્રહ્માણી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મેઉ, તા. જિ. મહેસાણા., નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. ઘ. ૧૬૮૩૨, તા. ૨૧-૦૮-૧૯૯૭ છે.

INDEX

ઉપરોકત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૧૯૯૯ થી તા. ૩૧-૩-૨૦૦૩ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૨, સ. મં. (પ્રમા-૧), મહેસાણાને સુપ્રત થતાં, તેઓ દ્વારા સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ થતાં, તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૬/૨૦૦૩, તા. ૨૫-૮-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૦ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી ન થતાં, ખાસ તક સ્વરૂપે અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૮/૨૦૦૩, તા. ૧૮-૯-૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજૂઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે. છતાં કોઈજ રજુઆત થયેલ નથી.

ઉપરોકત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઇ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ શરૂઆતથી ઓડિટ મેમાની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ નહી મોકલી આપીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળી છેલ્લા ૩ વર્ષથી સ્થગિત અવસ્થામાં છે.

(૩) મંડળીએ પેટાનિયમ મુજબ સભાસદો પાસેથી લોન હપ્તા વસુલ તથા વહીવટી ફાળો લેવાની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરેલ નથી.

(૪) મંડળીનો છેલ્લા પાંચ વર્ષનો ઓડિટ વર્ગ "ડ" છે.

(૫) મંડળીએ છેલ્લા ૪ વર્ષથી વાર્ષિક સાધારણ સભા ન બોલાવીને સહકારી કાયદાની કલમ-૭૭ નો ભંગ કરેલ છે.

(૬) ઓડિટ સમયમાં મંડળીની વ્ય. કમીટીની બેઠકો મળેલ નથી. જે જોતાં મંડળીની વ્ય. કમીટીને મંડળી ચાલુ રાખવા કોઈજ રસ જણાતો નથી.

(૭) મંડળીના પેટાનિયમ મુજબ સભાસદોના રહેઠાણના મકાનોના બાંધકામ ઓડિટ સમય દરમ્યાન પૂર્ણ કરેલ છે. જે માટે મંડળી એ મેળવેલ ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની લોન પૈકી તા. ૩૧-૩-૦૩ના સરવૈયા મુજબ રૂા. ૧૦,૦૬,૩૭૫/- ની બાકી રહેલ છે. મંડળીએ ઓડિટ સમય દરમ્યાન સભાસદો પાસેથી લોનના હપ્તાઓ વસુલાતની તથા ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડમાં ભરવાની કોઈપણ કાર્યવાહી કરેલ નથી.

(૮) મંડળીના કાર્યવાહકોના કહેવા મુજબ મંડળીના સભાસદો ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડને બારોબાર હપ્તા ભરતા હોઈ, મંડળીના રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ નથી. જેથી મંડળીના સરવૈયાની બાકી તથા ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડની બાકી મેળવી શકેલ નથી.

(૯) મંડળીનું તા. ૩૧-૩-૦૩ નું સરવૈયું જોતાં એકત્રિત ખોટ રૂા. ૫,૧૦૭.૬૦ ની છે. જેથી મંડળીની આર્થિક સ્થિતિ સાવ નબળી ગણી શકાય તેમ છે.

(૧૦) તા. ૧-૪-૨૦૦૩ થી છેવટ સુધીના હિસાબી પત્રકો, શેર ભંડોળની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજપર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોકત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી બ્રહ્માણી કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. મેઉ, તા. જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. ઘ-૧૬૮૩૨, તા. ૨૧-૮-૯૭ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. પી. બારોટ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોકત વચગાળાના હુકમ સામે મંડળીને કોઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા , તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) શ્રી ઓડિટર ગ્રેડ-૧, સ. મં. મહેસાણાના પત્ર ક્રમાંક અષણ/ ગંગોત્રી/૩૦૯, તા. ૭-૮-૦૩થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૪/૦૩, તા. ૨૫-૮-૦૩થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૭/૦૩, તા.૧૮-૯-૦૩ થી પાઠવેલ સ્મૃતિપત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અન્વયેની કલમ-૧૦૭ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જાવક નંબર ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૪૬/૨૦૦૩.,-- ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે ધી ગંગોત્રી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. જગુદણ, તા. જિ. મહેસાણા., નોંધાયેલ સહકારી સંસ્થા છે. (જેનો હવે પછી 'મંડળી' તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે. ૩૦૧૯૯, તા. ૧૮-૩-૧૯૯૯ છે.

ઉપરોકત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૩ સુધીના સમયનું અન્વેષણ ઓડિટર ગ્રેડ-૧, સ. મં. મહેસાણાને સુપ્રત થતાં, તેઓ દ્વારા સદર મંડળીને ફડચામાં લઇ જઇ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ થતાં,

તેઓના ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૨૪/૨૦૦૩, તા. ૨૫-૮-૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં. ૧ થી ૧૩ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. જેની બજવણી થયેલ છે. મંડળી તરફથી સુનાવણી તારીખે મંડળીના પ્રતિનિધી હાજર રહેલ નથી.

મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં, અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૧૭/૨૦૦૩, તા. ૧૮-૯-૨૦૦૩ થી સંસ્થાને સ્મૃતિપત્ર પાઠવી અત્રેથી રજૂઆત કરવા વ્યાજબી તકો પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ બાબતોને જોતાં, સદર મંડળીને નીચેના કારણોસર ફડચામાં લઈ જવી કાનૂની રીતે વ્યાજબી જણાય છે.

(૧) મંડળીએ શરૂઆતથી તા. ૩૧-૩-૦૧ સુધીના બંને ઓડિટ મેમાની એકપણ સુચનનો અમલ કે ક્ષતિઓની દુરસ્તી કરી, દુરસ્તી રીપોર્ટ નહી મોકલી આપીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૨) મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને પેટાકાયદા મુજબ સહેજપણ ચાલતો નથી. સહકારી કાયદાની કલમ-૭૪, ૭૭ તથા પેટા કાયદાની કલમ-૨, ૩, ૪, ૭, ૧૦, ૧૦(૧), ૧૨, ૧૨, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૩૧, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૫૧ નો સતત ભંગ થયેલ છે. જેથી સહકારી કાયદાની કલમ-૨૦ મુજબ નોંધણીની શરતોનો ભંગ કરેલ હોઈ, નોંધણી ચાલુ રાખવી હિતાવહ નથી.

(૩) તા. ૧-૪-૦૩ થી મંડળી તદ્દન સ્થગિત અવસ્થામાં છે. મંડળીની ઓફીસ ખુલતી નથી, કર્મચારીઓ કે હોદ્દેદારો ગેરહાજર રહે છે. પગારદાર કર્મચારી નથી. જેથી, સંસ્થાના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં બિલકુલ રસ નથી અને હોદ્દેદારો તદ્દન નિષ્ક્રીય છે.

(૪) મંડળીનો રોજમેળ તથા અન્ય દફતર નિયમિત લખાતું નથી. તથા દર વર્ષે નિયમિત ઓડિટ કરાવતા નથી.

(૫) મંડળી અર્થક્ષમ તથા કાર્યક્ષમ નથી.

(૬) મંડળીનો ઓડિટ વર્ગ "ડ" છે.

(૭) મંડળીના વ્ય. કમીટી સભ્યો પણ મીટીંગમાં હાજર રહેતા નથી. તથા દર માસે મીટીંગ બોલાવવામાં આવતી નથી કે પેટાનિયમ મુજબના ઠરાવો થતા નથી. મુદતવીતી ધિરાણ બાકી વસુલાત અંગે કાર્યવાહી કરેલ નથી.

(૮) મંડળીની વા. સા. સભામાં સાચા હિસાબોની આંકડાકીય માહિતી રજુ થતી નથી. પેટાનિયમ મુજબના તમામ ઠરાવો થયેલ નથી. ચાલુ સાલે વા. સા. સભા બોલાવેલ નથી કે તે અંગે અત્રેની મંજૂરી મેળવેલ નથી. અગાઉ મળેલ સભામાં હાજર સભ્યોની સહીઓ પણ લીધેલ ન હોઈ, સભા નોન કોરમ છે.

(૯) તા. ૩૧-૩-૦૩ અંતિત રૂા. ૯,૭૬,૫૫૨/- મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાને કેશ ક્રેડીટ લોન મુદતવીતી ભરવાની બાકી પડે છે. જે લોનની મંજૂરીની શરતોનો અમલ કરેલ નથી. લોન વ્યાજ ભરેલ નથી તથા કેશ ક્રેડીટ આજદિન સુધી રીન્યુ કરાવેલ નથી. તથા ડીસ્ટ્રીકટ બેંકનું ઈન્સ્પેકશન પણ હોદ્દેદારોએ કરવા દીધેલ નથી.

(૧૦) મંડળીમાં મહેસાણા જીલ્લા મધ્યસ્થ બેંકનું રૂા. ૨૪,૧૬,૬૮૯/- મુદતવીતી સભાસદ ધિરાણ બાકી બોલે છે.

(૧૧) તા. ૩૧-૩-૦૨ના સરવૈયા મુજબ રૂા. ૨,૯૯,૮૪૩/- તથા તા. ૩૧-૩-૦૩ના સરવૈયા મુજબ રૂા. ૨,૬૨,૪૮૨/-નો ચોખ્ખો નફો દર્શાવેલ છે. જે તદ્દન ખોટો છે. કારણ કે, તેમાં ધિરાણ વ્યાજ આવક જમા દર્શાવેલ છે. જે નફા તોટામાં આવક સાચી નથી. કારણ કે વાસ્તવિક ધિરાણ વ્યાજ વસુલ જમા આવેલ નથી. પરંતુ, વસુલ આવવાપાત્ર વ્યાજ છે. તથા તેની ગણતરી પણ તદ્દન ખોટી છે. તથા દૈનિક, સેવિંગ્સ ફીકસ ડીપોઝીટ ઉપર ચુકવવાપાત્ર વ્યાજની જોગવાઈ પણ કરેલ નથી. તેથી સરવૈયું સાચી સ્થિતિ દર્શાવતું નથી.

(૧૨) મંડળીનું દફતર તદ્દન અવ્યવસ્થિત તથા વહીવટ તદ્દન શિથિલ, નબળો જણાઈ આવેલ છે. મેનેજરશ્રી હિસાબી કામકાજના જાણકાર નથી.

(૧૩) તા. ૧-૪-૨૦૦૩ થી છેવટ સુધીનાં હિસાબી પત્રકો, શેર ભંડોળ તેમજ ડેડસ્ટોકની યાદી રજુ કરવા જણાવવા છતાં, આજપર્યંત રજુ કરેલ નથી.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધી ગંગોત્રી કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી., મુ. જગુદણ, તા. જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજીસ્ટર્ડ નં. સે.-૩૦૧૯૯, તા. ૧૮-૦૩-૯૯ થી નોંધવામાં આવેલ છે. તેને સહકારી કાયદો સને ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ના ખંડ : ક, ગ (૨) (૪) અન્વયે આથી ફડચામાં લઈ જવામાં આવે છે. તથા સદરહુ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :- ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો, સદર હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) શ્રી એસ. વી. પટેલ, સબ-ઓડિટર, સહકારી મંડળીઓ, કડીના પત્ર ક્રમાંક : અષણ/૦૧/૯૭/૦૨, તા. ૩૧-૫-૦૨ થી રજૂ થયેલ ફડચાનો અહેવાલ.

INDEX

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૮૯૯/૦૨, તા. ૧૩-૬-૦૨ થી કારણદર્શક નોટીસ.

(૩) તા. ૨૪-૬-૦૨ ના પત્રથી રજુઆત અંગે સંસ્થાની મુદત માંગણી.

(૪) તા. ૫-૭-૦૨ ના પત્ર વિગતથી સંસ્થાની રજુઆત.

(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૩૭૧/૦૨, તા. ૧૭-૭-૦૨ થી રજુઆત અંગે સ્મૃતિપત્ર.

(૬) તા. ૨-૮-૦૨ ના પત્રથી સંસ્થાનો પ્રત્યુત્તર.

(૭) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૦૭૪/૦૨, તા. ૨૭-૯-૦૨ થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૮) તા. ૧૮-૧૦-૦૨ ના પત્ર, ઠરાવ, સા. સભા, ઠરાવથી સંસ્થાનો પુરાવા/સ્પષ્ટતાથી કરેલ રજુઆત.

(૯) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૧૮૬/૦૨, તા. ૨૧-૧૦-૦૨ થી ફડચાનો વચગાળાનો આદેશ ઉઠાવી લઈ, ફડચા કાર્યવાહી બંધ કરવા કરેલ આદેશ.

(૧૦) અત્રેના તા. ૩૧-૫-૦૩ ના પત્રથી મંડળીને પુન : જીવીતનો હુકમનો અમલ નહી કરવા બાબતે તા. ૩-૬-૦૩ ના રોજ રજુઆત કરવા જાણ કરાયેલ પત્ર.

(૧૧) તા. ૩-૬-૦૩ ના પત્રથી મંડળીના હોદ્દેદારોએ કરેલ લેખિત રજુઆત.

(૧૨) મંડળીએ આ બાબતે કોઈ કોર્ટ મેટર થયેલ હોય તો, તેના હુકમની નકલ રજુ કરવા આપેલ સમય મર્યાદા.

(૧૩) અત્રેની કચેરીના પત્રાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૭૨/૦૩, તા. ૨૩-૩-૦૩ થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૧૪) મંડળીની તા. ૩૧-૭-૦૩ ની તેમજ તા. ૧૧-૯-૦૩ ની લેખિત રજુઆત.

(૧૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૪૭/૨૦૦૩.–ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ધી કડી તાલુકા રાઈસ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લી. મું. મેડા આદરજ, તા. કડી, જિ. મહેસાણા નોંધાયેલ સહકારી મંડળી છે. (જેનો હવે પછી અહીંયાં "મંડળી" તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) સદર મંડળીનો નોંધણી નં. સે-૧૫૨૬, તા. ૨૦-૭-૬૪ છે.

ઉપરોક્ત આમુખ-૧ માં જણાવ્યા મુજબ સદર મંડળીનું તા. ૧-૪-૦૦ થી તા. ૩૧-૩-૦૧ સુધીના સમયનું અન્વેષણ સબ-ઓડિટર, સ. મં., કડીને સુપ્રત થતાં, તેઓએ સદર મંડળીને ફડચામાં લઈ જઈ, નોંધણી રદ કરવા અંગેનો ખાસ અહેવાલ રજુ કરતાં, તેઓનાં ખાસ અહેવાલ આધીન સદર મંડળીને અત્રેની કચેરીના આમુખ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી.

જેમાં મુદ્દા નં ૧ થી ૯ બાબતે મંડળીને રજુઆત કરવા સુનાવણી રાખવામાં આવેલ હતી. મંડળી તરફથી આમુખ-૩ માં જણાવેલ વિગતે મુદત માંગતા, મુદત આપતા આમુખ-૪માં જણાવેલ વિગતે સંસ્થાએ રજુઆત કરેલ હતી. આમુખ-૫ માં જણાવેલ વિગતે સંસ્થાએ કરેલ રજુઆત અંગે સ્મૃતિપત્ર પાઠવતાં, આમુખ-૬ માં જણાવેલ વિગતે સંસ્થાએ પ્રત્યુત્તર પાઠવેલ હતો. જે સંતોષકારક તથા કાયદાકીય જોગવાઈ સાથે સુસંગત ન જણાતાં, આમુખ-૭ માં જણાવેલ વિગતે ઉક્ત મંડળીને ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧) ની જોગવાઈ આધીન વચગાળાનો ફડચાનો આદેશ કરી, કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એ. એન. પટેલ, મદદનીશ સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં., મહેસાણાની નિમણુંક કરવામાં આવેલ.

ઉક્ત વચગાળાના ફડચાનો કરેલ આદેશ સામે મંડળીએ આમુખ-૮ માં જણાવેલ વિગતે જરૂરી આધાર, ઠરાવ, પૂર્તતા કરતાં તથા મંડળીના હોદ્દેદારોએ વિનંતી કરતાં, મંડળીના હિતને ધ્યાને રાખી સંસ્થા ૧ વર્ષમાં હેતુ/ઉદ્દેશોની કામગીરી વાસ્તવિક કરે, તે શરતે વચગાળાનો આદેશ આમુખ-૯ માં જણાવેલ વિગતો ઉઠાવી લઈ, ફડચા કાર્યવાહી બંધ કરવા હુકમ કરાયેલ હતો.

તેમ છતાં, છ માસની સમય મર્યાદામાં થવા છતાં, મંડળી તરફે ઉદ્દેશો મુજબની કામગીરી વાસ્તવિક કરી, તેનો પ્રગતિ કે અહેવાલ અત્રે રજુ ન કરતાં, અત્રેની કચેરીના તા. ૩૧-૫-૦૩ ના પત્રથી આમુખ-૧૦ માં જણાવેલ વિગતે મંડળીના હોદ્દેદારોને જાણ કરતાં, આમુખ-૧૧ માં જણાવેલ વિગતે મંડળીએ તા. ૩-૬-૦૩ થી દિન-૧૫ ની મુદત માંગેલ અને તા. ૩-૬-૦૩ ના રોજ હાજર રહેલ. જે સંદર્ભે આમુખ-૧૨ માં જણાવેલ વિગતે મંડળીને છ માસના સમય વિતવા છતાં, મંડળી તરફે તેના ઉદ્દેશો મુજબની કામગીરી અંગે પ્રોગ્રેસ અહેવાલ રજુ ન કરતાં, સદરહુ સંસ્થાએ આ અંગે કોઈ દાવો દાખલ કરાયેલ હોય તો, કોર્ટ/દાવા મેટરમાં થયેલ હુકમની નકલ રજુ કરવા સાંજ સુધીની સમય મર્યાદા આપેલ. તેમ છતાં, મંડળીના હોદ્દેદારોએ આપેલ સમય મર્યાદામાં આ અંગે કોઈ વિગત કે હુકમ/આદેશ/દાવા મેટરની વિગતો રજુ કરેલ નથી.

ત્યારબાદ, તા. ૧૩-૬-૦૩ ના રોજ મંડળીના પ્રમુખશ્રીએ હાજર રહી મુદત માગતાં તા. ૧૮-૬-૦૩ ની મુદત માગેલ હતી.

તા. ૧૮-૬-૦૩ ના રોજ મંડળીના પ્રમુખશ્રીએ હાજર રહી કેટલાક પત્રો રજુ કર્યા છે. તેમાં મેડાઆદરજ, શિયાપુરા વિગેરે ગ્રામ પંચાયતના ડાંગર ઉગાડવા અંગેના દાખલા રજુ કર્યા છે. તથા ૧ વર્ષમાં રાઈસ મીલ ચાલુ થાય તે માટે તેમણે કરેલ પ્રયત્નો વિશે જણાવેલ છે. જેમાં, મેનેજરશ્રીનો પગાર રૂા. ૭૦૦ માંથી ઘટાડીને રૂા. ૫૦૦ કરેલ છે. મીલના માટે રખેવાળ પણ રાખેલ નથી. ઈલેક્ટ્રીક બીલ ન આવે તે માટે પાવર વાપરવાનું બંધ કરેલ છે. ગોપી ટ્રેડીંગ કાં., ના લેણા માટે કડી મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાવો કરેલ છે. તથા હવે પછી સિંચાઈની સગવડ વધશે ત્યારે ડાંગરનું મોટુ ઉત્પાદન થશે તેમ જણાવેલ છે.

INDEX

વધુમાં આમુખની વિગતોમાં ઓડિટ વર્ગ સુધરવા અંગે કોઈ નક્કર કામગીરી, આજુ બાજુ પિયત બોર, ડાંગરની પ્રવર્તમાન સમયે નહિંવત ઉત્પાદન, વસુલાતની યોગ્ય ન થયેલ કામગીરી વિગેરે યોગ્ય મુદતમાં પુર્તતાઓ ન થતાં પુન : ફડચાની કામગીરી થયેલ હતી. જેની સામે સંસ્થાએ તા. ૩૧-૭-૦૩ ના રોજ કરેલ રજુઆતમાં અગાઉની ફડચા કાર્યવાહીમાં આપેલ સમય છતાં, પુન : ફડચા કાર્યવાહી સંસ્થાના હિતમાં જણાવેલ નથી. પ્રવર્તમાન સમયે યોગ્ય વરસાદ થતાં, ડાંગરનું ઉત્પાદન વધવાની શક્યતાઓ જણાવી, ખર્ચમાં કરકસર સંસ્થાના ઉદભવથી પ્રવર્તમાન સમય સુધીમાં સભાસદો દ્વારા સંસ્થાના લાભાલાભ તેમજ મુદતી સમયમાં તક માગણી થવામાં છે.

આમ, ઉપરોક્ત આમુખ તેમજ, પ્રસ્તાવનાને ધ્યાને લેતાં, નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

આદેશ

શ્રી કડી તાલુકા રાઈસ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લી., મુ. મેડાઆદરજ, તા. કડી, જિ. મહેસાણાની સહકારી કાયદાધીન રજિસ્ટર્ડ નં. સે-૧૫૨૬, તા. ૨૦-૭-૬૪ થી નોંધવામાં આવેલ છે. તેને અત્રેની કચેરીના વચગાળાના હુકમ ક્રમાંક : ઉખસ/ફડચ/૦૧/ખ/૧૦૭૨/૦૩, તા. ૨૩-૬-૦૩ થી ફડચા કાર્યવાહી થયેલ. જેની સામે સંસ્થાની તા. ૩૧-૭-૦૩, તા. ૧૧-૯-૦૩ ની લેખિત રજુઆત તેમજ, આમુખની વિગતોને ધ્યાને લેતાં આગામી અન્વેષણ સુધીમાં તમામ ખામીઓની વાસ્તવિક પૂર્તતાઓ રજુ કરવાની શરતે ફડચાનો વચગાળાનો આદેશ પરત ખેંચી, વહીવટી પ્રશ્નોના લીધે અગાઉની કાર્યવાહી ધ્યાને લેતાં, સંસ્થાની લેખિત રજુઆત મુજબ ખેડુત સભાસદોના હિતમાં સહકારી કાયદો સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ મુજબ ફડચા કાર્યવાહી મુલત્વી રાખવાનો આદેશ કરવામાં આવે છે.

મહેસાણા તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૦૩.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

વંચાણે લીધાઃ-

(૧) સહકારી અધિકારીશ્રી (ફડચો), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત પત્ર નં. જીઉકે/મહે/ફડચ/૦૧/જ/૧૭૫૬/૨૦૦૩, તા. ૩-૧૦-૨૦૦૩.

(૨) આ કચેરીની મંજુર થયેલ તા. ૯-૧૦-૨૦૦૩ની નોંધ.

હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૧૯૦૩/૧૨૨૨૭/૨૦૦૩.- આમુખ-૧ અને ૨માં વંચાણે લીધેલ પત્ર અને નોંધ અન્વયે શ્રી વિઠોડા પ્રજાપતિ ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી., વિઠોડા તા. ખેરાળુ, જી. મહેસાણા કે, જેનું કામકાજ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણા કચેરીના જાવક નંબર જીઉકે/મહે/ઉખસ/ફડચ/જ/ ૦૧/૧૦૯૪/૨૦૦૨, તા. ૧૦-૭-૨૦૦૨થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો ફડચાનો અંતિમ હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦ખ/ ૪૫૫/૯૭, તા. ૨૬-૨-૧૯૯૭.

(૨) સહકારી અધિકારીશ્રી (ફડચો), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાનો પત્ર નં. જીઉકે/મહે/જ/૧૬૯૪/૨૦૦૩, તા. ૨૨-૯-૨૦૦૩થી આવેલ મંડળી પુનઃ જીવિતની દરખાસ્ત.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૯.

પ્રસ્તાવના

જા. નં. જીઉકે/ફડચ/જ/૦૧/૧૯૧૦/૧૨૨૪૫/૨૦૦૩.-શ્રી આનર્ત ચિત્ર નિર્માણ કો. ઓપ. સોસાયટી લી. મુ. તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ (૧)ના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ ૦ખ/૪૫૫/૯૭, તા. ૨૬-૨-૧૯૯૭થી ફડચામાં લઈ જવામાં આવેલ. અને સહકારી અધિકારી (ફડચો) જી. ઉ. કે. મહેસાણાએ તેનો ચાર્જ મેળવીને તા. ૨૦-૯-૨૦૦૩ના રોજ સંસ્થાની ખાસ સાધારણ સભા બોલાવેલ. જેના ઠરાવ નંબર ૩થી સંસ્થાને પુનઃજીવિત કરવાનો સર્વાનુમતે ઠરાવ કરેલ છે. તથા આમુખ-૨ની વિગતે સહકારી અધિકારી (ફડચો) જી.ઉ.કે. મેહસાણાએ પુનઃ જીવિત માટે દરખાસ્ત કરેલ છે.

હુકમ

શ્રી આનર્ત ચિત્ર નિર્માણ કો. ઓપ. સોસાયટી લી. મું. તા. જી. મહેસાણાને અત્રેની કચેરીના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ ૦ખ/૪૫૫/૯૭, તા. ૨૬-૨-૧૯૯૭થી ફડચામાં લઈ જવામાં આવેલ. તે ફડચાનો હુકમ ઉપરોક્ત વિગતોના સંદર્ભમાં રદ કરવામાં આવે છે અને સંસ્થાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૯ અન્વયે પુનઃજીવિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સંસ્થાનો નોંધણી નંબર અને તારીખ ચાલુ રાખવામાં આવે છે.

મહેસાણા, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૩.

નં. જીઉકે/મહે/નધણ/૧૯૩૫/૧૨૪૦૯/ઉ. ૬૩૮૨/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે, **શ્રી ઉમિયા વિવિધલક્ષી મહિલા ઉત્પાદક અને વેચાણ સહકારી મંડળી લી. વિસનગર**, તાલુકો **વિસનગર**, જીલ્લો **મહેસાણાને** સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૩.

INDEX

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક જીઉકે/મહે/ફડચ/જ/૦૧/ ૧૪૬૮/૨૦૦૩., તા. ૩૦-૮-૨૦૦૩.

અંતિમ હુકમ

જા. નં. જીઉકે/ફડચ/જ/૦૧/૧૯૬૦/૧૨૫૨૦/૨૦૦૩.-શ્રી વઢિયાર વિભાગ વિવિધલક્ષી વણકર ઔદ્યોગિક સહકારી મંડળી લી. સમી, તા. સમી, જી. પાટણને મદદનીશ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત, મહેસાણાની કચેરીના નોંધણી ક્રમાંક પી. ૫૦૮૪, તા. ૨૪-૧૦-૧૯૮૯ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭સી (૧), (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર મહેસાણાની સદર કાયદાની કલમ ૧૦૮ (૧) હેઠળ નિમણુંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરુ કરવું.

મહેસાણા, તારીખ ૨૧મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા:-

(૧) સહકારી અધિકારીશ્રી (ફડચો), જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણાની મંડળીની નોંધણી રદ કરવાની દરખાસ્ત પત્ર નં. જીઉકે/મહે/ ફડચ/૦૧/જ/૧૯૪૯/૨૦૦૩, તા. ૨૦-૧૦-૨૦૦૩.

(૨) આ કચેરીની મંજુર થયેલ તા. ૨૩-૧૦-૨૦૦૩ની નોંધ.

હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૧૯૯૦/૧૨૬૦૧/૨૦૦૩.- આમુખ-૧ અને ૨માં વંચાણે લીધેલ પત્ર અને નોંધ અન્વયે શ્રી જય બ્રહ્માણી ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી. ગોકળપુરા, તા. મહેસાણા, જી. મહેસાણા કે, જેનું કામકાજ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ઉદ્યોગ), મહેસાણા કચેરીના જાવક નંબર જીઉકે/મહે/ઉખસ/ફડચ/જ/ ૦૧/૧૦૯૮/૨૦૦૨, તા. ૧૦-૭-૨૦૦૨થી આટોપી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેની નોંધણી સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત કરી કલમ ૨૦ (૧) મુજબ રદ કરવામાં આવે છે. અને આ હુકમ નીકળ્યા તારીખથી મંડળીનું વિસર્જન ગણવામાં આવશે.

મહેસાણા, તારીખ ૨૭મી ઓક્ટોબર, ૨૦૦૩.

આઈ. આઈ. શેખ,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ),
મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) પ્રમાણિત ઓડીટર પેનલ નં. ૨૪ મહેસાણાનો તા. /૫/૦૩નો ફડચા અંગેનો અહેવાલ.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૮૪૧/૦૩, તા. ૨૨/૫/૦૩ની ફડચા સબંધી કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૮૬/૨૦૦૩.—ધી ગ્રીનપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. સિધ્ધપુર તા. સિધ્ધપુર જી. પાટણ નોંધણી નં. ઘ-૧૬૫૦૧, તા. ૩૧/૧૨/૯૪ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

પ્રમાણિત ઓડીટરશ્રી પેનલ નં. ૨૪ મહેસાણાએ સદર મંડળીનું ઓડીટ તા. ૧/૪/૦૨ થી ૩૧/૩/૨૦૦૩ ના સમયનું હાથ ધરેલ. તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ આમુખ-૧ ના પત્રથી અત્રે રજુ થયેલ છે. સદર અહેવાલ સબંધ આમુખ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીનું ભંડોળ રૂા. ૧૦,૨૩૪/- છે. જેની સામે એકત્રિત ખોટ રૂા. ૧૦,૧૧૩/- છે. આમ, મંડળીનું ભંડોળ પૂર્ણ થવામાં છે.

(૨) કારોબારીની નિમણુંક કરેલ નથી. ઓડીટ સમય દરમ્યાન કારોબારી સમિતિની બેઠક મળેલ નથી.

(૩) તા. ૨/૪/૨૦૦૨ ની વા. સા. સભામાં ઠરાવ નં. ૩ થી મંડળીને ફડચામાં લઈ જવા ઠરાવેલ છે.

(૪) મંડળી ચલાવવામાં સભ્યોને રસ નથી.

ઉક્ત કારણોસર મંડળીને ફડચામાં લઇ જતા અગાઉ પત્ર નં. ઉખસ/ફડચ/૮૪૧/૦૩, તા. ૨૨/૫/૦૩ થી કારણદર્શક નોટીસ પાઠવી તા. ૯/૬/૦૩ ના રોજ હાજર રહી રજુઆત કરવા જણાવેલ હતુ. પરંતુ મંડળી તરફથી કોઇપણ જાતની રજુઆત થયેલ નથી. આમ મંડળીના કાર્યવાહકોને મંડળીને ચલાવવામાં કોઇ રસ જણાતો નથી. જેથી સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાના ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ :-

ધી ગ્રીનપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. સિધ્ધપુર તા. સિધ્ધપુર જી. પાટણ નોંધણી નં. ઘ-૧૬૫૦૧, તા. ૩૧/૧૨/૯૪ થી નોંધવામાં આવેલ છે. તેને સને ૧૯૬૧ના ગુજરાત સ. મં. અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ (૧), (૨) અને (૪) અન્વયે આથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે, તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે, જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) સબ ઓડીટર સં. મં. હારીજનો તા. ૨/૫/૦૩ નો ફડચા અંગેનો અહેવાલ નં. અષણ/૦૧/૧૩૨/૨૦૦૩.

(૨) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૨૦૧૪/૦૩ તા. ૧૪/૮/૦૩ ની ફડચા સબંધી કારણદર્શક નોટીસ.

(૩) અત્રેના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/૨૫૫૭/૦૩ તા. ૮/૯/૦૩.

(૪) ગુજરાત સ. મં. અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૫૮૭/૨૦૦૩.–ધી અડિયા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મું. અડિયા તા. હારીજ, જી. પાટણ નોંધણી નં. સે-નં. ૨૨૨૯૭, તા. ૨૨/૪/૧૯૮૭ થી નોંધાયેલ સહકારી મંડળી છે.

ધી સબ ઓડિટર સં. મં. હારીજ સદર મંડળીનું ઓડીટ તા. ૧/૪/૦૧ થી ૩૧/૩/૨૦૦૨ ના સમયનું હાથ ધરેલ. તેમના તરફથી સદર મંડળીને ફડચામાં લઇ જવાનો ખાસ અહેવાલ આમુખ-૧ ના પત્રથી અત્રે રજુ થયેલ છે. સદર અહેવાલ સબંધે આમુખ-૨ થી કારણદર્શક નોટીસ પાઠવેલ હતી. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ હતો.

(૧) મંડળીએ પોતાના પેટાનિયમના ઉદેશ મુજબ છેલ્લા ૩ (ત્રણ) વર્ષથી પ્રવૃતિ હાથ ધરેલ નથી, મંડળી સ્થગિત અવસ્થામાં છે.

(૨) છેલ્લા ૪(ચાર) વર્ષના ઓડીટ અહેવાલની દુરસ્તી નહિ કરીને સહકારી કાયદાની કલમ-૮૫નો ભંગ કરેલ છે.

(૩) મંડળીની પ્રવૃત્તિ શરૂ કરવા માટે વ્યવસ્થાપક સમિતિમાં કે વાર્ષિક સાધારણ સભામાં કોઇ નક્કર કાર્યવાહી થયેલ નથી.

(૪) છેલ્લા ત્રણ વર્ષનો ઓડીટ વર્ગ ''ડ'' છે.

(૫) તા. ૩૧/૩/૨૦૦૨ના રોજ મંડળીમાં રૂા. ૪૮૦૫-૭૨ ની ખોટ છે.

જેથી હું કે. આર. કૌશિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલા કરફ્યુ હુકમ નં. ઉ/ગપક/વિ.શા./૭૮૩/૦૩ મુજબ કરફ્યુ અમલ કરેલ જે નીચેના વિસ્તારોમાં સામે જણાવેલ સમય દરમ્યાન તમામ માટે કરફ્યુ અમલમાં છુટછાટ આપવાનું ફરમાવું છું.

વિસ્તાર	છુટછાટનો સમય/તારીખ
દરિયાપુર અને કાલુપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર	તા. ૧૨મી નવેમ્બર, ૨૦૦૩ના કલાક ૮-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી તમામ માટે કરફ્યુના અમલમાં છુટછાટ આપવામાં આવે છે.

આજ તારીખ ૧૧ માહે નવેમ્બર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

ઇનચાર્જ પોલીસ કમિશનર દ્વારા

કરફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૮૩/૨૦૦૩.- અમદાવાદ શહેરમાં અમુક વિસ્તારોમાં હિંસક બનાવોના કારણે સર્જાયેલ પરિસ્થિતિમાં લોકોના જાનમાલ જોખમ હોઇ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવો ભય હોઇ અને આવી રીતે ભંગ થતો અટકાવવાની જરૂર છે. અને તેમ થતું તાત્કાલિક અટકાવવાનું તથા ઝડપી ઉપાય યોજવાનું ઇચ્છનીય છે.

મને ખાત્રી છે કે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા માટે પુરતાં કારણો છે. અને પ્રવર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લઇ જાહેર જનતાના હિતમાં એક તરફી હુકમ કરવા માટે પુરતાં કારણો છે.

તેથી હું, ચિત્તરંજસિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફરમાવું છું કે નીચે જણાવેલ અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોના રહેવાસીઓએ તથા તેમાં અવર-જવર કરનારાઓએ અને પ્રસંગોપાત અવનારાઓએ તે સૂચિમાં નિર્દેશ કરેલ વિસ્તાર પુરતો તે અનુસૂચિમાં દર્શાવેલ સમય દરમ્યાન નીચે જણાવેલ વિસ્તારોની અંદર આવેલા કોઈપણ માર્ગ, જાહેર રાહદારી, રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ તેમજ પેટા ગલીઓણાં સવારી કરવી નહી, ઉભા રહેવું નહિ, અથવા હરવુ-ફરવું નહિ તેમજ તેનો બીજી કોઇ રીતે ઉપયોગ કરવો નહિ.

વિસ્તાર	છુટછાટનો સમય/તારીખ
દરિયાપુર અને કાલુપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર	તા. ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ના કલાક ૦૦-૦૦ વાગ્યા બીજો હુકમ ન થાય ત્યાં સુધી અચોક્કસ મુદતનો કરફયુનો અમલ કરવામાં આવે છે.

નોંધ :- તાજેતરમાં ચાલતી ગુજરાત યુનિવર્સિટીની કોલેજની પરીક્ષાઓ અંગે જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જનાર છે તેઓને તેમના પ્રવેશપત્ર બતાવેથી જવા દેવા એક વિદ્યાર્થી સાથે એક વાલી જઇ શકશે. પરીક્ષામાં રોકાયેલ કર્મચારીઓને તેમના ઓળખપત્ર બતાવેથી જવા દેવા.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે જે ગુનો ગુજરાત સરકારના ગૃહખાતાના જાહેરનામા નંબર જીજી/૩૬૫/૭૯/એસબી/૧/સીએલએ/૧૦૭૯/૧૦૭૨૬, તા ૧૪-૧૨-૭૯ પ્રમાણે કોગ્નીઝેબલ અને બીનજામીન લાયક ગુનો છે.

અપવાદ :-

આ હુકમ ફરજ ઉપરના પોલીસ દળ, ફાયરબ્રીગેડ, રેડ ક્રોસ, એમ્બ્યુલન્સ, મિલ તથા ફેકટરીના કામદારો, હોમગાર્ડ, એસઆરપી તેમજ અન્ય ફરજ પરના મિલેટ્રી, પેરામિલેટ્રી ફોર્સ, ડોકટર્સ, નર્સીસ, વકીલો, પ્રેસ, રેલ્વે, મ્યુ. કોર્પો. એ.એમ.ટી.એસ. તથા એસ.ટી. ઈલે. સીટીના કર્મચારીઓ, ઓ.એન.જી.સી., ટેલીફોન, તાર-ટપાલ, ખાતાના કર્મચારીઓ ઉપરાંત ન્યાયખાતાના કોર્ટના મેજિસ્ટ્રેટ સહિત તમામ કર્મચારીઓ અને આકાશવાણી તથા દુરદર્શનનાં કર્મચારીઓ અને સરકારી અને અર્ધસરકારી ખાતાનાં કર્મચારીઓને જેઓને તેમના ખાતાના વડા અધિકારી દ્વારા કચેરીમાં ફરજ બજાવવા અંગે ફોટા સાથેના ઓળખપત્રો આપેલ હોય અથવા પોલીસ કમિશનર અમદાવાદ શહેર તરફથી કરફયુગ્રસ્ત વિસ્તારમાં જવા આવવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવી વ્યકિતઓને લાગુ પડતો નથી.

આજ તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

ચિત્તરંજનસિંઘ,
ઈન્ચાર્જ પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ હેઠળનું.

ક્રમાંક એમએજી. પીઓએલ/વશી/૬૫૨૬/૨૦૦૩.--ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, પાનોલી તથા ઝગડીયા નોટીફાઈડ એરીયામાં જીઆઈડીસી આવેલ છે. આ જીઆઈડીસીમાં આવેલ કેટલી કંપનીઓ દ્વારા રાત્રીના સમયે ટેન્કરો દ્વારા રસાયણીક કચરો વિવિધ સ્થળે ગેરકાયદેસર રીતે ખાલી કરવામાં આવે છે તે મતલબની વ્યાપક રૂપમાં લોકો દ્વારા તથા ઈન્ડસ્ટ્રીયલ ઓસોશીએશન મારફતે પણ ફરીયાદો મળેલ છે. આ ગેરકાયદેસરની રાત્રીના સમયે રસાયણીક કચરાના ટેન્કરોની હેરાફેરીથી લોકોની જાન તથા સ્વાસ્થ્યની સામે ભય ઉભો થયેલ છે. અને ક્યારેક મોટી હોનારત થવા પણ દહેશત રહેલ છે. જેથી રાત્રીના સમયે અંકલેશ્વર, પાનોલી, ઝઘડીયા જીઆઈડીસીના વિવિધ કંપનીઓમાંથી રસાયણીક કચરો ટેન્કર, ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો, ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઈ જતાં વાહનો દ્વારા વહન કરવા અને ખાલી કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું રાજીવ ટોપનો, આઈએએસ જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મળેલા અધિકારની રૂએ ફરમાવું છું કે, હુકમની તારીખથી બે માસ માટે રાત્રીના ૭-૦૦ કલાકથી બીજા દિવસે સવારના ૮-૦૦ કલાક સુધી અંકલેશ્વર, પાનોલી તથા ઝઘડીયા ઔદ્યોગિક સંકુલમાંથી રસાયણીક ભરેલ ખાલી કે અન્ય વસ્તુ ભરેલ ટેન્કરો, ટ્રેકટરો બંધ બોડીના વાહનો, ડમ્પરો, ખાલી કે ભરેલા પીપ અથવા ડ્રમ્સ લઈ જતાં કોઈપણ પ્રકારના વાહનોને હરવા ફરવા પર લાવવા લઈ જવા ઉપર તથા અન્ય કોઈપણ ખાનગી અગર જાહેર સ્થળે ઠાલવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ આદેશ ફક્ત કોમન એન્ફલ્યુમેન્ટ પ્લાન્ટ (ઓનવીરો, ટેકનોલોજી લી.ના ટેન્કરોને તથા બરબના ટ્રેકટરને લાગુ પડશે નહિ.)

આ હુકમનો ભંગ બદલ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

રાજીવ ટોપનો,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ- ૩૩ (૧) (બી)(સી) મુજબ.

ક્રમાંક એમએજી/વશી/૫૦૯૪ થી ૫૧૦૨/૨૦૦૩.-- સિધ્ધપુર ખાતે આગામી કાર્તિકી પૂર્ણિમાના યોજનાર મેળા દરમ્યાન તા. ૭-૧૧-૦૩ થી તા. ૯-૧૧-૦૩ સુધી નરસંગ ટેકરી પાસે નદીના

INDEX

પટમાં પેસેન્જરોને લઈ જવા લાવવા માટે એસ.ટી.બસના પાર્કીંગની વ્યવસ્થા રાખેલ હોઈ ખેરાલુ બાજુથી બિલિયા થઈ નદીના પટમાં આવતા તમામ પ્રાઈવેટ ટ્રાફીક લાલપુર ગામની ગૌચરમાં ખરાબા વાળી જગામાં બીલીયા સિધ્ધપુર રોડ ઉપર ગૌચરં વાળી જગામાં વાહનોની પાર્કીંગ વ્યવસ્થા રાખવામાં આવનાર છે.

સદર રોડ સીંગલ પટ્ટી વાળો પાકો ડામર રોડ છે અને બીજા કોઈ રૂટની વૈકલ્પિક વ્યવસ્થા નથી જેથી લાલપુર ગામની બીલીયા સિધ્ધપુર રોડ ઉપર ગૌચરવાળી જગાથી નદીના પટ સુધી પ્રાઈવેટ વાહનો આવવા ઉપર પ્રતિબંધ મુકવા પોલીસ અધિક્ષકશ્રી પાટીલ તરફથી અભિપ્રાય સહ દરખાસ્ત રજુ થતાં લાલપુર ગામની બિલીયા સિધ્ધપુર રોડ ઉપર ગૌચરવાળી જગાથી નદીના પટ સુધી ખાનગી વાહનો આવવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું અને ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ-૧ના ખંડ (બી)થી મને મળેલ સત્તાની રૂઈએ ટ્રાફીક નિયમન માટે નીચે મુજબ હુકમ કરું છું.

(૧) લાલપુર ગામની બીલીયા-સિધ્ધપુર રોડ ઉપર ગૌચરવાળી જગાથી નદીના પટ સુધી ખાનગી વાહનો અથવા પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહુ જાહેરનામું તા. ૭-૧૧-૦૩ થી તા. ૯-૧૧-૦૩ ના સમયગાળા માટે અમલમાં રહેશે.

સદરહુ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે યોગ્ય તે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

આજ તારીખ ત્રણ માહે નવેમ્બર ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. /જાહેરનામું/વશી/૩૨૨૨ થી ૩૨૩૧.-- તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પુનમે તારીખ ૭મી નવેમ્બર ૨૦૦૩ થી તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધી જાહેર મેળો ભરાનાર છે. આ મેળામાં આજુ બાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જમસમુદાય એકત્રીત થશે. જેથી મેળામાં હાથલારીઓમાં માલ-સામાન રાખી વેચાણ કરનાર વેપારીઓ ઉપર નિયંત્રણ મુકવા માટે જે જગ્યાએ લારીઓ ઉભી રાખવાનું નક્કી કરેલ હોય તે જગ્યા સિવાય અન્ય જગ્યાએ લારીઓ ઉભી રાખી વેપાર કરવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપળા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે તરીખ ૭મી નવેમ્બર ૨૦૦૩ થી તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધીના સમયગાળામાં (બન્ને દિવસો સહિત)ભાદરવા ગામના મેળામાં કોઈપણ વ્યક્તિએ પોતાની હાથલારીઓ મેળામાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવવી નહિ. પરંતુ પોલીસ ખાતા અગર ગ્રામ પંચાયત તરફથી નિયત કરેલ જગ્યાએજ ઉભી રાખવી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ સહિ તથા સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(એમ) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી. /જાહેરનામું/વશી/૩૨૩૨ થી ૩૨૪૧.-- તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિકી પુનમે તારીખ ૭મી નવેમ્બર ૨૦૦૩ થી તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધી જાહેર મેળો ભરાનાર છે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી તેમજ અન્ય રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થાય છે અને ભાદરવાના મેળામાંથી ગરૂડેશ્વર પાસે આવેલ નર્મદા નદીના ઘાટ ઉપર લોકો સ્નાન કરે છે. નર્મદા નદીના પાણી ઊંડા હોવાથી તેમજ નદીમાં ખાડા પડેલ હોવાથી અકસ્માત થવાની શક્યતા છે. જેથી નર્મદા નદીમાં અમુક વિસ્તારમાં સ્નાન કરવા પર નિયમન કરવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. ડી. નિનામા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપળા અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (એમ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તરીખ ૭મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધીના સમયગાળામાં (બન્ને દિવસો સહિત) ગરૂડેશ્વર મુકામે નર્મદા નદીમાં પોલીસ ખાતા તરફથી નક્કી થયેલ હદની અંદર જ લોકોએ પાણીમાં સ્નાન કરવું તથા નિયત ઘાટની હદની બહાર સ્નાન કરવા પર પ્રતિબંધ મુકવા આદેશ કરું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ સહિ તથા સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે

ક્રમાંક એમ.એ.જી./જાહેરનામું/વશી /૩૨૪૨થી ૩૨૫૧.-તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિક પુનમે

INDEX

તા. ૭મી નવેમ્બર, ૨૦૦૩ થી તા. ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધી જાહેર મેળો ભરાનાર છે અને અમારા અભિપ્રાય મુજબ નીચે જણાવેલ કૃત્યોથી ચેપી રોગચાળો ફાટી નીકળવાનો પુરો સંભવ છે. જેથી દરેક વ્યક્તિએ નીચે જણાવેલ નિયમોનું પાલન કરવું જરૂરી છે.

૧. પાણી પીવા માટે જે સ્થળ નિયત કર્યા હોય તેની નજીકના ૧૨ (બાર) ફૂટનો વિસ્તાર અથવા જે તે જગ્યા ઉપર નહાવું, ધોવું કે કપડાં ધોવાં કે જનાવરોને નવડાવવા નહિ અને વાહનો ધોવાં નહિ.

૨. યાત્રાના સમયે નિયત કરેલ જગ્યા સિવાય અન્ય જગ્યા પર ઝાડા પેશાબ કરવા નહિ.

૩. ગંધાતા, વાસી અને ઉતરી ગયેલા અગર માનવ ખાધ માટે બીનઉપયોગી એવા ફળફળાદિ, પીણા તથા ખોરાક વેચવા નહિ.

૪. ખાનપાનની દુકાનો, હોટલો રેસ્ટોરન્ટ તથા પોતાની દુકાનો અસ્વચ્છ અને ગંદા રાખવા નહિ.

૫. જે યાત્રાળુઓ કોલેરા, શીતળા, પ્લેગ જેવાં ચેપી રોગથી પીડાતા હોય તેમને ફરજ પરના સેનેટરી ઈન્સ્પેક્ટર પાસેથી એવા રોગચાળા અટકાવવા માટેની દવા ઈન્જેકશન વગેરે અગાઉથી લીધા વગર મેળામાં આવવું નહિ.

વાસ્તે હું બી. ડી. નિનામા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભાદરવા અને જયાં જયાં આજુબાજુના ગામમાં યાત્રા ભરાતી હોય તેવા સ્થળોમાં ઉપર જણાવેલ કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

ઉપર જણાવેલ નિયમોનો જે કોઇ વ્યક્તિ ભંગ કરશે અથવા તેમ કરવામાં મદદ કરશે તેને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ અનુસાર ૩ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષાને પાત્ર થશે, અને સદર હુકમ તા. ૭મી નવેમ્બર,૨૦૦૩ થી તા. ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તા. ૫મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ સહિ તથા સિક્કો કર્યો.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે

ક્રમાંક એમ.એ.જી./જાહેરનામું/વશી /૩૨૫૨થી ૩૨૬૧.-તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે કાર્તિક પુનમે તા. ૭મી નવેમ્બર, ૨૦૦૩ થી તા. ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધી જાહેર મેળો ભરાનાર છે. આ મેળામાં આજુબાજુના ગામોમાંથી મોટા પ્રમાણમાં જનસમુદાય એકત્રીત થશે. વેપારીઓ દ્વારા ઘાસ, કામળા, વાંસ વગેરેનાં માંડવા તૈયાર કરવામાં આવશે. આ મેળામાં દારૂખાનું ફોડવાથી અકસ્માત થવાની શકયતા છે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન ભાદરવા ગામના મંદિરની તેમજ મેળાની હદમાં દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. ડી. નિનામા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમની કલમ-૩૩(૧) (યુ) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૭મી નવેમ્બર,૨૦૦૩ થી તા. ૮મી નવેમ્બર, ૨૦૦૩ સુધીના સમયગાળામાં (બંને દિવસો સહિત) ભાદરવા ગ્રામ પંચાયત અને ભાદરવાદેવનાં મંદિર અને મેળાના વિસ્તારની હદમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનું દારૂખાનું ફોડવું નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે ઉક્ત કાયદાની કલમ ૧૩૧ પ્રમાણે સજા અને દંડને પાત્ર થશે.

આજ તા. ૫મી નવેમ્બર-૨૦૦૩ના રોજ સહિ તથા સિક્કો કર્યો.

બી. ડી. નિનામા,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા
રાજપીપલા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ - ૩૭ (૪) હેઠળનું

નંબર પલસ/ફાયરીંગ/શેરૂલા/વશી ૪૪૫૭/૦૩.-ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી, સી.આઇ.એસ.એફ.યુનિટ યુ.ટી.પી.એસ. ઉકાઇ, ઓ.એન.જી.સેલ, અંકલેશ્વર, જી. ભરૂચ, હજીરા ઓ.એન.જી.સી. સુરત તથા એન.ટી.પી.સી., કે.જી.પી.પી. ક્વાસ, સુરતનો ફાયરીંગ પ્રેકટીસ કાર્યક્રમ તા. ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ થી તા. ૨૫મી નવેમ્બર, ૨૦૦૩ સુધી શેરૂલા ખાતેના ફાયરીંગ બટ ખાતે રાખવામાં આવેલ છે. સબબ આ વિસ્તારની હદમાં તથા આજુબાજુ રહેતી પ્રજાજનોની સલામતી ખાતર હું જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સુરત સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સોનગઢ તાલુકાના ઉકાઇ શેરૂલા ફાયરીંગ બટ ઉપર તા. ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ થી તા. ૨૫મી નવેમ્બર, ૨૦૦૩ સુધી ગોળીબાર પ્રેકટીસનો કાર્યક્રમ રાખેલ હોય, સદરહુ વિસ્તારના આજુબાજુ રહેતા તથા બહારની કોઇ પણ અનઅધિકૃત વ્યક્તિઓ તેમજ ચરાવવામાં આવતા ઢોર, ઢાંખર વિગેરેએ સદરહુ ફાયરીંગ બટ વિસ્તારોની આજુબાજુની ૧૦૦ મીટર વિસ્તારમાં તા. ૧૦મી નવેમ્બર, ૨૦૦૩ થી તા. ૨૫મી નવેમ્બર, ૨૦૦૩ સુધી પ્રવેશ કરવો નહી તથા તે વિસ્તારમાં હરવું ફરવું નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જે. બી. વોરા,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક નઘણ/૩૭૩૬/ક-૩/૯૧૮/ઘ-૨૧૦૦૪/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે આમ્રજ્યોત કોમર્શીયલ એન્ડ હાઉસીંગ કો. ઓપ. સો. લી. મર્યાદિત સ્થળ બોડકદેવ, તાલુકો દસ્ક્રોઇ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૩.

ક્રમાંક નઘણ/૩૫૯૦/ક-૩/૯૦૨/સે-૩૪૭૧૪/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે ધાકડી મહિલા દુધ ઉત્પા. સ. મં. લી. મર્યાદિત સ્થળ ધાકડી, તાલુકો વિરમગામ, જીલ્લો અમદાવાદ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમદાવાદ, તા. ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૩.

એ. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, અમદાવાદ.

વંચાણે લીધા :-

(૧) શ્રી ફડચા અધિકારી ધી આરાસુરી કો. ઓપ. હાઉ. સો. લી. અંબાજી તા. દાંતા અને સહકારી અધિકારી (ફડચો) ન. જ. પાલનપુરના તા. ૨૨-૧૦-૦૩ ની પુનઃ જીવિતની દરખાસ્ત.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૯ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૧૭૦૩/૨૦૦૩.—ધી આરાસુરી કો. ઓપ. હાઉ. સો. લી. અંબાજી તા. દાંતાને આ કચેરી તા. ૨૨-૮-૦૩ થી હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ/ફ-૧૩૭૩૮/૧૨૯૨/૦૩ થી ફડચામાં લઇ જવાનો અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) ન. જ. પાલનપુરની નિમણુંક કરતા હુકમો કરવામાં આવેલ હતા. એ મુજબ ફડચા અધિકારીશ્રીએ સદર ફડચા મંડળીનો દફતરી ચાર્જ તા. ૨૭-૯-૦૩ ના રોજ સંભાળેલ ત્યારબાદ ફડચા મંડળીના બેંક ખાતા ફડચા અધિકારી ખાતે તબદીલ કરાવી ફડચાની કામગીરી શરૂ કરેલ હતી. પરંતુ મંડળીના કાર્યવાહકો/સભાસદોએ મંડળીને પુનઃ જીવિત કરવા અરજીથી વિનંતી કરતાં જણાવેલ છે કે મંડળીમાં કુલ-૫૭ સભ્યોની નોંધણી થયેલ છે. તે પૈકી ૪૩ મકાનોના બાંધકામ પુર્ણ થયેલ છે અને ૧૫ પ્લોટો ઉપર બાંધકામ થયેલ નથી. જે પૂર્ણ કરવાની કાર્યવાહી કરવા તેમજ મંડળીના મંજુર નકશા મુજબ કુલ-૬૫ પ્લોટો છે. તે પૈકી ૫૭ સભ્યો છે. બાકી રહેલા ૮ પ્લોટોની હરાજી કરી નિકાલ કરવા અને તેમાંથી થનાર આવકમાંથી મંડળીમાં કંપાઉન્ડ વોલ તેમજ મંડળીના સભાસદોના બાળકો માટે બાલ ક્રીડાંગણ અને વધુ બચત રહે તો કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે. આમ તમામ ઉદેશો પુર્ણ કરવા ખાત્રી આપેલ છે. તેમના હિતોને અનુલક્ષીને ફડચા અધિકારીએ મંડળીને પુનઃ જીવિત કરવાની ભલામણ કરેલ છે. જે ભલામણોને ગ્રાહ્ય રાખી મંડળીને પુનઃ જીવિત કરવાનું ઠરાવીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

ધી આરાસુરી કો. ઓપ. હાઉ. સો. લી. અંબાજી, તા. દાંતા, જી. બનાસકાંઠાને અત્રેની કચેરીના તા. ૨૨-૮-૦૩ ના હુકમ ક્રમાંક ફડચા/૦૧/ગ/૧૨૯૨/૦૩, ફ, ૧૩૭૩૮ થી મંડળીને ફડચામાં લઇ જવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ હુકમ રદ કરી મંડળીને પુનઃ જીવિત કરતો તેના મુળ નોંધણી નંબર ઘ-૭૯૭૩, તા. ૬-૮-૭૪ ચાલુ રાખતાં સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ અન્વયે મંડળીને પુનઃ જીવિતનો હુકમ કરવામાં આવે છે.

પાલનપુર, તા. ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૧-૭-૦૩ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૨૮-૭-૦૩.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૬-૯-૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામાં ક્રમાંક સી.એચ.કે.એચ./૨૪/૯૧/ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪/જે થી મળેલ સત્તાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ૧૫૧૩૭/૦૧/ગ/૧૭૦૪/૨૦૦૩.—ધી માતૃછાયા કો. ઓપ. હાઉસીંગ સો. લી. અંબાજી તા. દાંતાએ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ- ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ઘ-૭૯૬૭, તા. ૨૧-૯-૮૨ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળી છેલ્લા ચાર પાંચ વર્ષથી સ્થગિત છે. કોઇ પ્રવૃતિ કરેલ નથી. વાર્ષિક સાધારણ સભા કે કમિટિની બેઠક મળેલ નથી. મંડળીના સભાસદો કે કાર્યવાહકોને કોઇ રસ નથી. વહીવટદારની મુદત પુર્ણ થયેલ છે. આ બાબતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવા માટે કારણદર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. જે મળ્યા પછી કાર્યવાહકો તરફથી કોઇ રજુઆત થઇ નથી. આથી આમુખ-૩ થી મંડળીને ફડચામાં લઇ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે જણાવવામાં આવેલ હુત કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી. અન્યથા મંડળીને ફડચામાં લઇ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને

વચગાળાનો આદેશ મળેલ છે. જેની સામે મંડળીએ કોઇ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય તેવું જણાઇ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઇ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક હોઇ તા. ૬-૯-૦૩ ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારની રૂએ ધી માતૃછાયા કો. ઓપ. હાઉસીંગ સો. લી. અંબાજી, તા. દાંતા, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ઘ-૭૯૬૭ તા. ૨૧-૯-૮૨ ને સને ૧૯૬૨ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમના કલમ-૧૦૭(૧) ની જોગવાઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લી. અમદાવાદની નિમણુંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) શ્રી જિલ્લા સ્પેશ્યલ ઓડીટર, સહકારી મંડળીઓ, પાલનપુરના તા. ૨૧-૭-૦૩ નો ફડચાનો ખાસ અહેવાલ.

(૨) અત્રેની ફડચાની કારણદર્શક નોટીસ તા. ૨૮-૭-૦૩.

(૩) અત્રેનો ફડચાનો વચગાળાનો આદેશ તા. ૬-૯-૦૩.

(૪) સરકારશ્રીના ખેતીવાડી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૩૦-૩-૯૨ના જાહેરનામાં ક્રમાંક સી.એચ.કે.એચ./૨૪/૯૧/ડી.ડી.જી./૧૧૮૬/૫૨૦૪ જેથી મળેલ સભાઓ.

(૫) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ૧૫૧૩૬/૦૧/ગ/૧૭૦૫/૨૦૦૩.–ધી ચામુંડા ગ્રાહક સહકારી ભંડાર લી. ડીસા, તા. ડીસા એ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ- ૧૯૬૧ અન્વયે નોંધણી નંબર ભં-૩૨૪, તા. ૨૧-૩-૯૩ થી નોંધવામાં આવેલી સહકારી મંડળી છે. આમુખ-૧ થી જણાવ્યા પ્રમાણે મંડળીનું તા. ૧-૭-૯૮ થી ઓડીટ બાકી છે. જે કરાવતા નથી. ઓડીટ માટેની ટપાલ રજી. પો. એ.ડી. થી મોકલેલ જે છોડાવેલ નથી. મંડળી સ્થગિત છે. આ બાબતોને ધ્યાને લઇ મંડળીને ફડચામાં લઇ જવા માટે કારણદર્શક નોટીસ આમુખ-૨ થી આપેલ હતી. જે કાર્યવાહકોએ નોટીસ છોડાવેલ નથી. કે કોઇ રજુઆત કરી નથી. આથી મંડળીના ફડચામાં લઇ જતો વચગાળાનો આદેશ કરેલ. સાથે સાથે જણાવવામાં આવેલ હતુ કે એક માસ સુધીમાં જણાવેલ કારણો સામે યોગ્ય રજુઆત કરવી. અન્યથા મંડળીને ફડચામાં લઇ જતો અંતિમ આદેશ કરવામાં આવશે. મંડળીના કાર્યવાહકોને વચગાળાનો આદેશ પણ સ્વીકારેલ નથી. કે તેની સામે કોઇ રજુઆત કરી નથી. જેથી મંડળી સ્થગિત હોય તેવું જણાઇ આવે છે. અને મંડળીને કાર્યરત રાખવા મંડળીના સભાસદોને કોઇ રસ નથી. જે ધ્યાને લેતાં હવે મંડળીને ફડચામાં લઇ જવી આવશ્યક હોઇ તા. ૬-૯-૦૩ ના વચગાળાના આદેશને બહાલ રાખી નીચે મુજબનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું એમ. એન. તબિયાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુર, મને મળેલ અધિકારની રૂએ ધી ચામુંડા ગ્રાહક સહકારી ભંડાર લી. ડીસા, તા. ડીસા, જિલ્લો બનાસકાંઠા નોંધણી નંબર ભં-૩૨૪ તા. ૨૧-૩-૯૩ ને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭(૧)ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઇ જવાનો અંતિમ હુકમ કરૂં છું. તથા સદરહું કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી મદદનીશ સહકારી અધિકારી (લવાદ), પાલનપુરની નિમણુંક કરૂં છું.

ફડચાનું કામકાજ ત્રણ વર્ષ પહેલાં પુર્ણ કરવાનું રહેશે.

પાલનપુર, તા. ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૩.

એમ. એન. તબિયાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાલનપુર.

નંબર નઘણ/૦૧/ક-૨//૬૩૩/સા-૩૮૯૩/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે શ્લોક કો. ઓ. હાઉસીંગ (સર્વીસ) સો. લી. મર્યાદિત સ્થળ અંકલેશ્વર, તાલુકો અંકલેશ્વર, જીલ્લો ભરૂચ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભરૂચ, તા. ૧૦મી નવેમ્બર, ૨૦૦૩.

આર. એમ. આસોડીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભરૂચ.

જા.નં. નઘણ/ઘ/૧૧૨૫/૦૧/ખ/૪૭૦/ઘ-૧૭૬૯૦/૨૦૦૩.-આથી જાહેર કરે છે કે શ્રી આદર્શ હાઉસીંગ સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ મહેમદાવાદ, તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૪મી ઓક્ટોબર, ૨૦૦૩.

જા. નં. નઘણ/સા/૧૧૨૬/૦૧/ખ/૪૭૩/સા-૩૦૩૮/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે શ્રી પ્રયત્ન મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિરપુર, તાલુકો વિરપુર, જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૯મી ઓક્ટોબર, ૨૦૦૩.

જા. નં. નઘણ/સા/૧૧૨૭/૦૧/ખ/૪૭૪/સા-૩૦૩૯/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે શ્રી ધી વિરપુર તાલુકા મજુર કામદાર સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ વિરપુર, તાલુકો વિરપુર, જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૨૯મી ઓક્ટોબર, ૨૦૦૩.

જા. નં. નઘણ/સે-દૂ/૧૧૨૮/૦૧/ખ/૪૭૫/સે-દૂ-૩૩૩૦૭/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે શ્રી વણસોલી (મહિલા) દૂધ ઉત્પાદક સહ. મંડળી લી. મર્યાદિત સ્થળ વણસોલી, તાલુકો મહેમદાવાદ, જીલ્લો ખેડા.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીઆદ, તા. ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૩.

એચ. એન. દરજી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નડીયાદ.

વંચાણમાં લીધા :

ખંભાત-અનાજ ઉત્પાદક સ. મં. લિ. મુ. જીરાણ, તા. તારાપુરને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૬૧/૨૦૦૩, તા. ૧૧-૯-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૫૨/૨૦૦૩.-ખંભાત-અનાજ ઉત્પાદક સ. મં. લિ. મુકામ જીરાણ, તા. તારાપુર, જિલ્લાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે. ૨૭૦૩૬, તા. ૨૧-૧-૧૯૯૪ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત, જિ. રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં " ૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :

કાવીઠા ગ્રાહક સ. ભં. લિ. મુ. કાવીઠા, તા. બોરસદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૫૭/૨૦૦૩, તા. ૧૧-૯-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૬૩/૨૦૦૩.-કાવીઠા ગ્રાહક સહકારી ભંડાર લિ. મુકામ કાવીઠા, તાલુકો બોરસદ, જિલ્લોને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર ભં. - ૩૧૩૨, તા. ૧૬-૧-૧૯૮૦ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત, જિ. રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં "૦૪૨૫ સહકાર " સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :

હરખાપુરા તમાકુ ઉત્પાદક સ. મં. લિ. મુ. હરખાપુરા, તા. બોરસદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૬૨૧/૨૦૦૩, તા. ૨૯-૯-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૫૪/૨૦૦૩.-હરખાપુરા તમાકુ ઉત્પાદક સ. મં. લિ. મુકામ હરખાપુરા, તાલુકો બોરસદ, જિલ્લાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે. - ૨૪૪૬૯, તા. ૬-૯-૧૯૯૦ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત, જિ. રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં " ૦૪૨૫

INDEX

સહકાર '' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :

ખાનકુવા તેલીબીયા ઉત્પાદક સ. મં. લિ. મુ. ખાનકુવા, તા. આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૬૨/૨૦૦૩, તા. ૧૧-૯-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૫૫/૨૦૦૩.-ખાનકુવા તેલીબીયા ઉત્પાદક સ. મં. લિ. મુકામ ખાનકુવા, તાલુકો આણંદ, જિલ્લાને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે. - ૨૧૩૫/૮૫, તા. ૨૯-૪-૧૯૮૫ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત, જિ. રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં '' ૦૪૨૫ સહકાર '' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :

પોપટવાવ ઉમીયા પીયત સ. મં. લિ. મુ. પોપટવાવ, તા. ખંભાતને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૬૩/૨૦૦૩, તા. ૧૧-૯-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૫૬/૨૦૦૩.-પોપટવાવ ઉમીયા પીયત સ. મં. લિ. મુકામ પોપટવાવ, તાલુકો ખંભાત, જિલ્લોને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર સે. - ૩૫૩૩, તા. ૧૭-૨-૧૯૯૨ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત, જિ. રજી. સ. મં. આણંદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં '' ૦૪૨૫ સહકાર '' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૩મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :

શહનલાવ સેવા સ. મં. લિ. મુ. શહનલાવ, તા. આણંદને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ

ક્રમાંક ફડચ/૦૧/ચ/૫૬૦/૨૦૦૩, તા. ૧૧-૯-૨૦૦૩.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૬૩/૨૦૦૩.-શહનલાવ સેવા સહકારી મંડળી લિ. મુકામ શહનલાવ, તાલુકો આણંદ, જિલ્લોને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પં. નડીયાદની ઓફીસના નોંધ નંબર ૪૪૮૩, તા. ૧૯૬૩ થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ખેડા જિલ્લા મધ્યસ્થ સ. બેંક, નડીઆદની સદર કાયદાની કલમ ૧૦૮(૩) હેઠળ નિમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સહકારી તીજોરીમાં '' ૦૪૨૫ સહકાર '' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ જીલ્લો,
આણંદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તા. ૨૫-૯-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ ખ/૨૫૬૬/૦૩થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૨૬૯૪/ ખ/ /૨૦૦૩.–શ્રી વણાગલા સેવા સહકારી મંડળી લિ., મુ. વણાગલા, તા. ઊંઝા, જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૨૫-૯-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/ ૦૧/ખ/૨૫૬૬/૨૦૦૩થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તા. ૧૯-૮-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ ખ/૨૩૧૯/૦૩થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૨૬૯૫/ ખ/ /૨૦૦૩.--શ્રી લાંઘણજ સેવા સહકારી મંડળી લિ., મુ. લાંઘણજ, તા. જિ. મહેસાણાને અત્રેની કચેરીના આમુખ-૧ના તા. ૧૯-૮-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૩૧૯/૨૦૦૩થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

નં. નધણ/૦૧/ખ-૧/ઉ/૧૨૭૩૧/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, ધી મહાશક્તિ મહીલા મજુર કામદાર સ. મં. લી. મર્યાદિત સ્થળ વડીયા, તાલુકો નાંદોદ, જિલ્લો નર્મદા, સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નર્મદા, તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૩.

કે. વી. આચાર્ય,
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
નર્મદા.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ : ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના તારીખ ૧-૯-૨૦૦૩ ની કારણદર્શક નોટીસ પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૭૭૬/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૪૪૧/૨૦૦૩.--ધી વેણપુર દૂધ ઉત્પાદક સરકારી મંડળી લિ., મું. વેણપુર, તા. ભિલોડા, જિ. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. આ મંડળીનું તા. ૧-૪-૦૨ થી તા. ૩૧-૩-૦૩ સુધીનાં સમયગાળાનું વૈધાનિક ઓડીટ, સબ ઓડીટર, સ. મં. (દૂધ), હિંમતનગર ધ્વારા કરવામાં આવેલ છે. મંડળીએ પેટા કાયદાના ઉદેશો પરિપુર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળી છેલ્લા બે વર્ષથી સ્થગિત છે. મંડળીના સભાસદો મંડળીમાં દૂધ ભરાવતા નથી.

(૨) ઓડીટ સમય દરમ્યાન વ્ય. કમીટીની એકપણ બેઠક મળેલ નથી.

(૩) ઓડીટ સમય દરમ્યાન વાર્ષિક સાધારણ સભા મળેલ નથી.

(૪) મંડળીના સરવૈયામાં બોલતા બાકી દેવાં-લ્હેણાંની વસુલાત અંગે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૫) મંડળીના કર્મચારી/હોદ્દેદારોને અને સભાસદોને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી.

(૬) મંડળીની આદિજાતિ કોર્પો. લોન રૂા. ૪,૬૭,૦૦૦/- ભરવાની બાકી છે.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી તા. ૨૨-૯-૨૦૦૩ ના રોજ રુબરુ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. તથા ફેર રજુઆત માટે તારીખ ૨૫-૯-૦૩ ની મુદત આપવામાં આવેલ હતી. સદર મુદતે મંડળીના કાર્યવાહકોએ તા. ૨૨-૯-૦૩ ની મુદતે જણાવેલ છે કે, મંડળી છેલ્લા બે વર્ષથી પાણી અને ઘાસચારાના કારણે બંધ છે. ત્રણ વર્ષથી કુવા તથા બોરમાં પાણી બીલકુલ સુકાઇ ગયેલ અને દુષ્કાળની પરિસ્થિતિ હોવાથી દુધનો પુરવઠો નહીંવત થતો હોવાથી મંડળી બંધ છે. ચાલુ વર્ષ નવેમ્બર પછી ખેતીની આવક થયા પછીથી દૂધ મંડળી ચાલુ થઇ શકે તેમ છે. જેથી ખરેખર મંડળી શરૂ થઇ શકે તેમ જણાતું ન હોઇ આ રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. તા. ૨૫-૯-૦૩ ની મુદતે સંસ્થા તરફથી કોઇ હાજર રહેલ નથી.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રુએ ધી વેણપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. વેણપુર, તા. ભિલોડા, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) (સી) (૨) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરી, હિંમતનગર નિમણૂંક કરું છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો

INDEX

કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતની મુદતમાં લેખિત / મૌખિક રુબરુ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રુબરુ રજુઆત કરવા તા. ૮-૧૨-૦૩ ના રોજ ૧૪-૪૫ કલાકે આ કચેરીએ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત / ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાર મંડળી તરફથી કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં નહીં આવે તો મુદત વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તા. ૭મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ : ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના તારીખ ૧૮-૯-૨૦૦૩ ની કારણદર્શક નોટીસ પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૨૧૮૦/૨૦૦૩.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૪૪૩/૨૦૦૩.–ધી આંબલીથારા, ગૃપ સેવા સહકારી મંડળી લિ., મું. આંબલીથારા, તા. બાયડ, જિ. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. સદર મંડળીનું ઇન્પેકશન ધી સા. જી. મધ્યસ્થ સહકારી બેંક, હિંમતનગરની બાયડ શાખા ધ્વારા કરવામાં આવેલ છે. જે અહેવાલ ધ્યાને લેતાં મંડળી બીન અર્થક્ષમ થતી જાય છે. આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળીના કાર્યક્ષેત્રના સાત ગામોમાં કુલ ખેડુત ખાતેદારો ૧૫૧૮ છે. જે પૈકી સભાસદ ૯૧૩ અને કર્જ લેતા સભ્યો માત્ર ૨૦ છે.

(૨) મંડળીના ૨૦ સભ્યો પાસે રૂા. ૧,૪૧,૮૦૩/- મુદતવીતી બાકી રકમ છે.

(૩) મંડળીનો છેલ્લા ચાર વર્ષથી ઓડીટ વર્ગ "ક" છે. તથા મંડળીમાં મિલ્કત કરતાં દેવાનું પ્રમાણ વધારે છે.

(૪) મંડળીમાં ૩૧-૩-૦૩ ના અંતિમ એકત્રીત ખોટ રૂા. ૪,૦૮,૨૨૫/- થયેલ છે. જેથી કર્જ કરવાની મત્તા જળવાતી નથી.

(૫) મંડળીમાં બે કર્મચારીઓ પાસે કુલ રૂા. ૨૭,૯૦૦-૮૦ની નાણાકીય ગેરરીતી આચરેલ છે. જે રકમ વસુલ કરવા મંડળી ધ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.

(૬) મંડળીના હિસાબો નિયમિત લખાતા નથી. ખર્ચાઓ મીટીંગમાં મંજુર થતા નથી. સ્ટોકની ચકાસણી થતી નથી.

(૭) ઇન્સ્પે./ઓડીટની ખામીઓની વાસ્તવિક દુરસ્તી મંડળી ધ્વારા કરવામાં આવતી નથી.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી તા. ૬-૧૦-૨૦૦૩ના રોજ રુબરુ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. પરંતુ સદર મંત્રીશ્રી હાજર ન હોઇ મુદતની માગણી કરતાં તા. ૧૩-૧૦-૨૦૦૩ ની આપવામાં આવી. સદર મુદતે મંડળીના ચેરમેન/સેક્રેટરીશ્રીએ નીચે મુજબની લેખિત રજુઆત કરેલ છે.

(૧) સને ૧૯૯૦ માં દેવા નાબુદી યોજનાને લીધે મુ. વિ. બાકીદારોના દેવાં માફ થતાં બાકીના રહી ગયેલ ખેડૂતમાં ગેરસમજ ઉભી થતાં બેંકે મંડળીના સભાસદલેને વધુ ધીરાણ આપવાનું બંધ કરેલ છે. જેથી ૨૦ થી વધુ સભાસદો નવું ધીરાણ મેળવતા નથી.

(૨) છેલ્લા ત્રણ વર્ષથી દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાતાં મુ. વિ. રકમ વસુલ આવેલ નથી.

(૩) મંડળીની જે ખોટ છે તે ધીરાણને કારણે છે. બેંકે મંડળી ઉપર વ્યાજ મંડળી ધ્વારા દંડનીય વ્યાજ ગણતાં આમ બનેલ છે.

(૪) મંડળીના હીસાબો રોજેરોજ લખાય છે. તેમજ મંજુર થાય છે. તેમ જણાવેલ છે.

(૫) ઇન્સ્પે./ઓડીટની ખામીઓની દુરસ્તી કરવાની ખાત્રી આપેલ છે.

આમ ઉપરોક્ત રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. મંડળી અર્થક્ષમ યુનીટ કામગીરી કરી શકે તેમ જણાતું નથી. પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રુએ ધી આંબલીયારા ગૃપ સેવા સહકારી મંડળી લિ., મું. આંબલીયારા, તા. બાયડ, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર નિમણૂંક કરું છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત / મૌખિક રુબરુ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રુબરુ રજુઆત કરવા તા. ૮-૧૨-૦૩ ના રોજ ૧૪-૩૦ કલાકે આ કચેરીએ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત / ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાર મંડળી તરફથી કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં આવે નહીં તો મુદત વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તા. ૭મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત સરકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઇઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ

ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીજી/૧૧૮૮/૫૨૦૪/જ, તારીખ : ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના તારીખ ૨૩-૧૨-૨૦૦૩ ની કારણદર્શક નોટીસ પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૩૫૩૨/૨૦૦૨.

(૪) ધી સા. જી. મધ્ય. સહ. બેંક લી., હિંમતનગરનો તા. ૩-૩-૦૩ નો પત્ર ક્રમાંક : ઇન્સ્પે./૪૫/૨૯૮૩૭.

(૫) ધી સા. જી. મધ્ય સહ. બેંક લી., હિંમતનગરનો તા. ૧-૮-૦૩ નો પત્ર ક્રમાંક : ઇન્સ્પે./૪૬/૧૧૩૮૦.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/૦૧/ગ/૨૪૪૮/૨૦૦૩.–ધી વાવડી સોનીસર ગૃપ સેવા સહકારી મંડળી લી., મું. વાવડી સોનીસર, તા. તલોદ, જિ. સાબરકાંઠા, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ અધિનિયમ અને નિયમ તથા મંડળીના પેટા નિયમ અનુસાર કરવાનો રહે છે. આ મંડળીનું તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૩૧-૩-૨૦૦૨ સુધીના સમયગાળાનું વૈધાનિક ઓટીટ ઓડીટર ગ્રેડ-૨, સ. મં. પ્રાંતિજ ધ્વારા કરવામાં આવેલ છે. તથા સદર મંડળીનું ઇન્સ્પેકટર ધી સા. જી. મધ્યસ્થ સહકારી બેંક, હિંમતનગરની તલોદ શાખા ધ્વારા કરવામાં આવેલ છે. મંડળીએ પેટા કાયદાના ઉદ્દેશો પરિપુર્ણ થાય તે રીતે કામગીરી કરી નથી. મંડળીની હાલની આર્થિક પરિસ્થિતિ જોતાં ફડચામાં લઇ જવી જરૂરી જણાતાં આ ઉપરાંત નીચે મુજબની અન્ય ક્ષતિઓ જણાઇ આવેલ છે.

(૧) મંડળીનો ઓડીટ વર્ગ "ડ" છે. તથા મંડળીએ છેલ્લા પાંચ વર્ષના ઓડીટ મેમાની દુરસ્તી કરેલ નથી.

(૨) મંડળીના વસુલ આવેલ શેરની રકમ, રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો એમ મળી કુલ રૂા. ૫૭,૮૯૮-૧૦ ની સામે રૂા. ૧,૩૭,૫૦૨-૭૨ની ખોટ છે. એમ ભંડોળોની રકમ ખોટની સામે પૂરી થયેલ છે.

(૩) મંડળીના સભ્યો પાસે સભાસદ ધીરાણ રૂા. ૮,૨૯૦/- બાકી પડે છે. તેમ છતાં ૧૦૬ ના કેસો કરેલ નથી. તે પૈકી ત્રણ સભ્યોનું અવસાન થયેલ છે.

(૪) બેંક લોન રૂા. ૯૮,૮૦૦/- છે તથા વ્યાજ રૂા. ૯૪,૧૯૪/- બાકી પડે છે. જ્યારે સભાસદ ધીરાણ રૂા. ૮,૨૯૦/- છે આમ લોન અને ધીરાણ વચ્ચે ગાળો પડે છે. આ સંજોગોમાં મંડળી અર્થક્ષમ થઇ શકે તેમ નથી.

ઉપરોક્ત ક્ષતિઓ અંગે મંડળીના કાર્યવાહકોને આમુખ-૩ થી કારણદર્શક નોટીસ આપી તા. ૧૩-૧-૨૦૦૩ ના રોજ રુબરુ હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. પરંતુ સદર મુદતે મંડળીના સેક્રેટરીશ્રીએ હાજર રહી વધુ મુદતની માગણી કરતાં તા. ૨૭-૧-૦૩ ની મુદત આપવામાં આવી. જે મુદતે હાજર રહી લેખિતમાં રજુઆત કરેલ કે, દેવા રાહતથી મંડળીમાં વ્યાજબી આવક ન થતાં ખોટ થયેલ છે. તેમજ મુ. વિ. બાકીદારો સામે વસુલાતની કાર્યવાહી ચાલુ છે. તેમજ મંડળી ફક્ત વ્યાજબી ભાવની દુકાનનું સંચાલન કરે છે. અને અન્ય વેપારી પ્રવૃત્તિ કરતી નથી.

સદર રજુઆત પરત્વે બેંકે મંડળીને ફડચામાં લઈ જવા અભિપ્રાય આપલ હતો. ફરીથી મંડળીને કારણદર્શક નોટીસના મુદાઓ પરત્વે મંડળીની તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૩ અંતિતની નાણાકીય સ્થિતિ તથા પ્રગતિનો અહેવાલ તા. ૧૫મી એપ્રિલ, ૨૦૦૩ સુધીમાં મોકલી આપવા જણાવતાં મોકલેલ નથી અને સદર માગેલ માહીતી તારીખ ૧૩મી મે, ૦૩ તથા ૪થી સપ્ટેમ્બર, ૦૩ના પત્રથી મોકલી આપવા જણાવતાં તેમજ ફેર રજુઆત કરવા સારૂં તા. ૧૫મી સપ્ટેમ્બર, ૦૩ની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ મંડળી તરફથી કોઈ હાજર રહેલ નથી. તેમજ બેન્કના અહેવાલ મુજબ મંડળીની કામગીરીમાં કોઈ સુધારો થયેલ નથી. તા. ૨૫મી સપ્ટેમ્બર, ૦૩ની મુદતે મંડળીના સેક્રેટરીશ્રીએ હાજર રહી રજુઆત કરેલ છે કે, મંડળી દ્વારા બેંક લોનની બાકી રકમ પૈકી રૂા. ૨૫,૦૦૦/- તા. ૬ઠ્ઠી ઓકટોબર, ૦૩ સુધીમાં તથા રૂા. ૨૫,૦૦૦/- તા. ૧૫મી ઓકટોબર, ૦૩ સુધીમાં ભરપાઈ કરવામાં આવશે. જેથી મુદત તારીખ ૧૬મી ઓકટોબર, ૦૩ની રાખવામાં આવી. સદર મુદત સુધીમાં મંડળીએ આપેલ બાંહેધરી મુજબ બેંકમાં રકમ રૂા. ૫૦,૦૦૦/- જમાં કરાવેલ નથી. અને સદર મુદતે રજુઆત કરેલ છે કે, છેલ્લા પાંચ વર્ષથી જિલ્લામાં દુષ્કાળની સંકટ પરિસ્થિતિ સર્જાઈ છે. તેના પરિણામે ખેડુતોના બોરમાં કુવાઓમાં પાણી રહ્યા નથી. જેથી ખેતી પાકી શકી નથી. જેથી મંડળીના દેવાં ભરાઈ શકયા નથી. જે રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

પ્રસ્તુત સંજોગો ધ્યાને લેતાં ઉક્ત મંડળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આટોપી લેવાનું અનિવાર્ય જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું જે. જે. શાહ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, હિંમતનગર, જિ. સાબરકાંઠા મને પ્રાપ્ત થયેલ અધિકારની રુએ ધી વાવડી સોનીસર ગૃપ સેવા સહકારી મંડળી લિ., મું. વાવડી, તા. તલોદ, જિ. સાબરકાંઠાને પ્રસ્તાવનામાં જણાવેલ કારણોસહ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭(૧) અન્વયે આટોપી લેવાનો વચગાળાનો આદેશ કરું છું. અને આ જ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર નિમણૂંક કરું છું.

ઉપરોક્ત વચગાળાના હુકમ સામે મંડળીને રજુઆત કે ખુલાસો કરવો હોય તો આદેશની તારીખથી એક માસની મુદતમાં લેખિત / મૌખિક રુબરુ કે અધિકૃત પ્રતિનિધિ મારફતે કરવા જણાવવામાં આવે છે. તથા રુબરુ રજુઆત કરવા તા. ૮-૧૨-૦૩ ના રોજ ૧૪-૦૦ કલાકે આ કચેરીએ હાજર રહી લેખિત / મૌખિક રજુઆત / ખુલાસો કરવાની તક આપવામાં આવે છે. ઉક્ત મુદત દરમ્યાર મંડળી તરફથી કોઇ ખુલાસો કે રજુઆત કરવામાં નહીં આવે તો મુદત વીતેથી મંડળીને આટોપી લેવાનો અંતિમ આદેશ કરવામાં આવશે.

હિંમતનગર, તા. ૭મી નવેમ્બર, ૨૦૦૩.

જે. જે. શાહ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. સાબરકાંઠા,
હિંમતનગર.

વાંચ્યો :- શ્રી સહકારી અધિકારી ફડચા.-૩ સુરતની તા. ૨૩-૧૦-૨૦૦૩ ની પત્રક્રમાંક ફડચા/૦૩/૧૪૧/૨૦૦૩ ની દરખાસ્ત.

INDEX

હુકમ

જા. નં. ફડચ/ઉખસ/૧૭૩૩/ખ/૧૨૭૮/૨૦૦૩.—ધી બેડકુવાદુર વિભાગ ફળ અને શાક ઉ. સ. મં. લી. મુ. પો. બેડકુવાદુર તા. વ્યારા જિ. સુરતના નોંધણી ક્રમાંક : નં. સે. ૧૭૩૪૪ તારીખ ૨૮-૧-૮૦ થી નોંધવામાં આવી હતી, જેને મહેરબાન જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરતના ક્રમાંક નં. ફડચ/ઉખસ/૧૭૩૩/ખ/૪૮૨ તારીખ ૨૧મી માર્ચ, ૨૦૦૨ ના હુકમથી ફડચામાં લઇ જવામાં આવી હતી. ફડચા અધિકારીના રિપોર્ટ મુજબ મંડળીમાં કોઇપણ જાતનું દેવું અગર લેણું નથી તેમ જ મંડળીઓના કાયદાની કલમ- ૧૧૪/૨ અન્વયે ફડચાની કાર્યવાહી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદર મંડળીની નોંધણી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૨૦ હેઠળ રદ કરવામાં આવે છે. અને મંડળી આ હુકમની તારીખથી બંધ કરવામાં આવી એમ ગણાશે.

સુરત, તારીખ ૧૨મી નવેમ્બર ૨૦૦૩.

આર. આર. વઘાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. સહકાર/નઘણ/-/૧૫૮૩-૮૬૧/૧૪૪૯/ નં. ગૃહ ઘ-૧૯૦૭૮/ ૨૦૦૩.— આથી જાહેર કરે છે કે, ધી પાર્ક એવન્યુ કો. ઓ. હા. સોસાયટી સહકારી મંડળી લીમીટેડ સ્થળ ગાંધીનગર તાલુકો ગાંધીનગર જિલ્લો ગાંધીનગર સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓના કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. સરકારશ્રીના સહકાર વિભાગના તા. ૨૮-૮-૮૫ની સુચના મુજબ જમીન વગર નોંધણી કરવામાં આવેલ છે.

ગાંધીનગર, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩.

જી. આર. રાઠોડ,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, ગાંધીનગર.

નોંધણી ક્રમાંક ક/પચત/સહકાર/વશી/૫૯૯૮ . ભં-૪૪૨૬/ ૨૦૦૩.— જિલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે, જય મહારાજ કંન્ઝુમર્સ કો. ઓ. સોસાયટી મુ. માતર તાલુકો માતર જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧/અ. અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩.

જાહેરાત

નોંધણી ક્રમાંક ક/પચત/સહકાર/વશી/૬૦૫૯ . પી-૫૪૭૯/ ૨૦૦૩.— જિલ્લા પંચાયત ખેડા આથી જાહેર કરે છે કે, કૃપાનિધિ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. મુ. બલાઠા તાલુકો ઠાસરા જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/ ૧/અ. અન્વયે નોંધવામાં આવી છે.

નડીઆદ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩.

સહી (અવાચ્ય)
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ.

નોંધણી ક્રમાંક : પચત/સહકાર/વશી/૬૭૬-સે-૩૦૪૦૯/૨૦૦૩.- . જિલ્લા પંચાયત આણંદ આથી જાહેર કરે છે કે, પીપળાવ સેવા સહકારી મંડળી લી. મુ. પીપળાવ તાલુકો સોજીત્રા જિલ્લો આણંદએ ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧ અન્વયે નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩.

જાહેરાત

નોંધણી ક્રમાંક : પચત/સહકાર/વશી/૮૦૪-સે-૩૦૪૧૦/૨૦૦૩.- જિલ્લા પંચાયત આણંદ આથી જાહેર કરે છે કે, ખડોધી સેવા સહકારી મંડળી લી. મુ. ખડોધી તાલુકો ખંભાત જિલ્લો આણંદએ ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ-૯/૧ અન્વયે નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩.

નોંધણી ક્રમાંક : પચત/સહકાર/વશી/૮૦૩-ખે-૪૬૪૭/૨૦૦૩.- જિલ્લા પંચાયત આણંદ આથી જાહેર કરે છે કે, ગુડેલ દેવી પૂંજન સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. મુ. ગુડેલ તાલુકો ખંભાત જિલ્લો આણંદએ ગુજરાત સહકારી મંડળીઓના ૧૯૬૧ના કાયદાની કલમ- ૯/૧ અન્વયે નોંધવામાં આવી છે.

આણંદ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩.

સહી (અવાચ્ય),
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જિ. પં. આણંદ.

મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાવક નં. અધગ/નધણ/ઉ-૫૯૧૩/ક/૬૫૩/૨૦૦૩.- આથી જાહેર કરે છે કે, વિશ્વકર્મા સુથારી લોહારી ઔદ્યોગિક સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ કિલ્લાપારડી તાલુકો પારડી જિલ્લો વલસાડ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ, તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૩.

ડી. કે. સુથાર,
મેનેજર (કે.વી.સી.આઈ) અને
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
(ઉદ્યોગ), વલસાડ.

હુકમ

વંચાણમાં લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડિઆદની નોંધ તારીખ ૨૯મી ઓકટોબર, ૦૩.

જી. ઉ. કે. / નડદ/ખ-૦૧ ૧૦૨૮/૧૧૦૪૮/૨૦૦૩.- ધી બોચાસણ વિ. હેન્ડલુમ વિ. એન્ડ કો.ઓ.હા. સો. લી., બોચાસણની નોંધણી ક્રમાંક ઉ-૭૦૧૮ તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૦થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ/૨૧-૭૬૮૪, તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ ગહોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહું મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે. એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩.

હુકમ

વંચાણમાં લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડિઆદની નોંધ તારીખ ૨૯મી ઓકટોબર, ૦૩.

જી. ઉ. કે. / નડદ/ખ-૦૧ ૧૦૨૯/૧૧૦૪૯/૨૦૦૩.- ધી ખંભાતી હેન્ડલુમ વિ. એન્ડ કો.ઓ.હા. સો. લી., ખંભાત નોંધણી ક્રમાંક ઉ-૪૧૧૦ તારીખ -------------- થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ/નડદ/૨૧/૧૪૦૦૫, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહું મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહુ મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩.

હુકમ

વંચાણમાં લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડિઆદની નોંધ તારીખ ૨૯મી ઓકટોબર, ૦૩.

જી. ઉ. કે. / નડદ/ખ-૦૧/૧૦૩૦/૧૧૦૫૦/૨૦૦૩.- ધી ગાયત્રી વણકર સ. મં. લી., ખંભાતની નોંધણી ક્રમાંક ઉ-૪૬૦૮, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૮૬થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ/૨૧/૭૬૮૪ તીરીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહુ કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩.

હુકમ

વંચાણમાં લીધો :- શ્રી સહકારી અધિકારી ફડચા લગત ઉદ્યોગ કેન્દ્ર, નડિઆદની નોંધ તારીખ ૨૯મી ઓકટોબર, ૦૩.

જી. ઉ. કે. / નડદ/ખ-૦૧/૧૦૩૧/૧૧૦૫૧/૨૦૦૩.- ધી નડીયાદ પતંગ કામદાર ઉત્પાદક સ. મં. લી., નડીયાદની નોંધણી ક્રમાંક ઉ-૪૫૯૬, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૮૦થી કરવામાં આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી ઉદ્યોગ નડીઆદના હુકમ નંબર ફડચ/૨૬/૪૮૫૪ તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૬થી ફડચામાં લઈ જવામાં આવી હતી. સદરહુ મંડળીની ફડચા અંગેની કામગીરી સંપૂર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ તે અંગે હવે કાંઈ કરવાનું રહેતું ન હોવાથી ફડચા અધિકારીએ નોંધણી રદ કરવા માટે નિવેદન આપેલ છે. જેથી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૧૪ (૨) અન્વયે ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરવામાં આવે છે. અને સદરહુ મંડળીની નોંધણી સદરહું કાયદાની કલમ ૨૦ અન્વયે રદ કરવામાં આવે છે. આ હુકમ મંડળીની તારીખથી સદરહું મંડળી બંધ કરવામાં આવેલી છે એમ ગણાશે.

નડીઆદ, તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૩.

એ. જે. જોષી,
મેનેજર કે.વી.સી.આઈ,
અને જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. (ઉદ્યોગ),
નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, DECEMBER 4, 2003 / AGRAHAYANA 13, 1925 [No. 49

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

Part	Contents	Pages	Part	Contents	Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	925-944	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	717-723
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	49	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	12189-12403

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ કરફયુ હુકમ નંબર.

ઉ/ગપક/વિ.શા./૭૮૩/૨૦૦૩ના કાઢેલ કરફયુ હુકમ સંપૂર્ણપણે ઉઠાવી લેવા બાબત.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૮૬/૨૦૦૩.-અમદાવાદ શહેરમાં ઉપર જણાવેલ હુકમથી તંગ પરિસ્થિતિના કારણે અને લોકોના જાનમાલ જોખમમાં મુકાતા તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો તાત્કાલિક અટકાવવા માટે પગલાં લીધેલ અને કરફયુ અમલ કરેલ.

જેથી હું, કે. આર. કૌશિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, આ ઉપરથી ફોજદારી કાર્યરીતિં અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મેં જાહેર કરેલા કરફયુ હુકમ નં. ઉ/ગપક/વિ.શા./૭૮૩/

૦૩ આધારે કરફયુ અમલ કરેલ જે તા. ૧૩મી નવેમ્બર, સને ૨૦૦૩ ના કલાક ૫-૦૦ વાગ્યાથી કરફયુ સંપુર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે.

વિસ્તાર	છુટછાટનો સમય/તારીખ
કાલુપુર અને દરિયાપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર	તા. ૧૩મી નવેમ્બર, ૨૦૦૩ના કલાક ૫-૦૦ વાગ્યાથી કરફયુ સંપૂર્ણપણે ઉઠાવી લેવામાં આવે છે.

આજ તારીખ ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૮૭/૨૦૦૩.-અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર ૨૦૦૩ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

શ્રી સરદાર કલવાચ પિયત સહકારી મંડળી લી. કલવાચ, તા. ગણદેવી, જી. નવસારીને જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ના અધિનિયમની કલમ-૧૦૭(૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨) (૪) હેઠળ આટોપી લેવા ફડચામાં લઇ જવા આમુખ-૧ થી કારણ દર્શક નોટીસ આપી રજુઆત કરવાની જરુરી તક આપવામાં આવેલ પરંતુ મંડળી તરફથી તેવી કોઇ રજુઆત અત્રે કરવામાં આવેલ નથી. આમુખ-૧ થી કરેલ રજુઆત જણાવેલ કારણો સાથે સુસંગત વ્યાજબી તથા આધારભુત નથી. જેથી માન્ય રાખી શકાય નહિ.

(૧) મંડળી ઉદેશો મુજબની કાર્યવાહી કરતી બંધ થયેલ છે.

(૨) મંડળી બીન અર્થક્ષમ છે. સ્થગીત અવસ્થામાં છે.

(૩) વાર્ષિક સાધારણ સભા કે વ્યવસ્થાપક સમિતિની મિટિંગો મળતી નથી.

(૪) વારંવાર જણાવતા છતાં અત્રે હાજર રહેવામાં કસુર કરેલ છે.

આદેશ

ક્રમાંક ઉખસ/ફડચ/૧૪૦૪૭/ખ-૩/૫૧૫/૦૩.-શ્રી સરદાર કલવાચ પિયત સહકારી મંડળી લી., કલવાચ, તા. ગણદેવી, જી. નવસારી કે જેની નોંધણી સહકારી કાયદા હેઠળ નોંધણી ક્રમાંક : સે./૧૦૧૬, તા. ૧૮મી ઓકટોબર, ૧૯૮૨ થી થયેલ છે તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ના પેટા ખંડ (ક) (ગ) (૨)(૪) અન્વયે ફડચામાં લઇ જવા વચગાળાનો હુકમ કરું છું અને ફડચા અધિકારી તરીકે શ્રી કચેરીના સહકારી અધિકારી (ફડચા) લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ નવસારીની નિમણુંક કરું છું. આ વચગાળાના હુકમ સામે મંડળીએ જે કંઇ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નિકળ્યા તારીખથી એક માસ ની મુદતમાં આ કચેરીને મોકલી આપવા મંડળીને જણાવવામાં આવે છે.

નવસારી, તા. ૨૯મી ઓકટોબર, ૨૦૦૩.

સુનિલ કુમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, નવસારી.

વંચાણમાં લીધા :-

માનપુરા તમાકુ ઉ. સ. મં. લી. મુ. માનપુરા તા. પેટલાદને ફડચામાં લઈ જવાનો તા. ૧૩-૬-૨૦૦૩ના વા. સા. સભાના ઠરાવ નં. ૩ ક્રમાંક ફડચ /૦૧/ચ/ /૨૦૦ તા. - -૨૦૦૦.

હુકમ

જા. નં. ઉખસ/કજ/ફડચા/ચ/૭૮૫/૨૦૦૩.-માનપુરા તમાકુ ઉ. સ. મં. લી. મુકામ માનપુરા, તાલુકો પેટલાદ, જિલ્લો આણંદને શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત આણંદની ઓફીસના નોંધ નંબર સે. ૪૬૩૯ તા. ૧૭-૪-૦૧થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ મંડળીના ફડચા અધિકારી

તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત સદર કચેરીની સદર કાયદાની કલમ-૧૦૮ (૩) હેઠળ નીમણુંક કરવામાં આવે છે અને તેમના મહેનતાણાની રકમ નિયમ મુજબ સરકારી તીજોરીમાં ''૦૪૨૫ સહકાર'' સદરે જમા કરાવવી ફડચાનું કામકાજ ત્રણ વર્ષમાં પુરૂં કરવું.

આણંદ, તારીખ ૧૭મી ઓક્ટોબર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) પાળજ ગ્રામ વિકાસ સહકારી મંડળી લિ. પાળજ, તા. પેટલાદ, જિ. આણંદના હોદેદારોને ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. નડીયાદ તરફથી બેંકની રોકડ શાખાની બાકી રકમ ભરપાઈ કરવા બાબતની તા. ૩-૮-૨૦૦૧ની આપેલ નોટિસની અત્રેની કચેરીને આપેલ નકલ.

(૨) અત્રેની કચેરીના તા. ૨૨-૯-૨૦૦૩ના જા. નં. ૫૫ત/૦૧/છ/૩૯૭ થીં ૪૦૬/૨૦૦૩ થી મંડળીના તમામ વ્ય. કમીટી સભ્યોને સ. કા. ક. ૮૧ હેઠળની આપેલ કરાણ દર્શક નોટિસ.

(૩) મંડળીના ૭ વ્ય. કમીટી સભ્યોએ મંડળીમાં વહીવટદારની નિમણૂંક માટે સંમતિ આપ્યા બાબતનું તા. ૬-૧૦-૨૦૦૩નું સંયુક્ત નિવેદન.

જા. નં. સહક/૦૧/જ/૩૯૬/૨૦૦૩.-પાળજ ગ્રામ વિકાસ સહકારી મંડળી લિ. પાળજ, તા. પેટલાદ, જિ. આણંદ એ (કે જેનો આ કામે હવે પછી મંડળી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ (કે જેનો આ કામે હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) હેઠળ નોંધાયેલ ગ્રામ વિકાસ સહકારી મંડળી છે જેનો રોજબરોજનો વહીવટ તેના મંજુર થયેલા પેટા નિયમો તથા કાયદા કાનૂનને આધિન રહીને બજાવવાનો હોય છે. સંસ્થાના કાર્યવાહકો ત્થા હોદેદારોના શિરે લાદવામાં આવેલ પેટા-નિયમો તથા કાયદા કાનૂન અને નિયમોનુસારની ફરજો અને જવાબદારીઓ અદા કરવાની હોય છે અને તેનાથી વ્યવસ્થાપકો અને હોદેદારો વાકેફ હોય છે જ.

સંદર્ભ (૧) માં જણાવેલ ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. નડીયાદ તરફથી મંડળીના હોદેદારોને આપેલ નોટિસમાં જણાવ્યા અનુસાર પેટલાદ તા. સહ. ખરીદ વેચાણ સંઘ લિ. પેટલાદમાંથી રાસાયણિક ખાતર ઉધાર લીધેલ છે જે તા. ૩૧-૩-૦૩ના સરવૈયા મુજબ રૂા. ૬,૫૫,૩૪૪-૩૭ પૈ. ની રકમ ભરપાઈ કરવાની બાકી પડે છે. પાળજ પીપલ્સ કો. ઓપ. બેંક લિ. પાળજમાંથી રોકડ શાખા રૂા. ૨૪૪૫૪૨/- મેળવેલ જે નિયત મુદતે ભરપાઈ કરેલ નથી. પાળજ પીપલ્સ કો. ઓપ. બેંક લિ. પાળજની તા. ૩૧-૩-૦૩ ના સરવૈયા મુજબ રૂા. ૨૪૪૫૪૨/- વસુલ આપેલ નથી. ખાતર વકરાનાં નાણાં જે તે સમયે બેંકમાં નિયમિત જમા કરાવેલ નથી. સ્ટોકપત્રક, સરવૈયું બેંકને નિયમિત પુરાં પાડેલ નથી. ત્થા સંસ્થા રોકડ શાખાના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ છે. મધ્યસ્થ બેંકની રોકડ શાખા પેટલાદ તાલુકા સહ. ખરીદ વેચાણ સંઘ લિ. પેટલાદની લેણી રકમ તથા પાળજ પીપલ્સ કો. ઓપ. બેંક લિ. પાળજની બાકી રકમ કુલ ૧૧,૫૫,૫૫૪-૬૩નું વ્યાજ ચૂકવવાનું બાકી છે. બેંક ઈન્સ્પેક્ટર તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી મુજબ મંડળી સિવાયની સંસ્થાઓમાં મંડળીનાં નાણાં વાપરવામાં આવે છે. તા. ૩૧-૩-૦૩ના સરવૈયા મુજબ મંડળીની કુલ ખોટ રૂા. ૪,૬૭,૫૬૦-૬૪ પૈ. ની છે તથા આ ખોટમાં પ્રતિ વર્ષ વધારો થતો જાય છે. ખેડા જિલ્લા મધ્યસ્થ બેંકમાં રૂા. ૩,૬૭,૫૦૪/- મુદતવીતી ચૂકવેલ નથી. આ તમામ મુદ્દાઓ બાબતે રજુઆત કરવા અત્રેની કચેરી તરફથી સંદર્ભ (૨) માં જણાવેલ વિગતે સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કારણદર્શક નોટિસ મંડળીના તમામ વ્ય. કમીટીને આપતાં તા. ૬-૧૦-૨૦૦૩ના રોજ હાજર રહી ૭ વ્ય. કમીટી સભ્યોએ હાજર રહી કારણદર્શક નોટિસમાં જણાવેલ મુદ્દાઓ સાથે સહમત હોવાનું તથા મંડળીમાં વહીવટદારની નિમણૂંક માટે સહમત હોવાનું સંયુક્ત નિવેદન આપેલ છે. જેને અનુલક્ષીને સહકારી કાયદાની કલમ-૮૧ હેઠળની કાર્યવાહી કરવી ઉચિત જણાતાં સંસ્થાની હાલની વ્ય. કમીટીને દુર કરી તેની જગ્યાએ મંડળીનાં વહીવટ ચલાવવા સારૂં વહીવટદારની નિમણૂંક માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, સી. બી. કોટેચા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, આણંદ મને સને ૧૯૬૧ના ગુજરાત સરકારી મંડળીઓના અધિનિયમની કલમ-૮૧ અન્વયે મળેલ સત્તાની રૂએ ધી પાળજ ગ્રામ વિકાસ સહકારી મંડળી લિ. પાળજ તા. પેટલાદ જિ. આણંદની હાલની વ્ય. કમીટીને દૂર કરી મંડળીનો વહીવટ ચલાવવા સારૂં શ્રી એન. એસ. પંચાલ મુ. તા. નડીયાદ જિ. ખેડાની નિમણૂંક કરૂં છું. સદર નિમણૂંકનો સમય વહીવટદાર તરફથી ચાર્જ સંભાળ્યા તારીખથી એક વર્ષનો રહેશે. વહીવટદારનું મહેનતાણું માસિક રૂા. ૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પૂરા) મંજુર કરૂં છું.

આણંદ, તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૦૩.

સી. બી. કોટેચા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, આણંદ.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તા. ૧૮-૯-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૯/૦૩થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૫૦૯૬/ખ/૨૭૦૫/૨૦૦૩.- શ્રી થોળ ગોપાલક વિવિધ કાર્યવાહી સહકાર મંડળી લિ., મુ. થોળ, તા. કડી, જિ. મહેસાણાને અત્રેના કચેરીના આમુખ-૧ના તા. ૧૮-૯-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૪૯૯/૨૦૦૩થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે

INDEX

છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૪મી નવેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તા. ૨૩-૯-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૫૨/૦૩થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ઉખસ/ફડચ/૧૫૦૯૫/ખ/૨૭૦૬/૨૦૦૩.- શ્રી ગોરીસણા જૂથ તેલીબીયાં ઉત્પાદક સહકાર મંડળી લિ., મુ. ગોરીસણા, તા. ખેરાલુ, જિ. મહેસાણાને અત્રેના કચેરીના આમુખ-૧ના તા. ૨૩-૯-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૫૫૨/૨૦૦૩થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) અત્રેની કચેરીની તા. ૧૭-૧૦-૦૩ના પત્ર ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૩૦/૦૩થી ફડચાનો વચગાળાનો આદેશ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

હુકમ

જા.નં. ઉખસ/ફડચ/૧૫૦૯૭/ખ/૨૭૧૩/૨૦૦૩.-શ્રી વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ કન્ઝ્યુમર્સ કો. ઓપ. સોસાયટી લિ., મુ. તા. મહેસાણા, જિ. મહેસાણાને અત્રેના કચેરીના આમુખ-૧ના તા. ૧૭-૧૦-૦૩ના હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/ખ/૨૬૩૦/૨૦૦૩થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ આપવામાં આવેલ છે. જેને આથી ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ હેઠળ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ આપવામાં આવે છે અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારી, શ્રી એચ. એસ. પટેલ, સહકારી અધિકારી (ફડચો), મહેસાણાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ, ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

મહેસાણા, તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૩.

એચ. એન. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, મહેસાણા.

જા. નં. જીઉકે/મહે/નધણ/૬૩૮૩/૧૩૫૪૭/૧૯૯૭/૨૦૦૩.-ઉ. ૬૩૮૩ સને ૨૦૦૩ આથી જાહેર કરે છે કે, **શ્રી કડી વાલ્મીકી સમાજ સેનેટરી માર્ટ વિવિધ ઉત્પાદક સહકારી મંડળી લી. કડી,** તાલુકો **કડી,** જિલ્લો **મહેસાણા** ને સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૨૭મી ઓક્ટોબર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક ફડચ/જ/૦૧/૮૩૯૦/૨૦૦૨, તા. ૩-૬-૨૦૦૩.

(૨) અધિકૃત ઓડીટરશ્રીનો ઓડીટમેમોમાં જણાવેલ ખામીઓ વંચાણે લેતા મંજુર થયેલ નોંધ.

અંતિમ હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૨૦૬૫/૧૩૫૩૨/૨૦૦૩.-શ્રી ઈન્દ્રાડ ગૃપ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. ઈન્દ્રાડ, તા. કડી, જિ. મહેસાણાને મદદનીશ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત મહેસાણાની કચેરીના નોંધણી ક્રમાંક ઉ. ૫૪૮૧, તા. ૬-૨-૧૯૯૩થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (સી) (૧), (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરુ કરવું.

મહેસાણા, તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીનો વચગાળાનો હુકમ ક્રમાંક જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૧૫૧૨/૨૦૦૩, તા. ૩-૯-૨૦૦૩.

અંતિમ હુકમ

જા. નં. જીઉકે/મહે/ફડચ/જ/૦૧/૨૦૭૩/૧૩૫૩૮/૨૦૦૩.-શ્રી વાલમ જુથ રેશમ ઉત્પાદક સહકારી મંડળી લી. વાલમ, તા. વિસનગર,

જિ. મહેસાણાને મદદનીશ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જીલ્લા પંચાયત મહેસાણાની કચેરીના નોંધણી ક્રમાંક ઉ. ૫૪૮૪, તા. ૨૩-૩-૧૯૯૨થી નોંધવામાં આવી હતી તે મંડળીને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ ૧૦૭ સી (૧), (૨) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ કરવામાં આવે છે. અને સદરહુ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મહેસાણાની સદર કાયદાની કલમ-૧૦૮(૧) હેઠળ નિમણૂંક કરવામાં આવે છે. અને મહેનતાણાની રકમ સર્વ સામાન્ય નિયમો અનુસાર આકારવાનું રહેશે. ફડચાનું કામકાજ એક વર્ષમાં પુરુ કરવું.

મહેસાણા, તારીખ ૧૭મી નવેમ્બર ૨૦૦૩.

આઈ. આઈ. શેખ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (ઉદ્યોગ)
મહેસાણા.

વંચાણે લીધા :-

(૧) એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ પાટણનો તા. ૧૯-૭-૨૦૦૩ અહેવાલ જા. નં. અષણ/૦૧/૧૮૨/૨૦૦૩.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯-૯-૨૦૦૩ના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૪૮૧/૨૦૦૩થી અપાયેલ ફડચા સંબંધી કારણ દર્શક નોટિસ.

(૩) ધી ગુજરાત સ. મં. અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૧૧/૨૦૦૩.-ધિ વૃન્દાવન કો. ઓપ. હાઉસીંગ સો.લી. મુ. રાધનપુર તા. રાધનપુર જિ. પાટણએ "ધિ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯" અન્વયે નોંધણી નં. ઘ-૫૦૭૨ તા. ૨૧-૯-૧૯૭૪ થી નોંધાયેલી મર્યાદિત જવાબદારીવાળી ગૃહ મંડળી છે. સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ સહકારી મંડળીઓએ રજીસ્ટ્રાર નિમણૂંક કરે તે ઓડીટર મારફત ઓડીટ કરાવવું ફરજીયાત છે. આ ગૃહ મંડળીનું અન્વેષણ સહકાર ખાતાના સરકારી ઓડીટર શ્રી એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ પાટણને સુપ્રત થતાં તેઓશ્રીએ આપેલ નથી. તેમજ મંડળીને ચલાવવામાં રસ દાખવેલ નથી. જેથી ઓડીટરશ્રીએ આમુખ (૧) વાળા અહેવાલથી આગળની કાર્યવાહી કરવા જણાવેલ. જે મુજબ મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેથી આમુખ (૨) વાળા પત્રથી કારણ દર્શક નોટીસ બજાવતાં મંડળીના કમીટી સભ્ય શ્રી શાન્તિભાઈ ડી. ઠક્કર અત્રેની કચેરીએ તા. ૧૩-૧૦-૦૩ના રોજ હાજર રહી રજુઆત કરેલ જે રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નહીં જણાતાં રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. જેથી મંડળીના સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધિ વૃન્દાવન કો. ઓપ. હાઉસીંગ સો. લી. મું. રાધનપુર તા. રાધનપુર, જી. પાટણ નોંધણી નં. ઘ-૫૦૭૨ તા. ૨૧-૯-૧૯૭૪ થી નોંધવામાં આવેલ છે. તેને "ધિ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧), (૨), અને (૪)" અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૧૯મી નવેમ્બર ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ પાટણનો તા. ૧૯-૭-૨૦૦૩ અહેવાલ જા. નં. અષણ/૦૧/૧૮૪/૨૦૦૩.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯-૯-૨૦૦૩ના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૪૭૯/૨૦૦૩થી અપાયેલ ફડચા સંબંધી કારણ દર્શક નોટિસ.

(૩) ધી ગુજરાત સ. મં. અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૧૨/૨૦૦૩.-ધિ દૂધા રામપુરા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. દૂધા રામપુરા તા. પાટણ જિ. પાટણએ "ધિ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૯" અન્વયે નોંધણી નં. ૨૦૭૦૬ તા. ૨૩-૧૦-૧૯૮૫ થી નોંધાયેલી મર્યાદિત જવાબદારીવાળી તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી છે. સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ સહકારી મંડળીઓએ રજીસ્ટ્રાર નિમણૂંક કરે તે ઓડીટર મારફત ઓડીટ કરાવવું ફરજીયાત છે. આ મંડળીનું અન્વેષણ સહકાર ખાતાના સરકારી ઓડીટર શ્રી એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ પાટણને સુપ્રત થતાં તેઓશ્રીએ આ મંડળીના ઓડીટ માટે પ્રયત્નો કરતાં આ મંડળીના કાર્યવાહકોએ ઓડીટ કરવા માટે સહકાર આપેલ નથી. તેમજ મંડળીને ચલાવવામાં રસ દાખવેલ નથી. જેથી ઓડીટરશ્રીએ આમુખ (૧) વાળા અહેવાલથી આગળની કાર્યવાહી કરવા જણાવેલ. જે મુજબ મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેથી આમુખ (૨) વાળા પત્રથી કારણ દર્શક નોટીસ બજાવતાં મંડળી તરફથી કોઈપણ જાતની રજુઆત કરવામાં આવેલ નથી. જેથી મંડળીના સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધિ દૂધા રામપુરા તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળી લી. મું. દૂધા રામપુરા તા. પાટણ, જી. પાટણ નોંધણી નં. ૨૦૭૦૬ તા.

૨૩-૧૦-૧૯૮૫ થી નોંધવામાં આવેલ છે. તેને ''ધિ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧), (૨), અને (૪)'' અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ પાટણનો તા. ૧૯-૭-૨૦૦૩ અહેવાલ જા. નં. અષણ/૦૧/૧૮૩/૨૦૦૩.

(૨) અત્રેની કચેરીના તા. ૨૯-૯-૨૦૦૩ના પત્ર નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૪૮૦/૨૦૦૩થી અપાયેલ ફડચા સંબંધી કારણ દર્શક નોટિસ.

(૩) ધી ગુજરાત સ. મં. અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ઉખસ/ફડચ/૦૧/ક/૨૬૧૩/૨૦૦૩.-ધિ ઘનશ્યામ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સો. લી. મું. પાટણએ ''ધિ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯'' અન્વયે નોંધણી નં. ઘ-૧૦૧૪૩ તા. ૧૬-૯-૧૯૮૩ થી નોંધાયેલી મર્યાદિત જવાબદારીવાળી ગૃહ મંડળી છે. સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ સહકારી મંડળીઓએ રજિસ્ટ્રાર નિમણૂંક કરે તે ઓડીટર મારફત ઓડીટ કરાવવું ફરજીયાત છે. આ ગૃહ મંડળીનું અન્વેષણ સહકાર ખાતાના સરકારી ઓડીટર શ્રી એડીશનલ ઓડીટર સહકારી મંડળીઓ પાટણને સુપ્રત થતાં તેઓશ્રીએ આ ગૃહ મંડળીના ઓડીટ માટે પ્રયત્નો કરતાં આ ગૃહ મંડળીના કાર્યવાહકોને ઓડીટ કરાવવા માટે બિલકુલ સહકાર આપેલ નથી. તેમજ મંડળીને ચલાવવામાં બિલકુલ રસ દાખવેલ નથી. જેથી ઓડીટરશ્રીએ આમુખ (૧) વાળા અહેવાલથી આગળની કાર્યવાહી કરવા જણાવેલ. જે મુજબ મંડળીને ફડચામાં લઈ જવા માટે અત્રેથી આમુખ (૨) વાળા પત્રથી કારણ દર્શક નોટીસ બજાવતાં મંડળી તરફથી કોઈપણ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી મંડળીના સભાસદોના હિતમાં નીચે મુજબ વચગાળાનો ફડચાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

ધિ ઘનશ્યામ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સો. લી. મું. પાટણ નોંધણી નં. ઘ-૧૦૧૪૩ તા. ૧૬-૩-૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે. તેને ''ધિ ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧), (૨), અને (૪)'' અન્વયે આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે. તથા સદર કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

નોંધ :-

ઉક્ત વચગાળાના હુકમ સામે મંડળીએ કંઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તો આ હુકમ નીકળ્યા તારીખથી એક માસની મુદતમાં આ કચેરીએ મોકલી આપવા કે રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં ચૂક થશે તો સદર હુકમને બહાલી આપતો કલમ-૧૦૭ (૩) હેઠળ અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

પાટણ, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, પાટણ.

ક્રમાંક ઉખસ/નધણ/સે.-૩૪૭૯૬/ઝ/૭૫૮/૦૩.-આથી જાહેર કરે છે કે ઓટા. પો. ટોકરવા દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લી. મર્યાદિત સ્થળ ઓટા. પો. ટોકરવા, તાલુકો સોનગઢ, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૫મી નવેમ્બર, ૨૦૦૩.

ક્રમાંક ઉખસ/નધણ/ઉ.-૧૨૫૮૫/ઝ/૭૬૧/૦૩.-આથી જાહેર કરે છે કે નવજીવન વિવિધ બાંધકામ કરનારી સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ સેલુડ, તાલુકો ઉચ્છલ, જીલ્લો સુરત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા. ૧૯મી નવેમ્બર, ૨૦૦૩.

આર. આર. વધાસીયા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, સુરત.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નંબર જી. પં./સહક/નધણ/૧૭૭૧/સે.-૨૮૪૨૦/૨૦૦૩.-જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે નરસિંહપુરા સેવા સહકારી મંડળી લી. મર્યાદિત સ્થળ, નરસિંહપુરા, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૧ના) ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૩.

નંબર જી. પં./સહક/નધણ/૧૭૭૭/સે.-૨૮૪૨૧/૨૦૦૩.-જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે શ્રી આંબલીયારા-મેરડા જુથ સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ, આંબલીયારા, તાલુકો કડી, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૧ના) ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૩.

નંબર જી. પં./સહક/નધણ/૧૭૮૩/સે.-૨૮૪૨૨/૨૦૦૩.-જિલ્લા પંચાયત, મહેસાણા આથી જાહેર કરે છે કે ન્યુ સતલાસણા તાલુકા ખરીદ વેચાણ સંઘ લી., મર્યાદિત સ્થળ, સતલાસણા, તાલુકો સતલાસણા, જિલ્લો મહેસાણા.

ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ (સને ૧૯૬૧ના) ગુજરાત અધિનિયમ (૧૦)ની કલમ-૯ (૧) (અ) અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૩.

વિનોદ મોદી,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત, મહેસાણા.

જાહેરનામું

નંબર ક/સહકાર/વશી-૬૫૭૧/ઝ/૦૩.-આસીસ્ટન્ટ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીયાદના નોંધણી ક્રમાંક ૨૨૨૪૨, તારીખ ૨૦મી ઓગસ્ટ ૧૯૫૬માં નોંધવામાં આવેલ છે. શ્રી અંબાવ કાર્યકારી સહકારી મંડળી લી., અંબાવ, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૩ (૨) અન્વયે સેવા સહકારી મંડળીના નવા પેટા નિયમ સ્વીકારી અંબાવ સેવા સહકારી મંડળી, અંબાવ, તાલુકો ઠાસરા, જિલ્લો ખેડામાં ફેરવેલ છે.

ખેડા જિલ્લા પંચાયત નડીયાદની કારોબારી સમિતિના ઠરાવ નં. ૫૧, તારીખ ૨૧મી ઓક્ટોબર ૨૦૦૩ના આદેશથી મંજુર.

નડીઆદ, તારીખ ૧૧મી નવેમ્બર ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, DECEMBER 11, 2003 / AGRAHAYANA 20, 1925 [No. 50

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	945-958	Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	725-728
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	50	Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	12405-12515

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૮૯/૨૦૦૩.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર ૭૬, જમાલપુર વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી અંગે તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજ મતદાન થનાર છે. અને આ ચુંટણીના અનુસંધાનમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૩ ના કલાક ૧૭-૦૦ થી

તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી ૭૬, જમાલપુર વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી દરમ્યાન કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી. મતદાન મથકથી ૧૦૦ મીટર વિસ્તારની અંદર ચુંટણી અંગે પ્રચાર કરવો નહી. કે ચિન્હો રાખવા નહી. તેમજ મતદાન સમયે જુદા જુદા રાજકીય પક્ષો તેમજ ઉમેદવારો દ્વારા રાખવામાં આવતા બુથ મતદાન મથકથી ૨૦૦ મીટર વિસ્તારની અંદર રાખવા નહી.

વિસ્તાર :- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તાર પૈકી ૭૬, જમાલપુર વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી થનાર વિસ્તાર.

ખુલાસો :- આ વિસ્તારના રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ મરણોત્તર તથા લગ્નના વરઘોડાને તથા જે સરઘસ અને સભા માટે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી ખાસ પરવાનગી આપી હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને, ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૬(ગ)(ઘ) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૯૦/૨૦૦૩.- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં થનાર ૭૬, જમાલપુર વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી અંગે નિયુક્ત કરેલ મતદાન મથકોએ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજ મતદાન થનાર છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે, તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજ અડચણ થતી અટકાવવા પગલા લેવા જરૂરી છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૬(ગ)(ઘ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચુંટણીમાં મતાધિકાર આપનાર તમામ મતદારોએ,

૧. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણી ઉભી રહેશે.

૨. મતદારે મતદાન મથકમાં અનુક્રમ નંબર મુજબ પોતાના નંબર પ્રમાણે એક પછી એક દાખલ થવું.

૩. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેનાં વિસ્તારમાંથી ચાલ્યા જવું.

આ હુકમ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનાર સને, ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર :- પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળ વિસ્તાર પૈકી થનાર ૭૬, જમાલપુર વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી થનાર વિસ્તાર.

આજ તારીખ ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનું.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૯૧/૨૦૦૩.- અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂ જણાય છે.

વાસ્તે હું, કે. આર. કૌશિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર મુંબઈ પોલીસ અધિનિયમ સને, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૩ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને, ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ની પેટા કલમ (૩) હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને, ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

INDEX

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/ગપક/એસ. બી./જાહેરનામુ/૪૫૮૦/૨૦૦૩.- વડોદરા શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા અને પ્રદુષણ રહિત વાતાવરણ રાખવા પગલા લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેરમાં કોઈપણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને સ્વચ્છ વાતાવરણ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ તાત્કાલીક પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, સુધીર સિન્હા, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ)ને એક્ઝી. મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૪ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર, તથા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) બીજા શસ્ત્રો લઈ જવાની.

(ઘ) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(ચ) વ્યક્તિઓના પુતળા બાળવાની.

(છ) રાત્રે ૧૨ થી સવારે ૬ વચ્ચે ખુલ્લી જગ્યામાં લાઉડસ્પીકર વગાડવાની અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ વાપરવાની.

વિસ્તાર :- વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮ માહે નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક ઉ/ગપક/એસ. બી./જાહેરનામું/૪૫૮૧/૨૦૦૩.- વડોદરા શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેરમાં કોઈપણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારોમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, સુધીર સિન્હા, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તારીખ ૭મી જાન્યુઆરી ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એક્ઝી. મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૩ કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૪ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :- ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

વિસ્તાર :- વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓ તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨૮ માહે નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર,
વડોદરા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૪૧૬/૩૪૨૮/૨૦૦૩.—નર્મદા જિલ્લામાં આવેલ ૩ ગુજરાત ઈન્ડીપેન્ડન્ટ એન. સી. સી રાજપીપલાએ એન. સી. સી. કેડેટને અલગ અલગ કેમ્પની સ્પર્ધામાં ભાગ લેવાનો હોવાથી નર્મદા જિલ્લાના ફાયરીંગ બટ રાજપીપલા ખાતે ફાયરીંગની પ્રેકટીસ માટે તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૩ સુધી દરરોજ બપોરના ૧૪-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી રાખવા નક્કી કરેલ છે. આ સમય દરમ્યાન ટેકરા ફળીયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં જૂનો ફાયરીંગ બટ, રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં કોઈપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વિગેરેના પ્રવેશ પર મનાઈ ફરમાવવાનું મને આવશ્યક જણાય છે.

તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ હું, ડી. જી. ઝાલાવાડીયા, જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ટેકરા ફળીયાથી પૂર્વના વિસ્તારમાં તથા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાની કચેરીથી ઉત્તર તરફના વિસ્તારમાં આવેલ જૂના ફાયરીંગ બટ રાજપીપલાના વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડ સુધીના અંતરમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૩ સુધી દરરોજ બપોરના ૧૪-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધીના સમય માટે કોઈપણ વ્યક્તિઓ, ઢોર, જાનવરો વગેરેના પ્રવેશ માટે મનાઈ ફરમાવું છું.

જે વિસ્તારમાં ફાયરીંગ કરવામાં આવનાર છે તે વિસ્તારની ફરતે ૫૦૦ યાર્ડની હદ નક્કી કરી જાહેર જનતાની જાણ માટે સહેલાઈથી દેખાઈ આવે તે રીતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશના મનાઈ માટેના બોર્ડ કમાન્ડીંગ ઓફીસરશ્રી, ૩ ગુજરાત ઈન્ડીપેન્ડન્ટ કંપની, એન. સી. સી., રાજપીપલાએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસી/એમએજી/એસ.આર.-૧/૦૩.—૭૬-જમાલપુર વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ યોજાનાર છે.

ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬ ના આદેશ નં. ૪૩૭/૬/૯૬/પીએલએન/૩/૨૪૦૩ થી સરકારી વાહનોના ઉપયોગ સબંધે સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણ થી વધુ વાહનોને કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીયપક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) 'વાહનોનો અર્થ' પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતુ કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર અમદાવાદ જિલ્લામાં મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે :-

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી અન્ય રાજકીય વ્યક્તિઓ જ અપવાદરૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

આજ તારીખ ૨૦ માહે નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૨૦/૨૦૦૩.-મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની, કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે.બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૩નાં રોજ પવિત્ર રમઝાન ઈદનાં તહેવાર તથા પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી નવસારી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિઓએ જાહેર શાંતિ, અને સલામતિ તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૭મી ડિસેમ્બર, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુધ્ધાં)ના સમય માટે નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટાં, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ગ) કોઈપણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ;

(ઘ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(છ) લોકોને બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(ઝ) જેનાથી સુરૂચિ અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની;

આ હુકમ ખંડ (ક) થી (ઝ) નીચેની વ્યક્તિઓને લાગું પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેનાં ઉપરી અધિકારીએ પોતાની ફરજના ભાગ રૂપે સોંપ્યા બદલ આવુ કોઈપણ હથિયાર લઈ જવાનું હોય અથવા એવુ કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નવસારી અથવા તેણે અધિકૃત કરેલા હોઈ, પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે. અને દંડની પણ સજા થશે..

આજ રોજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) ગ અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/૩૩૦૯/૨૦૦૩.—નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના મોટાભાગના ગામડાઓમાં સાર્વજનિક જગ્યાઓ જેવી કે જાહેર સરકારી/પંચાયત હસ્તકના રસ્તાઓ મહોલ્લાઓમાં જાહેર રસ્તાઓ ઉપર સ્થાનિક રહીશો દ્વારા ઢોર બાંધવામાં આવે છે. તેમજ કેટલીક જગ્યાએ જાહેર રસ્તાઓ ઉપર કપડાં ધોવામાં આવે છે. જેના કારણે રાહદારીઓને અવર-જવર કરવામાં અગવડ ઊભી થાય છે. જેથી જાહેર જનતાને જાહેર રસ્તાઓ ઉપર તથા મહોલ્લામાંથી પસાર થાય ત્યારે કોઈ અગવડ ન પડે તથા રસ્તા ઉપર ઢોર બાંધવાની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ લાવી શકાય તે હેતુસર તિલકવાડા તાલુકામાં ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, ડી. પી. દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, સને ૧૯૫૧ના પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) ગ અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ગામડાઓમાં સાર્વજનિક જગ્યાઓ જેવી કે જાહેર સરકારી, પંચાયત હસ્તકના રસ્તાઓ, મહોલ્લાઓમાં જાહેર રસ્તાઓ ઉપર ઢોરો બાંધવા અને જાહેર રસ્તાઓ ઉપર કપડાં ધોવાં માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ સહી તથા સિક્કો કર્યો.

ડી. પી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયેનો.

ક્રમાંક ઉ/મકપ/પિલસ/મજસ/વશી/૨૬૫૭.—પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા, જાહેર વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ મા) કલમ-૩૭ (૩) હેઠળનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, બી. એન. ડામોર, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવું છું કે, સમગ્ર

પંચમહાલ જિલ્લામાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩ થી ૫મી ડિસેમ્બર, ૨૦૦૩ (બંને દિવસો સહ) સુધી ચાર કરતાં વધુ માણસોએ ભેગા થવું નહી, કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા કોઈ સરઘસ કાઢવું નહી.

સભા/સરઘસ અંગે પરવાનગી આપવા અધિકૃત અધિકારી તેઓના અધિકાર પરત્વે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લક્ષમાં રાખી ગુણદોષ વિચારણામાં લઈ નિર્ણય કરી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૩) અને ભારતનાં ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (૨) અન્વયેનું

નંબર એમએજી/વશી/૪૮૬૯/૨૦૦૩.—આગામી તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે ખેડુત સમાજની મીટીંગ હોઈ તથા તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મુસ્લીમ ધર્મના રમઝાન ઈદના તહેવારની ઉજવણી કરવામાં આવનાર હોઈ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ના રોજથી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૩ (બન્ને દિવસો સહિત) દરમ્યાન સુરત જીલ્લા (રૂરલ) વિસ્તારમાં શાંતિ અને કોમી એખલાસભર્યુ વાતાવરણ જળવાય રહે તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. વાસ્તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૩૭ની પેટા કલમ (૧) (૨) અન્વયે મને મળેલા અધિકારની રૂએ હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ, સુરત આથી ફરમાવું છું કે, સુરત (રૂરલ) જીલ્લા વિસ્તારમાં તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધી (બંને દિવસો સુદ્ધા) કોઈપણ વ્યક્તિએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહી એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી;

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી;

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી. ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યક્તિ/વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય,

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત જિલ્લા પોલીસ વડાશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશક્તિને કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ/વ્યક્તિઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૧૩૫ (૩) મુજબ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) મુજબનું.

નંબર એમએજી/વશી/૪૯૩૯/૨૦૦૩.—આગામી તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે ખેડુત સમાજની મીટીંગ હોઈ તથા તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મુસ્લીમ ધર્મના રમઝાન ઈદના તહેવારની ઉજવણી કરવામાં આવનાર હોઈ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ના રોજથી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૩ સુધી (બન્ને દિવસો સહિત) દરમ્યાન થનાર ઉજવણી અન્વયે, સુરત જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે ઈચ્છનીય છે. જેથી જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરતના હકુમત હેઠળના સુરત (રૂરલ) જીલ્લામાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે, હું, જે. બી. વોરા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩)ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત (રૂરલ) જીલ્લામાં તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજથી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૩ (બંને દિવસો સુદ્ધાં) સુધી ચાર કરતા વધુ માણસોની સભા કરવી કે, બોલાવવી નહી, કે સરઘસ કાઢવું નહી. તેમજ ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહી અથવા સરઘસ કાઢવું નહી.

INDEX

અપવાદઃ-

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉનહોલ, સ્મશાનયાત્રા, એસ. ટી. બસમાં કે રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા લોકો તથા મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટે શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૧૩૫ (૩) મુજબ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જે. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ/વશી/૩૪૮૨/૩૪૯૧/૨૦૦૩.– મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડાંગ, રમજાન માસ તથા આગામી રમજાન ઈદના તહેવારને અનુલક્ષીને જિલ્લામા જાહેર સુલેહ શાંતિ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂં જરૂરી જણાતાં ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૩ના સમય માટે નીચેના કૃત્યો કરવા માટે ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, સોટા, ચપ્પુ, છરી, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો;

(ખ) કોઈપણ ક્ષયધર્મિ અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની;

(ઘ) કોઈ પણ સરઘસમાં ઝલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની;

(છ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની અથવા ટોળામાં ફરવાની.

(જ) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ઠા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બતાવવા તથા ફેલાવો કરવાની.

આ હુકમનો ખંડ (ક) નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય તે વ્યક્તિઓ.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, ડાંગ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરીક અશક્તિના કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે અધિતૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨માં) કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં એક વર્ષની કેદની સજા થશે.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) હેઠળ.

ક્રમાંક મકડ/પી.ઓ.એલ/વશી/૩૪૯૨ થી ૩૫૦૧/૨૦૦૩.– જિલ્લામાં રમજાન માસ તથા આગામી ઈદના તહેવારને અનુલક્ષીને જાહેર સુલેહ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવા સારૂ જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. બી. બલાત, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ ફરમાવું છું કે, ડાંગ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૩ના સમય માટે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં, કે સરઘસ કાઢવું નહી, તેમજ ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્ર / ભેગા થવું નહી.

વધુમાં આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓએ લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હાથ હોય તેવી વ્યક્તિઓ;

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતઓ;

(૩) કોઈ લગ્નના વરઘોડાને અથવા સ્મશાન યાત્રાને;

(૪) મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના કરતી બોનાફાઈડ વ્યક્તિઓ;

(૫) એસ. ટી. બસમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૬) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

સદરહું હુકમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

સી. બી. બલાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આહવા.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક નધણ/૪૮૬૧/ક-૨/૪૩૮/૦૩/૧૧૦૧૪/ઘ-૨૦૨૭૯-૨૦૦૩.- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી રાધેપાર્ક કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., સ્થળ અમદાવાદ શહેર, તાલુકો સીટી, જિલ્લો. અમદાવાદને સને ૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સરકારી મંડળીઓનો કાયદો સને. ૧૯૬૧)ની કલમ-૯ મુજબ આજરોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૦૨ના ક્રમાંક. ફડચ/ ફ.૧૧૫૬૬/ઘ.૨/૭૪૭, સને ૨૦૦૨નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૨) લગત આ કચેરીના તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૩ના ક્રમાંક/ફડચ/ફ.૨/૨૪/સને ૨૦૦૩થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની. જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ.૧૧૫૬૬/ઘ-૨/૮૧૯//૧૧૦૧૯/૨૦૦૩.-ધી જયયોગશ્વર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., અમદાવાદ નોંધણી ક્રમાંક. ઘ-૭૪૭૯થી તારીખ ૨૬મી જુન, ૧૯૭૯થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૨ના હુકમ ક્રમાંક ફડચ/ફ.-૧૧૫૬૬-૨/૭૪૭/સને ૨૦૦૨થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકુર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) છઠ્ઠા વધારાના ઓડીટર (ગ્રાહક) સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૧૨મી જુન, ૨૦૦૩ના પત્ર ક્રમાંક અષણ/ ૦૧/૩૭/૨૦૦૩ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેના તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૩ના પત્રાંક ફડચ/૦૧/ઘ- ૨/૬૪૧/૨૦૦૩થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૬૧૬/ઘ-૨/૮૨૭/૧૧૦૮૧/૨૦૦૩.-ધી ન્યુ શોરોક મીલ્સ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ સ્ટાફ ક્રેડીટ/સપ્લાયર્સ સોસાયટી લી., અમદાવાદ, જે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોંધણી નંબર. સે-૧૧૭૯૧, તારીખ ૩૦મી જુન, ૧૯૭૨થી નોંધણી થયેલ ધીરાણ અને ગ્રાહક મંડળી છે. મંડળીએ સહકારી કાયદા-કાનુન અને પેટા-નિયમોની જોગવાઈ મુજબ વહીવટ ચલાવવો તેમજ નિયમિત ઓડિટ કરાવવું જરૂરી છે. વંચાણે લીધેલ સંદર્ભ-૧ના ખાસ અહેવાલથી મંડળીને ફડચામાં લઈ જવા અંગેની ભલામણ કરવામાં આવેલ. જે અનુસંધાને ૨ મુજબ કારણદર્શક નોટીસ તેમજ ત્યારબાદ રજુઆત સુનાવણીની પુરતી તકો આપવા છતાં હોદ્દેદારો સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી. આથી મંડળીના હોદ્દેદારોને મંડળીના વહીવટમાં રસ ન હોવાનું ફલીત થતું હોવાથી મંડળીને ફડચામાં લઈ જવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મને મળેલ અધિકારોની રૂએ ધી ન્યુ શોરોક મીલ્સ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ સ્ટાફ કો. ઓ. ક્રેડીટ એન્ડ સપ્લાય સો. લી.ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરૂં છું અને કલમ-૧૦૮ (૧) મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એન. ઈ. ચૌહાણ, સહકારી અધિકારી (ફડચો-૧) લગત કચેરીને નિયુક્ત કરૂં છું.

અમદાવાદ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) સ્પેશ્યલ ઓડીટર, મિલ્ક ઓડીટ ઓફીસ, અમદાવાદનો તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૨ તથા તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૨ના પત્રથી કાયદાની કલમ-૧૦૭ મુજબ કાર્યવાહી કરવાની ભલામણ સાથે રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૬૧૮/૨૦૦૩ની કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ.૧૧૬૧૫/ઘ-૨/૮૨૮//૧૧૦૮૪/૨૦૦૩.-ધી અમદાવાદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., અમદાવાદ જે રજિ. નંબર ૨૦૪૪૧, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૮૪થી નોંધણીથી અસ્તિત્વમાં

INDEX

આવેલ દૂધ મંડળી છે. મંડળીનો વહીવટ સહકારી કાયદા-કાનૂન અને પેટા-નિયમોની જોગવાઈ મુજબ ચલાવવાનો હોય છે. વંચાણે લીધેલ અનુ. ૧ના અહેવાલની વિગતે મંડળી સ્થગિત હાલતમાં અને ઉદ્દેશ્ય મુજબની કાર્યવાહી કરતી ન હોઈ ઉપરાંત વ્યવસ્થાપક કમીટી/વાર્ષિક સભાની બેઠકો સહકારી ધારા ધોરણ મુજબ મળતી ન હોવાથી ફડચામાં લઈ જવા દરખાસ્ત થયેલ, જે અનુસંધાને વખતોવખત અને સુનાવણી માટેની પુરતી તકો આપવા છતાં હોદ્દેદારો વંચાણે લીધેલ અનુ. ૨ ની કારણદર્શક નોટીસ સંબંધેના જવાબ/રજુઆત કરવા ઉપસ્થિત રહેલ નથી. આથી મંડળી ચલાવવામાં હોદ્દેદારો રસ ધરાવતાં ન હોવાનું જણાતાં તેમજ ખાસ અહેવાલની બાબતે મંડળી ઉદ્દેશ્ય મુજબની કાર્યવાહી કરતી ન હોઈ સ્થગિત અવસ્થામાં હોવાનું પ્રતિત થતાં મંડળીને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) મુજબ ફડચામાં લઈ જવાનું મુનાશીબ જણાંતા મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી, ફડચો-૨ લગત કચેરીને નિયુક્ત કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ.ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ, ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે ધી અમદાવાદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરૂં છું અને તેજ કાયદાની કલમ-૧૦૮ મુજબ ફડચા અધિકારી તરીકે શ્રી એ. આર. પરીખ, સહકારી અધિકારી (ફડચો-૨) ને નિયુક્ત કરું છું.

અમદાવાદ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ના પત્ર ક્રમાંક. ફડચ/ફ. ૧૧૪૦૮/ધ-૨/૧૧૩૯/૯૭નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) સહકારી અધિકારી (ફડચો-૧) લગત આ કચેરીનો તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૩ના ક્રમાંક ફડચ/ફ.૧/૨૬/૨૦૦૩થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની જોગવાઈઓ.

હુકમ

જા. નં. ફડચ/ફ.૧૧૪૦૮/ધ-૨/૮૨૯/૧૧૦૯૧/૨૦૦૩.–ધી મલિક એહમદ ગ્રાહક સહકારી ભંડાર લી., અમદાવાદ નોંધણી ક્રમાંક તારીખ થી સહકારી કાયદા અન્વયે નોંધવામાં આવેલ હતી. તેને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ના ક્રમાંક. ફડચ/ફ. ૧૧૪૦૮/ધ-૨/૧૧૩૯/૧૯૯૭થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સંદર્ભ-૨થી રજુ થયેલ દરખાસ્તની વિગતો ધ્યાને લેતાં મજકૂર સહકારી મંડળીની ફડચાની કામગીરી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) અન્વયે સમાપ્ત જાહેર કરવામાં આવે છે. અને સદરહુ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદર મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે. સદર હુકમ થયાની તારીખથી મંડળીનું વિસર્જન થયેલ ગણાશે.

અમદાવાદ, તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩.

એમ. ડી. ચૌહાણ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (શહેર વિભાગ),
અમદાવાદ.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તારીખ ૧૯-૦૮-૦૩ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૨૧૯/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૧/ધ-૨/૩૭૮.-ધી નાગરવાડા મહેતાવાડી ક્રેડીટ સહકારી મંડળી લિ. વડોદરા, નોંધણી ક્રમાંક સે-૨૭૪૯, તારીખ ૧-૫-૭૧થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં-૧ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તારીખ ૧૯-૦૯-૦૩ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૨૬૯/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

INDEX

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૨/ધ-૨/૩૭૯.-ધી સાંઈરામબર ગ્રાહક સહકારી મંડળી લિ. વડોદરા, નોંધણી ક્રમાંક ભ-૩૭૭૦, તારીખ ૨૦-૩-૯૩થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧) માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં-૩ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તારીખ ૨૪-૦૭-૦૩ ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૧૯૫/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૩/ધ-૨/૩૮૦.-ધી પોસ્ટલ એમ્પ્લોઈઝ ગ્રાહક સહકારી મંડળી લિ. વડોદરા, નોંધણી ક્રમાંક ભ-૪૫૦૯, તારીખ ૧૬-૧-૯૯થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં-૪ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના તારીખ ૧૬-૦૮-૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ધ-૨/૨૧૬/૨૦૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૪/ધ-૨/૩૮૧.-ધી વડોદરા શહેર ધોબી લોકોની ગ્રાહક સહકારી મંડળી લિ. વડોદરા, નોંધણી ક્રમાંક ૪૦૩, તારીખ ૨-૨-૪૪થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ - ૧૦૭ (૧) (ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ (૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઈ જઈ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨) માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહું મંડળીને ફડચામાં લઈ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં-૩ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઈ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તા. ૧૬-૭-૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ધ.૨/ ૧૮૬.

(૨) ધી મોટા કરાળા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., તા. શીનોર, જિ. વડોદરા તરફથી બેન્ક, સાધલી શાખા મારફત તા. ૫-૮-૦૩ ના જા. નં. ૧૫૫૨ થી મળેલ રજુઆત.

(૩) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૫/૩૮૨/૨૦૦૩.–ધી મોટા કરાળા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., તાલુકા શીનોર, જિ. વડોદરાને આમુખ (૧) માં જણાવેલ વચગાળાના હુકમથી ફડચામાં લઇ જવામાં આવેલ

હતી. અને તે હુકમ સામે જે કોઇ રજુઆત કરવી હોય તો માસ એકની મુદત આપેલી હતી. તદ્અનુસાર મંડળી તરફથી આમુખ (૨)માં જણાવેલ વિગતે રજુઆત મળતાં મંડળીના સભાસદોને તા. ૨૨-૯-૨૦૦૩ અને તા. ૧૩-૧૦-૨૦૦૩ ના રોજ સુનાવણી રાખી રજુઆતની તક આપવામાં આવેલ છતાં મંડળી તરફથી કોઇ હાજર ન રહેતા, સભ્યોને મંડળીના સંચાલનમાં રસ નથી તેમ જણાય છે. આથી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો હુકમ કાયમ કરવા અંગે નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

શ્રી મોટા કરાળા ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., તા. શિનોર જિ. વડોદરા નોંધણી નં. સે. ૧૭૫૯૦ તારીખ ૧૯-૫-૫૦ ને આમુખ (૩)માં જણાવેલ કલમ-૧૦૭(૩) હેઠળ ફડચાનો વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ ની નિમણુંક કાયમ કરવામાં આવે છે. ફડચા અધિકારીએ ઉક્ત મંડળીની ફડચાની કાર્યવાહી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તા. ૧૯-૯-૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ.૨/૨૭૧/૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૬/ઘ-૨/૩૮૩/૨૦૦૩.–ધી દિનદયાલ ફાર્મિંગ સહકારી મંડળી લિ. નટવરનગર સાવલી નોંધણી ક્રમાંક ખે-૨૪૩૨ તારીખ ૩-૩-૮૦ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ) (૨) (૪) અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવમાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૨ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તા. ૧૯-૮-૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૨૦/૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૭/ઘ-૨/૩૮૪/૨૦૦૩.–ધી ન્યુ ઈન્ડીયા ઈન્ડસ્ટ્રીઝ સ્ટોર સહકારી મંડળી લિ. વડોદરા નોંધણી ક્રમાંક ૪૬૨૪ તારીખ ૨૮-૬-૯૧ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ)(૨)(૪) અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી. ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) આ કચેરીના તા. ૧૯-૮-૨૦૦૩ના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૨૧૮/૦૩.

(૨) સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭(૩) ની જોગવાઈઓ.

અંતિમ હુકમ

જા. નં. ફડચ/ફ/૧૩૮૩૮/ઘ-૨/૩૮૫/૨૦૦૩.–તરસાલી નાગરીક સહકારી મંડળી લિ. વડોદરા નોંધણી ક્રમાંક ૧૮૫૭૯ તારીખ ૨૭-૪-૮૧ થી નોંધાયેલી સહકારી મંડળી છે, જેને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧)(ક) (ગ)(૨)(૪) અન્વયે આમુખ(૧)માં જણાવેલ પ્રાથમિક હુકમથી ફડચામાં લઇ જઇ, સદર હુકમ સામે વાંધા-સુચનોની રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવવા છતાં તે પરત્વે કોઇ રજુઆત કરવામાં આવેલ ન હોય, આમુખ (૨)માં જણાવેલ કલમ-૧૦૭ (૩) અન્વયે, સદરહુ મંડળીને ફડચામાં લઇ જવાનો પ્રાથમિક હુકમ આથી કાયમ કરવામાં આવે છે, અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૧ની નિમણુંક આથી કાયમ કરવામાં આવે છે.

INDEX

(૨) ફડચા અધિકારીએ મંડળીની ફડચાની કાર્યવાહી ૩ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહુ મંડળીનો હવાલો દિન-૧૫માં મેળવી લઇ, મંડળીના દેવા-લેણાંની ખાત્રી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લેણી, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેર ફાળાની ચુકવણી કરવા સુચના છે.

વડોદરા, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

દિપક દલાલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, વડોદરા.

જનરલ મેનેજર (જી.ઉ.કે.) દ્વારા

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીનો જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ઘ/૧૧૭/૦૩ તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ઘ/૧૦૫૯/૦૩ તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૨૫-૧૦-૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક જિઉકે/દા/ફડચ/૦૧/ઘ/૧૩૬૩/૫૮૯૪/૨૦૦૩.–થી વર્ધમાન હાથશાળ કાપડ ઉત્પાદક ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. દાહોદ પો. દાહોદ જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાંને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારીશ્રી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ઘ/૧૩૫/૦૩ તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ઘ/૧૦૬૪/૦૩ તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ - -૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક જિઉકે/દા/ફડચ/૦૧/ઘ/૧૩૬૪/૫૮૯૫/૨૦૦૩.–થી પૂર્વ વિભાગ શેરીકલ્ચર ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. નવાગામ પો. નવાગામ જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાંને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારીશ્રી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ઘ/૧૧૮/૦૩ તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ઘ/૧૦૭૩/૦૩ તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૨૧-૧૦-૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી ની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક જિઉકે/દા/ફડચ/૦૧/ઘ/૧૩૬૨/૫૮૯૬/૨૦૦૩.–થી એકલવ્ય આદિવાસી હાથશાળ કાપડ ઉત્પાદક ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. દાહોદ પો. દાહોદ જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાંને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારીશ્રી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

INDEX

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીનો જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ધ/૧૩૨/૦૩, તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ધ/૧૦૧૧/૦૩, તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૨૧-૧૦ -૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/દા/ફડચ/૦૧/ધ/૧૩૬૧/૫૮૯૭/૨૦૦૩.–ધી રેટીયા વિભાગ વુલન કાર્પેટ વણાટ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. રેટીયા પો. રેટીયા, જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ધ/૧૪૬/૦૩, તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ધ/૧૦૦૨/૦૩, તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૭-૧૦-૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી ની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/દા/ફડચ/૦૧/ધ/૧૩૬૦/૫૮૯૮/૨૦૦૩.–ધી સ્વસ્તિક મહિલા વિવિધલક્ષી લઘુઉદ્યોગ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. દાહોદ, પો. દાહોદ, જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ધ/૯૫/૦૩, તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ધ/૧૦૨૮/૦૩, તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૨૧-૧૦-૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/દા/ફડચ/૦૧/ધ/૧૩૫૯/૫૮૯૯/૨૦૦૩.–ધી સુવિધા રેડીમેઇડ ગારમેન્ટ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. દાહોદ, પો. દાહોદ, જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ધ/૧૩૮/૦૩, તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ધ/૧૦૦૯/૦૩, તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૧૩-૧૦-૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/દા/ફડચ/૦૧/ધ/૧૩૫૮/૫૯૦૦/૦૩.–ધી દાહોદ તાલુકા રેશમ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. દાહોદ, પો. દાહોદ, જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી લગત મેનેજર

ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ધ/૬૮/૦૩, તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ધ/૧૦૦૫/૦૩, તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ - -૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/દા/ફડચ/૦૧/ધ/૧૩૫૭/૫૯૦૧/૨૦૦૩.–ધી લીમખેડા તાલુકા આદિવાસી ગારમેન્ટ ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. લીમખેડા, પો. લીમખેડા, જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

વાંચ્યો :-

(૧) અત્રેની કચેરીના જા. નં. જી.ઉ.કે/ફડચ/૦૧/ધ/૧૦૬/૦૩, તારીખ ૬-૧-૨૦૦૩.

(૨) અત્રેની કચેરીનાં જા. નં. જી.ઉ.કે./ફડચ/૦૧/ધ/૧૦૩૪/૦૩, તારીખ ૧૫-૯-૨૦૦૩.

(૩) તારીખ ૯-૧૦-૨૦૦૩ નાં રોજની ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી ની રજૂઆતમાં આપેલ નિવેદન.

ફડચા અંગેનો અંતિમ આદેશ

ક્રમાંક : જિઉકે/દા/ફડચ/૦૧/ધ/૧૩૬૫/૨૦૦૩.–ધી દાહોદ વિભાગ ટેનરી એન્ડ ફ્લેઇંગ સેન્ટર ઔદ્યોગિક ઉત્પાદક સહકારી મંડળી લી. દાહોદ, પો. દાહોદ, જિ. દાહોદને અત્રેની કચેરીનાં આમુખ-૧ થી મંડળીને ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આમુખ-૨ થી રજૂઆત માટે વધુ એક તક આપતાં આપનાં આમુખ-૩ મુજબનાં નિવેદન ને ધ્યાને લેતાં આથી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (ક) હેઠળ બહાલી આપતાં મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી અને સહકારી અધિકારી લગત મેનેજર ખાદી અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) વડોદરા એ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

દાહોદ, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૩.

(સહી) અવાચ્ય,
જનરલ મેનેજર,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, દાહોદ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

ક્રમાંક ડીપી/સહકાર/ક/વશી/સે/૩૪૨૮૮.- ધી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા આથી જાહેર કરે છે કે, ધી મહાદેવ વનવિકાસ વૃક્ષ ઉછેર સં. મં. લી., ચરાડા તા. સંતરામપુર, જિ. પંચમહાલને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગોધરા, તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૩.

સી. એમ. ભાભોર,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ. મં. જિ. પંચાયત પંચ,
ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLIV] THURSDAY, DECEMBER 18, 2003 / AGRAHAYANA 27, 1925 [No. 51

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C pertaining only to the Supplement to the Central Gazette.	959-981
Part I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Pan - chayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	51
Part I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	729-749
Part I-L	Notifications and Orders Awards other than those published in Parts I, IV-A. Disputes Act, and Gujarat Industrial Relations Act.	12517-12640

MISCELLANEOUS NOTIFICATION, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ મા અધિનિયમની કલમ-૩૭(૩) મુજબનો.

નંબર ઉ/ગપક/વિ.શા./૭૯૨/૨૦૦૩.-તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ પોલીસ કમિશનર અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં ૭૬, જમાલપુર વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણીની મતગણતરી વખતે જુદા જુદા રાજકીય પક્ષો તથા ઉમેદવારના લોકો આ મતગણતરીના જગ્યાએ એકઠા થાય તે વખતે એક-બીજા પક્ષો વચ્ચે ઘર્ષણ થવાની તથા અશાંત વાતાવરણ પેદા થવાની અને લોકોની સુલેહ શાંતી જોખમાય તેવી સંભાવના છે. જેથી નીચે જણાવેલ વિસ્તારોમાં જાહેર વ્યવસ્થા જાળવવી જરૂર જણાય છે.

વાસ્તે હું કે.આર. કૌશિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છે કે, નીચે જણાવેલ વિસ્તારોમાં ૪થી ડિસેમ્બર, ૨૦૦૩ ના કલાક ૭-૦૦ કલાક થી મતગણતરી પ્રક્રીયા પુરી ન થાય ત્યાં સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી. અગર કોઇ સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઇ સરઘસ કાઢવું નહી. કોઇ સુત્રોચ્ચાર કરવા નહી. માઇક વગાડવું નહી. તેમજ લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહી. અને મતગણતરી સ્થાને બીનઅધિકૃત માણસોએ પ્રવેશવું નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેરમાં આવેલ

૧	ગુજરાત કોલેજ	કંપાઉન્ડ તથા આજુબાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :- આ હુકમ જે વ્યકિત સરકારી કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ જેઓ ફરજ પર હોય તેમને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ (૩) અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ના અધિનિયમ નંબર ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માહે ડિસેમ્બર, ૨૦૦૩નાં રોજ મારી સહી અને સિકકો કરી આપ્યા.

કે. આર. કૌશિક,
પોલિસ કમિશનર,
અમદાવાદ શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૩૭ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક લાયસન્સ/જાહેરનામુ/સાયબર/૧૯૭૦૬/૦૩.-(૧) વડોદરા શહેરમાં હાલ સાઇબર કાફેની પ્રવૃત્તિ મોટાપાયે શરૂ થયેલ છે. આ સાયબર કાફેમાં કોમ્પ્યુટર ઉપર ઇન્ટરનેટની સુવિધા ભાડે આપવામાં આવે છે. આ સાયબર કાફેના સારા ઉપયોગ ઘણા છે. જેમાં વ્યકિત પોતાના ધંધાને લગતા સંદેશાઓ તાત્કાલિક મોકલી તથા મેળવી શકે છે. તેમજ કોઇ પણ ધંધાને લગતી અથવા તો અભ્યાસને લગતી માહિતીઓ પણ મળેવી શકે છે. પરંતુ સાયબર કાફેના આવા સારા ઉપયોગ થવાની સાથે ગેરઉપયોગ પણ થવા સંભાવના છે. જેમાં સાયબર કાફેના સંચાલક ધ્વારા ગ્રાહકને અશ્લિલ સાહિત્ય ને લગતી વેબ સાઇટ પુરી પાડી અશ્લિલ સાહિત્યનું પ્રદર્શન માટેની સુવિધા કરી આપવામાં આવે છે. જે સમાજના ખાસ કરી યુવા માનસ પર ખુબ જ વિપરીત અસર પહોંચાડે છે. તેમજ સંચાલક દ્વારા સાયબર કાફેમાં અલગ કેબીન જેવી સુવિધાઓ પુરી પાડી ગ્રાહકને આવી અશ્લિલ વેબસાઇટ ખાનગીમાં જોઇ શકે તેવી સગવડતા કરી આપવામાં આવે છે. અને એ રીતે આવી જનમાનસ ઉપર વિકૃતિ ફેલાવતી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. આવી પ્રવૃત્તિ અટકાવી ઘણી જ જરૂર બની રહેલ છે.

(૨) વાસ્તે હું સુધીર સિન્હા, પોલીસ કમિશનર વડોદરા શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૨ ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ/અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ ૭મી નવેમ્બર, ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ/માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી નાયબ પોલીસ કમિશનર શ્રી , સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલસ કમિશનર શ્રીઓ) ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસતારોમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૩ થી ક. ૦૦.૦૦ થી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૪ ક. ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો:-

કોઇપણ સાયબર કાફેના માલિક કે સંચાલક દ્વારા તેના ગ્રાહકો માટે સાયબર કાફેની જગ્યામાં અલગ થી અપારદર્શી કેબીનની સુવિધા પુરી પાડવામાં આવશે નહી.

વિસ્તાર :-વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ની હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

સુધીર સિન્હા,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર, વડોદરા.

INDEX

By District Judge

Notification

No. B.10/1830 of 2003.– During the Second spell of Summer Vacation observed for one week from 1st November, 2003 to 7th November, 2003 (both days inclusive), in the Judicial disrict of Surat, the following Judicial Officers, were prevented from availing the benefit of Summer Vacation for the period shown against their names in Col. No. 3, under the provision of Rules 741 read with Rule-743 of Bombay Civil Services Rules, Vol. I.

Sr. No. 1	Name and Designation of the Judicial officer. 2	Period for which Prevented 3	Days for which Prevented. 4	Remakrs 5
1	Ms. D.V. Vashi, Judge, Small Cause Court, Surat.	01-11-2003 to 07-11-2003	07	–
2	Mr. C.B. Vyas, Civil Judge (S.D.) Surat.	----	–	–
3	Mr. D.B. Solanki Civil Judge (S.D.) & J.M.F.C., Bardoli.	01-11-2003 to 07-11-2003	07	–
4	Mr. R.P. Mehta Chief Judicial Magistrate and Jt. Civil Judge (S.D.) Surat.	01-11-2003 to 07-11-2003	07	
5	Mr. P.M. Pandya 2nd Joint Civil Judge (S.D.) & J.M.F.C. Surat.	01-11-2003 to 07-11-2003	07	
6	Mr. D. D. Rajput 3rd Joint Civil Judge (S.D.) & J.M. F.C. Surat.	-----	–	
7	Mr. M. T. Acharya, 4th Joint Civil Judge (S.D.) & J.M.F.C.Surat.	01-11-2003 to 07-11-2003	07	
8	Mr. V.F. Bhat, 5th Joint Civil Judge (S.D.) & J.M.F.C. Surat.	–	–	–
9	Mr. M. V. Zala 6th Joint Civil Judge (S.D.) & J.M.F.C. Surat.	–	–	–
10	Mr. D.I. Patel Joint Civil Judge (J.D.) & J.M.F.C. Surat.	–	–	–
11	Mr. A.G. Shaikh 2nd Joint Civil Judge (J.D.) & J.M.F.C. Surat.	–	–	–

INDEX

1	2	3	4	5
12	Mr. M.H. Patel 3rd Joint Civil Judge (J.D.) & J.M.F.C., Surat.	01-11-2003 to 07-11-2003	07	
13	Mr. B. N. Modi J.M.F.C., 1st Court, Surat.	–	–	–
14	Mr. D.G. Vaghela, J.M.F.C.2nd Court, Surat.	–	–	–
15	Mr. M.I. Pathan, J.M.F.C., 3rd Court, Surat.	01-11-2003 to 07-11-2003	07	
16	Ms. A. M. Vaishnav, J.M.F.C., (Muni) Court, Surat.	–	–	–
17	Mr. V. G. Trivedi J.M.F.C., (Railways) Court, Surat.	01-11-2003 to 07-11-2003	07	–
18	Mr. D.M. Panchal Civil Judge (J.D.) & J.M.F.C., Olpad.	3-11-2003 to 7-11-2003	05	–
19	Mr. T.V. Joshi Civil Judge (J.D.) & J.M.F.C., Kathor	–	–	–
20	Mr. V.M. Gadhvi Joint Civil Judge (J.D.) & J.M.F.C., Bardoli.	01-11-2003 to 07-11-2003	07	
21	Mr. N.M. Karovadia, 2nd Joint Civil Judge (J.D.) & J.M.F.C., Barodoli, Valod.	01-11-2003 to 07-11-2003	07	
22	Mr. K. R. Upadhyay, Civil Judge (J.D.) & J.M.F.C., Mandvi.	01-11-2003 to 07-11-2003	07	
23	Mr. S.V. Parekh, Civil Judge (J.D.) & J.M.F.C., Vyara-Nizar, at Viyara.	01-11-2003 to 02-11-2003 07-11-2003	03	
24	Mr. V.I. Salat, Civil Judge (J.D.) & J.M.F.C., Mangrol.	...	...	

Surat, 2nd December, 2003.

Mrs. K. M. VIN,
District Judge,
SURAT.

INDEX

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

નંબર બી.૧૦/૧૮૩૦ સને ૨૦૦૩.– બીજા ભાગનાં તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૩ (બન્ને દિવસો સહિત) સુધીની એક અઠવાડીયાનાં ઉનાળુ વેકેશન દરમ્યાન સુરત જયુડીશીયલ ડીસ્ટ્રીકટમાં કામ કરતાં નીચે જણાવેલાં જયુડીશીયલ ઓફિસરોને તેઓનાં નામની સામે કોલમ નં. ૩ માં દર્શાવેલ સમયગાળા દરમ્યાન મુબઇ રાજય સેવા નિયમોનાં ભાગ-૧નાં નિયમ ૭૪૧ સાથે નિયમ ૭૪૩ વંચાણ મુજબ ઉનાળું વેકેશન પર જતાં રોકવામાં આવ્યા હતાં.

અનુક્રમ નંબર	ન્યાયાધિકારીનું નામ અને હોદ્દો	વેકેશન ભોગવવા માટે અટકાયટ કરવામાં આવેલ સમય	અટકાયટ કરવામાં આવેલાં દિવસો	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧	કુ. ડી.વી. વશી, જજ, સ્મોલ કોઝ કોર્ટ, સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૨	શ્રી સી. બી. વ્યાસ, સીવીલ જજ, (સી.ડી.) સુરત.	--	--	--
૩	શ્રી ડી. બી. સોલંકી, સીવીલ જજ, (સી.ડી.) અને જયુડી. મેજી. ફ.કાં, બારડોલી.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૪	શ્રી આર. પી. મહેતા, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૫	શ્રી પી. એમ. પંડયા, બીજા જોઇન્ટ સીવીલ જજ, (સી.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૬	શ્રી ડી. ડી. રાજપુત, ત્રીજા જો. સીવીલ જજ (સી.ડી.) અને જયુડી. મેજી. ફ. કા., સુરત.	--	--	--
૭	શ્રી એમ. ટી. આચાર્ય, ચોથા જો. સીવીલ જજ (સી.ડી.) અને જયુડી. મેજી. ફ. કા. સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૮	શ્રી વી. એફ. ભાટ, પાંચમા જો. સીવીલ જજ (સી.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., સુરત.	--	--	--
૯	શ્રી એમ. વી. ઝાલા, છઠ્ઠા જો. સીવીલ જજ (સી.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., સુરત.	--	--	--
૧૦	શ્રી ડી. આઇ. પટેલ જો. સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., સુરત.	--	--	--
૧૧	શ્રી એ. જી. શેખ, બીજા જો. સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., સુરત.	--	--	--

INDEX

૧	૨	૩	૪	૫
૧૨	શ્રી એમ. એચ. પટેલ, ત્રીજા જો. સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૧૩	શ્રી બી. એન. મોદી, જયુડી. મેજી. ફ.કા., પ્રથમ કોર્ટ, સુરત.	--	--	--
૧૪	શ્રી ડી. જી. વાઘેલા, જયુડી. મેજી. ફ.કા., બીજી કોર્ટ, સુરત.	--	--	--
૧૫	શ્રી એમ. આઇ. પઠાણ, જયુડી. મેજી. ફ.કા., ત્રીજી કોર્ટ, સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૧૬	કુ. એ.એમ. વૈષ્ણવ, જયુડી. મેજી. ફ.કા., (મ્યુની.) કોર્ટ, સુરત.	--	--	--
૧૭	શ્રી વી. જી. ત્રિવેદી, જયુડી. મેજી. ફ.કા., (રેલ્વે) કોર્ટ, સુરત.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૧૮	શ્રી ડી. એમ. પંચાલ, સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., ઓલપાડ.	૦૩-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૫	--
૧૯	શ્રી ટી.વી. જોષી, સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., કઠોર.	--	--	--
૨૦	શ્રી વી. એમ. ગઢવી, જો. સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., બારડોલી.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૨૧	શ્રી એન. એમ. કરોવડીયા, બીજા જો. સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ. કા., બારડોલી.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૨૨	શ્રી કે. આર. ઉપાધ્યાય સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., માંડવી.	૦૧-૧૧-૨૦૦૩ થી ૦૭-૧૧-૨૦૦૩	૦૭	--
૨૩	શ્રી એસ. વી. પારેખ સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા., વ્યારા.	૦૧-૧૧-૨૦૦૩ અને ૦૨-૧૧-૨૦૦૩ ૦૭-૧૧-૨૦૦૩	૦૩	
૨૪	શ્રી. વી. આઇ. સલાટ, સીવીલ જજ (જુ.ડી.) અને જયુડી. મેજી. ફ.કા,. માંગરોલ.	--	--	--

સુરત, તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૩.

શ્રીમતી કે. એમ. વીણ,
જિલ્લા ન્યાયાધીશ, સુરત.

INDEX

ખાંડ નિયામક દ્વારા

વંચાણમાં લીધા:-

(૧) આ કચેરીના તા. ૪/૪/૨૦૦૨ના હુકમ ક્રમાંક સરમ/૦૧/ખ/૪૧૮/૨૦૦૨.

(૨) કૃષિ અને સહકાર વિભાગનો તા. ૧૯/૧૧/૨૦૦૩નો પત્ર ક્રમાંક સીએસકે/૧૦૨૦૦૦-૨૨૪૩-ખ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪ (ઘ)ની જોગવાઈઓ.

આમુખ

ક્રમાંક સરમ/૦૧/ખ/૨૦૦૨/૨૦૦૩.- શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ લી. , ઉના, જિ. જુનાગઢ કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ ખાંડ સહકારી મંડળી છે. જેનો હવે પછી અત્રે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આમુખમાં વંચાણે લીધેલ ક્રમ-૧ના આ કચેરીના તા. ૪/૪/૨૦૦૨ના હુકમથી સદરહુ મંડળીમાં વ્યવસ્થાપક સમિતિના બદલે કસ્ટોડીયન કમિટીની નિમણુંક હુકમની તારીખથી એક વર્ષ અથવા નવી વ્યવસ્થાપક સમિતિ અસ્તિત્વમાં આવે તેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમય માટે કરવામાં આવેલ છે.

સદરહુ મંડળીમાં જુનાગઢ જીલ્લા સહકારી બેંકનું મોટી રકમનું નાણાંકીય હિત હોઈ તથા મંડળીમાં નવી વ્યવસ્થાપક સમિતિ અસ્તિત્વમાં આવેલ ન હોઈ આ કચેરીના તા. ૪/૪/૨૦૦૨ના હુકમમાં ફેરફાર કરવાનું તથા કસ્ટોડીયન કમિટીની મુદતમાં વધારો કરવાનું આવશ્યક અને જરૂરી બનતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું, બી. આર. કટારા, ખાંડ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૪-(ઘ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ શ્રી ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., ઉના, જી. જુનાગઢમાં આ કચેરીના તા. ૪-૪-૨૦૦૨ના હુકમથી નિમણુંક કરેલ કસ્ટોડીયન કમિટીમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબની વિગત કસ્ટોડીયન કમિટીની નિમણુંક કરી સદરહુ કસ્ટોડીયન કમિટીની મુદત તા. ૩૧/૩/૨૦૦૪ સુધી લંબાવતો હુકમ કરૂં છું.

અ. નં.	નામ	હોદ્દો	સરનામું
૧	૨	૩	૪
૧	જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ.	સભ્ય	ઠે. લીમડા ચોક, રંગમહલ, જુનાગઢ.
૨	ધી જુનાગઢ જીલ્લા સહકારી બેંક લી., જુનાગઢ.	કન્વીનર	સહકાર ભવન, બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ.

ગાંધીનગર, તારીખ ૫મી ડિસેમ્બર, ૨૦૦૩.

બી. આર. કટારા,
ખાંડ નિયામક,
ગુ. રા., ગાંધીનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર ડીસી/એમએજી/એસ.આર. ૧/૨૦૦૩.– ૭૬– જમાલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી તા. ૧/૧૨/૨૦૦૩ના રોજ યોજાનાર છે.

ભારતીય નિર્વાચન આયોગે, નવી દિલ્હીના તા. ૧૫/૧/૯૬ના ના આદેશ નં. ૪૩૭/૬/૯૬/પીએલએન ૩/૨૪૦૩ થી સરકારી વાહનોના ઉપયોગ સંબંધે સુચનાઓ અને આદેશો બહાર પાડવામાં આવેલ છે જે મુજબ ત્રણથી વધુ વાહનોને કાફલારૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું, શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઈપણ રાજકીયપક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સુચનાઓ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૩) 'વાહનોનો અર્થ' પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતું કોઈપણ પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે.

(૪) આ હુકમ સમગ્ર અમદાવાદ જીલ્લામાં (ગ્રામ્ય) મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે :-

માત્ર પ્રધાનમંત્રી અને એવી અન્ય રાજકીય વ્યક્તિઓ જે અપવાદરૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાથી સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યકિત.

આજ તારીખ ૨૫ માહે નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર.૪૯/૨૦૦૩.– આગામી દિવસોમાં વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૦૩ને અનુલક્ષીને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની તેમજ પબ્લીક ઓર્ડરની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી ડિસેમ્બર ૨૦૦૩થી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૩ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી; અથવા શારિરીક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની ;

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયકારી પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું ;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તૈયાર કરવાની ;

(૪) સળગતી મશાલ અગર સળગાયેલી મશાલ સરઘસ સાથે રાખવાની ;

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની ;

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાજા વગાડવાની ;

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાયો પ્રમાણે સુરૂચિ અથવા પ્રતિષ્ઠાઓનો ભંગ થતો હોય તેનાથી રાજ્યની સલામતી જોખમાતો હોય તેવા પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની ચાળા વિગેરે અને તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરાવવાની ;

વિસ્તાર :-

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ, રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ તે ઉપરી અધિકારીશ્રીને આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીત વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૧ હેઠળ ઓછામાં ઓછી ચાર મહિના અને વધુમાં વધુ એક વર્ષની કેદની અને દંડની તથા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ-૪૫) ની કલમ-૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) મુજબનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/એસ.આર.૫૦/૨૦૦૩.– આગામી દિવસોમાં વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૦૩ને અનુલક્ષીને અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૩ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર:-

અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લાના સરખેજ, કણભા, અસલાલી, ધંધુકા, ધોલેરા, રાણપુર, બરવાળા, ધોળકા, બાવળા, બગોદરા, કોઠ, સાણંદ, વિરમગામ ટાઉન, વિરમગામ, રૂરલ, વિઠ્ઠલાપુર, માંડલ, અને દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર.

ખુલાસો :-

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથો, ગલીઓ તથા પેટાગલીઓનો સમાવેશ પણ થાય છે.

INDEX

અપવાદઃ-

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોઈ તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦નો અધિનિયમ ૪૫)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

શ્રીમતી ઉર્મિલા ડી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. નં ૫૬/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમ, કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અનુલક્ષીને આ જીલ્લામાં જાહેર શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ પણ સમય માટે નીચે જણાવેલ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૧૩મી ડિસેમ્બર, ૨૦૦૩ સુધી સમય માટે કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ;

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની;

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની;

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની;

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની;

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવા હાવભાવ કરવાની તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા બનાવવા તેનો ફેલાવો કરવાની;

આ હુકમ ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, વલસાડે અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓ.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, (૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ-૧૩૫ (૧) મુજબ ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષ સુધી કેદની સજા થશે.

આજ રોજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે કરેલો.

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/રજી. ૫૭/૨૦૦૩.-મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમ, કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લેતાં આ જીલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ નો ૨૨ મો)ની કલમ ૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જીલ્લામાં તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૩ થી તારીખ ૧૩મી ડીસેમ્બર ૨૦૦૩ સુધી અન અધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહી.

આ હુકમ લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા કે એસ. ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, મંદિર, મસ્જિદ, દેવળમાં પ્રાર્થના માટે જતી, પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૩ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામુ

નંબર ડીસીબી/એમએજી/બીપીએ/ફાયર/તાલીમ/રજી. ૫૮/૨૦૦૩.-પોલીસ અધીક્ષકશ્રી વલસાડના તારીખ ૨૭મી નવેમ્બર ૨૦૦૩ના પત્ર નં. સીબી-૨/ફાયરીંગ/૧૧૪૦/૨૦૦૩ થી જણાવ્યાનુસાર તેમની મુંબઈ ડીવીઝન વેસ્ટર્ન રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈના સ્ટાફના જવાનો માટે વાર્ષિક ફાયરીંગ કરવા માટે ફાયરીંગ પ્રેકટીશ નીચે જણાવેલા સ્થળે અને સમયે યોજવામાં આવનાર છે. આથી કોઈપણ

INDEX

વ્યક્તિએ ગોળીબાર દરમ્યાન ઈજા ન થાય તે માટે બહોળી પ્રસિધ્ધિ માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. સી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨ મો) કલમ-૩૭ની પેટા કલમ-૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ અધિનિયમની પેટા કલમ-૪ની જોગવાઈ મુજબ ફાયરીગ બટ ભિલાડ તાલુકા-ઉમરગામ જિલ્લા વલસાડનાં ૨ કિ. મી. વિસ્તારમાં તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૩ થી તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજ સમય સવારે ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન આજુબાજુના રહીશો તેમજ બહારનાં કોઈ અનઅધિકૃત વ્યક્તિઓ ઉપરોક્ત સમય દરમ્યાન આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ ઢોર-ઢાંખરને પ્રવેશ આપવા મનાઈ ફરમાઉ છું.

સદરહુ ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા જણાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જે. સી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

ક્રમાંક ઉ/મકપ/પલસ/મજસ/વશી/૨૮૦૦.-અત્રેના પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ યોગ્ય રીતે જળવાય રહે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળ જાહેરનામુ બહાર પાડવુ જરૂરી જણાય છે.

આથી હું, બી. એન. ડામોર (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે, સમગ્ર પંચમહાલ જિલ્લાની હદમાં તા. ૩/૧૨/૨૦૦૩ થી ૩૧/૧૨/૨૦૦૩ સુધી (બંને દિવસો સહીત)

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ધોકો, બંદુક, છરો, લાકડી કે લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇપણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ લઇ જવો નહી.

(ગ) પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાની ધકેલવાના યંત્રો સાધનો લઇ જવા એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા અપમાન કરવાના અથવા જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી.

(ઘ) જેનાથી સુરુચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તથા તેવા પત્રકો, પ્લેકાર્ડ અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવા નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇ વ્યક્તિઓને જેના ઉપરી અધિકારીએ આવું કોઇ પણ હથીયાર લઇ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું હથીયાર લઇ જવાની જેની ફરજ હોય, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી નીચેની પાયરીમાં ન હોય તેવા અધિકારીએ જેને શારીરીક અશક્તિના કારણે લાકડી, લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

આજ તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

બી. એન. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

કલેક્ટર દ્વારા

વંચાણ લીધુ (૧) ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની જોગવાઇઓ.

(૨) નવસારી નગરપાલિકાના પ્રમુખશ્રી ભગવાનદાસ કરશનદાસ પાંચોટીયાએ રૂબરૂમાં રજુ કરેલ તારીખ ૨૭/૧૧/૦૩નો રાજીનામાનો પત્ર

હુકમ

નંબર એસીબી/એમયુએન/વશી/૧૫૩૨/૦૩.- નવસારી નગરપાલિકાના પ્રમુખશ્રી ભગવાનદાસ કરશનદાસ પાંચોટીયાએ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૩નાં ૧૦.૪૫ કલાકે અમારા વતી નિવાસી નાયબ કલેકટરશ્રી રૂબરૂ ઉપસ્થિત થઇ આમુખ-૨માં જણાવ્યા અન્વયેનો પત્ર રજુ કરેલ જેમાં જણાવ્યા પ્રમાણે શ્રી ભગવાનદાસ પાંચોટીયાએ નગરપાલિકાનાં પ્રમુખપદનાં હોદ્દા પરથી રાજીનામું આપેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૩૫(૧) અન્વયે નગરપાલિકા પ્રમુખશ્રીનું રાજીનામું સ્વીકારવા માટે અમોને સત્તા પ્રાપ્ત થયેલ છે. જે અન્વયે તા. ૨૭મી નવેમ્બર, ૨૦૦૩ના ૧૦.૪૫ કલાકે શ્રી ભગવાનદાસ કરશનદાસ પાંચોટીયા પ્રમુખશ્રી નવસારી નગરપાલિકાનું રાજીનામું મંજુર કરવા હુકમ કરવામાં આવે છે. તેમજ રાજીનામું સ્વીકાર્યાના તારીખ અને સમયથી તેઓશ્રી નવસારી નગરપાલિકાનાં પ્રમુખ તરીકેનો હોદ્દો ધરાવતા બંધ થાય છે. અને નવસારી નગરપાલિકાના પ્રમુખશ્રીની જગ્યા રાજીનામું સ્વીકારવાના કારણે ખાલી પડેલી જાહેર કરવામાં આવે છે.

નવસારી, તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૩.

(સહી) અંવાચ્ય,
કલેક્ટર, નવસારી.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૩૧-૩-૨૦૦૩ના પત્રાંક અષણ/૦૧/૪૬/૨૦૦૩ થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૧૪-૮-૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૫૬૨/૨૦૦૨ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા. નં. ફડચ/ફ-૧૧૬૧૯/ઘ-૨/૮૩૯/૧૧૩૩૪/સને ૨૦૦૩.– ધી ભારત ઈલેક્ટ્રો. કેમિકલ્સના કર્મચારીઓની ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદ તે સહકારી કાયદાની કલમ-૯ હેઠળ નોંધણી નંબર સી/૨૭૬૯૬ થી નોંધાયેલ શરાફી સહકારી મંડળી છે. મંડળીનો વહીવટ તથા કાર્યવાહી મંડળીના પેટાનિયમ અને સહકારી કાયદાની કલમો અને નિયમોને આધીન કરવાનો હોય છે તથા મંડળીનું દર વર્ષે નિયમિત ઓડીટ કરાવવું ફરજિયાત છે. વંચાણે લીધેલ અનુ.-૧ના ખાસ અહેવાલની વિગતે ભારત ઈલેક્ટ્રો. કેમીકલ્સ પ્રા.લિ. એ જણાવ્યા મુજબ તા. ૧-૧૦-૯૭ થી કંપનીના કામદારોને કંપનીમાંથી છુટા કરતા ક્રેડીટ સોસાયટીનું કામકાજ બંધ થઈ ગયેલ છે અને સોસાયટીનું તા. ૧-૧૦-૯૭ થી અસ્તિત્વ રહેતુ નથી. જે બાબતે સોસાયટીને ફડચામાં લઈ જતાં પહેલાં રજુઆત માટેની પુરતી તક આપવા છતાં કોઈ હોદ્દેદારો સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી કે લેખિત/મૌખિક રજુઆત પણ કરેલ નથી. આથી સોસાયટી સ્થગિત હોવાને તેમજ હોદ્દેદારો કોઈ રજુઆત કરવા માંગતા ન હોવાનું માનવાને કારણ રહેતા સોસાયટીને સહકારી કાયદાની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાનું મુનાસીબ જણાતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું, શ્રી એમ. ડી. ચૌહાણ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદ મને મળેલ અધિકારોની રૂઈએ ધી ભારત ઈલેક્ટ્રો. કેમીકલ્સના કર્મચારીઓની ક્રેડીટ સોસાયટી લી., નોંધણી નંબર સી/૨૭૬૯૬ ને ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબ ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને તેજ કાયદાની કલમ-૧૦૮ મુજબ ફડચા અધિકારી તરીકે એન. ઈ. ચૌહાણ સહકારી અધિકારી (ફડચો-૧) લગત કચેરીને નિમણુંક કરું છું.

અમદાવાદ, તા. ૨૭મી નવેમ્બર, ૨૦૦૩.

વંચાણે લીધા :-

(૧) ત્રીજા વધારાના ઓડીટર, સહકારી મંડળીઓ (શહેર) અમદાવાદના તા. ૨૯-૭-૨૦૦૩ના પત્રાંક અષણ/૦૧/૨૨૮થી રજુ થયેલ ખાસ અહેવાલ.

(૨) અત્રેની કચેરીના તા. ૬-૯-૨૦૦૩ના પત્ર ક્રમાંક ફડચ/૦૧/ઘ-૨/૬૪૦/૨૦૦૩ થી આપેલ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

